Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ—પુષ્પ ૨૭ *

ૐ

परमात्मने नमः ।

શ્રી

# વચનામૃત-પ્રવચન

( ભાગ પહેલો )

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત
## ઉપર
## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

*

સંકલનકર્તા

બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

: પ્રકાશક :

શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,

ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાન :
શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર—૩૬૪૦૦૧

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

*

પ્રથમાવૃત્તિ : પ્રત ૩૦૦૦
વીર સં. ૨૫૦૮
વિ. સં. ૨૦૩૮
ઇ. સ. ૧૯૮૨

*

મૂલ્ય : રૂા. ૧૨-૦૦
(પડતર કિંમતના ૬૦%)

*

મુદ્રક :
અજિત-મુદ્રણાલય,
પાલીતાણા રોડ, સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.


Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of VachanAmrut Pravachan – Part 1 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 15 February 2008 | First electronic version |



સોનગઢના દિગંબર જિનમંદિરમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવાન

શ્રી શાન્તિનાથભગવાન શ્રી સીમંધરભગવાન શ્રી પદ્મપ્રભભગવાન

सुसीमा धृता येन सीमन्धरेण
भवारण्यभीमभ्रमीया सुकृत्यैः ।
प्रवन्द्यः सदा तीर्थकृद्देवदेवः
प्रदेयात् स मेऽनन्तकल्याणबीजम् ॥

❋

દેખી મૂર્તિ સીમંધરજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

❋

ભલે સો ઇન્દ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઇન્દ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળ તુલ્ય
ભાસે છે એવા ભૂત, વર્તમાન અને ભાવી
જગતશિરોમણિ તીર્થંકર ભગવંતોને
નમસ્કાર

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું પ્રકાશન કરવું તે આપણું સૌ મુમુક્ષુઓનું કર્તવ્ય છે. તદનુસાર 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો આ પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમને અતિ હર્ષ થાય છે.

આ ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો અધ્યાત્મનાં ગહન રહસ્યોનું ઉદ્‌ઘાટન કરનારાં છે, જે વાંચતાં સહેજે અનુભવમાં આવે છે. પૂ. ગુરુદેવનાં આવાં પ્રવચનો પ્રકાશિત કરવાનો અમને સુઅવસર પ્રાપ્ત થયો તેને અમે અમારું સદ્‌ભાગ્ય સમજીએ છીએ અને આ કાર્ય દ્વારા પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ-ઉલ્લાસ વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવે તેમના જીવનકાળ દરમ્યાન પોતાના પવિત્ર જીવનથી તથા ભવછેદક વાણીથી આપણા પર અવર્ણનીય ઉપકાર કર્યો છે; તે ઉપરાંત હજુ તેમની અનુપસ્થિતિમાં પણ તેમની ટેઈપ-અવતીર્ણ વાણી તેમ જ પુસ્તકારૂઢ પ્રવચનો દ્વારા આપણા પર તેઓશ્રી મહાન ઉપકાર કરી રહ્યા છે. તેઓશ્રી પ્રત્યે ઉપકૃતભાવથી ભિંજાયેલી ભક્તિ આપણા હૃદયમાં નિરંતર રહો એ જ ભાવના.

આ ગ્રંથનું પ્રકાશન કરવા માટે ટેઈપ-રેકર્ડ ઉપરથી અનેક બ્રહ્મચારી બહેનોએ પ્રવચનો લખી આપવા બદલ તેમના આભારી છીએ. તે લખાણ ઉપરથી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુભાઈએ—જેમણે ૩૯ વર્ષ સુધી નિરંતર કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં રહી તેઓશ્રીની સર્વતોમુખી અમૂલ્ય સેવાભક્તિનો અનન્ય લહાવો લીધો છે તેમણે—અતિ પરિશ્રમપૂર્વક છતાં અત્યંત ઉલ્લસિતભાવે તેનું સુંદર સંકલન કરીને પ્રવચનોનું પ્રેસ-મૅટર તૈયાર કરી આપ્યું છે, તે બદલ અમે તેમના ઘણા જ ઉપકૃત છીએ. તેમણે આ કામ હાથમાં લીધું ન હોત તો આવું સર્વાંગ-સંતોષકારક સંકલન થઈ શકત નહિ તેમ જ આવું પૂરી ચોકસાઈપૂર્વક પ્રૂફ-સંશોધન થઈ શકત નહિ.

આ ગ્રંથનું છાપકામ સુંદર અને ત્વરિત ગતિએ કરી આપવા બદલ અજિત-મુદ્રણાલયના સંચાલકોનો આભાર માનીએ છીએ. આ ગ્રંથના પ્રકાશન માટે જે જે દાતાઓએ આર્થિક સહાય કરી છે તેમનો પણ તે બદલ આભાર માનીએ છીએ. દાતાઓની નામાવલી પાછળ આપવામાં આવી છે.

આ પુસ્તકની પડતર કિંમત લગભગ રૂા. ૨૦ થાય છે. જિજ્ઞાસુઓ વધુ લાભ લઈ શકે તે માટે તેની વેચાણ-કિંમત રૂા. ૧૨ રાખવામાં આવી છે.

અંતમાં, આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ આત્મકલ્યાણ સાધે તેવી ભાવના ભાવીએ છીએ.

શ્રાવણ વદ બીજ, સં. ૨૦૩૮,
(પૂ. બહેનશ્રીની ૬૯ મી જન્મજયંતી,)
તારીખ : ૯–૮–૧૯૮૨

ટ્રસ્ટી-ગણ,
**શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,**
ભાવનગર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ ✻

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્દઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમુ હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલા શુદ્ધ પર્યાયોના—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનના ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગાતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું. દિવ્ય હતું.

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને બાહદરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગ નિઃસ્પૃહપણે અને બાહદરપણે આપના પરાક્રમથી વાળ્યા છે; શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યની અદ્‌ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः श्रीसद्गुरुदेवाय ।

# આમુખ

ભારતવર્ષની ભવ્ય વસુંધરા સંતરત્નો પાકવાની પુણ્ય ભૂમિ છે. પવિત્ર આર્યભૂમિમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો વગેરે શલાકાપુરુષો ઊપજે છે. તેમાં સૌરાષ્ટ્રનું પણ આગળ પડતું સ્થાન છે. બાવીશમા તીર્થંકરદેવ શ્રી નેમિનાથ ભગવાનના સમુદ્ભવથી સૌરાષ્ટ્રની ભૂમિ પાવન થયેલી છે. અર્વાચીન યુગમાં પણ અધ્યાત્મ-પ્રધાન જૈનગગનનાં ચમકતાં નક્ષત્રો સમા સમીપસમયજ્ઞ શ્રીમદ્રાજચંદ્ર, અધ્યાત્મયુગ-સ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા બહેનશ્રી ચંપાબેન જેવાં અસાધારણ સ્વાનુભૂતિધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપીને સૌરાષ્ટ્રની ધરણી પુણ્યભૂમિ બની છે.

પરમદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગ ચરમતીર્થંકર પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્ય-ધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુપરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિસમૃદ્ધ આત્મ-સાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર–ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમ જ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વપ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવીને વીસમી–એકવીસમી સદીના વિષમય ભૌતિક યુગમાં દુઃખાર્ત જીવોનો ઉદ્ધાર કર્યો છે તે જિનશાસનપ્રભાવક **પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની** શુદ્ધાત્મસુધારસસ્યંદી મંગલમય પવિત્રતા, પુરુષાર્થધબકતું ધ્યેયનિષ્ઠ સહજવૈરાગ્યનીતરતું જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તોપણ ઘણાં પૃષ્ઠો ભરાય એમ છે તેથી પૂજ્ય ગુરુદેવનું સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન આ 'વચનામૃત-પ્રવચન' ગ્રંથમાં અન્યત્ર આપેલું છે.

'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકના પ્રવચનકાર પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવ-ગુરુના પરમ ભક્ત, બાલબ્રહ્મચારી, સમયસાર આદિ અનેક ગહન શાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવ-શ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્ અનેકાંતરૂપ અધ્યાત્મતત્ત્વના ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્મયુગસ્રષ્ટા મહાપુરુષ છે. તેમનાં આ પ્રવચનો વાંચતાં જ વાંચકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગ-ભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને અસરકારક પરમ કલ્યાણકારી વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ 'વચનામૃત'ના પ્રત્યેક બોલને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રવાક્યોના વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યા છે. સૌને અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોના અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે 'વચનામૃત'ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ રહે ત્યારે જીવ-પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ જ્ઞાયક નિજ ધ્રુવ તત્ત્વનો કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય—વગેરે મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત બાબતો મનુષ્યના જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે 'વચનામૃત'ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થીજગત પર અનહદ ઉપકાર કર્યો છે. 'વચનામૃત'ની સાદી ભાષાના ગર્ભમાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગૃત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના સ્વાનુભવસ્યંદી ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી રહ્યા ન હોય! આવી અત્યંત ભાવવાહિની—અંતરવેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા–જ્ઞાયક–પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાંચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગૃત કરે છે. પ્રવચનોના પાને-પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિરસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું, ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામા આવે છે.

આ રીતે અધ્યાત્મતત્ત્વવિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ ઉદ્દેશ હોવા સાથે 'વચનામૃત'ના સર્વાંગ સ્પષ્ટીકરણ-સ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે, શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચના પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલા ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

પરમોપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ જેમનાં 'વચનામૃત' પર આ સુંદર ભાવવાહી પ્રવચનો આપ્યાં છે તે પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંક્ષિપ્ત પરિચય સાથે, પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયમાં વર્તતા—તેમની આધ્યાત્મિક પવિત્રતા, સ્વાનુભૂતિ તથા લોકોત્તર પ્રશાન્ત જીવન સંબંધી—વિશિષ્ટ મહિમાનો અને પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવદશામાંથી વહેલાં 'વચનામૃત' વિષે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ ઉચ્ચારેલા પવિત્ર ઉદ્ગારોનો, આત્માર્થી જીવોના લાભના હેતુએ, અત્રે સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવે છે.

જેમની પવિત્ર પરિણતિમાંથી ભવ્યજનકલ્યાણકારી 'વચનામૃત'નો પુનિત પ્રવાહ વહેલો છે તે મહાન આત્માની અંતરંગ સહજ દશાનું—શુદ્ધજ્ઞાયકભાવસમર્પિતસર્વસ્વ લોકોત્તર જીવનનું વર્ણન શું થાય? તે પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વિ. સં. ૧૯૭૦ શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૭–૮–૧૯૧૪ ના શુભ દિને વઢવાણ શહેરમાં થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો. પિતાજીનું નામ શ્રી જેઠાલાલ મોતીચંદ શાહ, માતાનું નામ તેજબા. શ્રી વ્રજલાલભાઈ તથા વિદ્વાન શ્રી હિંમતલાલભાઈ—એ બે ભાઈ તથા બે બહેનો—એમ ચારેય ભાંડુઓમાં ચંપાબેન સૌથી નાનાં. પૂજ્ય ચંપાબેનનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ —અંતર તથા બાહ્ય—અતિ ગંભીર અને મહાન છે. શિશુવયથી જ વૈરાગ્યપ્રેમ, કુશાગ્ર-બુદ્ધિ, ચિંતનશીલ સ્વભાવ અને દ્રઢ નિર્ણયશક્તિ વગેરે અનેક ગુણો તેમનામાં સહજ ઉપલબ્ધ છે.

વૈરાગ્યભીનું અને સત્યશોધક તેમનું હૃદય આત્માની પ્રાપ્તિ માટે તડપતું હતું. પૂજ્ય ગુરુદેવનો સત્સમાગમ થયો, તેમની અધ્યાત્મામૃતઝરતી અમોઘ વજ્રવાણીએ બહેનશ્રીનું અંતરંગ સત્ત્વ ઝળકાવી દીધું, નિજશુદ્ધાત્મદર્શન—સમકિત પામવાની તમન્ના તીવ્ર બની. તેમણે સર્વ શક્તિ આત્મામાં કેન્દ્રિત કરી દિન-રાત દૃષ્ટિની નિર્મળતા તથા સ્વાત્માનુભૂતિની સાક્ષાત્ પ્રાપ્તિ માટે અથક, અવિરત પુરુષાર્થ કર્યો, અને અંતે તીવ્ર તડપના પરિણામે માત્ર અઢાર વર્ષની લઘુ વયમાં જ વિ. સં. ૧૯૮૯, ફાગણ વદ દશમના દિને વાંકાનેરમાં પોતાનો અપ્રતિમ પુરુષાર્થ સફળ કર્યો—ભવસંતતિછેદક, કલ્યાણબીજ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, નિજ ભગવાન આત્માનો અદ્ભુત સાક્ષાત્કાર થયો અને પરિણતિમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદમય નિર્મળ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિનું મંગલમય અમૃતઝરણું વહેતું થયું. અહા! ધન્ય છે તે મહાન આત્મા, ધન્ય છે તેમનો ધ્યેયલક્ષી અફર પુરુષાર્થ અને ધન્ય છે તેમનો અવતાર કે જેમાં તેમણે અવતારસંતતિના છેદનું મંગલ કાર્ય કર્યું!

દિનપ્રતિદિન તે અમૃતઝરણાની—સુધાસિક્ત આત્મસાધનાની પરિણતિ વૃદ્ધિંગત થવા માંડી, અને સાથે સાથે સોનગઢમાં વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિને જ્ઞાનપરિણતિમાં જાતિસ્મરણજ્ઞાનની સાતિશય નિર્મળતા પણ પ્રગટી. પૂજ્ય ગુરુદેવને પોતાને કેટલીક બાબતોનો—અમુક જાતનાં કીમતી વસ્ત્રો પહેરેલા ઊંચા દેહવાળા રાજકુમાર, તીર્થંકરત્વ ઇત્યાદિનો—જે 'ભાસ' થતો હતો તેનો સ્પષ્ટ સત્ય ઉકેલ પૂજ્ય બહેનશ્રીના સ્મરણજ્ઞાને આપ્યો. પૂજ્ય ગુરુદેવના ભૂત, વર્તમાન અને ભાવી ભવોનું આશ્ચર્યકારી અનુસંધાન—ગત ભવમાં શ્રેષ્ઠીપુત્રપણે શ્રી સીમંધર ભગવાનની સભામાં પ્રત્યક્ષ સાંભળેલું તે—તેમના સ્મરણજ્ઞાને આપ્યું. તે પવિત્ર અનુસંધાનજ્ઞાન દ્વારા મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર થયો છે.

પરમપૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને જેમનાં 'વચનામૃત' પર પોતે ભાવવિભોર થઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ અદ્‌ભુત પ્રવચનો આપ્યાં છે તે પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

સુધાસ્યંદી-સ્વાત્માનુભૂતિપરિણત, વિશિષ્ટજ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજ-પ્રશમરસઝરતી પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરલ એવાં તેમનાં 'વચનામૃત' વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની મુખ્યતાપૂર્વક અનેકાન્તસુસંગત દ્રવ્ય-પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને—હસ્તામલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને 'વચનામૃત'નો સભામાં અનેક વાર મહિમા વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા. પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા, અનેક ભવ સંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણજ્ઞાન અને 'વચનામૃત'ની વિશિષ્ટતાનો મુક્તકંઠે પ્રકાશ કરતા ગુરુદેવની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની દૃષ્ટિ સમક્ષ હજુ સ્પષ્ટ તરે છે!

પ્રશમમૂર્તિ, ધન્યાવતાર, ગુણગંભીર ઉદારચિત્ત તેમ જ દેવ-ગુરુના પરમભક્ત પૂજ્ય બહેનશ્રી અંતરમાં ખૂબ મહાન અને બાહ્યમાં અતિ નિર્લેપ છે. તેમનું આત્મલક્ષી અંતરંગ જીવન અને તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્‌ભુત દશા વર્ણનાતીત છે. તેમના વિશુદ્ધ ગહન વ્યક્તિત્વ ઉપર, તેમની દશાના પારખુ પૂજ્ય ગુરુદેવ ઘણી વાર યથાર્થ પ્રકાશ પાડતા. પૂજ્ય ગુરુદેવે તેમને 'ભગવતી' અને 'જગદમ્બા'નાં અસાધારણ વિશેષણો આપ્યાં છે તે તેમની સહજ અંતરંગદશાના તથા તેમની મહાનતાના યથાર્થ દ્યોતક છે. હંમેશાં તોળી તોળીને વચનો ઉચ્ચારનારા, તીક્ષ્ણદૃષ્ટિવંત, ગહનવિચારક, સ્વરૂપાનુભવી પરમપૂજ્ય ગુરુદેવશ્રી અન્ય કોઈ પણ વ્યક્તિને જે બે વિશેષણોથી કદી વિશેષિત કરતા નહિ એવાં ઉપરોક્ત બે મહિમાપૂર્ણ વિશેષણોથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અનેક વાર પ્રસન્નતા-પૂર્વક બિરદાવતા હતા, તે જ હકીકત પૂજ્ય બહેનશ્રીની અદ્‌ભુત મહત્તા આપણાં હૃદયમાં દૃઢપણે સ્થાપિત કરવાને પૂરતી છે. આ વિશેષણો દ્વારા પૂજ્ય ગુરુદેવે સંક્ષેપથી તેમના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કરતું પોતાનું હાર્દ પ્રગટ કર્યું છે. અહા! ગુરુદેવના હાર્દને તથા તે વિશેષણોના મર્મભર્યા ઊંડાણને આપણે ગંભીરતાથી સમજીએ, ગુરુદેવે આપેલા અધ્યાત્મબોધને જીવનમાં વણી લેનાર આ 'ભગવતી માતા'ની આત્મ-સાધનાના આદર્શને દૃષ્ટિસમક્ષ રાખીએ અને તેમના જીવનમાંથી મળતી પ્રેરણા દ્વારા આપણે આપણો આત્માર્થ સાધીએ.

ખરેખર 'ભગવતી માતા' પૂજ્ય બહેનશ્રી માત્ર ભારતવર્ષનાં જ નહિ, અપિતુ દૃષ્ટિગમ્ય સમગ્ર જગતનાં અદ્વિતીય આધ્યાત્મિક મહિલારત્ન છે, મુમુક્ષુસમાજનાં શિરોમણિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, મુમુક્ષુમહિલાસમાજનાં શિરછત્ર છે, કુમારિકા બ્રહ્મચારિણી બહેનોનાં જીવનાધાર છે અને આત્માર્થીઓનાં મહાન આદર્શ છે.

સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીના અસાધારણ ગુણગંભીર વ્યક્તિત્વનો પરિચય આપતાં પૂજ્ય ગુરુદેવ સ્વયં પ્રસન્નહૃદયે સભામાં ઘણી વાર પ્રકાશતા કેઃ—

"બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે. તેમની સુદૃઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે....અસંખ્ય અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન ધ્યાનમાં બેસે છે ત્યારે કેટલીક વાર તે અંદરમાં ભૂલી જાય છે કે 'હું મહાવિદેહમાં છું કે ભરતમાં'!!....બેન તો પોતાની અંદરમાં— આત્માના કામમા—એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને બિલકુલ ગમતું નથી. પણ અમને એવો ભાવ આવે છે કે, બેન ઘણાં વર્ષ ગુપ્ત રહ્યાં, હવે લોકો બેનને ઓળખે."

—આવા વાત્સલ્યોર્મિસભર ભાવોદ્‌ગાર ભરેલી પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં જેમનો આધ્યાત્મિક પવિત્ર મહિમા સભા વિષે અનેક વાર પ્રસિદ્ધ થયો છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં, તેમણે મહિલા-શાસ્ત્રસભામાં તથા બ્રહ્મચારિણી બહેનો સમક્ષ અંદર ચર્ચા-વાર્તામાં ઉચ્ચારેલાં—તેમની સ્વાનુભવસ્યંદી જ્ઞાનધારામાથી વહેલાં—આત્માર્થ-પોષક વચનામૃત લિપિબદ્ધ થાય તો ઘણા મુમુક્ષુ જીવોને મહાન આત્મલાભનું કારણ થાય, એવી ઘણા સમયથી સમાજનાં ઘણાં ભાઈબહેનોને ઉત્કટ ભાવના વર્તતી હતી. એ શુભ ભાવનાને સાકાર કરવામાં, કેટલાંક બ્રહ્મચારિણી બહેનોએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પ્રવચનધારા તથા ચર્ચામાંથી પોતાને ખાસ લાભ થાય એવાં વચનામૃતની જે નોંધ કરેલી તેમાંથી ખાસ ખાસ બોલ ચૂંટીને એક સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો, જે 'બહેનશ્રીનાં વચનામૃત' નામના પુસ્તકરૂપે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ— સોનગઢ તરફથી વિ. સં. ૨૦૩૩ માં પૂજ્ય બહનશ્રીની ૬૪ મી જન્મજયંતી-ઉત્સવના મંગળ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યો.

આ 'વચનામૃત' પુસ્તકનું ઊંડું અવગાહન કરીને, જેમ કુશળ ઝવેરી રત્નને પારખી લે તેમ, તેમાં રહેલા ગંભીર ભાવોને પૂજ્ય ગુરુદેવે તરત જ પરખી લીધા અને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ–સોનગઢના પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને કહ્યું: 'ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.' (અત્યાર સુધીમાં—પાંચ વર્ષના સ્વલ્પ સમયમાં આ પુસ્તકની ૮૬૦૦૦ પ્રત ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ–એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદી જુદી ભાષામાં પ્રકાશિત થઈ ગઈ છે.) અધ્યાત્મતત્ત્વ સમજવા માટે આ પુસ્તક ધ્યાનપૂર્વક વાંચવાની પૂજ્ય ગુરુદેવ ખાસ ભલામણ કરતા અને નવાગંતુકને પ્રસન્નતાથી ભેટ આપતા હતા.

આ આત્માર્થિપ્રિય અમૂલ્ય પુસ્તકની મહત્તા, ભિન્ન ભિન્ન પ્રસંગે નીકળેલા પૂજ્ય ગુરુદેવના મંગલમય પવિત્ર ઉદ્‌ગારોમાં જોઈએ :—

'(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. એનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડયાં. ભાષા સરળ પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.' (પૂજ્ય ગુરુદેવના ભાવ-અનુસાર હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.)

"પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. એનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ."

'આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.'

'હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે —એવી વાત છે. જગતને લાભનું કારણ છે.'

"એનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે—એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય—આવી ચીજ બહાર આવી!"

'જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (–સાધકનું) આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ! અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખથી અનેક વાર 'વચનામૃત'ની ભૂરિ ભૂરિ પ્રશંસા સાંભળીને મુમુક્ષુસમાજે 'વચનામૃત' પર પ્રવચન દ્વારા તેના ગહન ભાવો સમજાવવાની કૃપા કરવા ગુરુદેવશ્રીને વિનંતી કરી. પૂજ્ય ગુરુદેવે ભક્તોની વિનંતી સ્વીકારી. પ્રવચનો આપ્યાં. પ્રવચનોમાં 'વચનામૃત'ના ભાવો ખૂબ રંગપૂર્વક ખોલ્યા. 'વચનામૃત'માં ૪૩૨ બોલ છે; તેના પર ૧૮૧ પ્રવચન થયાં છે. તે પ્રવચનો ચાર ભાગમાં પ્રકાશિત થશે. તેમાંનો આ પહેલો ભાગ છે.

બહેનશ્રીનાં 'વચનામૃત'માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવે આ પ્રવચનગ્રંથમાં જે ખૂબ અદ્ભુત છણાવટ કરી છે—તળસ્પર્શી ખુલાસા કર્યા છે, તે વાંચીને આશ્ચર્ય થાય કે, અહા! આમાં આવા અલૌકિક ભાવો ભર્યા છે! ખરેખર, પૂજ્ય ગુરુદેવે 'વચનામૃત'ના ઊંડા ભાવો ખોલીને મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

આ પ્રવચનો પૂજ્ય બહેનશ્રીનાં ચરણોપાસિકા કેટલાંક બ્ર૦ બહેનો તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ ટેઇપ–રેકોર્ડમાંથી ઉતારી આપ્યાં છે. તેનું આ સંકલન તૈયાર કરવામાં આવ્યું છે. આ સંકલન અધ્યાત્મતત્ત્વપ્રેમી આદરણીય વિદ્વદ્વર્ય ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ અથક પરિશ્રમ લઈને અતિ ચીવટપૂર્વક તપાસી ગયા છે તથા તેમણે પ્રૂફ-સંશોધનમાં પણ સહકાર આપ્યો છે. ખરેખર, તેમના અમૂલ્ય સહકાર વિના આ પ્રવચનો આવા સુંદર રૂપમાં તૈયાર થવાં અશક્ય હતા. તે બદલ કૃતજ્ઞતાપૂર્વક તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. ભાવનગરનિવાસી ધર્મપ્રેમી ભાઈશ્રી શશીકાંતભાઈ શેઠ પણ આ પ્રવચનોનો બહુભાગ તપાસી ગયા છે. તેઓ તથા ટેઇપમાંથી ઉતારી આપનારાઓ પણ ધન્યવાદને પાત્ર છે.

અંતમાં, આપણે—અધ્યાત્મતત્ત્વપિપાસુ જીવો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિરસ-ધારામાંથી વહેલાં આ શુદ્ધાત્મસ્પર્શી 'વચનામૃત' ઉપર પરમોપકારી કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવે સ્વાનુભવપ્રધાન સમસ્ત નિજાત્મવૈભવ ખુલ્લો કરીને આપેલાં આ વિશદ પ્રવચનોના ઊંડા અવગાહન દ્વારા ભવસંતતિછેદક સ્વાનુભૂતિ સાધવાની પ્રબળ પ્રેરણા પામી પોતાના સાધનાપથને સુધાસ્યંદી બનાવીએ—એ જ ભાવના.

શ્રાવણ વદ ૨, સં. ૨૦૩૮ —સંકલયિતા
(પૂ. બહેનશ્રીની ૬૯મી જન્મજયંતી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## [ સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન ]

ભરતક્ષેત્રની આ ચોવીસીના ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ અને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ સંતો દ્વારા સુરક્ષિત, તર્કશુદ્ધ અબાધિત સુવિજ્ઞાન-સિદ્ધાન્તોની કસોટીમાંથી પાર ઊતરી શકે એવો, અધ્યાત્મરસપ્રમુખ વીતરાગ જૈનધર્મ કાળદોષે વૈજ્ઞાનિક ભૂમિકા ઉપરથી સરી પડીને રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતામાં અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયો હતો એવા આ યુગમાં—વિક્રમની વીસ-એકવીસમી સદીમાં—ભારતવર્ષના જીવોના મહાન પુણ્યોદયે જે મહાપુરુષે અવતાર લઈને આત્મસાધનાનો અધ્યાત્મપંથ ઉજાળ્યો, વાડાની કેદમાંથી બહાર કાઢી જેમણે હજારો જીવોમાં શુદ્ધ આત્મા સમજવાની જિજ્ઞાસા જગાવીને એક નવા મુમુક્ષુસમાજનું સર્જન કર્યું, પોતાની સ્વાનુભવ-સમૃદ્ધ ભેદજ્ઞાનકળાથી જિનશાસનના સૂક્ષ્મ રહસ્યોને ઉકેલીને જેમણે 'તારામાં બધું ભર્યું પડ્યું છે' એમ જાહેર કરી પ્રત્યેક જીવની શક્તિરૂપ પ્રભુતાનો જગતમાં ઢંઢેરો પીટ્યો—ઇત્યાદિ અનેક પ્રકારે ભારતવર્ષના ધર્મપિપાસુ જીવો ઉપર જેમનો અનંત અનંત ઉપકાર છે તે અધ્યાત્મયુગસ્રષ્ટા પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું સંક્ષિપ્ત *જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો પવિત્ર જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં વિ. સં. ૧૯૪૬, વૈશાખ સુદ બીજ ને રવિવારના શુભ દિને વહેલી સવારે થયો હતો. માતુશ્રીનું નામ ઉજમબા અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક અને ધર્મે સ્થાનકવાસી જૈન હતા. શિશુવયથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને આંખોમાં બુદ્ધિ ને વીર્યની પ્રતિભા તરી આવતી હતી. નિશાળમાં તેમ જ જૈનશાળામાં પ્રાયઃ પહેલો નંબર રાખતા હતા.

અગિયારેક વર્ષની ઉંમરે પોતે એક વાર જૈનશાળાનાં પગથિયાં ઊતરતા હતા ત્યારે સંપ્રદાયના એક સાધુને વૈરાગ્યની મસ્ત ચાલથી જતા જોયા. જોતાં જ હોનહાર મહાપુરુષને હૃદયમાં સોંસરવટ ઘા પડી ગયો અને અંદરમાં થયું કે—'અહા! કેવી વૈરાગ્યની ધૂન! નીચે નયણે કેવી મલપતી ચાલ! સાવ એકલા, કોઈ સાથ કે વળાવિયો નહિ! કેવી અખધૂત દશા!' આમ બાળવયથી જ વૈરાગી મસ્ત જીવન પ્રત્યે તેમનું ચિત્ત અર્પાઈ જતું. નિશાળના લૌકિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ; તેમને ઊંડે ઊંડે રહ્યા કરતું કે 'જેની

---

* જીવનવૃત્તનો કેટલોક ભાગ આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહનાં લખાણોમાંથી શબ્દશઃ લીધો છે.

શોધમાં હું છું તે આ નથી'. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ-મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાનો (વિ. સં. ૧૯૫૯માં) તેમ જ પિતાનો (વિ. સં. ૧૯૬૩ માં) વિયોગ થયો. પોતે પાલેજમાં પિતાજીની દુકાનમાં જોડાયા. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક અને સરળ હતું. એક વાર વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેમણે અમલદાર સમક્ષ સત્ય ઘટના સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા અને નિર્ભીકતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત યથાર્થ છે એમ વિશ્વાસ આવવાથી તે સંપૂર્ણપણે માન્ય રાખી.

તેઓ કોઈ કોઈ વખત નાટક જોવા જતા; અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે તેમને યૌવનસહજ શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર થતી અને તે કેટલાય દિવસો સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી ધૂનમાં 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ શબ્દોથી શરૂ થતું બાર કડીનું કાવ્ય તેમણે બનાવ્યું હતું. અહા! સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં કેવાં નિમિત્ત બનાવે છે!

દુકાન ઉપર પણ તેઓ વૈરાગ્યપ્રેરક અને તત્ત્વબોધક ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. તેમનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો આત્મા અંદર જુદી જ શોધમાં હતો. તેમના અંતરનો ઝોક સદા ધર્મ ને સત્યની શોધ પ્રતિ જ હતો. તેમનો ધાર્મિક અભ્યાસ, ઉદાસીન જીવન અને સરળ અંતઃકરણ જોઈને સગાંસંબંધીઓ તેમને 'ભગત' કહેતા. સગપણનાં કહેણ આવતાં, તેમણે મોટાભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી, મારે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે, ને મારા ભાવ દીક્ષા લેવાના છે'. ખુશાલભાઈ તથા સગાંસંબંધીઓ દ્વારા ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગ્યભીના ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. યોગ્ય ગુરુ માટે ખૂબ શોધ કરી; સૌરાષ્ટ્ર, ગુજરાત ને રાજસ્થાનમાં ઘણા સાધુઓને મળ્યા, પણ ક્યાંય મન ઠર્યું નહિ. છેવટે બોટાદ સંપ્રદાયના શ્રી હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું. વિ. સં. ૧૯૭૦ ના માગશર સુદ ૯ ને રવિવારના દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષામહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર આગમોનો સખત અભ્યાસ કરવા માંડ્યો. ચારેક વર્ષમાં પિસ્તાળીસ આગમો, લાખો શ્લોકોની ટીકા સહિત,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિચારપૂર્વક તેઓ વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમના આત્માર્થીપણાની, જ્ઞાનપિપાસાની ને ઉગ્ર ચારિત્રની સુવાસ સ્થાનકવાસી સંપ્રદાયમાં ખૂબ ફેલાઈ ગઈ હતી.

મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. પુરુષાર્થ એ જ તેમનો જીવનમંત્ર હતો. 'કેવળી ભગવાને જોયું હશે ત્યારે મોક્ષ થશે'—એમ કાળલબ્ધિ ને ભવિતવ્યતાની પુરુષાર્થહીનતાભરી વાતો કોઈ કરે તો તેઓ તે સાંખી શકતા નહિ અને દૃઢપણે કહેતા કે 'જે પુરુષાર્થી છે તેને અનંત ભવો હોય જ નહિ. કેવળીએ પણ તેના અનંત ભવ દીઠા જ નથી. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી.'

દીક્ષાપર્યાય દરમ્યાન તેમણે શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. લાખ-શ્લોકપ્રમાણ ટીકાયુક્ત ભગવતીસૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું હતું. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ સત્યની શોધ પ્રતિ જ રહેતું. છતાં જેની શોધમાં તેઓ હતા તે તેમને હજુ મળ્યું નહોતું; અથકપણે ઉલ્લસિત વીર્યથી શોધવૃત્તિ ચાલુ જ હતી; ત્યાં —

વિ.સં. ૧૯૭૮ માં વિધિના કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના કરકમળમાં આવ્યો. તે વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. સમયસારમાં મહારાજશ્રીના અંતરનયને અમૃતનાં સરોવર છલકાતાં જોયાં; એક પછી એક ગાથા વાંચતાં તેમણે ઘૂંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારે મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર તરફ વળી—ઉપયોગનો પ્રવાહ સુધાસિંધુ જ્ઞાયકદેવ તરફ વળ્યો. તેમની જ્ઞાનકળા અપૂર્વ રીતે ખીલી ઊઠી.

વિ.સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી મહારાજશ્રીએ સૌરાષ્ટ્રનાં અનેક પ્રમુખ શહેરોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. હજારો શ્રોતાઓને તેમના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. ક્રિયાકાંડમાં લુપ્ત થયેલા અધ્યાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. તેમનાં પ્રવચનમાં એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો આવતા કે જે બીજે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે.....શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થાય તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે.....વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે.....આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે—એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી.....પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે' આવા હજારો અપૂર્વ ન્યાયો વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. પ્રત્યેક પ્રવચનમાં તેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી કહેતા: “શરીરનાં ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહારચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે....સમકિત સહેલું નથી, લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે..... સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની ક્રિયાઓ એકડા વિનાનાં મીંડાં છે....સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે.....હીરાની કિંમત હજારો રૂપિયા હોય છે, તેના પાસા પડતાં ખરેલી રજની કિંમત પણ સેંકડો રૂપિયા હોય છે; તેમ સમકિત-હીરાની કિંમત તો અમૂલ્ય છે, તે મળ્યો તો તો કલ્યાણ થઈ જશે પણ તે ન મળ્યો તોપણ ‘સમકિત એ કાંઈક જુદી જ વસ્તુ છે’—એમ તેનું માહાત્મ્ય સમજાઈ તે મેળવવાની તાલાવેલીરૂપ રજો પણ ઘણો લાભ આપે છે. ....જાણપણું તે જ્ઞાન નથી. સમકિત સહિત જાણપણું તે જ જ્ઞાન છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે. ....આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત અતીન્દ્રિય સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. તે વાનગી મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં અનંત છે.” આ રીતે સમ્યગ્દર્શનનું અદ્ભુત માહાત્મ્ય અનેક સમ્યક્ યુક્તિઓથી, અનેક પ્રમાણોથી અને અનેક સચોટ દૃષ્ટાંતોથી તેઓશ્રી લોકોને ઠસાવતા. તેમનો પ્રિય અને મુખ્ય વિષય સમ્યગ્દર્શન હતો અને સંપ્રદાયમાં હતા ત્યારથી જ તેનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરતા હતા. પહેલાં સાચી સમજણ કરવાની ખાસ જરૂર છે એમ તેઓ ભાર દઈને પહેલેથી જ કહેતા અને પ્રવચનના આરંભમાં એક ગાથા બોલતા–‘संबुज्जह जंतवो....’ અર્થાત્ હે જીવો! તમે સમ્યક્ પ્રકારે બુઝો! એટલે કે સમજો....સમજો. આમ મૂળથી જ તેઓ સાચી સમજણ કરવાનો ઉપદેશ આપતા હતા.

જૈનધર્મ પર તેમની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયસંગત વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને ઘણાને આસ્તિક બનાવી દેતી. તેમનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. અહા! સત્ય ને અનુભવના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમનાં કાનમાં તેનો રણકાર હજુ ગુંજતો હશે! થોડાં જ વર્ષોમાં તેમનાં પ્રખર જ્ઞાન, કડક ચારિત્ર અને પ્રવચનકૌશલ્યની સુવાસ એટલી બધી ફેલાઈ ગઈ કે સ્થાનકવાસી જૈનસમાજ તેમને સાધુ તરીકે ‘કાઠિયાવાડના કોહિનૂર’—એ નામથી બિરદાવતો થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લઘુ વયથી જ ગુરુદેવનું વૈરાગી, ચિંતનપૂર્ણ, બુદ્ધિપ્રતિભાયુક્ત, ધ્યેયલક્ષી ભક્ત-જીવન હતું. બાળબ્રહ્મચારીપણે દીક્ષિત થઈ ઉચ્ચતમ કોટિના સ્થાનકવાસી સાધુ તરીકે વિચરતાં, 'ભવભ્રમણનો અંત લાવવાનો સાચો ઉપાય શો?', 'દ્રવ્યસંયમસે ગ્રીવેક પાયો, ફિર પીછો પટકચો, ત્યાં શું કરવું બાકી રહ્યું?' એ વિષે ઊંડું મંથન ને અભ્યાસ કરીને એમણે શોધી કાઢયું કે—માર્ગ કોઈ જુદો જ છે; હાલમાં તો ઊંધેથી જ શરૂઆત કરવામાં આવે છે. ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પરંતુ પારમાર્થિક આત્મા તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નક્કી કરી સ્વાનુભવ કરવો તે માર્ગ છે; અનુભવમાં વિશેષ લીનતા તે શ્રાવકમાર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્વરૂપરમણતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતાં બાહ્ય વ્રત-નિયમો તો અધૂરાશની—કચાશની પ્રગટતા છે. મોક્ષમાર્ગની મૂળ વાતમાં આટલો બધો ફેર પડી ગયો છે એમ ગુરુદેવે અંદરથી શોધી કાઢયું.

સમયસારપ્રરૂપિત વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી અંદરમાં સત્ય લાગતો હતો, અને બહારમાં વેષ તથા આચાર જુદા હતા,—એ વિષમ સ્થિતિ તેમને ખટકતી હતી; તેથી તેઓશ્રીએ સોનગઢમાં યોગ્ય સમયે—વિ.સં. ૧૯૯૧ ના ચૈત્ર સુદ ૧૩ (મહાવીર-જયંતી) ને મંગળવારના દિને—'પરિવર્તન' કર્યું, સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે, તે બધું તેમના ખ્યાલમાં હતું, પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

'પરિવર્તન'થી સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણો ખળભળાટ થયો, વિરોધ થયો. પરંતુ મહારાજશ્રી કાઠિયાવાડના સ્થાનકવાસી જૈનોના હૃદયમાં પેસી ગયા હતા. તેમની પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે લોકોનો પ્રવાહ સોનગઢ તરફ વહેવા લાગ્યો. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક વ્યામોહ તેમ જ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિન-પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયાં.

પૂજ્ય ગુરુદેવ કહેતા : જૈનધર્મ એ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુસ્વભાવ—આત્મધર્મ છે. તેનો કોઈ અન્ય ધર્મ સાથે મેળ છે જ નહિ. તેનો અન્ય ધર્મ સાથે સમન્વય કરવો તે રેશમ ને કંતાનના સમન્વય જેવો વ્યર્થ છે. દિગંબર જૈનધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મુનિપણું કે મુક્તિ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની શ્રદ્ધા તેમના અંતરમાં વણાઈ ગઈ હતી. હું એક સ્વતંત્ર પદાર્થ છું, મને કર્મ રોકી શકે નહિ—એમ તેઓ વારંવાર ફરમાવતા. તે વિશેષ સ્પષ્ટતાથી સમજવા માટે જામનગરમાં ચાતુર્માસ દરમ્યાન એક જિજ્ઞાસુ ભાઈએ પ્રશ્ન પૂછયો :—'મહારાજ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકારો સંબંધી સર્વ ભેદપ્રભેદોનાં પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ અનુભાગ બધુંય બરાબર એક-સરખું હોય તો તે જીવો ઉત્તરવર્તી ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્નભિન્ન પ્રકારના?' ગુરુદેવે કહ્યું : 'ભિન્નભિન્ન પ્રકારના'. પુન: પ્રશ્ન થયો: 'બન્ને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખાં છે, તો પછી ભાવ ભિન્નભિન્ન પ્રકારના કેમ કરી શકે?' ગુરુદેવે તરત જ દ્રઢતાથી ઉત્તર આપ્યો : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે'; અર્થાત્ જીવ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનુ બધું કરી શકે છે. સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ!

પરમ પૂજ્ય ગુરુદેવના ઉપદેશમાં મુખ્ય વજન સમજણ પર હતું. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહેતા. 'કોઈ આત્મા—જ્ઞાની કે અજ્ઞાની—એક રજકણને પણ હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં પ્રકાશ-અંધકાર જેવો મહાન તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો—શુભાશુભ ભાવનો—કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.'—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સુધાસ્યંદી સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનકળા ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં—ઘૂંટાયાં. એ અંદર ઘૂંટાયેલાં અમૃત કૃપાળુ ગુરુદેવ હજારો મુમુક્ષુઓને પ્રવચનમાં પીરસતા ને ન્યાલ કરતા.

સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રો પર પ્રવચન આપતાં ગુરુદેવના શબ્દે શબ્દે ઘણી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળતી, જેથી શ્રોતાઓ શાસ્ત્રના મર્મ સુગમતાથી સમજી શકતા. જે અનંત જ્ઞાન ને આનંદમય પૂર્ણ દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે દિવ્યધ્વનિ દ્વારા વસ્તુસ્વરૂપ નિરૂપ્યું, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્ગુરુદેવે પોતાની વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલા ગૂઢ રહસ્યો સમજાવીને મુમુક્ષુઓ પર મહાન મહાન ઉપકાર કર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુરુદેવની વાણી સાંભળી સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ જતા અને ઉલ્લાસમાં આવીને કહેતા : 'ગુરુદેવ! આપનાં પ્રવચન અપૂર્વ છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કે વ્રતતપનિયમનું સ્વરૂપ, ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય-સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક-સાધકભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ—જે જે વિષયનું સ્પષ્ટીકરણ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે.'

પૂજ્ય ગુરુદેવની પ્રવચનશૈલી પણ અદ્ભુત હતી. કઠિન ગણાતા અધ્યાત્મવિષયને પણ ખૂબ સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપી, શાસ્ત્રીય શબ્દોનો બહુ જૂજ પ્રયોગ કરીને ઘરગથુ ભાષામાં સમજાવતા, કે જેથી ઓછું ભણેલો સામાન્ય મનુષ્ય પણ સહેલાઈથી સમજી જાય. ગુરુદેવ પ્રવચન કરતાં કરતાં અધ્યાત્મમાં એવા મગ્ન થઈ જતા, પરમાત્મદશા પ્રત્યેની અગાધ ભક્તિ તેમના મુખારવિંદ પર એવી તરતી, કે શ્રોતાઓને પણ તેની અસર થતી. અધ્યાત્મની જીવંતમૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરતો હોય એવી ચમત્કારભરી તેમની પ્રતિભા હતી. પૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગતું કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે; જગતથી એ કાંઈક જુદું જ કહે છે, અપૂર્વ કહે છે; એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું બીજે કયાંય સાંભળ્યું નથી.' અહા! આ કળિકાળમાં, અંદરમાં આવું અલૌકિક પવિત્ર પરિણમન—કેવળજ્ઞાનનો અંશ, અને બહારમાં આવો પ્રબળ પ્રભાવના ઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ જોઈને મુમુક્ષુઓનાં હૃદયો નાચી ઊઠતાં.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિ ગુરુદેવની મોહવિનાશિની વજ્રવાણીની તો શી વાત, તેમનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય! એ અધ્યાત્મમસ્ત મહાપુરુષની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નહોતાં. સંસારતપ્ત પ્રાણીઓને તેમના પવિત્ર સમાગમમાં પરમ વિશ્રાન્તિ મળતી. જે વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં આપોઆપ શમી જાય છે—એવો અનુભવ ઘણા મુમુક્ષુઓને થતો. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે આધ્યાત્મિક ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શન તથા સમાગમે સહજમાત્રમાં થઈ જતી. એ રીતે પૂજ્ય ગુરુદેવનાં સ્વાનુભવરસઝરતાં પવિત્ર જ્ઞાન ને ચારિત્રે મુમુક્ષુઓ પર મહાકલ્યાણકારી અનુપમ ઉપકાર કર્યો છે.

સનાતન સત્ય વીતરાગ દિગંબર જૈનમાર્ગ અંગીકૃત કર્યા પછીનાં વર્ષોમાં શાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખનારા, મુમુક્ષુઓને ઉપકારભૂત થાય એવા, પ્રભાવનાના અનેક સુયોગ બની ગયા.

વિ.સં. ૧૯૯૩ ના ચૈત્ર વદ આઠમના દિને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને આત્મધ્યાનમયી વિમળ અનુભૂતિમાંથી ઉપયોગ બહાર આવતાં, ઉપયોગની સ્વચ્છતામાં ભવાંતરો સંબંધી સહજ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન થયું. પૂજ્ય ગુરુદેવશ્રીને અનેક વર્ષોથી પોતાના ભૂત-ભવિષ્ય ભવ સાથે સંબંધવાળો જે અસ્પષ્ટ 'ભાસ' આવતો હતો તેનો સ્પષ્ટ ઉકેલ બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાન દ્વારા મળવાથી તેઓશ્રીના મનોમંદિરમાં એક પ્રકારનું અજવાળું થયું અને તેઓશ્રીની ધર્મવૃત્તિને એક અસાધારણ નૂતન બળ મળ્યું. બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનની હકીકતો આત્માર્થીઓને ઉપકારક થાય એવી લાગવાથી પૂજ્ય ગુરુદેવ તેની કેટલીક વિગતો ધીમે ધીમે મુમુક્ષુઓ સમક્ષ અત્યંત ધર્મોલ્લાસપૂર્વક મૂકવા લાગ્યા હતા, જે સાંભળી આત્માર્થીઓ અત્યંત આહ્લાદિત થતા અને તેમના શ્રદ્ધાજીવનમાં, ભક્તિજીવનમાં તથા 'આ અલ્પાયુષી મનુષ્યપર્યાયમાં નિજ કલ્યાણ અવશ્ય કરી લેવા યોગ્ય છે' એવા ઉદ્યમજીવનમાં નવી ચમક આવતી.

'પરિવર્તન' જ્યાં થયું હતું તે મકાન નાનું હતું. તેથી ભક્તોએ સં. ૧૯૯૪ માં પ્રવચન માટે તથા પૂ. ગુરુદેવને રહેવા માટે એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું. પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસાર પરમાગમ પ્રત્યે અતિશય ભક્તિને લીધે, સ્વાધ્યાયમંદિરમાં તેના ઉદ્ઘાટનના દિવસે—વૈશાખ વદ ૮ ને રવિવારના રોજ—પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર કરકમળે શ્રી સમયસાર પરમાગમની મંગલ પ્રતિષ્ઠા કરવામાં આવી. સમયસાર સર્વોત્તમ શાસ્ત્ર છે–એમ ગુરુદેવ વારંવાર કહેતા. સમયસારની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જતો. સમયસારની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ હતો. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ'—એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞવીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા, તે વિષે પૂજ્ય ગુરુદેવને અણુમાત્ર પણ શંકા નહોતી. શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વિષે તેઓ અત્યંત દઢતાપૂર્વક ઘણી વાર ભક્તિભીના હૃદયથી પોકાર કરીને કહેતા કે—'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે; યથાતથ વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.' શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને

અતિશય ભક્તિભાવ હતો. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જતી.

સં. ૧૯૯૫ માં પોષ વદ ૧૩ ના દિને ગુરુદેવે ૨૦૦ મુમુક્ષુઓના સંઘ સહિત શત્રુંજય સિદ્ધક્ષેત્રની પાવન યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી. તે જ વર્ષે ફાગણ વદ ૧ ના રોજ સ્વાધ્યાયમંદિરમાં ભગવાનની દિવ્ય ધ્વનિ 'ૐ'ના શિલાપટ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજકોટના મુમુક્ષુઓના અતિ આગ્રહને લીધે તે જ વર્ષે ચાતુર્માસ કરવા માટે રાજકોટ પધાર્યા. ત્યાં 'આનંદકુંજ'માં દસ માસ સુધી રહી, સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા પર અપૂર્વ પ્રવચનો આપ્યાં. પૂજ્ય ગુરુદેવના નિર્મળ નિતનવા જ્ઞાનપર્યાયોમાંથી સહજ સ્ફુરતા જડ-ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક આધ્યાત્મિક ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા. ત્યાં નિશદિન આધ્યાત્મિક આનંદનું સુંદર વાતાવરણ ગુંજી ઊઠ્યું.

રાજકોટથી સોનગઢ પાછા પધારતી વખતે પૂજ્ય ગુરુદેવે ૩૦૦ ભક્તો સાથે, બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનાં દીક્ષા, કેવળ ને નિર્વાણ—ત્રણ કલ્યાણકોથી પાવન થયેલા ગિરિરાજ ગિરનારતીર્થની અત્યંત ભક્તિ તથા ઉલ્લાસ સહ યાત્રા કરી. પહેલી ટૂંકે દિગંબર મંદિરમાં તેમ જ દીક્ષાકલ્યાણક-ધામ સહસ્રામ્રવનમાં જામેલી ભક્તિની ધૂન તથા નિર્વાણસ્થળ પાંચમી ટૂંકે પૂજ્ય ગુરુદેવ પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની 'હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે!' વગેરે પદો ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું ભક્તિભીનું શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાંનાં પવિત્ર સંસ્મરણો તો ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ ગયાં છે.

વિહાર દરમ્યાન રસ્તામાં આવતાં અનેક નાનાં-મોટાં ગામોમાં પૂજ્ય ગુરુદેવ વીતરાગ સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા. લોકોને ગુરુદેવ પ્રત્યે ભક્તિ ઊછળી પડતી, ભવ્ય સ્વાગત થતાં અને હજારોની સંખ્યામાં પ્રવચનસભા ઊભરાઈ જતી. ગુરુદેવનો પ્રભાવના ઉદય જોઈ, તીર્થંકર ભગવાન તથા સમર્થ આચાર્યભગવંતો વિચરતા હશે તે વખતે ધર્મનું, ભક્તિનું ને અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદૃશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

સં. ૧૯૯૬ ના વૈશાખ માસમાં પૂજ્ય ગુરુદેવ વિહાર પૂર્ણ કરી સોનગઢ પધાર્યા. ત્યાર પછી તુરત જ શ્રી નાનાલાલભાઈ જસાણી તથા તેમના ભાઈઓએ શ્રી સીમંધર-ભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધરસ્વામી વગેરે જિનભગવંતોનાં વીતરાગભાવવાહી પ્રતિમાઓની પંચકલ્યાણકવિધિપુરસ્સર મંગલ પ્રતિષ્ઠા સં. ૧૯૯૭ ના ફાગણ સુદ બીજના શુભ દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવના આઠેય દિવસ પૂજ્ય ગુરુદેવના મુખારવિંદમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. વિખૂટા પડેલા સીમંધર-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનનો (ભલે સ્થાપના-અપેક્ષાએ પણ) ભેટો થવાથી પૂજ્ય ગુરુદેવને કોઈ અદ્ભુત આનંદોત્સાહ હતો. પ્રતિષ્ઠા પહેલાં શ્રી સીમંધરભગવાનની પ્રતિમાના પ્રથમ દર્શને પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી વિરહવેદનનાં આંસુ વહ્યાં હતાં. સીમંધરભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ થોડી ક્ષણ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. ભક્તિનું આ અદ્ભુત પાવન દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. પૂજ્ય ગુરુદેવે પોતાના પવિત્ર હસ્તે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરી હતી.

બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં આ જિનમંદિર મધ્યે દરરોજ પોણો કલાક ભક્તિ થતી. પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ જિનેન્દ્રભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય, જેથી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્ભુત ભક્તિભાવ ઉલ્લસતો. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું.

ત્યાર પછી એક વર્ષે શ્રી સમવસરણ-મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ જિનપ્રતિમા બિરાજે છે. સમવસરણની આખી રચના અતિ આકર્ષક ને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં અતિ સૌમ્ય મુદ્રાવંત નિર્ગ્રંથ પ્રતિમા છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ છઠના દિવસે થયો હતો. શ્રી સમવસરણનાં દર્શન કરતાં, શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રના તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર પરમાત્માના સમવસરણમાં પધારેલા તે, પૂજ્ય ગુરુદેવે ગતભવમાં નજરે દીઠેલો ભવ્ય પ્રસંગ તેમનાં નેત્રો સમક્ષ ખડો થયો અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં તેમનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડ્યું. સમવસરણમાં ભક્તિ પ્રસંગે 'રે! રે! સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં' એ પંક્તિ આવતાં, ભગવાનના વિરહ-વેદનથી પૂજ્ય ગુરુદેવનું ભક્તહૃદય અત્યંત દ્રવી ગયું હતું અને નેત્રોમાંથી અશ્રુની ધારા વહી ગઈ હતી; તે વિરહવ્યથાનું ભક્તિભીનું દૃશ્ય હજુ પણ મુમુક્ષુઓની નજર સમક્ષ તરવરે છે. શ્રી સમવસરણ-મંદિર થતાં મુમુક્ષુઓને સમવસરણવિરાજમાન જિનેંદ્રભગવાનનાં પાવન દર્શનની સાથે સાથે સીમંધર-કુંદકુંદમિલનનો મધુર પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું.

સં. ૧૯૯૮ ના અષાડ વદ એકમના રોજ—શ્રી મહાવીર ભગવાનનો દિવ્ય ધ્વનિ છૂટવાના પાવન દિવસે, વીરશાસનજયંતીના મંગલ દિને—સોનગઢમાં પૂજ્ય ગુરુદેવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાગમ શ્રી પ્રવચનસાર પર પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. તેમાં જ્ઞેય-અધિકાર વાંચતાં અનેક વર્ષોમાં ભક્તોએ જોયેલ તેનાથી પણ અધિક, કોઈ અચિંત્ય, અદ્ભુત ને અપૂર્વ એવો શ્રુતનો ધોધ પૂજ્ય ગુરુદેવના અંતર આત્મામાંથી—તેમના નિર્મળ ભાવશ્રુતજ્ઞાનના પર્યાયમાંથી—વહેવા લાગ્યો. દ્રવ્યાનુયોગના અશ્રુતપૂર્વ અદ્ભુત ન્યાયોથી ભરેલો તે આશ્ચર્યકારી ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને તેનો અંદરમાં મહિમા હશે. બાકી તેનું વર્ણન શું કરી શકાય? તે શ્રુતામૃતનું પાન કરતાં એમ થતું હતું કે આ તે કોઈ સાતિશય આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય સંપ્રાપ્ત થયું!

સં. ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમના રોજ—દશલક્ષણ પર્યુષણપર્વના પ્રારંભના દિને—સોનગઢમાં કુમાર જૈન યુવકો માટે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવાના હેતુએ, બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યો હતો. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં જોડાનાર બ્રહ્મચારી ભાઈઓ દરરોજ ત્રણેક કલાક નિયત કરેલાં ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરતા, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય તથા પરસ્પર ગોષ્ઠિ દ્વારા દૃઢ કરતા અને પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો, તત્ત્વચર્ચા, જિનેન્દ્રભક્તિ વગેરેમાં ભાગ લેતા હતા; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યતીત થતો હતો.

જ્ઞાનધ્યાનરત ગુરુદેવને અંદર ભાવશ્રુતની લબ્ધિ નવા નવા ન્યાયોથી જેમ દિવસે દિવસે ખીલતી જતી હતી તેમ તેમનો પુનિત પ્રભાવનાઉદય પણ પ્રબળપણે વૃદ્ધિગત થતો જતો હતો. સં. ૧૯૯૯ના ફાગણ સુદ પાંચમના રોજ ઝાલાવાડમાં થઈને ચાતુર્માસ અર્થે રાજકોટ જવા માટે ફરીને વિહાર થયો. પૂજ્ય ગુરુદેવ, અમૃત વરસતા મહામેઘની જેમ, રસ્તામાં આવતા દરેક ગામમાં અધ્યાત્મ-અમૃતનો ધોધ વરસાવતા અને અનેક હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવતા હતા. જૈનેતરો પણ પૂજ્ય ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ જતા. જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાકાંડ જ નથી પણ તેમાં તર્કશુદ્ધ સૂક્ષ્મ અધ્યાત્મવિજ્ઞાન ભરપૂર ભરેલું છે એમ સમજાતાં તેમને જૈનદર્શન પ્રત્યે બહુમાન પ્રગટતું. પૂજ્ય ગુરુદેવે ફેલાવેલાં આત્મવિચારનાં પ્રબળ આંદોલનોથી પ્રભાવિત થઈ કેટલાક જૈનેતરો તો વીતરાગ દિગંબર જૈનધર્મના શ્રદ્ધાળુ થયા હતા. ખરેખર ગુરુદેવે આત્મસાધનાનો અધ્યાત્મપંથ દર્શાવીને ભારતમાં તેમ જ વિદેશમાં હજારો જીવોને જાગૃત કર્યા છે. સૌરાષ્ટ્રમાં તો દિગંબર જૈનધર્મનું નવસર્જન તેમણે જ કર્યું છે. પૂજ્ય ગુરુદેવે અંતરથી શોધેલો સ્વાનુભવ-પ્રધાન અધ્યાત્મમાર્ગ—દિગંબર જૈનધર્મ જેમ જેમ પ્રસિદ્ધ થતો ગયો તેમ તેમ વધુ ને વધુ જિજ્ઞાસુઓ આકર્ષાયા, ગામોગામ મુમુક્ષુમંડળ સ્થપાયાં. સંપ્રદાયત્યાગથી જાગેલો વિરોધવંટોળ શમી ગયો. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાઉદય દિનપ્રતિદિન વધુ ને વધુ ખીલતો ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર મોટી ઉંમરના ગૃહસ્થો જ નહિ પરંતુ નાની ઉંમરનાં બાળકો પણ પૂજ્ય ગુરુદેવના તત્ત્વજ્ઞાનમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. ગુરુદેવના ભક્તો હજારોની સંખ્યામાં વધવા લાગ્યા. સં. ૧૯૯૭ થી દર વર્ષે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે ગ્રીષ્મવર્ગ ખોલવામાં આવતો, વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહથી ભાગ લેતા, લેખિત પરીક્ષાઓ લેવાતી ને ઇનામો અપાતાં. સં. ૨૦૦૩થી શ્રાવણમાસમાં પ્રૌઢ ગૃહસ્થો માટે પણ શિક્ષણવર્ગ ચાલે છે.

પૂજ્ય ગુરુદેવના ભક્તો દેશવિદેશમાં ઠેરઠેર વસેલા છે. તેમને ગુરુદેવના અધ્યાત્મ-ઉપદેશનો નિયમિત લાભ મળે તે માટે સં. ૨૦૦૦ના માગશર માસથી 'આત્મધર્મ' માસિકપત્રનું પ્રકાશન શરૂ થયું. ત્યાર પછી દોઢેક વર્ષ પછી હિન્દી 'આત્મધર્મ'નું પ્રકાશન શરૂ થયું. વચ્ચે થોડાં વર્ષો સુધી 'સદ્‌ગુરુ-પ્રવચનપ્રસાદ' નામનું દૈનિક પ્રવચનપત્ર પ્રકાશિત થતું હતું. તે ઉપરાંત સમયસાર, પ્રવચનસાર વગેરે મૂળ શાસ્ત્રો તથા પ્રવચન-ગ્રંથો ઇત્યાદિ અધ્યાત્મસાહિત્યનું વિપુલ પ્રમાણમાં—લાખોની સંખ્યામાં—પ્રકાશન થયું, હજારો પ્રવચનો ટેઇપ-રેકૉર્ડ કરવામાં આવ્યાં, જેનાથી પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મ-ઉપદેશ ઘરે ઘરે ગુંજતો થયો.

પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રતાપે સોનગઢ 'અધ્યાત્મ-તીર્થધામ' રૂપે પલટાઈ ગયું. સોનગઢનું શાંત અધ્યાત્મમય વાતાવરણ અને ભરચક ધાર્મિક કાર્યક્રમો જોઈને બહારથી આવેલા જિજ્ઞાસુઓ મુગ્ધ બની જતા. સોનગઢમાં ઉત્સવો, માત્ર રૂઢિગત શૈલીથી નહિ પણ તે તે ઉત્સવને અનુરૂપ ભાવભીના વાતાવરણમાં ખાસ અનેરી શૈલીથી ઉજવાતા. થોડા દિવસ અહીં રહેનાર જિજ્ઞાસુને પછી બીજે ઠેકાણે જવું ગમતું નહિ અને તેને એમ લાગતું કે—ખરેખર આત્માર્થીની અધ્યાત્મસાધનાને પોષક ને પ્રોત્સાહક શાન્ત ધાર્મિક વાતાવરણ ગુરુદેવના આ પવિત્ર ધામ જેવું અન્યત્ર ક્યાંય નથી.

સં. ૨૦૦૧ના વૈશાખ વદ છઠના રોજ દિગંબર જૈન સમાજના સુપ્રસિદ્ધ અગ્રિમ નેતા, ઇંદોરના શ્રી હુકમચંદજી શેઠ પૂજ્ય ગુરુદેવની આધ્યાત્મિક ખ્યાતિ સાંભળીને, ગુરુદેવનાં દર્શન તથા સત્સંગ માટે સોનગઢ આવ્યા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને અને ભક્તિ વગેરેનું અધ્યાત્મરસભીનું વાતાવરણ દેખીને ખૂબ જ પ્રભાવિત થયા. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે વિશિષ્ટ વાતો સાંભળીને તથા સમવસરણની રચના જોઈને તેમને ઘણી જ પ્રસન્નતા થઈ. શ્રી હુકમચંદજી શેઠ આવ્યા પછી સોનગઢ તરફ દિગંબર સમાજનો પ્રવાહ વિશેષ વધવા લાગ્યો.

ધીમે ધીમે સોનગઢ એક અધ્યાત્મવિદ્યાનું અનુપમ કેન્દ્ર—તીર્થધામ બની ગયું. બહારગામથી અનેક હજારો મુમુક્ષુ ભાઈબહેનો, દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, ત્યાગીઓ, બ્રહ્મચારીઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશનો લાભ લેવા આવતા થયા.

પૂજ્ય ગુરુદેવનો પાવન પ્રભાવનાઉદય વધતો ગયો, જિજ્ઞાસુઓની આવ વધતી ગઈ, ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાયમંદિર નાનું પડવા લાગ્યું. તેથી અઢી હજાર માણસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છૂટથી બેસી પ્રવચન સાંભળી શકે એવો વિશાળ, વચ્ચે થાંભલા વિનાનો, અનેક પૌરાણિક સુંદર ચિત્રો ને તત્ત્વબોધક સૈદ્ધાંતિક સુવાક્યોથી સુશોભિત 'શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ' બંધાયો. સં. ૨૦૦૩ ના ફાગણ સુદ એકમના રોજ તેનું ઉદ્ઘાટન કરતાં શ્રી હુકમચંદજી શેઠ આનંદવિભોર થઈને બોલ્યા કે 'મારા હૃદયમાં એવો ભાવ આવી જાય છે કે મારી બધી સંપત્તિ આ સદ્ધર્મની પ્રભાવના અર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે'.

ત્યાર પછી ફાગણ સુદ ત્રીજના દિવસે વીંછિયા ગામમાં, સોનગઢ પછી સર્વ પ્રથમ દિગંબર જિનમંદિરનું શ્રી હુકમચંદજી શેઠના શુભ હસ્તે શિલારોપણ થયું.

સં. ૨૦૦૩ ના ફાગણ વદ ત્રીજે સોનગઢમાં ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્પરિષદનું પં. શ્રી કૈલાશચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી(બનારસ)ના અધ્યક્ષપણામાં વાર્ષિક અધિવેશન થયું. આ અધિવેશનનો પ્રસંગ ઘણો જ પ્રભાવશાળી હતો. સોનગઢનું અધ્યાત્મમય વાતાવરણ દેખીને તથા પૂજ્ય ગુરુદેવ દ્વારા થઈ રહેલી દિગંબર જૈનધર્મની અધ્યાત્મ-તત્ત્વપ્રચારપ્રમુખ અભિવૃદ્ધિને જોઈને બધાય વિદ્વાનો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

પૂજ્ય ગુરુદેવનું સમગ્ર જીવન બ્રહ્મચર્યના અદ્ભુત તેજથી અતિશય દેદીપ્યમાન હતું. તેમને પ્રથમથી જ બ્રહ્મચર્યનો અસીમ પ્રેમ હતો. દીક્ષિતપણે તેમને માત્ર શાસ્ત્રસ્વાધ્યાય અને તત્ત્વચિંતનની જ ધૂન રહેતી. ચારિત્રનું પાલન ઘણું કડક હતું, સ્ત્રીઓ પ્રતિ ન કદી નજર કરતા કે ન તેમની સાથે વાર્તાલાપ કરતા. સંપ્રદાયમાં એક વાર ગુરુ દ્વારા કહેવામાં આવ્યું : 'કાનજી! આ બહેનને શાસ્ત્રની ગાથા સમજાવ.' પૂજ્ય ગુરુદેવે તેનો ઇનકાર કરતાં સવિનય કહ્યું કે—'મહારાજ! સ્ત્રીઓ સાથે પ્રસંગ પડે એવું કોઈ પણ કામ મને કદી ચીંધશો નહિ.' અહા! કેવો ફાટફાટ વૈરાગ્ય! બ્રહ્મચર્યનો કેવો અદ્ભુત રંગ! પૂજ્ય ગુરુદેવ, સ્ત્રીઓ પ્રત્યે અત્યંત ઉપેક્ષાવૃત્તિએ, માત્ર પુરુષોની સભા પ્રત્યે જ નજર જાય એવી રીતે, પ્રવચનમાં જરા ત્રાંસા પુરુષાભિમુખ બેસતા, સ્ત્રીઓને કદી પણ સંબોધતા નહિ તથા તેમની સાથે પ્રશ્નોત્તર કરતા નહિ. બે વખતનાં પ્રવચનો સિવાય, તત્ત્વચર્ચા વગેરે પુરુષોના કાર્યક્રમમાં સ્ત્રીઓને આવવાનો કડક પ્રતિબંધ હતો. પુરુષોના ધાર્મિક વર્ગોમાં પણ સ્ત્રીઓને બેસવાની ગુરુદેવ સખ્ત મનાઈ કરતા હતા. એકલી તો નહિ, પરંતુ એકથી વધારે સ્ત્રીઓ પણ, સાથે પુરુષની હાજરી વિના, દર્શન કરવા આવી શકતી નહિ. કોઈ સ્ત્રીઓ ભૂલથી પણ જો, બે પ્રવચનો તથા જિનેન્દ્રભક્તિ સિવાય, તત્ત્વચર્ચા વગેરે બીજા કાર્યક્રમમાં આવી જાય, તો પૂજ્ય ગુરુદેવ તાડુકી ઊઠતા અને તેમને સ્થાન છોડી જવાની ફરજ પાડતા.

સ્વાનુભવસમૃદ્ધ-શુદ્ધાત્મતત્ત્વવિજ્ઞાની એવા પૂજ્ય ગુરુદેવના બ્રહ્મચર્યની છાપ સમાજ ઉપર ખૂબ પડતી. તેઓશ્રીના બ્રહ્મચર્યમય આધ્યાત્મિક જીવનથી પ્રભાવિત થઈ નિજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હિત અર્થે કેટલાક કુમાર ભાઈઓએ, અનેક કુમારિકા બહેનોએ અને ઘણાં દંપતીઓએ આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી હતી.

સં. ૨૦૦૫ના કારતક સુદ ૧૩ના રોજ છ કુમારિકા બહેનોએ પૂજ્ય ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરી. ત્યાર પછીનાં વર્ષોમાં અનુક્રમે આવાં જ બીજાં ૧૪, ૮, ૯ અને ૧૧ કુમારિકા બહેનોએ એકસાથે, તથા છૂટાં છૂટાં બીજાં અનેક કુમારિકા બહેનોએ જુદા જુદા પ્રસંગે, પૂજ્ય ગુરુદેવ સમક્ષ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લીધી. અહા! ખરેખર આ ભૌતિક વિલાસપ્રચુર યુગમાં વીતરાગવિજ્ઞાનના અભ્યાસ માટે પ્રશમમૂર્તિ સ્વાત્મજ્ઞ પૂજ્ય બહેશ્રી ચંપાબેનના કલ્યાણકારી શરણમાં જીવનને વૈરાગ્યમાં ઢાળવાનો આ અનુપમ આદર્શ પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવનાયોગનું એક વિશિષ્ટ અંગ છે.

ગુરુદેવનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર ભારતમાં ઝડપથી ફેલાવા લાગ્યો. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર દિગંબર જિનમંદિરોની તૈયારી થવા લાગી. લોકોની જિજ્ઞાસા વધતી ગઈ અને વધુ ને વધુ જિજ્ઞાસુઓ સોનગઢ આવીને લાભ લેવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દિગંબર વીતરાગ જૈનધર્મના પ્રચારનું એક અદ્ભુત અમિટ આંદોલન પ્રસરી ગયું. જે મંગળ કાર્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે ગિરનાર પર વાદ પ્રસંગે કર્યું હતું તે પ્રકારનું દિગંબર જૈનધર્મની સનાતન સત્યતાની પ્રસિદ્ધિનું ગૌરવપૂર્ણ કાર્ય અહા! પૂજ્ય ગુરુદેવે શ્વેતાંબરબહુલ પ્રદેશમાં રહી, પોતાના સ્વાનુભવમુદ્રિત સમ્યક્ત્વપ્રધાન સદુપદેશ દ્વારા હજારો સ્થાનકવાસી-શ્વેતાંબરોમાં શ્રદ્ધાનું પરિવર્તન લાવીને, સહજપણે છતાં ચમત્કારિક રીતે કર્યું. સૌરાષ્ટ્રમાં નામશેષ થઈ ગયેલા દિગંબર જૈનધર્મના—પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગે ઠેર ઠેર થયેલાં દિગંબર મંદિરો, તેમની મંગલ પ્રતિષ્ઠાઓ તથા આધ્યાત્મિક પ્રવચનો દ્વારા થયેલા—પુનરુદ્ધારનો યુગ આચાર્યવર શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીના મંદિર-નિર્માણ યુગની યાદ આપે છે. અહા! કેવો અદ્ભુત આચાર્યતુલ્ય ઉત્તમ પ્રભાવનાયોગ!

પૂજ્ય ગુરુદેવે વિશાળ મુમુક્ષુ-સંઘ સહિત બબ્બે વાર કરેલી પૂર્વ, ઉત્તર ને દક્ષિણ ભારતનાં જૈન તીર્થોની યાત્રા તથા તે દરમ્યાન પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી વહેલાં સત્યતત્ત્વપ્રકાશક પ્રવચનો દ્વારા થયેલી અભૂતપૂર્વ પ્રભાવનાની તો વાત જ શી! ગામેગામ ભવ્ય સ્વાગત, ચોકે ને ચૌટે વધામણાં, હજારોની માનવમેદનીની ઠઠ, શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરતા અભિનંદન-સમારોહ; —જૈનજનતામાં ધર્મોત્સાહનું એવું મોજું ફરી વળતું કે જાણે તીર્થંકરભગવાનનું સમોસરણ આવ્યું હોય! ગુરુદેવની અધ્યાત્મતત્ત્વ સંબંધી ગર્જના સાંભળી વિરોધીઓ કંપી ઊઠતા, હજારો જિજ્ઞાસુઓનાં હૃદય પ્રભાવિત થઈને નાચી ઊઠતાં. અહા! તીર્થયાત્રા પ્રસંગે થયેલી ધર્મપ્રભાવનાનું આનંદોલ્લાસકારી ચિત્ર નજરે જોનાર મુમુક્ષુઓના સ્મરણપટમાં હજુ પણ અંકિત છે.

અહો! તે અભૂતપૂર્વ યાત્રાનું વર્ણન શું થાય! ગુરુદેવ જ્યાં જ્યાં પધારે ત્યાં એવાં ભવ્ય સ્વાગત થતાં કે ત્યાંની ઇતર જનતા પણ આશ્ચર્યમગ્ન થઈ જતી અને પ્રમોદમાં બોલી ઊઠતી કે–અહા! આ સંતપુરુષ કોણ છે? અમારી નગરીમાં આવું ભવ્ય અને વિશાળ સ્વાગત જોયું નથી. ઇંદોરમાં થયેલું અસાધારણ ભવ્ય સ્વાગત તો વિશિષ્ટરૂપે અવિસ્મરણીય છે. પૂજ્ય ગુરુદેવની મંગલ પધરામણીથી સર શ્રી હુકમચંદજી શેઠ તો અત્યંત આનંદિત થયા હતા અને અતિ આનંદવિભોર થઈને, હાથી તેમ જ તેમનો સોના-મખમલનો બધોય કિંમતી સાજ પૂજ્ય ગુરુદેવની સ્વાગતયાત્રાની વિશિષ્ટ શોભા અર્થે કાઢવાની માણસોને આજ્ઞા કરી હતી. ઇંદોરમાં ચાલેલાં પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો પણ કોઈ અદ્ભુત હતાં. પંડિતો, ત્યાગીઓ અને સમાજ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સં. ૨૦૧૩, ફાગણ સુદ સાતમના દિને પૂજ્ય ગુરુદેવે લગભગ બે હજાર ભક્તો સહિત શ્રી સમ્મેદશિખરની, જીવનમાં પહેલી વાર, યાત્રા કરી. (બીજી વાર સં. ૨૦૨૩ માં કરી). અહા! પહેલી ટૂંકે—શ્રી કુંથુનાથ ભગવાનની ટૂંકે—પૂજ્ય ગુરુદેવે સમ્મેદશિખર તીર્થનો, ત્યાંથી મોક્ષ પામેલા તીર્થંકરો તેમ જ સામાન્ય કેવળીઓનો, સમ્મેદશિખરની નિર્વાણધામ તરીકે શાશ્વતતાનો તથા તીર્થની યાત્રાનો, અધ્યાત્મસાધના સાથે સુસંગત જે અદ્ભુત મહિમા બતાવ્યો હતો તે મધુરા પ્રસંગનું સુસ્મરણ આજે પણ ભક્તોને આનંદિત કરે છે. મધુવનમાં પાંચેક હજાર શ્રોતાની સભામાં જે અદ્ભુત પ્રવચનધારા વહેતી તેનાથી વિદ્વાનો તથા ત્યાગીઓ પણ પ્રભાવિત થતા હતા. ઇંદોરના પંડિત શ્રી બંશીધરજી ન્યાયાચાર્યે ભાવભીનું ભાષણ કરીને હિંમતપૂર્વક ગદ્ગદભાવથી સમાજમાં સ્પષ્ટ કહ્યું કે—અનંત ચોવીશીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો હતો તે જ આ કાનજીસ્વામીની વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે.

સં. ૨૦૧૫ માં લગભગ સાતસો ભક્તો સાથે ગુરુદેવે દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા માટે મંગળ પ્રસ્થાન કર્યું. કુંદાદ્રિ, રત્નપ્રતિમાઓનું ધામ મૂડબિદ્રિ, વિશ્વવિખ્યાત બાહુબલિધામ-શ્રવણબેલગોલા, કુંદકુંદાચાર્યદેવની તપોભૂમિ પોન્નુર વગેરે દક્ષિણ ભારતનાં તથા મધ્ય ભારતનાં અનેક તીર્થધામોની ખૂબ આનંદપૂર્વક મંગળ યાત્રા કરી. પ્રવાસમાં વચ્ચે આવેલાં અનેક નાનાં-મોટાં નગરોમાં અધ્યાત્મવિદ્યાનો મેઘ વરસાવ્યો. ગામે ગામ ભવ્ય સ્વાગત ને અભિનંદન-સમારોહ થયાં. પૂજ્ય ગુરુદેવની દક્ષિણ ભારતમાં પધરામણીથી ત્યાંનો સમાજ ખૂબ આનંદિત થયો હતો અને ઉલ્લાસ વ્યક્ત કરતાં લોકો કહેતા હતા કે—જેમ શ્રી ભદ્રબાહુસ્વામી હજારો શિષ્યો સહિત ઉત્તર ભારતમાંથી પધાર્યા હતા તેમ અહા! શ્રી કાનજીસ્વામી હજારો ભક્તો સહિત, પશ્ચિમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભારતમાંથી દક્ષિણ ભારતમાં પધાર્યા અને ધર્મનો મહાન ઉદ્યોત કર્યો. ( વિ. સં. ૨૦૨૦ માં દક્ષિણ ભારતની બીજી વાર યાત્રા કરી હતી. )

અધ્યાત્મમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન પવિત્રાત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાગગનના ધર્મોદ્યોતકારી પ્રસંગતારલાઓ ગણ્યા ગણાય ને વીણ્યા વિણાય એમ નથી. એક ઘટના યાદ કરો ને બીજી ભૂલો—એવી અનેક અદ્‌ભુત શાસનપ્રભાવનાપૂર્ણ ઘટનાઓથી પૂજ્ય ગુરુદેવનું જીવન વિભૂષિત છે. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન સત્સમાગમ તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર છાયામાં અધ્યાત્મતત્ત્વાભ્યાસપૂર્વક જીવન જીવવા અર્થે ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરીને રહેલાં કુમારિકા બ્રહ્મચારિણી બહેનો માટે 'શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકાબ્રહ્મચર્યાશ્રમ' સ્થપાયો; આરસનિર્મિત ગગનચુંબી ભવ્ય માનસ્તંભ, શ્રી મહાવીર ભગવાનના વિશાળ ભવ્ય જિનબિંબયુક્ત તેમ જ સમયસાર વગેરે પરમાગમોની સુંદર કોતરણીથી અત્યંત સુશોભિત અનુપમ અને અદ્‌ભુત 'શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર' વગેરેનાં નિર્માણકાર્ય થયાં તથા તેમના પ્રતિષ્ઠામહોત્સવો ઉજવાયા; સૌરાષ્ટ્ર, ગુજરાત અને હિન્દીભાષી પ્રદેશોમાં અનેક શહેરો અને ગામો વિષે મુમુક્ષુમંડળો સ્થપાયાં, દિગંબર જિનમંદિરો તથા સમવસરણ વગેરે રચાયાં અને તેની ભવ્ય પ્રતિષ્ઠાઓ થઈ; તથા વિદેશ ( નાઈરોબી ) પ્રવાસ અને ત્યાં દિગંબર જિનમંદિરની ભવ્ય પ્રતિષ્ઠા તેમ જ અધ્યાત્મતત્ત્વોપદેશ દ્વારા સનાતન સત્ય જૈનધર્મનો પ્રચાર થયો. —એ રીતે પૂજ્ય ગુરુદેવના પાવન પ્રભાવના-ઉદયમાં વિવિધરંગી ધર્મોદ્યોત થયો. અહા! પૂજ્ય ગુરુદેવ દ્વારા થયેલા ધર્મપ્રભાવનાના તે પવિત્ર પ્રસંગોનાં સંસ્મરણો આજે પણ ભક્તોનાં તનને રોમાંચિત તથા મનને પ્રફુલ્લિત કરે છે! ખરેખર પૂજ્ય ગુરુદેવે આ યુગમાં એક પ્રભાવક આચાર્ય જેવું અદ્‌ભુત ને અનુપમ કાર્ય કર્યું છે!

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે સોનગઢનું જીવન જ જગતથી સાવ નિરાળું હતું. હંમેશાં પ્રાતઃ દેવ-ગુરુનાં દર્શન, જિનેન્દ્રપૂજા, બે વાર પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મ-રસઝરતાં પ્રવચનો, જિનેન્દ્રભક્તિ, ભગવાનની આરતી અને તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમ નિયમિત ચાલતો હતો; તે ઉપરાંત સત્સાહિત્યનાં—મૂળ શાસ્ત્રો તથા પ્રવચનગ્રંથોનાં—લાખો પુસ્તકો તથા 'આત્મધર્મ' પત્ર પ્રકાશિત થયાં. સોનગઢમાં તેમ જ સૌરાષ્ટ્ર-ગુજરાત તથા ભારતનાં અન્ય ગામોમાં અનેક પંચકલ્યાણકપુરઃસર જિનબિંબ-પ્રતિષ્ઠાઓ, વેદી-પ્રતિષ્ઠાઓ થઈ. તે માટે તથા તીર્થયાત્રાદિનિમિત્તે ભારતવર્ષમાં અનેક વાર ગુરુદેવના જિનશાસન-પ્રભાવકારી મંગળ વિહારો થયા; લાખો માણસોએ ગુરુદેવની અશ્રુતપૂર્વ અધ્યાત્મદેશના સાંભળી ને હજારો માણસોમાં ધર્મની રુચિ ઉત્પન્ન થઈ. આ રીતે વિધવિધ પ્રકારે કલ્પનાતીત વ્યાપક ધર્મોદ્યોત ગુરુદેવ દ્વારા થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ અસાધારણ ધર્મોદ્યોત સ્વયમેવ વિના પ્રયત્ને સાહજિક રીતે થયો છે. ગુરુદેવે ધર્મપ્રભાવના માટે કદી કોઈ યોજના વિચારી નહોતી. મંદિર બનાવવાની, પ્રતિષ્ઠાઓ કરાવવાની, પુસ્તકો છપાવવાની કે ધાર્મિક વર્ગો ચલાવવાની—એવી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિઓમાં તેઓ કદી પડતા નહિ. તે તેમની પ્રકૃતિમાં જ નહોતું. મુનિને કોઈ કર્મપ્રક્રમના પરિણામ ન હોય અર્થાત્ મુનિ કોઈ પ્રવૃત્તિનાં કામ માથે ન લે—એ પ્રવચનસારની વાતનું વિવરણ કરતાં, જાણે કે પોતાના હૃદયની વાત શાસ્ત્રમાંથી મળી આવી હોય તેમ, તેઓ બહુ ખીલી ઊઠતા. તેમનું સમગ્ર જીવન નિજકલ્યાણસાધનાને સમર્પિત હતું. જગત જગતનું જાણે, મારે મારું કરવું છે—એ એમનું હૃદય હતું. ‘आप मूए सब डूब गई दुनिया’ એમ કબીરે ગાયું છે પરંતુ ગુરુદેવને તો જીવતાં જ ‘मेरे लिये कोई है नहीं दुनिया’ એવી પરિણતિ જીવનમાં વણાઈ ગઈ હતી. અહા! કેવી આશ્ચર્યકારી નિસ્પૃહ દશા!

તેઓશ્રીએ જે સુધાઝરતી આત્માનુભૂતિ પ્રાપ્ત કરી હતી, જે કલ્યાણકારી તથ્યોને આત્મસાત્ કર્યાં હતાં, તેની અભિવ્યક્તિ ‘વાહ! આવી વસ્તુસ્થિતિ!’ એમ વિવિધપ્રકારે સહજભાવે ઉલ્લાસપૂર્વક તેમનાથી થઈ જતી, જેની ઊંડી આત્માર્થપ્રેરક અસર શ્રોતાઓના હૃદય પર પડતી. મુખ્યત્વે આવા પ્રકારે તેમના દ્વારા સહજપણે ધર્મોદ્યોત થઈ ગયો હતો.

પૂજ્ય ગુરુદેવના નિમિત્તે આવી પ્રબળ બાહ્ય પ્રભાવના થઈ હોવા છતાં તે સહજ-પણે થઈ ગઈ હતી. ગુરુદેવને બહારમાં જરા પણ રસ હતો નહિ. તેમનું જીવન તો આત્માભિમુખ હતું. તેમનો દૈનિક ક્રમ પ્રાયઃ નિજ જ્ઞાન, ધ્યાન ને શાસ્ત્રસ્વાધ્યાયમાં વ્યતીત થતો. દેવદર્શન, શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ અને તત્ત્વચર્ચા સિવાય અન્ય પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષાભાવ વર્તતો હતો. ન કદી કોઈની સાથે લવથવ કરતા, કે ન કદી પુસ્તકપ્રકાશન વગેરે બાહ્ય કાર્યોમાં રસ લેતા. ગુરુદેવની પરિણતિ એવી આત્મોન્મુખી અને વૈરાગ્યપરિણત હતી કે તેમને સરસ—નીરસ આહાર પ્રત્યે લક્ષ પણ જતું નહિ. હંમેશાં સાદો આહાર લેતા. જે આહાર આવે તેને ઉપેક્ષિત તેમ જ ઉદાસભાવે વાપરી લેતા. તેમનું જીવન કેવળ આત્માભિમુખ હતું. તેઓ જગતથી સાવ ઉદાસ ઉદાસ હતા. ગુરુદેવના પરમ પાવન આદર્શ જીવનથી, તેમની પવિત્ર અધ્યાત્મસાધનાથી, પ્રભાવિત થવાને લીધે જિજ્ઞાસુઓનાં ટોળે ટોળાં હજારોની સંખ્યામાં પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસઝરતી વાણી પ્રત્યે આકર્ષાયાં. હજારો ભક્તોનાં શ્રદ્ધાજીવન ને ભક્તિજીવન ગુરુદેવનાં પુનિત ચરણોમાં અર્પાયાં. અહા! ગુરુદેવના પ્રતાપે, રણમાં મીઠી વીરડીની જેમ, પંચમકાળના આ ભૌતિક વિલાસના વિષમય યુગમાં ચતુર્થ કાળનો અંશ—ધર્મકાળ પ્રવર્ત્યો. ખરેખર ગુરુદેવે આ કાળે અનેકાંતસુસંગત શુદ્ધાત્મવિદ્યાનો નવયુગ પ્રવર્તાવ્યો છે.

ખરેખર તો કૃપાળુ ગુરુદેવ આ બધાં કાર્યના ‘કર્તા’ હતા જ નહિ, તેઓશ્રી તો અંદર કેવળ તેના જ્ઞાતા જ હતા. તેમની દૃષ્ટિ અને જીવન આત્માભિમુખ હતાં. બહારનાં કાર્યો ‘અકર્તા’ભાવે-જ્ઞાતાભાવે સહજપણે થઈ ગયાં હતાં. સ્વાનુભૂતિસમન્વિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદજ્ઞાનધારામાંથી વહેતા શુદ્ધાત્મદૃષ્ટિજનક અધ્યાત્મોપદેશ દ્વારા આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો એ જ ખરેખર તેઓશ્રીનો આપણા ઉપર અસાધારણ મહાન મહાન મુખ્ય ઉપકાર છે. તેઓશ્રી વારંવાર કહેતા: આ અલ્પાયુષી મનુષ્યભવમાં નિજ કલ્યાણ સાધવું તથા તેના કારણભૂત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ જ પરમ કર્તવ્ય છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અપાર છે.

શ્રીમદ્‌રાજચંદ્રજીએ કહ્યું છે: 'અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.' અરેરે! આ ભવાંતકારી સમ્યગ્દર્શન—નિજ શુદ્ધાત્મદર્શન —વિના અનાદિ કાળથી અનંત અનંત જીવો સંસારપરિભ્રમણનાં દુઃખો વેઠી રહ્યા છે. જીવ ગમે તેટલા વ્રત-તપ વગેરે ક્રિયાકાંડ કરે કે શાસ્ત્રોનું જાણપણું કરે, પણ જ્યાં સુધી રાગ ને પરલક્ષી જ્ઞાનની દૃષ્ટિ તથા તેનો મહિમા ત્યજીને અંદર ત્રિકાળી આત્મસ્વભાવનો મહિમા સમજે નહિ, અંતર્મુખ દૃષ્ટિ કરે નહિ ત્યાં સુધી તેની ગતિ સંસાર તરફ છે. તેમાંથી જે કોઈ વિરલ જીવ સુગુરુગમે તત્ત્વ સમજીને અપૂર્વ પુરુષાર્થ-પૂર્વક પોતાની પરિણતિ અંતર્મુખ ફેરવી સમ્યગ્દર્શન—નિજ શુદ્ધાત્માનુભૂતિ—પ્રાપ્ત કરી લે તેણે જ ખરેખર, સંસારમાર્ગે ચાલતા ટોળામાંથી છૂટા પડી, મોક્ષના માર્ગ પર પોતાનું પ્રયાણ આદર્યું છે. ભલે તે ધીમી ગતિએ ચાલતો હોય, અસંયમદશા હોય, અંદર સાધનાનો—ઠરી જવાનો ઉગ્ર પુરુષાર્થ ન હોય, તોપણ તેની દિશા મોક્ષ તરફની છે, તેની જાતિ મોક્ષમાર્ગીની છે. સમ્યગ્દર્શનનું આવું અદ્‌ભુત માહાત્મ્ય કલ્યાણાર્થીના હૃદયમાં ઠસી જવું જોઈએ.

અહા! માત્ર સમ્યગ્દૃષ્ટિ તરીકેનું આટલું માહાત્મ્ય છે, તો પછી ભવસાગર તરી જવાનો અમોઘ ઉપાય બતાવનાર એવા પ્રત્યક્ષ-ઉપકારી સમ્યગ્દૃષ્ટિના માહાત્મ્યની તો શી વાત? એવા આપણા પરમ-ઉપકારી સમ્યગ્દૃષ્ટિ સાતિશય-માહાત્મ્યવંત કૃપાળુ કહાનગુરુદેવ પ્રત્યે તો આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ તો તે પણ ઓછું છે.

પૂજ્ય ગુરુદેવે 'ભગવાન આત્મા....ભગવાન આત્મા....જ્ઞાયક' એવો જ્ઞાયકદેવનો મીઠો રણકાર હંમેશાં જીવનપર્યંત ગજાવ્યો. ભૌતિક જગતની અંદર જ્યાં મોટો જનસમુદાય આત્માના અસ્તિત્વની બાબતમાં પણ શંકાશીલ છે, ત્યાં ગુરુદેવે યુક્તિ તેમ જ સ્વાનુભવના અત્યંત જોરપૂર્વક ભેરી બજાવી કે—એક જ્ઞાયક આત્મા જ હું છું, હું સર્વની ઉપર તરતો પરમ પદાર્થ છું. તેઓશ્રી મસ્તીથી ગાતા કે—'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય જિનેશ્વર'. તેમને આશ્ચર્ય થતું કે આ, અંદર દૃષ્ટિ સામે જ, પરમ નિધાન—સમૃદ્ધિભરપૂર જ્ઞાયકતત્ત્વ—પડ્યું છે તેને ઓળંગીને—તેને ટપી જઈને—જગત કેમ ચાલ્યું જાય છે? 'આ વસ્તુ ખરી',

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'આ વસ્તુ અહીં આ દેખાય' એમ દૃશ્ય વસ્તુને તે દેખે છે, પણ તેના દેખનારને તે કેમ દેખતું નથી?—કેમ ઓળંગી જાય છે?

સર્વ દૃશ્ય વસ્તુઓના દ્રષ્ટાની—પરમ નિધાનની—સ્વાનુભવયુક્ત પ્રતીતિ ગુરુગમથી થાય છે. અહા! એવી એ પવિત્ર ગુરુગમના દાતા આપણા પરમોપકારી ગુરુદેવ આપણા પરમ સૌભાગ્યે આપણને મળ્યા.

પૂજ્ય ગુરુદેવ ફરમાવતા કે વિશ્વનાં સર્વ દ્રવ્યો પૂરેપૂરાં સ્વતંત્ર છે. સૌ દ્રવ્યનાં ગુણ-પર્યાયો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જુદે જુદાં છે. આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યો સાથે કાંઈ સંબંધ નથી. આત્મા અન્ય પદાર્થોથી તદ્દન ભિન્ન રહીને પોતાના શુભ, અશુભ કે શુદ્ધ ભાવને પોતે જ કરે છે. અહીં સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થતો કે "(શ્રી પ્રવચનસાર-શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) શુભ કે અશુભમાં પ્રણમતાં 'શુભ કે અશુભ' આત્મા બને" એમ આપ કહો છો અને સાથે સાથે "આત્મા 'સદા શુદ્ધ' રહે છે, જે શુદ્ધતાનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે" એમ પણ આપ ફરમાવો છો; આ બન્ને વાતનો મેળ કઈ રીતે છે?

આ અત્યંત અત્યંત અગત્યની વાતનું સ્પષ્ટીકરણ ગુરુદેવ આ પ્રમાણે કરતાઃ—સ્ફટિકમણિ લાલ વસ્ત્રના સંયોગે લાલ થાય છે ત્યારે પણ તેની નિર્મળતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે નિર્મળ રહ્યો છે; તે લાલાશરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે લાલાશ સ્ફટિકની જ છે, વસ્ત્રની બિલકુલ નહિ; પરંતુ તે લાલાશ લાલરંગના ભૂકાની, હિંગળાની કે કંકુની લાલાશ જેવી નથી; લાલ દશા વખતે પણ સામર્થ્યરૂપ નિર્મળતા મોજૂદ છે. તેવી રીતે આત્મા કર્મના નિમિત્તે શુભભાવરૂપ કે અશુભભાવરૂપ થાય છે ત્યારે પણ તેની શુદ્ધતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ —શક્તિ-અપેક્ષાએ તે શુદ્ધ રહ્યો છે; તે શુભાશુભભાવરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે શુભાશુભપણું આત્માનું જ છે, કર્મનું બિલકુલ નહિ; પરંતુ શુભાશુભ દશા વખતે પણ સામર્થ્યરૂપ શુદ્ધતા મોજૂદ છે. જેવી રીતે સ્ફટિકમણિને લાલ થયેલો દેખીને બાળક રડવા માંડે કે 'અરેરે! મારો સ્ફટિકમણિ સર્વથા મેલો થઈ ગયો' પરંતુ ઝવેરી લાલાશ સમયે જ મોજૂદ રહેલી નિર્મળતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે; તેવી રીતે આત્માને શુભાશુભભાવરૂપે પરિણમતો દેખીને અજ્ઞાની તેને સર્વથા મેલો થઈ ગયેલો માનીને દુઃખી દુઃખી થઈ જાય છે પરંતુ જ્ઞાની શુભાશુભપણા સમયે જ મોજૂદ રહેલી શુદ્ધતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે.

સામર્થ્ય કહો, શક્તિ કહો, સામાન્ય કહો, જ્ઞાયક કહો, ધ્રુવત્વ કહો, દ્રવ્ય કહો કે પરમપારિણામિક ભાવ કહો —એ બધાં એકાર્થ છે એમ ગુરુદેવ ફરમાવતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા 'ભવિષ્યમાં' સર્વજ્ઞ થશે, સંપૂર્ણ સુખી થશે, નિર્વિકારી થશે એમ નહિ, પણ 'અત્યારે જ' તે સામર્થ્ય-અપેક્ષાએ સંપૂર્ણ વિજ્ઞાનઘન છે, અનંતાનંદનો પિંડ છે, નિર્વિકારી છે, જેનો જ્ઞાનીને સ્પષ્ટ સાનુભવ ખ્યાલ હોય છે. ગુરુદેવ ફરમાવતા કે—'तेरो सरूप न दुंदकी दोहीमें, तोहीमें है तोहि सूझत नांही'. તારું સ્વરૂપ રાગદ્વેષાદિ દ્વંદ્વની દુવિધામાં નથી, અત્યારે જ રાગદ્વેષ રહિત છે; તેની સૂઝથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. તેની સૂઝ વિના તું સંસારમાં પરિભ્રમણ કરે છે.

સામર્થ્યરૂપ (શક્તિરૂપ) શુદ્ધતાના—ધ્રુવત્વના ભાન વિના શુદ્ધ પરિણતિ થતી નથી. ધ્રુવત્વ અર્થાત્ અન્વયનો અર્થ માત્ર 'તે....તે....તે' એટલો જ નહિ, પરંતુ કેવળજ્ઞાનસામર્થ્યથી ભરપૂર, અનંતસુખસામર્થ્યથી ભરપૂર, અનંત-વીર્યાદિસામર્થ્યથી ભરપૂર એવું 'તે....તે....તે'—એવો અન્વય, એવું સામાન્ય, એવો પરમપારિણામિક ભાવ, એવો જ્ઞાયક. આવા શુદ્ધ જ્ઞાયકને ગુરુદેવ સતત અનુભવી રહ્યા હતા તેથી નિરંતર આંશિક શુદ્ધ પરિણતિ તેઓશ્રીને વર્તતી હતી. તેની સાથે વર્તતું પ્રયોજનભૂત વિષયોનું —દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, મોક્ષમાર્ગ ઇત્યાદિનું—જ્ઞાન પણ તેમને વિશદતાપૂર્વક સમ્યક્‌પણે પરિણમતું હતું જેથી શાસ્ત્રોના લુપ્તપ્રાય થઈ ગયેલા સાચા ભાવો તેમના દ્વારા ખૂલ્યા અને જગતમાં ખૂબ પ્રચલિત થયા.

તેઓશ્રી ફરમાવતા કે 'અહો જીવો! અશુભ તેમ જ શુભ બન્ને ભાવો બંધનાં કારણ છે, મોક્ષનાં નહિ.' 'તો મોક્ષનું કારણ કોણ?' 'શુદ્ધ ભાવ.' 'કષાય ઓછો કરીએ એટલો તો શુદ્ધ ભાવ ખરો ને?' દૃઢતાથી ઉત્તર મળતો કે 'એ તો શુભ ભાવ છે. નિરંતર શુદ્ધ એવા નિજ આત્મપદાર્થને શ્રદ્ધવો–જાણવો અને તેમાં લીન થવું તે શુદ્ધ ભાવ છે.' 'અશુદ્ધભાવ વખતે પણ શુદ્ધ? અશુદ્ધ ને શુદ્ધ સાથે કેમ હોઈ શકે?' 'હોઈ શકે. यद् विशेषेपि सामान्यं एकमात्रं प्रतीयते। અશુદ્ધ વિશેષો વખતે પણ સામાન્ય તો એકરૂપ—શુદ્ધરૂપ રહે છે.' શુભાશુભ પર્યાય વખતે પણ અંદર સ્વભાવમાં સામર્થ્યરૂપે પરિપૂર્ણ ભરચક શુદ્ધતા ભરી પડી છે તે વાત, શ્રી પંચાધ્યાયીના 'सन्त्यनेकेत्र दृष्टान्ता हेमपद्मजलाऽनलाः। आदर्शस्फटिकाश्मानौ बोधवारिधिसैंधवाः॥' —એ શ્લોકમાં કહેલ સુવર્ણ, કમળ, જળ, અગ્નિ, અરીસો, સ્ફટિકમણિ, જ્ઞાન, સમુદ્ર અને લવણનાં દૃષ્ટાન્તો દ્વારા ગુરુદેવ સમજાવતા. વિશેષ-અપેક્ષાએ થતી અશુદ્ધતા વખતે પણ સામાન્ય-અપેક્ષાએ રહેતી દ્રવ્યની શુદ્ધતા સમજાવતાં ગુરુદેવ કહેતા કે દ્રવ્ય-અપેક્ષાએ અત્યારે શુદ્ધતા વિદ્યમાન ન હોય તો કોઈ કાળે પર્યાય-શુદ્ધતા થાય જ નહિ. જ્યાં અજ્ઞાનીઓ વિશેષોને આસ્વાદે છે ત્યાં જ જ્ઞાનીઓ સામાન્યના આવિર્ભાવ-પૂર્વક સ્વાદ લે છે. આ જ સંક્ષેપમાં બંધમાર્ગ અને મોક્ષમાર્ગનું મૂળભૂત રહસ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવે ભારતવર્ષમાં સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિના મહિમાનો પાવન યુગ પ્રવર્તાવ્યો.

જેમ શ્રી પ્રવચનસારમાં આચાર્યભગવાને જગત સમક્ષ જાહેર કર્યું છે કે 'શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત—અમે જાતે અનુભવેલો—માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા', તેમ અધ્યાત્મવિદ્યા-યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવે પણ પોતે અનુભવ કરીને અત્યંત દૃઢતાપૂર્વક સિંહનાદ કર્યો કે 'અનુભવ કરીને કહીએ છીએ કે સ્વાનુભૂતિનો માર્ગ જ મોક્ષનો ઉપાય છે, તમે નિર્ભયપણે આ માર્ગે ચાલ્યા આવો.'

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય? તે બાબતમાં ગુરુદેવ ફરમાવતા હતા કે—સ્વાનુભૂતિ થતાં, અનાકુળ-આહ્લાદમય, એક, આખાય વિશ્વની ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ—પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્‌પણે દેખાતો—શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની—ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ નિર્ણય કરવાનું ગુરુદેવ ભારપૂર્વક કહેતા. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો—દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો—ગુરુદેવે ભારતવ્યાપી પ્રચાર કર્યો. તીર્થંકરદેવોએ કહેલાં આવાં અનેક સત્યો તો ગુરુદેવ દ્વારા વિધવિધ માધ્યમથી પ્રકાશિત થયાં જ; સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર—મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામાન્ય અર્થાત્ પરમ પારિણામિક-ભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય—જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે—તેને બહાર લાવીને પૂજ્ય ગુરુદેવે અથાગ ઉપકાર કર્યો છે.

જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરતો નથી, પરંતુ વિકારકાળે પણ સ્વભાવ-અપેક્ષાએ નિર્વિકાર રહે છે, અપૂર્ણ દશા વખતે પણ પરિપૂર્ણ રહે છે, સદાશુદ્ધ છે, કૃતકૃત્ય ભગવાન છે. જેમ રંગિત દશા વખતે સ્ફટિકમણિના વિદ્યમાન નિર્મળ સ્વભાવનું ભાન થઈ શકે છે, તેમ વિકારી, અધૂરી દશા વખતે પણ જીવના વિદ્યમાન નિર્વિકારી, પરિપૂર્ણ સ્વભાવનું ભાન થઈ શકે છે. આવા શુદ્ધસ્વભાવના અનુભવ વિના મોક્ષમાર્ગનો પ્રારંભ પણ થતો નથી, મુનિપણું પણ નરકાદિનાં દુઃખોના ડરથી કે બીજા કોઈ હેતુએ પળાય છે. 'હું કૃતકૃત્ય છું, પરિપૂર્ણ છું, સહજાનંદ છું, મારે કાંઈ જોઈતું નથી' એવી પરમ ઉપેક્ષારૂપ, સહજ ઉદાસીનતારૂપ, સ્વાભાવિક તટસ્થતારૂપ મુનિપણું દ્રવ્યસ્વભાવના અનુભવ વિના કદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવતું નથી. આવા શુદ્ધદ્રવ્યસ્વભાવના—જ્ઞાયકસ્વભાવના નિર્ણયના પુરુષાર્થ પ્રત્યે, તેની લગની પ્રત્યે આત્માર્થીઓને વાળી, ભવભ્રમણથી મૂંઝાયેલા મુમુક્ષુઓ પર ગુરુદેવે અકથ્ય ઉપકાર કર્યો છે.

જેમ પૂજ્ય ગુરુદેવનો તાત્ત્વિક ઉપદેશ આપણને સત્ય માર્ગે વાળે છે તેમ તેમના ધ્યેયનિષ્ઠ જીવનનો પ્રત્યક્ષ પરિચય, તેઓશ્રીનો સત્સંગ આપણી સમક્ષ આત્માર્થીજીવનનો આદર્શ રજૂ કરી આપણામાં પુરુષાર્થ પ્રેરતો હતો. 'આ મોંઘા મનુષ્યભવમાં ભવભ્રમણના અંતનો જ ઉપાય કરવો' એ એક જ ધ્યેયને ગુરુદેવ પ્રથમથી વરેલા હતા. એ ધ્યેયને તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. એ માટે જ અભ્યાસ, એનું જ મંથન, એનો જ પ્રયત્ન, એ જ ઉપદેશ, એ જ વાત, એ જ ચર્ચા, એ જ ધૂન, એનાં જ સ્વપ્ન, એના જ ભણકાર,—તેમનું આખુંય જીવન તે અર્થે જ હતું. ગત ઘણાં વર્ષો દરમ્યાન જગતમાં વિવિધ આંદોલનો આવ્યાં ને ગયાં, ઘણા રાજકીય, સામાજિક, ધાર્મિક ઝંઝાવાતો થયા, પરંતુ મેરુ સમાન અડગ ગુરુદેવના ધ્યેયનિષ્ઠ જીવનને તેઓ લેશમાત્ર સ્પર્શી શકયા નહિ. 'આ એક ભવના સુખાભાસ માટેના કલ્પિત વ્યર્થ પ્રયત્નથી શો લાભ? મારે તો એક ભવમાં અનંતા ભવો ટાળવા છે' એવા ભાવપૂર્વક, ફરીને જન્મ ન થાય તેના ઉપાયની ધૂનમાં તેઓ નિજ અંતર્મુખ જીવનમાં અત્યંત લીન રહ્યા. ભવ-અંતના ઉપાય સિવાય બીજુ બધું તેમને અત્યંત તુચ્છ લાગતું હતું.

પૂજ્ય ગુરુદેવનું અંતર સદા 'જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયક, ધ્રુવ....ધ્રુવ....ધ્રુવ, શુદ્ધ....શુદ્ધ....શુદ્ધ, પરમપારિણામિકભાવ' એમ ત્રિકાળિક જ્ઞાયકના આલંબનભાવે નિરંતર—જાગૃતિમાં કે નિદ્રામાં—પરિણમી રહ્યું હતું. શ્રી સમયસાર, નિયમસાર વગેરેનાં પ્રવચનો કરતાં કે ચર્ચાવાર્તા દરમ્યાન તેઓ જ્ઞાયકના સ્વરૂપનું અને તેના મહિમાનું મધુરું સંગીત ગાયા જ કરતા હતા. અહો! એ સ્વતંત્રતાના ને જ્ઞાયકના ઉપાસક ગુરુદેવ! તેમણે મોક્ષાર્થીઓને સાચો મુક્તિનો રાહ બતાવ્યો!

જ્ઞાયક તણી વાર્તા કરે, જ્ઞાયક તણી દૃષ્ટિ ધરે,
નિજદેહ-અણુઅણુમાં અહો! જ્ઞાતૃત્વરસ ભાવે ભરે;
જ્ઞાયકમહીં તન્મય બની જ્ઞાતૃત્વને ફેલાવતો,
કાયા અને વાણી-હૃદય જ્ઞાતૃત્વમાં રેલાવતો.

—આવા જ્ઞાયકોપાસક હતા આપણા ગુરુદેવ.

તેઓશ્રી દ્રવ્ય-અપેક્ષાએ 'સિદ્ધસમાન સદા પદ મેરો' એમ અનુભવતા હતા તોપણ પર્યાય-અપેક્ષાએ 'અમે કયારે સિદ્ધપણું પ્રગટ કરીએ!' એમ ભાવના પણ ભાવતા હતા. સિદ્ધપણાની તો શું, પણ સંયમની ભાવનારૂપે પણ તેઓ પરિણમતા હતા. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ જયાં છાયા જી, ચરણકરણગુણધાર મહામુનિ

મધુકર મન લોભાયા જી' એમ અનેક વાર ભાવવિભોર લલકારથી તથા 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?....' એમ હૃદયના ઊંડાણથી દૈનિક પ્રવચનોમાં તેમ જ શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠામાં દીક્ષાકલ્યાણકના પ્રાસંગિક પ્રવચનમાં વિવિધ પ્રકારે સંયમની ભાવના ભાવતા ગુરુદેવની પાવન મૂર્તિ ભક્તોની નજર સમક્ષ તરે છે.

'સિદ્ધસમાન પોતાને પૂર્ણ શુદ્ધ દેખે-માને છતાં સંયમની ભાવના ભાવે?' હા. શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ શુદ્ધ પોતાને દેખતા—માનતા હોવા છતાં વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થવાની જ્ઞાનીને ભાવના અવશ્ય હોય છે. ગુરુદેવ આવી શાસ્ત્રોક્ત યથાર્થ સંધિબદ્ધ સમ્યક્ પરિણતિએ પરિણમી રહ્યા હતા. ખરેખર તો શુદ્ધસ્વરૂપના દ્રષ્ટા સમ્યગ્દૃષ્ટિ જીવને જ સાચી સંયમની ભાવના હોય છે, કારણ કે તે સંયમપરિણતિનું સાચું સ્વરૂપ જાણે છે. મિથ્યાદૃષ્ટિને સાચી સંયમની ભાવના હોતી જ નથી, કારણ કે તેને સાચા સંયમની ખબર નથી.

'બહેનશ્રીનાં વચનામૃત'ના ૩૮૦ મા બોલમાં કહ્યું છે કેઃ—'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.' જેમ પૂજ્ય ગુરુદેવ શક્તિ-અપેક્ષાનો આ બોલ વારંવાર ઉલ્લાસપૂર્વક યાદ કરતા હતા, તેમ વ્યક્તિ-અપેક્ષાનો સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની ભાવનાનો ૪૦૧ મો બોલ પણ અનેક વાર ઉલ્લસિતભાવે યાદ કરી પ્રસન્નતાથી કહેતાઃ—જુઓ! બેન કેવી ભાવના ભાવે છે? 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?.... અમે હવે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

આવું, અનેકાન્તસુસંગત યથાર્થ સંધિવાળું પૂજ્ય ગુરુદેવનું જીવન આપણને સાચો માર્ગ ચીંધી રહ્યું છે. તે પવિત્ર જીવન આપણને કોઈ પણ શુભ ભાવોમાં નહિ સંતોષાઈ જતાં ધ્રુવ તત્ત્વના આલંબનના પુરુષાર્થની પ્રબળ પ્રેરણા આપી રહ્યું છે; વળી 'હું ધ્રુવ છું' એવી દૃઢતાની સાથે સાથે 'અમે અમારા મૂળ વતનમાં જવા તલસીએ છીએ' એવી ભીનાશ પણ રહેવી જોઈએ, નહિ તો 'ધ્રુવ તત્ત્વ'ની સમજણના પ્રકારમાં જ કાંઈક ભૂલ છે એમ ચેતવી, દીવાદાંડીરૂપ રહી, આપણી જીવનનૌકાને ખરાબાવાળા માર્ગેથી બચાવી લઈ, આપણને સાચા માર્ગે દોરે છે. શ્રી સદ્‌ગુરુદેવની સ્તુતિમાં આપણે ગાઈએ છીએ ને—

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—અહા! આ રીતે પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવનું સ્વાનુભવવિભૂષિત પવિત્ર જીવન તથા અધ્યાત્મોપદેશ આપણને અત્યંત ઉપકારક થઈ રહ્યાં છે.

વસ્તુતઃ પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાનતાનો એક અદ્‌ભુત યુગ પ્રવર્તાવ્યો છે. 'मेरो धनी नहि दूर दिसंतर, मोहीमें है मोहि सूझत नीकै' એવો જોરદાર સિંહનાદ કરી ગુરુદેવે સર્વજ્ઞ-વીતરાગપ્રણીત સ્વાનુભૂતિપ્રધાન જિનશાસનની ઝંખાયેલી જ્યોતમાં નવું તેજ પૂરી આત્માર્થી જીવો પર ખરેખરે મહાન અનહદ ઉપકાર કર્યો છે.

આવા ચમત્કારપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનભક્તિનો નવયુગ સર્જનાર એવા મહાન મહાન ઉપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જીવનની છેલ્લી પળ સુધી પોતાના સ્વાનુભવસમૃદ્ધ જ્ઞાનભંડારમાંથી ભક્તોને ખૂબ ખૂબ આપ્યું. ભારતના સુપાત્ર જીવોને ન્યાલ કરી દીધા. ૯૧ વર્ષની ઉંમર સુધી અવિરતપણે વીતરાગવિજ્ઞાનની લહાણ કરી. છેવટે ભક્તોનાં ભાગ્ય ખૂટયાં. વિ. સં. ૨૦૩૭, કારતક વદ સાતમ, શુક્રવાર (તા. ૨૮-૧૧-૧૯૮૦)ના દિવસે કૃપાળુ ગુરુદેવે ભક્તોને નોધારા મૂકીને અંતર જ્ઞાયકની સાધનાયુક્ત સમાધિપરિણામમાં સ્વર્ગ પ્રતિ મહાપ્રયાણ કર્યું.

અહો! કૃપાળુ ગુરુદેવના ઉપકારભરપૂર મહિમાનું વર્ણન તો શું થાય!

શ્રીમદ્‌જીએ ગુરુમહિમા વર્ણવતાં કહ્યું છે કે—

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવનો અપાર ઉપકારમહિમા, તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ ધન્યાવતાર આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિવિધ પ્રસંગે બોલાયેલા શબ્દોમાં કહીને પૂજ્ય ગુરુદેવનું 'સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન' પૂરું કરું છું:—

"પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો."

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈનધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડયો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો."

"ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢયું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂકયું છે. આપણે કયાંય સત્ય ગોતવા જવું પડયું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું, જ્ઞાયક છું'—ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે....."

"....(શ્રી કહાનગુરુદેવે) પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા છે તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો!"

—આ છે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખથી ભિન્ન ભિન્ન પ્રસંગે પ્રવહેલો, આધ્યાત્મિક યુગપુરુષ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉપકારગરિમાયુક્ત લોકોત્તર મહિમા. આવા સાતિશય મહિમાવંત મહાપુરુષના પાવન યોગથી ભારતવર્ષનું આધ્યાત્મિક ક્ષેત્ર ઊજળું બન્યું છે. શુદ્ધાત્મદૃષ્ટિનું સુધાપાન કરાવનાર આ તરતા પુરુષના સત્સમાગમનો લાભ લેનાર મહાન ભાગ્યશાળી બન્યા છે.

પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવનાં ચરણોમાં—તેમની માંગલિક પવિત્રતાને, પુરુષાર્થ-પ્રેરક ધ્યેયનિષ્ઠ જીવનને, સ્વાનુભૂતિમૂલક સન્માર્ગદર્શક ઉપદેશોને અને અનેકાનેક ઉપકારોને દૃષ્ટિ સમક્ષ રાખીને—અત્યંત ભક્તિપૂર્વક ભાવભીનાં વંદન હો. તેઓશ્રીએ પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો અને આપણને સત્પુરુષાર્થની પ્રેરણાનું અમૃત નિરંતર પાયા કરો.

સોનગઢ
સં. ૨૦૩૮, શ્રાવણ વદ બીજ

—બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

—❀—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.

✻

મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી,
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

✻

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.
(મોક્ષપ્રાભૃત)

*

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે.
(દર્શનપ્રાભૃત)

*

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધયા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો.
(મોક્ષપ્રાભૃત)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-અનુક્રમણિકા


| પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ | પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧–૩ | ૧–૮ | ૨૪ | ૭૬–૭૮ | ૨૦૩–૨૧૦ |
| ૨ | ૪–૬ | ૯–૧૯ | ૨૫ | ૭૮–૭૯ | ૨૧૧–૨૧૮ |
| ૩ | ૭–૧૨ | ૨૦–૩૦ | ૨૬ | ૭૯–૮૧ | ૨૧૯–૨૨૭ |
| ૪ | ૧૨–૧૪ | ૩૧–૩૯ | ૨૭ | ૮૨–૮૩ | ૨૨૮–૨૩૫ |
| ૫ | ૧૫–૧૮ | ૪૦–૪૯ | ૨૮ | ૮૪–૮૫ | ૨૩૬–૨૪૪ |
| ૬ | ૧૯–૨૧ | ૫૦–૬૨ | ૨૯ | ૮૬–૮૮ | ૨૪૫–૨૫૧ |
| ૭ | ૨૨–૨૬ | ૬૩–૭૧ | ૩૦ | ૮૯–૯૦ | ૨૫૨–૨૫૯ |
| ૮ | ૨૭–૩૦ | ૭૨–૭૮ | ૩૧ | ૯૧–૯૨ | ૨૬૦–૨૬૬ |
| ૯ | ૩૧–૩૩ | ૭૯–૮૬ | ૩૨ | ૯૩–૯૪ | ૨૬૭–૨૭૩ |
| ૧૦ | ૩૪–૩૬ | ૮૭–૯૪ | ૩૩ | ૯૫–૯૭ | ૨૭૪–૨૮૦ |
| ૧૧ | ૩૬–૩૮ | ૯૫–૧૦૧ | ૩૪ | ૯૮–૧૦૦ | ૨૮૧–૨૮૮ |
| ૧૨ | ૩૯–૪૦ | ૧૦૨–૧૦૯ | ૩૫ | ૧૦૧–૧૦૩ | ૨૮૯–૨૯૫ |
| ૧૩ | ૪૧–૪૪ | ૧૦૯–૧૧૮ | ૩૬ | ૧૦૪–૧૦૫ | ૨૯૬–૩૦૩ |
| ૧૪ | ૪૫–૪૭ | ૧૧૯–૧૨૭ | ૩૭ | ૧૦૫–૧૦૬ | ૩૦૪–૩૧૦ |
| ૧૫ | ૪૮–૫૧ | ૧૨૮–૧૩૬ | ૩૮ | ૧૦૭–૧૦૯ | ૩૧૧–૩૧૮ |
| ૧૬ | ૫૧–૫૩ | ૧૩૭–૧૪૪ | ૩૯ | ૧૦૯–૧૧૧ | ૩૧૯–૩૨૬ |
| ૧૭ | ૫૪–૫૮ | ૧૪૫–૧૫૨ | ૪૦ | ૧૧૨–૧૧૩ | ૩૨૭–૩૩૪ |
| ૧૮ | ૫૯–૬૧ | ૧૫૩–૧૬૧ | ૪૧ | ૧૧૪–૧૧૬ | ૩૩૫–૩૪૧ |
| ૧૯ | ૬૨–૬૪ | ૧૬૨–૧૬૮ | ૪૨ | ૧૧૭–૧૧૯ | ૩૪૨–૩૫૧ |
| ૨૦ | ૬૪–૬૬ | ૧૬૯–૧૭૬ | ૪૩ | ૧૨૦–૧૨૧ | ૩૫૨–૩૫૯ |
| ૨૧ | ૬૭–૭૦ | ૧૭૭–૧૮૪ | ૪૪ | ૧૨૧–૧૨૩ | ૩૬૦–૩૬૯ |
| ૨૨ | ૭૧–૭૪ | ૧૮૫–૧૯૪ | ૪૫ | ૧૨૪–૧૨૫ | ૩૭૦–૩૭૬ |
| ૨૩ | ૭૫–૭૬ | ૧૯૫–૨૦૨ | | | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

परमात्मने नमः ।

श्री

# વચનામૃત-પ્રવચન

( ભાગ પહેલો )

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત

ઉપર

પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

*

## પ્રવચન-૧

### વચનામૃત—૧

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.

'હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ.'

અહીં, પહેલેથી શરૂઆત કરીએ છીએ. સાદી ભાષા ને મર્મ ઘણો. આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વચનામૃત-પુસ્તક ઘણાને પ્રિય થઈ પડયું છે. વેદાંતવાળા વાંચે છે એનેય પ્રિય થઈ પડયું છે. તેનેય એમ લાગે—'માળું આ શું!' સાદી ભાષા, ને વાત અસ્તિની છે.

પહેલો શબ્દ 'હે જીવ!' ત્યાંથી ઉપાડયું છે. સમયસારની બીજી ગાથામાં પણ 'जीवो चरित्त-दंसण-णाणट्ठिउ' અને સમયસારના પરિશિષ્ટમાં—૪૭ શક્તિઓમાં—પહેલી જીવત્વશક્તિ, એમ 'જીવ'થી શરૂઆત કરી છે. હે જીવ! તું જીવત્વશક્તિથી જીવનારો પ્રભુ છો; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય વગેરે અનંત શક્તિઓનો પુંજ ભગવાન આત્મા છો. તને કયાંય ન ગમતું હોય—પરમાં, રાગમાં, એક સમયની પર્યાયમાં, કારણ કે પર્યાયમાં પ્રગટ આનંદ નથી—તો તારો ઉપયોગ પલટાવી નાખ, અને આત્મામાં ગમાડ.

તારી વર્તમાન પર્યાય-અવસ્થા જે રાગ અને શુભ-અશુભના-પુણ્યપાપના વિકલ્પોમાં રોકાયેલી છે ત્યાં તને નહિ ગોઠે, કેમ કે ત્યાં રાગ ને દુઃખ છે. ત્યાંથી તારો ઉપયોગ પલટાવ. વર્તમાન દશામાં જે રાગ છે તે તો થઈ જ ગયો છે, તેને કેમ પલટાવવો? ત્યાર પછીની દશાને-ઉપયોગને અંતરમાં વાળ, એમ તેનો અર્થ છે. તને કયાંય બહારમાં સંતોષ લાગતો ન હોય, આકુળતા લાગતી હોય, તો તારી દશાના વ્યાપારને—તારા ઉપયોગને ગુલાંટ મારીને અંદર સ્વભાવમાં વાળ. જીવ શુદ્ધચૈતન્ય ને આનંદસ્વરૂપ પ્રભુ છે; ત્યાં ઉપયોગને ઢાળ-વાળ, અને આત્મામાં ગમાડ.

**'આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે.'**

—કેમ કે ત્યાં આનંદ છે, અને રાગમાં દુઃખ છે. તેથી ઉપયોગને પલટાવીને અંદર આત્મામાં ગમાડ. ત્યાં તને ગમશે. ગમાડ તો ગમશે; આત્મામાં ગમે એવું છે. અહાહા! બહુ સાદી ભાષા! બેન બોલેલાં એ બ્રહ્મ દીકરિયુંએ લખી લીધું, ને હિંમતભાઈએ તે ભેગું કર્યું.

તારી પર તરફ વળેલી વર્તમાન દશા 'છે', નથી એમ નહિ. ત્યાંથી ગુલાંટ માર; કેમ કે પર્યાય છે એ તો પલટશે જ, ધ્રુવ હોય તે પલટે નહિ. તેથી પર તરફ—રાગ તરફ—જે ઉપયોગ છે તેને આ બાજુ—આત્મા તરફ વાળ. અહા! કથન બહુ ટૂંકું. વ્યવહારથી થાય ને વ્યવહારથી ન થાય એ બધો વિવાદ ઊડી ગયો. આત્મામાં ગમે એવું છે, કેમ કે આત્મામાં આનંદ ભર્યો છે; તને ગમશે; ગમાડ તો ગમશે.

અહીં બે વાત લીધી: (૧) કયાંય ન ગમતું હોય તો (૨) તારો ઉપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પલટાવી નાખ. ઉપયોગ પલટાવ એ પુરુષાર્થથી કહ્યું. કેમ પલટાય? કર્મ ખસે તો પલટાય એમ નહિ. તું પોતે જ ઉપયોગને પરમાં—રાગમાં—જોડે છે એ તારો જ અપરાધ છે; તે ઉપયોગને તું જ તારા પુરુષાર્થથી આમાં—આત્મામાં—જોડી દે, પલટાવી દે. ત્યાં આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું-ગોઠે એવું છે, બીજે ક્યાંય—રાગમાં કે વ્યવહાર-રત્નત્રયમાં—ગોઠે એવું નથી. વસ્તુસ્વરૂપ આવું છે.

અહા! શું આ શાસ્ત્ર છે! ઘણી સાદી ભાષા છે. એનો પ્રચાર કરવો; લોકોને સોંઘું દેવું; લોકો વાંચે. અહાહા! બેનની અંદરની દશાની તો શી વાત કરવી! બેનને તો ઘણે ઠેકાણે અભિનંદન-પત્ર અપાયાં છે—રાજકોટ, મુંબઈ, ભાવનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, બોટાદ, કુંડલા, ઉમરાળા, જામનગર, મદ્રાસ વગેરે ઘણે ઠેકાણે. બેનનું આ શાસ્ત્ર બહાર આવ્યું ને!—એકલો સિદ્ધાન્તનો મર્મ! સમજે તેને સમજવામાં સહેલું છે.

આત્મામાં આનંદ ભર્યો છે. આનંદવાળો છે એમ નહિ—પોતે આનંદસ્વરૂપ જ છે. ત્યાં તને જરૂર ગમશે જ. આ માંગળિક છે, શરૂઆત છે.

**'જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.'**

આત્મામાં આનંદ છે, ત્યાં જરૂર ગમશે, એમ પહેલાં અસ્તિથી કહ્યું; અને એ સિવાય બીજે ક્યાંય—પરના રાગમાં કે દયા-દાન આદિના ભાવમાં—ગમે એવું નથી, એમ નાસ્તિથી કહ્યું. એક કોર રામ ને એક કોર ગામ;—એક કોર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ને એક કોર રાગ, પર્યાય વગેરે આખું જગત. આત્મા છે ને? વસ્તુ છે ને? તે મોજૂદ ચીજ આનંદથી ભરેલી છે. અહા! મોટા માંધાતા હોય તોય સાંભળીને ઠરી જાય; એને એમ થાય કે આ વાત કાંઈક સાચી છે; આ બધું—વ્યવહારથી થાય, નિમિત્તથી થાય—માનીએ છીએ તેના કરતાં આ વાત કોઈ જુદી જ છે.

આ પુસ્તકમાં બધો સાર—ઘણું આવી ગયું છે.

**'માટે તું આત્મામાં ગમાડ.'**

એક આત્મામાં જ ગમે એવું છે કેમ કે ત્યાં આનંદ ભર્યો છે. બીજે ક્યાંય ગમે તેવું નથી, માટે ત્યાંથી ખસી જા અને આત્મામાં ગમાડ.

એક બોલ થયો.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨

અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય ?' 'હું આત્માને કઈ રીતે જાણું ?'—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.

'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'

શું કહ્યું ? અંતરના ઊંડાણથી—ઉપરટપકે કે એકદમ કલ્પના કરીને એમ નહિ—ધ્રુવ તરફ ઢળવા માટે, ઊંડાણમાંથી પોતાનું હિત સાધવા માટે,—બહારના કોઈ પ્રકારથી 'હિત સાધવું' થઈ શકતું નથી—જે આત્મા અંદરથી જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી,—કોકને દેખાડવા-બતાવવા માટે નહિ—તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.

પરનું—દુનિયાનું—હિત કોઈ કાંઈ કરી શકતું નથી. અંદર ભગવાન આત્માને સાધવાની—આત્મહિત પ્રાપ્ત કરવાની—ખરેખરી લગની જેને લાગી છે તેને, આત્માની તે સાચી લગની જ તેનો માર્ગ કરી દેશે. બીજા કોઈ વિકલ્પો કે કોઈ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તો સાધન થાય, દેવ-ગુરુની કૃપા થઈ જાય તો મળી જાય—એમ વસ્તુસ્વરૂપમાં છે નહિ. તારી અંદરની સાચી લગની જ તને તારો માર્ગ કરી દેશે.

'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'

અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયક છે ને ? એના તરફ જેને વિશ્વાસમાંથી લગની લાગી છે તેને અંદરમાં માર્ગ મળ્યા વિના રહેશે નહિ.

'આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.'

વ્યવહારના વિકલ્પો નહિ, નિમિત્તો નહિ, તેનું બહુમાન ને મહિમા નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આત્માની જ લગની લાગવી જોઈએ; જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક શુદ્ધ, એની પાછળ લાગવું જોઈએ. એની સમીપમાં જવું જોઈએ. અહા! ભાષા બહુ ટૂંકી. આત્મા એકલો જ્ઞાયક ધ્રુવ પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે, એની પાછળ—એની સમીપમાં, એની સન્મુખ—લાગવું જોઈએ. રળવાની કેવી લગની લાગે છે? સ્વપ્નાં પણ એનાં આવે! એનો છેડો છોડવો ન જોઈએ. અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ અસ્તિપણે છે, મોજૂદ ચીજ છે, એની પાછળ એટલે કે સમીપ જવું જોઈએ; બહારથી હઠવું જોઈએ.

**'આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ.'**

ભગવાન આત્માને ધ્યેયરૂપ રાખીને, ધ્રુવધામને ધ્યેય બનાવીને, દિવસ ને રાત નિરંતર પુરુષાર્થ કરવો જોઈએ. આકરી છે વસ્તુ! ધ્રુવ જ્ઞાયકધામની ધૂન લાગવી જોઈએ; એને માટે ઘેલો થઈ જવો જોઈએ; એની પાછળ સતત પ્રયત્ન કરવો જોઈએ. અહા! એકલા માખણના ટુકડા છે! સમજાણું કાંઈ?

**'મારું હિત કેમ થાય?' 'હું આત્માને કઈ રીતે જાણું?'—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.**

મારું હિત કઈ રીતે થાય? પરનું હિત તો આત્મા કરી શકતો નથી. પર તો જ્યાં હશે ત્યાં રહેશે, પરમાં તારી ચિંતા નિરર્થક જશે. શરીર, વાણી, કર્મ કે પર જે ક્ષેત્રે, જે સ્થિતિએ, જેમ છે તેમ રહેશે; તારી ચિંતાથી, જે જ્યાં છે ત્યાંથી ફેરફાર થશે એમ નથી. તેને કરવા–ફેરવવાની તારી ચિંતા વ્યર્થ જશે. મારું હિત શી રીતે થાય? હું આત્માને કઈ વિધિએ જાણું? એમ અંદરની તાલાવેલી વધારીને પ્રયત્ન કરે તો માર્ગ જરૂર મળે.

અહા! સમયસારની છઠ્ઠી ગાથામાં—એ શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?—આમ શિષ્યનો અંદરની ધગશથી પ્રશ્ન છે. શિષ્યે બીજી કોઈ વાત પૂછી નથી. છ દ્રવ્ય, તેના ગુણો ને પર્યાયો, દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે કાંઈ નહિ, પણ શુદ્ધ આત્મા એ છે કોણ, કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? આવી ધગશવાળા શિષ્યને શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવ ઉત્તર આપે છે. સાધારણ વેઠ તરીકે સાંભળવા આવે; કાંઈક ને કાંઈક સાંભળવું;–એની અહીં વાત નથી. શિષ્ય જિજ્ઞાસાથી સાંભળવા આવ્યો છે; નજીકમાં આવીને નમ્રતાથી પૂછે છે; તેને ઉત્તર દેવામાં આવ્યો છે.

સમયસારની એક–એક ગાથા ગજબની વાત છે બાપુ! એમાંથી આ માખણ પાછું બેનનું! અહીં એમ કહ્યું: મારું હિત કેમ થાય? એવો પ્રશ્ન છે, ને ત્યાં છઠ્ઠી ગાથામાં એનો ઉત્તર છે. અહા! એ તે શુદ્ધસ્વરૂપ છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ? આવી, શુદ્ધના સ્વરૂપને સમજવાની જિજ્ઞાસા ને ધગશ થઈ છે, ગુરુ કહે છે કે, એના માટે અમારો ઉત્તર છે. વિકલ્પ ઊઠયો છે એને આ રીતે, અને અહીં વિકલ્પ પણ તે રીતે ઊઠયો છે. એને માટે ઉત્તર કહ્યો છે કે જ્ઞાયક છે તે શુદ્ધ છે. મારું હિત શું છે? શુદ્ધને સાધવું તે હિત છે; બાકી બધી વાતો છે.

વિશેષ કહેતાંય ન આવડે, દુનિયાને સમજાવતાંય ન આવડે, તેથી કાંઈ વસ્તુ વહી જતી નથી. ફક્ત મારો નાથ શુદ્ધ છે, તેનું શું સ્વરૂપ છે? બસ, તે અમારે જાણવું છે. અમારો પ્રભુ અંદર શુદ્ધ—જે આપ શુદ્ધ આત્માની વ્યાખ્યા કરો છો એ એકત્વવિભક્ત—કોણ છે પ્રભુ! કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અહીં કહે છે—મારું હિત કેમ થાય? હું આત્માને કઈ રીતે જાણું? અહા! થોડામાં બહુ ભર્યું છે.

લોકોની 'વચનામૃત' ઉપર પ્રવચનોની માગણી હતી, પણ થયું કે સૌના હાથમાં પુસ્તક હોય તો વધારે ઠીક પડે. હવે તો પુસ્તકો ઘણાં છપાઈ ગયાં. ઓલી ચોપડી આવી છે ને?—અધ્યાત્મ-પીયૂષ. પાંચ હજાર છપાઈ છે. આ વચનામૃત-પુસ્તક-માંથી થોડુંક તારવીને છપાવી છે. નામ 'અધ્યાત્મ-પીયૂષ' રાખ્યું છે; અધ્યાત્મપીયૂષ એટલે અધ્યાત્મ અમૃત.

અહીં બસ, એક જ વાત છે: હું આત્માને—મારું સ્વરૂપ છે તેને—કઈ રીતે જાણું? શાસ્ત્રો આવડે કે ન આવડે, બોલતાં આવડે કે ન આવડે, સમજાવતાં આવડે કે ન આવડે—એનું મારે કાંઈ નહિ; ફક્ત હું આત્માને કઈ રીતે જાણું? સમજવામાં પણ એવું લક્ષ રહે કે કાંઈક પકડાય તો દુનિયા પાસે આપણે મૂકીએ, આપણી વાત ઠીક લાગે તો લોકો રાજી થાય,—એ હેતુ નહિ. એ વાત કહી છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં? અહીં તો કહે છે: હું આત્માને—મારો નાથ શુદ્ધ સ્વરૂપ છે તેને—કઈ રીતે જાણું? એની વિધિ શી છે?

સમયસારની ૭૩ મી ગાથાના મથાળામાં શિષ્યનો પ્રશ્ન છે: આસ્રવથી નિવૃત્ત થવાની વિધિ શી છે? પુણ્ય-પાપના ભાવથી—આસ્રવોથી—લાભ થાય તે તો પ્રશ્ન છે જ નહિ, પણ એથી નિવર્તવાની વિધિ પૂછી છે. આસ્રવો કરવાથી લાભ થાય ને તે કરવાની વિધિ શી છે?—એ પ્રશ્ન તો એને ઊડી ગયો છે. અત્યારે તો મોટા વાંધા એમાં થઈ ગયા છે. એ આસ્રવોથી નિવર્તવાની વિધિ શી છે? એમ પૂછયું ત્યારે કહ્યું કે: સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા જેવો જોયો તેવો વિકલ્પથી નિર્ણય કર. પછી વિકલ્પને છોડી દે.

સર્વજ્ઞ ભગવાને આત્મા—જે અસંખ્યપ્રદેશી છે તે—જોયો એવો બીજા કોઈએ જોયો નથી. આત્માના અસંખ્યપ્રદેશીપણાની વાત સર્વજ્ઞ ભગવાન સિવાય બીજે કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઠેકાણે—ક્યાંય આવતી નથી. તેથી સર્વજ્ઞ ભગવાને જોયો છે એવો આત્મા પામવાની—આસ્રવથી નિવર્તવાની—વિધિ શી છે? તો કહ્યું : પહેલાં વિકલ્પથી નિર્ણય કર, બીજાઓ કહે છે એનાથી જુદું પાડવા માટે. આત્મા અસંખ્યપ્રદેશી દ્રવ્ય છે, તેના સર્વ પ્રદેશે અનંત ગુણો છે, એની અનંત પર્યાય છે—એવી વાત બીજે ક્યાંય નથી.

પોતાના હિતને માટે પ્રથમ વિકલ્પથી નિર્ણય કરવા માંડયો કે—હું એક છું, શુદ્ધ છું, મમત્વહીન છું અને જ્ઞાનદર્શનપૂર્ણ છું વગેરે. નિર્ણય થતાં વિકલ્પ તોડીને તે અંદર પેસશે. અહા! આ ઉપદેશની શૈલી બીજી જાતની છે! પાંચ ઇંદ્રિયો વગેરે બધું બહારનું બંધ કરીને, અંતરથી નિર્ણય કરે છે કે—હું શુદ્ધ છું, અખંડ છું, અનાદિ-અનંત છું, કર્તા-કર્મ-કરણ વગેરે કારકોના ભેદથી રહિત ત્રિકાળ અનુભૂતિ-સ્વરૂપ છું. ત્યાં અનુભૂતિ ત્રિકાળી છે, પર્યાયની વાત નથી. અહા! ગજબ કામ કર્યું છે ને! સંતોએ તો જગતને ન્યાલ કરી દીધું છે! આત્મા આમ હથેળીમાં બતાવ્યો છે: જો આ, જો આ; તારી નજર તો કર. તારી નજરું પરમાં છે તેને પલટાવ ભાઈ!

હું આત્માને કઈ રીતે જાણું? એમ અંદરથી લગની લગાડીને—ભલે છે તો વિકલ્પ—પ્રયત્ન કર. જરૂર માર્ગ હાથ આવશે.

પ્રશ્ન:—વિકલ્પથી સાધ્ય થાય?

ઉત્તર:—વિકલ્પ છે પણ છતાંય એમ કરીને છોડે છે અંદર. એ વિકલ્પ તૂટીને જરૂર હાથ આવશે. લગની લાગે કે 'આ, આ, આ'—એટલો ભેદ છે ને? લગની આત્મામાં લગાવું એટલો પણ હજી ભેદ-વિકલ્પ છે. એને છોડીને અંદર માર્ગ જરૂર હાથ આવે. તને જરૂર માર્ગ હાથ આવશે.

બીજો બોલ પૂરો થયો.

—o—

## વચનામૃત—૩

**જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. ૩.**

'જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.'

—એટલે? રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યનું જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું, એને હવે ફરીને નવું ભેદજ્ઞાન કરવું રહેતું નથી; જ્ઞાનની પરિણતિ—રાગથી ભિન્ન ધારા—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજ વર્તે છે. અહા! ધર્મીની દશા! જ્ઞાનીની પરિણતિ! પરિણતિ એટલે એની પર્યાય. વસ્તુના સ્વરૂપને વળગીને દશા થઈ છે, રાગથી છૂટીને, તેથી સમકિતીની પરિણતિ-પર્યાય સહજ હોય છે. એને રાગથી જુદા પાડવો પડતો નથી, સહજ પડી ગયો છે; પ્રયત્ન સ્વભાવ-સન્મુખ થયા જ કરે છે.

**'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.'**

પ્રયત્નનું જોર—પુરુષાર્થનું જોર—સ્વભાવસન્મુખ રહ્યા જ કરે છે. ઘડીએ ઘડીએ યાદ કરીને તેમને ગોખવું નથી પડતું કે આ રાગ તે હું નહિ, આ વિભાવ તે હું નહિ. રાગ અને ભગવાન આત્મા બંને ભિન્ન પડયા તે જુદા જ રહે; વીજળી પડીને પર્વતના બે ટુકડા થયા તે રેણ દીધે એક ન થાય. જ્ઞાનીને એવું સહજ થઈ ગયું હોય છે—એવી સ્વાભાવિક દશા જ હોય છે.

જ્ઞાનીને જાણવું ને આનંદની દશા, અસ્થિરતાનો રાગ હોવા છતાં, વર્ત્યા જ કરે છે; એને ભેદ કરવો પડતો નથી. સ્વભાવ-સન્મુખ થયો છે અને રાગથી વિમુખ થયો છે તેને આ બાજુનો—સ્વભાવ તરફનો—પ્રયત્ન ચાલુ જ છે, કરવો પડતો નથી; ભેદજ્ઞાનને યાદ કરીને ગોખવું પડતું નથી. એને અહીં વાસ્તવિક ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

તા. ૬—૯—૭૭

(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડયું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડયાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૨

તા. ૭–૬–૭૮

## વચનામૃત—૪

**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

વચનામૃતનો ચોથો બોલ છે. ત્રણ બોલ કાલે ચાલ્યા. આજે ચોથો બોલ છે.

**'જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે.'**

શું કહ્યું? આ આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ છે, તેનું જ્ઞાન, ને રાગનો અભાવ એવો જે વૈરાગ્ય—એ બંને એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. એમ અસ્તિ ને નાસ્તિથી સમજાવ્યું છે. અસ્તિ એટલે પૂર્ણ શુદ્ધ ચૈતન્યવસ્તુની સ્વસન્મુખ વર્તવારૂપ જ્ઞાન, અને નાસ્તિ એટલે પરનો—રાગાદિનો—અભાવ એવો જે વૈરાગ્ય; તે એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. સ્વભાવની—જ્ઞાનની—અસ્તિ છે ત્યાં રાગની નાસ્તિ છે—એમ પુષ્ટિ આપે છે.

'જ્ઞાન' એટલે ચૈતન્યસ્વરૂપ આત્માનું-પૂર્ણાનંદનું જ્ઞાન, અને 'વૈરાગ્ય' એટલે શુભ-અશુભ ભાવમાં જે રક્તપણું છે તેનાથી વિરક્ત થવું તે. બહારથી સ્ત્રી, કુટુંબ, પરિવાર ને દુકાન છોડવી તે વૈરાગ્ય નથી. વીતરાગમાર્ગમાં વૈરાગ્યની વ્યાખ્યા એવી નથી. અહા! વાતે વાતે ફેર છે.

સમયસારના પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છે ને!—

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—આ આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બંને કર્મને અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

ધર્મીને જ્ઞાન ને વૈરાગ્ય બંને એકસાથે હોય છે—સ્વરૂપનું જ્ઞાન અને રાગનો અભાવ એકસાથે જ હોય છે.

સમયસારના નિર્જરા-અધિકારમાં આવે છે ને!...કે "સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે, 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (-ટકે છે) અને પરથી—રાગના યોગથી—સર્વ પ્રકારે વિરમે છે. (આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)"

જ્ઞાન અને વૈરાગ્ય હંમેશાં એકસાથે હોય છે.

અષ્ટપાહુડમાં—શીલ અધિકારમાં—કહ્યું છે : નરકમાં પણ શીલ છે. શીલ એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ. આત્માના ભાન વિના ગમે તેટલો રાગ મોળો પાડે અને બહારમાં બધું છોડે, છતાં તેને શીલ કહેવાતું નથી. તે તો સ્વરૂપથી ભ્રષ્ટ છે.

શીલ એટલે સ્વભાવની દૃષ્ટિ અને રાગથી વૈરાગ્ય. તે ભાવ નારકીની અંદર પણ હોય છે. શીલના પ્રતાપે ત્યાંથી નીકળી તીર્થંકર થાય છે. જુઓને! શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે, ચોરાશી હજાર વર્ષની સ્થિતિમાં છે. તેમને જ્ઞાન ને વૈરાગ્ય બેય છે. તેના પ્રતાપે ત્યાંથી નીકળી તીર્થંકર થવાના છે. આ તો દૃષ્ટાંત છે, પણ સિદ્ધાન્ત એ છે કે નરકમાં પણ શીલ હોય છે.

નગ્ન દિગંબર મુનિ થયો હોય; હજારો રાણીઓનો ત્યાગ, પંચ મહાવ્રત ને શુક્લ લેશ્યા હોય; છતાં પણ તે, આત્મસ્વરૂપનું જ્ઞાન-અનુભવ નહિ હોવાથી, અનંત સંસારમાં રખડે છે; કેમ કે મિથ્યાત્વ તે જ સંસાર છે, ને સમકિત તે જ મોક્ષ છે. કળશમાં આવે છે ને? 'स हि मुक्त एव।' અહા! જેના ઉપર વજન આપવું જોઈએ તેના ઉપર વજન નહિ, અને બહારમાં વજન આપીને અનંત કાળથી રખડી મરે છે, દુઃખી છે. ચોરાશીના અવતારમાં ક્યાંય સુખ નથી, સુખ માત્ર એક પોતાના આત્મામાં જ છે.

અત્યારે તો એવી પ્રરૂપણા ચાલે છે કે : શુભ-ઉપયોગથી ધર્મ થાય; શુભ-ઉપયોગ કરતાં કરતાં શુદ્ધ થવાય તે અનેકાંત છે, શુભથી શુદ્ધ ન થાય તે એકાંત છે. ભાઈ! એમ છે જ નહિ. અહીં કહે છે કે—શુદ્ધસ્વરૂપ વસ્તુ છે તેનો ઉપયોગ તે શુદ્ધ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ; પર તરફના વલણનો ભાવ તે અશુદ્ધ-ઉપયોગ—તે શુભ હો કે અશુભ હો પણ તે બંને છે અશુદ્ધ ઉપયોગ. પરદ્રવ્યના આશ્રયે થતો ઉપયોગ અશુદ્ધ છે ને સ્વદ્રવ્યના આશ્રયે થતો ઉપયોગ શુદ્ધ છે. શુદ્ધ ભાવથી ધર્મ થાય અને અશુદ્ધ ભાવથી—શુભાશુભ ભાવથી—ધર્મ ન જ થાય એ જ સાચો અનેકાંત છે.

ત્રિકાળી નિજ શુદ્ધ સ્વભાવનું સાચું ભાન તે જ્ઞાન, અને તે કાળે રાગનો અભાવ તે વૈરાગ્ય. તે બંને એકબીજાને મદદ આપનારાં, ટેકો આપનારાં, પ્રોત્સાહન આપનારાં છે.

પ્રશ્ન:—મદદની તો આપ ના પાડો છો ને?

ઉત્તર:—મદદ કોની? અંદર એક ગુણ બીજા ગુણને મદદ આપે એમ કહ્યું છે તે નિમિત્તનું કથન છે. પર મદદ કરે, એની અહીં વાત નથી. અંદર આત્માનું સાચું જ્ઞાન હોય ત્યાં પુણ્ય-પાપ ભાવથી વિરક્તસ્વરૂપ સાચો વૈરાગ્ય હોય જ, અને સાચો વૈરાગ્ય હોય ત્યાં સાચું જ્ઞાન હોય જ.

**'જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.'**

શુદ્ધચૈતન્ય અકષાયસ્વરૂપ—સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ—નિજ આત્મસ્વભાવના જ્ઞાન વગરનો વૈરાગ્ય તે સાચો વૈરાગ્ય નથી; કેમ કે જ્યાં શુદ્ધચૈતન્ય મહાપ્રભુ એવા સર્વોત્કૃષ્ટ નિજ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન નથી ત્યાં વૈરાગ્ય હોતો નથી, ત્યાં પર તરફના રાગનો અભાવ હોતો નથી. તેથી કહે છે કે જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી.

સ્ત્રી છોડે, કુટુંબ છોડે, નાત છોડે, ધંધો છોડે, અશુભ ભાવ છોડે પણ વસ્તુસ્થિતિના ભાન વિના, અસ્તિ-મોજૂદગી-સ્વરૂપ જે પૂર્ણ ચીજ છે તે પૂર્ણ સ્વભાવના જ્ઞાન વિના, વૈરાગ્ય—રાગનો અભાવ—એને સાચો હોતો નથી. ખરેખર એ વૈરાગ્ય નથી પણ રુંધાયેલો—રોકેલો, દાબેલો—કષાય છે; કેમ કે તે મિથ્યાત્વ સહિત છે ને? અજ્ઞાનીને કષાયની મંદતા દેખાય, જાણે રાગ ઘટ્યો છે એમ લાગે, પણ ચૈતન્યના—પૂર્ણ સ્વરૂપના—સમ્યક્ જ્ઞાન વિના તેને રાગ—કષાય ઘટ્યો નથી, રુંધાયેલો—રોકાયેલો છે; તે અકષાય પરિણામ નથી.

જેમ અગ્નિના નિમિત્તે પાણીમાં કે દૂધમાં ઊભરો આવે, પણ તે ઊભરો પોલે છે; ઊંચું વધ્યું તેમાં ખરેખર કાંઈ વધ્યું નથી; તેમ આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના સાચા ભાન વિનાનો વૈરાગ્ય તે પોલો વૈરાગ્ય છે, રુંધાયેલો-દબાયેલો કષાય છે.

અરે! મિથ્યાત્વને લઈને પાછો તીવ્ર કષાય થશે. ત્રિકાળી અકષાયસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્યના જ્ઞાન વિના, સમ્યક્ અનુભવ વિના, રાગની મંદતાનો ભાવ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રુંધાયેલો રાગ છે, ખરેખર મંદ થયો નથી; કેમ કે જ્યાં સ્વરૂપની જ દૃષ્ટિ નથી, ત્રિકાળી વૈરાગ્યમૂર્તિ સર્વોત્કૃષ્ટ પ્રભુ એવા નિજ આત્માનું જ્યાં સાચું જ્ઞાન નથી, ત્યાં રાગનો અભાવ છે જ નહિ, ત્યાં રાગને રોકે છે—દબાવે છે એટલે પાછો રાગ ફાટશે, શુભ પલટીને પાછો અશુભ થશે. અહા! આકરું કામ છે.

જ્ઞાન ને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ એવું જે નિજ આત્માનું સર્વોત્કૃષ્ટ ચૈતન્યમય પરમાત્મસ્વરૂપ, તેના ભાન વિનાની કષાયની મંદતાને 'અશુભ ગયો માટે શુભ છે' એમ કહેવામાં આવતું નથી; કેમ કે ખરેખર તેને જરીયે કષાય ગયો નથી. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન સમ્યક્ થયા પછી શુભ હોય ત્યાં, તેનાથી અશુભ ગયો છે એમ વ્યવહારે કહેવાય. પરંતુ આને તો, ચૈતન્યસ્વરૂપ—જીવનું એકલું વીતરાગી સ્વરૂપ—જ દૃષ્ટિમાં આવ્યું નથી તેથી તેને જે રાગની મંદતા છે, શુભ છે તેમાં અશુભ ગયો છે એમ કહેવામાં આવતું નથી.

અહા! આવી વાતો છે. પ્રભુ આત્મા તો અકષાયસ્વરૂપ છે, વીતરાગ શાંતરસથી ભરેલો, ઉપશમરસનો કંદ છે; તેનું જેને જ્ઞાન નથી—વીતરાગ અકષાય-સ્વભાવનું જ્ઞાન નથી—તેની રાગની મંદતાને 'અશુભ ગયો છે' એમ કહેવાતું નથી. એણે રાગને રુંધ્યો છે—દબાવ્યો છે. વ્યવહારના પક્ષવાળાને આકરું લાગે. તેઓ શુભ-ઉપયોગને જ ધર્મ માને છે. અસંયમનું ગાળવું વગેરે શુભભાવ સાધન છે એમ તેઓ કહે છે. બાપુ! અસંયમનું ગાળવું વસ્તુસ્વરૂપની દૃષ્ટિ ને અનુભવ વિના સાચું હોતું નથી. વસ્તુસ્વરૂપની દૃષ્ટિ ને અનુભવવાળા ક્ષાયિક સમકિતી પણ, સ્વરૂપની સ્થિરતાનો વિશેષ પુરુષાર્થ ન હોય તો, અસંયમમાં રહે છતાં તે મોક્ષમાર્ગમાં છે; પરંતુ જેને અકષાયસ્વરૂપ—શાંત શાંત રસથી ભરેલા—ભગવાન આત્માનું જ્ઞાન નથી, તેના સ્વભાવની મોજૂદગીનું-હયાતીનું જ્ઞાન થઈને સાચી પ્રતીતિ થઈ નથી, તેની કષાયની મંદતાને રુંધાયેલો કષાય—રોકાયેલો કષાય કહેવાય છે; જરીયે કષાય ઘટ્યો છે એમ કહેવામાં આવતું નથી.

**'પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.'**

પૂર્ણ 'અસ્તિ' સ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રભુના—અનંતી અનંતી પરમાત્મપર્યાયની શક્તિનો પિંડ એવી નિજ આત્મવસ્તુના—જ્ઞાન વિના જીવ કષાયને ઓળખી શકતો નથી. દયા-દાન, વ્રત-ભક્તિ આદિના ભાવો તે રાગ-અંશ, કષાય-અંશ છે; એમ તે, ચૈતન્યસ્વરૂપના જ્ઞાન વિના કષાયને ઓળખી શકતો નથી; પણ કષાયને જ પોતાનું સ્વરૂપ માનીને ત્યાં અટકી ગયો છે.

રાગ તીવ્ર હો કે મંદ હો—તીવ્ર રાગ અશુભ કષાય છે એ તો ઠીક, પણ અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ-ગુણીના ભેદનો સૂક્ષ્મ વિકલ્પ ઊઠે એ પણ કષાય છે—અકષાયી આત્માના જ્ઞાન વિના જીવ કષાયને ઓળખી શકતો નથી.

આત્મા તો અકષાય ઉપશમસ્વરૂપ છે; જિનસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. કહ્યું છે ને!—

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन ।
मति-मदिराके पानसौं, मतवाला समुझै न ।।

—એવા જિનસ્વરૂપી, અકષાયસ્વરૂપી, વીતરાગસ્વરૂપી—જેમાં કષાયનો અંશ નથી ને વીતરાગતાની પરિપૂર્ણતાથી ભરેલો છે એવા—નિજ આત્મપદાર્થના જ્ઞાન વિના કષાયને જીવ ઓળખી નહિ શકે અને રાગની મંદતાને પણ આત્મામાં ખતવી નાખશે.

**'જ્ઞાન પોતે માર્ગને' ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.'**

આત્મવસ્તુ જ સર્વોત્કૃષ્ટ છે, અનંત શક્તિનો સાગર છે—એવું જે જ્ઞાન તે પોતે જ માર્ગને ઓળખે છે, તેને પરની અપેક્ષા કે મદદની જરૂર નથી.

પ્રશ્ન:—જ્ઞાનને વૈરાગ્યની જરૂર ખરી?

ઉત્તર:—હોય છે જ; જરૂર નહિ, હોય જ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં વૈરાગ્ય હોય જ છે.

મોક્ષમાર્ગ શુદ્ધચૈતન્યનાં જ્ઞાન ને આનંદસ્વરૂપ શુદ્ધ પર્યાય છે; તેને જ્ઞાન પોતે બરાબર ઓળખે છે. જે ત્રિકાળી વસ્તુ છે તેને જાણનાર જ્ઞાન તે પર્યાય છે, તે જ્ઞાનપર્યાય-નિર્મળપર્યાય મોક્ષમાર્ગને જાણે છે અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી.

નાળિયેરમાં જેમ ગોળો, કાચલી આખી રહેવા છતાં, અંદર છૂટો પડયો છે તેમ સમકિતીને, ચારિત્ર પ્રગટયું નથી છતાં, અંદર ચૈતન્ય-ગોળો પ્રતીતિમાં રાગની કાચલીથી છૂટો-જુદો જ રહે છે.

અહીં કહે છે કે વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી; તીર્થંકરદેવની ભક્તિમાં પણ નહિ. શક્રેન્દ્ર અને તેની સ્ત્રી શચી-બંને એકાવતારી છે. તે અષ્ટાહ્નિકામાં નંદીશ્વરદ્વીપ જઈને ત્યાંનાં બાવન શાશ્વત જિનાલયોમાં સ્થિત શાશ્વત જિનપ્રતિમાઓ સન્મુખ ઘૂઘરા બાંધીને ભક્તિ કરે છે-નાચે છે; છતાં તે ક્રિયા અને તે તરફનો જે રાગ તેનાથી તે ભિન્ન છે. ભિન્ન કરવું પડતું નથી, પણ અંદર પરિણમન જ ભિન્ન પડી ગયું છે.

પૂર્ણ શુદ્ધ સ્વરૂપના જ્ઞાનથી વર્તમાન મોક્ષમાર્ગ જાણ્યો તેને રાગના અભાવ-સ્વરૂપ વૈરાગ્ય તો સદાય વર્તે છે, કે જે, જ્ઞાનને બધાથી નિસ્પૃહ રાખીને પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોજમાં ટકાવી રાખે છે, ક્યાંય ફસાવા દેતો નથી. અહા! આવી વસ્તુ છે!

**'જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે.'**

વસ્તુ તરીકે આત્મા તો પૂર્ણ પ્રભુ છે-એવું જ્યાં જ્ઞાન થઈ ગયું, ભલે તે આઠ વર્ષની બાલિકા હો, ત્યાં એ જ્ઞાન સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ હોય છે. રાગ ધર્મી જીવનું જીવન જ નથી; તેનું જ્ઞાન સહિત જીવન નિયમથી-નિશ્ચયથી વૈરાગ્યમય જ હોય છે.

અહા! આત્મા પૂર્ણાનંદનો નાથ છે; એ પૂર્ણાનંદના નાથનું પર્યાયમાં જ્ઞાન થયું કે વસ્તુ તે વસ્તુ છે; એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવી વસ્તુનું જે જ્ઞાન ને શ્રદ્ધા પર્યાયમાં થઈ તે જ્ઞાન-શ્રદ્ધા સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ-વૈરાગ્યમય જ હોય છે. અહા! આ (વચનામૃતના બોલ) તો એકલા અમૃતના ટુકડા છે! જ્ઞાન સહિતનું જીવન વૈરાગ્યમય જ હોય છે, કેમ કે જ્ઞાનાનંદનું—પરમાનંદસ્વરૂપનું—જે જ્ઞાન થયું તે જ્ઞાનપરિણમન રાગના અભાવસ્વરૂપ જ હોય છે. તેથી તે જ્ઞાન વૈરાગ્યમય જ હોય છે. અહા! આવી વાત છે!

—o—

## વચનામૃત-૫

**અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે. ૫.**

**'અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે.'**

આ આત્મા પોતે પ્રભુ—શુદ્ધ ચૈતન્યવસ્તુ—હોવા છતાં તેને અનાદિથી પર્યાયમાં સંસારની અસ્તિ છે, સંસાર નથી એમ નથી. આ અશરણ સંસારમાં સંયોગ થયો તેનો વિયોગ થાય; જન્મ—દેહનો સંયોગ—થયો તેને મરણ—દેહનો વિયોગ—થશે જ. ખરેખર આત્મા કાંઈ જન્મતો નથી, પણ અજ્ઞાનને લીધે અનાદિથી પર્યાયમાં જન્મ ને મરણની કતાર લાગી છે. અનાદિ ભૂતકાળમાં કોઈ એક સમય પણ ભવ વિનાનો ગયો નથી. જેમ કન્યા પહેલાં પિયરમાં રહે છે તેમ, શાસ્ત્રમાં કહ્યું છે કે, જીવ અનંત કાળ નિગોદમાં રહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.'**

અહો! આ અશરણ સંસારમાં જન્મ ને મરણનું ચક્ર અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે;—જ્યાં સુધી આત્માની સિદ્ધિ નહિ કરે ત્યાં સુધી. અહા! આત્મા પોતે તો જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ વિનાની ચીજ છે. તેનું શરણ નહિ લે તો આત્માની સિદ્ધિ સધાશે નહિ. ભગવાન નિજ આત્માની સિદ્ધિ સાધશે નહિ ત્યાં સુધી આ અશરણ સંસારમાં જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. એક શ્વાસપ્રમાણ કાળમાં નિગોદના અઢાર ભવ! તેને, તેને યોગ્ય મંદ-તીવ્ર ભાવ હોય છે છતાં તે બધા છે ભવ-ભાવ. અશુભથી ટેવાઈ ગયો, શુભમાં આવ્યો-તેમાં પણ ટેવાઈ ગયો, પણ છે એ બધો સંસાર. શુભ-અશુભ તથા તેના ફળ તરીકે ભવ—એનું ચક્ર ચાલ્યા જ કરે છે.

**'આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'**

સાચા દેવ-ગુરુ-ધર્મ તેનું વ્યવહારે શરણ છે; પહેલાં તેવું નિમિત્ત મળે છે માટે તે વ્યવહારે શરણ છે. પછી, એને નામ દઈને પોતાના વિનયથી કહ્યું છે કે—

**'પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે.'**

અહા! અંદર ચૈતન્યપ્રકાશનો પુંજ છે પ્રભુ, તેનું લક્ષ કરીને—પર્યાય ને રાગની એકત્વબુદ્ધિ છે તે છોડી દઈને—ચૈતન્યસ્વરૂપમાં અંદર આવ. હું ચૈતન્ય જ્ઞાયક... ચૈતન્ય જ્ઞાયક, પર્યાય નહિ ને રાગ નહિ—એમ ચૈતન્યને લક્ષમાં લઈને, વર્તમાન ધ્યાનપર્યાયમાં ચૈતન્યને ધ્યેય બનાવીને, તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—વારંવાર અંદર જાય ને ચૈતન્યના સંસ્કાર દૃઢ થાય એ જ જીવનમાં કરવા જેવું છે. શું વ્યવહાર કરવા જેવો છે? પહેલાં બતાવ્યું કે દેવ-ગુરુ-ધર્મનું શરણ નિમિત્તભૂત છે; પરંતુ પછી બતાવે છે ચૈતન્યશરણને. દેવ-ગુરુ-ધર્મ બતાવે છે ચૈતન્યને; માર્ગ બતાવે છે કે ચૈતન્યનું લક્ષ કર. પૂર્ણસ્વરૂપ ભગવાન આત્માને દૃષ્ટિગત—લક્ષગત—કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પાડ. અનાદિથી રાગ ને પર્યાયના દૃઢ સંસ્કાર પડ્યા છે, ત્યાંથી દૃષ્ટિ ફેરવીને ચૈતન્યમય નિજ પ્રભુના પાકા સંસ્કાર પાડ; જેથી તને આત્મા ભવિષ્યમાં પ્રાપ્ત થઈ જશે જ. ચૈતન્યવસ્તુ ભગવાન આત્માને લક્ષગત કરીને—તેની સાથે દોર બાંધીને—તેના અંદર સંસ્કાર પાડવા, એ જ જીવનમાં કરવા જેવું છે.

લોકોને આ વાત નિશ્ચયની લાગે; પણ ભાઈ! પૂજા કરવી, મંદિર કરવાં, ગજરથ કાઢવા, શિક્ષણશિબિર કરવા—આ બધા વિકલ્પ વચ્ચે ભલે હો પણ ચૈતન્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષગત કરી તેના ખૂબ પાકા સંસ્કાર પડી જાય—નિજ શુદ્ધ આત્માની અનુભવમાં પ્રાપ્તિ થાય—એ જ આ દુર્લભ મનુષ્યભવમાં કરવા જેવું છે. કોઈને આ વાત ન બેસે તો શું કરીએ? અરેરે! મૂળ વસ્તુ દૂર રહી જાય છે; જેને જોવું-જાણવું જોઈએ તે જ રહી જાય છે. અંદર જાણનારને જાણવો જોઈએ; એ જાણવું રહી જાય છે ત્યાં સુધી જીવ બહારમાંથી પાછો ખસે નહિ.

આત્મા જાણનારો...જાણનારો...જાણનારો જાણવાલાયક વસ્તુ છે. તેને અંદર અનુભવથી જાણવો એ જ જીવનનું કર્તવ્ય છે. એમાં રસ ન આવે ત્યાં સુધી જીવ બહારના રસથી છૂટે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય.' જ્યાં રુચિ હોય ત્યાં અનંત અનંત કાળ એમ ને એમ ગાળ્યો છે. ત્યાં કોઈ શરણ થયું નથી. અંદર જે શરણ છે તેને લક્ષગત કર્યું નથી, ને જે શરણ નથી તેને લક્ષગત કરીને પરિભ્રમણ—જન્મ-મરણનાં ચક્ર—ઊભાં કર્યાં છે. જુઓને! નાની નાની ઉંમરમાં દેહ છૂટી જાય છે. આયુષ્યનો શો ભરોસો? માટે જીવનમાં શીઘ્ર આત્મહિત કરી લેવા જેવું છે.

—o—

## વચનામૃત—૬

હવે આ છઠ્ઠો બોલ :

**સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય. 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૬.**

**'સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.'**

શું કહે છે? પ્રભુ-આત્મા સ્વભાવસ્વરૂપ છે, શુદ્ધચૈતન્યમૂર્તિ ત્રિકાળી સ્વભાવ-રૂપ વસ્તુ છે. જેની હયાતી જ્ઞાન ને આનંદના સ્વભાવવાળી છે એવા આત્મસ્વભાવની વાત સાંભળતાં નિમિત્ત, રાગ અને પર્યાયમાંથી લક્ષ ખસી જાય ને અંદર પ્રભુ મોટો છે એનો મહિમા સોંસરવટ ઊતરી જાય. જેમ વીજળી તાંબાના તારની અંદર ફડાક દઈને ઊતરી જાય છે, તેમ પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યસ્વભાવની—જેનો કાયમી સ્વભાવ જ્ઞાન ને આનંદ છે એવા નિત્યાનંદ પ્રભુની—વાત સાંભળતાં કાળજે સોંસરવટ ઘા પડી જાય છે. બહારથી ખસી જઈને અંતરમાં જાય. અંદર સ્વભાવ પડ્યો છે તેમ જાણવામાં આવતાં સોંસરવટ કાળજામાં ઘા પડી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય,...**

બહાર નહિ પણ આ બાજુ અંદરમાં વહ્યો જાય—એમ કહે છે. જેનો ત્રિકાળી સ્વભાવ ભગવત્સ્વરૂપ છે એવા ધ્રુવની—નિજ પ્રભુની—વાત સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, ને શરીરથી પણ જુદો પડી જાય. શરીરની સોંસરવટ એટલે શરીરથી ભિન્ન, અને કાળજામાં એટલે જ્ઞાનમાં. જ્ઞાનમાં એવું થાય કે, અહો! આવો સ્વભાવ!

લોકોને અંદરની આવી વાતો અઘરી લાગે છે, બહારની વાતો સહેલી લાગે છે. 'પરમાર્થવચનિકા'માં કહ્યું છે: મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે છે અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે છે; તેથી તે આગમ-અંગને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે; અધ્યાત્મ-અંગને વ્યવહારથી પણ જાણે નહિ.—એ, મૂઢદૃષ્ટિ જીવનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ ક્યાંથી? કારણ કે આગમ-અંગ બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે. તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે. બાહ્ય ક્રિયા કરતો થકો તે મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા—જે અંતર્દૃષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને—મૂઢ જીવ જાણે નહિ. ...તે મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે.

અજ્ઞાનીને આગમનો વ્યવહાર સહેલો લાગે છે—ઠીક પડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે આગમના વ્યવહારમાં—શુભ પરિણામમાં—તેને રસ પડે છે. પ્રવચનસારની ૯૪ મી ગાથાની ટીકામાં પણ કહ્યું છે: અજ્ઞાની જીવ અવિચલિત-ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે ખરેખર પરસમયરૂપે—મિથ્યાત્વરૂપે—પરિણમે છે.

હું મનુષ્ય છું, દયા-દાન આદિના વિકલ્પ મારું કર્તવ્ય છે—એવી માનસિક કલ્પનારૂપ મનુષ્યવ્યવહાર લોકોને સહેલો લાગે છે. અજ્ઞાની આગમનો વ્યવહાર સહેલો જાણીને તેનો કર્તા થાય છે ને અધ્યાત્મના વ્યવહારને—અંદર શુદ્ધચૈતન્યદ્રવ્યની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાસ્વરૂપ નિર્વિકલ્પ પરિણમનને—જાણતો નથી. આગમના વ્યવહારને—અસદ્ભુત રાગ આદિને—જાણે છે, પરંતુ અધ્યાત્મના વ્યવહારને—અંદર રાગરહિત નિર્વિકલ્પ મોક્ષમાર્ગને—ઓળખતો નથી. અધ્યાત્મમાં નિશ્ચય તો ત્રિકાળ સત્ દ્રવ્યસ્વભાવ છે, અને તેના આશ્રયે પ્રગટ થતી વીતરાગ નિર્વિકલ્પ પરિણતિ તે અધ્યાત્મ-વ્યવહાર છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદરની આવી વાતો લોકોને આકરી લાગે છે. બહારમાં બધે 'હોહા' ગમે છે. વ્રત કરો, ઉપવાસ કરો, પડિમા લો...બધે ધમાલધમાલ લાગી છે એટલે કે આગમવ્યવહાર—મિથ્યાત્વ સહિતનો શુભભાવ—સહેલો લાગે છે. અંદર આત્મશુદ્ધિરૂપ અધ્યાત્મવ્યવહારની—શુદ્ધ પર્યાયની—તેને ખબર નથી. છે તો એ પણ વ્યવહાર; તેનો આશ્રય લેવાથી, તેનું લક્ષ કરવાથી શુદ્ધિ પ્રગટતી નથી. શુદ્ધિ તો અંદર ત્રિકાળી ભગવાન ધ્રુવ વસ્તુ છે તેનો સ્વીકાર કરવાથી—તેની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી થાય છે.

અહીં કહે છે કે, આત્મવસ્તુ નિત્ય છે, તેનો સ્વભાવ શુદ્ધ ને ધ્રુવ છે—એ સાંભળતાં જ અંદર કાળજામાં—જ્ઞાનમાં ઊતરી જાય અને—

**'રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.'**

અહા! આવો સ્વભાવ મેં કદી સાંભળ્યો નથી.

આ બધું કરવું, પણ એનું સાધન શું? ભાઈ! આ જ સાધન છે. રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણી એ જ સાધન છે. એ સાધન સમજાતું નથી એટલે લોકો બહારનાં સાધનમાં ઝાંવાં નાખ્યા કરે છે. તપશ્ચર્યા કરવી, ભક્તિ કરવી, દેવ-શાસ્ત્ર-ગુરુનાં પૂજા-બહુમાન કરવાં, પણ એ તો શુભ વિકલ્પ છે, તે કાંઈ સ્વભાવને પ્રાપ્ત કરવાનાં સાધન નથી.

વસ્તુ આવી છે. લોકો તેને એકાંત નિશ્ચય કહે છે. ભાઈ! નિશ્ચય પણ નય છે ને? નયનો વિષય સમ્યક્ એકાંત છે. પ્રમાણનો વિષય અનેકાંત એટલે કે દ્રવ્ય-પર્યાય બેઉ છે. નયનો વિષય વસ્તુનો એક અંશ છે. નયનો વિષય અંશી—આખી ચીજ—નથી. નિશ્ચયનય પણ અંશને ગ્રહણ કરે છે; તે અંશ—નિશ્ચયનયનો વિષય—સમ્યક્ એકાંત એવું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે.

આ તો સ્વભાવનો માર્ગ છે. એ અપરિમિત સ્વભાવને હદ શી? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંતી ઈશ્વરતા આદિ જે અનંત સ્વભાવ છે તે સાંભળતાં કાળજે ઘા વાગે ને શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, અને રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય.

પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં—સવિકલ્પ-દ્વાર વડે નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન કહ્યું છે ત્યાં આવે છે કે, "...ત્યાં નિજ સ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે, 'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું' ઇત્યાદિ વિચાર થતાં સહજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને (પોતાનું) સ્વરૂપ કેવળ ચિન્માત્રરૂપ ભાસવા લાગે...''

અહા! શી આ વસ્તુ છે! એમ અંદર મહિમા આવતાં રુવાંટાં ખડાં થાય, રોમાંચ ઉલ્લસિત થાય ને પછી વિકલ્પ તૂટે. રાણી ઓઝલમાંથી બહાર નીકળે તો લોકો આશ્ચર્યથી જોવા ભેગા થાય, પણ અનાદિથી રાગ ને પર્યાયની ઓઝલમાં રહેલો આ ભગવાન આત્મા શી ચીજ છે, તેને જોવા-જાણવાનું જીવને કદી કુતૂહલ જ થયું નથી. અહા! સર્વોત્કૃષ્ટ પરમાત્મા પોતે જ છે; એ પ્રભુ પોતે અજાણ્યો રહી ગયો. જેની જરૂર નથી તેને જાણવામાં વખત ગંઠયો.

માટે અહીં કહે છે કે, 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, કયાંય સુખ ન લાગે; અહા! લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. પહેલી ભૂમિકામાં આવું હોય છે. સ્વરૂપ-પ્રાપ્તિની યથાર્થ ભૂમિકારૂપ દશામાં—વચલી ભૂમિકામાં—આવું હોય છે. સ્વભાવ...સ્વભાવ...સ્વભાવ એમ જેને લગની લાગી છે, બીજી કોઈ વાત ન ગોઠે એવી અંદર તીવ્ર ઝંખના જેને પ્રગટી છે, તેને આત્મા પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. વસ્તુ આવી છે!

તા. ૧-૧૦-૭૭

પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૩

તા. ૮-૬-૭૮

## વચનામૃત-૭

**જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. ૭.**

**'જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે.'**

આત્મા તરફ વળવાનો પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ. પર તરફ જે પુરુષાર્થ વળેલો છે તે તો અનાદિથી છે. હવે પુરુષાર્થની ગતિ, રાગથી ભેદજ્ઞાન કરવા માટે, પર્યાયે પર્યાયે સ્વભાવસન્મુખ વાળવાની છે. રાગથી ભેદજ્ઞાન થયા પછી પણ પર્યાયે પર્યાયે સ્વસન્મુખતાનો પુરુષાર્થ ચાલુ જ હોય છે. રુચિ અનુયાયી વીર્ય. અંદર સ્વભાવની રુચિ થતાં વીર્ય સદા અંતર્મુખ વળ્યા જ કરે છે.

**'પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.'**

અહા! અંદરમાંથી વીર્ય ઊછળ્યા વિના—વીર્યગુણ વિના—એક પણ પર્યાય પ્રગટતી નથી.

**'એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.'**

સ્વરૂપની—શુદ્ધચૈતન્ય, આનંદઘન ને જ્ઞાનપિંડ એવા નિજ આત્માની—રુચિથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. અંતરનું વલણ તેનું નામ પુરુષાર્થ. સ્વભાવની રુચિથી માંડીને પૂર્ણતા સુધીમાં પુરુષાર્થ જ જોઈએ છે.

પુરુષાર્થ જોઈએ છે એટલે શું? આત્મા રાગાદિ વિભાવનો પરમાર્થે અકર્તા છે, અને સ્વભાવથી એ જ્ઞાતા છે. એ જ્ઞાયકસ્વભાવના રુચિ વગેરે અંતર વલણને નાસ્તિથી વિભાવના અકર્તાપણાનો ને અસ્તિથી જ્ઞાતાપણાનો પુરુષાર્થ કહેવાય છે. અહા! અંદર જાણનાર...જાણનાર...જાણનાર તરીકે જાગ્યો, તે જાણનાર જાણનારપણે જ પુરુષાર્થ કરે છે. ચાહે તો ઉદય હોય એને જાણે, નિર્જરા થાય તેને જાણે, બંધ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને જાણે અને મોક્ષ થાય તેને પણ જાણે—માત્ર જ્ઞાતાપણે રહે. એનો જ્ઞાતાપણાનો પુરુષાર્થ અંદર જ્ઞાતામાં વળ્યા જ કરે છે. બધી શુદ્ધિઓ માટે પર્યાયે પર્યાયે અંદરમાં પુરુષાર્થ જ કામ કરે છે.

—૦—

## વચનામૃત-૮

**અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે; શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે. ૮.**

આ આઠમા બોલમાં બેને જરા અહીંનું (-ગુરુદેવનું) નાખ્યું છે કે, અત્યારે (ગુરુદેવની) આ વાણી નીકળે છે તેને સમજવા માટે ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. સાંભળવા માટે અને સમજવા માટે હજારો માણસો તૈયાર થઈ ગયા છે. બેન કહે છે કે અહીં (ગુરુદેવને) વાણીનો યોગ પ્રબળ છે. વાણીનો યોગ તો, ભગવાનની ૐકાર વાણી—દિવ્ય ધ્વનિ—સાંભળીને આવ્યા છીએ તેને લઈને છે. તેથી શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય—એ તો બેનના પોતાના વિનયની વાત છે. અહીંથી (ગુરુદેવથી) મુક્તિનો માર્ગ પ્રકાશિત ને સ્પષ્ટ થયો છે. અહીં (ગુરુદેવને) શ્રુતની લબ્ધિ છે, શ્રુતના ઉઘાડનો કાળ છે; —એમ કહી બેન પોતે પોતાનો વિનય જાહેર કરે છે.

—૦—

## વચનામૃત-૯

**પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે—ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને કયારેક સહજ જેમ હોય તેમ રહે. ૯.**

**'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય.'**

ચૈતન્ય-અમૃતનો સાગર પ્રભુ આત્મા અંદર છે, તેના તરફ રુચિ વળે એટલે પુરુષાર્થની કળ સૂઝી જાય. જેને પુરુષાર્થ પોસાણમાં-હાથમાં આવ્યો, 'હું શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ છું' એવું જેને પોસાણ થયું, તેને રુચિના પુરુષાર્થની કળાની કળ હાથ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી ગઈ. આત્માના સ્વભાવ તરફ જ જેનો પુરુષાર્થ વળ્યો છે, એ જ એની કળ છે. કળા એટલે એ જાતની દશા. કરવાનું તો આ છે બાપુ! શુભ વિકલ્પ વગેરે ભેગું— સાથે હોય છે, પણ તેની સાથે આ અંદરનું તત્ત્વ સમજવાનો અંતરમાં પ્રયત્ન જોઈએ.

હું તો જ્ઞાનસ્વરૂપ જ છું. જ્ઞાન શું કરે? જ્ઞાન કરે શું? રાગ કરે? જ્ઞાનમાં 'રાગ કરે' એ ક્યાંથી આવે? જ્ઞાનનું જ્ઞાન કરે, અહા! એવી પુરુષાર્થની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. ઘણી સાદી ભાષા! સ્વરૂપમાં—અસ્તિત્વસ્વરૂપ ધ્રુવમાં—અનંત શાંતિ ને અનંત આનંદ છે એમ અંતર્મુખ થવાની સૂઝ પડે, અંદર પુરુષાર્થ કરવાની કળા હાથ આવી જાય તો એના તરફ ઢળ્યા જ કરે. જેનો પ્રેમ હોય ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે નહિ.

**'પછી કળે કમાય, ધન ધનને કમાવે—ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.'**

અંતર્મુખ થવાની કળા હાથમાં આવ્યા પછી શુદ્ધિ વધતી જાય. કહેવત છે ને—કે 'ધન રળે તો ઢગલા થાય ને પંડ રળે તો પેટ ભરાય'. પૈસા રળવા એ બુદ્ધિનું કામ નથી; પુણ્યનો યોગ હોય તો બહારમાં લક્ષ્મીના ઢગલા—પાંચ-પચીસ લાખ—હોય તેને બે-પાંચ-દસ લાખના ઢગલા પેદા થયા કરે. અહીં તો એ આખું આત્મામાં ઉતારવું છે. એ દાખલાની જેમ જેને આત્મામાં આત્મા—મહાપ્રભુ—નજરમાં એટલે કે દૃષ્ટિમાં આવ્યો, અંદર પુરુષાર્થ કરવાની કળ આવી, તેને શુદ્ધિના ને આનંદના ઢગલા થઈ જાય છે.

'नमः समयसाराय'માં સર્વોત્કૃષ્ટ પરમાત્માને, ભગવાનસ્વરૂપ નિજ આત્માને, નમસ્કાર કર્યા છે. ખરેખર તો આ આત્મા, પોતે જ શુદ્ધ ચૈતન્ય સમયસાર છે તેને નમે છે, ત્યાં ઢળે છે, તેથી પરમાત્મદશા પ્રગટ થશે. અહીં પણ એમ જ કહે છે કે, અંદરમાં પુરુષાર્થ કરવાની કળા હાથમાં આવી ગઈ, પરની મીઠાશ ગઈ—અંદરમાંથી પુણ્યની, પાપની, પુણ્યનાં ફળરૂપ સામગ્રીની મીઠાશ ગઈ—ને સ્વરૂપની મીઠાશ પ્રગટ થઈ, એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય. એટલે શું? અંતરમાં પુરુષાર્થ એકદમ કામ કરે તો અંદરમાં આનંદની ઉગ્રતા વધી જાય. જાગૃતદશા થઈ છે તેમાં ઉગ્રતા વધી જાય તો આનંદના ઢગલા થઈ જાય.

અહા! આ સ્વરૂપનું ધન જેને દૃષ્ટિમાં-રુચિમાં આવ્યું છે તેને કોઈ વાર તો —અંતર્મુખનો પુરુષાર્થ એકદમ ઊપડે, અંદર સહજ સ્વાભાવિક જાગૃતદશા ખૂબ જામી જાય તો—અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય એટલે કે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની ધારા વધી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને ક્યારેક જેમ છે તેમ રહે. અંદર રુચિ સ્વભાવસન્મુખ છે તેથી પરિણમન જેટલું થયું છે એટલું તો રહે જ, પણ કોઈ વાર પુરુષાર્થ ઉગ્ર કરે તો ઢગલા પણ થાય. બે વાત છે: અંદરમાં એકદમ ઉગ્રતા થાય, સાહસપૂર્ણ સહજ પુરુષાર્થ થાય, તેનાથી શુદ્ધિ ને આનંદના એકદમ ઢગલા થાય; બાકી સહજપણે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનું પરિણમન છે તેમ ચાલુ રહે. આ બધી અંદરની વાતો છે, બહારની સાથે આને કાંઈ સંબંધ નથી.

—o—

## વચનામૃત-૧૦

**અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હો પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.**

**'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ...'**

વાત શી છે? જેને રાગ સાથે એકતા તૂટી છે ને સ્વભાવની એકતા થઈ છે તેને તો એકત્વ-વિભક્ત સ્વભાવ જ જણાય છે. દૃષ્ટિમાં શુદ્ધચૈતન્ય ભગવાન કે જે એકમાત્ર દૃષ્ટિનો વિષય છે તે જ જણાય છે; આત્મામાં—પર્યાયમાં—અશુદ્ધતા પડી છે પણ તે દૃષ્ટિનો વિષય નથી. અશુદ્ધતા વગેરેનું જ્ઞાન હોય, પણ તેનો આશ્રય ન હોય. પવિત્ર અને પૂર્ણ એવું ભગવાન શુદ્ધ ચૈતન્ય—અપરિમિત જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનું દળ—નજરમાં, પ્રતીતિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને, જણાયું તે નિજ અસ્તિત્વને જોનાર ધર્મી કહે છે કે 'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ'. બધાનું મૂળ સ્વરૂપ શુદ્ધ છે તેથી જેમ અમે સિદ્ધપણે છીએ એમ બધા જીવો સ્વભાવે સિદ્ધપણે જ છે. પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે. એની દશાનાં પુણ્ય-પાપ તો વિકારમાં જાય છે, એ કાંઈ આત્માના મૂળ સ્વભાવમાં જતાં-આવતાં નથી. વસ્તુ તો સિદ્ધસ્વરૂપી છે. 'તે જ આત્મા છે' એમ જોનાર બધા આત્માને સિદ્ધપણે જ જુએ છે. સમ્યગ્દર્શન એટલે કે સત્યનું દર્શન જ્યાં થયું, પૂર્ણ સત્ય, પૂર્ણ અસ્તિત્વ, ભૂતાર્થ-સત્યાર્થ વસ્તુનો અનુભવ થયો તે 'બધા આત્માઓ એવા જ છે' એમ દેખે છે. પર્યાયબુદ્ધિ ટળી ગઈ છે તે બીજાને પર્યાયબુદ્ધિથી દેખતો નથી, પણ દ્રવ્યબુદ્ધિથી દેખે છે. આવી વાત છે!

**'અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.'**

જીવ તો 'આ કરવું, આ કરવું' એમાં રોકાઈ ગયો છે. પણ 'કરવું'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેનામાં છે જ નહિ એવા જ્ઞાયકપિંડ પ્રભુને—કે જે રાગના ને ઉદયના ભાવના અકર્તાસ્વભાવસ્વરૂપ એટલે કે જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ પોતાની ત્રિકાળી ચીજ છે તેને—જેણે જોયેલ-અનુભવેલ છે તે 'બધા આત્માઓ એવા જ છે' એમ દેખે છે.

પોતે ચૈતન્ય જ છે એવો અનુભવ થયો—જ્ઞાનમૂર્તિ છે, જ્ઞાનના પ્રકાશનું પૂર છે, એ જ હું છું એમ અનુભવમાં આવ્યું—તે, બધા આત્મા આવા જ છે, 'સર્વ જીવ છે સિદ્ધ સમ'—એમ દેખે છે. પર્યાયદ્રષ્ટિ કાઢી નાખી ને દ્રવ્યદ્રષ્ટિ થઈ તે બીજાને પણ દ્રવ્યદ્રષ્ટિએ એવા પૂર્ણ ભગવાન જ જુએ છે. પર્યાયનું જ્ઞાન કરે, પણ આદરણીય તરીકે—દ્રષ્ટિના આશ્રયરૂપે—તો તેને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્ય જ છે. જેને પર્યાયબુદ્ધિ ગઈ છે તે પર્યાયનો આશ્રય લેતો નથી, ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભગવાનનો આશ્રય લે છે.

અહીંયાં તો કહે છે: પોતે જ શુદ્ધચૈતન્યઘન અસ્તિપણે હતો, તેને જેણે 'રાગ ને પુણ્ય તે મારાં' માનીને નાસ્તિપણે માન્યો હતો, પણ હવે 'રાગ ને પુણ્ય તે હું નહિ, હું તો પૂર્ણ આનંદ છું' એમ જાણ્યું ને માન્યું તેને અસ્તિપણે પોતાની દ્રષ્ટિ થઈ, અને બધા આત્માઓ પણ એવા જ અસ્તિપણે છે એમ તે દેખે છે.

**'કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.'**

—વસ્તુદ્રષ્ટિએ; પર્યાયથી છે, તે તો જાણવાલાયક છે. અહીં તો આદરવા-લાયક વસ્તુસ્વભાવની વાત છે.

આ વચનામૃત પુસ્તક વાંચીને હાલના મુનિઓ પણ વિચાર કરશે કે, અહા! મુનિપણાનું સ્વરૂપ કેવું સિદ્ધ કર્યું છે! મુનિની અસ્તિથી વાત કરી છે: મુનિઓ આવા હોય. ભાઈ! અહીં પક્ષની ક્યાં વાત છે? મુનિઓ તો આત્માના આનંદમાં લીન હોય છે. બહાર આવી જાય તો શ્રુતચિંતવનના વિકલ્પ ઊઠે, પણ પાછા તુરત અંદરમાં ચાલ્યા જાય છે. બહાર આવ્યા-ન આવ્યા ને અંદર જાય છે. એવી મુનિની સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. અહીંયાં તો હજી ચોથા ગુણસ્થાનથી વાત લીધી છે. મુનિની તો શી વાત કરવી? સાચા સંતોએ—આત્માએ—તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે; સંવર, નિર્જરા ને મોક્ષ—એ પણ તેનો પરમાર્થ વેશ નથી. અહા! આવી વાત છે!

કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. અહીં પાછો 'જ'કાર નાખ્યો છે. વસ્તુ છે તે રાગદ્વેષવાળી છે જ ક્યાં? અહા! જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ હોય તો એક પ્રભુ આત્મા જ છે. તે વસ્તુ છે ને? વસ્તુ છે તો તેમાં વસ્તુસ્થિતિએ જ્ઞાન આદિ અનંત ગુણ વસે છે. જેમ વસ્તુ ત્રિકાળ છે તેમ તેની શક્તિઓ—સ્વભાવ—ગુણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ ત્રિકાળ છે. વસ્તુ—નિજ આત્મા—શુદ્ધ ને પવિત્ર છે તેમ બધા આત્માઓ પણ વસ્તુપણે શુદ્ધ ને પવિત્ર છે.

**'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.'**

શક્તિરૂપ ત્રિકાળી આત્મા એકલો પડ્યો છે—એમ નહિ, પણ વ્યક્તિમાં—સમ્યગ્દર્શનજ્ઞાનરૂપ વ્યક્ત પર્યાયમાં—એનું ભાન થયું છે. સ્વભાવ તો ત્રિકાળ છે, પણ પર્યાયમાં ઊઘડ્યો છે. ચૈતન્ય આત્મા જેને ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ચૈતન્યના પ્રકાશનો પુંજ છે પ્રભુ આત્મા; તેમ બધા આત્મા પણ ચૈતન્યપ્રકાશના પુંજ છે. બીજી ચીજો છે પણ તે તો ભિન્ન તરીકે ફક્ત જ્ઞેય છે, એ તેનું સ્વરૂપ નથી. તેનું સ્વરૂપ તો જ્ઞાનમય—ચૈતન્યમય આત્મા છે.

અહા! આ પુસ્તક તો કુદરતે એવું બહાર આવી ગયું છે કે જે મધ્યસ્થ હશે તેને 'વસ્તુસ્થિતિ તો આ છે' એમ જરા ખ્યાલ આવશે.

ભલે વ્યવહાર વચ્ચે આવે પણ એ બધો હેય છે. ત્યારે વ્યવહારના પક્ષવાળા ટીકા કરે છે : શું દેવ-શાસ્ત્ર-ગુરુ હેય છે? તો લોકો તેને હેય માની પૂજા નહિ કરે!

અરે! બાપુ! તેને—એવા શુભભાવને—છોડીને પાપ કર એમ કહેવાનું નથી. ફક્ત એ શુભભાવ ધર્મ નથી, માટે તેની રુચિ છોડ—એમ બતાવવાનું છે. અશુભથી બચવા માટે તે ભાવ આવે ખરા, પણ એ પોતે ધર્મ નથી, ધર્મનું કારણ નથી. ચૈતન્યદૃષ્ટિવંતને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી વ્યવહાર આવે પણ તે હેય તરીકે જ્ઞેય છે, અને ભગવાન આત્મા ઉપાદેય તરીકે જ્ઞેય છે. એ બેમાં એટલો ફેર છે.

અહા! ચૈતન્યપ્રભુ આત્મા અંદર ઊઘડ્યો તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.

—o—

## વચનામૃત—૧૧

**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. ૧૧.**

**'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે શું? સ્વરૂપમાં ઠરવું છે તે જ મૂળ ઉત્સર્ગમાર્ગ છે, પણ ઠરી ન શકાય તેથી શુભ વિકલ્પ વચ્ચે આવે; તે ન જ આવે -એવો આગ્રહ ન રાખે. સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે અપવાદમાર્ગ આવ્યા વિના રહે નહિ. ઉત્સર્ગનો એકલો આગ્રહ કરીને અપવાદ ન લાવે તો તે હઠ છે.

ઉત્સર્ગમાર્ગમાં—સ્વરૂપમાં—વધુ ટકી શકતો નથી તેથી વચ્ચે પાછો અપવાદમાર્ગ—વ્રતાદિનો શુભરાગ—આવે, પણ તેનો આગ્રહ ન રાખે કે આ જ સાચો માર્ગ છે. તેને જાવું છે તો ઉત્સર્ગમાં, પણ શુદ્ધોપયોગમાં વધુ રહી શકતો નથી તેથી અપવાદમાર્ગ—શુભ રાગ—આવ્યા વગર રહેતો નથી. જે કાળે જે પ્રકારે અપવાદ આવે તેને જાણે; પણ આ જ માર્ગ છે, આ જ બરાબર છે, એમ આગ્રહ રાખી ત્યાં અટકી ન જાય; તેનો પણ વિકલ્પ તોડીને અંદર ઉત્સર્ગમાં જાય—શુદ્ધ-ઉપયોગમાં રમે. માર્ગ આવો છે.

મુમુક્ષુઓને એટલે કે ધર્મની પિપાસાવાળાઓને તેમ જ ધર્મીને અપવાદ—શુભ રાગભાવ—કમજોરીને લઈને આવે પણ તેનો આગ્રહ ન હોય કે આ જ હોય તો ઠીક છે. ખરેખર તો ઉત્સર્ગમાર્ગ—ઉપયોગનું અંદર સ્વરૂપમાં ઠરવું—એ જ ચીજ છે. જ્ઞાનીને ભાન છે: હું શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું, શુભ રાગનો વ્યવહાર—અપવાદમાર્ગ—મારું સ્વરૂપ નથી. પણ ઉપયોગ સ્વરૂપમાં ઠરી શકતો નથી. ત્યાં તે આગ્રહ ન કરે કે શુભ રાગ લાવવો જ નહિ. શુભ આવે તે ઠીક નથી, તેનાથી હું ભ્રષ્ટ થઈ જાઉં છું—એમ ઉત્સર્ગનો એકાંત આગ્રહ ન કરવો.

પ્રવચનસારના ચરણાનુયોગસૂચક ચૂલિકા-અધિકારમાં ઉત્સર્ગ ને અપવાદની ગાથા આવે છે. તે આ વાત છે. ત્યાં ચરણાનુયોગનું વ્યાખ્યાન છે. ત્યાં પણ માર્ગ પ્રગટ થયેલાની જ વાત છે. અંદર શુદ્ધ ચૈતન્યવસ્તુનું ભાન-સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાન થયું છે ને સ્વરૂપસ્થિરતા-ચારિત્ર પણ થયું છે; પણ વિશેષ સ્વરૂપસ્થિરતા—શુદ્ધ-ઉપયોગ વિશેષ ન થાય તો તે કાળે આગ્રહ ન કરવો જોઈએ કે, અરે! શુભ આવશે ને હું ભ્રષ્ટ થઈ જઈશ. વચ્ચે શુભભાવ આવે તે અપવાદમાર્ગ છે. અપવાદ આવ્યો એટલે શુદ્ધથી ભ્રષ્ટ થઈ ગયો એમ ન માને-જાણે. શુદ્ધમાં વધુ ટકી શકતો નથી તેથી અપવાદ આવ્યા વિના રહે નહિ એમ પણ એ જાણે. અપવાદ આવે, છતાં ઉત્સર્ગમાં જવાની ભાવના તે કાળે પણ હોય; અપવાદમાં જ રહેવું એવો તેને આગ્રહ ન હોય. અહા! આવો માર્ગ છે.

'...અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.' સ્વરૂપમાં ઠરી શકે તો ઉત્સર્ગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, ન ઠરી શકે તો શુભમાં—અપવાદમાં—આવે. જ્ઞાની જાણે છે કે શુભરાગ બંધનું કારણ છે, પણ શુદ્ધમાં ઠરી શકતો નથી તેથી તે વચ્ચે આવે છે; છતાં તે અપવાદ ઉત્સર્ગનું કારણ છે-એમ નથી; શુભ આવ્યો છે માટે તેને લઈને શુદ્ધ થશે-એમ નથી. આવી વાત છે! આમાં વાદવિવાદ ક્યાં છે બાપુ? વસ્તુસ્થિતિ જ આવી છે.

સિદ્ધ—સર્વજ્ઞ પરમાત્મા—પૂર્ણ થયા તેને હવે બાધકપણું નથી, પણ નીચે અપૂર્ણ સાધકદશામાં સાધક-બાધકપણું બંને છે. શુદ્ધચૈતન્યની દૃષ્ટિ છે, શુદ્ધ ઉપયોગ થયો છે, છતાં એ શુદ્ધ-ઉપયોગમાં વધુ ટકી શકે નહિ ત્યારે શુભરાગમાં આવ્યા વિના છૂટકો નથી. તે હઠ કરવા જાય કે મારે તો શુદ્ધમાં જ રહેવું છે, શુભમાં આવવું નથી—તો એમ બની શકે નહિ. શુભને અપવાદમાર્ગ કહ્યો છે. અપવાદ એટલે નિંદ્ય ને? તે આવે ખરો, પણ તે વખતે પણ 'મારે અંદરમાં જ રહેવું છે—સ્વરૂપમાં ઠરી જવું છે' એવી ઉત્સર્ગની ભાવના રહ્યા કરે. મારે અંદર સ્વરૂપમાં જ રહેવું છે એમ એકાંત ઉત્સર્ગનો આગ્રહ કરવા જાય તોપણ ભ્રષ્ટ થઈ જશે; અને શુભમાં આવીને ત્યાં જ મારે રહેવું છે એમ અપવાદનો આગ્રહ કરશે તોપણ ભ્રષ્ટ થઈ જશે. અહા! આવું વસ્તુસ્વરૂપ છે!

વચનામૃતનાં હિન્દી પુસ્તક બહાર આવશે, લોકો વાંચશે, ધીમે ધીમે બધાના હાથમાં જશે. વાંચશે તો વિરોધીઓ પણ જરા મોળા પડી જશે. ભાઈ! વાત તો સરસ છે. જેને આગ્રહ છે તે પણ ઢીલા પડી જશે. આપણે તો મધ્યસ્થતાથી કહેવું છે. તત્ત્વ તો આ પ્રમાણે છે. આ તો સર્વજ્ઞની વાણી છે, કોઈના ઘરની વાત નથી. સર્વજ્ઞ-અનુસારી કથન છે, તેમાં પક્ષપાતનો અવકાશ નથી.

અંતરાત્મા ધર્મી જીવને—મુનિને પણ—અપવાદમાર્ગ આવે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા જ હોય. છઠ્ઠામાં ન જ આવવું-એવો આગ્રહ મુનિને ન હોય. વિકલ્પ આવ્યા વિના રહે નહિ, છતાં તે છે હેય. સાધક જીવ છે, અંદર પૂરા ઠરી શકે નહિ, પૂર્ણ વીતરાગ થયા નથી, તેથી અપવાદ—શુભ વચ્ચે આવે છે—હોય છે; પણ ધ્યેય તો અંદર ઠરવાનું છે. અહા! મુનિદશા કેવી હોય તેનો વિચાર તો કરો! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા એ મુનિઓ સ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા હોય છે. પ્રચુર સ્વસંવેદન એ જ મુનિનું ભાવલિંગ છે, અને દેહનું નગ્નપણું—વસ્ત્રપાત્ર રહિત નિર્ગ્રંથ દશા—તે તેનું દ્રવ્યલિંગ છે. તેને પણ અપવાદ—વ્રતાદિનો શુભ રાગ આવે, પણ વસ્ત્ર લેવાનો કે પોતાના માટે ચોકા કરીને કરાયેલો અધઃકર્મ આહાર લેવાનો ભાવ તેને હોય નહિ. અહા! ૠષભદેવ ભગવાનને મુનિદશામાં પ્રથમ છ મહિનાના ઉપવાસ હતા. પછી આહારનો વિકલ્પ ઊઠતો હતો, પણ મુનિની વિધિપૂર્વક આહાર મળતો નહોતો;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી વિકલ્પ તોડીને અંદર આનંદમાં રહેતા હતા. આનંદમાં રહેવું એ જ આત્માનું સ્વરૂપ છે.

ભૂખ્યા રહેવું એ તો જડની દશા છે. મુનિ તો અતીન્દ્રિય આનંદમાં કલ્લોલ—લહેર કરતા હોય છે. તેમને તો અતીન્દ્રિય આનંદના ઊભરા આવે છે. અહા! આવો માર્ગ છે બાપુ! એને બીજી રીતે માનીશ તો અહિત થઈ જશે. હિત વિના આત્મા જાગૃત ક્યાંથી થશે? શુભ આવે છે, તેથી શુભ કરતાં કરતાં શુદ્ધ થશે એમ હઠ કરીશ તો તેમાં હિત ક્યાં આવ્યું? ઊલટું અહિત થયું.

પ્રવચનસારની ૭૭મી ગાથામાં આચાર્યદેવ કહે છે:

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે.

એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો 'हिंडदि घोरमपारं संसारं'—ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

વ્યવહારે એમ કથન આવે કે અશુભ કરતાં શુભ જરા ઠીક છે, પણ નિશ્ચયથી શુભ ઠીક છે અને અશુભ અઠીક છે એમ તે બેઉમાં જો તફાવત માને તો हिंडदि घोरं अपारं संसारं—ઘોર અપાર સંસારમાં ભમે છે. અરેરે! આવો આગ્રહ તને પ્રભુ? અંદર પ્રભુ તો શાંત અવિકારી અકષાયસ્વરૂપ છે. તેની પ્રતીતિ ને અનુભવ હોય તો અંદરમાંથી અલૌકિક શાંતિ મળે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પાંચમા ગુણસ્થાનવાળાને આત્મામાંથી પ્રગટ થયેલી તે અતીન્દ્રિય શાંતિ ઘણી છે. છઠ્ઠાવાળાને તો તેના કરતાં પણ અતિ ઘણી છે. અંદરથી શાંતિનો ભાવ આવ્યો નથી અને જીવ માને છે કે શુભ રાગથી શાંતિ થાય છે. ભાઈ! રાગ તો અશાંતિ છે. અશાંતિથી શાંતિ થાય? રાગ આવે ખરો, મુનિને પણ અપવાદમાર્ગ આવે છે; પરંતુ અપવાદ—રાગ અશાંતિ છે. તો પછી શું કરવા આવે? ભાઈ! એ હજુ સાધક છે, એકલા ઉત્સર્ગમાં રહી શકતો નથી, આત્મામાં પૂર્ણ ઠરી શકતો નથી, તેથી વચ્ચે વિકલ્પ—શુભ રાગ—આવ્યા વિના રહે નહિ. જો અંદર ઠરીને શ્રેણી માંડે તો થઈ રહ્યું—પૂર્ણ વીતરાગ થઈ જાય; પણ શ્રેણી માંડે નહિ ત્યાં સુધી સ્થિરતાની ધારા ન વહે; અને તેથી વચ્ચે વિકલ્પ—શુભ રાગ આવ્યા કરે. જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.

**'પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'**

મારે તો શુદ્ધ-ઉપયોગમાં જ રહેવું છે એમ હઠ કરે તેને વસ્તુના સ્વરૂપની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર નથી. નીચલી દશામાં શુદ્ધ-ઉપયોગ લાંબો કાળ રહી શકે નહિ. શુદ્ધ-ઉપયોગ એ વસ્તુ છે, પણ એનો આગ્રહ—હઠ—એટલો ન હોય કે મારે બસ, તેમાં જ રહેવું છે. ત્યાં તે વધુ રહી શકશે નહિ, શુભરાગ આવશે જ. વળી, શુભરાગ આવે છતાં તેનીય હઠ નહિ કે શુભભાવ આવ્યો માટે હવે મારે આમાં જ રહેવું છે. શુદ્ધ-ઉપયોગ આવ્યા વિના શુભ-ઉપયોગને વ્યવહારે નિમિત્ત પણ નહિ કહેવાય. અપવાદની હઠ કરે તો તેને પણ વસ્તુના યથાર્થ સ્વરૂપની ખબર નથી. અહા! આવો માર્ગ છે!

—૦—

## વચનામૃત—૧૨

**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.**

**'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'**

શું કહ્યું? આત્મા વસ્તુ છે તેવી દૃષ્ટિ તે સમ્યગ્દર્શન. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે પર્યાય-દૃષ્ટિ નાશ થઈ. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે; તે તો પર્યાયથી આગળ—પાતાળમાં—ધ્રુવ પડયું છે. આખા આત્મા ઉપર પર્યાય છે. પણ તે પર્યાયની અંદરમાં—પાતાળમાં—ધ્રુવ છે. પર્યાયનું તળિયું ધ્રુવ છે, પર્યાય ઉપરટપકે છે. અહા! આવી ભાષાય ન મળે કયાંય! આત્મામાં બે પડખાં છે: એક ધ્રુવપણું ને એક પર્યાય—પલટવાપણું. અરે! પર્યાયનું તળિયું તો ધ્રુવ છે; એ તળમાં પહોંચ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થઈ શકશે નહિ. એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ તેને હવે આત્માના તળ ઉપર જ દૃષ્ટિ છે. જોયું! એટલે શું? ધ્રુવ ઉપર જ દૃષ્ટિ થઈ છે.

અહા! જગતનાં ભાગ્ય કે આવી ભાષા બહાર આવી. ભાષા જુઓ! એકદમ ટૂંકી, સાદી અને ગુજરાતી.

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી—દ્રવ્યની, પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ વસ્તુ છે તેની, દૃષ્ટિ પ્રગટી—તેને ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. પર્યાય ઉપર-ઉપર છે, તે ધ્રુવ તળિયામાં પ્રવેશી શકતી નથી; તેલનાં ટીપાં પાણીના દળમાં પ્રવેશતાં નથી, ઉપર-ઉપર જ રહે છે તેમ. દૃષ્ટિ પોતે પર્યાય છે, તેનો વિષય ધ્રુવ તળ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'**

દૃષ્ટિ તળ ઉપર છે તેથી દૃષ્ટિરૂપ પર્યાય—પરિણતિ તળ સાથે એકમેક—અભેદ થઈ ગઈ છે એમ કહેવાય. ખરેખર પર્યાય એકમેક એટલે કે દ્રવ્ય નથી થઈ જતી; પણ દૃષ્ટિ પહેલાં ધ્રુવ તળ ઉપર નહોતી તે હવે ધ્રુવ તળ ઉપર એકાગ્ર છે તેથી તેને તળમાં એકમેક થઈ ગયેલી કહેવાય છે.

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૪

તા. ૯–૬–૭૮

## વચનામૃત—૧૨ (ચાલુ)

૧૨ મો બોલ ચાલે છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. શું કહે છે? કરવાનું આ જ છે. વસ્તુ અંદર ધ્રુવ તળ છે, અને જે પર્યાય છે તે ઉપર-ઉપર છે. વસ્તુ એટલે કે દ્રવ્ય; તે ત્રિકાળ ધ્રુવ, પરિપૂર્ણ, અશુદ્ધતા રહિત, પર્યાય વિનાની ચીજ છે. તેના ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય છે. આવી, તત્ત્વની એકદમ ઊંડી વાત છે ને! કરવું શું? તો આ કરવું: પર્યાયભેદનું લક્ષ છોડી અંદર ત્રિકાળી તળિયું—ધ્રુવ પડયું છે તેને દૃષ્ટિમાં લેવું. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તેનો ઉપયોગ ગમે તે ઠેકાણે—બહારમાં—જાય પણ તેને અંદર આશ્રય તળનો જ છે, રુચિનું જોર પરિપૂર્ણ વસ્તુ ઉપર જ છે. ધ્રુવની દૃષ્ટિ કહો, દ્રવ્યની દૃષ્ટિ કહો કે સામાન્યનું જોર કહો—બધાંનું ધ્યેય ત્રિકાળી અખંડ શુદ્ધ ચૈતન્ય છે. એ ધ્રુવ તળિયામાં જવા માટે કોઈ વ્યવહારની અપેક્ષા નથી.

'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'

વર્તમાન પર્યાયને ધ્રુવ તળ તરફ વાળી તેને ધ્રુવ સાથે એકમેક થઈ—અભેદ થઈ એમ કહેવાય છે. ધ્રુવનું લક્ષ ચૂકીને પર્યાય રાગાદિમાં—બહારમાં—ભમતી હતી તેને ધ્રુવ સ્વભાવ બાજુ વાળી—એ પર્યાય એકમેક થવાનો અર્થ છે. પર્યાય—પલટતો અંશ કાંઈ ધ્રુવ થઈ જતો નથી, પરંતુ પર્યાય ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરે છે તેથી અભેદ થઈ એમ કહ્યું. અહા! આ તો સાદી ભાષા છે. આત્મા વસ્તુ છે, એમાં બે અંશ છે. એક પર્યાય-અંશ—પલટતો અંશ છે, ને એક એકરૂપ તળ ધ્રુવ-અંશ છે. અહીં પર વસ્તુની કાંઈ વાત નથી. પર્યાયમાં ધ્રુવ આવતું નથી એટલે કે ધ્રુવ પર્યાયરૂપ થઈ જતું નથી; તેથી ધ્રુવને ત્રિકાળી તળ-દ્રવ્ય-સામાન્ય કહેવામાં આવે છે. વર્તમાન અવસ્થા ધ્રુવ ઉપર ગઈ—દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ—તળ ઉપર દૃષ્ટિ થઈ તેથી તે પર્યાયને તેમાં અભેદ—એકમેક થઈ એમ કહેવાય છે.

ત્રિકાળી ધ્રુવ તળ છે તે જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. જેને ધર્મ કરવો છે તેણે ભૂતાર્થ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. દૃષ્ટિ પ્રગટ થતાં દ્રવ્ય કંઈ નવું પ્રગટતું નથી, દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે વસ્તુપણે તો છે જ. તેના તરફની દૃષ્ટિ થઈ, શ્રદ્ધામાં તેનો સ્વીકાર થયો, એટલે એની પર્યાયમાં દ્રવ્ય પ્રગટ્યું એમ પણ કહેવાય. ત્રિકાળી દ્રવ્યમાં જેવું સામર્થ્ય છે તેવું પર્યાયમાં પ્રગટ થયું તેથી દ્રવ્ય પ્રગટ થયું એમ કહેવાય.

પ્રભુ! તું વસ્તુ છે કે નહિ? વસ્તુ આખી છે તે શું એક સમયની પર્યાયમાં આવી જાય છે?—પલટતી પર્યાયમાં આવે? એકરૂપ રહેલી ચીજ પલટતી અવસ્થામાં કેમ આવી જાય? પલટતી અવસ્થામાં તો તેનું શ્રદ્ધાન ને જ્ઞાન આવે. બરાબર છે ને? તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તે અપેક્ષાએ એમ કહેવાય કે દ્રવ્ય પ્રગટ્યું. પર્યાયમાં દ્રવ્યને માન્યું નહોતું, તેથી એને દ્રવ્ય નહોતું. દ્રવ્ય તો છે ભલે, પણ એને ક્યાં હતું? એ તો પર્યાય જેટલું જ દ્રવ્ય માનતો હતો. અહા! આકરી વાત છે પ્રભુ! જૈન માર્ગ બહુ આકરો! વીતરાગમાર્ગને લોકોએ અત્યારે વીંખી નાખ્યો છે. બધેય એમ જ છે. તોપણ અત્યારે હજારો સાંભળવા ને વિચારવા તૈયાર થઈ ગયા છે કે આ શી ચીજ છે!

સર્વજ્ઞ જિનેંદ્ર સિવાય જેટલા મતો છે તેમનામાં સર્વજ્ઞસ્વભાવી જીવતત્ત્વની પણ સાચી પ્રતીતિ નથી. સર્વજ્ઞસ્વભાવ વસ્તુનું તળ છે. તેની દૃષ્ટિ થતાં પર્યાય તળ સાથે—ધ્રુવ સાથે—એકમેક થઈ એમ કહેવામાં આવે છે. તેથી કંઈ દ્રવ્ય ને પર્યાય એક થઈ જતાં નથી. પર્યાય રાગમાં ને ગુણભેદમાં રોકાતી હતી, તે હવે દ્રવ્યસ્વભાવમાં રોકાણી એટલે દ્રવ્ય સાથે એકરૂપ થઈ ગઈ–એમ કહેવાય છે.

અહા! હિન્દી વચનામૃત-પુસ્તક હજી બહાર આવ્યું નહિ!

**'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'**

વસ્તુ જેમ સહજ છે તેમ એની દૃષ્ટિ પણ સહજ છે. ચૈતન્યસ્વરૂપ જે ધ્રુવ છે તેમાં સ્વાભાવિક દૃષ્ટિ છે, સહજ દૃષ્ટિ છે; કૃત્રિમ કાંઈ કરવું છે–એમ નથી. લોકો અહીંની વાતો ઉડાડે છે કે વ્યવહારની તો કાંઈ વાત જ કરતા નથી. ભાઈ! વ્યવહારની વાતો શું કરે? વ્યવહાર હોય છે, પણ તેનો વિષય સંસાર છે. પર્યાયમાં અશુદ્ધતા છે, ભેદ છે, ગુણ અનેક છે;—એ તો જાણવાલાયક વિષય છે. વ્યવહારનયનો વિષય નથી એમ કહે તે એકાંત છે, અને વ્યવહારનયથી ધ્રુવ જણાય-પમાય એ પણ મિથ્યા એકાંત છે.

અહા! આવી વાત! શું છે? ભાઈ! વ્યવહાર ને નિમિત્તથી લાભ માનવા જઈશ તો વસ્તુસ્વરૂપ હાથ નહિ આવે. વસ્તુના પરિણમનને પરની અપેક્ષા નથી; કેમ કે વસ્તુમાં અકાર્ય-કારણત્વ નામની શક્તિ ત્રિકાળ છે. તેથી આત્માના ધર્મરૂપ કાર્યને માટે રાગ ને વ્યવહારની અપેક્ષા નથી; અને વસ્તુનો જે મૂળ સ્વભાવ છે તે રાગ ને વ્યવહારનુ કારણ નથી. અહા! આવી ચીજ છે! ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી.'**

અહીં એમ કહે છે કે, ઉપયોગ જ્યારે આનંદની અનુભૂતિમાં હોય કે બહાર હોય—વિકલ્પમાં આવી જાય, શુભ ને અશુભ કોઈ રાગમાં પણ આવી જાય—ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. આખા ધ્રુવ ઉપર જ એનું પરિણમન થઈ ગયું છે. જ્ઞાનીને શુભ કે અશુભ રાગ આવે, છતાં ધ્રુવ ઉપરની દૃષ્ટિ કદી ખસતી નથી. દૃષ્ટિમાં ધ્રુવને જે પકડયું છે, ત્યાં તે અંદર રહી ગયો છે.

દૃષ્ટિ બહાર જતી જ નથી. ઉપયોગ ભલે શુભ-અશુભમાં જાય, પણ દૃષ્ટિ બહાર જતી જ નથી. દૃષ્ટિનો વિષય જે ધ્રુવ ભગવાન, એનો આશ્રય લીધો એ લીધો.

**'જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે.'**

અનાદિથી જે, પર્યાયમાં પહોંચેલ છે એ તો અંશમાં પહોંચેલ છે; એ તો અજ્ઞાની છે. ધર્મી જીવ ધ્રુવ પાતાળમાં પહોંચી ગયા છે. અસંખ્ય પ્રદેશ ઉપરની જે પર્યાય તે અંતરના પાતાળમાં—ધ્રુવમાં ગઈ છે. અહા! જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય, અને કેવળજ્ઞાન થઈ જાય એવી આ વાતો છે! ચૈતન્યના તળિયાને પકડતાં અંદર શ્રદ્ધા-અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટયું, એટલે કે સ્વભાવે સર્વજ્ઞપણું માન્યું નહોતું તે માન્યું. એ અંદરમાં જઈને, એકાગ્રતાની ધૂન લગાડીને કેવળજ્ઞાન પ્રગટ કરશે—જરૂર પ્રગટ કરશે. ચૈતન્યનાં તળિયાં જેણે જોયાં એની પર્યાયમાં ચૈતન્યની પૂર્ણ દશા પ્રગટે જ. અહા! પાતાળમાં જેણે પાણી જોયાં તેને પાણીની શેડ ફૂટશે જ—નીકળશે જ.

આવો મારગ છે. ધ્રુવ ગુફા છે અસંખ્યપ્રદેશી, ને તેની પર્યાય છે અસંખ્ય-પ્રદેશી; તે અસંખ્યપ્રદેશી પર્યાયની પાછળ ત્યાં જ ધ્રુવ છે; ત્યાં—ચૈતન્ય ભગવાન આત્માના ધ્રુવ પાતાળમાં—જ્ઞાની પહોંચી ગયા છે. જ્ઞાની આનંદમૂર્તિ ધ્રુવ જ્ઞાયકની ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે. સાધનાની સહજ દશા સાધેલી છે. સાધનાની સહજ દશા સ્વરૂપની પૂર્ણતાનું—કેવળજ્ઞાનની પ્રાપ્તિનું—સાધન છે. સ્વરૂપસાધનાની એ સહજ દશા જ્ઞાનીએ સાધી છે. અહા! બારમો બોલ! એકેક શબ્દે એકલું માખણ છે!

—o—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૧૩

**'હું જ્ઞાયક ને આ પર', બાકી બધાં જાણવાનાં પડખાં છે. 'હું જ્ઞાયક છું, બાકી બધું પર'—આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. ૧૩.**

**'હું જ્ઞાયક ને આ પર', બાકી બધાં જાણવાનાં પડખાં છે.**

એકલો પ્રભુ જ્ઞાયક, ધ્રુવ, પૂર્ણ અસ્તિવાળું તત્ત્વ—પૂર્ણ સત્તાવાળું, પૂર્ણ હયાતીવાળું જ્ઞાયકતત્ત્વ—તે હું છું, ને આ પર—રાગથી માંડીને શરીર આદિ બધું પર—છે; આ બે જાણ્યાં તેણે બધું જાણ્યું. વસ્તુસ્થિતિ આ છે. એક કોર રામ—પ્રભુ જ્ઞાયક, ને એક કોર ગામ—રાગથી માંડીને બધું પર. રાગ, શરીર, ઇંદ્રિયો ને તેના વિષયો, અનંત સિદ્ધો ને અનંત નિગોદો એ બધું પર છે, ને અંદર જાણનારો જ્ઞાયક ભગવાન આત્મા તે સ્વ છે. એમાં બધું આવી જાય છે; બાકી બીજાં બધાં જાણવાનાં પડખાં છે.

સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં કહ્યું છે: આત્મા—જ્ઞાયકભાવ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર જે સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે. આત્મા ખરેખર વસ્તુપણે પ્રમત્ત-અપ્રમત્ત નથી, કારણ કે તે શુભ-અશુભ ભાવપણે થયો નથી. પર્યાયમાં તો શુભ-અશુભપણે થાય છે; પરંતુ ત્રિકાળી જ્ઞાયક ભાવ જો શુભ-અશુભ ભાવોરૂપ થાય તો તે જડ થઈ જાય; કેમ કે જ્ઞાયક તો જાણનસ્વભાવી ચૈતન્યપ્રકાશનું પૂર છે અને શુભાશુભ ભાવો તો, જેમાં ચૈતન્યના અંશનો અભાવ છે એવો વિભાવ છે, અજ્ઞાન-અંધકારરૂપ છે એટલે કે ચૈતન્યથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી જડ છે. જ્ઞાયક તે-રૂપ થાય તો જડ થઈ જાય, પણ તે-રૂપ થતો નથી; તેથી તે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન 'શુદ્ધ' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી સૂક્ષ્મ વાતો બહાર ન ચાલે. બહાર તો કોક દી ગયા હોઈએ. અહીં સોનગઢમાં તો બધું ચાલે.

નાઇરોબીમાં પંદર લાખ રૂપિયાના ખર્ચે મંદિર તૈયાર થાય છે, તેની પ્રતિષ્ઠાનું મુરત છે. કરોડો રૂપિયાનાં મંદિરો થયાં, કરોડો રૂપિયા અહીં નખાયા, કરોડો રૂપિયાનાં પુસ્તકો છપાયાં, કરોડો રૂપિયા મહેમાનોની ભોજન-વ્યવસ્થામાં ખર્ચાયા, બબ્બે વાર ઉત્તર-દક્ષિણની યાત્રાઓમાં અનેક લાખો ખર્ચાયા; પણ એ બધી બહારની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાતો છે. જાય કોણ ને આપે કોણ? એ તો જડની ક્રિયા થવાની હોય તો થાય; તે પ્રકારનો શુભ રાગ આવે, છતાં અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દૃષ્ટિ ખસે નહિ. અંદર સ્વભાવની દૃષ્ટિ હોય—શુદ્ધિ હોય—તો તે યાત્રા વગેરેના ભાવ વ્યવહાર કહેવામાં આવે છે. પણ યાત્રા ધરમ છે, વ્રત ધરમ છે એમ શુભ રાગને ધરમ માને તો તો તે મિથ્યાદૃષ્ટિ છે. આ વાત માણસોને આકરી પડે છે. માર્ગ તો આવો છે બાપુ!

ભાઈ! જન્મ-મરણ અને તેનાં દુઃખોથી રહિત થવા માટે માર્ગ અંદર જુદો છે. બહારમાં અબજો રૂપિયા પડયા હોય, પણ શરીરમાં મોટા મોટા રોગ આવે, આમતેમ ટળવળે, ન્યૂમોનિયા થાય, શ્વાસ ઉપર લેવા જાય ત્યાં રાડ નાખે—એ બધું અહા! એક દી આવશે. શરીર ને સંપદા છોડીને પરલોકમાં ચાલ્યો જશે. 'એક દિવસ એવો આવશે, જાણે જન્મ્યા જ નહોતા જી...' એક કાળ એવો આવશે કે તારું કરેલું બધું અહીં પડયું રહેશે. જ્યાં જે છે તે ત્યાં જ પડયું રહેશે, ને તું ત્યાંથી ચાલ્યો જઈશ. ધ્રુવ જ્ઞાયક સ્વભાવની સાધના સાધેલી હશે તો તે સાથે આવશે.

અહીં તો કહે છે કે, એક કોર હું જ્ઞાયક ને એક કોર પર્યાયથી માંડીને બધું પર; એક કોર રામ ને એક કોર ગામ. એક બાજુ સર્વોત્કૃષ્ટ વસ્તુ—જ્ઞાયક...જ્ઞાયક... જ્ઞાયક, જાણનાર-સ્વભાવી પ્રભુ ભગવાન આત્મા, અને એક બાજુ રાગ, અધૂરી પર્યાય, શરીર—મન-વચન-કાય—વગેરે બધું પર. આ બેમાં બધું આવી ગયું; બાકી બધાં જાણવાનાં પડખાં છે.

**'હું જ્ઞાયક છું, બાકી બધું પર'—આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે,...**

જાણવાનાં પડખાંમાં અનેક પ્રકાર આવે છે: વ્યવહાર આવો હોય, નિમિત્ત આવું હોય, ફલાણું આવું હોય ને ઢીકણું આવું હોય. એ બધા જાણવાના પ્રકાર છે. જાણનાર જ્ઞાયક તે હું અને બાકી બધું પર—એ બરાબર સમજીને હું જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણસ્વભાવી, ધ્રુવ દ્રવ્ય—જેમાં જ્ઞાન આદિ શક્તિઓનો પાર નથી એવું અનુપમ તત્ત્વ—છું અને બીજું બધું પર છે—એમ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે. એમાં નિશ્ચય અને વ્યવહાર વગેરે બધું આવી ગયું. અહા! આ તો ગુજરાતી ભાષા છે, બહુ સાદી ભાષા છે.

ઘણા વખતથી લોકોની માગણી હતી ને! કે વચનામૃત ઉપર પ્રવચન આપો; પણ ભાઈ! બધાના હાથમાં પુસ્તક આવી જાય તો ઠીક પડે. હજી તોય પાછું હિન્દી તો હાથમાં આવ્યું નથી.—સવા ત્રણ મહિના થયા બહારમાં (વિહારમાં) તોય. ઘણું કહ્યું રામજીભાઈને, પણ એ બનવાનો યોગ નહોતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ જ્ઞાયકપણું તે હું અને એ સિવાય બધું પર, એમ એક ધારાએ—એક જ પ્રકારે—અંદરથી ઊપડે તો એમાં બધું આવી જાય છે.

એણે ઉપર-ઉપર પર્યાયમાં જ રમતું માંડી છે. એણે એક સમયની પર્યાયની જ રમત માંડી છે.

પર્યાય વિનાનું આખું જે ધ્રુવ દ્રવ્ય તે ઓઝલમાં રહી ગયું. જે અંદર નજરે જોવાની જરૂર છે તે ઓઝલમાં રહી ગયું.

**...'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે.'**

પર્યાયમાંથી ખસીને અંદરમાં જતો નથી, અને કરવા ધારતો નથી; કરવા ધારે તો થયા વિના રહે જ નહિ. આ તો આખી દિશા ફેરવવાની વાત છે. પર્યાય ઉપર જે દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, એ સંસારદૃષ્ટિ છે; એ દૃષ્ટિને અંતર ધ્રુવ તરફ લઈ જવી. અહા! જ્ઞાયકતત્ત્વ—ચૈતન્ય તેજ—એ જ હું છું; પૂર્ણ સ્વભાવથી ભરેલું સત્ત્વ છે તે જ હું છું-એમ ઊંડો ઊતરતો જ નથી, એમ અંદરમાં જવાનું કરવા ધારતો નથી, તેથી અઘરું-આકરું લાગે છે.

—o—

## વચનામૃત—૧૪

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે. પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે. ૧૪.**

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે.**

હું છું, 'અસ્તિ' છું, મોજૂદગીવાળી ચીજ છું, હયાતી ધરાવનારી સત્તા છું, હોવાપણે રહેનાર એક વસ્તુ છું, એમ પોતાથી પોતાને—રાગથી નહિ, નિમિત્તથી નહિ, પણ પોતાથી પોતાને—અસ્તિત્વનું જોર આવે, 'હું છું' એમ નિજ અસ્તિત્વનું જોર આવે એટલે કે કાયમ હોવાપણે 'હું છું' એવું જોર અંદરમાં આવે, પોતે પોતાને ઓળખે. અહા! બહુ સાદી ભાષા!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે પોતાને ઓળખે તો સમ્યગ્દર્શન થાય. પરને પોતાનું કરવું હોય તો કરી ન શકાય. ખરેખર તો રાગને પોતાનો કરવો હોય તો કરી ન શકાય; કેમ કે એક સમયની પર્યાય કૃત્રિમ છે. પોતે પોતાના સ્વરૂપે છે, તેના અંતરમાં જવું તે કરી શકાય છે. પોતે પોતાને ઓળખી શકે છે.

**'પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે.'**

પહેલાં એના ખ્યાલમાં 'આ છે...છે...છે, વસ્તુ છે' એવું ઉપર-ઉપરથી એટલે વિકલ્પથી બાહ્ય જ્ઞાનની પર્યાયમાં પણ આવે. શું કહ્યું એ? અંદર હું ચીજ છું એવું પોતાથી પોતાને પોતાના હોવાપણાનું, અસ્તિત્વનું, સત્તાનું, મોજૂદગીનું જોર આવે ને જાણે કે અરે! આ મૂળ ચીજ છે તે તો સમજવી રહી ગઈ! વાતો કરે બધી ઉપરની, જિંદગીઓ પૂરી કરી નાખી, વ્રત પાળ્યાં, સામાયિક કરી, પરંતુ અંદર વસ્તુ આખી પરમાત્માસ્વરૂપ છે તેના હોવાપણાનું પર્યાયમાં જોર આવ્યું નહિ ત્યાં સુધી અંતરમાં જઈ ક્યાંથી શકે? અંદરમાં ગયા વિના એનું તળિયું હાથ નહિ આવે; અને હાથ આવ્યા પછી પણ અંતરમાં—આનંદમાં—રમવા માંડે તેને ચારિત્ર કહેવાય છે. લોકો તો બહારની વ્રતાદિની ક્રિયામાં ને લૂગડાં છોડી દીધાં તેને ચારિત્ર કહે છે. ભાઈ! એમાં ધૂળે ય ચારિત્ર નથી. જીવ છેતરાઈ ગયો છે અનાદિથી.

પોતાની સત્તા ત્રિકાળ છે—એવું હોવાપણાનું જોર પહેલાં ઉપર-ઉપરથી આવે, પછી ઊંડાણમાંથી—અંદરમાંથી આવે. નિર્ણય કરવાનો પહેલાં વિકલ્પ હોય ખરો. સમયસારની ૭૩ મી ગાથાની ટીકામાં કહ્યું છે: ...પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું—એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

પહેલાં વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. હું એક, અનાદિઅનંત, અનંત ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી ચીજ છું. જેનો આદિ ને અંત નથી, વર્તમાન નિત્ય સ્વભાવથી ખાલી નથી, પ્રગટરૂપ છે જેનો નિજ સ્વભાવ, એવો હું એક પરમ પદાર્થ છું—એવો ઉપર-ઉપરથી એટલે કે વિકલ્પથી પહેલાં નિર્ણય કરે. પાંચે ઇંદ્રિયોના વિષયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષમાંથી છોડી દઈ એકલો પહેલાં માનસિક વિકલ્પથી નિર્ણય કરે. હજી એમાંય પણ ધીરજ ને નિવૃત્તિ કેટલી જોઈએ છે! એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. અંતરમાં જવાની ઉગ્રતા હોય—પુરુષાર્થની, તો વિકલ્પ તૂટીને અંતરમાં જવાનું સહજરૂપે જોર આવે. અંદરમાં જવાનો ભાવ હોય તો વિકલ્પ તૂટીને અંતરનું સ્વાભાવિક જોર આવે. અહા! અમૃત રેડયાં છે એકલાં! ભાષા સાદી—અમૃત છે. મધ્યસ્થપણું જો હોય તો એક વાર તો ગર્વ ઉતારી નાખે એવી વાત છે.

'મારું તત્ત્વ અસ્તિપણે છે' એવું પહેલાં વિકલ્પથી જોર આવે, પછી વિકલ્પ તૂટીને અંદરમાં ભાવના જોરદાર હોય એટલે સહજ જોર આવે. અહા! આવો ઉપદેશ ને આવી વાણી!

**'ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.'**

નિશ્ચય એટલે સત્ય; વ્યવહાર એટલે આરોપિત વાતો. ભાવનાની ઉગ્રતા એટલે શું? વસ્તુ પૂર્ણ સ્વરૂપ છે—એમ તેના અસ્તિપણાનું સહજરૂપે જોર આવતાં અંતરમાં ભાવનાની ઉગ્રતાથી—ભાવ તો ત્રિકાળ વસ્તુ છે પણ તેની વર્તમાન દશામાં, વિકલ્પથી નહિ, નિર્વિકલ્પ ભાવનાના જોરથી—સાચું આવવાનો અવકાશ છે. ઉગ્રતા હોય, અંતરનાં તળિયાં લેવાનો—તળ તપાસવાનો—ભાવ જોરદાર હોય, તો સાચું આવવાનો—સત્ય સ્વરૂપ પ્રગટ થવાનો—ત્યાં અવકાશ છે.

અહા! આવી સાદી ગુજરાતી ભાષામાં પુસ્તક કેવું બહાર આવ્યું! ગુજરાતી અને હિન્દી એમ બે ભાષામાં થયું, હજુ બીજી અનેક ભાષામાં થશે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે એવી આ વાત છે બાપુ! આ વાત એવા કોઈ કાળે આવી ગઈ છે! વચનામૃત પુસ્તક હાથમાં આવ્યું ત્યારે મેં કહ્યું: આ પુસ્તક એક લાખ છપાવાં જોઈએ. રામજીભાઈએ કહ્યું: સવા લાખ છપાશે. અહા! વસ્તુ તો જુઓ! વીતરાગતાના ભાવનું કેવું રટણ ને લઢણ છે! દુનિયા દુનિયાનું જાણે.

૧૩ મા બોલમાં આવ્યું ને! કે 'હું જ્ઞાયક ને આ પર'. ત્યાં જ્ઞાયકનો અર્થ એ કે પરને—ગમે તે સ્થિતિ, અવસ્થા આદિ હોય તેને—પર તરીકે જાણનારો છું. પરને પર તરીકે જાણું છું એ પણ વ્યવહાર છે, કેમ કે પરને જાણવારૂપ પર્યાય પણ પોતામાં પોતાથી થાય છે. સમયસારની છઠ્ઠી ગાથાના ચોથા ચરણમાં આવ્યું ને!— 'णाओ जो सो उ सो चेव।' જ્ઞાયકપણે જાણવામાં આવ્યો તે તો તે જ (જ્ઞાયક જ) છે. ખરેખર તો જ્ઞાયક છે એમ જે જાણ્યું—એમાં પર છે તે મારામાં નથી, છતાં પર છે એવું જે જ્ઞાન થયું—તે જ્ઞાન જ આત્માનું કાર્ય છે અને આત્મા જ તે જ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તા છે. જણાવાયોગ્ય ચીજ છે તેને જાણે છે, પણ જાણવારૂપ ભાવનો પર ચીજ કર્તા નથી. પરંતુ જે જ્ઞાન થાય છે તે પણ જ્ઞાનની પોતાની શક્તિના સામર્થ્યને લઈને થાય છે, કર્તા-કર્મ-કરણ વગેરે પોતાના ષટ્કારકથી થાય છે; તે જ્ઞાનપર્યાય જ્ઞેયની—પરની—અપેક્ષા રાખતી નથી.

અહા! આવી ચીજ છે! ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવનો એ પોકાર છે નાથ! આત્મા નાથ છે ને!

અહીં કહે છે ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો—સત્ય સ્વરૂપ પ્રગટવાનો—અવકાશ છે. ૧૪ મો બોલ પૂરો થયો.

તા. ૧૯-૯-૭૧

ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. ....હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૫

તા. ૧૦–૬–૭૮

## વચનામૃત—૧૫

**તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી! ૧૫.**

**'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે!'**

આ ૧૫ મા બોલમાં વાણીની વાત છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર શ્રી તીર્થંકરદેવને દિવ્યધ્વનિ—પ્રધાન અવાજ—છૂટે છે તે જડ છે, તેમાં કાંઈ ચૈતન્યના ભાવ ભર્યા નથી.

પ્રશ્ન:—પણ નિમિત્તનૈમિત્તિક સંબંધ તો છે ને?

ઉત્તર:—નિમિત્તનૈમિત્તિક સંબંધનો અર્થ શો? વાણીમાં કાંઈ સર્વજ્ઞના ગુણો—અમૂર્તિક ભાવો—ભર્યા નથી. વાણીમાં તો સ્વ-પરને કહેવાની શક્તિના ભાવ ભર્યા છે, પણ છે એ જડરૂપે. છતાં શ્રીમદ્‌માં આવે છે:

'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ;'

પરમ શાંતરસસ્વરૂપ, પ્રભુ અમૃતસ્વરૂપ, ભગવાન શુદ્ધ જ્ઞાનસિંધુ, સુખસિંધુ, એ તો જીવનો ભાવ છે, પણ વીતરાગની વાણીમાં નિમિત્ત તરીકે સુખસિંધુને કહેવાના ભાવ છે. પરમશાંતરસસ્વરૂપ સુખસિંધુનો કોઈ અંશ વાણીમાં નથી, પણ વાણીમાં સુખસિંધુને—સ્વ-પરને—કહેવાની શક્તિ છે.

અહા! તીર્થંકરની વાણી જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! દિવ્યધ્વનિ છે તો જડની—ભાષાવર્ગણાની પર્યાય, તોપણ તીર્થંકરની કહેવી તે નિમિત્તનું કથન છે. આત્મા સુખસિંધુ, ચૈતન્યસિંધુ, અનંત ગુણોનો દરિયો છે, પ્રભુ! તેના ભાવનાં તળિયાં ઊંડાં બહુ! તે ઊંડા ભાવોને બતાવનારી જિનેશ્વરી વાણી છે. 'વાચકવાચ્ય-નિયોગ'—વાચક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે શબ્દો છે, અને વાચ્ય એ ભાવ છે. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તીર્થંકર ભગવાન જ્યારે સર્વજ્ઞ પરમાત્મા થાય છે ત્યારે વાણીમાં નિજ શક્તિથી સ્વપરની વાર્તા કહેવાની શક્તિવાળા પર્યાયો પ્રગટે છે. ભગવાન પોતે તો અલૌકિક વસ્તુ છે જ, પણ એમની વાણીને પણ એવી ઉપમા આપી છે કે—

**'અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ!'**

ભગવાન આત્મા અંદર છે તો ચૈતન્યસ્વરૂપ; તેને બતાવનારી વાણી જડ છે, તેમાં જ્ઞાન કે સુખની ગંધ નથી, છતાં તેને અમૃતવાણી કહી. નિમિત્ત તરીકે જ્ઞાનામૃતને બતાવનારી છે ને! દેહદેવળમાં બિરાજમાન આ ભગવાન આત્મા—ચાહે તો બાળક હો, વૃદ્ધ હો, પુરુષ હો કે સ્ત્રી હો—તે તો અતીન્દ્રિય જ્ઞાનાનંદનો દરિયો છે. અરે! પોતાની એવી મોટપ એને કઈ રીતે બેસે? અનાદિથી પામરતા માની છે ને! એ પ્રભુ આત્માને બતાવનારી અમૃતવાણી છે તો જડ, પણ તેને સાંભળવા ભગવાનના સમવસરણમાં વાઘ, સિંહ, નાગ, ઇંદ્રો ને ગણધરો તલસે છે. એ વાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ. ભગવાનની વાણીની અચિંત્ય મીઠાશ જોઈને દ્રાક્ષો જંગલમાં ચાલી ગઈ. અહા! કેવી ઉપમા આપી છે!

પ્રશ્ન:—પહેલાં ગામમાં હતી, તો ચાલી ગઈ ને?

ઉત્તર:—આ તો ઉપમા આપી છે. ત્રણ લોકના નાથ શ્રી જિનેશ્વરદેવ કે જેને હોઠ હાલ્યા વિના, કંઠ ધ્રૂજ્યા વિના, 'ૐ' એવી નિરક્ષરી ધ્વનિ ઊઠે—ઉપદેશામૃતની ધારા વહે, તેની તે વાણીની મીઠાશ જોઈને દ્રાક્ષો—અહા! ક્યાં આ વાણીની અદ્‌ભુત મીઠાશ ને ક્યાં અમારી તુચ્છ મીઠાશ! એમ શરમાઈને—વનવાસમાં ચાલી ગઈ.

અને ભગવાનની વાણીની મીઠાશ આગળ શેરડી પણ અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ. એ વાણી વસ્તુસ્વરૂપ સમજવામાં નિમિત્ત છે. એ વાણી ભગવાનને જ હોય, બીજાને—અજ્ઞાનીને—હોય નહિ. શાંતરસથી ભરેલો, વીતરાગમૂર્તિ, પ્રભુ આત્મા અંદર છે તેને બતાવનારી ભગવાનની વાણી છે.

શ્રીમદે કહ્યું છે કે—

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગનાં વચનામૃત પરમ શાંતરસનું કારણ છે ને ભવરોગ નાશ કરવાનું ઔષધ છે—એ નિમિત્તથી કથન છે. ચોરાશી લાખ યોનિના અવતાર કરી કરીને અનાદિથી તું દુઃખી છો ભાઈ! તને તેની ખબર નથી. બહારની સગવડને—ઊજળાં ગામ, ઊજળાં મકાન, ઊજળું શરીર, ઊજળાં કપડાં, ઊજળા દાગીના, ઊજળું કુટુંબ, ઊજળા પૈસા—એ મસાણના ભભકાને—દેખીને તેની મહિમામાં પોતાની મહિમા ભૂલી ગયો કે હું કોણ છું! તે આત્મસ્વરૂપને બતાવનારી જિનેન્દ્રવાણીની મીઠાશ આગળ શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ!

જેનું શરીર પરમ-ઔદારિક છે, જેને જ્ઞાન-આનંદ આદિ બધી શક્તિઓ પૂર્ણ વિકસિત થઈ ગઈ છે, એવા ત્રિલોકીનાથ જિનેશ્વરદેવ પરમાત્માને દેહમાં વાણી પણ પરમ-અમૃત જેવી નીકળે છે.

પ્રશ્નઃ—જૈનના બીજા સંપ્રદાયમાં તો ભગવાનને બીજી રીતે માને છે!

ઉત્તરઃ—તે લોકોને ફેરફાર થઈ ગયો છે. તીર્થંકર પ્રભુને તો જન્મે ત્યારથી શરીર પરમૌદારિક થઈ ગયું હોય છે, જન્મે ત્યારથી રોગ ન હોય, ઝાડો-પેસાબ ન હોય. તીર્થંકર કોને કહે બાપુ! એ વસ્તુ કોઈ જુદી જ છે. લોકોએ સાધારણ માણસ જેવા કલ્પી લીધા છે. લોકો ગાય છે ને—'માણસે પ્રભુ! તને માણસ જેવો મનાવ્યો...'

દેહની અંદર, છતાં દેહ આદિથી જુદો, આત્મા પ્રભુરૂપે બિરાજે છે. તે આનંદનો—અમૃતનો—સાગર છે, સ્વયંભૂ સુખસિંધુ છે. તું એવડો મહાન છો—એ તને ખબર નથી. એવા અમૃતના સાગરને બતાવનારી વાણી પણ અમૃત કહી દીધી. જિનેશ્વરદેવની એ વાણી કોઈ અલૌકિક છે.

**...'આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી!'**

ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ શ્રી સીમંધર પરમાત્મા હાલ બિરાજે છે મહાવિદેહમાં; મહાવીર આદિ તો સિદ્ધ થઈ ગયા—'णमो सिद्धाणं' પદ પામી ગયા. મહાવિદેહમાં ૨૦ તીર્થંકર બિરાજે છે તે 'णमो अरिहंताणं' પદમાં છે. એમના આત્માની શી વાત કરવી! આ, વાણીવાળા અરિહંત લીધા છે; સિદ્ધને—અશરીરી પરમાત્માને—વાણી હોતી નથી.

અંદર ભગવાન આત્મા કોણ છે? દેહનાં રજકણ તો માટી છે. ભગવાન આત્મા તો ચૈતન્ય, આનંદ ને શાંતિના રસથી ભરેલો છે. બધા આત્મા આવા જ છે. અરે! એને કે દી પોતાની મોટપની ખબર મળે! આવા ભગવાન આત્માને બતાવનારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનેન્દ્રવાણીની મીઠાશ દેખી દ્રાક્ષ વનમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડી પિલાઈ ગઈ. ભગવાનની વાણીનો આવો મહિમા, તો એમના આત્માના મહિમાની તો શી વાત કરવી! પ્રભુને આત્મા પરમાત્મસ્વરૂપે પ્રગટ થઈ ગયો છે. એનો આત્મા એવો—તે એની વાણીને લઈને નથી, પણ પોતાના સ્વરૂપને લઈને છે. સ્વરૂપ એવું પ્રગટ્યું છે તેથી વાણી એવી છે એમ પણ નથી. સ્વરૂપ સ્વરૂપના કારણે છે અને વાણી વાણીના કારણે નીકળે છે, બાપુ!

હું તો આત્મા છું, જ્ઞાન ને આનંદથી ભરેલો સ્વયંભૂસિંધુ છું. અહા! મારાં તળિયાં લેનારાને સમ્યક્ આનંદનો સ્વાદ આવે એવો હું ભગવાન છું. અંદર ધ્રુવ તત્ત્વ જેણે સ્પર્શ્યું છે તેને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં—અનુભવમાં—પ્રમાણ, નય ને નિક્ષેપ લાગુ પડતાં નથી. એ તો વસ્તુને સિદ્ધ કરવા માટે બાહ્ય જ્ઞાનના નિમિત્ત તરીકે છે. ભગવાન આત્મા અંતરના ઉપયોગમાં જ્યારે જાય છે ત્યારે અનુભવમાં ત્યાં આગળ પ્રમાણ, નય ને નિક્ષેપની ગંધ પણ હોતી નથી. રાગાદિ ઉદયની તો ગંધ નથી પણ પ્રમાણ આદિના વ્યવહારની પણ ગંધ હોતી નથી. પૂર્ણાનંદના નાથના અનુભવકાળમાં તે વિકલ્પો હોતા નથી, તો પૂર્ણાનંદનો નાથ જ્યાં પૂર્ણ પરમાત્મપણે પ્રગટ થયો એના મહિમાની તો શી વાત કરવી! અરે! પોતાના સ્વરૂપનું માહાત્મ્ય કેટલું છે એ સાંભળ્યું નહિ—સમજ્યો નહિ અને બહારમાં ને બહારમાં રોકાઈ ગયો! બે-પાંચ લાખ ખરચે, વર્ષીતપ કરે, યાત્રા કાઢે, ઉપધાનમાં માળા પહેરાવે—આ બધું મેં કર્યું એમ જાણે ને માને. અરે ભાઈ! તેં એ કાંઈ કર્યું નથી; એ બધી ક્રિયાઓ તો રાગની છે.

અહા! જ્યાં ભગવાનની વાણીનો મહિમા આવો! તો ભગવાનના આત્માના અંદરના મહિમાની તો શી વાત કરવી! એ મહિમા તો કોઈ અદ્‌ભુત છે, અલૌકિક છે.

—o—

## વચનામૃત—૧૬

**જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ. ૧૬.**

અહીં કહે છે કે—

'જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે;'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા નાથ! તું કેવડો છે પ્રભુ? એ તને ખબર નથી. તારું સ્વરૂપ અંદર પૂર્ણ આનંદ ને જ્ઞાનથી ભરેલું છે; તેનું જ્ઞાન અને પરના રાગનો અભાવ—એવાં જ્ઞાન ને વૈરાગ્ય અંદર સિંચવાથી, જેમ ઝાડને પાણી સિંચવાથી ફળ મળે તેમ, અતીન્દ્રિય આનંદરૂપી અમૃત મળશે. તું પૂર્ણ આનંદનો સાગર, તેને અરેરે! આટલા શરીરમાં ને રાગમાં રોકી દીધો. દયા, દાન, પૂજા ને ભક્તિ અને વિષયવાસનાના વિકલ્પોની મીઠાશમાં રોકાઈ ગયો! અહા! સર્વોત્કૃષ્ટ એવા નિજ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન, અને વૈરાગ્ય—પર તરફથી ઉદાસ; સ્વભાવમાં રક્ત અને રાગથી વિરક્ત; એમ અંદર સિંચવાથી અમૃત મળશે. અહીં અસ્તિપણાથી જ્ઞાન ને નાસ્તિપણાથી વૈરાગ્ય—એમ બેઉની મૈત્રી કહી છે.

સમયસારની ટીકામાં—કળશમાં—જ્ઞાન ને વૈરાગ્યની ( જ્ઞાનનય ને ક્રિયાનયની ) મૈત્રી કહી છે ને! જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે (–અનુભવે છે) તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે (–રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે), એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે, તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.

જેના અતીન્દ્રિય આનંદ-રસના એક અંશના સ્વાદ આગળ ઇંદ્રના—ઇંદ્રાણી સંબંધી તથા કરોડો અપ્સરાઓ સંબંધી—ભોગ સડેલાં ગધેડાં ને મીંદડાં જેવા લાગે એવા આ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માનું અંતરમાં જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી એ આનંદ-અમૃત મળે. આવી વાત છે ભાઈ! આવી વાત લાવ્યા ક્યાંથી? અત્યાર સુધી તો એવું સાંભળતાં કે, પડિક્કમણું કરો, તસ્સુત્તરી કરો, સામાયિક કરો; જાઓ, ધર્મ થઈ ગયો. આઠમ-ચૌદશના પોસા કરો. એ બધું તો ભાઈ! રાગની ક્રિયા છે. પ્રભુ આત્મા તો રાગની ક્રિયાથી ભિન્ન અંદર બિરાજે છે. તેનું જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી અમૃત મળશે. ક્રિયાના પરિણામથી તો રાગ-ઝેર ફળશે. આકરું કામ છે ભાઈ!

ભલે દુકાન ને બાયડી-છોકરાં છોડી જંગલમાં વસતો હોય; પંચ મહાવ્રતના પરિણામ હોય; પણ એ બધું ઝેર છે—દુઃખ છે. તેનું ફળ પણ દુઃખ છે. ચૈતન્યસ્વરૂપ આત્માનું જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી અંદર પર્યાયમાં તને અમૃત ફળશે. શક્તિમાં અમૃત છે તે પર્યાયમાં ફળશે. તને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ મળશે. એવો આનંદ ત્રણ લોકમાં બીજે ક્યાંય—ખીર, દૂધપાક વગેરે ઇંદ્રિયોના વિષયમાં—નથી. તને ખબર નથી કે તું શું વેદે છે પ્રભુ! તું દુઃખ ને ઝેર વેદે છે. પાગલ થઈ ગયો છે બાપુ! છે દુઃખનું વેદન, ને માને છે સુખનું વેદન! એ મિથ્યા ભ્રમ—અજ્ઞાન છે.

અહા! જ્ઞાન ને વૈરાગ્યરૂપી પાણી સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફુવારો છૂટશે. આંબાને ખામણું કરીને પાણી સિંચે છે, એમ અહીં સુખસિંધુ ભગવાન આત્માનું જ્ઞાન, અને પરનો—રાગનો અભાવ, એવું પાણી સિંચવાથી પ્રભુ! તને અમૃતરૂપ ફળ ફળશે. શુભાશુભભાવ એ બધા ઝેર છે. અશુભ ભાવ તો ઝેર છે જ, પણ અમૃતસ્વરૂપની આગળ શુભભાવને પણ ઝેર કહ્યો છે, વિષકુંભ કહ્યો છે. સમયસારના મોક્ષ અધિકારમાં શુભને ઝેરનો ઘડો કહ્યો છે. ભગવાન અમૃતનો સિંધુ, ત્યારે પુણ્ય-પાપ વિષનો—ઝેરનો ઘડો. અહા! બીજું આવડે કે ન આવડે એની સાથે સંબંધ નથી.

પ્રભુ! તું જ્ઞાન ને વૈરાગ્ય પ્રગટ કર, તારા સુખનો ફુવારો છૂટશે. પાતાળમાં પાણી ભર્યાં હોય અને પથ્થરનું છેલ્લું પડ ફૂટતાં શેડ નીકળે તેમ ચૈતન્યપાતાળ અંદર ફૂટતાં અતીન્દ્રિય આનંદનો ફુવારો ઊડશે. મુનિરાજ કહે છે:—અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ કેમ થાય એવો એનો પ્રયત્ન ધ્રુવ સ્વભાવ ઉપર રહ્યા જ કરે છે ભાઈ! મુનિપણું કોને કહીએ બાપુ! આકરી વાત છે!

અહા! જ્ઞાન ને વૈરાગ્યની એકતાથી સ્વભાવમાંથી જ્ઞાન ને આનંદ ફાટશે, અમૃતનો ફુવારો છૂટશે, સુખામૃતની ધારા વહેશે. જુઓ, આ અનુભવ! સાધક સ્વભાવ આનું નામ છે. આનું નામ પરમાત્માનો ધર્મ છે. ત્રણ લોકના નાથ શ્રી જિનેન્દ્રદેવ આમ ફરમાવે છે પ્રભુ! તું અમૃતનો ભંડાર છો; ને તેનું જ્ઞાન ને રાગનો અભાવ -એવી સ્થિતિ થવાથી અંદર અમૃતનો—આનંદનો—ફુવારો છૂટશે.

આવી વાત કોઈ દિવસ સાંભળી ન હોય તેને એમ લાગે કે આ તે શું? આવો શું જૈનનો—વીતરાગનો—મારગ હશે? લોકોએ બહારની ક્રિયામાં, પ્રવૃત્તિમાં ને રાગમાં જૈનધર્મ માની લીધો છે. ધર્મ તો વીતરાગ માર્ગ છે બાપુ! અંદર ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો સાગર છે, સુખનું પાતાળ છે, તેનું જ્ઞાન ને રાગનો અભાવ—વૈરાગ્ય થતાં તને અંતરમાંથી આનંદનો ફુવારો છૂટશે. તેનું નામ વીતરાગ ધર્મ અને તેનું નામ મોક્ષનો માર્ગ છે.

**'રાગ સિંચવાથી દુઃખ મળશે.'**

ચાહે તો દયાનો, વ્રતનો, પૂજા-ભક્તિનો કે પ્રમાણ-નય-નિક્ષેપનો વિકલ્પ હો, પણ છે તે બધો રાગભાવ; તે રાગનું સિંચન કરવાથી તો દુઃખ થશે, ભાઈ! ત્યાં સુખ નહિ ફળે. ભાષા બહુ સાદી, પણ ભાવ તો બહુ ઊંચા છે. જગતનાં ભાગ્ય—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી ભાષાનું પુસ્તક બહાર આવી ગયું! સાદું...સાદું...તદ્દન સાદું.

રાગ સિંચવાથી દુઃખ મળશે. અહીં અસ્તિ-નાસ્તિથી વાત કરી. સ્વરૂપનું જ્ઞાન ને પરથી-રાગથી-ઉદાસ, તેનાથી અમૃત ફળશે; અને શુભાશુભ રાગથી તો દુઃખ ફળશે.

**'માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.'**

કોળાંની વેલડીમાં અધમણ-અધમણનાં કોળાં પાકે છે, જેમાંથી કોળાપાક થાય છે; તેમ તું શરીરપ્રમાણ આનંદ ને જ્ઞાનની વેલડી છો; તેને જ્ઞાન-વૈરાગ્યનું જળ સિંચવાથી અંદર આનંદના—અમૃતના પાક ફાલશે. અહા! આવી વાત છે; સાંભળ તો ખરો! તારા ઘરમાં જવાની રીત આ છે બાપુ! વીતરાગનો માર્ગ આખા જગતથી જુદી જાતનો છે ભાઈ! એના વિના તને ક્યાંય સુખ નહિ મળે. પૂર્ણ અપરિમિત આનંદ આદિ સ્વભાવમાં—જ્ઞાનમાં—એકાગ્ર થવું તે જ્ઞાન, રાગથી છૂટવું તે વૈરાગ્ય—એવી અંદર સાધના કર; તો તને મુક્તિરૂપી અમૃત મળશે, દુઃખથી પૂર્ણ છૂટી જઈશ, અને અસ્તિથી પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે. તેનું નામ પરમાનંદનો લાભ એટલે કે મોક્ષ છે. આવી વાત છે!

—o—

## વચનામૃત—૧૭

**જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ—સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે. ૧૭.**

**'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.'**

આંબાનું મૂળ પકડવાથી તેનાં ડાળાં, પાંદડાં, ફૂલ ને ફળ—બધું હાથ આવે, તેમ જ્ઞાયકભાવને—મૂળને—પકડવાથી તેનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન—બધું હાથ આવશે, અંદરમાં બધું પ્રગટ થશે. રાગને તો નહિ, પણ પર્યાયને પકડવાની વાત પણ લીધી નથી. જ્ઞાયકને પકડનારી છે પર્યાય, તે પર્યાયને પણ પકડવી નહિ. અંદર પૂર્ણ અભેદ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારની છઠ્ઠી ગાથામાં 'હું એક જ્ઞાયકભાવ છું'—કહ્યું છે. ત્રિકાળી જ્ઞાયકભાવ એક સમયની પર્યાય જેટલો નથી. તે તો સહજ, સ્વાભાવિક, અણકરાયેલી, અકૃત્રિમ, પૂર્ણ, સ્વભાવથી ભરેલી વસ્તુ છે;—એવા જ્ઞાયકભાવને પકડ. પકડે પર્યાય પણ પકડે જ્ઞાયકભાવને. જ્ઞાયકભાવ ઉપર નજર નાખવાથી, ધ્રુવને ધ્યેય બનાવતાં બધું હાથ આવશે, કેવળજ્ઞાન પ્રગટ થશે. આટલું જ્ઞાન થાય, અગિયાર અંગનું જ્ઞાન થાય, તેને આ થાય—એમ નથી. ભગવાન આત્મા વસ્તુ તો પોતે જ્ઞાયકતાનો પુંજ છે, તેની સન્મુખ થવાથી એટલે કે તેને પકડવાથી સમ્યગ્દર્શન, આત્માનુભૂતિ વગેરે બધું તને મળશે.

અનાદિથી રાગ ને પર્યાયને પકડીને ઊભો છે તે સંસાર છે. તેમાં, ચોરાશી લાખ યોનિમાં અવતરવાનાં બીજડાં છે. રાગ ને પર્યાય જેટલો પોતાને માનવાથી સંસાર ફળશે. વ્યવહારની રુચિથી ભવ ફળશે. ત્યાં નરક ને નિગોદ ફળશે. પ્રભુ જ્ઞાયકને પકડવાથી જ્ઞાન-વૈરાગ્ય, અનુભૂતિ, મુનિપણું અને કેવળજ્ઞાન—બધું હાથ આવશે.

**'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.'**

અશુભથી બચવા શુભ આવે; પણ તેનાથી આત્માની શાંતિ કે જ્ઞાન, કાંઈ હાથ નહિ આવે. આના—શુભના—બધા વાંધા ઉઠાવે છે. અશુભ ઘટે છે એટલું તો શુભ સાધન છે ને? છેલ્લે શુભ હોય છે ને? માટે શુભ સાધન છે. ભાઈ! આગળ છેલ્લે શુભ ભલે હો, પણ તે સાધન નથી. તેનો અભાવ કરવો એટલે કે રાગ ને સ્વભાવની ભિન્નતા પ્રજ્ઞાછીણી વડે કરવી તે સાધન થાય છે. રાગ કરવાથી સાધન થાય એમ કદી બને નહિ. શુભ પરિણામ—શુભ રાગ કરવાથી ભવભ્રમણ સિવાય કાંઈ હાથ નહિ આવે.

બે વાત કરી: (૧) વૃક્ષના મૂળને પકડવાની જેમ, જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે; અને (૨) શુભને પકડવાથી કાંઈ હાથ નહિ આવે. તારાં દયા ને દાન, વ્રત ને પૂજા, ભક્તિ ને ભગવાનનું સ્મરણ—એ બધા શુભભાવ છે; શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. ભાઈ! સાચું જૈનદર્શન શું છે તે તેં સાંભળ્યું નથી. તું રાગના પડખે ચડી ગયો છે. તેં પડખું બદલ્યું નથી. એ શુભ રાગમાંથી કાંઈ હાથ નહિ આવે; એમાં ક્યાં છે જ્ઞાન, આનંદ ને શાંતિ? શુભથી કાંઈ હાથ ન આવે, ત્યાં અશુભની તો વાત જ શી કરવી?

**'જો મૂળ સ્વભાવને પકડયો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાન્તિ—સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૂળ સ્વભાવ એટલે કે જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, પરમપારિણામિકભાવ, સહજ એકરૂપ રહેનારો ભાવ, સદૃશ રહેનારો ભાવ. અહા! એવો મૂળ સ્વભાવ પકડયો હશે તો ગમે તે પ્રસંગો આવે—રોગ આવે, નિંદા આવે, પ્રતિકૂળતા આવે—તે વખતે શાંતિ ને સમાધાન રહેશે.

જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, સ્વાભાવિકભાવ સુખશાંતિનો મોટો દરિયો છે; તેને મર્યાદા શી? નિજ આત્માનું સત્ય સ્વરૂપ બતાવતાં પં. બનારસીદાસજી કહે છે:

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं।
अपने रससौं भर्यो आपनी टेक हौं॥
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है।
सुद्ध चेतना सिंधु हमारौ रूप है॥

—શુદ્ધ ચેતનાનો મોટો સિંધુ-દરિયો પડયો છે; તેને કાંઈ ક્ષેત્રની મોટપની જરૂરત નથી, પણ સ્વભાવના સામર્થ્યની મોટપની જરૂરત છે. એવા મહાન જ્ઞાયકભાવને પકડવાથી, ગમે તે પ્રસંગો આવે તે વખતે શાંતિ ને સમાધાન રહેશે, જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકાશે. 'હું કેવળ જ્ઞાતા જ છું'—એમાં પરનું ને રાગનું અકર્તાપણું સિદ્ધ થાય છે. ચાહે તો ઉદય આવો કે જાઓ—તેનો જ્ઞાતા-દ્રષ્ટા એટલે કે અકર્તા છે. જ્ઞાતાસ્વભાવનો નિર્ણય નથી તે કર્તા થઈને રાગમાં ભીંસાઈ જાય છે—દબાઈ જાય છે. ભાઈ! વસ્તુસ્વરૂપ આવું છે. બે-ચાર દિવસ મધ્યસ્થ થઈને સાંભળે તો ખબર પડે.

જૈનધર્મ કાંઈ વાડો નથી, એ કોઈ પક્ષ નથી; જૈનધર્મ એટલે એ વાણિયાનો ધર્મ-એમ નથી. અરે પ્રભુ! એમ નથી; જૈનધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગ-સ્વરૂપ-ચેતના-મહાસિંધુ એવા ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરવો તે જૈનધર્મ છે.

—૦—

## વચનામૃત—૧૮

**દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.**

**'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'**

દ્રવ્ય એટલે કાયમ રહેનારી જ્ઞાયક ચીજ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવાથી, ધ્યેય ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, ધ્રુવ ત્યાં છે, સામાન્યપણું ત્યાં છે, ધ્રુવનું ધામ તેટલું છે, તે તારું ધામ છે, તે તારું મહાન ક્ષેત્ર છે—એમ તેનો મહિમા જાગીને તેની પ્રતીતિ થશે. વાત તો બહુ થોડી છે, થોડા શબ્દોમાં, પણ ભાવ ઘણા ઊંડા છે. આમાં વાદવિવાદનો પ્રસંગ ક્યાં છે? વિવાદ આડે જીવને નિજ દ્રવ્યસ્વભાવનો મહિમા નજરમાં આવતો નથી. આ તો આત્માનો રસ લાગે એવી વાતો છે બાપુ! પરના રસમાં રંગાઈ ગયો તેને નિજ વીતરાગસ્વભાવનો રસ નહિ આવે, અને જેને વીતરાગસ્વભાવનો રસ ને રંગ લાગ્યો તેને રાગનો રસ—રંગ નહિ લાગે.

**'વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'**

ભૂમિકા પ્રમાણે રાગ આવે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર—સુખસિંધુ એવી જ્ઞાયકવસ્તુ ઉપર—રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ—શ્રદ્ધાનું જોર—એક નિજ જ્ઞાયકદ્રવ્ય ઉપર જ છે. ધ્યેય દ્રવ્યસામાન્યરૂપ-ધ્રુવસ્વરૂપ વસ્તુ છે, તેના ઉપરથી લક્ષ ખસતું નથી. ગમે તે પ્રસંગોમાં ભૂમિકા પ્રમાણે શુભ-અશુભ વિકલ્પો આવે; રાગ છે ને! તેથી આવે એમ લીધું. વિકલ્પો આવે છતાં સાધકની દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જ છે.

**"જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો."**

પતંગ આકાશમાં ગમે ત્યાં જાય પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્યસિંધુ છું' એ દોર હાથમાં રાખવો. ચૈતન્યમય કાયમી ચીજ, ટકતી ચીજ તે હું છું; ત્રિકાળ ટકતું તત્ત્વ—જ્ઞાયક ચૈતન્ય તે હું છું, એ દોર હાથમાં રાખીને ભૂમિકા પ્રમાણે ભલે ગમે તેવા વિકલ્પો આવે તોપણ દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી જરાય ખસતી નથી.

**'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.'**

શુભાશુભ વિકલ્પો આવે, પણ ચૈતન્ય શુદ્ધતત્ત્વ તે હું છું—એ દોર લક્ષમાંથી ખસવો ન જોઈએ. 'હું ચૈતન્ય છું' એવો વારંવાર અભ્યાસ કરવાથી અંદર દૃઢતા થાય. શુભભાવ કરવાથી ચૈતન્યની દૃઢતા થાય નહિ, પણ અંદર સ્વભાવની દૃષ્ટિનો અભ્યાસ રાખવાથી દૃઢતા થાય.

—o—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૬

તા. ૧૧–૬–૭૮

## વચનામૃત—૧૯

**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.**

'વચનામૃત'નું પાનું છે ૭, ને બોલ છે ૧૯ મો.

**'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.'**

—એટલે કે ભગવાન આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય ને આનંદસ્વરૂપ છે; શુભભાવ એનાથી વિરોધી છે. શુભભાવ આવે છે; પણ તેને વિષકુંભ કહ્યો છે ને!... એ ઝેર છે. જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે—શુભ કે અશુભ બંને—ઝેર છે, કાળો નાગ છે. શુભરાગ પણ સ્વરૂપનો સાધક નથી, બાધક છે. જેને અંદર ચૈતન્ય-વસ્તુની—જ્ઞાયક દ્રવ્યની—દૃષ્ટિ થઈ છે, તેને અશુભ ટળીને વચ્ચે શુભ આવે—એટલી અપેક્ષાએ શુભને વ્યવહારે સાધક કહેવાય છે; પણ નિશ્ચયથી તો ઝેર ને હેય છે. શુભભાવને ઉપાદેય માને તે અભિપ્રાય તો મિથ્યાત્વ છે. અહા! આવી વાત છે!

અત્યારે આ વાતના મોટા વાંધા ચાલે છે. પંડિતો કહે છે કે શુભભાવ વચ્ચે આવે છે માટે તે શુદ્ધતાનું સાધન છે. બાપુ! એ સાધન નથી; ભાઈ! તને માર્ગની ખબર નથી. આ આત્મા ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી વસ્તુ છે; એ જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવની અમૃત-વેલડી છે. એનો અનુભવમાં સ્વીકાર—આશ્રય કરતાં તો અમૃતનાં —અતીન્દ્રિય આનંદનાં—ફળ પાકે; કાંઈ ઝેર પાકે? કોળાંની વેલડીમાં કોળાં પાકે, કારેલાં થાય?—એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ અમૃતનો પિંડ છે, એ ત્રિકાળી અમૃતની વેલડી છે. અહા! એના સ્વીકાર ને સત્કારથી—એના અનુભવથી —અંદર અતીન્દ્રિય આનંદનાં કોળાં પાકે છે.

**'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.'**

જ્ઞાનીને, અવસ્થામાં પૂર્ણ વીતરાગ થયા નથી તેથી, આસક્તિરૂપ, અસ્થિરતારૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવ આવે, પરંતુ અભિપ્રાયમાં તો તે કાળો નાગ છે, ઝેર છે. પર્યાયમાં રાગ છે ખરો; નથી—એમ નહિ; પરંતુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક આત્માને અનુભવનારને અભિપ્રાયમાં તો એ શુભરાગ પણ ઝેર છે.

સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ આદિ શુભભાવને વ્યવહારે અમૃત કહ્યું છે. ખરેખર તે અમૃત નથી છતાં અમૃત કહેવું-એનું નામ વ્યવહાર છે. અંદર ત્રિકાળી અમૃતસ્વરૂપ જ્ઞાયકસ્વભાવની જેને પ્રતીતિ, જ્ઞાન ને અનુભૂતિ—પર્યાયમાં અમૃતદશા—પ્રગટી છે તેના, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભ રાગને આરોપથી વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. એ છે તો રાગ, પણ નિશ્ચય સમકિતનો સહચારી દેખીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અહા! આવી વાત છે!

મોક્ષમાર્ગપ્રકાશકના સાતમા અધ્યાયમાં પણ આવે છે કે, જ્ઞાની ધર્માત્માને પણ હજુ આસક્તિને લઈને, હજુ પૂર્ણ વીતરાગ થયા નથી ત્યાં સુધી, રાગ તો આવે છે. અંતરમાં વિશેષ ટકી શકતા નથી તેથી જરા રાગમાં ઊભા છે, પણ રુચિમાં તેનો આદર નથી. હજી તો રાગ કોને કહેવો એ વાતમાં બધી મૂંઝવણ છે. અશુભ રાગને તો રાગ કહે, પણ અહીં તો ગુણ-ગુણીના ભેદને લક્ષમાં લે તે પણ શુભ રાગ છે. જ્ઞાયકવસ્તુ અભેદ પૂર્ણ ચીજ છે, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. દૃષ્ટિનો વિષય અભેદ જ્ઞાયક છે; જ્યાં ગુણ-ગુણીના ભેદને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી, ત્યાં શુભભાવને આદરે કે સ્વીકારે એ હોય જ ક્યાંથી? એ બને જ નહિ. ઉથલ-પાથલનો માર્ગ છે ભાઈ! વર્તમાનમાં તો લોકો—શુભ રાગની ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, દેશસેવા કરો ને શાસ્ત્રની ભાષા સારી બનાવો—એ બધું ધર્મ છે એમ માને છે-ઠરાવે છે.

પ્રશ્ન:—લોકો જ નહિ, ઉપદેશકો પણ શુભમાં ધર્મ કહે છે!

ઉત્તર:—એવા ઉપદેશકો પણ લોકોમાં જ આવી જાય છે, ધર્મમાં નહિ. શુભભાવથી આત્માનો કાંઈ પણ લાભ થાય—ધર્મ થાય, એવી પ્રરૂપણા અને એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. અરે! આ તો ચોરાશીના જન્મ-મરણની હાર ઉલાળી દેવાની વાત છે. જેણે અંદર અનાદિનિધન નિત્યાનંદ પ્રભુને પકડયો તેને વચ્ચે શુભભાવ આવે, ત્યાં ઊભો પણ રહે, જરા અટકે પણ છે;—જ્ઞાનીને ચોથા ગુણસ્થાને ત્રણ કષાયનો, પાંચમે બેનો અને છઠ્ઠે એકનો સદ્‌ભાવ છે, તેથી તેને થોડો રાગ છે, અસ્થિરતાને લઈને તે હજુ બહાર થોડા ઊભા છે;—પરંતુ અતીન્દ્રિય સમતાના આનંદ આગળ એ રાગ અભિપ્રાયમાં કાળો નાગ લાગે છે. છ ઢાળામાં કહ્યું છે: 'यह राग आग दहै सदा, तातैं समामृत सेइये।' સમતારસથી ભરેલા ભગવાન આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમતારસઝરતી અમૃતદશાને સેવો. રાગ તો આગ છે; ભલે શુભ રાગ હો તો તે પણ આગ છે, કષાય છે; એ કષાયાગ્નિ આત્માની શાંતિને બાળે છે. એ શુભ રાગથી પણ રહિત અંદર સમતારૂપી અમૃતથી ભરેલો પ્રભુ છે એની સેવા કરો, એમાંથી શાંતિ ને આનંદ આવશે.

આત્મવસ્તુ પૂર્ણ શુદ્ધ ને પવિત્ર છે; છતાં પર્યાયમાં અશુદ્ધતા આવે છે. અશુદ્ધતા પર્યાયમાં પણ નથી જ–એમ નથી. શ્રી અમૃતચંદ્ર-આચાર્ય કહે છે કે, વસ્તુ તરીકે તો હું પૂર્ણ શુદ્ધ ચિન્મૂર્તિ છું પણ પર્યાયમાં, મોહકર્મ જેમાં નિમિત્ત છે એવી મારી અનુભાવ્ય દશામાં કલ્માષિત પરિણામપણે હું પરિણમું છું. મુનિને અશુભભાવ તો હોય નહિ પણ શુભભાવ આવે તે પણ કલુષિતતા છે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે: મુનિને અશુભ રાગ તો હોતો નથી; ધર્મના લોભી દેખીને પોતાની કમજોરીથી ઉપદેશનો શુભરાગ આવે, પણ છે એ દુઃખનું વેદન; એ ધર્મ નથી.

દૃષ્ટિનો વિષય દ્રવ્યસ્વભાવ છે, તેમાં તો અશુદ્ધતાની ઉત્પત્તિ છે જ નહિ. સમકિતીને એકેય અપેક્ષાએ અનંત સંસારનું કારણ એવાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયનો બંધ નથી; પણ એના ઉપરથી કોઈ એમ જ માની લે કે એને જરીયે વિભાવ તેમ જ બંધ નથી જ, તો તે એકાંત છે. અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ હોવા છતાં હજુ આસક્તિ છે તે દુઃખરૂપ લાગે છે. રુચિ ને દૃષ્ટિ અપેક્ષાએ ભગવાન આત્મા તો અમૃતસ્વરૂપ આનંદનો સાગર છે, એના નમૂનાના વેદન આગળ શુભ ને અશુભ બન્ને રાગ દુઃખરૂપ લાગે છે, અભિપ્રાયમાં ઝેર ને કાળો સર્પ લાગે છે.

આવી વાત છે! સાંભળવા મળવી દુર્લભ છે. સંસારની પળોજણમાંથી માંડ થોડો વખત મળે ને સાંભળવા જાય ત્યાં કુગુરુ એને લૂંટી લે, શુભમાં—વ્રત-તપમાં ધર્મ છે એમ કરીને ત્યાં રોકી રાખે, મિથ્યાત્વના બંધનમાં એને જકડી રાખે. જન્મ સફળ થવો જોઈએ એને ઠેકાણે અફળ કરી નાખે. ધન્ય ભાગ્ય જેને આ સાંભળવા મળ્યું! આવો માર્ગ પ્રભુનો! અંદર વીતરાગ નિર્મળાનંદ પ્રભુ છે એની રુચિ, દૃષ્ટિ ને શ્રદ્ધા થવી એ પણ ધન્ય ભાગ્ય! તે જીવ આગળ વધી અનુભવ કરીને, ચારિત્ર લઈને કેવળ પામશે.

સમયસારની પહેલી ગાથા 'वंदित्तु सव्व सिद्धे' માં ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિ દ્વારા આચાર્યદેવે પોતામાં અને શ્રોતામાં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, એટલે કે પોતે તો સિદ્ધપદને પામવાના છે જ, પણ શ્રોતાઓ પણ સાધક થઈને—સિદ્ધપર્યાય તરફ વળેલા થઈને—સિદ્ધપદ પામશે. અહા! ધન્ય અવતાર! શ્રોતા વર્તમાનમાં તો હજી અલ્પજ્ઞ છે, પણ પાત્ર થઈને સાંભળવા આવ્યા છે. સિદ્ધપણાની હા પાડે છે એવી શૈલીવાળા જીવ લીધા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારની પાંચમી ગાથામાં પણ એમ કહ્યું: 'जदि दाएज्ज पमाणं'; હું સ્વભાવથી એકત્વરૂપ અને રાગથી જુદો એવો પ્રભુ છું—એની વાત કરીશ; તારો પ્રભુ આત્મા પણ એવો જ છે;—એમ શ્રોતાઓને મારા પોતાના જ્ઞાન અને આનંદના વૈભવથી કહીશ; તે એકત્વવિભક્ત ભગવાન આત્માને દેખાડું તો પ્રમાણ કરજે. અમથી હા પાડજે એમ નહિ, પણ સ્વાનુભવપ્રત્યક્ષ દ્વારા સ્વભાવ તરફ વળેલો થઈને પ્રમાણ કરજે; કેમ કે અમારો હેતુ અંતર આનંદના નાથનો અનુભવ કરાવવાનો છે. એવા તો શ્રોતા—પંચમ આરાના જીવ—લીધા છે! પ્રવચનસારમાં કહ્યું છે કે 'जो जाणदि अरहंतं...'—જે અરિહંતને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે બરાબર જાણે તે પોતાના આત્માને જાણે, અને તેથી તેના મોહનો નાશ થાય છે. જ્યાં એક સર્વજ્ઞને જાણતાં પોતાના આત્માને જાણીને મોહનો ક્ષય થાય છે, તો અનંતા સિદ્ધોને જેણે પોતામાં સ્થાપ્યા, એનો વિશ્વાસ કર્યો, તેને કોલકરાર થઈ ગયો કે એ સ્વ તરફ જશે જ અને સિદ્ધપદરૂપ પૂર્ણતા પ્રાપ્ત કરશે જ. એવા શ્રોતા અહીં લીધા છે.

અહા! ગજબ શૈલી છે સમયસારની! કેવળી પરમાત્મા જિનદેવનાં કાળજાં ખોલી નાખ્યાં છે. પણ જીવને બહારનું માહાત્મ્ય ખસતું નથી. ભાઈ! એક વાર ભૂલી જા બહારનું બધું. અહીં તો આચાર્યદેવે અનંતા સર્વજ્ઞ ને સિદ્ધભગવાનને પસ્તાનામાં મૂકયા છે. લોકમાં વાર-કવાર હોય તો બીજે પસ્તાનું મૂકે. બાપુ! અત્યારે પંચમ કાળ—કવાર છે. કેવળજ્ઞાન થવા માટે કવાર છે; તેથી તારી પર્યાયમાં—શ્રદ્ધામાં અનંત સિદ્ધોનું પસ્તાનું મૂકીને તને તારા ભગવાન આત્માની વાત કહીએ છીએ. તેનો અંદરથી વિશ્વાસ લાવીને સ્વાનુભવપ્રત્યક્ષ વડે સ્વીકાર કર. આ વાત માણસને આકરી લાગે છે, પણ વસ્તુસ્થિતિ જ આવી છે. આ કોઈ કૃત્રિમ પંથ કે વાડો છે? આ તો વસ્તુસ્વભાવ છે. અહીં આપણે એ વાત ચાલે છે કે જ્ઞાની, આસક્તિને લઈને બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં એ રાગ—શુભાશુભ ભાવ —કાળો નાગ લાગે છે.

**'જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'**

જ્ઞાનીને અભિપ્રાયમાંથી રાગ છૂટી ગયો છે પણ આસક્તિની સ્થિતિમાં વર્તતા હોવાથી સ્થિરતા અપેક્ષાએ હજુ રાગ છૂટ્યો નથી. આ રીતે વિભાવની વચ્ચે ઊભા હોવાથી વિકલ્પો આવે, શુભભાવ આવે, છતાં વિભાવથી તે જુદા છે, ન્યારા છે. ધર્મી જીવને, સ્વરૂપની દૃષ્ટિના જોરે રાગને ઝેર અને કાળો નાગ જાણતા હોવા છતાં, તે આવે છે; છતાં ધર્મી તે રાગથી ન્યારા છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના ઉપર તેની નજર નથી. જેની કૂખે સવા નવ મહિના રહ્યો તે જણેતા સ્નાન કરીને કપડાં બદલતી હોય ત્યારે તેના લાવણ્ય પ્રત્યે કુલીન પુત્રની કદાચિત્ નજર પડી જાય, પણ નજર પડી એ પડી જ નથી; એમ ધર્મીને શુભ રાગ આવે પણ ત્યાં તેની નજર નથી. અહા! આવો માર્ગ છે પ્રભુ!

—o—

## વચનામૃત—૨૦

**મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ—એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.—આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય. ૨૦.**

**'મારે કાંઈ જોઈતું જ નથી,'**

મારે મારું પોતાનું અસ્તિત્વ જ જોઈએ છે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હયાતીવાળી ચીજ—હિતસ્વભાવી નિજ વસ્તુ—જ જોઈએ છે, જિજ્ઞાસામાં માત્ર નિજ શુદ્ધ સત્તા—હયાતી જ જોઈએ છે, મારા પૂર્ણાનંદથી ભરેલા પ્રભુ સિવાય બીજું મારે કાંઈ જોઈતું જ નથી, મારું અસ્તિત્વ જે પૂર્ણ વસ્તુ-મારો ભગવાન આત્મા એ જ મને જોઈએ છે, એ સિવાય દુનિયાની પ્રશંસા કે શુભ રાગ વગેરે બીજું કાંઈ જોઈતું નથી;—આત્માની યથાર્થ રુચિવાળાને દૃષ્ટિમાં એવું જોર આવી જાય છે.

**'...કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ'...**

વિકલ્પથી માંડીને કોઈ પણ પર પદાર્થની લાલસા-તૃષ્ણા નથી. 'આ હોય તો ઠીક' એમ કોઈ પર પદાર્થમાં—પરમાં તો દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુભભાવ પણ આવી ગયા—લાલસા નથી.

બાપુ! આત્માના એ મારગડા જુદા! દૃષ્ટિના વિષયસ્વરૂપ એની પ્રભુતા કેવી છે? તેનું સ્વરૂપ કેવડું છે? અહા! પ્રભુની એ પૂર્ણ પ્રભુતા! પ્રભુની પ્રભુતાની વાત સાંભળતાં રુવાંટે રુવાંટાં ઊભાં થઈ જાય, પરમાત્મસ્વરૂપ નિજ પ્રભુતાને પ્રાપ્ત કર્યા વિના બીજે ક્યાંય ચેન ન પડે, ગમે નહિ, સુખ ન લાગે, પ્રાપ્ત કર્યે જ છૂટકો. મારે તો મારો પ્રભુ આત્મા જ જોઈએ; પર પદાર્થની મને લાલસા નથી; પ્રભુ! એ જ અહીં બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'—એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.'**

જેને સ્વરૂપ પામવાની ઉગ્ર તાલાવેલી જાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. જેને તીખી તમન્ના એટલે એકાગ્રતા પ્રગટ કરવાની ઉગ્ર ભાવના થાય તેને અંદર માર્ગ અવશ્ય મળે જ.

**'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.'**

અહો! ભગવાન આત્માની ચૈતન્યસંપદા! અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શ્રદ્ધા, અનંત શાન્તિ આદિ અપાર ગુણોનો દરિયો છે. અપાર ગુણો ને શક્તિનો સાગર એવા પ્રભુની—નિજ આત્માની—ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. સમયસારની ૧૪૨ મી ગાથાના મથાળામાં કહ્યું છે—'ततः किम?' અર્થાત્ હું અબદ્ધ છું, પૂર્ણ છું, શુદ્ધ છું—એવા વિકલ્પ આવે પણ તેથી શું? ત્યાં રોકાય તેથી શું? અહીં તો એમ કહે છે કે આ વસ્તુ છે અને તેમાં અનંત અપરિમિત શક્તિઓનો ભંડાર છે—એમ અનંત ઋદ્ધિનો જ્ઞાનમાં ખ્યાલ આવે; પરંતુ એ ઋદ્ધિ અને સંપદાના વિકલ્પમાં પણ રોકાતો નથી. બીજે તો ક્યાંય રોકાવાનો નથી, પણ અહીં વિકલ્પમાં પણ રોકાવાનો નથી. એવી વાત છે બાપુ! સમજાણું કાંઈ?

**'એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.'**

એવો નિસ્પૃહ, એવો લાલસા વિનાનો થઈ જાય છે કે મારે મારો એક પૂર્ણાનંદનો નાથ જ જોઈએ છે. એની સંપદાની એટલી મહિમા લાગે કે એના વિકલ્પમાં પણ રોકાવું નથી—એવો નિસ્પૃહ થઈ જાય છે. મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે; મારા દ્રવ્યનું જેટલું અને જેવડું હોવાપણું છે એ જ મારે જોઈએ છે. મારી વસ્તુ અને તેની જ્ઞાનાદિ અનંત ગુણસંપદા અનાદિઅનંત હયાતીવાળી ચીજ છે; એમાં ક્યાંય ખોડખાંપણ જરીયે આવી નથી.—એવો જે નિજ પ્રભુ દ્રવ્યસ્વભાવ એની અપાર ઋદ્ધિ લક્ષમાં આવતાં છતાં, અપરિમિત વસ્તુનો ખ્યાલ આવતાં છતાં, તેના વિકલ્પમાં રોકાતો નથી. એની સંપદાની મહિમાના રાગમાં પણ ન રોકાતાં, એની પોતાની જે પૂર્ણ ચીજ છે તે જ તેને જોઈએ છે.

**'—આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.'**

અંતરમાં જવા માટે, ધ્રુવ સ્વભાવના તળિયામાં જવા માટે, હયાતીવાળી જે કાયમી જ્ઞાયક-ચીજ છે એમાં પહોંચવાની, આવી તીવ્ર ઝટપટી લાગે તો આત્મા પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય. પ્રભુ પ્રગટ થાય પર્યાયમાં; ભગવાન આત્મા પ્રાપ્ત થાય જ, પર્યાયમાં જરૂર જણાઈ જાય. અહા આવી શરતો!

આ વચનામૃત-પુસ્તક હવે તો બધાને હાથમાં આવી ગયું છે. સમયસાર તો હતું; એમાં વળી ગુજરાતી સાદી ભાષામાં આ વાણી આવી, લોકોને ખ્યાલ થવાની; ભાગ્ય જગતનાં! ગુજરાતી સાદી ભાષામાં છે પણ ભાવો ઘણા ઊંચા છે, ઊંડા છે; જે કોઈ વાંચે છે તે બે મોઢે વખાણ કરે છે. પુસ્તક વાંચતાં બહુ ન સમજાયું હોય તો આ એનો વિસ્તાર આવે છે.

—o—

## વચનામૃત—૨૧

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

**'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'**

આ, બેનનાં વચનામૃતનો ૨૧ મો બોલ છે. જરા વિચાર કરવાનો અવકાશ હોય એને સમજવા માટે આ વાત છે બાપુ! જેને હજી લૌકિક નીતિનાં ઠેકાણાં ન હોય તેને આ વાત સમજવામાં આવે નહિ. સાંભળવા મળે તોપણ એને રુચે નહિ.

જે જ્ઞાન ને આનંદનો કંદ છે, જેમાં અનંત ગુણ વસેલા છે, એવી જે વસ્તુ-ચીજ છે તેને અહીં 'ચૈતન્ય' કહ્યું છે.

આ આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનને ચૈતન્યમાંથી પરિણમેલી—અંતરમાંથી થયેલી—દશા એટલે કે રાગ-દ્વેષરૂપ સંસારના પરિણામમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. સંસારનાં પાપના પરિણામની રુચિ તો ન હોય, પણ પુણ્યના પરિણામની પણ અંદર રુચિ ન હોય. જેને પાપના તીવ્ર પરિણામ છે તેને તો આ વાત સાંભળવી પણ અંદર ન રુચે.

પ્રશ્ન:—છૂટવાનો રસ્તો જોઈએ ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર:—આ રસ્તો છૂટવાનો છે. ચૈતન્ય આત્માને આત્મામાંથી પરિણમેલી—રાગ-આદિમાંથી નહિ જન્મેલી—ભાવના એ જ છૂટવાનો રસ્તો છે.

**અહા! સહેલા શબ્દોમાં આ, બેનની અનુભવની વાણી છે. તેમને અસંખ્યાત અબજો વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. બેનને અસંખ્ય અબજો વર્ષનું ઘણું સ્પષ્ટ જ્ઞાન છે, કેમ કે પોતે પૂર્વે ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં હતા તે યાદ આવે છે તેમ જ ત્યારપહેલાંના ભવો પણ યાદ આવે છે. જેમ કાલની વાત યાદ આવે એમ અસંખ્ય અબજો વર્ષની વાત યાદ આવી છે.**

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે આત્મામાંથી થયેલી દશા હોય તો તે ફળે જ. આ વાત નવી નથી; જૈન પરમેશ્વર, તીર્થંકર, ત્રિલોકનાથ પરમાત્મા કહી રહ્યા છે તે આ વાત છે. સમજવા માટે એને પોતાને નવી લાગે, પણ સર્વજ્ઞ પરમાત્માની વાણી તો પ્રવાહે અનાદિથી ચાલે છે. અહીં ભરત ને ઐરાવતમાં તીર્થંકરનો વિરહ પડે પણ મહાવિદેહમાં કોઈ દિવસ તીર્થંકરનો વિરહ ન હોય. અહા! તું ત્યાં અનંત વાર જન્મ્યો છે ને સમવસરણમાં પણ ગયો છે, પણ અંતરમાંથી ઘા વાગ્યો નથી. બહારની રુચિ ને પ્રેમમાં ત્યાં ને ત્યાં અટવાણો.

જરી સૂક્ષ્મ વાત છે. બેન બોલી ગયાં છે; ત્યારે બ્રહ્મચારી દીકરીઓ બેઠી હશે. એમણે થોડું લખેલું એટલે આ બહાર આવ્યું; નહિ તો બહાર આવે નહિ. બેનની નીચે ૬૪ બાળબ્રહ્મચારી દીકરીઓ છે. તેમાં કેટલીક ગ્રેજ્યુએટ ને લાખોપતિની દીકરીઓ છે.

બેન તો બહારથી મરી ગયેલાં છે.

**એમને તો અતીન્દ્રિય આનંદ એટલો ઊઘડયો છે કે જેના રસ આગળ, કોણ સામું જુએ છે ને કોણ પગે લાગે છે તેની કાંઈ દરકાર નથી.**

એમનાં રાત્રિનાં વાંચનમાં આ વચનો નીકળી ગયાં છે.

આત્માને આત્મામાંથી પરિણમેલી...ભાવના ફળે જ છૂટકો.

પ્રશ્ન:—'પરિણમેલી' કેમ લીધું?

ઉત્તર:—એકલી કલ્પના કે જાણપણાની ધારણા કરી રાખી છે એમ નહિ, પણ પોતાને અંદર તે પ્રકારનું પરિણમન થયું છે. આત્મા જ્ઞાનાનંદ છે તેવી દશા થઈ છે, જાણપણું કે ધારણા રાખીને વાત કરી નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના'—શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ઊંચા છે. ચૈતન્ય કહેવો કોને? પરમાનંદ ને પરમજ્ઞાનની શક્તિના પિંડલાને—સ્વભાવે જે અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદમય દ્રવ્ય છે એ ત્રિકાળી ચીજને. આવરણ રહિત એવી અંદર જે ચીજ છે એની દૃષ્ટિ થઈને એમાંથી પરિણમેલી દશા એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભાવના યથાર્થ હોય તો તે ફળ્યે જ છૂટકો. વાત તો આ છે; બાકી બધું ઘણું જોયું. પાલેજમાં પાંચ વર્ષ દુકાન ચલાવી; ત્યાં પણ હું તો શાસ્ત્ર જ વાંચતો. પૂર્વના સંસ્કાર હતા ને!

રાગ-દ્વેષ નહિ, પુણ્ય-પાપ નહિ, જેનાં નૈતિક જીવન ઊંચાં હોય છે તે તરફ પણ લક્ષ નહિ, પણ અંતરમાં જે ચૈતન્યવસ્તુ છે તેની દૃષ્ટિ થતાં તેમાંથી નીકળેલી—પરિણમેલી દશા, ચૈતન્યના દળમાંથી—જેમ કૂવામાંથી અવેડામાં આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય તેમ—પરિણમીને પ્રવાહ આવ્યો એવી જે દશા એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ફળે જ.

પ્રભુ! તારી પ્રભુતાની વાતો ઝીણી છે. ભગવાન પણ તે પૂરણ કહી શકયા નથી.

'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦'

ભગવાન આત્મા અંદર ચૈતન્યનૂરનું પૂર છે. એમાંથી ઊગેલી ભાવના યથાર્થ હોય તે ફળે જ. અહીં 'યથાર્થ' ઉપર વજન છે, કલ્પના કરીને નહિ. જેવી ચીજ છે તેવી ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. તે ભાવનામાંથી કેવળજ્ઞાન આવ્યે જ છૂટકો. બીજ ઊગી ને પૂનમ ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ, પૂનમ થાય જ; એમ જેને અંદર આત્મામાં સમ્યક્‌ત્વરૂપી બીજ ઊગી, અંતરમાં રાગદ્વેષથી રહિત થઈ ચૈતન્યની બીજ ઊગી—પરિણમેલી દશા ઊગી તે બીજ છે—, તે બીજમાંથી પૂર્ણતા થયે જ છૂટકો. સમ્યગ્દર્શનની પરિણતિ થઈ એટલે કેવળજ્ઞાન લીધે જ છૂટકો. બીજ પછી તેર દિવસે પૂનમ થાય તેમ સમ્યગ્દર્શન થતાં એક-બે અથવા તો થોડા ભવમાં કેવળજ્ઞાન આવ્યા વગર રહેતું નથી.

બેન વિચારીને અનુભવમાંથી બોલતાં હતાં. બેનનાં વચનો છે; અનુભૂતિમાંથી નીકળ્યાં છે; અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઝીણી વાત, બાપુ! બહુ સાદી ભાષા!

ચૈતન્યને ચૈતન્યમાંથી યથાર્થ ભાવના, બાહ્ય કોઈ પણ વર્તન કે વિકલ્પની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં અપેક્ષા નથી એવી સાચી ભાવના, હોય તો તે ફળે જ છે. 'આ જ કરવાનું છે' એમ જે ચૈતન્યની ભાવના પરિણમી તે પૂરણ ફળ્યે જ છૂટકો. એનું ફળ પૂરણ આવશે જ.

**'જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ.'**

અહીં એ કહે છે કે—નિત્યાનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે; તેની, રાગ-દ્વેષ વિનાની, ભાવના જો ન ફળે તો આત્મદ્રવ્ય જ ન રહે; જો દ્રવ્ય ન રહે તો જગત શૂન્ય થઈ જાય; પણ એમ કદી બનતું જ નથી. 'ભાવના ફળે જ' એમ પહેલાં અસ્તિથી વાત કરી અને 'ન ફળે તો જગતને શૂન્ય થવું પડે અથવા તો આ આત્મદ્રવ્યનો જ નાશ થઈ જાય' એમ અહીં નાસ્તિથી વાત કરે છે.

રાગદ્વેષથી રહિત થઈને ચૈતન્યની ભાવના થાય તો કેવળજ્ઞાન થયે જ છૂટકો. જો એક ભાવનાનું ફળ ન આવે તો દરેક—બધી—ભાવનાનું ફળ ન આવે; એમ થતાં વિકારી ભાવનાનું ફળ એવું આ જગત—ચાર ગતિ ને ૮૪ લાખ યોનિ વગેરે બધું—શૂન્ય થઈ જાય. પાપ-પરિણામનું ફળ નરક-નિગોદ આદિ ન આવે, પુણ્યપરિણામનું ફળ સ્વર્ગ-મનુષ્યપણું ન આવે ને ચૈતન્યમાં એકાગ્રતાના પરિણામનું ફળ કેવળજ્ઞાન ન આવે. એ રીતે સંસાર-મોક્ષનો અભાવ થવાથી જગતને શૂન્ય થવું પડે. પણ એવું ત્રણ કાળમાં બને નહિ.

મનુષ્ય કોને કહીએ? 'मन्यते—मनुते जानाति इति मनुष्यः।' આત્માનું સ્વરૂપ જાણે તે ખરેખર મનુષ્ય છે, બાકી બધાને પશુ કહીએ. ચૈતન્યસ્વરૂપ આત્માને જાણે, તેનું મનન ને ધ્યાન કરે, તે મનુષ્ય. જેને ચૈતન્યની ભાવના—સમ્યગ્દર્શન નથી તે ચાલતાં મડદાં છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપ્રાભૃતમાં કહે છે:

> જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;
> શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.

—જેને આત્માની રુચિ નથી, તેના તરફનું વલણ નથી, તેના તરફનો અંદરમાં પ્રેમ નથી, તે બધાં ચાલતાં મડદાં છે.

જેને આત્માની ભાવના થાય તેને તેનું ફળ—સર્વજ્ઞપણું—જો ન આવે તો જગતને શૂન્ય થવું પડે. ભાવના જો ન ફળે તો પુણ્યનું ફળ જે સ્વર્ગ-મનુષ્ય ને પાપનું ફળ જે નરક-નિગોદ તેનો નાશ થઈ જાય; એમ થતાં જગત શૂન્ય થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ. તે શબ્દોની અંદર આ અર્થ ભર્યો છે. અહા! બોલ આવ્યો છે ઊંચો. ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે એનો અર્થ આવો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગત છે, પુણ્ય-પાપના ફળરૂપે સ્વર્ગ-નરક છે ને આત્માની ભાવનાના ફળરૂપે સિદ્ધપદ પણ છે. જો ભાવના ન ફળે તો ભાવનાના ફળરૂપ એ વસ્તુ જ રહેતી નથી.

યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ભાવના કોઈ નિષ્ફળ હોતી નથી. પાપભાવનાઓ નરકાદિપણે ફળે છે, શુભભાવનાઓ સ્વર્ગાદિપણે ફળે છે અને ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના માર્ગફળપણે—મોક્ષપણે—ફળે છે. જો ભાવનાઓ નિષ્ફળ જાય તો તે ભાવનાના ફળરૂપ સ્વર્ગ, નરક ને મોક્ષ વગેરેનો અભાવ થતાં જગતને—ચૌદ બ્રહ્માંડને—શૂન્યતા આવી પડે. ફળસ્થાનરૂપ ચૌદ બ્રહ્માંડ શૂન્ય થતાં તેના કારણરૂપ ભાવનાઓનો તથા તે ભાવનારૂપ પરિણમતા આ આત્માનો—દ્રવ્યનો—નાશ થઈ જાય; પણ એવું કદી બને જ નહિ.

અંદર ભગવાન આત્મામાં ચૈતન્યનાં જે બીજડાં વાવ્યાં તે ઊગીને કેવળજ્ઞાન ન થાય તો તે આત્મા જ રહી શકે નહિ એટલે કે આ દ્રવ્યનો જ—આત્માનો જ—નાશ થઈ જાય. જે પર્યાય છે, એનું ફળ ન આવે તો તે પર્યાય જ ન રહે અને જો પર્યાય ન રહે તો જેની એ પર્યાય છે તે દ્રવ્યનો જ અભાવ થઈ જાય—નાશ થઈ જાય.

જેવા પરિણામ કર્યા તેવું ફળ આવ્યા વિના રહે જ નહિ. ચાર ગતિ ને સિદ્ધદશા તે પરિણામનું ફળ છે. જો પરિણામનું ફળ ન આવે તો ચાર ગતિ ને સિદ્ધદશા નહિ રહી શકે. એમ થતાં પર્યાય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં જગતનો પણ નાશ થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ.

અહા ! આ વાત પંચમ આરાનાં પ્રાણીઓને કહી છે. વસ્તુ છે તેને કાંઈ પાંચમો આરો નડતો નથી, કારણ કે શાસ્ત્રમાં જે કહ્યું છે તે પંચમ આરાના સાધુએ પંચમ આરાના જીવો માટે કહ્યું છે, ચોથા આરાના જીવને કહ્યું નથી.

પહેલાં 'જગતને શૂન્ય થવું પડે' એમ સમુચ્ચયે વાત કરી. હવે કહે છે કે જો ભાવના ન ફળે તો આ દ્રવ્યનો નાશ થઈ જાય, એટલે કે ભાવનાનું ફળ જે દ્રવ્યની પૂરણ અવસ્થા તે જો ન થાય તો તે દ્રવ્ય જ રહી શકે નહિ, તેનો નાશ થાય.

પ્રશ્ન:—પોતાની ભાવના પોતાને ન ફળે એમાં જગતને શૂન્ય શા માટે થવું પડે ?

ઉત્તર:—જગત ચૈતન્યના પરિણામ સાથે કુદરતે બંધાયેલું છે, સંકળાયેલું છે. કુદરત એટલે દ્રવ્યનો એવો સ્વભાવ. ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. તેની ભાવના જો નિષ્ફળ હોય તો ભાવનાના ફળભૂત જે આ ઊપજવાનાં સ્થાનરૂપ ચારગતિમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગત, તે જ સિદ્ધ ન થાય. એમ થતાં ભાવના, ભાવનાનું ફળ ને ભાવના કરનાર દ્રવ્ય—કાંઈ પણ રહે નહિ, બધું નાશ થઈ જાય. પણ એમ કદી બને નહિ.

**બેન રાત્રે થોડું બોલ્યાં હશે. બેનો–દીકરીઓએ તે લખી લીધું હશે. અહા! આત્માના સમ્યગ્દર્શન ને અનુભૂતિમાંથી આ વાણી આવી છે; અનુભૂતિમાંથી આ લખાયું છે.**

અહા! જોર અંદર અપ્રતિહત ભાવનાનું છે. જો ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના થઈ તો આત્મા પૂરણ થયે જ છૂટકો. તેમાં કોઈ વિઘ્ન-બિઘ્ન આવશે નહિ. આ તો અંદરના જોરની વાત છે. અહા! બધા આત્મા એક સમયની વર્તમાન પર્યાય સિવાય અંદર ભગવાનસ્વરૂપ જ છે. નિગોદથી માંડી સિદ્ધ સુધી દ્રવ્ય જે છે તે તો ત્રિકાળ નિરાવરણ છે, આનંદકંદ છે, અવિનાશી છે. આવી ચીજની અંતરમાં દૃષ્ટિ થઈ, આવી ચીજની અંતર ભાવના થઈ અને તે ચીજ—આત્મા—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ.

પ્રશ્ન:—પ્રાપ્ત થતો નથી તેનું શું કારણ?

ઉત્તર:—આત્માને પકડવા માટે જેટલો જોઈએ એટલા પુરુષાર્થનો અભાવ છે, માટે પ્રાપ્ત થતો નથી. અહા! ભગવાન આત્મા—સચ્ચિદાનંદ પ્રભુ—એ તો અનંત ગુણનો દરિયો છે, અનંત ગુણનો સાગર છે. તે ચીજ પકડવામાં આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ભાવના થાય, ને કેવળજ્ઞાન ન થાય અને દ્રવ્ય પૂર્ણ પર્યાયપણે ન પરિણમે એ ત્રણ કાળમાં બને નહિ.

સમયસારની ૩૮ મી ગાથાની ટીકામાં કહ્યું છે: અપ્રતિબુદ્ધ જ્યારે સમકિત પામ્યો ત્યારે તે કહે છે કે—મારું સમકિત નહિ પડે. સાધકભાવ છે તો આત્માને સાધ્યભાવ પ્રગટ થશે જ.—એવો જ ભાવ લીધો છે; પડી જાય એની વાત ત્યાં લીધી જ નથી.

**'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.'**

પાપ કર્યાં હોય તો નરક-નિગોદ, પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ-આદિ ને ચૈતન્યના પરિણામ કર્યા હોય તો મુક્તિ;—કુદરતમાં એનું ફળ આવ્યા વગર રહે જ નહિ. બીજ ઊગી તે પૂનમ થયા વિના રહે જ નહિ; તેમ જેને ચૈતન્યની ભાવના પ્રગટી તેને મોક્ષ થયા વિના રહે જ નહિ. આ, બેનના શબ્દો છે.

જેવા પુણ્ય, પાપ ને ધર્મના પરિણામ કરે તેના પ્રમાણમાં એનું ફળ જગતમાં આવે—એમ આત્માના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—ચૌદ બ્રહ્માંડ સંકળાયેલું છે. માંસ વગેરે ખાવાના પાપપરિણામ કરે ને નરકમાં ન જાય તો નરક જ રહી શકે નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્યના પરિણામ કર્યા ને સ્વર્ગ ન મળે તો સ્વર્ગ જ રહી શકે નહિ અને આત્માના શુદ્ધ પરિણામ કર્યા ને મુક્તિ ન મળે તો તે સિદ્ધગતિ રહી શકે નહિ—એ રીતે જગતને શૂન્ય થવું પડે. પરંતુ એમ બને જ નહિ. આત્માના પરિણામ સાથે કુદરતનો મેળ છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.

'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'

પરિણામનું ફળ ન આવે તો અનંતા તીર્થંકરોએ કહેલી વાત ખોટી પડે. પાપના પરિણામ કરે તો નરક-નિગોદ મળે, પુણ્યના પરિણામ કરે તો સ્વર્ગ-મનુષ્યપણું મળે—પછી ભલે રખડે ચાર ગતિમાં—અને આત્માના શુદ્ધ પરિણામ કરે તો મુક્તિ મળે;—એ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

**બેન તો તીર્થંકર પાસે હતા. મહાવિદેહમાં (સીમંધર) ભગવાન બિરાજે છે એમની પાસે હતા. ત્યાં (પુરુષ-મિત્રપણે) અમારી સાથે હતા. અમે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે અંદરથી નક્કી થઈ ગયું છે. મહાવિદેહમાંથી આવ્યા છીએ. ત્યાં સીમંધરપ્રભુ સમવસરણમાં બિરાજે છે. ત્યાં હું રાજકુમાર તરીકે હતો. હાથી, ઘોડા ને અબજોની પેદાશ હતી. વિક્રમ સંવત ૪૯ માં શ્રી કુંદકુંદાચાર્યદેવ અહીંથી મહાવિદેહમાં ગયા હતા ત્યારે હું પણ હાથીના હોદ્દે દર્શન કરવા ગયેલો. ઝીણી વાત છે.**

**બેન ત્યાં શેઠના દીકરા હતા. ત્યાંથી અમે આવ્યા છીએ. અમારી વાતો ઝીણી છે; અમારા મોઢે અમારી વાત કહેવી શોભે નહિ. અહીંથી સ્વર્ગમાં જવાના છીએ—અહીંથી દેવ થવાના છીએ. (ત્યાર પછી) બીજા ભવમાં તીર્થંકરના પુત્ર તરીકેનો (સારો) અવતાર છે. ત્રીજા ભવમાં (અહમિન્દ્રનું) સ્વર્ગ છે. ચોથા ભવમાં (ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં) તીર્થંકર થઈને મોક્ષ જવાનો છું.**

આવું વ્યાખ્યાન કોઈ વાર આવ્યું નથી. આ તો બેન આમાં બોલ્યાં છે તેથી થોડું કહીએ છીએ. એથી ઝીણી વાતો આછી છે. તે અમને પ્રત્યક્ષ થઈ ગયેલું છે.

અહીં કહે છે કે—ચૈતન્યના પરિણામમાં ચૈતન્યની પરિપૂર્ણતા આવે એમ અનંતા તીર્થંકરોએ કહ્યું છે. ભગવાન ચૈતન્યસ્વરૂપનો પુણ્ય ને પાપના વિકલ્પોથી રહિત અંતરમાં અનુભવ હોય, દૃષ્ટિ હોય, ભાવના હોય, નિર્વિકલ્પ નિર્મળ દશા હોય, અને પરમાત્મપદ—સાધ્ય—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ. આ, અનંતા તીર્થંકરોએ કહેલું પરમ સત્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૭

તા. ૧૨–૬–૭૮

## વચનામૃત—૨૨

**ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે. ૨૨.**

આ, બેનનાં વિનય અને નમ્રતાનાં વચન છે. એ સૌએ પોતાની મેળે વાંચી લેવું. બેન તો એક ઠેકાણે ત્યાં સુધી બોલ્યાં છે કે—'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ અહીંથી (ગુરુદેવના પ્રતાપે). ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

—o—

## વચનામૃત—૨૩

**ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. ૨૩.**

'ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'

એ શું કહે છે? દૃષ્ટિમાં દ્રવ્ય ઉપર જોર ન મળે અને ઉપર ઉપરથી આમ વાંચન કરું ને આમ વિચાર કરું વગેરે કર્યા કરે, તેનાથી કાંઈ આત્માનો લાભ ન થાય. અહા! વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ જ છે; પર્યાયમાં વ્યક્તરૂપે થાય એવો કારણ-પરમાત્મા પોતે જ છે. અંદર એના લક્ષ સહિત વાંચન-વિચાર હોય તો કાર્ય આવવાનો અવકાશ છે. પરંતુ અંદર સ્વભાવના લક્ષ વિના ઉપલક ઉપલક વાંચન વિચાર આદિથી કાંઈ ન થાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. અંતરના ભાવમાંથી —ઊંડાણમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. આત્મા અંદર શુદ્ધચૈતન્ય છે. એની, અંદરની રુચિથી ભાવના ઊઠે અને વસ્તુના લક્ષ સહિત વાંચન-વિચાર કરે તો માર્ગ મળે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે કે, વાંચન સાચું હોય છતાં જે માન ને પૂજા માટે વાંચે છે તેનું જ્ઞાન ખોટું છે. તેનો હેતુ જગતને રાજી રાખવાનો ને પોતાની વિશેષતા—મોટપ—બતાવવાનો હોય તો તેનું બધું વાંચવું-વિચારવું અજ્ઞાન છે.

અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે...; આંતરડી એટલે અંદરની દશા. એમાંથી ભાવના જાગે તો માર્ગ સરળ થાય.

**'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.'**

અહા! જ્ઞાયક એટલે વસ્તુ, એકલો જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનનો પિંડ. તે ધ્રુવ, સત્, ત્રિકાળ એકરૂપ વસ્તુ છે; એનું અંતઃસ્થળ—અંદરનું સ્થાન—એક જ્ઞાયકભાવ છે. તેનો ખૂબ મહિમા આવવો જોઈએ; ત્યારે તેને આત્મા પ્રાપ્ત થાય. અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન હોય તોપણ અંદરમાંથી તેનો મહિમા ઊડી જવો જોઈએ, અને પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ વસ્તુ 'અસ્તિ' છે, તેનો અંદરમાં ખૂબ મહિમા—મોટપ, વિશેષતા, સર્વોત્કૃષ્ટતા આવવી જોઈએ. આ જ્ઞાયકવસ્તુ અસ્તિપણે છે તે કોઈ ચીજ જ અલૌકિક છે, તેનો અંદરમાં ખૂબ મહિમા આવવો જોઈએ. અહા! ઝીણી વાત છે ભાઈ! આ હજી તો સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—કેમ થાય તેની વાત છે.

—o—

## વચનામૃત—૨૪

**આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર-મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. ૨૪.**

આત્મા જ જેને પ્રયોજનમાં છે, જેનું પ્રયોજન શુદ્ધ આત્માને સાધવો તે છે, સ્વ-પરને જાણે એવું જ્ઞાયકતત્ત્વ જેનું પ્રયોજન છે એવા આત્માર્થીએ સ્વાધ્યાય કરવો. તે વિકલ્પ છે, પણ આવે. વિચાર-મનન કરવાં એ જ આત્માર્થીનો ખોરાક છે વ્યવહારે. જેમ બે ટંક બરાબર વખતસર ખાધા વિના ચાલતું નથી, તેમ વખતસર વાંચન-મનન કરવાં જોઈએ. એ આત્માર્થીનો ખોરાક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારના ક્રિયાકાંડમાં લોકોને રસ લાગી ગયો છે, ને આ અંદરની વસ્તુ રહી ગઈ છે. વસ્તુ શી છે? તેનું સ્વરૂપ કેવું છે? વગેરે પ્રકારે એનું અંદર ઘોલન થવું જોઈએ. વસ્તુસ્વરૂપ સમજ્યા વિના જીવને પાધરો ધર્મ કરવો છે. શું કરવું? પડિમા લઈ લેવી, બહુ તો સાધુ થઈ જાય; બસ, થઈ ગયો ધર્મ. પણ ભાઈ! સમ્યગ્દર્શન વિના પડિમા કે સાધુપણું કેવું? આત્માર્થીનું શ્રવણ-વાંચન-મનન બધું મૂળ આત્મા માટે છે, સમ્યગ્દર્શન પામવા માટે છે.

—o—

## વચનામૃત—૨૫

**પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. આ કાયની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે—એ ખટક સાથે જ રહેવી જોઈએ. ૨૫.**

**'પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું.'**

એ જ વાત આ ૨૫ મા બોલમાં લીધી છે. પહેલી ભૂમિકામાં—શરૂઆતમાં તો શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન વગેરે હોય છે.

પ્રશ્ન:—શાસ્ત્ર તો બધા સંપ્રદાયમાં હોય છે!

ઉત્તર:—તે શાસ્ત્રો નહિ, અહીં તો સર્વજ્ઞદેવની વાણી અનુસાર—સર્વજ્ઞની આમ્નાય પ્રમાણે—હોય તેવાં શાસ્ત્રોની, દિગંબર જૈનધર્મનાં શાસ્ત્રોની વાત છે. એ જ સાચાં શાસ્ત્રો છે. એની વાણી તો જુઓ! એક 'वंदित्तु सव्वसिद्धे' પદમાં કેવા ભાવ ભર્યા છે! અલૌકિક વાણી છે એ દિગંબર સંતોની! દિગંબરનાં શાસ્ત્રો સિવાય બીજાં કોઈ સાચાં છે નહિ.

પ્રશ્ન—દિગંબર સમાજને તેનાં શાસ્ત્રોની ખબર નથી?

ઉત્તર:—એનાં શાસ્ત્રોમાં છે એ વાતની એને ખબર નથી. ૪ હજાર શ્લોક-પ્રમાણ આત્મખ્યાતિ ટીકા છે, એમાં આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેની પ્રસિદ્ધિના ભાવો ભર્યા છે. સમયસારની ટીકા શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે અને નિયમસારની તાત્પર્યવૃત્તિ ટીકા શ્રી પદ્મપ્રભમલધારીદેવે લખી છે. એક આચાર્ય છે ને બીજા મુનિરાજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે; પદવીની પર્યાયમાં ફેર છે પણ વસ્તુની દૃષ્ટિમાં કાંઈ ફેર નથી. અહા! અતીન્દ્રિય આનંદના વેદનના જેમને સડકા આવે છે, ઊભરા આવે છે એવા, અંતર આનંદ-સ્વરૂપમાં ડૂબકી મારતા મુનિઓ કે જેમને ક્ષણે ને પળે અપ્રમત્તદશા આવે છે તેમને પણ, વિકલ્પ આવે છે ત્યારે શાસ્ત્રવાંચન આદિ હોય છે. અહીં તો પહેલી ભૂમિકાની વાત કહી છે. તે શાસ્ત્ર કેવાં? ભગવાનનાં કહેલાં. સમયસારની પહેલી ગાથામાં કહ્યું છે: 'वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।'

'ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળીભાષિત સમયપ્રાભૃત અહો!'

'શ્રુતકેવળી' શબ્દમાંથી કેવળી અને શ્રુતકેવળી, એમ બે અર્થ ટીકાકારે કાઢયા છે. એ કેવળી-શ્રુતકેવળીનાં તેમ જ આચાર્ય વગેરેનાં કહેલાં શાસ્ત્રો—સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, ઇષ્ટોપદેશ, કાર્તિકેય-અનુપ્રેક્ષા, સમાધિશતક અને તત્ત્વાર્થસૂત્ર આદિ બધાં શાસ્ત્રો—નાં વાંચન-વિચાર પ્રથમ ભૂમિકામાં આવે. આ શાસ્ત્રો વિના બીજા સંપ્રદાયના શાસ્ત્રો લેવા જઈશ તો કાંઈ હાથ નહિ આવે. બીજા પણ એમ કહે કે અમારાં શાસ્ત્ર જિનવરકથિત છે, પણ પરીક્ષા પોતે કરવી જોઈએ. મોક્ષમાર્ગપ્રકાશકમાં કેવાં શાસ્ત્રો વાંચવાં જોઈએ, સાંભળવાં જોઈએ એ વાત લખી છે. એકલું વાંચન-શ્રવણ કરે એમ નહિ, પણ તેનું ઊંડું મનન કરે. 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' વાંચન-મનનના શુભ વિકલ્પ આવે ખરા, પણ તેમાં સંતોષાઈ ન જવું. મેં ઘણાં શાસ્ત્ર વાંચ્યાં, મનન કર્યાં એમ માને. પણ તેથી શું? એ તો શુભ ભાવ છે; એ સમ્યગ્દર્શન કે ધર્મ નથી. આવી વાત છે ભાઈ!

આ આત્મા અંદર દેહનાં રજકણથી જુદી ચીજ છે, સર્વજ્ઞસ્વરૂપી વસ્તુ છે. વસ્તુમાં જ્ઞાનસ્વભાવ છે કે નહિ? એવો સ્વભાવ કયાંય છે બીજે? આ શરીરમાં—માટીમાં ને વાણીમાં કયાંય છે? જાણનાર...જાણનાર..., જેની ભૂમિકાના તળમાં 'જાણવું' ભર્યું છે એવા જાણનસ્વભાવી આત્માનું વાંચન-શ્રવણ-મનન હોવા છતાં તેનાથી સંતોષાઈ ન જવું; એ તો શુભભાવ છે, પુણ્ય છે.

**'આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.'**

આત્મા છે તે જાણનાર-વસ્તુ છે. જાણનાર કોને ન જાણે? જાણનાર છે તેને મર્યાદા શી? કયા કાળ અને કયા ભાવને ન જાણે? સર્વજ્ઞસ્વભાવથી ભરેલો આત્મા છે. એ આત્મા જેમને સર્વજ્ઞદશાપણે પ્રગટયો છે તેમના કહેલાં શાસ્ત્રો વાંચવાં-એનું નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં શાસ્ત્રવાંચન છે. શાસ્ત્રવાંચન-વિચારમાં સાથે એમ રહેવું જોઈએ કે-અંદર ચીજ કોઈ આનાથી ભિન્ન છે.

**'શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે—એ ખટક સાથે જ રહેવી જોઈએ.'**

આત્મા વસ્તુ છે, અસ્તિ છે, મોજૂદ ચીજ છે, પોતાથી પરિપૂર્ણ છે. વસ્તુ હોય તે પોતે અધૂરી ને વિપરીત હોય નહિ. એવા ભાવની અંદર ખટક રહેવી જોઈએ. શ્રવણ-વાંચન વગેરે બધું હોય, પણ માર્ગ તો અંદર કોઈ જુદો જ છે. દયા-દાન, વ્રત-ભક્તિના તથા વાંચન-વિચારના ભાવ શુભ છે ને હિંસા વગેરેના ભાવ અશુભ છે —એ બંને ભાવ વિકૃત છે, કૃત્રિમ છે, સંયોગી છે, ને જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્મા ભિન્ન છે, એ ખટક સાથે જ રહેવી જોઈએ. શુભભાવના કાળે પણ, અંદર આ શુદ્ધ ચૈતન્યવસ્તુ ભિન્ન છે, એ વસ્તુ મારે પામવી છે, એવી ખટક નિરંતર રહેવી જોઈએ. શાસ્ત્રવાંચન-વિચારના શુભભાવમાં સંતોષાઈ જવું જોઈએ નહિ.

—o—

## વચનામૃત—૨૬

**અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર. તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. ૨૬.**

**'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા.'**

જે તત્ત્વ છે, જગતમાં જેનું અસ્તિત્વ છે, તે જ્ઞાનાદિ દિવ્ય શક્તિઓનો ભંડાર ભગવાન આત્મા છે. આત્મદેવ અંદર બિરાજે છે. જાણવું...જાણવું...ને જાણવું જેના અસ્તિત્વમાં થાય છે એ આનંદ ને ઈશ્વરતાના સ્વભાવથી ભરપૂર ચૈતન્યચમત્કાર —આત્મદેવ ભિન્ન બિરાજે છે. તે પુણ્ય-પાપ ને સંયોગની ક્રિયાથી ભિન્ન છે. અહા! અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર, અને હવે અંતરમાં જા, ને તૃપ્ત થા.

અહીં 'હવે' શબ્દ છે; શાસ્ત્રોમાં 'अथ' શબ્દ આવે છે. 'अथ' એટલે માંગલિક શરૂઆત. 'अथ' એટલે હવે. હવે બાધકપણું છોડી સાધકમાં જા, મંગળ શરૂઆત કર.

ભગવાન આત્મા અંદર વસ્તુ છે કે નહિ? અને છે, તો એમાં ભરપૂર ભરેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ છે કે નહિ? સ્વભાવ હોય તે ભરપૂર હોય કે અપૂર્ણ હોય? તુલના—વિચાર કે દી કર્યો છે?

આ દેહ ને રાગાદિ, તથા દયા-દાન વગેરે પુણ્યભાવ બધું બાહ્ય છે. તેને પોતાના માનવા તે બહિરાત્મપણું છે; અને એ રાગાદિથી ભિન્ન આત્મા છે તેને જેવો છે તેવો પૂર્ણ માનવો તે અંતરાત્મપણું છે. અંતરાત્મદશા દ્વારા પૂર્ણ સાધ્યદશા પ્રગટ કરવી તે પરમાત્મપણું છે. આ, આત્માની ત્રણ દશા છે.

અંદર જ્ઞાયક–આત્મા બિરાજે છે એની સંભાળ કર. હવે અંતરમાં જા. પુણ્ય-પાપના વિકલ્પ એ તો ઠીક—એ તો આવે, પણ અંદર 'આ પુણ્ય છે, આ પાપ છે' વગેરે જે જાણે છે તે જ્ઞાનની વર્તમાન પ્રગટ દશાને અંદરમાં લઈ જા. જ્યાં તળમાં ધ્રુવ પડ્યું છે, જેના પાતાળમાં ઊંડે ઊંડે આખું તત્ત્વ અંદર ભર્યું પડ્યું છે, ત્યાં જા, ને તૃપ્ત થા. ત્યાં તને આનંદ થશે. ત્યાં તને ગોઠશે. બેને કહ્યું છે ને?—હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. ત્યાંથી આનંદ મળશે. લોકોને લાગે કે અમને તો બહારમાં ગોઠે છે; પૈસા રળવા, ખાવું-પીવું, કોઈ વખાણ કરે, એમાં મજા પડે છે; અને તમે કહો છો કે અંદરમાં ગમે એવું છે. તો અમારે કરવું શું? અમને તો બધે ગમે છે. તો અમે ત્યાંથી આત્મામાં કેમ જઈએ?

અજ્ઞાનના પાગલપણામાં ભાન ક્યાં છે? ક્યાં ગમે એવું છે એની એમને ખબર જ ક્યાં છે? બહારમાં બધે ગમે છે એવી એમને ખબર છે. અહીં કહે છે કે બહાર જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે; માટે તું અંદરમાં જા, ને તૃપ્ત થા. ત્યાં તને તૃપ્તિ થશે. તને ત્યાં શાંતિ મળશે અને તને ભવનો અભાવ થશે ભાઈ!

જેમ અગ્નિના ઉંદર બહાર નીકળે તો મરી જાય; તે તેમાં જ મજા માને છે; તેમ અજ્ઞાનીને બહારના રાગ ને દ્વેષમાં ગમે છે; તે અગ્નિના ઉંદર જેવા છે. તે અનાદિથી પોતાની જાતને ભૂલીને પરમાં મજા માને છે એ તો ખરેખર દુઃખ છે. ભાઈ! તું પ્રભુ છો, અંદર મોટું—સર્વોત્કૃષ્ટ—તત્ત્વ છો. તારી પૂર્ણતાનાં વખાણ સર્વજ્ઞની વાણીમાં પણ પૂરાં ન આવે એવું, સર્વજ્ઞ ને સર્વદર્શી, સર્વ-આનંદ, સર્વશાંતિ, સર્વપ્રભુતા, એવા સર્વ ગુણોથી પરિપૂર્ણ તારું સ્વરૂપ છે ભાઈ! પણ એને વિશ્વાસમાં આવવું ભારે કઠણ છે; કેમ કે એની રમત વ્યક્ત પર્યાય ને ઉઘાડ-જ્ઞાનમાં જ છે. પણ આ અંશ કોનો છે? તે અંશ કોના આધારે બદલે છે? અંદર ત્રિકાળ નિત્ય ધ્રુવ તત્ત્વના આધારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બદલે છે. તરંગો પાણીના દળમાંથી ઊઠે છે, તેમ પલટતો અંશ નિત્ય તત્ત્વના—દળના આધારે બદલે છે.

પ્રભુ! તું કેવડો છો? તને તારી મોટપ ને મહિમાની ખબર નથી, કેમ કે પર્યાયના—અંશના, એક ગુણની એક અવસ્થાના—પ્રેમમાં, અંદર આખો ભગવાન છે તેને તું ભૂલી જાય છે. જેમ કરોડપતિનો છોકરો બહારચલો—વ્યભિચારી—થઈ ગયો હોય, તેને તેનો બાપ કહે—ભાઈ! ઘરે આ ભર્યાં ભાણાં મૂકીને—પદ્મણી જેવી ખાનદાન પત્નીને મૂકીને—તું એઠાં ચાટવા ક્યાં જાય છે? બેટા! હવે તું એ મૂકી દે; એમ અહીં ધર્મપિતા સર્વજ્ઞ ત્રિલોકીનાથ કહે છે—ભાઈ! તારા ચૈતન્યઘરને છોડીને તને રાગાદિનો પ્રેમ ગમે છે, ગોઠે છે, એ તું બહારચલો થઈ ગયો છે પ્રભુ! અંદર ખાનદાન ચીજ અનાદિથી પડી છે તેની સામું જોતો નથી. તેને જરી જો તો ખરો! અંતરમાં જા તો ખરો! તને અંદરથી કોઈ અપૂર્વ તૃપ્તિ થશે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થશે.

**‘અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર.’**

ભગવાન આત્મા માત્ર એક શક્તિરૂપ નથી; વસ્તુ હોય તે એક શક્તિરૂપ ન હોય; તેનામાં અનંત શક્તિઓ છે. પરમાણુ પણ અનંત શક્તિઓ સહિત છે. પરમાણુ પોતાના સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ ગુણ પલટીને કોઈ દી અરૂપી થાય? એમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત ગુણોનો ભંડાર પ્રભુ છે, એ બદલીને કોઈ દી રંગરૂપે થાય? જાણનાર પદાર્થ કોઈ દી અજાણ-પદાર્થ થાય? અને અજાણ-તત્ત્વ કોઈ દી જાણરૂપે થાય? અહા! તત્ત્વનું ન્યાયસંગતપણું તો જુઓ! જ્ઞાન આદિ અનંત ગુણોનો ભંડાર પ્રભુ! તું અંદરમાં છો. અનંતગુણવાળો નહિ, પણ અનંતગુણસ્વરૂપ છો. સ્વ સિવાય બીજા અનંત પર પદાર્થપણે તું નથી—એવા ‘નાસ્તિ’ના અનંત ધર્મો તો છે જ; પણ જ્ઞાન, દર્શન, સુખ વગેરે ‘અસ્તિ’રૂપ—ભાવરૂપ ગુણો પણ અનંત છે. નિજ તત્ત્વ શું છે તેને ભૂલીને બહારની—જગતની બધી વાતો કરી છે, પણ અંદરના ભગવાન આત્માની ખબરું કરી નથી. તેના બેહદ સ્વભાવની—જ્ઞાન બેહદ, દર્શન બેહદ, આનંદ બેહદ, ઈશ્વરશક્તિ બેહદ વગેરે અનંત અનંત શક્તિઓ ભરેલી છે એવા નિજ સહજ અસ્તિત્વની—કદી સંભાળ કરી નથી, તેને કદી જોયો નથી. એ પૂર્ણ સ્વભાવ દશામાં—હાલતમાં ભલે મર્યાદિત થઈ ગયો છે, તોપણ તેનું મૂળ સ્વરૂપ કદી મર્યાદિત થયું નથી, સદા બેહદ છે.

શુભ ને અશુભ ભાવ એ તો વિકાર છે. એ વિકાર રહિત અંદર વસ્તુ તો પરમ શાંત-શાંત છે. એક ક્રોધનો–વિકારનો અંશ કાઢી નાખે ને અંશે જે શાંતિ દેખાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે શાંતિનું ભરપૂર સ્વરૂપ જ એનું પોતાનું છે. એવા અનંત બેહદ ગુણોનો ખજાનો તું છો પ્રભુ! એને જો ને! તેની સંભાળ લે ને! અનંત કાળથી બહારની સંભાળ કરી કરીને તો મરી ગયો. સવાર-બપોર ખાવું-પીવું ઇત્યાદિ શરીરની સંભાળ કરી કરીને પાછું દેહ છોડીને જાવું ક્યાંય ચોરાશીના અવતારમાં—અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે, અજાણ્યા ભાવે ને અજાણ્યા સંગમાં; કેમ કે જાણનાર ચમત્કારિક વસ્તુને—નિજ ચૈતન્યપ્રભુને જાણ્યો નહિ તેથી અજાણ્યા ક્ષેત્રે, કાળે, ભાવે ને સંગમાં ઊપજે છે. તેથી અહીં કહે છે: બાપુ! તું એની સંભાળ કર. તું રાગ ને પુણ્યપાપની સંભાળ રાખે છે, શરીર આદિ પરપદાર્થને આમ રહેવું જોઈએ ને આમ રાખવું જોઈએ એવા અન્ય માર્ગે ચડી ગયો છે; પણ તારી સંભાળ કરને પ્રભુ! કે તું કેટલો છો? કેવડો છો? અંદર તું છે ને? અને છે તો અંદર તારું સ્વરૂપ કેટલું-કેવડું છે? જે સ્વતંત્ર વસ્તુ છે અને જે આદિ-અંત વિનાની, અનંત ગુણથી ભરપૂર ધ્રુવ ચીજ છે, એ ધ્રુવ ચીજના સ્વભાવનું બેહદ સ્વરૂપ કેવું હોય? તેની સંભાળ કર ને! આવો ઉપદેશ છે, મારગ તો આવો છે.

**'વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર.'**

તને બહારની ચીજોમાં ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન રાગથી મજા કલ્પાય છે એને ઠેકાણે તારું સ્વરૂપ જે વીતરાગી આનંદથી ભરેલું છે તેની સંભાળ કરીને તેમાં ક્રીડા—રમણતા કર ને! વીતરાગી આનંદથી ભરેલી વસ્તુ અંદર કેવી છે? વસ્તુ હોય તે સ્વયં દુ:ખરૂપ ન હોઈ શકે—સ્વત: વિકૃત ન હોઈ શકે. વસ્તુ સ્વત: હોય તે સ્વભાવે અપૂર્ણ ન હોઈ શકે, અશુદ્ધ ન હોઈ શકે. સ્વત:સિદ્ધ આત્મપ્રભુ અનંત શક્તિથી ને વીતરાગી પૂર્ણાનંદથી ભરેલો છે. એવા વીતરાગી આનંદમાં જા—વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર.

ભાષા તો બહુ સાદી! અરે! પુસ્તક બહાર જશે તો લોકો વાંચશે તો ખરા! વાંચે-વિચારે તો ખરા!

વીતરાગી આનંદથી ભરેલી વસ્તુ જે છે તે સ્વત: અસ્તિરૂપ છે. તેની દશામાં પુણ્ય ને પાપના ભાવ કૃત્રિમ નવા-નવા આવે છે ને જાય છે. 'આવે ને જાય' એવા શુભાશુભ ભાવ વિનાની વસ્તુ જે છે...છે...ને છે, તે વીતરાગી આનંદસ્વરૂપ છે. અહા! આ કેમ બેસે? ગોળ—પરમાણુઓનો પિંડ જડ પદાર્થ—ગળપણના સ્વાદથી ભરેલો છે, એમ આ આત્મા અંદર ચૈતન્યના આનંદથી ભરેલો ભગવાન છે. તારી વર્તમાન પર્યાય બહાર જાય છે તેને અંદર આનંદસ્વરૂપમાં લઈ જા, ત્યાં ક્રીડા કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. લોકો કેલી કરવા—ક્રીડા કરવા જાય છે ને બાગમાં? એમ તું તારા આત્મબાગમાં જા, ત્યાં આનંદ ખીલશે. આનંદનો નાથ તો અંદર છે બાપુ! ત્યાં નજર કર; ક્રીડા કરવાનું સ્થાન તો એ છે. ત્યાં તે આનંદરૂપ સરોવરમાં કેલી કર. અંદર આનંદરૂપી સરોવર ભર્યું પડયું છે; રાગ ને દ્વેષ તો નવા-નવા કૃત્રિમ થાય છે, અને આ અંદરનું તત્ત્વ તો જૂનું—અનાદિનું છે. એવા જ્ઞાન ને આનંદરૂપી સરોવરમાં કેલી કર, એટલે કે તેમાં રમણતા કર. તેથી તને આનંદ આવશે અને તારાં જન્મ-મરણ ટળી જશે; દુઃખ મટશે ને આનંદ થશે; એવો આ ભગવાન આત્મા આનંદનું સરોવર છે. તેમાં કેલી કરતાં—અંતરમાં જતાં—આનંદ આવશે.

હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે—એવી વાત છે. ....જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૮

તા. ૧૩–૬–૭૮

## વચનામૃત—૨૭

**આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. ૨૭.**

વચનામૃતના આ ૨૭ મા બોલમાં તો એમની (બેનની) ભક્તિનાં વચન છે.

—o—

## વચનામૃત—૨૮

**ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. ૨૮.**

'ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે.'

ભવિષ્યનો કેવો ભવ થવાનો, કે જેવો તારો વર્તમાન ભાવ. તારો તે ભાવ વર્તમાન તારા હાથમાં છે.

**માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'.**

ઉદય સમયે ઉચાટ શા? બંધના સમયે, ભાવ કરતી વખતે, ચેત ને! પછી બંધ જે થયો તેનો ઉદય આવે તે આવશે. તે બંધને કાળે ચેતવું એટલે કે સ્વસન્મુખ થઈને દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા પ્રગટ કરવી. બંધ સમયમાં ચેતવું કે જેથી એના ફળ તરીકે ઉદયમાં ઉચાટ શા? પછી એનું ફળ આવે તે આવવાનું. એ ભવિષ્યનું ચિતરામણ પોતાના હાથમાં છે—એમ કહે છે.

—o—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨૯

**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૯.**

**'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે.'**

હવે કહે છે:—આત્મા જે વસ્તુ છે એ જ્ઞાનસ્વભાવી કાયમી અસલી સ્વરૂપે એક છે. વસ્તુ છે એ તો વસ્તુ છે જ. તેને ધીરજથી સૂક્ષ્મતાથી અંદરમાં જો, તો તને પકડાશે. કાંઈક કરવું, શુભભાવની ક્રિયા,—એ કાંઈ સાધન નથી. પરની અપેક્ષા વિનાનો પોતાનો પ્રભુ-પોતાનું પૂર્ણ સ્વરૂપ ધીરું છે, શાશ્વત છે. શું કહ્યું એ? વસ્તુ છે એ નિર્વિકલ્પ શાંતિસ્વરૂપ છે;-શાંત, શાંત, શાંત સ્વરૂપ પોતે જ ધીરું છે, શાશ્વત છે; તેને વર્તમાન દશામાં ધીરું કરીને—તે દશા શાશ્વત તરફ વળે એ રીતે કરીને, સૂક્ષ્મતાથી અંદર જો, તો આત્મા પર્યાયમાં પકડાય એવો છે.

અનિત્ય એવા પુણ્ય-પાપના ભાવની અપેક્ષા છોડી દઈ, જે સ્વભાવથી ધીરું, શાશ્વત અને શાંત છે તેને એ નમૂનામાં—વર્તમાન પર્યાયમાં—ધીરું, શાંત કરીને સૂક્ષ્મતાથી અંદર જો, તો તે (આત્મા) પકડાય એવો છે, અનુભવમાં આવે એવો છે. અહા! આવી વાત છે.

પ્રશ્ન:—આગમથી ને શુભભાવથી થાય ને—પકડાય ને?

ઉત્તર:—એ બધી વાતો; એ તો નિમિત્ત કેવું હોય, ત્યાં કેવો વિકલ્પ નિમિત્તપણે હોય—એનું જ્ઞાન કરાવ્યું છે. આગમમાં જ નહિ પણ અધ્યાત્મશાસ્ત્રમાં પણ કહ્યું છે. પંચાસ્તિકાયની ૧૭૨ મી ગાથાની ટીકામાં ભિન્ન સાધ્ય-સાધનની વાત કહી છે. એ કહેવાની અપેક્ષા કઈ છે? એ વખતે વિકલ્પ હોય પહેલાં; તેનું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું છે. ખરેખર 'જે સાધન છે નહિ' તેને સાધન કહ્યું છે. છે ને બીજી ચીજ? નિમિત્ત વસ્તુ નથી? ઉચિત નિમિત્તો કયે સ્થળે નથી? નિમિત્ત છે, પણ કાર્ય નિમિત્તથી થતું નથી. પોતાના પરિણામસ્વભાવને લીધે દરેક દ્રવ્યને પર્યાયની ઉત્પત્તિ થાય છે, તે કાળે તેને ઉચિત નિમિત્તો કયાં નથી? દરેક સમયે ઉચિત નિમિત્ત હોય જ છે; છતાં એ નિમિત્તથી થાય છે—એમ વસ્તુ-સ્વરૂપમાં નથી. વિકલ્પ સાધન નથી, અંદર વિકલ્પથી પણ જુદાપણાનું ભેદજ્ઞાન કરેલું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તે વખતે જે ઉચિત વિકલ્પ હોય છે તેને સાધન તરીકેની ઉપમા અપાય છે. ખરેખર તો વિકલ્પ સાધન છે નહિ, એ તો એને બાધક છે. તો પછી સાધન આ એક જ છે કે જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જોવું—અંદર આત્માને પકડવો.

શાસ્ત્રમાં પણ કથન આવે કે વ્રત વગેરે શુભ કરતાં શુદ્ધ થશે. પણ શુભ કરતાં શું થાય? શુભને છોડી શુદ્ધ કરે તો શુભથી થયું એમ વ્યવહારે કહેવાય. શુભ તો નિમિત્ત છે; નિમિત્તનો અભાવ કરે ત્યારે સ્વભાવનું ભાન થાય. એમાં નિમિત્તે કર્યું શું ? નિમિત્ત છે એટલું જ્ઞાન કરવા જેવું છે. પરની અપેક્ષા વિનાનો અને રાગના વિકલ્પથી જુદો—એવું ભેદજ્ઞાન કરતાં અંદર અભેદસ્વરૂપ અનુભવમાં આવ્યું; એમાં એ ભેદજ્ઞાન સાધન છે, છતાં ત્યાં જે રાગનો ભાગ સાથે રહેલો છે તેને વ્યવહારનો આરોપ દઈને, સહચર દેખીને ઉપચારથી સાધન કહેવામાં આવ્યો છે. આ સિવાય બીજી રીતે માનશે તો ક્યાંય મેળ નહિ ખાય.

**'એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ.'**

રાગનો વિકલ્પ એ એક સમયનો કૃત્રિમ વિભાવભાવ છે, ને ભગવાન સ્વભાવ-ભાવ ત્રિકાળ છે. બંને એકરૂપ થયા નથી; બેઉ વચ્ચે સાંધ છે, બંને જુદા છે. ખાણ-માંથી સોનું ને પથ્થર સાથે નીકળે, પણ બન્ને એક નથી. અગ્નિના પ્રયોગે બેઉ જુદાં પડી જાય છે. એમ ભગવાન આત્મા વિકલ્પથી તદ્દન જુદો જ છે; પણ અજ્ઞાનથી તેને પોતાની સાથે એકત્વપણે માન્યો છે. એ માન્યતા તોડીને સ્વરૂપ તરફની એકાગ્રતાનો પ્રયોગ આપે તો બંને જુદા પડી જાય છે.—બેય જુદા હતા તે જુદા થઈ જાય છે. અહા! આવી વાતો!

એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા. એક વાર જાળ તૂટી તે રહી ગઈ જુદી; પછી એ કદી ચોંટશે નહિ. વિજળી પડી ને ડુંગરના બે કટકા થયા; હવે રેણ દીધે એ ભેગા ન થાય. અપ્રતિહત ભાવની અહીં વાત છે. રાગથી જુદો પડ્યો એ પડ્યો, જાળ તોડી એ તોડી; હવે વિકલ્પની જાળ તેને એકપણે કદી પણ થશે નહિ.

શ્રી અમૃતચંદ્ર-આચાર્યે હવે સમયસારની ૩૮ મી ગાથા ને પ્રવચનસારની ૯૨ મી ગાથાની ટીકામાં એમ કહ્યું છે કે, આગમજ્ઞાનથી ને અનુભવજ્ઞાનથી નિર્વિકલ્પ જ્ઞાન થઈ અમને અંદર જ્ઞાનપ્રકાશ થયો છે અને અમને જે મિથ્યાત્વનો નાશ થયો છે, એ મિથ્યાત્વ હવે અમને ફરીને થવાનું નથી. અહા! પાંચમા આરાના સંત પણ આ રીતે અંદરના જોરની પોતાની ભાષામાં વાત કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! આવા પંચમ કાળમાં મળેલી આવી દુર્લભ ચીજ, એને લક્ષમાં લઈ ને, વિકલ્પની જાળ તોડીને, નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને તેનો અનુભવ પ્રગટ કર. તો પછી, હવે વિકલ્પની જાળ તને નહિ અડે, વિભાવમાં એકત્વપણું હવે નહિ થાય; વિકલ્પ આવશે પણ તે પરજ્ઞેય તરીકે જણાશે. અહા! આ વીતરાગ જૈનદર્શન છે. ઘણું ગહન છે.

—o—

## વચનામૃત—૩૦

જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. ૩૦.

**"જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે, 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી;"**

બીજમાં આખું ઝાડ થવાની શક્તિ છે. વર્તમાનમાં ડાળાં-પાંદડાં-ફળ દેખાતાં નથી, છતાં વિશ્વાસ છે કે આ બીજમાં આખું ઝાડ થવાની તાકાત છે. આંબાનું બીજ વાવતાં વિશ્વાસ છે કે આમાંથી આંબો થશે અને હજારો કેરી પાકશે, પછી તેનો વિચાર આવતો નથી; વાવ્યું છે તે થશે જ. એ વૃક્ષના દૃષ્ટાંત પ્રમાણે અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન અને અનંત આનંદ વગેરે પ્રગટ કરે—અનંત વિભૂતિપણે ફળે—એવું મૂળશક્તિવાળું બીજ આ આત્મદ્રવ્ય છે. જેમ વડના બીજમાંથી અનેક વડ થાય, તેની વડવાઈઓ પાછી જમીનમાં જઈને બીજાં અનેક વડ ફાલે; તેમ મૂળ શક્તિરૂપ આત્મદ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. આત્મવસ્તુ છે તે ત્રિકાળી છે, નિરાવરણ છે, તેમાં ઓછપ નથી, અશુદ્ધતા નથી, તે પૂર્ણ છે ને શુદ્ધ છે; મૂળ શક્તિરૂપ એવા દ્રવ્યનો વિશ્વાસપૂર્વક આશ્રય કરવાથી, એનું ગ્રહણ કરવાથી, એને પકડવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. એ ફાલીને કેવળજ્ઞાન થશે જ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**…'તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે,'…**

યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી એટલે યથાર્થ શ્રદ્ધા સહિત જાણવાથી. આત્મપદાર્થ વસ્તુ છે ને? પૂર્ણરૂપ છે ને? જે અનંત પૂર્ણ સ્વભાવોથી—શક્તિઓથી પણ પરિપૂર્ણ છે એવા એના પૂર્ણ રૂપનું વિશ્વાસપૂર્વક-શ્રદ્ધાપૂર્વક બરાબર ગ્રહણ કરવાથી પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે. એક સમયની પર્યાયમાં હું ઊભો છું એટલે કાંઈ 'હું—વસ્તુ' પર્યાયમાત્ર નથી. એની સમીપમાં—જ્યાં પર્યાય છે ત્યાં જ—ઊંડે અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા પૂર્ણ સ્વભાવોના ભારથી-સમૂહથી ભરેલો ભરપૂર આત્મભગવાન છે. એને વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી—એમ કહ્યું; પણ બહારના જાણપણાથી, શાસ્ત્રને જાણવાથી-ધારવાથી, નિર્મળ દશા પ્રગટ થાય એમ કહ્યું નથી. શાસ્ત્રમાં જાણપણાની વાત તો આવે, 'આત્મા આવો છે ને તેવો છે' એમ શાસ્ત્રથી ધારી લે, પણ તેનાથી કાંઈ ન થાય. અંદર ચીજ જેવડી છે એવડીનો વિશ્વાસ કરીને, જેવડું તેનું અસ્તિત્વ છે તેવડાની પ્રતીતિ કરીને, 'વિશ્વાસે વહાણ તરે' એમ, અંદરના એ પૂર્ણાનંદના નાથને વિશ્વાસે જાણતાં નિર્મળ પર્યાયનું વહાણ તરશે, નિર્મળ પર્યાયની ધારા ચાલશે. અહા! વસ્તુ તો છે, પણ તેને વિશ્વાસપૂર્વક જાણવાથી પરમ આનંદની અને પરમ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે.

પ્રશ્નઃ—વિશ્વાસ કરવાથી પ્રગટ થાય?

ઉત્તરઃ—હા. આ આત્મા—વસ્તુ જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવે ભરપૂર સર્વોત્કૃષ્ટ પ્રભુ પરમાત્મા છે, એમ વિશ્વાસ કરતાં પર્યાયમાં આનંદ અને જ્ઞાન આદિ અનંત ગુણની, બધી શક્તિઓની, અંશે વ્યક્તતા પ્રગટશે.

પ્રશ્નઃ—પહેલું શું કરવું?

ઉત્તરઃ—પહેલું શું કરવું—એ જ અહીં કહ્યું છે. સંખ્યાએ અનંત ગુણનો ધરનાર દરિયો જે નિજ આત્મદ્રવ્ય, એનો પુરુષાર્થથી સમજણપૂર્વક ભરોસો કરતાં જેટલા ગુણો છે તે બધાની શક્તિમાંથી વ્યક્તતા એક અંશે પ્રગટ થશે. એ જ પહેલું કરવાનું છે.

પ્રશ્નઃ—પુરુષાર્થ એ કયા ગુણની પર્યાય છે?

ઉત્તરઃ—પુરુષાર્થ વીર્યગુણની પર્યાય છે. અહા! કઈ પર્યાયમાં પુરુષાર્થ નથી? ઊંધી પર્યાયમાં પણ પુરુષાર્થ તો છે, પણ ઊંધો; એમ આ સ્વભાવ-સન્મુખની, અંદર સમજણપૂર્વક વિશ્વાસની, પર્યાયમાં અનંતો સવળો પુરુષાર્થ છે. અનંતી અનંતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિઓના સાગરનો વિશ્વાસ—અતીન્દ્રિય જ્ઞાન ને આનંદના સાગરનો, અતીન્દ્રિય પ્રભુતા ને સ્વચ્છતાના સ્વામીનો ભરોસો—આવતાં પુરુષાર્થપૂર્વક નિર્મળ દશા પ્રગટે છે. શુભરાગથી આ વિશ્વાસ આવે એમ નથી. માર્ગ તો આવો છે. એને એવો નબળાઈમાં—પુરુષાર્થ-હીનતામાં ગોઠવી દીધો છે! કલંક છે એ તો. શુભભાવથી —રાગથી આત્માની નિર્મળ વીતરાગ પર્યાય પ્રગટ થાય એ માન્યતા તો કલંક છે.

**“દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના ‘શું પ્રગટશે’ એમ થાય,”...**

દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી; દેખાય શી રીતે? જેમ પેલું બીજ વાવ્યું ત્યાં પ્રગટ કાંઈ ડાળાં-પાંદડાં દેખાતાં નથી. પણ વિશ્વાસ છે કે આમાંથી થશે જ; તેમ ભગવાન આત્મા વસ્તુ છે, દ્રવ્ય છે, પદાર્થ છે, ‘અસ્તિ’ છે, અનાદિઅનંત નિત્ય ધ્રુવ ધાતુ છે; તે ચૈતન્યધાતુરૂપ દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના ‘શું પ્રગટ થશે? થશે શું? પર્યાય ક્યાંથી આવશે?’ એમ થાય, કેમ કે વિશ્વાસ તો છે નહિ કે આમાં બધું છે. ખબર નથી કે અતીન્દ્રિય જ્ઞાન ને સુખ પ્રગટે એવું મારું બધું મારામાં છે; રાગમાં, પુણ્યમાં—દયા-દાનમાં, નિમિત્તમાં મારું કાંઈ નથી, તેના વડે આત્માની પ્રાપ્તિ કાંઈ નહિ થાય.

અહા! બીજમાં વિશ્વાસ છે કે, તેમાંથી ઝાડ—ડાળાં, પાંદડાં, ફૂલ, ફળ—થશે, એમ અહીં અંદર આત્મદ્રવ્યનો વિશ્વાસ નથી! તેથી વિશ્વાસ વિના ‘શું પ્રગટશે’ એમ થાય—

**‘પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.’**

દેવ-શાસ્ત્ર-ગુરુનો વિશ્વાસ તો એક કોર બાજુએ રહી ગયો; પુણ્ય ને પાપના પરિણામનો પણ વિશ્વાસ નહિ—એ ભિન્ન રહી ગયા; પણ એક સમયની પર્યાય પ્રત્યે જે લક્ષ તેનોય વિશ્વાસ નહિ. વિશ્વાસ જોઈએ ત્રિકાળીનો.

પ્રશ્ન:—‘ત્રિકાળિક’ તો અમે કદી સાંભળ્યુંય નહોતું!

ઉત્તર:—ખરી વાત, નહોતું સાંભળ્યું. આત્મા વસ્તુ છે તે ક્યાં છે, કેવી છે, તેનું ત્રિકાળિક સ્વરૂપ કેવું છે—તેનું સાચું સ્વરૂપ સત્સમાગમે કોઈ દી સાંભળ્યું નથી. આમ તો વાતો કરે કે-આત્મા અવિનાશી છે, પણ તેનું સાચું ત્રિકાળી સ્વરૂપ શું છે એ કદી વિશ્વાસમાં લીધું નથી. બહારમાં માથાકૂટ કરી મરી ગયો, અરે! સામાયિક કરી, પોસા કર્યા, પડિકમણાં કર્યાં. શું કર્યું એમાં? એ તો રાગની ક્રિયા છે, ને ત્યાં દેહની ક્રિયા તો જડ છે; તે બન્નેથી આત્માની નિર્મળતા ન પ્રગટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારના નિર્જરા-અધિકારમાં તો એમ કહ્યું છે: કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ (જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી તૂટી મરતા થકા ક્લેશ પામે તો પામો; એ શુભ ક્રિયાનો ક્લેશ કરે તો કરો, એમાં આત્મા હાથ નહિ આવે.

સર્વજ્ઞદેવપ્રણીત આ વાણી છે; નિકટવર્તી ગણધરોએ સાક્ષાત્ સાંભળેલી તે આ વાણી છે. આવી વાત ક્યાં છે બીજે, બાપુ! અહીં તો કહે છે કે દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટ થશે. બીજનો વિશ્વાસ કરવાથી ડાળાં, પાંદડાં ને ફળ થશે જ; એમ ભગવાન આત્મામાં, અલ્પજ્ઞ પર્યાયમાં હોવા છતાં પૂર્ણનો વિશ્વાસ આવવાથી, અલ્પજ્ઞ દશામાં પૂર્ણાનંદનો અંશે સ્વાદ અને આનંદ આવવાથી—જે આનંદના સ્વાદ આગળ દુનિયાના વિષય ને ભોગ, ઇંદ્ર ને ઇંદ્રાણીના ભોગ સડેલાં કૂતરાં જેવા દેખાય—નિર્મળતા પ્રગટવા લાગે છે. અહા! દ્રવ્યસ્વભાવની મહિમા સમજવાથી તને બહારની મહિમા ઊડી જશે, તને બહારમાં મોટપ નહિ જણાય, બહારમાં કોઈ અધિક છે એમ નહિ ભાસે; કેમ કે અંદર દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ આવવાથી તને તારું આધકપણું આવ્યું છે ને? 'णाणसहावाधियं मुणदि आदं' ત્યાં 'અધિક' શબ્દે જુદાપણું છે. રાગથી અને અપૂર્ણ પર્યાયથી જુદાપણું તને ભાસશે. —એવો, અંદર સ્વભાવથી ભરચક એવા ભગવાન આત્માનો વિશ્વાસ લાવવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

—પૂ. ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૯

તા. ૧૪–૬–૭૮

## વચનામૃત—૩૧

સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.

**'સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે;'**

શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ એટલે જેને આત્માના પૂર્ણ સ્વભાવનો અંદરમાં વિશ્વાસ લાવીને આત્માનું સાચું શ્રદ્ધાન—સમ્યક્ દર્શન—થયું છે તે. હું જ્ઞાન-આનંદ આદિ અનંત શક્તિઓથી ભરપૂર પદાર્થ છું—એમ પહેલાં ભરોસો આવ્યો ત્યારે અંદર આત્માનો અનુભવ થયો. પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવાથી અંદર વિશ્વાસ થાય છે. અનાદિથી જીવનો વિશ્વાસ વર્તમાન પર્યાયમાં છે; પણ એ પર્યાય જ્યાં છે ત્યાં જ પાછળ ઊંડે, એના તળિયે આખી પૂર્ણ વસ્તુ છે; અનંત અનંત અપરિમિત શક્તિઓનો તે સાગર છે. એનો જેને અંદર શ્રદ્ધામાં વિશ્વાસ આવે અને અંતર અનુભવમાં જાય તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

જીવે અનાદિથી પોતાની શક્તિની સંભાળ કદી લીધી નથી, કારણ કે તેની નજર એક સમયની પર્યાય ને રાગ ઉપર જ છે. તેથી એની નજરમાં ભગવાન આત્મા —જે અંદર પૂર્ણસ્વરૂપ દ્રવ્ય છે, શક્તિથી ભરપૂર તત્ત્વ છે તે—આવતો નથી. પર્યાય તો એક સમયનો અંશ છે; ત્રિકાળી ધ્રુવ તત્ત્વ નથી. પર્યાય પણ ધ્રુવ વસ્તુના આધારે થાય છે. એવા વસ્તુસ્વરૂપનો—પૂર્ણસ્વભાવનો અંદરમાં ભરોસો લાવીને અંતરમાં જાય અને આત્માનો જે નિર્મળ અતીન્દ્રિય અનુભવ થાય તેને સમ્યગ્દર્શન ને સત્-દર્શન કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સમ્યગ્દર્શન થતાં જ્ઞાન ને વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગમે તે પ્રસંગમાં તેને વિભાવનો લેપ લાગતો નથી. જ્ઞાન એટલે પોતાના પૂર્ણસ્વરૂપનું જ્ઞાન, અને વૈરાગ્ય એટલે પર તરફના રાગનો અભાવ. પૂર્ણ તત્ત્વનું જ્ઞાન અને પ્રતીતિ તે અસ્તિથી, અને પર તરફના વિકલ્પથી માંડીને શરીર આદિ બધી ચીજો—એના રાગનો જેમાં અભાવ છે તેનું નામ વૈરાગ્ય એ નાસ્તિથી કથન છે.

સમયસારના નિર્જરા અધિકારમાં આવે છે: 'સમ્યગ્દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે.' જ્ઞાયક નિજ વસ્તુના સ્વરૂપની સન્મુખ થઈને તથા નિમિત્ત, રાગ ને પર્યાયથી પણ વિમુખ થઈને પૂર્ણ સ્વભાવની જેને અંદર પ્રતીતિ થઈ છે એવા સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની બે શક્તિ હોય છે. અંદર એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોય, મુનિપણું ન હોય, બહારનાં બધાં જ કાર્યોમાં ઊભા હોય, છતાં લેપ લાગતો નથી. બધાં કાર્ય એટલે સમ્યગ્દષ્ટિને યોગ્ય હોય તે. એવો રાગ જ્ઞાનીને આવે ખરો, પણ તે રાગધારાને પોતામાં ખતવતો નથી. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય, ૯૬ હજાર સ્ત્રીઓ હોય, છતાં તે રાગનું નાસ્તિપણું અને સહજ જ્ઞાતાસ્વભાવનું અસ્તિપણું તે હું છું—એવી દશામાં, રાગની સાથે એકતાબુદ્ધિ થતી નથી; તેથી રાગથી નિર્લેપ રહે છે. અહા! સિદ્ધાંતો આવા છે! જ્ઞાની પોતાને ઉચિત બધાં કાર્યોમાં ઊભા હોવા છતાં લેપ લાગતો નથી; કેમ કે પોતાના પૂરણ સ્વભાવની પ્રતીતિ તેમ જ જ્ઞાન વર્તે છે અને પરના—રાગના અભાવસ્વભાવરૂપે વૈરાગ્ય વર્તે છે. તેથી જ્ઞાનીને અંદર કંઈ લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે. 'લેપ લાગતો નથી' એમ પહેલાં નાસ્તિથી વાત કરીને પછી, રાગ થવા છતાં રાગમાં એકત્વબુદ્ધિ કરતો નથી એટલે કે 'નિર્લેપ રહે છે' એમ અસ્તિથી વાત કરી. રાગ થાય છે એટલો તો લેપ છે, પણ 'એ રાગ મારો છે' એમ અભિપ્રાયમાં એકત્વ કરતો નથી; માટે તે નિર્લેપ રહે છે. શ્રી ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં હતા, સમકિત તથા ત્રણ જ્ઞાન હતાં. ગૃહસ્થાશ્રમમાં હતા એ તો સમજાવવા માટે કહ્યું; ખરેખર સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમની પર્યાયમાં પણ નથી. એ તો પૂરણ સ્વભાવનું જ્ઞાન અને વિકલ્પથી માંડીને પર પદાર્થના રાગના અભાવરૂપ જે વૈરાગ્ય, તેના અસ્તિત્વમાં છે. અહા! આવી શરતો છે.

**'જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે;'...**

—એમ શાસ્ત્રમાં આવે છે. રાગ છે તો ખરો, પણ રાગની ધારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં રહે છે. જ્ઞાનધારા એટલે વસ્તુના સ્વરૂપનું જે જ્ઞાન થયું તે. અહા! પર્યાયમાં તે જ્ઞાનધારા જ્ઞાનીને કાયમ વર્તે છે. જેમ અંદર ત્રિકાળી ધ્રુવધારા વર્તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એમ ધ્રુવ સ્વભાવનું જે જ્ઞાન થયું, અનુભવ થયો એ જ્ઞાનધારા પણ હવે કાયમ વર્તે જ છે. જ્ઞાતૃત્વધારા અને શુભાશુભ વિકલ્પધારા—ઉદયધારા એ જુદી જ પરિણમે છે.

**'અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.'**

રાગ કર્મથી થાય છે એ વાત જ નથી. પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને શો સંબંધ છે? નિમિત્તનૈમિત્તિક-સંબંધ એટલે પૃથક્‌પણું. કર્મથી આત્મામાં થાય અને આત્માથી કર્મમાં થાય—એવું ક્યાંય છે જ નહિ. દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં વર્તે છે. કર્મ એની ઉદય-પર્યાયમાં વર્તે છે અને અલ્પ અસ્થિરતા તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે. જ્ઞાની તેનો પણ જ્ઞાતા રહે છે, જાણનાર રહે છે. રાગ મારો છે એમ માનનાર રહેતો નથી. અહા! સમ્યગ્દર્શન ને જ્ઞાનનું આવું સ્વરૂપ છે.

—o—

## વચનામૃત—૩૨

**સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે—બહાર ઊભા છે. ૩૨.**

**'સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી.'**

આત્મામાં અપરિમિત આનંદ છે; પર્યાયમાં તેનો જેને સ્વાદ આવ્યો એને, કહે છે કે, બહારમાં ક્યાંય ગોઠતું નથી. બહારમાં અનુકૂળતા છે માટે ઠીક છે એમેય નથી; સ્વના આનંદ સિવાય જ્ઞાનીને બહાર ક્યાંય ગોઠતું નથી, સારું લાગતું નથી. અરે! શુભભાવમાં પણ જ્ઞાનીને સારું લાગતું નથી. સમ્યગ્દૃષ્ટિને સ્વાત્માની સર્વોત્કૃષ્ટતા આગળ—સ્વ આત્મામાં અતીન્દ્રિય અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદ છે કે જે ચોરાશીના અવતારમાં ક્યાંય જોયો નહોતો, જાણ્યો નહોતો એવા આનંદનો જેને અનુભવ છે એને પોતાના આનંદ સિવાય—બીજે ક્યાંય ગોઠતું નથી, ક્યાંય સારું લાગતું નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી પરણવા ગયા હોય તોપણ એમાં તેને સારું લાગતું નથી. જ્ઞાની રાગને પર તરીકે જાણે છે, પોતા તરીકે જાણતો જ નથી; ગમે તો શુભરાગ હો કે અશુભ રાગ હો પણ એ ભાવ છે તો વ્યભિચાર અને ઝેરનો ઘડો. હું શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું-એવી અનુભૂતિરૂપ પરિણમનના કારણે અંદરમાં જ સારું લાગવાની અપેક્ષાએ જ્ઞાનીને બહારમાં ક્યાંય સારું લાગતું નથી, ક્યાંય ગોઠતું નથી.

ધર્માત્માને જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી; કેમ કે અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ-પ્રભુ એ જ સુંદર છે. એના પ્રેમ આગળ બીજે ક્યાંય પ્રેમ ચોંટતો નથી. આસક્તિનો જરી પ્રેમ છે, પણ મારાપણાનો પ્રેમ જરીયે નથી.

**'જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.'**

જેણે દૂધપાકનો સ્વાદ ચાખ્યો તેને સડેલી લાલ જારનાં ફોતરાંના રોટલા સારા ન લાગે, એમ જેણે આનંદસ્વરૂપ નિજ પ્રભુના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, ચૈતન્યના મહિમા ને રસ આગળ એને બાહ્ય વિષયોનો રસ છૂટી ગયો છે, બહારમાં ક્યાંય રસ નથી. રસ નથી એટલે કે વિષયોમાં એકાકારપણું નથી. 'અનુભવપ્રકાશ'માં રસનો અર્થ કર્યો છે; સમયસારના પહેલા જીવ-અધિકારમાં—પૂર્વરંગમાં—પણ રસનો અર્થ કર્યો છે: ...'સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે.' જ્ઞાનીને જ્ઞાનમાં એકાકાર થઈ જવું તે રસ છે અને અજ્ઞાનીને જ્ઞેયમાં એકાકાર થઈ જવું તે રસ છે. રાગ અને પરમાં એકાકાર થઈને રસ લેવો એ જ્ઞાનીને હોતું નથી.

સમકિતી ચક્રવર્તીને વિષયની વાસના આવે એ વખતે પણ એને અંદર તેની મીઠાશ અને રસ નથી; એને તરત જ બીજી ક્ષણે ધ્યાનમાં બેસે ને આનંદનો રસ આવે છે, વિશેષ આનંદ આવે છે. વિશેષ એટલે કે વિકલ્પ પરમાં હતો ત્યારે પણ જેટલી અંદર શુદ્ધિ પરિણમી છે તેટલો આનંદ તો નિરંતર છે, પણ વિકલ્પમાંથી છૂટીને અંદરમાં જાય છે ત્યારે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને વિશેષ આનંદ આવે છે. આનંદની ધારા વધે છે. એ એને બીજે ક્યાંય પ્રેમ લાગવા દેતો નથી; તેને કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. સુંદર રૂપાળું શરીર હોય અથવા જગતની બીજી કોઈ પણ ચીજ હોય એ બધું જડનું અસ્તિત્વ છે. ચૈતન્યના અસ્તિત્વમાં રસ લાગ્યો તેને જડના કોઈ પણ અસ્તિત્વની સુંદરતામાં રસ લાગતો નથી. અહા! એકલું માખણ છે! ચીજ આવી છે! વસ્તુનું સ્વરૂપ આવું છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે—બહાર ઊભા છે.'**

અનાદિના અભ્યાસને લઈને જરી અસ્થિરતાના ભાવ આવે છે, અંદર સ્વરૂપમાં વિશેષ સ્થિર રહી શકાતું નથી. સ્વરૂપના ધ્યાનમાં તો પોતે જ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય—એવી એકરૂપ દશાનો અનુભવ હોય છે. એ દશામાં વિશેષ ટકી શકે નહિ તેથી જ્ઞાનીને રાગ આવે છે, ઉપયોગ બહાર જાય છે, પણ એ બધું રસ વિના હોય છે. બહારથી એવું લાગે કે ભગવાનની ભક્તિ કરે છે, સ્તુતિ કરે છે, છતાં એ ભાવમાં રસ નથી. આ વાત સમજવા માટે ઘણી જ ધીરજ તથા ઘણો પુરુષાર્થ જોઈએ છે. પુરુષાર્થની દિશા જે પર તરફ—રાગ તરફ—છે તેમાં પલટો મારીને અંદરમાં વાળવો. પુરુષાર્થ કાંઈ બહારના ભણતરથી આવી જતો નથી.

અનાદિથી પરનો ને વિભાવનો જે અભ્યાસ છે, એમાંથી છૂટીને અંદર સ્વના અભ્યાસમાં આવવું; પછી અસ્થિરતાને લઈને ઉપયોગ જરી બહાર આવે, પણ તે રસ વિના—બધું નિ:સાર, ફોતરાં જેવું, રસ-કસ વિનાનું હોય એવા ભાવે—બહારમાં જોડાય છે. જે રસ-કસ છે એ તો મારું સ્વરૂપ છે; આનંદ, જ્ઞાન અને પ્રભુતા-એ તો હું છું; આ શુભાશુભ રાગ એ તો ફોતરાં સમાન નિ:સાર છે. સકરકંદમાં અંદર મીઠાશનો પિંડ છે એ તેનો કસ છે, ઉપરની છાલ તો કસ વિનાની નિ:સાર છે; એમ ધર્મીને નિજ આત્માનાં પૂરણ આનંદ, પૂરણ જ્ઞાન ને ધ્રુવસ્વભાવરૂપ કસ આગળ રાગ આદિ તેમ જ બહારના સંયોગ-એ બધું ફોતરાં જેવું રસ-કસ વગરનું લાગે છે. એને બહારમાં રસ નથી અને કસ તો એમાં દેખાતો નથી; રસ-કસ તો અંદર આત્મામાં છે. રસ-કસ વગરનું હોય એવા ભાવે જ્ઞાની બહાર ઊભા છે.

એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ; તેમ જેને આત્માનો રસ છે એને રાગાદિનો રસ ઊડી જાય, અને જેને રાગાદિનો રસ છે તેને આત્માનો રસ આવી શકે નહિ. ગમે તો દયા પાળવાનો ભાવ હોય-એ પણ રાગ છે. ખરેખર તો રાગની ઉત્પત્તિ ન થવી એ જ સાચી સ્વ-દયા છે. એનું નામ 'अहिंसा परमो धर्मः' છે. વ્યવહારમાં તો બોલવામાં આવે કે બીજાની દયા પાળો, વ્રત પાળો, બીજાનું રક્ષણ કરો, જોઈને ચાલો, પણ એ બધા વિકલ્પો છે, શુભ રાગ છે. જ્ઞાનીને એનો રસ નથી, એ બહારનું બધું રસ-કસ વગરનું હોય એવા ભાવે ઊભા છે. જ્યાં અંતરની દૃષ્ટિ છે ત્યાં બહારનો બધો રસ ઊડી જાય છે, અને જેને બહારનો—શુભ રાગનો—રસ છે એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યનો રસ હોતો નથી. રાગના રસવાળો જીવ ચૈતન્યનો અનાદર કરે છે અને ચૈતન્યના રસવાળો જીવ રાગનો જરીયે આદર કરતો નથી.

—o—

## વચનામૃત—૩૩

'જેને લાગી છે તેને જ લાગી છે'....પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે—એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.

'જેને લાગી છે તેને જ લાગી છે'...પરંતુ બહુ ખેદ ન કરવો.

જેને ભગવાન આત્માના પૂર્ણ સ્વરૂપની રુચિ લાગી છે, જેને પૂરણ સ્વભાવ પોસાય છે, એને જ લાગી છે; પરંતુ બહુ ખેદ ન કરવો. જરી અપેક્ષાથી વાત કરે છે.

'વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.'

દૃષ્ટિ હજુ સ્વભાવ સન્મુખ તો થઈ નથી, અને શુભભાવ આવે તેને છોડું એવા ભાવ કરે, ત્યાં દૃષ્ટિ તો રાગ ઉપર પડી છે; તે શુભભાવ છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. અંતરમાં હજુ સ્વભાવ-બાજુ આવ્યો નથી અને શુભાશુભ પરિણતિને છોડવા માગે છે, પણ તે છૂટશે નહિ; કેમ કે વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; ડુંગરના મોટા કૂટ-શિખરની જેમ એકરૂપ રહે છે એમ નથી, પરિણમે છે. તેથી, સ્વભાવરૂપ પરિણામ નથી માટે, શુભાશુભ પરિણામ તો થશે.

પૂર્ણ સ્વભાવ-પરિણમનને, એવું ને એવું અનંત કાળ સુધી ધારાવાહી ચાલતું હોવાથી, કથંચિત્ કૂટસ્થ કહ્યું છે. કેવળજ્ઞાન સદા એકરૂપ રહે છે માટે તેને પંચાસ્તિકાયમાં કથંચિત્ કૂટસ્થ કહ્યું છે. શ્રી સમયસારની પહેલી ગાથામાં 'ધ્રુવ, અચળ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને...' એમ કહી સિદ્ધ ગતિને ધ્રુવપણું કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન, સિદ્ધગતિ વગેરે છે તો પર્યાય છતાં સાદિ-અનંત એમ ને એમ રહેવાની છે માટે તેને, ધ્રુવપણાને પામી છે એમ કહ્યું છે. અહીં તો તે અપેક્ષાએ પણ શુભાશુભ પરિણામ કૂટસ્થ નથી. અહા! મોટું, ગહન ને ગંભીર તત્ત્વ છે પ્રભુ! એનાં ઘણાં પડખાં ને ઘણા પ્રકારો છે. એનાં જ્ઞાનનાં તળિયાં બહુ ઊંડાં છે. પર્યાયને દ્રવ્યમાં ઢાળતાં, અવસ્થાને દ્રવ્યસ્વભાવ ઉપર લઈ જતાં...અહા! એની ઊંડપ અને ગંભીરતાનો પાર નથી. એ સિવાય જ્યાં સુધી પર્યાય ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી જીવ અજ્ઞાનમાં રોકાયેલો છે.

દયા-દાન વગેરેનો રાગ આવે પણ એ આત્માનો અંશ પણ નથી અને વંશ પણ નથી. તે આવે, છતાં રુચિમાં તેનો આદર નથી. અંદર પ્રભુ આનંદસ્વરૂપ છે એ તેનો વંશ છે. એ સ્વરૂપની દૃષ્ટિ પ્રગટી નથી અને શુભાશુભ ભાવને છોડવા જઈશ, ત્યાં રોકાઈ જઈશ, તો જ્ઞાન શૂન્ય અથવા શુષ્ક થઈ જશે, સાચું જ્ઞાન થશે નહિ. પ્રભુ! ઝીણી વાત છે.

**'માટે એકદમ ઉતાવળ ન કરવી.'**

એકદમ ઉતાવળ કરીને જાણે રાગને જલદી છોડું—એમ કરવા જઈશ તો, સ્વભાવની દૃષ્ટિ થયા વિના, રાગ છૂટશે નહિ અને તું મૂઆઈ જઈશ. રાગને છોડવાનો તો નાસ્તિપણે પુરુષાર્થ છે અને અંદર સ્વરૂપમાં જવું એ અસ્તિપણે પુરુષાર્થ છે. અસ્તિપણાનો પુરુષાર્થ સૂઝ્યા વિના રાગને તોડવા જઈશ તો તે તૂટશે નહિ અને તું મૂંઆઈ જઈશ. માટે ધીરજ રાખીને કામ લેજે.

**'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય.'**

મુમુક્ષુ જીવ બહારમાં ઉલ્લાસનાં કાર્યોમાં જોડાય, ને એ દેખાય પણ ખરું: એ શુભભાવમાં પણ જોડાય; પરંતુ સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે કે 'આ નહિ, આ મારું સ્વરૂપ નહિ'. ભગવાનની ભક્તિનો શુભભાવ આવે, સત્શ્રવણનો પણ ઉલ્લાસ આવે, સત્ય વાત કહેવાનો પણ ઉલ્લાસ આવે, પણ ઊંડાણમાં તો ખટક રહ્યા જ કરે કે એ સાંભળવાનો તથા ઉપદેશ કરવાનો વિકલ્પ પણ રાગ છે, અને વસ્તુ તો વીતરાગસ્વરૂપ ચૈતન્યબિંબ છે.

એ શુભભાવમાં સંતોષ ન થાય. ભલે ભક્તિ, વાંચન, શ્રવણ વગેરે ભાવોમાં ઉલ્લાસ આવે, છતાં ત્યાં સંતોષ ન થાય. દરરોજ ૮-૧૦ કલાક વાંચીએ છીએ માટે આપણને જ્ઞાન થઈ ગયું—એમ સંતોષાઈ ન જાય.

**'હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે—એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી;'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ જીવને વાંચન, શ્રવણ, ભક્તિનો ઉલ્લાસ, વિકલ્પ આવે પણ એમાં એ સંતોષાઈ ન જાય કે મેં ઘણું કર્યું; પણ મારે જે કરવાનું છે એ તો બીજું જ છે—રાગના વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ પ્રભુ અંદર છે ત્યાં જવાનું છે.

પાંચ-પચીશ ઉપવાસ કર્યા ને તપસ્યા થઈ ગઈ એમ રહેવા દેજે—એમાં સંતોષાઈશ નહિ, બાપુ! એ પણ રાગ છે. અહા! વીતરાગ માર્ગ બહુ ઝીણો! એ રાગથી ભિન્ન પડીને અંદર આનંદનો અનુભવ થવો તેને શ્રી જિનેશ્વરદેવ ધર્મ કહે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ ધર્મ છે; શુભરાગરૂપ તપ ને લાંઘણ એ કાંઈ ધર્મ નથી. પ્રભુ! એ શુભરાગના વિકલ્પથી ભિન્ન પડવું એ જ કરવાનું છે, નિર્વિકલ્પ અનુભવ પ્રાપ્ત કરવો એ જ કરવાનું છે, અને એ જ ધર્મ છે.

અહીં એમ કહે છે કે, એવા શુભભાવ આવે, પણ જો મુમુક્ષુ હોય, સતનો જિજ્ઞાસુ હોય, તો તે તેમાં સંતોષાઈ ન જાય કે, અમને આટલું વાંચતાં, ભણતાં આવડયું, આટલાં તપ કર્યાં, આટલી ભક્તિ કરતાં આવડી, આટલાં જિનમંદિર કર્યાં, માટે ધર્મ થઈ ગયો. ત્રણ કાળમાં એ ધર્મ નથી. એમાં જો રાગ મંદ કર તો શુભભાવ છે. મારે હજુ ઘણું કરવાનું બાકી છે—એવી ઊંડી ખટક મુમુક્ષુને રહ્યા જ કરે છે. તેથી બહારમાં તેને કયાંય સંતોષ થતો નથી. બહારમાં સંતોષાઈ જાય એ તો મિથ્યાત્વ છે. આ તો અંતરનો વીતરાગ માર્ગ છે.

**…'અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.'**

જાગતો જીવ ઊભો છે તે કયાં જાય? છતાં જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં ધીરજ રાખજે. ધીરજ રાખીને અંદરમાં જવાનો પ્રયત્ન કરજે. સાચો જિજ્ઞાસુ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી માર્ગ શોધી કાઢે છે. એવી મૂંઝવણમાં પણ વસ્તુ તરફનું વલણ કરીને, અંદરમાં જવા માટે પ્રયત્ન કરીને, માર્ગ શોધી લે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૧૦

તા. ૧૫-૬-૭૮

## વચનામૃત—૩૪

**મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. ૩૪.**

**'મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય.'**

આ પુસ્તકનું નામ 'વચનામૃત' છે. તેનો ૩૪ મો બોલ ચાલે છે. આત્મા શું છે? તેનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ આનંદ તે શું છે? જેમાં વિકારનો અંશ નથી તે શી ચીજ છે? એ સત્ય જાણવાની અને સમજવાની જેને સાચી જિજ્ઞાસા હોય તે મુમુક્ષુ કહેવાય છે. એવા મુમુક્ષુ જીવને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય. આત્મા ચૈતન્યસ્વરૂપ છે, અનંત અનંત આનંદથી ભરપૂર દરિયો છે; એ ઝટ પકડાય નહિ તેથી જરા મૂંઝવણ થાય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. મૂંઝાય તો તેણે ધીરજથી સ્વરૂપ તરફની સમજણ કરવાનો પ્રયત્ન કરવો. મૂંઝવણ કરીને મુંઝાઈ જવું, વસ્તુસ્વરૂપ સમજવાનો પ્રયત્ન છોડી દેવો—એમ નથી. અરે પ્રભુ! અનાદિ કાળથી નથી સમજાણું તેથી જરા વાર લાગે, પરંતુ તેમાં મૂંઝાવું નહિ. સમયસારના કળશમાં કહ્યું છે કે—તું એક વાર છ માસ સુધી એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખવાનો અભ્યાસ કર. આમ તો અંતર્મુહૂર્તમાત્રમાં જ થઈ શકે છે, પરંતુ શિષ્યને બહુ કઠણ લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે—એમ ધીરા થવા માટે, ખોટી ઉતાવળ ન કર એમ કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.'**

તેણે સાંભળ્યું છે કે આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. આટલું આટલું ધર્મનું સાંભળીએ છીએ છતાં અંદર સુખનું વેદન તો આવતું નથી! મારે તો સુખનું—આનંદનું વેદન જોઈએ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ—શુભાશુભ ભાવ—દુ:ખરૂપ છે એમ સાંભળ્યું છે, ખ્યાલમાં લીધું છે અને તેના સ્થાનમાં અતીન્દ્રિય સુખ જોઈએ છે, પણ સુખનું વેદન પ્રગટતું નથી અને બહાર રહેવું પોષાતું નથી તેથી તેને મૂંઝવણ થાય, પરંતુ તે મૂંઝવણમાંથી માર્ગ શોધી લે છે, માર્ગને છોડી દેતો નથી. ધીરો થઈને ધીરે ધીરે અંતરમાં જવાનો પ્રયત્ન કરે છે. દુનિયાને રાજી કરું ને દુનિયાથી રાજી થઉં-એમ બહારમાં જતો હતો તે બહાર જવાથી ખસી જઈ અંદરમાં જવાનો માર્ગ ધીરજથી અને અંતરના પ્રયત્નથી શોધી લે છે, મૂંઝાતો નથી.

**'જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે.'**

જેટલો સ્વભાવસન્મુખ પુરુષાર્થ ઉપાડે તેટલું અંદરમાં કામ થાય. પુરુષાર્થ થોડો કરે અને કાર્ય વધુ માગે તો એમ મળે નહિ. રાગનો પુરુષાર્થ રુચે છે, તેનું વેદન છે; આત્માનું વેદન નથી, તેથી મૂંઝાય નહિ. અંદર માર્ગ મળે નહિ તેથી પુરુષાર્થ છોડી દેતો નથી. તે સમજે છે કે મારા પુરુષાર્થની જ ખામી છે. સ્વરૂપ સમજવા માટે જેટલો જોઈએ તેટલો પુરુષાર્થ આપે—કારણ આપે—તો કાર્ય થયા વિના રહે નહિ. આવી ચીજ છે! વસ્તુસ્વભાવ આવો છે!

**'આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે.'**

ઝટઝટ એટલે સહજપણે જે થવું જોઈએ તેને બદલે વિકલ્પથી કે હઠથી આમ જ કરવું છે, આમ જ થવું જોઈએ—એવી હઠ સ્વભાવમાં કામ ન આવે. વાત તો બહુ સરસ છે, સમજવા જેવી છે. સાધારણ માણસને પણ પોતે કઈ સ્થિતિમાં ઊભો છે અને કાર્ય કેમ કરવું તે સમજાય એવું છે.

જોઈએ એટલો પુરુષાર્થ હોય નહિ અને માને કે મારે ઝટઝટ કરવું છે તો તે ઉતાવળ સ્વભાવમાં કામ ન આવે. આત્મા ચિદાનંદ પ્રભુ તો સહજસ્વરૂપ છે, તેમાં હઠ કામ ન આવે.

અહીં મુમુક્ષુની વાત લીધી છે; અગિયાર અંગ ભણી જાય તેની વાત નથી. જેને સત્ય જોઈએ છે તેની વાત છે; તે આગમજ્ઞાનથી સંતોષ ન માને કારણ કે તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્યની ઝંખના વર્તે છે. આગમજ્ઞાન તે બહિર્લક્ષી છે, તે કંઈ અંતરનું જ્ઞાન નથી; અંદર જવા માટે ત્યાં રોકાવું નહિ. પુરુષાર્થ ધીમે ધીમે અંતરમાં જવાનો કરવો. હઠ સ્વભાવમાં કામ નહિ આવે.

અહો! આ તે શી ચીજ છે! એમ શુદ્ધ ચૈતન્યસ્વભાવનો મહિમા વિકલ્પથી આવ્યો તેને—એક સમયની પર્યાયની આડમાં પૂર્ણસ્વરૂપ ભગવાન દેખાય નહિ, તેનો આનંદ આવે નહિ તેથી—જિજ્ઞાસા છે કે સહજ સ્વભાવ તે શું છે? તેને મારે પ્રાપ્ત કરવો છે. પણ તેમાં હઠ ન કરવી પ્રભુ! સ્વભાવ તરફનો પ્રયત્ન રાખજે; સ્વભાવમાં હઠ કામ નહિ આવે.

'માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.'

ઉતાવળ તો ખરી, પણ ખોટી ઉતાવળથી કામ નહિ થાય. અંદરમાં જવા માટે જેટલો જોઈએ તેટલો પુરુષાર્થ કરે નહિ અને ખોટી ઉતાવળ કરે તો માર્ગ પ્રાપ્ત નહિ થાય. વસ્તુ તો સહજ છે, ખોટી ઉતાવળથી સહજ પૂરું પડે નહિ—તેની પ્રાપ્તિ થાય નહિ. બહુ સમજવા જેવી વાત છે! મારા પ્રયત્નમાં ક્યાંક કચાશ છે, કોઈક ઠેકાણે વીર્ય ક્યાંક અટકી ગયું છે, તેથી મારે અંતરમાં વળીને પુરુષાર્થની જાગૃતિ છેક સુધી કરવાની છે—એમ અંદર રાખવું; પણ હઠ કરીને 'ના, આમ જ કરવું છે'—એમ કરીશ તો હઠ કામ નહિ આવે. વસ્તુ તો સહજસ્વભાવ છે.

ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા, તેમને ખબર છે કે પોતે આ ભવમાં કેવળજ્ઞાન લઈને પૂર્ણ સિદ્ધપદ પામવાના છે, છતાં સહજપણે પુરુષાર્થ થાય તે પ્રમાણે કામ કરે. અમે તીર્થંકર છીએ, આ ભવમાં કેવળજ્ઞાન પામવાના છીએ, તો અંતર્મુહૂર્તમાં ઝટ દઈને ચારિત્ર કેમ ન આવે? એમ ત્યાં હઠ કામ ન આવે. ભરત ૭૭ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદ વિનાના રહ્યા, ૬ લાખ પૂર્વ ચક્રવર્તીપદમાં સમકિત સહિત રહ્યા પણ ચારિત્ર ન આવ્યું! મારી અંતરમાં પુરુષાર્થની ખામી છે, અંતરમાં ડૂબકી મારીને જેટલો પુરુષાર્થ થવો જોઈએ તેટલો થતો નથી, ઓછો છે, એમ સમજીને શાંતિ રાખવી જોઈએ. ત્યાં, હઠ કરે કે કેમ થતું નથી? બસ, મારે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લેવું છે—એમ ન ચાલે.

કેટલાક કહે છે કે સમકિત થયું અને હજી ચારિત્ર થયું નથી, તો શું કર્યું? ન થાય; કરોડો અબજો વર્ષો સુધી સમકિતીપણે રહે અને ચારિત્ર ન થાય. ઋષભદેવ ભગવાને ૬ મહિનાના ઉપવાસ કર્યા ને મહાવીર ભગવાને છઠ કર્યો! તે તો સહજપણે પુરુષાર્થમાં આવે તે પ્રમાણે જાણે. ઋષભદેવ ભગવાને ૬ મહિનાના ઉપવાસ કર્યા તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું પણ તેટલા કરું—એમ ન હોય, સહજપણે જે વિકલ્પ ઊઠયો હોય તે પ્રમાણે પુરુષાર્થથી કામ કરે.

અંદર સાચો પુરુષાર્થ કરે તો માર્ગ પ્રાપ્ત થાય. સાચો પુરુષાર્થ ન હોય તો તેને ખોટી ઉતાવળ કહે છે. રાગથી કે હઠથી મારે ચારિત્ર લેવું છે—એમ ખોટી ઉતાવળ નહિ ચાલે. અંદર સાચો પુરુષાર્થ કરે તો સહજ કામ થાય. વાત બહુ સરસ છે, સમજવા જેવી છે.

—૦—

## વચનામૃત—૩૫

**અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે. વળી શુભને વારંવાર કરતાં શુભ ભાવ પણ સહજ થઈ જાય છે. પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ. ૩૫.**

**'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે.'**

મિથ્યા શ્રદ્ધા, ક્રોધ-માન-માયા-લોભ અને વિષયવાસના વગેરે અશુભ ભાવની આદત તો અનાદિથી પડી ગઈ છે. સમયસારની ચોથી ગાથામાં 'श्रुतपरिचितानुभूता' સર્વ જીવલોકને કામભોગબંધની—ઇચ્છા અને તેનું ભોગવવું એવી—કથા સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં પણ આવી છે એમ કહ્યું છે. તેથી અશુભ ભાવની ટેવ અનાદિથી છે. અશુભ ભાવ જાણે પોતાની ચીજ હોય એમ વિષયવાસનાનો રસ તેને સહજ થઈ ગયો છે, તેનાથી એ ટેવાઈ ગયો છે.

**'વળી શુભને વારંવાર કરતાં શુભ ભાવ પણ સહજ થઈ જાય છે.'**

જીવને શુભ ભાવ પણ, વારંવાર કરવાને લીધે, સહજ થઈ જાય છે. નિગોદ આદિ એકેન્દ્રિયના જીવોને પણ કષાયની મંદતા-તીવ્રતા ક્ષણે ક્ષણે થયા જ કરે છે. એ મંદ-તીવ્ર ભાવ કે શુભ-અશુભ ભાવ થયા જ કરે છે તેથી તે જીવનો સહજ સ્વભાવ છે એમ નથી; પણ ટેવ પડી ગઈ હોવાથી વિકાર તેને સહજ થઈ ગયો છે.

**'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચ-પચીશ લાખ રૂપિયા થાય ત્યાં બહારમાં હવે આમ કરું, એની આમ વ્યવસ્થા કરું, નોકરો રાખું,—એમ બહારની સામગ્રીમાં અધિકપણું દેખાય છે તેથી ત્યાં રોકાણો. એ અશુભ ભાવની તેને ટેવ પડી ગઈ છે. બહારમાં એ કાંઈ કરી શકતો નથી. 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' મેં પરનું આ કામ કર્યું—એમ કર્તૃત્વબુદ્ધિની ને અશુભ ભાવની ટેવ જીવને અનાદિથી પડી ગઈ છે.

એવી રીતે શુભ ભાવમાં પણ, વારંવાર કરવાને લીધે, એ ટેવાઈ ગયો છે. મંદિર કરવાં, પૂજા કરવી, ભક્તિ કરવી, શાસ્ત્ર લખવાં વગેરે શુભ ભાવો પણ, વારંવાર કરવાની આદતને લઈને, સહજ થઈ જાય છે. પરંતુ શુભાશુભ એ બંને આત્માનો સહજ સ્વભાવ નથી, વિભાવ છે. પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ નથી; શુભ ભાવ કૃત્રિમ છે, મૂળ સ્વભાવમાં નથી પણ નવો નવો થાય છે. તેની સહજ પરંપરા ચાલે એવી તે કોઈ ચીજ નથી, છતાં ટેવને લઈને સહજ થઈ ગયો છે.

પ્રશ્ન:—સોનગઢ ગામ નાનું ને એમાં આ મંદિરો તથા શાસ્ત્રો વગેરે બધું થયું તે આપના પ્રતાપે ને?

ઉત્તર:—ભાઈ! એને કરે કોણ? અમે તો કોઈને કાંઈ કરવાનું કહેતા નથી. એ તો થઈ ગયું છે. થાય છે એને કરે કોણ? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. જાણનારને—જ્ઞાયકને એકને જાણવો; બાકી બહારનું જે થવાનું હોય છે તે થાય છે, તેને કોઈ બીજો કાંઈ કરી શકતો નથી.

અહીં તો એમ કહે છે કે પોતાનો સ્વભાવ સહજ છે; તેમાં નવું કંઈ કરવું પડતું નથી, તેમાં કંઈ પણ ઓછપ થતી નથી કે જે પૂરી કરવી પડે; તે તો વધઘટ રહિત જે છે તે એમ ને એમ છે. એવો ત્રિકાળી આનંદનો કંદ પોતે સહજ સ્વભાવે પ્રભુ છે તેનો તેને ખ્યાલ આવતો નથી. જે ચીજ વાસ્તવિક છે, અસ્તિરૂપ છે, જેની ઉત્પત્તિ કે વ્યય નથી—ઉત્પત્તિ ને વ્યય તો પર્યાયમાં છે—એવો પોતે અતીન્દ્રિય આનંદથી ભરપૂર, પૂર્ણ અમૃતે ભરેલો, ત્રિકાળી સહજ સ્વભાવી ભગવાન છે; તેનો શુભ-અશુભ ભાવની ટેવને લઈને સાચો ખ્યાલ આવતો નથી. ટેવને લઈને શુભ-અશુભ સહજ લાગે છે; પણ અંદર જે સહજ સ્વરૂપ છે—જેમાં કંઈ કરવાનું નથી, જે નવું ઉત્પન્ન થતું નથી અને જેનો મૂળથી વ્યય થતો નથી—તેને બરાબર ખ્યાલમાં લઈ તેની ટેવ પાડે તો તે સહજ વસ્તુ હાથમાં આવે. અહા! એવી આ વાત છે બાપુ!

ખરેખર પોતાનો સ્વભાવ સહજ જ્ઞાયકપણું છે. જ્ઞાયકસ્વભાવમાં આવરણ નથી, અશુદ્ધિ નથી કે ઓછપ નથી; તે તો નિરાવરણ પૂર્ણ શુદ્ધ છે. એવા સહજ સ્વભાવનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખ્યાલ આવતો નથી તેથી તે શુભ-અશુભ કૃત્રિમ ભાવમાં ઊછળી ઊછળીને જાય છે. તેને પોતાના-અંદરના સહજ સ્વભાવના—મહિમાની ખબર પડતી નથી.

ભાષા સાદી છે, પણ ભાવ તો આમાં ઘણા ઊંડા છે. મધ્યસ્થ માણસ હોય અને સાંભળે તો તેને તેના આત્મામાંથી એમ થઈ જાય કે—અહો! આવી વાત છે! આવી વાત તો મેં કદી સાંભળી નથી!

**'ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ.'**

પ્રશ્ન:—તેને સહજ સ્વભાવની ખબર પડતી નથી, તો હવે ખબર કેમ પડે?

ઉત્તર:—વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પરના લક્ષે સ્થૂળપણાનો વ્યાપાર છે તેને છોડીને, સ્વના જાણપણામાં પર્યાયને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ. શુભ-અશુભ ઉપયોગ છે તે તો અત્યંત સ્થૂળ ઉપયોગ છે, અને ત્રિકાળી આનંદના નાથનો અનુભવ—શુદ્ધોપયોગ—તે સૂક્ષ્મ ઉપયોગ છે. સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં આવે છે કે—શુભભાવ તે અત્યંત સ્થૂળ છે; અત્યંત સ્થૂળ એવા અશુભ ભાવને છોડયો પણ અત્યંત સ્થૂળ એવા શુભ ભાવને તે છોડતો નથી, તેથી તેને, અત્યંત સૂક્ષ્મ એવા આત્માનુભવરૂપ સામાયિકની પ્રતિજ્ઞા લેવા છતાં, સામાયિક થતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરી એટલે કે શુદ્ધ કરી સહજ સ્વભાવ અનુભવવો જોઈએ, તેને પકડવો જોઈએ; કેમ કે પોતે સૂક્ષ્મ ચીજ છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળી કે રાગના ને પુણ્ય-પાપના ભાવવાળી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને એ સહજ સ્વભાવ પકડવો જોઈએ, તેને અનુભવમાં લેવો જોઈએ. અહા! સાદી ગુજરાતી ભાષામાં આ આવી ગયું છે. આમાં તો એકલો માલ ભર્યો છે.

—o—

## વચનામૃત—૩૬

**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

**'જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી.'**

જે કોઈ પ્રથમ, ઉપયોગ નામ જ્ઞાનનો વ્યાપાર—તેનો પલટો કરવા માગે છે પણ અંદર રુચિને પલટાવતો નથી તેને માર્ગની ખબર નથી. રુચિને પલટાવે નહિ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગ પલટે નહિ. શી રીતે પલટે? પરની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે તો તેનો ઉપયોગ સ્વભાવ તરફ વળે. રુચિ જ જ્યાં હજી પરમાં ને શુભમાં પડી છે ત્યાં ઉપયોગને સ્વભાવના જ્ઞાનમાં ને ધ્યાનમાં જોડવો એ કઈ રીતે બની શકે? વસ્તુની—ધ્યેયની રુચિ વિના ઉપયોગ તે તરફ કેમ જશે? આમાં કોઈ વાદ-વિવાદની વસ્તુ નથી; વસ્તુસ્થિતિ જ આ પ્રમાણે છે.

રુચિ અનુયાયી વીર્ય. જેના તરફ રુચિ હોય તેના તરફ વીર્ય કામ કર્યા વિના રહે નહિ. જો સ્વભાવની રુચિ નથી તો તે બાજુ ઉપયોગ કેમ પલટે?

આ પુસ્તક બહાર આવી ગયું છે. લોકો વાંચશે, ને શક્તિ પ્રમાણે સમજાશે. ભાષા ગુજરાતી છે પણ ભાવો ગૂઢ છે. સાદી ગુજરાતી ભાષામાં એકલા સિદ્ધાંતો ભર્યા છે.

સ્વભાવ સિવાય બહારમાં ક્યાંય પણ—કોઈ સ્થાનમાં, માનમાં, આબરૂમાં, રાગમાં, દ્વેષમાં કે કોઈ કુતૂહલતામાં—રુચિનો પ્રેમ હોય અને તે ઉપયોગને પલટાવવા માગે તો રુચિ પલટ્યા વિના ઉપયોગ પલટી શકશે નહિ. અંદર પ્રભુ પૂર્ણ ચીજ છે, તેની પ્રતીતિ કરે, રુચિ કરે, તેનું પોષાણ થાય તો ઉપયોગ પલટશે. અંતરમાં પોષાણ વિના ઉપયોગ અંદર કેવી રીતે જશે પ્રભુ?

શાસ્ત્રનું જ્ઞાન કરે, વાંચે-વિચારે, પણ રુચિ હજી અંદર ગઈ નથી; સ્વભાવને છોડીને બીજી કોઈ ચીજમાં, જ્ઞાનના ઉઘાડમાં, ધારણામાં અધિકતા ભાસે; તો તે ઉપયોગ અંદર કેમ પલટી શકે? નહિ પલટી શકે. રુચિના પલટા વિના જ્ઞાનનો ઉપયોગ પલટી શકતો નથી, આવી ભાષા સાદી છે પ્રભુ!

બહારમાં તો બધા કહે—આ કરો, વ્રત કરો, તપ કરો, રથયાત્રા કાઢો ને ગજરથ કાઢો.શું છે આ બધું? બધી ધમાલ ધમાલ છે. અહા! જયપુરની રથયાત્રામાં એકવીસ-એકવીસ હાથી, ઘોડા, ઊંટગાડી! આખું ગામ ઊછળી પડ્યું હતું. રસ્તા, શેરીઓ અને બજારો ખીચોખીચ, માણસો તો ક્યાંય સમાય નહિ, બેન્ડવાજાં પણ ઘણાં. કાનજીસ્વામી ભગવાનના રથમાં સારથી છે...લોકો બધા જોવા ભેગા થયા. નજર ન પહોંચે ત્યાં છેક સુધી માણસોની મેદની! આ તો બધું બહારનું છે; તેમાં આત્માને કાંઈ લાભ નથી, પ્રભુ! જ્યાં રુચિ છે ત્યાં ઉપયોગ કામ કરે. બહારનું—રથ, હાથી, ઘોડા વગેરે જે થાય તે—ક્યાં તારી ચીજ છે? બહારની ચીજના ભભકામાં કંઈક અધિકતા-વિશેષતા ભાસે તો ત્યાં રુચિ રહી ગઈ છે તેથી તારો ઉપયોગ અંદર પલટી શકશે નહિ. જો રુચિ પલટે તો ઉપયોગ અંદર જવાનું કાર્ય કરે. જો કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને ઉપદેશ સાંભળવાનો, ભગવાનનાં દર્શનનો, ભગવાનની મૂર્તિ દેખવાનો વગેરે પ્રેમ હોય, પણ તે બધો ઉપયોગ પર તરફનો છે; ખરેખર તો તે અશુદ્ધ-ઉપયોગ છે. રુચિ પલટે તો જ તે ઉપયોગ પલટી જાય. ઉપયોગને પલટાવવાનો એ એક જ ઉપાય છે.

તા. ૧૯–૬–૭૧

બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૧

## વચનામૃત—૩૬

આ છત્રીશમો બોલ ચાલે છે. જરા ફરીથી લઈએ.

**'જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી.'**

શું કહેવા માગે છે? આત્મા તરફ ઉપયોગ લઈ જવા માટે કહે છે કે, શરીર-વાણી-મનમાં ને સ્ત્રી-પુત્ર-કુટુંબ-ધંધામાં તથા દયા-દાન-વ્રત-ભક્તિ આદિ બહારનાં કામમાં રુચિપૂર્વક ઉપયોગ છે તે મિથ્યા ઉપયોગ છે. આત્મા સિવાય બહારની ચીજોમાં જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંતરમાં જઈ શકશે નહિ. આખી દુનિયા પરથી ઉપયોગને પાછો વાળવો છે ને? અંદર જે નિજ સહજ સ્વરૂપ છે તે તરફ ઉપયોગને વાળવો છે ને? પણ ઉપયોગને અંતરમાં વાળવા પહેલાં જો આત્મા પ્રત્યે રુચિ જ ન હોય તો ઉપયોગ અંતરમાં જઈ શકશે ક્યાંથી? નહિ જઈ શકે.

એક બાજુ રામ ને એક બાજુ ગામ. અન્ય સર્વની રુચિ છૂટીને જ્યાં સુધી પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ એવો ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મારામ પોષાણમાં આવે નહિ ત્યાં સુધી ઉપયોગ અંતરમાં જઈ શકશે નહિ. વેપાર-ધંધા આદિના વિકલ્પ પાપ છે અને દયા-દાન-વ્રત-તપના વિકલ્પ પુણ્ય છે; એમાં રચ્યો-પચ્યો રહે છે તેને ધર્મ નથી. જેણે અંદર જ્ઞાયકતત્ત્વની રુચિ કરી નથી અને ઉપયોગને પરમાંથી પાછો વાળવા માગે છે તેને માર્ગની ખબર નથી.

વસ્તુ છે પૂર્ણાનંદથી ભરપૂર. અહા! વસ્તુ અદ્ભુત છે, પૂરણ છે! આ આત્મા છે એમાં ગુણની સંખ્યા અનંત છે. તે અનંતમાં આ ગુણ છેલ્લો એવું જેમાં છે નહિ એવા અમાપ ગુણના નિધાનસ્વરૂપ નિજ આત્માની રુચિ કર્યા વિના ઉપયોગ પરથી પલટી શકે નહિ, નિજ ઘરમાં આવી શકે નહિ.

'હમ તો કબહુ ન નિજ ઘર આયે...
પર ઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે...હમ તો૦'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. સાધુ થયો, બાહ્ય ત્યાગ કર્યો, પણ અંદર રુચિ-દૃષ્ટિ પલટાવી નહિ તેથી તેને જન્મ-મરણ ટળ્યાં નહિ.

**'પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'**

અનંત અનંત બેહદ, જેની સંખ્યાનો અંત નથી એવા જ્ઞાનાદિ ગુણોનું બનેલું દ્રવ્ય છે, એની રુચિ કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જાય. અહા! ભાષા ઘણી સાદી છે પણ ભાવો ઘણા ઊંચા છે.

આ આત્મા અનંત અનંત શક્તિઓનું સંગ્રહાલય છે પ્રભુ! એની રુચિ કરે તો પલટો તરત થાય. રુચિ વિના વ્રત-તપ વગેરે બીજા લાખ ઉપાય કરે તે બધું મિથ્યાત્વ છે; કારણ કે મૂળ ચીજનો વિશ્વાસ અને રુચિ થઈ નથી.

અહા! અંદર વસ્તુનો સ્વભાવ અમાપ છે; ભલે જ્ઞાનમાં માપ આવી જાય; અનંતનું અનંતપણે જ્ઞાનમાં માપ આવે; પણ જેની શક્તિઓની ગણતરી કરતાં કરતાં હવે આ છેલ્લી શક્તિ, હવે એ અનંતનો અંત આવી ગયો—એવું જ્યાં નથી એવા —અનંત અનંત સહજ ગુણોનો સ્વામી એવા—આત્માની રુચિ કરે એટલે કે પ્રથમ રુચિમાં પલટો કરે તો ઉપયોગનો પલટો પણ સહજ થઈ જશે. જ્ઞાનનો વ્યાપાર પર જ્ઞેય તરફ ઝૂકયો છે તે, રુચિનો પલટો કર્યે, સ્વ તરફ ઝૂકી જશે. આવી વાત છે! આવું સાંભળવા નહિ મળે. આ તો બેનના શબ્દો સાદા, પણ ગંભીરતા છે અંદર ઘણી!

**'માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.'**

માર્ગની યથાર્થ વિધિ આ છે કે, પ્રથમ રુચિનો પલટો કરવાથી ઉપયોગ અંતરમાં સહજપણે જાય. જ્યાં સુધી હજુ વર્તમાન દશામાં વ્રત-તપ-પ્રતિમા વગેરેના શુભ રાગનું ને એના ફળ તરીકે અનુકૂળ સામગ્રીનું રુચિપૂર્વક પોષાણ છે ત્યાં સુધી તેનો ઉપયોગ અંતર ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મામાં જઈ શકશે નહિ. જ્યાં જેની રુચિ હશે ત્યાં તેનું વીર્ય કામ કરશે. આ, માર્ગની યથાર્થ વિધિ છે.

આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે; ક્ષેત્રથી ભલે એ અસંખ્યપ્રદેશી હોય, કાળથી ભલે એક સમયે હોય—એક સમયમાં આખી પૂર્ણ ચીજ છે ને? એ તો ત્રિકાળ રહેવાની અપેક્ષાએ ત્રિકાળી કહી છે, બાકી એક સમયમાં આખી—અનંત ગુણનો પિંડ—વસ્તુ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એક સમયમાં જ છે ને? ત્રિકાળી ધ્રૌવ્ય એ તો અપેક્ષિત વાત થઈ ગઈ. ખરેખર તો વર્તમાન જ એ વસ્તુ, ઉત્પાદ-વ્યયવાળી છતાં, ધ્રુવતાવાળી છે. એ ધ્રૌવ્યના ગુણોની સંખ્યાનો પાર નથી. વળી, અનાદિકાળની અપેક્ષાએ સ્વર્ગ-નરક આદિ ભવનાં અનંત પરાવર્તન જીવે કર્યાં. એ અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવનાં પરાવર્તનની પણ હદ આવી ગઈ; પણ આ પ્રભુ આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે અનંત અનંત ગુણોનો વૈભવ છે તેને હદ નથી. એ તો જેનું માપ જ ન મળે એવો બેહદ ચૈતન્યસિંધુ છે.

છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રના બિંદુઓનો તો પાર છે; અસંખ્ય છે, અનંત નથી; અનંત બિંદુ માટે ક્ષેત્ર અનંત યોજન પહોળું જોઈએ. તે સમુદ્ર તો અસંખ્ય યોજનના વિસ્તારવાળો છે; તેનો અંત છે. પરંતુ આત્માની શક્તિઓ અપાર અનંત છે. તે અનંત ગુણોને રહેવા માટે ઝાઝા પ્રદેશ એટલે કે અનંત પ્રદેશ ન જોઈએ. અસંખ્ય પ્રદેશોમાં એના અનંત ગુણો રહી શકે. એવું સ્વભાવની શક્તિનું અમાપપણું છે. એવા સહજ સ્વભાવની જેને રુચિ થઈ તેનો ઉપયોગ અંતરમાં ગયા વિના રહે જ નહિ. માર્ગની સાચી વિધિ આ પ્રમાણે છે.

—o—

## વચનામૃત—૩૭

**'હું અબદ્ધ છું,' 'જ્ઞાયક છું,' એ વિકલ્પો પણ દુ:ખરૂપ લાગે છે. શાન્તિ મળતી નથી, વિકલ્પમાત્રમાં દુ:ખ-દુ:ખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે. ૩૭.**

**"'હું અબદ્ધ છું,' 'હું જ્ઞાયક છું,' એ વિકલ્પો પણ દુ:ખરૂપ લાગે છે, શાંતિ મળતી નથી, વિકલ્પમાત્રમાં દુ:ખ-દુ:ખ ભાસે છે,"...**

વેપાર-ધંધા અને સ્ત્રી-કુટુંબનું પાલનપોષણ એ તો એકલું પાપ જ છે, પણ દયા-દાન-વ્રત-ભક્તિના શુભ પરિણામ છે તે પણ દુ:ખરૂપ છે; રાગ છે ને? રાગ આકુળતારૂપ છે. અરે! એ તો દૂર રહો, પણ 'હું જ્ઞાયક છું' અને 'હું અબદ્ધ છું' એ વિકલ્પો પણ જ્ઞાનીને દુ:ખરૂપ લાગે છે. સમયસારની ૧૪૨ મી ગાથાની ટીકામાં કહ્યું છે ને! કે, આત્મા અબદ્ધ છે, પૂર્ણ છે, પણ તેથી શું? તેથી તું ઘરમાં ક્યાં આવ્યો? ગજબ છે ને! બહારની અને વ્યવહારની વાત તો દૂર રહી, પણ 'હું અબદ્ધ છું, જ્ઞાયક છું, મુક્ત છું, ગુણોનો અમાપ સાગર છું' એવા—વસ્તુના નિશ્ચયસ્વરૂપના—વિકલ્પો ઊઠે તે પણ દુ:ખરૂપ છે.

સંસારનાં બધાં કાર્યો તો દુ:ખરૂપ છે જ, પણ વ્રત-તપ વગેરે પુણ્યનાં કાર્યો પણ દુ:ખરૂપ છે, એ કાંઈ વસ્તુભૂત નથી—રાગ છે. અહીં તો 'જ્ઞાયક છું અને અબદ્ધ છું' એ છે ખરું, પણ એનો વિકલ્પ દુ:ખરૂપ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે! જન્મ-મરણ નાશ કરવાની રીત કોઈ અપૂર્વ છે! હું વર્તમાનમાં પૂર્ણ જ્ઞાયક છું, ત્રિકાળી ધ્રુવ પદાર્થ છું, હું પરમાર્થે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. શુભ અને અશુભ ભાવ જીવની પર્યાયમાં થાય છે તેને વ્યવહારનયે—અભૂતાર્થનયે જીવ કહેવાય છે, પણ નિશ્ચયનયથી તો જ્ઞાયકભાવ શુભ-અશુભભાવરૂપે કદી થયો નથી; કેમ કે એ તો અચેતન છે, ચૈતન્યના ઝળહળતા, ચળકતા, ચમકતા અંશ તેમાં નથી. જેમ મણિમાં ચમક ઊઠે તેમ જેમાં અનંત ગુણની ચમક ઊઠે અંદરથી એવો ચૈતન્યમણિ—ભગવાન આત્મા—હું છું; હું ચૈતન્યપદાર્થ આવો છું, એવો પણ જે પક્ષનો વિકલ્પ ઊઠે તે પણ દુઃખરૂપ લાગે છે. એ વિકલ્પોમાં પણ આત્મશાંતિ નથી. વિકલ્પમાત્રમાં દુઃખ-દુઃખ લાગે છે.

મોટાં મકાન કરાવે, ઊંચાં જમણ કરાવે, અને અભિમાન કરે કે એ બધું હું કરું છું—એ બધા વિકલ્પ-રાગ તો દુઃખ છે જ, પણ અહીં તો 'હું અબદ્ધ છું', 'હું જ્ઞાયક છું'—એવી સૂક્ષ્મપણે અંતર્જલ્પની-રાગની વૃત્તિ ઊઠે એ પણ દુઃખ જ છે. તેમાં શાંતિ મળતી નથી, જ્ઞાનીને વિકલ્પમાત્રમાં દુઃખ ભાસે છે.

**…'ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.'**

આ તો પ્રથમ હજુ સમ્યગ્દર્શન થવાના કાળમાં વ્યવહારના બીજા જે સ્થૂળ વિકલ્પો આવે તે તો દુઃખરૂપ છે, પણ જ્ઞાયક છું અને અબદ્ધ છું—એવી જે, મનના સંબંધે વિકલ્પોની વૃત્તિ ઊઠે તે પણ દુઃખરૂપ લાગે, શાંતિ ન મળે, ત્યારે તેનો ઉપયોગ અંદરમાં જાય, અને ત્યારે પૂર્વે કદી નહિ કરેલો એવો અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને નિર્વિકલ્પ આનંદનું વેદન થાય છે. નિશ્ચય સત્ય આ છે; બાકી બધાં થોથાં છે.

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

—એ મુનિવ્રત વખતે પણ પુરુષાર્થ સ્વરૂપ તરફનો નહોતો કર્યો. અંદર સ્વભાવનો અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, આત્મસ્વભાવમાં લીન થતાં, પુરુષાર્થને વિકલ્પથી ખસેડી અંતરમાં જતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે. જેની દૃષ્ટિમાં, જેના પ્રયોજનમાં, ભગવાન આત્મા જ છે એવા આત્માર્થી જીવને વિકલ્પો છૂટતાં અંદર જે અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. જીવને બધા વિકલ્પો છૂટી જતાં અંદર અતીન્દ્રિય આનંદનું વેદન થાય; કેમ કે પ્રભુ આત્મા પોતે અતીન્દ્રિય આનંદનો કંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જ્યારે આનંદનિધાનનો આદર કર્યો, સ્વીકાર કર્યો, સત્કાર કર્યો, ધ્યાન-જ્ઞાનમાં ઉપાદેયરૂપ એ આવ્યો, ત્યારે બધા વિકલ્પો છૂટીને પર્યાયમાં આનંદનું વેદન થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે.

આવું આકરું લાગે એટલે લોકો ધર્મના નામે બહારમાં—મંદિરો બંધાવવાં, દાન કરવાં, રથયાત્રા કાઢવી વગેરેમાં—જોડાઈ જાય છે. પણ બહારમાં ક્યાંય ધર્મ-શાંતિ નથી.

શુભાશુભ વિકલ્પો છૂટી જઈને, અરે! અબદ્ધ ને જ્ઞાયકનો પણ વિકલ્પ છૂટી જઈને, જ્યારે અપૂર્વ પુરુષાર્થથી સ્વરૂપમાં જાય છે ત્યારે જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે તેનું નામ ધર્મ છે. એનું નામ જન્મ-મરણથી રહિત થવાનો પંથ છે.

—o—

## વચનામૃત—૩૮

**આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. ૩૮.**

**'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.'**

સ્વરૂપને અનાદિ કાળમાં કદી મેળવ્યું નથી, એ સિવાય બધું મેળવ્યું—રાગ, પુણ્યપાપના ભાવ અને તેનાં ફળ તરીકે સંયોગો મળ્યા. સંયોગો મને મળ્યા એમ અજ્ઞાની માને છે; સંયોગો એને મળતા જ નથી, કેમ કે તેનું અસ્તિત્વ કંઈ આત્મામાં આવતું નથી. અમારાં બૈરાં, છોકરાં ને મકાન એવો મિથ્યાત્વભાવ—આ મારાં ને આ તારાં એવા વિકલ્પો મિથ્યા દૃષ્ટિને લીધે ઊઠે છે—જેને છોડવો છે અને આત્માને પ્રાપ્ત કરવાનો જેને પાકો નિર્ણય છે તેણે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગોમાં પણ તીવ્ર અને આકરો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.

અહા! સાદી ગુજરાતી ભાષા! ભગવાન આત્મા અંદર ચૈતન્ય-રત્નાકર છે. ક્ષેત્રથી જેમ આકાશનો અંત નથી, એમ ભાવથી તેમ જ ગુણોની સંખ્યાથી જેનો અંત ન મળે એવી, અહા! આ તે શી ચીજ છે! એવો જે નિજ ભગવાન આત્મા તેને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં—શરીરમાં રોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે, નિર્ધનતા થાય, આબરૂ જાય, દુકાન સળગે, વીમાકંપની ભાંગે, વિપરીત સંજોગો ચારે બાજુ ફરી વળે એવે વખતે—પણ તીવ્ર અને કરડો, કરડો એટલે આકરો, પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે, નબળો અને હીણો પુરુષાર્થ નહિ. પ્રતિકૂળતા તરફનું લક્ષ છોડીને પોતે અંદર પૂર્ણાનંદ સ્વભાવ જેવડો છે તે તરફ પુરુષાર્થને જોડી દેવો. સમજાણું કાંઈ? એ આકરા પુરુષાર્થ વિના અંદરમાં સમતા—શાંતિ નહિ આવે.

ગમે તે પ્રતિકૂળ સંયોગો હો, તેની જે કાળે જે અવસ્થા હો, શરીરમાં ગમે તે થાઓ, એવા પ્રસંગે પુરુષાર્થને તીખો કરીને અંતરમાં વાળવો પડશે; તે વિના કોઈ ઉપાય નથી. હું રોગી છું, હું નિર્ધન છું એમ માનીશ તો મરી ગયો! રાગ-ભાવમાં પોતાનું આખું અસ્તિત્વ માની ત્રિકાળી પૂર્ણ સ્વભાવનો, પુરુષાર્થના પિંડનો, નિજ સહજ અસ્તિત્વનો તેં અનાદર કર્યો તો પુરુષાર્થ ઊપડશે જ કયાંથી? અહા! આવી વાત છે.

**'સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાકયોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે.'**

જ્ઞાનીનાં મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં ગંભીર અને રહસ્યોથી ભરપૂર વચનોનું ખરો મુમુક્ષુ મંથન કરીને મૂળ માર્ગને મેળવી લે છે. અમાપ જેની શક્તિ છે, જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોમાં છેલ્લો ગુણ કયો એવો જેમાં કોઈ છેડો નથી એવા આત્મામાં પુરુષાર્થ કરીને, તેનું ખૂબ ઊંડું મંથન કરીને, વસ્તુસ્વભાવનો તાગ મેળવીને, મુમુક્ષુ મૂળ માર્ગને શોધી લે છે. હજુ તો આ પહેલી સમ્યગ્દર્શનની વાત છે, ચારિત્રની વાત તો હજી આઘી છે બાપુ!

બહારમાં સાધુપણું લીધું, ઉપસર્ગ ને પરિષહ સહન કર્યા, કષાય પાતળો પાડીને નવમી ગ્રૈવેયકે ગયો, પણ એ કાંઈ ધર્મ નથી. બાહ્યના ત્યાગમાં ચડી જાય ને પછી અભિમાન થઈ જાય કે—અમે ત્યાગી છીએ, વ્રતધારી છીએ, તપસી છીએ; થોડું ખાવું વગેરે એ બધું મોક્ષનું સાધન છે. ભાઈ, શું કહીએ? અરે! છ છ મહિનાના ઉપવાસ કર્યા એ બધી ક્રિયા રાગની છે. જેને રાગના વિકલ્પમાં જ પુરુષાર્થ લાગે છે એણે જ્ઞાયકસ્વભાવ—આનંદના ભંડાર—ઉપર રાગ સાથેની એકતાબુદ્ધિનું તાળું મારી દીધું છે. એને ધર્મ નહિ થાય બાપુ!

આત્માને પ્રાપ્ત કરવાનો જેને પાકો નિર્ણય છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ ઊંડો અને આકરો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. મુમુક્ષુ જીવ જ્ઞાનીનાં ગંભીર વાકયોનું ખૂબ ઊંડું મંથન કરીને માર્ગ મેળવી લે છે. ખૂબ એટલે ઘણું; ઊંડું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે ત્રિકાળી આનંદસાગરના—ધ્રૌવ્યના—તળ સુધી પહોંચીને; મંથન એટલે અંદરની એકાગ્રતા;—એ વડે મૂળ માર્ગને શોધી કાઢે છે. વિકલ્પ હોય છે પણ તે ધર્મ નથી. અહા! આવો ધર્મ છે. ધર્મની શરૂઆત અહીંથી થાય છે.

આ સાંભળતાં તને દુઃખ લાગે કે આ અમે વ્રત વગેરે પાળીએ છીએ એ બધો શુભ રાગ? ધર્મ નહિ? હા બાપુ! એ બધો શુભ રાગ છે, ધર્મ નથી; ધર્મ તો, ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એના અતીન્દ્રિય આનંદના વેદનમાં રહેવું તે છે.

પદ્મનંદી મુનિરાજ બ્રહ્મચર્ય-અધિકારમાં કહે છે કે શરીરથી ને મનથી બ્રહ્મચર્ય અનંત વાર પાળ્યું, પણ એ કાંઈ ધર્મ નથી, શુભભાવ છે. અનાદિઅનંત નિત્યાનંદ ચૈતન્યપ્રભુ જે અંદર બિરાજે છે એમાં ગયા વિના બ્રહ્મચર્ય—બ્રહ્મ નામ આત્મા, એમાં ચર્ય એટલે રમવું—કહેવાતું નથી. પદ્મનંદી મુનિરાજ ભાવલિંગી સંત હતા. બ્રહ્મચર્યની વ્યાખ્યા બહુ કરીને પછી કહે છે કે હે યુવાનો! અને હે યુવતીઓ! તમને શરીરમાં અને વિષયમાં પ્રેમ હોય તેથી આ બ્રહ્મચર્યની વાત તમને ન ગોઠે, ન રુચે તો માફ કરજો. અમે મુનિ છીએ, બ્રહ્માનંદમાં રહેનારા સંત છીએ. અમારી પાસે બીજી શી આશા રાખશો? અમે તો આ જ વાત કહીશું. એમ અહીં સમ્યગ્દર્શનની—ધર્મની—આવી વ્યાખ્યા કરતાં કોઈને ઠીક ન લાગે તો માફ કરજો. બીજું શું થાય? મારગ તો બાપુ! આવો છે. અમારી પાસે એ સિવાય બીજી શી આશા રાખશો?

દયા-દાન-વ્રત-તપ વગેરે કરવું એમ 'કરવું-કરવું'ની તને હોંશ આવે છે, પણ ભાઈ! 'કરવું' એ તો મરવું છે. પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી. સાધક જીવો, મુમુક્ષુઓ ગુરુનાં વાક્યોનું ઊંડું મંથન કરીને, અંદર જ્યાં નિજ ચૈતન્યભગવાન બિરાજે છે ત્યાં એકાગ્રતા કરીને, તત્ત્વના રહસ્યવાળા ભાવોનું અંતરમાં ભાવભાસન કરીને, મારગને શોધી કાઢે છે. બહારમાં ભાષણ કરે એ મારગ અને આ અંતરનો મારગ—બંને મારગ જુદા છે બાપુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૨

તા. ૧૭–૬–૮૧

## વચનામૃત—૩૯

**સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે. ૩૯.**

**'સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી.'**

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ દ્રવ્ય છે; તેના ત્રિકાળી અતીન્દ્રિય સ્વભાવને અનુસરીને, રાગથી ભિન્ન પડીને, જે અંતર્દૃષ્ટિ ને અનુભવ થયો, નિર્મળ સમ્યગ્દર્શન--જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું તે સહજ દશા છે. તે સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. શું કહ્યું? વસ્તુનું સ્વરૂપ છે તે એક સમયમાં પૂર્ણ બ્રહ્મ પ્રભુ છે. સમ્યગ્દર્શનનો જે વિષય, ધ્યેય—અતીન્દ્રિય અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા વગેરે અનંત ગુણસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ અભેદ આત્મા—તેનું, રાગ રહિત જે ચીજ છે તેનું, વેદન થયું તે સહજ દશાને રાગ કરીને રાખું તો રહે—એમ વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. રાગથી ભિન્ન પડીને પરિણતિ સહજ શુદ્ધ થઈ તે, રાગ કરું કે શુભ વિકલ્પ કરું તો રહેશે—એમ નથી. અહા! માર્ગ જ આવો છે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન નિજ આત્માનો અનુભવ થયો, રાગના વિકલ્પોથી ભિન્ન પડયો, એવી સહજ દશાને 'આ વિકલ્પ કરીને જાળવું, તે વિકલ્પ કરીને જાળવું' એમ વિકલ્પો કરીને જાળવી રાખવી પડતી નથી. એ તો સહજ સ્વભાવની સહજ દશા છે. પ્રભુ! તારી મોટપ તને સૂઝે નહિ એટલે રાગથી ને નિમિત્તથી મોટપ મળશે એવી માન્યતા તું કર એ તને ન શોભે; અંદર સ્વભાવમાં તારી મોટપનો, તારી પ્રભુતાનો પાર નથી. સંખ્યાએ અનંત અનંત ગુણોથી ભરેલા એવા આ પ્રભુને રાગથી ને નિમિત્તથી લાભ થાય એ માન્યતા ખરેખર કલંક છે. જે રંગમાં બીજું બોળે એવી છાપ પડે, એમ સહજસ્વભાવ ભગવાન આત્માનો રંગ—પ્રેમ લાગ્યો છે તેને અંદર સહજ દશા પ્રગટે. તે દશા વિકલ્પથી થાય કે રહે એવું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી.'**

સહજાત્મસ્વરૂપ પ્રભુ નિત્ય ધ્રુવ છે. તેના ધ્યાનથી પ્રગટેલી સહજ નિર્મળ દશાને, શુભ રાગ કરું—પૂજા, ભક્તિ, શ્રવણ, દયા, દાન વગેરે વિકલ્પો કરું—એમ વિકલ્પથી ટકાવી રાખવી પડતી નથી. વિકલ્પથી ટકાવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. આત્મસ્વભાવમાં એકાગ્ર થતાં રાગ સાથેની એકતા તૂટે છે. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ સહજ દશા પ્રગટ થાય છે તે આ રીતે થાય છે. તે થયા પછી તેને ટકાવવા માટે વિકલ્પ કરીએ, વાંચન કરીએ, મનન કરીએ, શુભ રાગ રાખીએ તો તે દશા ટકે—એમ છે નહિ. વિકલ્પથી ટકાવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. આ વસ્તુસ્થિતિ છે.

આત્માની સહજ દશાને જાળવવાના બે બોલ થયા: (૧) સહજ દશાને વિકલ્પની વૃત્તિ કરે તો જાળવી રખાય—એમ નથી; (૨) જો વિકલ્પ કરીને જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. હવે ત્રીજો બોલ છે—

**'વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે.'**

વસ્તુના સ્વભાવની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો ત્યાં પુરુષાર્થનું વલણ તેના તરફ સહજ રહ્યા જ કરે છે. તેને માટે કોઈ નવો પુરુષાર્થ કરવો પડતો નથી.

અહા! આ પુસ્તક કુદરતે બહાર આવી ગયું છે. તેમાં એકલું માખણ જ ભર્યું છે. ગમે તેવો આગ્રહી ભલે હોય, પણ એક વાર મધ્યસ્થ થઈને સાંભળે અને વિચારે તો તેને પણ એમ થાય કે માર્ગ તો આ એક જ છે.

આ આત્મા સહજાત્મસ્વરૂપ પૂર્ણ પવિત્ર નિર્મળ વસ્તુ છે. દયા-દાન, વ્રત-તપ તથા ભક્તિ અને ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ વગેરેના જે ભાવ છે તે શુભ રાગ છે. એ રાગથી પણ ભિન્ન પડીને જે પવિત્ર દશા પ્રગટ થઈ છે તે, શુભ રાગ કરું તો રહે—એમ હોય તો તે સહજ દશા નથી. સહજ દશા તરફ પુરુષાર્થની સાવધાની નિરંતર વર્તે જ છે. 'રુચિ અનુયાયી વીર્ય.' અંદરમાં જે રુચિ થઈ, તેના તરફ તેનું વીર્ય સહજ ભાવે વળ્યા જ કરે છે; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે.

સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા તે ગુણી અને જ્ઞાન, આનંદ આદિ તેના ગુણો,—એવો ભેદ પાડવો તે પણ રાગનો ભાગ છે, વિકલ્પ છે. તે વિકલ્પ તોડીને જેણે સમકિતદશા, સહજદશા, નિર્વિકલ્પદશા, ધર્મની દશા પ્રગટ કરી છે,—ભગવાન આત્મા ધ્રૌવ્યશક્તિ-સ્વરૂપ છે, તે ધ્રુવશક્તિની પર્યાયમાં વ્યક્તતા પ્રગટ કરી છે—તેને તે દશા જાળવવા બીજું નવીન કરવું પડે તેમ નથી. તેનો પુરુષાર્થ સહજ તે બાજુ વળ્યા જ કરે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેથી તે દશા સહેજે ટકી રહે છે. અહા! આવી વાત છે! દુનિયાથી જુદી વાત છે!

દુનિયાને ધર્મ શું છે તે ખબર જ નથી. દયા પાળીએ, હિંસા ન કરીએ, વ્રત પાળીએ, શુભ ક્રિયાઓ કરીએ તો ધર્મ થાય એમ લોકો માને છે. તેમાં તો ધૂળેય ધર્મ થતો નથી. એવા રાગ તો જીવે અનંત વાર કર્યા છે. અહીં તો આત્મા જે અંદર સત્ છે, મોજૂદ છે, અણકરાયેલ છે, અવિનાશી છે અને પૂર્ણ સ્વભાવથી ભરેલ વસ્તુ છે, તેનું જ્યારે અંતરમાં ભાન થાય, ત્યારે તે રાગના વિકલ્પથી સહજ જુદો પડે છે. તે સહજ દશા વ્રતાદિના રાગ કરું તો રહેશે—એમ નથી. તે દશા રહેવા માટે બીજા નવા પુરુષાર્થની જરૂર નથી. તેનો પુરુષાર્થ તે તરફ વળેલો જ છે.

અનાદિ કાળથી આ સહજાત્મસ્વરૂપ ભગવાન આત્મા પોતે શું છે તેની તને ખબર નથી, અને પરની દયા પાળું એમ જે પરમાં કરવાપણાનો ભાવ છે તે બધો મિથ્યાત્વભાવ છે. પરની દયા પાળવાની વૃત્તિ ઊઠે તે પણ રાગ છે, અને તે રાગ સ્વરૂપની હિંસા છે. એ રાગથી ભિન્ન પડીને, આત્માનું યથાર્થ સ્વરૂપ જે અનુભવમાં આવે છે તે સહજ દશાને જાળવવા માટે જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ તો તે કરે જ છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે.

આત્માના આશ્રયે પુણ્ય-પાપ વિનાના ભાવસ્વરૂપ શુદ્ધિ થઈ તે સંવરદશા છે, અને એ શુદ્ધિમાં આત્માના આશ્રયે વૃદ્ધિ થાય તે નિર્જરા છે. તેમાં સ્વ તરફનો પુરુષાર્થ છે. તે સહજ દશાને ટકાવી રાખવા માટે નવો પુરુષાર્થ કરવો પડે છે એમ નથી.

દેહથી અને કર્મથી આત્મા ભિન્ન છે. દયા-દાન ને વ્રત-ભક્તિના ભાવ છે તે રાગ છે, વિકલ્પ છે. એ રાગથી ભિન્ન અંદર શુદ્ધ ચૈતન્યઘન આત્માની દૃષ્ટિ કરીને તેનો અનુભવ થવો, તથા અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો તેનું નામ ધર્મ છે.

અહીં તો, સર્વજ્ઞ પરમાત્મા પ્રભુ એમ કહે છે કે, તારા આત્માની દશામાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે રાગ છે. તે રાગ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. ધર્મનું કારણ તો અંદરમાં જે સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકંદ છે તેનો રાગથી ભિન્ન થઈને અનુભવ કરવો—અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું—તે છે. તેનું નામ ધર્મની શરૂઆત છે; પૂર્ણતા તો પછી થશે. ધર્મની આવી વાત છે. પ્રભુ! અહીં તો આ વાત ચાલે છે. અહીંથી (સોનગઢથી) ૨૦ લાખ પુસ્તક છપાયાં છે. અહીં ૪૫ વર્ષથી આ જ વાત ચાલે છે. વાત તો આ જ સત્ય છે. લોકો પ્રેમથી સાંભળે છે, વાંચે છે.

—૦—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૪૦

**સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી.—જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય છે ત્યારે વચ્ચે બીજાં બીજાં નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; જ્યાં જવું છે, તેનું જ લક્ષ રહે છે. ૪૦.**

**'સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી.'**

રાગના વિકલ્પથી ભિન્ન પોતાની ચીજનો જેણે અનુભવ કર્યો; રાગથી લાભ નથી, મારી ચીજ જ લાભથી ભરપૂર છે—એવી સાધકદશા જેને ઉત્પન્ન થઈ છે; તેને દયા-દાન વગેરે શુભભાવ વચ્ચે આવે છે. અશુભથી બચવા માટે તે શુભભાવ આવે છે, પરંતુ તે ધર્મ નથી. હું શુદ્ધચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ પૂર્ણ છું એવી દૃષ્ટિ થવા છતાં પણ જ્યાં સુધી સર્વજ્ઞ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે છે. સાધક તેને વિઘ્નકારી અને દુ:ખરૂપ જાણે છે; તેને તે છોડે છે.

જેને આત્માનું સમ્યગ્દર્શન થયું, આત્મા જેવો છે તેવો જેના જ્ઞાનમાં પ્રતીત થયો અને જે રાગથી ભિન્ન થયો, તેને વચ્ચે શુભરાગ આવે છે; પરંતુ સાધક તો તેને છોડતો જાય છે અને સાધ્ય તરફ આગળ વધતો જાય છે. ધર્માત્માને દયાનો, દાનનો, ભક્તિનો, જિનમંદિર બનાવવાનો શુભભાવ આવે, પરંતુ તે તેને હેય જાણે છે, આદરણીયબુદ્ધિ નથી.

પ્રશ્ન:—સોનગઢમાં આ જિનમંદિરો, લાખો શાસ્ત્રોનું પ્રકાશન—એ બધું તો આપનાથી જ થયું છે ને મહારાજ?

ઉત્તર:—ના...ના, પરનું જે બનવાનું હોય તે તેના કાળે બને છે, અમારાથી પરમાં કાંઈ બનતું નથી. આજે નાઈરોબીમાં જિનમંદિરનું ખાતમુહૂર્ત છે. દિગંબર જિનમંદિર પરદેશમાં પ્રથમ વાર બને છે. લાખો રૂપિયા ( શિલિંગ ) ખરચીને તે મંદિર બનાવે છે. અમે તો પ્રથમથી જ કહીએ છીએ કે તેમાં ધર્મ બિલકુલ નથી; મંદકષાય હોય તો શુભભાવ છે. અશુભથી બચવા શુભ આવે, પણ તેમાં ધર્મ નથી. જન્મ-મરણના ફેરા ટળે એવી તે ચીજ નથી. અહીં તો ૪૫ વર્ષથી આ જ એક વાત છે. વસ્તુ આમ જ છે.

**'આ, બેનનાં ( બહેનશ્રી ચંપાબેનનાં ) વચનામૃત છે. બેનને અસંખ્યાત**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અબજો વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. આ બેઠાં છે એ બેન (ચંપાબેન) છે. તેમને પૂર્વ ભવનું, તે પહેલાંના ભવનું, એમ બધું સ્મરણ છે. તેમને અસંખ્ય અબજો વર્ષનું વર્તમાનવત્ સ્મરણમાં છે. આ તેમનાં વચનામૃત છે. આ ત્યાં (સભામાં) બેઠાં છે તે બેન (ચંપાબેન) છે.**

વસ્તુસ્વરૂપ તો વીતરાગ છે. હું તો પૂર્ણાનંદસ્વરૂપ છું, શુભાશુભ ભાવોથી ભિન્ન ધ્રુવ જ્ઞાનાનંદ પ્રભુ છું—એમ ધર્મી જીવ જાણે છે અને માને છે. તેને સાધકદશામાં વચ્ચે શુભ ભાવ આવે, પણ તેને તે હેય માને છે—છોડવાલાયક માને છે. મારી ચીજ તો અંદરમાં જે નિત્યાનંદ જ્ઞાયકપ્રભુ છે તે છે. તેને તે ઉપાદેય માને છે, આદરણીય માને છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ ભગવાન આમ ફરમાવી રહ્યા છે, તે આ વાત છે બાપુ! શ્રી સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં હાલ બિરાજે છે. તેમની વાણીમાં આ ઉપદેશ છે કે, આત્મા શુભાશુભ ભાવથી ભિન્ન જ્ઞાયક પ્રભુ છે, શુભ ભાવથી શુદ્ધ ભાવ થતો નથી. શુભની પણ રુચિ છોડીને તેનાથી ભિન્ન અંદર નિજ ત્રિલોકનાથ જ્ઞાયક પ્રભુ બિરાજે છે તેનો આશ્રય કરવાથી શુદ્ધતા એટલે કે ધર્મ થાય છે; બાકી તો બધાં થોથાં છે. આ વીતરાગી તત્ત્વ નોંધ કરવા લાયક છે.

શું કહ્યું? સાધકદશામાં શુભ ભાવ આવે છે; પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વગેરે શુભ ભાવ વચ્ચે આવે છે, પરંતુ તેને તે હેય જાણે છે. જો તેને આદરવાયોગ્ય માને તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, ધર્મી નથી; તેને ધર્મની ખબર નથી. ચૈતન્યજ્યોતિ, જળહળ જ્યોતિ, પ્રકાશનો પણ પ્રકાશક એવો જ્ઞાયક આત્મા તે હું છું—તેવું જેને ભાન થયું તેને શુદ્ધ આત્માનું લક્ષ છૂટતું નથી. બાણ મારનારનું સાધ્ય તો સામે રહેલું નિશાન છે, તેમ ધર્મીનું ધ્યેય ત્રિકાળી જ્ઞાનાનંદ પ્રભુ આત્મા છે—અનાદિ અનંત ધ્રુવ તત્ત્વ છે. ધર્મીના ધ્યાનનું લક્ષ તેના ઉપર છે; વચ્ચે શુભ ભાવ આવે, પણ તેના ઉપર લક્ષ નથી, તેને હેય ગણીને છોડી દે છે; સમજાય છે કાંઈ?

સાધક જીવ તેને કહીએ કે જેને અંતરમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવ્યું હોય. તે વેદનમાં ઉપયોગ લાંબો વખત રહી શકે નહિ તેથી તેને શુભ ભાવ—ભગવાનની ભક્તિના ભાવ, ભગવાનનાં નામસ્મરણનો વિકલ્પ, શાસ્ત્રશ્રવણ-વાંચન-વિચારના ભાવ તથા વ્રત-તપ વગેરેનો શુભ રાગ—આવે છે, પણ તેને તે ઠીક, લાભદાયક માનતો-જાણતો નથી; તેના પ્રત્યે અંતરમાં રુચિ નથી. રુચિ અંદર નિજ આનંદના નાથ જ્ઞાયક પ્રભુ ઉપર છે. વીતરાગની વાતો આવી છે ભાઈ! આ તો બહુ થોડા શબ્દોમાં ઊંચો માલ ભર્યો છે. માલ કહો કે માખણ કહો, બધું આમાં આવી જાય છે. આ 'વચનામૃત'માંથી થોડા બોલ લઈને 'અધ્યાત્મપીયૂષ' નામની નાની પુસ્તિકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છપાઈ છે. આવાં પુસ્તકો—નાના ગુટકા ઘણા બહાર પડી ગયા છે. વાત તો દુનિયાથી જુદી છે. વાંચશે તો જરા વિચાર કરશે.

આત્મા અંદરમાં સચ્ચિદાનંદસ્વરૂપ છે. પુણ્ય ને પાપ વિકૃત ભાવ છે; તે વિકૃતિને પોતાની માને તે જીવ ચાર ગતિમાં રખડે છે. મારી ચીજ અંદર નિર્વિકલ્પ ને પૂર્ણ આનંદમય છે, એવી દૃષ્ટિ અને તેનો અનુભવ કરવો તે ધર્મની પ્રથમ શ્રેણી છે. સાધકને વચ્ચે શુભ ભાવ આવે, પણ સાધ્ય આત્માનું લક્ષ તે ચૂકતો નથી.

**'—જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય છે ત્યારે વચ્ચે બીજાં બીજાં નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; જ્યાં જવું છે, તેનું જ લક્ષ રહે છે.'**

ધર્મી જીવને દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વ ઉપર ટકેલી છે. મુસાફર જેમ વચલાં નગરોને છોડીને આગળ જાય છે તેમ ધર્મી જીવ વચ્ચે આવનારા શુભ રાગને છોડીને સાધનાના-શુદ્ધતાના માર્ગમાં આગળ જાય છે. સડક ઉપર મુસાફર ચાલતો હોય, રસ્તા ઉપર સેંકડો ઝાડની છાયા પડે છે, પણ તેને તે ઓળંગી જાય છે, છાયા છૂટતી જાય છે; તેમ વિભાવથી ભિન્ન એવા નિજ જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ થઈ એવા જ્ઞાનીને શુભ રાગ વગેરેની છાયા વચ્ચે આવે છે, પણ તે તેમાં રોકાતા નથી, તેને ધર્મ માનતા નથી. આત્મતત્ત્વની આવી બધી વાતો છે! દુનિયા પાગલ છે, તેથી તેને આ વાતો પાગલ જેવી લાગે.

આત્મા સત્, જ્ઞાન ને આનંદમય છે. તેમાં બહુ ભર્યું છે. હું તેનો સાધવાવાળો છું, રાગનો સાધવાવાળો નથી. જેમ મુસાફર એક ગામથી બીજે ગામ જતાં, વચલાં ગામે રોકાતો નથી, તેને છોડતો જાય છે; તેમ ધર્મીનું ધ્યેય પૂર્ણાનંદ સ્વરૂપ છે. દશામાં તેની પૂર્ણ પ્રાપ્તિ કરવી તે તેનું સાધ્ય છે. સાધકનું સાધ્ય પુણ્ય-પાપના ભાવ ને રાગની ક્રિયાથી ભિન્ન છે. પોતાના પૂર્ણાનંદ સ્વરૂપની દૃષ્ટિ ને સ્થિરતા તે પૂર્ણ સાધ્યનું સાધન છે. વચમાં પૂજા-ભક્તિ તથા દયા-દાન વગેરેના શુભ ભાવ આવે છે, પણ તેને તો તે છોડતો જાય છે.

પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. તેની દશામાં શુભ રાગની વૃત્તિ ઊઠે તે દુ:ખ છે, ઝેર છે. ભગવાન આત્મા અંદર અમૃતનો સાગર છે. જીવને આ સત્ય વાત સાંભળવા પણ મળી નથી, તો તેના પ્રત્યે રુચિ તો ક્યાંથી થાય? રુચિ વિના અનુભવ ક્યાંથી આવે? પ્રભુ! આખું જગત માર્ગ જ ભૂલ્યું છે. આત્મહિતની આ વાતને જાણ્યા વિના જીવ અનાદિ કાળથી રખડી રહ્યો છે. શ્રીમદ્ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન.

જ્યાં ત્યાં ‘અમે જાણીએ છીએ’ એમ અજ્ઞાનની પાગલ દશામાં, ભગવાન નિજ આત્માના ભાન વિના, અનંત કાળથી જીવ આથડી રહ્યો છે, ૮૪ લાખ યોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. દુર્લભ મનુષ્ય ભવ મળ્યો, સાચા જ્ઞાની ગુરુ મળ્યા, હવે તો જાગને પ્રભુ! તારી ચીજ અંદર છે તેને સંભાળ. પુણ્ય-પાપની, શુભ-અશુભ રાગની સંભાળ તો ઘણી કરી; પણ રાગથી પૃથક્ ચૈતન્યજયોત જળહળ પ્રભુ, જ્ઞાનપ્રકાશનું પૂર, આદિ-અંત વિનાની ચીજ, નિત્યાનંદ પ્રભુ તું છો. તેને ધ્યેય બનાવીને તું એક વાર પર્યાયમાં શુદ્ધિ પ્રગટ કર. પ્રગટેલી શુદ્ધિ એ જ ધર્મ ને સાધકદશા છે.

‘આણંદ કહે પરમાણંદા, વાતે વાતે ફેર;
એક લાખે ના મિલે, એક તાંબિયાના તેર.’

અહીં પરમાત્મા કહે છે કે તારી શ્રદ્ધામાં ને અમારી વાતમાં ઊગમણા-આથમણા ફેર છે.

મુસાફર જેમ વચ્ચેનાં નગરને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; તેમ જેને અંદર રાગથી ભિન્ન એવા નિજ તત્ત્વનું ભાન થયું છે એવા સાધક ધર્મી જીવને અશુભથી બચવા વચ્ચે શુભ ભાવ આવે છે, પણ તે તેમાં અટકતો નથી, તેને છોડતો જાય છે. જેમ ઘઉંમાં કાંકરા હોય છે; લોકો કાંકરા કાઢી નાખે છે; કિંમત ઘઉંની છે, કાંકરાની નહિ; તેમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ કાંકરા સમાન તુચ્છ છે. પ્રભુ! તારી અંદરની મહિમા કોઈ જુદી જ છે. તેની તને મહત્તા નથી. પ્રભુ! તું કોણ છો? તું તો નિર્વિકલ્પ છો, શુદ્ધ છો, બુદ્ધ છો, પ્રકાશનો પુંજ છો, આનંદનો સાગર છો, અક્રિય ચૈતન્યતત્ત્વ છો; તેમાં શુભ-અશુભ ભાવ તો રાગ ને વિકલ્પ છે. તારા સ્વભાવની મહિમાને ભૂલીને તેં તો દયા-દાન, વ્રત-તપના ભાવને મોટપ આપી દીધી છે, ઝેરને મોટપ દઈ દીધી છે, અમૃતના સાગરને છોડી દીધો છે. અહાહા!... આવી ગંભીર ને ઝીણી આ વાતો છે.

વિ. સં. ૧૯૬૪ની—૭૦ વર્ષ પહેલાંની—વાત છે. પાલેજથી વડોદરા માલ લેવા ગયા હતા. ત્યાં રાત્રે ‘સતી અનસૂયા’નું નાટક જોવા ગયા હતા. અનસૂયા તેના પુત્રને પારણામાં ઝુલાવે છે ત્યારે તે હાલરડું ગાય છે કે—બેટા! ‘शुद्धोऽसि’ તું શુદ્ધ છો, ‘बुद्धोऽसि’ તું બુદ્ધ છો—જ્ઞાનનો પિંડ છો, ‘निर्विकल्पोऽसि’ તું નિર્વિકલ્પ છો, ‘उदासीनोऽसि’ તું ઉદાસીન છો—પરથી ને રાગથી ભિન્ન તારું આસન છે. આવી વાત નાટકમાં પણ કહેતા હતા. પહેલાંના વખતમાં નાટક બોધપ્રદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને વૈરાગ્યપ્રેરક આવતાં હતાં. અત્યારના જમાનામાં બધું ફરી ગયું છે. ત્યારે જે વાત નાટકમાં કહેતા હતા તે વાત અત્યારે તો સંપ્રદાયમાં પણ મળતી નથી.

ભગવાન આત્મા રાગાદિ વિકલ્પથી રહિત નિર્વિકલ્પ તત્ત્વ છે. તે વાત તો અત્યારે સાંભળવાયે મળતી નથી; અત્યારે તો આ કરો, વ્રત કરો, તપ કરો, પ્રતિમા લો,—એવી બધી બહારની વાતો ચાલે છે. પરંતુ 'કરના સો મરના હૈ'. કરવાનો ભાવ તે તો ચૈતન્યની હિંસાનો ભાવ છે. તેનાથી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનું પર્યાયમાં મરણ થાય છે. સાધક જીવ તો વચ્ચે વ્રતાદિના શુભ ભાવ આવે તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી, સાધ્યદશા તરફ આગળ વધતો જ જાય છે. અહા આવી વાત છે!

—o—

## વચનામૃત—૪૧

**ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ. અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે. ૪૧.**

ચાળીસ બોલ ચાલ્યા ને? હવે એકતાળીસમો......

**'ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ.'**

એટલે શું કહ્યું? અનંત આનંદનું રૂપ જેનું સ્વરૂપ છે એવા નિજ આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવાની જેને તાલાવેલી લાગે, જગતના બધા સ્વાદ જેને સાવ ફિક્કા લાગે, અહા! એક આત્મા સિવાય બીજી વાતમાં ક્યાંય રસ ન પડે અને અંદર અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની તાલાવેલી એટલે પ્રાપ્તિના પ્રયત્નનો પુરુષાર્થ તે તરફ ઢળે, તેને માર્ગ મળે જ, અંદર રસ્તો થાય જ. બીજે રસ્તે જાય અને આ માર્ગ મળે એમ બની શકે નહિ. અહા! વાત બહુ ઝીણી! સત્ય વસ્તુ ઝીણી જ હોય.

સાચી ઉત્કંઠા હોય અને માર્ગ ન મળે એમ બને જ નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ થયા વિના રહે નહિ. જ્ઞાનીઓ જેનાં આટલાં આટલાં વખાણ કરે છે એવો આ આત્મા તે શી વસ્તુ છે? ભગવાન આત્મા, સર્વોત્કૃષ્ટ આત્મા, પરમેશ્વરસ્વરૂપ આત્મા, અનંત અનંત ગુણોની ખાણ આત્મા, અહાહા! શું છે આ તે? એવી જેને અંદરમાં લગની લાગે, એની ધૂન ચડે, તેને માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.’**

કાર્ય કેમ આવતું નથી? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ અમને કેમ મળતો નથી? એમ કોઈ કહે તેને કહે છે કે મોક્ષમાર્ગ કાર્ય છે; તેનું કારણ આપવું જોઈએ. જેટલું કારણ આપે તેટલું કાર્ય થાય. કારણ વિપરીત આપે ને સાચું કાર્ય થાય અથવા કારણ થોડું આપે ને કાર્ય વધારે થાય એમ બને નહિ.

અહા! આનંદ આદિ અનંત ધર્મનો ધરનાર આ ભગવાન આત્મા તે શી ચીજ છે? એક સમયની દશામાં જે આવતી નથી એટલે કે જે એક સમયની પર્યાય જેટલી થઈ જતી નથી, જે કાયમ એકરૂપે રહે છે, જેમાં બદલવું કે પલટવું થતું નથી, જે ઓછુંવત્તું કે વિપરીત થતું નથી, એવું કોઈ ત્રિકાળી અચિન્ત્ય તત્ત્વ છે તે શું છે? એવી જેને અંદર રુચિની તાલાવેલી લાગે તેને સ્વરૂપનો અનુભવ થયા વિના રહે નહિ.

કારણની કચાશને લઈને કાર્ય આવતું નથી—એમ સિદ્ધાન્ત નક્કી ન કરે, અને કહે—અમે પુરુષાર્થ ઘણો કરીએ છીએ. પણ પુરુષાર્થ ઘણો કહેવો કોને? અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે; તેની પૂર્ણતાને પામવાનો જેને ભાવ હોય તેને, અંતરમાં લગની લાગે, આત્મા સિવાય બીજે કયાંય મીઠાશ લાગે નહિ—બીજે કયાંય રસ પડે નહિ.

સર્વજ્ઞ પરમાત્માએ જેનાં બહુ ગાણાં ગાયાં છે તે આ ભગવાન આત્મા શી ચીજ છે? જેમાં સંખ્યાએ જ્ઞાન-આનંદ આદિ ગુણોનો પાર નથી એવી આ ચીજની પુરુષાર્થમાં જરૂરિયાત જણાય અને તે ન મળે એમ બને નહિ. તેને માટે તીવ્ર લગની લગાડે ત્યારે તેને પ્રથમ સમ્યગ્દર્શન થાય. જેટલું કારણ આપે તેટલું કાર્ય થાય. શ્રદ્ધા ને જ્ઞાનમાં પુરુષાર્થ કરીને સાચું કારણ આપે તો સ્વાનુભવરૂપ કાર્ય થયા વિના રહે નહિ.

**‘અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે.’**

વેદના એટલે અંદરની ખટક સહિત ભાવના હોય તો માર્ગ શોધે જ. આ વાત એવી છે પ્રભુ! કે બહારનાં કોઈ સાધનનો—દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ વગેરે ક્રિયાકાંડના ભાવોનો જ્યાં સુધી પ્રેમ છે, તેનાથી માર્ગ મળશે એવી જ્યાં સુધી રુચિ ત્યાં જ ચોંટી છે ત્યાં સુધી આત્માની પ્રાપ્તિ—સમ્યગ્દર્શન કે આત્માનુભવ થતો નથી. એ બધા વિકલ્પો રાગની ક્રિયા છે. રાગ તો અંધારું છે; એ અંધારાના માર્ગે આત્માનો પ્રકાશ મળે એવું છે નહિ. અંદરની તીવ્ર ખટક સહિત—વેદના સહિત પ્રયત્ન કરે તો માર્ગ મળે. અહાહા! વીતરાગની આવી વાતો છે!

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૪૨

**યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભ ભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે. ૪૨.**

'યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે;'

શું કહે છે? આત્મા અસ્તિસ્વરૂપ એક વસ્તુ છે; જગતમાં તે એક જ સર્વોત્કૃષ્ટસ્વરૂપ તેમ જ ભગવાનસ્વરૂપ છે; પણ તેને બહારની મીઠાશ આડે—સ્ત્રી, પરિવાર, કુટુંબના પ્રેમ આડે—પોતાના સ્વભાવની યથાર્થ રુચિ નથી. પરંતુ જે જીવે પરથી અને વિભાવથી રહિત એવા નિજ શુદ્ધ પ્રભુની યથાર્થ રુચિ કરી છે તેને જે શુભ ભાવો આવે તે વૈરાગ્ય એટલે રાગની મંદતા અને ઉપશમ એટલે આત્માનો શાંત રસ—એવા ભાવથી તરબોળ હોય છે. જેને આનંદના નિધાનસ્વરૂપ આત્માની —વસ્તુસ્વરૂપની—રુચિ થઈ તેને શુભ રાગ આવે, પણ 'રાગ તે હું નથી' એવો વિરક્તતારૂપ વૈરાગ્ય તો સાથે હોય જ છે. શાંત ઉપશમ-રસ એટલે પોતાનો આત્મરસ. અંદર અવિકારી પ્રભુ છે તેની રુચિ અને તેનું અકષાય વેદન તે શાંતરસ એટલે કે આત્મરસ છે. અકષાય ઉપશમરસ સાથે છે તેથી જ્ઞાનીના મંદકષાયરૂપ શુભ ભાવને વૈરાગ્યથી અને ઉપશમરસથી તરબોળ કહ્યા છે. રાગ તે તો રાગ જ છે, એટલી અશાંતિ છે, પણ તે મંદ રાગ સાથે વૈરાગ્ય અને આત્માના અસ્તિપણારૂપ ઉપશમરસનું વેદન છે. શુભ ભાવ વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ છે, છતાં એ શુભ રાગની દશા વખતે જ્ઞાની તેનાથી ભિન્ન છે.

આત્મા જોનાર-જાણનાર છે. પરને જોતાં તેને પરમાં વિસ્મયતા અને અધિકતા લાગે છે તેથી તે અંતર આત્મસ્વભાવની આશ્ચર્યતા કે અધિકતાને જોતો નથી. બહારની સામગ્રીમાં—સુંદર શરીર, વાણી, મકાન, લક્ષ્મી, ઘરવખરી, ફર્નિચર વગેરે ભભકામાં—એને રસ પડે છે, મજા લાગે છે; પણ એ બધું પર ચીજ છે બાપુ! એ વસ્તુ તારામાંથી થઈ નથી, તેં કરી નથી. તારી હાજરી છે માટે તેની હયાતી છે—એમ પણ નથી. જડને લઈને જડની હયાતી છે. તેની હયાતીમાં તારો કાંઈ પણ ભાગ છે એમ નથી. જો તને એની હયાતીથી કાંઈ આશ્ચર્ય ને વિસ્મય લાગે, તેનો પ્રેમ લાગે, તો તને તારી હયાતીની—નિજ અસ્તિત્વની—વિસ્મયતા નહિ બેસે, સ્વભાવનો પ્રેમ તને નહિ લાગે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનીને સ્વભાવની યથાર્થ રુચિ હોય છે. તેને સ્વભાવના યથાર્થ પ્રેમ સહિત ભૂમિકા પ્રમાણે શુભ ભાવ આવે, તે છે તો રાગ; પણ તે મંદ રાગ વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે.

**‘ અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભ ભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે. ’**

પૂર્ણાનંદ પ્રભુ આત્માની રુચિ, દૃષ્ટિ અને પોસાણ વિના જે શુભ ભાવો થાય છે તે આત્માના રસ વગરના લૂખા અને ક્ષણિક હોય છે. બહારના ભભકા એ તો મસાણનાં હાડકાંના ફૉસ્ફરસના ભડકા જેવા છે. કાંઈક વાંચતાં આવડે, બોલતાં આવડે, અરે! ચક્રવર્તીનું રાજ વગેરે બહારનું બધું એ બધા ભભકા, આ અમૃતસ્વરૂપ નિજ ભગવાન આત્મા પાસે, હાડકાંના ફૉસ્ફરસના ભડકા જેવા નાશવાન છે.

પોતા સિવાય જગતની અનંત ચીજમાંથી કોઈ પણ ચીજ વિશેષ તરીકે, અધિકતા તરીકે, આશ્ચર્ય તરીકે અને વિસ્મય તરીકે અંદર વીર્યમાં કામ કરે તેનો વૈરાગ્ય કે શુભ ભાવ સાચો હોતો નથી. તેનો શુભ ભાવ પણ આત્માર્થની ભીનાશ વગરનો અને ચપળતાવાળો હોય છે. તેનું લક્ષ શુભ ભાવમાં છે તેથી તેનાથી તે ટેવાઈ ગયો છે. દેવદર્શન, સ્તુતિ, પૂજા વગેરે થયા કરે, બે-ચાર કલાક ત્યાં ગાળે, પરંતુ અંદર પોતે પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદથી ભરપૂર વસ્તુ છે તેની દૃષ્ટિ, રુચિ અને મહિમા નથી. બહારની ચીજનો મહિમા લાવી તેમાં સમય ગાળે છે. એ બધા શુભ ભાવો આત્મરસ વગરના લૂખા અને ચંચળતાવાળા છે, તેનાથી જરાય આત્મકલ્યાણ —ધર્મ થતો નથી.

ભાઈ! દેહ છૂટશે. ગમે તેટલી સંભાળ રાખીશ પણ તે રાખ્યો રહેશે નહિ; કારણ કે તે પર ચીજ છે. તેને પોતાનો માનીને તું પડયો છે. એ દેહ છૂટવા ટાણે અરે! તું રાગની એકતામાં ભીંસાઈ જઈશ. ‘ ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં ’ કરતો હોય તેને લોકો સમાધિમરણ થયું કહે; પણ એ ધૂળેય સમાધિમરણ નથી. આત્મા શી વસ્તુ છે તેની જેને ખબર નથી તેને એવા શુભ ભાવના કાળે અંદર આત્માનો રસ નથી અને રાગથી વિરક્તતાસ્વરૂપ વૈરાગ્યનું પરિણમન નથી; તેથી તે બધો શુભ રાગ લૂખો અને ચંચળતાવાળો છે.

પ્રશ્ન:—આવું તો બાવો થાય ત્યારે સમજાય!

ઉત્તર:—બાવો જ છો તું બાપુ! તારામાં રાગનો કણ પણ નથી. શરીર, બાયડી, છોકરાં વગેરે બહારના પદાર્થ તો કયાંય દૂર રહી ગયા, પણ અંદર શુભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ થાય તે પણ આત્માનું સ્વરૂપ નથી. બહારના સંયોગો તેના કારણે આવજા કર્યા કરે છે. તારા કારણે એ નથી, અને તેનામાં તું નથી. અંતરમાં બીજા પદાર્થ પ્રત્યેની વિસ્મયતા ને આશ્ચર્ય ન છૂટે અને જે શુભભાવ રહે તે બધો લૂખો ને ચંચળતાવાળો હોય છે.

પ્રશ્ન:—દીક્ષા લેતી વખતે તીર્થંકર ભગવાનને પણ 'ણમો સિદ્ધાણં' એવો શુભ ભાવ તો આવે છે!

ઉત્તર:—ભાઈ! તેની પાછળ આત્મભાન ને વૈરાગ્ય છે. તેમને રાગનો રસ નથી, શુભ વિકલ્પની પાછળ શાંત રસ છે આત્માનો. એને લઈને તે શુભ ભાવ ઉપશમરસ અને વૈરાગ્ય સહિત કહેવામાં આવે છે. ભાન વગરના શુભ ભાવને આત્મરસ વગરનો લૂખો અને ચંચળ કહેવામાં આવે છે.

આ મુદ્દાની રકમની વાત છે, સમજવા જેવી છે. બહારમાં આ કરવું, તે કરવું; વ્યવહાર ચારિત્ર પાળીએ તો નિશ્ચય થાય;—એ બધા આત્મભાન વિનાના શુભ ભાવ લૂખા ને ચંચળ છે, આત્મશાંતિ—ધર્મ—માટે બેકાર છે. ધર્માત્માને આત્માની દૃષ્ટિ સહિતનો શુભ ભાવ આવે છે, વ્યવહારચારિત્ર વગેરેના શુભ ભાવ આવે છે, પણ તેનામાં તેને પ્રેમ નથી. એ શુભ ભાવ પ્રત્યે પણ અંતરથી વૈરાગ્ય વર્તે છે. અહા! સ્વભાવની યથાર્થ રુચિના કારણે તેના શુભ ભાવ પણ વૈરાગ્ય અને ઉપશમ-રસથી—આત્મશાંતિથી—તરબોળ દેખાય છે. એ શુભ ભાવ છે તો રાગ જ; પણ અંદરમાં તેની રુચિ નથી. ભૂમિકા પ્રમાણે એવા ભાવ આવે છે. અહા! આવી જાતનો ઉપદેશ છે! હવે એનો ન્યાય આપે છે.

—o—

## વચનામૃત—૪૩

**જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું?' તો કહે 'મારી બા', 'તારું ગામ કયું?' તો કહે 'મારી બા', 'તારાં માતા-પિતા કોણ?' તો કહે 'મારી બા'; તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ....જ્ઞાયકસ્વભાવ'—એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે. ૪૩.**

"જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તારું નામ શું?' તો કહે 'મારી બા', 'તારું ગામ કયું?' તો કહે 'મારી બા', 'તારાં માતા-પિતા કોણ?' તો કહે 'મારી બા';"**

માતાની આંગળીએ દોરાતો કોઈ બાળક, રસ્તામાં માણસોની બહુ ભીડને લઈને, આંગળીથી છૂટી ગયો હોય, માતાથી વિખૂટો પડી ગયો હોય, તેને પૂછીએ કે 'તારું નામ શું?'...આ તો અમે પોરબંદરમાં નજરે જોયેલું છે. એક છોડી, એની માથી છૂટી પડી ગયેલી, બરાબર અપાસરા પાસે કંઈ રોવે...રોવે! પોલીસ આવ્યા, ને પૂછે: 'તારું નામ શું?' તો રોતી જાય અને કહે 'મારી બા', 'તારી કોઈ ગોઠણ છે?' 'તારી શેરી કઈ?' બધા પ્રશ્નોનો એક જ જવાબ આપે—'મારી બા', 'મારી બા', મારી બા કયે રસ્તે ને કયાં ગઈ હશે?

**..."તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ'—એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે."**

જેના ધ્યેયમાં, રુચિમાં ને પ્રેમમાં જ્ઞાયકભાવ જ પડયો છે તેને શુભ વિકલ્પમાં કે બીજે કયાંય અટકવું ગોઠતું નથી. અહા! અંતર જ્ઞાયકસ્વભાવમાં જવા માટેની તાલાવેલી છે. બહિરાત્મપણાનો એટલે કે આત્મસ્વભાવમાં નથી એવા જે પુણ્ય-પાપના ભાવ અને તેનાં ફળ તેનો જેને રસ ને પ્રેમ છે તેને જ્ઞાયકસ્વભાવનો પ્રેમ નથી, અને જેને આત્માના જ્ઞાયકભાવનો પ્રેમ લાગ્યો તેને પુણ્યના પરિણામથી માંડીને આખું જગત પ્રેમનો વિષય નથી. અહા! એવા જ્ઞાયકભાવનો જેને રસ છે તેને તેની પ્રાપ્તિ માટે નિરંતર રુચિ ને ભાવના રહે. જેને બહારનો પ્રેમ છે કે દુનિયા મને કેમ માને, દુનિયામાં કેમ પ્રસિદ્ધિ થાય, મને આવડે તો દુનિયા મને મોટો માને, તેને જ્ઞાયક-સ્વભાવ પ્રત્યે રુચિ અને પ્રેમ નથી.

દક્ષિણ અમેરિકામાં ભયાનક જંગલ વચ્ચે એક મોટું વિમાન પડયું. બધા માણસો મરી ગયા, એક ૧૮ વર્ષની છોડી બચી ગઈ. 'કોઈ મને મારગ બતાવો', અહાહા! એક જ તાલાવેલી. ૧૧ દિવસ ભયંકર વનમાં કાઢયા. બારમા દિવસે શિકારી મળ્યા. મોટરમાં નાખી શહેરની હોસ્પિટલમાં લઈ ગયા. અહા! તે બિહામણા જંગલમાં તેને કેવું થતું હશે! એમ અનાદિકાળથી પરિભ્રમણ કરતો આ જીવ પરના પ્રેમમાં ઝંપલાઈ ગયો છે; તેનું અંતર પોકારવું જોઈએ કે—મારો જ્ઞાયકપ્રભુ કોણ છે? કયાં છે? કેવો છે?—બતાવો રે! કોઈ બતાવો!

શ્રીમદે પણ કહ્યું છે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."

અહા! સર્વે કપાટ ખૂલી ગયા. આ જ્ઞાયકપ્રભુ શું છે? એને પકડ્યા વિના બીજે ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય રસ પડે નહિ, ક્યાંય ગમે નહિ. આત્માની સાચી રુચિથી અંદર જ્ઞાયકપ્રભુને જેને પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ ...જ્ઞાયકસ્વભાવ'—એવી લગની લાગે, એવું રટણ દિન-રાત રહ્યા જ કરે, તેની જ રુચિ ને ભાવના નિરંતર રહે. છ ઢાળામાં કહ્યું છે—

"લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ."

અહા! તાલાવેલી તો એવી લાગે કે સ્વપ્નાં પણ એનાં જ આવે. જાગૃત દશામાં તો લગની હોય પણ ઊંઘમાં પણ જ્ઞાયકનાં સ્વપ્નાં આવે-એવી તાલાવેલી લાગે. ભગવાન આત્મા કોણ છે? કેવો છે? ક્યાં છે? કઈ રીતે છે? કેમ પમાય?—એવી જેને લગની લાગે છે તેને તેનું રટણ ને ઘૂંટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે.

બહારમાં રાગ હોય, શરીરની ક્રિયા પણ થતી દેખાય; પણ જ્યાં અંદર જ્ઞાયકભાવ, સામાન્યભાવ, એકરૂપ ભાવ—એની જેને લગની લાગી તેને આત્મા પ્રગટ થયા વિના રહે નહિ.

જેમ તે છોડીને 'મારી બા, મારી બા' થતું હતું તેમ આત્માર્થીને રુચિમાં 'આત્મા...આત્મા' રહ્યા કરે છે. વસ્તુ જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, એકભાવ, એકરૂપે કાયમ ટકતી પૂર્ણ ચીજ તે કોણ છે? આમ તેને પ્રાપ્ત કરવાની વારંવાર ખટક રહ્યા જ કરે. તેને જગતની પર્યાય દેખાય છે પણ તેનાથી તે જુદો અને ઉદાસ છે. સમ્યગ્દૃષ્ટિને કોઈ પૂછે કે, આ છોકરો કોનો? આ દુકાન કોની? જવાબમાં કહે 'મારાં છે', પણ અંદરમાં 'મારું' માનતો નથી. તેને જ્ઞાયકભાવની એવી લગની ને ખટક લાગી છે કે જેથી તેની રુચિ અને ભાવના નિરંતર તેમાં જ રહે છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૪૪

રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીશે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે. જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય. 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે: 'અરે! મારી બા....મારી બા!'; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા....મારો આત્મા!' એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ. ૪૪.

**'રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.'**

એ જ વાત ફરીને આવી. રુચિમાં જેને અંતર ચૈતન્યની જરૂરિયાત લાગે, બીજી કોઈ ચીજની જેને જરૂરિયાત નથી, ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગે જેને અંતરનું ધ્યાન (લક્ષ) હોય છે અને 'મારે તો મારો એક આત્મા જ જોઈએ છે' એવી અંદરથી જેને ખટક લાગે તેને વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. સમ્યગ્દર્શન પ્રગટ થયા પહેલાં પણ આવી લાગણી ને લગની હોય છે. આખી દુનિયાની ઉપેક્ષા, એક માત્ર સ્વ-વસ્તુની જ અપેક્ષા; એમાં બધું સમાઈ ગયું. જેને રાગથી માંડીને બધી ચીજોમાં ઉપેક્ષા વર્તે છે અને એક આત્મ-સ્વભાવની જ અપેક્ષા વર્તે છે, તેને વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. અહા! આવી છે આ ચોપડી! આવું બધું ભરેલું છે એમાં! બહુ સાદા શબ્દો ...ગુજરાતી સાદા શબ્દો. હિન્દીવાળાને હજી મળી નથી. ગુજરાતીવાળાને ઘણાને મળી ગઈ છે.

**'તેને ચોવીશે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે.'**

ઊંઘમાં પણ તેને એ જ વિચારની ધારા ચાલતી હોય છે. એવી જેને આત્માની રુચિ ખરેખર લાગે તેને દુનિયાની અનુકૂળતાના ગંજ હોય કે પ્રતિકૂળતાના પહાડ હોય—એ બધા પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. અરે! સાતમી નરકમાં પ્રતિકૂળતાની શી વાત કરવી! ત્યાંનાં દુઃખોનું વર્ણન સાંભળ્યું પણ જાય એવું નથી. મરીને ત્યાં જનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ સંયોગની તીવ્ર એકતાબુદ્ધિવાળો મહા મિથ્યાત્વી અને તીવ્ર કષાયી હોય છે. કોઈ જીવ એવી પ્રતિકૂળતાની ભયંકર સ્થિતિમાં પણ સમકિત પામે છે. જ્યાં ખાવાને કણ નહિ, પીવાને પાણીનું બિંદુ નહિ, જન્મથી જ કોઢ વગેરે આકરા રોગ; જ્યાં તે પડયો છે અરે! ત્યાંની શીતની વેદના કેવી! તે શીતનો એક કણ મનુષ્યલોકમાં આવે તો દસ હજાર યોજનના વિસ્તારમાં રહેલા માણસો ઠંડીથી થીજીને મરી જાય. એવી તો શીતની વેદના છે! એવા પ્રતિકૂળતાના યોગમાં પણ જે આત્માની લગની લગાડે છે તે ફડાક દઈને અંદર આત્મામાં ઊતરી જાય છે. પ્રભુ! તને અત્યારે એવી પ્રતિકૂળતા તો છે નહિ. અનંત કાળ ખાવા-પીવામાં ને બાયડી-છોકરાંમાં ગાળ્યો. પૂર્વે આત્માનો ઉપદેશ સાંભળ્યો હતો પણ રુચિ કરી નહોતી; હવે તો અંદર આત્માની રુચિ ને ખટક જગાવ! એવી પ્રતિકૂળતામાં પણ અંદર પ્રભુની લગની લગાવીને સમ્યગ્દર્શન પામે છે; તેમ જ અનંતગણી સગવડતામાં, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં, ચક્રવર્તીના રાજ્યમાં પણ તે તરફનું લક્ષ છોડી દઈને ધર્મી જીવ અંદરમાં ઊતરી જાય છે; કેમ કે ચીજમાં કોઈ અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહિ. ચૈતન્યપ્રભુ તે ચીજને અડતોય નથી. અહા! આવી અનુકૂળતામાં અને નરક જેવી પ્રતિકૂળતામાં એ અંદરમાં ઊતરી જાય છે. આત્માના ખપીને ચોવીશે કલાક આત્માનું ચિંતન, ઘોલન ને ખટક ચાલુ રહ્યા જ કરે છે.

**"જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય."**

અમદાવાદમાં લાલભાઈ શેઠ હતા. તેમનાં બા ગુજરી ગયાં. બા પ્રત્યે ઘણો પ્રેમ. ખૂબ રોવે—અરે! મને 'તું' કહેનારી બા ગઈ. 'લાલુ! તું અહીં આવ', 'લાલુ! તું આ ખા', એમ કહેનારી એક મારી મા હતી તે ગઈ, એવા પ્રેમથી કહેનારું કોઈ ન રહ્યું! 'બા'ના પ્રેમવાળાને નિરંતર તેની યાદ રહે છે, તેમ 'આ મારો આત્મા છે' તેની જેને લગની લાગી તે બીજું બધું ભૂલી જાય છે. પેલો 'બા'ના વિયોગમાં રોવે છે અને આ આત્માની લગનીમાં આનંદ માણે છે. આત્માનો પ્રેમી શુભ ભાવમાં ઊભો દેખાય, પણ રુચિ ને લગની અંદરમાં છે.

**"'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહેલું હોય છે: 'અરે! મારી બા... મારી બા!'; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ."**

પોતાના સ્ત્રી-પુત્ર વગેરે પરિવારમાં આનંદ કરતો હોય છતાં અંદર પ્રેમ 'બા'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર જ છે. તેનું મન 'આ' માં જ રહ્યું છે. એવી જ રીતે આત્માની રુચિ ને ખટક રહેવી જોઈએ.

**"ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા...મારો આત્મા!' એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ."**

અહા! બહુ સાદી ભાષામાં ઊંડું તત્ત્વ! અંદર હું આખું તત્ત્વ છું—એવી રુચિ ને ખટક રહેવી જોઈએ. જ્યાં હું નથી તેઓ યાદ આવ્યા કરે એ કેવું? અને જે હું પોતે જ છું તેને યાદ કરવો પડે એ કેવું? હું તો અંદર પૂર્ણ છું જ—એવી રુચિ સહિત ખટક રહ્યા કરે તેને આત્મારૂપી 'બા' મળ્યા વિના રહે જ નહિ.

આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું : ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૪

તા. ૧૯–૬–૭૮

## વચનામૃત—૪૫

અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી ‘મેં ઘણું જ કર્યું છે’ એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.

‘અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ.’

શું કહે છે? અંદરનું જે તળિયું તે ધ્રુવ છે; પુણ્ય-પાપના પરિણામની તો અહીંયાં વાત જ શી કરવી? પણ એક સમયની પર્યાય તે પણ ઉપર ઉપર તરે છે. એક સમયની પર્યાયની પાસે—સમીપે અંદરમાં જે ધ્રુવ જ્ઞાયક આત્મા છે તેને તપાસ. અંતરનાં તળિયાં એટલે અંતરમાં જે ધ્રુવ આખી વસ્તુ છે તેને તપાસ. તપાસીને આત્માને ઓળખ. આત્માને ઓળખવાનો, સમ્યગ્દર્શન પામવાનો એ એક જ ઉપાય છે. પર્યાયને ને રાગને ઓળખવાથી આત્મા નહિ ઓળખાય.

‘શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી ‘મેં ઘણું જ કર્યું છે’ એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.’

દયા, દાન, વ્રતાદિના કાંઈક શુભ પરિણામ થાય; વાંચન, શ્રવણ કે શાસ્ત્રની ધારણા થાય; કાંઈક કહેતાં આવડે—બોલતાં આવડે;—વગેરેનો થોડો પુરુષાર્થ કરી એને એમ થાય કે ‘મેં ઘણું કર્યું છે, હું ઘણું કરું છું’; પણ એ કાંઈ ચીજ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મને આવડતા ઘણી, મેં ઘણું જ કર્યું, એમ માનીને જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે, બહારમાં રોકાઈ જાય છે.

ગમે તેટલી ધારણા કે શુભ ભાવ હોય પણ જવાનું છે અંદરમાં ઠેઠ તળિયે; ધ્રુવ તત્ત્વને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કરવાનું છે. મૂળ જે ત્રિકાળી ધ્રુવ તેનો અનુભવ કરવાનો છે. આ જે કરવાનું છે તે તો પડી રહ્યું, ને જે શુભ ભાવ ને શાસ્ત્રની ધારણા આદિ થાય, લાખ-બે લાખ શ્લોક કંઠસ્થ આવડે, તેથી શું થયું? એ કાંઈ વસ્તુ છે? આટલાથી સંતોષ કરી બેસે તે ચૈતન્યના તળને નહિ પહોંચી શકે. લોકો વખાણ કરે કે—ઓહો! તમને ભારે સમજાવતાં આવડે છે! તમારું લેખન! તમારી ભાષા! પણ તેમાં આત્માને શું? અજ્ઞાની ત્યાં અટકી જાય છે.

આ બધી મુદ્દાની રકમની વાત છે. સ્વદ્રવ્યમાં દૃષ્ટિ કરે નહિ, તેને પકડે નહિ, તેને ધ્યેય બનાવે નહિ, તે અજ્ઞાની જીવ બહારમાં રોકાઈ જઈને જીવન અફળ કરે છે. અહા! જીવનું જીવન જે પરમાનંદસ્વરૂપ ત્રિકાળી ચૈતન્ય તેને દૃષ્ટિમાં ધારણ કરતો નથી તે આગળ વધવાને બદલે અટકી જાય છે.

**'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.'**

અજ્ઞાનીને ઉઘાડ હોય, અગિયાર અંગ ધારે, પણ તેથી શું? એક આચારાંગમાં જ ૧૮ હજાર પદ, ને એક પદમાં ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક, એ બધું કંઠસ્થ કરે પણ તેથી શું? અહા! અંદર ભગવાન જ્ઞાનસમુદ્ર પ્રભુ છે તેને સ્પર્શે નહિ, એની સન્મુખ થાય નહિ અને આ વિમુખની ધારણામાં સંતોષાઈ જાય તે રખડી મરશે.

ધારણા એટલી બધી હોય કે જરીક પૂછે ત્યાં જવાબ તો તૈયાર જ હોય! ભાષા તો પાણીના પૂરની જેમ ફડાક ફડાક નીકળે! તેનું તેને અભિમાન થઈ જાય છે; પણ તેથી આત્માને લાભ શો બાપુ? એ કાંઈ વસ્તુ છે? વસ્તુ તો આખી ચીજ જે પરમાનંદ પ્રભુ, તેના તળમાં જાય નહિ, તળિયાં જુએ નહિ અને ઉપર-ઉપરની—પર્યાયની—વાતોમાં અટકીને રોકાઈ જાય તે આત્માને નહિ મેળવે. તેને અભિમાન થઈ જશે; કેમ કે વસ્તુના અગાધ સત્સ્વરૂપનો ખ્યાલ જ નથી. કેવળજ્ઞાન થાય તોય, જે શક્તિરૂપે હતું તે પ્રગટ્યું, એમાં કાંઈ વિશેષતા છે નહિ; તો તેની પાસે મતિ-શ્રુત જ્ઞાનની વાત જ શી? અને મતિ-શ્રુતની પરલક્ષી ધારણાદિ બધું તો ખરેખર થોથાં છે.

આખી વસ્તુ જે ચૈતન્યસ્વભાવ તેની અનુભૂતિ ન આવી અને બહારની ધારણાથી સંતોષાઈ જઈને તેનું અભિમાન કરે છે તેને વસ્તુના અગાધ સ્વરૂપની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર જ નથી. આ, અનંત અનંત આનંદરસથી ભરેલું તળ—વસ્તુતત્ત્વ આખું છે. જેમાં કેવળજ્ઞાન આદિ પર્યાયોને પ્રગટ કરનાર જ્ઞાનાદિ અનંત ગુણો વિદ્યમાન છે એવું જે એકરૂપ દ્રવ્ય તેના તરફ તો એનું લક્ષ નથી; છે તેનો ખ્યાલ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડમાં સંતોષાઈ જાય છે, ત્યાં અટકી જાય છે.

**'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.'**

ધર્મીને સ્વભાવનો અગાધ ને ગંભીર સાગર એવો જે મહાપ્રભુ—આખું તત્ત્વ—એનું જ્ઞાન ને શ્રદ્ધા થઈ હોવાથી, પૂર્ણતાનું લક્ષ હોવાથી, તે અંશમાં—પ્રગટ દશામાં—સંતોષાઈ જતો નથી. સ્વના આશ્રયે જે સાચું મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન થયું, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદસ્વરૂપ એવા ચૈતન્યભગવાનની સન્મુખતાનો જે ભાવ પ્રગટ થયો, તે પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ એક અંશ જ છે. તે અંશમાં જ્ઞાની અટકી જતો નથી.

**'પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટયો તેમાં નવીન શું?'**

અરે! કેવળજ્ઞાન થાય તે તો મૂળ ચીજમાં શક્તિ હતી તે પ્રગટ થઈ છે, એમાં નવીનતા શું છે? મતિ-શ્રુતના ઉઘાડમાં ૧૨ અંગનું જ્ઞાન થાય તો તે પણ સ્થૂળ જ્ઞાન છે. વસ્તુસ્વભાવ તો અગાધ ને અનંત છે; તેની પાસે, પંચાધ્યાયીમાં કહ્યું છે કે, ૧૨ અંગનું જ્ઞાન સ્થૂળ છે. તેથી કહે છે કે જ્ઞાનની પૂર્ણ પર્યાય પ્રગટે તોપણ જે સ્વભાવ હતો તે પ્રગટયો, તેમાં નવું શું છે? વસ્તુમાં શક્તિ હતી તો તે પર્યાયમાં પ્રગટી છે.

કાર્તિકેયાનુપ્રેક્ષામાં બેય બોલ લીધા છે: દ્રવ્ય-અપેક્ષાએ જે સત્ છે તે જ પ્રગટે છે, અને પર્યાય-અપેક્ષાએ કેવળજ્ઞાન આદિ પર્યાય જે નહોતી તે પ્રગટી છે. કેવળ-જ્ઞાનની પર્યાય આવી કયાંથી? કંઈ બહારથી કે પૂર્વની પર્યાયમાંથી આવે છે? અંદર સ્વભાવમાં જે શક્તિ હતી તે પર્યાયમાં પ્રગટ થઈ છે. તેમાં નવીનતા શી? શક્તિનું આવું યથાર્થ જ્ઞાન થતાં જ્ઞાનીને અંદર વીતરાગતા વર્તે છે. અહીં તો અજ્ઞાનીને જરીક વાંચતાં આવડે, સભા ભરાય તો તેને એમ થઈ જાય કે અમે આગળ વધી ગયા છીએ. અરે ભાઈ! અંદર અગાધ વસ્તુ પડી છે તેની ખબર વિના તને શેનાં અભિમાન? બહારમાં, ઉઘાડમાં ને શુભ ભાવમાં સંતોષાઈ જવાનું થાય છે તેને મૂળ વસ્તુના અગાધ સ્વભાવની ખબર જ નથી.

**'તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.'**

એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકના સર્વ પદાર્થોને એકસાથે જાણે એવી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય પ્રગટ થાય તે તો અંદર જ્ઞાનની ધ્રુવ શક્તિ હતી તે પ્રગટી છે તેમાં નવીન શું? જ્ઞાનીને બાર અંગનું જ્ઞાન હોવા છતાં પણ પોતાની પર્યાયમાં પામરતા માને છે. અહો! બાર અંગનું જ્ઞાન કોને કહે! તેનું પણ જ્ઞાનીને અભિમાન થતું નથી.

—૦—

## વચનામૃત—૪૬

**જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે. ૪૬.**

**'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.'**

કરવાનું તો આ છે : જીવન જ્ઞાનમય, આનંદમય, શ્રદ્ધામય, શાંતિમય, પૂર્ણ પ્રભુતાનો દરિયો ભગવાન આત્મા છે તેની પ્રભુતામય કરીને જીવવું જોઈએ. જાગતી જ્યોત જીવમાં જે ભરેલી છે તેને પર્યાયમાં પ્રગટ કરીને જીવવું તે જ જીવન છે. પચીસ, પચાસ કે સો વર્ષ બાયડી-છોકરાં સંભાળ્યાં, ધંધો કર્યો, ઉદ્યોગપતિ થયો, પોતાના બાહુબળે પૈસા નહોતા ને ભેગા થયા,—એ બધાં શેનાં વખાણ? ગાંડપણાનાં? અરે! બાપુ! એ કાંઈ આત્માનાં જીવન છે? અંદર જેને આત્મજ્ઞાન હોય તે અંતરમાં ઠરે, તેને બહાર બીજાને દેખાડવાની વિશેષતા કે અધિકતા હોય નહિ. બહારનો, શુભાશુભ ભાવનો રસ છોડી, રુચિને અંદર વાળીને જીવન આત્મામય કરી લેવું જોઈએ.

**'ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે.'**

ઉપયોગ સૂક્ષ્મ થઈને એકદમ પર્યાયને ભલે પકડી શકે નહિ પણ પ્રતીતિમાં એમ જ હોય કે, આ ચૈતન્યભગવાન જે સર્વોત્કૃષ્ટ વસ્તુ છે તેને પ્રાપ્ત કર્યે જ છૂટકો છે, એ કાર્ય કર્યે જ લાભ છે, મારે એ જ કરવું છે. અહાહા! તે જીવ વર્તમાન પાત્ર છે. પદ્મનંદિપંચવિંશતિના એકત્વ-અધિકારમાં આવ્યું છે ને!—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्॥

જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. અંદરના પ્રેમથી—રુચિથી પોતાને માટે, પર માટે નહિ, પોતાના આત્માના આનંદની પ્રાપ્તિ માટે જેણે આ તત્ત્વને સાંભળ્યું છે, તે જરૂર મોક્ષને પામશે; એ જરૂર મોક્ષનું ભાજન—પાત્ર છે. એમાં મુક્તિ થઈ શકશે—રહી શકશે.

પ્રશ્ન:—આમાં કરવાનું શું આવ્યું ?

ઉત્તર:—જીવન આત્મામય કરવું તે કરવાનું છે. પણ આ તો એવું કરવામાં આવે છે કે બીજા બહારમાં કાંઈક દેખે, લોકો પસંદ કરે, લોકોની બુદ્ધિમાં આવે કે સમજણમાં, સમજાવવામાં તેમ જ આચરણમાં આ કાંઈક મોટો છે; શુભ આચરણ કરતો હોય તો દુનિયા પસંદ કરે, પણ તેથી તેના આત્માને શો લાભ ?

મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, તેનો અનુભવ કર્યે જ છૂટકો છે. બીજું આવડે કે ન આવડે. બીજું કંઈ ઓછુંવત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. મારે મારું જીવન આત્મામય જ કરવું છે.—એવી ભાવનાવાળો જીવ વર્તમાન પાત્ર છે.

—o—

## વચનામૃત—૪૭

**ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે, તે પર્યાય છે. જેમ કરોળિયો લાળમાં બંધાયેલો છે તે છૂટવા માગે તો છૂટી શકે છે. જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય. ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ—જ્ઞાયકમૂર્તિ છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવની જાળ પાથરેલી છે, વિભાવની જાળમાં ફસાઈ ગયો છે, પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી. ૪૭.**

**'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.'**

ત્રિકાળી ધ્રુવ પદાર્થ છે તે કેદી બંધાય ? ધ્રુવ તત્ત્વ બંધાય તો તે અવસ્તુ થઈ જાય. ત્રિકાળી સ્વભાવભાવ સત્-રૂપે છે તે કદી, કર્મથી તો નહિ, પણ રાગથીયે બંધાતો નથી.

પ્રશ્ન:—પર્યાયમાં બંધ છે માટે દ્રવ્ય બંધાય છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તરઃ—ના, એમ નથી. એક સમયની પર્યાય અટકેલી છે, દ્રવ્ય નહિ. દ્રવ્ય તો છૂટું ને મુક્ત જ છે. ત્રિકાળ રહેનારી ચીજ એટલે કે ધ્રુવ દ્રવ્ય કોઈ કાળે બંધાયું નથી. અહા! પર્યાયબુદ્ધિવાળાને આ વાત બેસવી કઠણ છે. પર્યાય અશુદ્ધ થઈ તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું; કેમ કે પર્યાય એની છે ને?–એમ કોઈ કહે છે. પણ ભાઈ! દ્રવ્ય—વસ્તુનું ત્રિકાળી સત્ત્વ—તો એવું ને એવું જ છે. તેની પ્રભુતાની શી વાત કરવી! એનું માપ કરવા જતાં પોતાની મતિનું માપ થઈ જાય છે. તારો અરૂપી ભગવાન મહાપ્રભુ એ તો કોઈ અગાધ ચીજ છે, બાપુ! તેણે અનાદિથી એક સમયની પર્યાયમાં રમતો માંડી છે. નવમી ગ્રૈવેયકે ગયો તોપણ એક સમયની પર્યાયની રમતમાં હતો. અહા! કેમ બેસે? પંચ મહાવ્રત પાળવાં, આ કરવું ને તે કરવું—એ બંધના ભાવ પર્યાયમાં છે; ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કોઈ કાળે બંધાયું નથી, તે મુક્ત જ છે.

**'મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે, તે પર્યાય છે.'**

ત્રિકાળી ભગવાન આત્મા એ તો મુક્તપણું કે બંધપણું-બેયથી રહિત છે. અનંતગુણગંભીર એવું આ જીવતત્ત્વ જ્યાં મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં બેઠું, ત્યાં તેનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં આવ્યું કે—વસ્તુ છે તે તો કદી બંધાઈ કે મુક્ત થઈ નથી. વસ્તુ મુક્ત છે કે બંધાયેલી છે તે પર્યાયનયથી, અભૂતાર્થનયથી છે.

પ્રશ્નઃ—પર્યાય તો અસત્ય છે અર્થાત્ પર્યાય નથી એમ સમયસારની ૧૧ મી ગાથામાં આવે છે ને?

ઉત્તરઃ—અભૂતાર્થ—અસત્ય છે તે કઈ અપેક્ષાએ? વસ્તુમાં પર્યાય અસ્તિપણે હોવા છતાં તેનું લક્ષ છોડાવવા અસત્ય કહેલ છે. તેનો આશ્રય કરવા જતાં રાગ થાય છે. તેનો આશ્રય કરવાથી શું વસ્તુસ્વભાવ હાથ આવે?—ન આવે. સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે કે, આત્મદ્રવ્ય કે જે ધ્રુવ વસ્તુ છે તે બંધમાર્ગને કે મોક્ષમાર્ગને કરતી નથી. અહાહા! તત્ત્વ છે ને? દ્રવ્ય છે ને? વસ્તુ છે ને? એ બંધાય તોપણ એક સમયના રાગની—પર્યાયની અપેક્ષાએ; અને મુકાય તે પણ રાગ ને અજ્ઞાનતાના અભાવથી થયેલી સર્વજ્ઞદશારૂપ પર્યાયની અપેક્ષાએ. એ રીતે એક જીવની બંધ-મોક્ષરૂપ બે પર્યાયથી વિચારણા કરવી તે વ્યવહારનય છે. વસ્તુસ્વરૂપ તો અંદર ત્રિકાળી અબંધ ચીજ છે તે છે. પ્રમાણના વિષયમાં પર્યાયનો અંશ છે ને? માટે એમ પણ કહેવામાં આવે છે કે—જીવ બંધ-મોક્ષને, સમ્યગ્દર્શન કે કેવળ-જ્ઞાનને પ્રગટ કરે છે. પણ એ વ્યવહારથી કહેવામાં આવે છે.

પ્રશ્નઃ—આવી વાતો! ધરમ કરવો છે ને? એમાં આવી વાતો શી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર:—બાપુ! ધરમ એને થાય કે જે અંદર અગાધ, ગંભીર અને અનંત સત્તાવાળી ચૈતન્ય ચીજ પડી છે તેને દૃષ્ટિમાં લઈને પકડે; એ જ સમ્યગ્દર્શન છે અને એનું નામ ધર્મ છે.

બંધ-મોક્ષને પણ ત્રિકાળી જીવદ્રવ્ય કરતું નથી. પરમાત્મપ્રકાશના પહેલા અધિકારના ૬૮ મા દોહરામાં શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે—

'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।
जीउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥'

હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે. અહા! ત્રણ લોકના નાથ અનંતા તીર્થંકરો એમ કહે છે કે પરમાર્થે ત્રિકાળી ધ્રુવ જીવદ્રવ્ય છે તે બંધને ને બંધના માર્ગને (પુણ્ય-પાપ-આસ્રવને) તથા મોક્ષને ને મોક્ષના માર્ગને (સંવર-નિર્જરાને) કરતું નથી. તેને જીવ કરે છે એ પર્યાય-અપેક્ષાએ વ્યવહારનયથી છે. અગાધ, ગંભીર ને ઊંડું ઊંડું તળિયું છે જેનું એવી આ નિર્વિકલ્પ ચીજમાં—ભલે અરૂપી છે પણ વસ્તુ છે અગાધ-ગંભીર!—બંધ કે મુક્તિ થાય તે પણ પર્યાય છે, વ્યવહાર છે.

**'જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે;'...**

દાખલો આવે છે ને? બે પગ હોય ત્યાં સુધી માણસ, બાયડી પરણીને લાવ્યો એટલે થયો ચોપગો—ઢોર. અહા! ક્યાં તેનો આત્મા ને ક્યાં તારો આત્મા! જગતની કોઈ ચીજ સાથે તારે ક્યાં સંબંધ છે? તે તો તારાથી જુદી રહીને સ્વતંત્રપણે પરિણમે છે. એને પોતાની માનીને કરોળિયાની જેમ રાગની લાળમાં તું બંધાયો છો. વળી, છોકરો થયો એટલે છપગો—ભમરો થયો અને તેને પરણાવ્યો એટલે આઠ-પગો—કરોળિયો થયો. 'આ કરું ને આમ કરું' એમ કરોળિયાની પેઠે કર્તાપણાના રાગની લાળમાં ગુંચાઈ ગયો. બાપુ! એ ક્યાં હતાં તારાં! જ્યાં બંધ અને મોક્ષને પણ વ્યવહાર કહ્યો ત્યાં રાગ ને પરના સંબંધની વાત ક્યાં રહી? અહા! બહાર જોનારને અંતરનું તળિયું કેવડું છે એની ખબરેય ન મળે. પર્યાયમાં અટકી ગયો પણ તળિયામાં અનંત જ્ઞાન ને અનંત આનંદની પ્રભુતા કેવડી પડી છે એને ખ્યાલમાં ન લીધી.

કરોળિયો છૂટવા માગે તો છૂટી શકે છે; જેમ ઘરની જંજાળમાં ફસાયેલો માણસ, માણસ તરીકે છૂટો જ છે, તેનું માણસપણું ઉપાધિમાં ક્યાંય ગરી ગયું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય.'**

જેમ અનેક કાર્યોમાં ફસાયેલો માણસ તે માણસ જ છે તેમ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા વિભાવની જાળમાં બંધાયેલ, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ બરાબર જણાય.

વ્યવહારનયથી વિભાવમાં બંધાયેલો છે; બિલકુલ બંધાયેલો નથી—એમ નથી. વ્યવહારનય છે ને? તે નયનો વિષય પણ છે ને? પણ વસ્તુ તરીકે બંધાયેલો નથી. મોક્ષ ને બંધ એવા બે ભેદ એક દ્રવ્યના પાડવા તે તો વ્યવહારનયથી છે. દ્રવ્યના તળમાં એવા બે ભેદ નથી. તે અભેદ જ્ઞાયક તળને જ્ઞેય બનાવીને, તેનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. બાકી તો ૧૨ અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. એ વિકલ્પથી પણ જીવ પોતે છૂટો જ છે એમ અંદર પ્રયત્ન કરે તો બરાબર જણાય.

**'ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે.'**

આત્મા ચૈતન્યવસ્તુ છે ને? ચૈતન્યનું ચૈતન્યપણું તો છૂટું જ છે. વસ્તુને શું છે? વસ્તુને બંધ થાય? બંધ થાય તો તે અવસ્તુ થઈ જાય; પણ કોઈ દી અવસ્તુ થતી નથી. જેમ પોતાના દ્રવ્યની અપેક્ષાએ બીજું 'અદ્રવ્ય' છે, તેમ જો દ્રવ્યને બંધન થાય તો તે 'અદ્રવ્ય' થઈ જાય; પોતાનું સ્વદ્રવ્ય રહે નહિ. આવી વાતો છે!

**'ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ—જ્ઞાયકમૂર્તિ છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે.'**

જ્ઞાન ને આનંદ આદિ ગુણો આત્માનું સત્ત્વ છે. સતનું સત્ત્વ કોઈ દી બંધાય? વસ્તુ, વસ્તુ તરીકે તો જ્ઞાયકમૂર્તિ છૂટી જ છે, પણ અલ્પ અસ્તિત્વમાં પોતાપણું માનીને પોતાના મહાસત્ત્વના ત્રિકાળી શુદ્ધ અસ્તિત્વને ભૂલી ગયો છે.

**'વિભાવની જાળ પાથરેલી છે, વિભાવની જાળમાં ફસાઈ ગયો છે, પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે, દ્રવ્ય બંધાયેલ નથી.'**

વિકલ્પ અસંખ્ય પ્રકારના છે. શુભ ને અશુભનાં નિમિત્ત અનંત છે. એ નિમિત્તોના લક્ષે ઊપજેલા વિભાવોની—શુભાશુભ ભાવોની જાળમાં જીવ ફસાઈ ગયો છે. એ જાળ પાથરી છે પોતે; પણ પુરુષાર્થ કરે તો પોતે છૂટો જ છે એમ ભાસે. દ્રવ્ય બંધાયેલ નથી. વસ્તુને બંધન શું? બંધન તો પર્યાયમાં, અટકેલી એક સમયની દશાની અપેક્ષાએ છે અને નિમિત્તરૂપ કર્મનું બંધન વ્યવહારે છે, તથા એક સમયની દશામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણતા પ્રાપ્ત થાય તે પણ એક સમયની અવસ્થા છે. વસ્તુ કોઈ દી બંધાય? વસ્તુ તો ત્રિકાળ મુક્ત જ છે.

આત્મા તો અનાદિઅનંત અસ્તિત્વ ધરાવનારી એવી એક ચીજ છે, જે કોઈ દી બંધાતી નથી. અનાદિઅનંત જ્ઞાન અને આનંદમય હયાતી ધરાવનારા ચૈતન્યતત્ત્વ —નિજ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ જવી, તેની અંદરથી પ્રતીતિ થવી એનું જ નામ સમ્યગ્દર્શન છે ને એ જ ધર્મનો માર્ગ છે.

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે—એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. ‘વચનામૃત’ તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે ‘દ્રવ્યદૃષ્ટિપ્રકાશ’ કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય—આવી ચીજ બહાર આવી! આવાં વચનામૃત કોને ન ગોઠે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૫

તા. ૨૦–૬–૭૮

## વચનામૃત—૪૮

**વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ. એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ. ૪૮.**

'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.'

વિષય જરા ઝીણો છે. વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ એટલે શું? ભક્તિનો વિકલ્પ હો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, એ વિકલ્પ શુભ રાગ છે. વિકલ્પમાત્ર દુઃખ છે, એમાં જરીયે સુખ છે નહિ. વિકલ્પમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. ભક્તિ-પૂજા વગેરેનો સ્થૂલ વિકલ્પ કે અંદર તત્ત્વવિચારનો સૂક્ષ્મ વિકલ્પ થાય ખરો; પણ એ વિકલ્પ મારો છે, એમાં સુખ છે એ માન્યતા મિથ્યાત્વ છે, પૂરેપૂરું દુઃખ છે—એમ અંદરથી લાગવું જોઈએ. મિથ્યાત્વ ટળી ગયા પછી પણ જે રાગ છે એ તો દુઃખ જ છે; એવો જ્ઞાનમાં ખ્યાલ હોય છે. અજ્ઞાનીને તો ખ્યાલ જ નથી કે હું આનંદસ્વરૂપ છું, મારી કાયમની અસલી ચીજ તો આત્મામાં છે.

વિષયવાસનાના, વેપાર-ધંધાના કે બહારની મોટપના ભાવ એ તો અશુભ રાગ છે, તીવ્ર દુઃખરૂપ છે જ; પણ જે શુભ રાગના વિકલ્પ આવે તે પણ આત્માની જાત નથી. એ વિકલ્પમાત્રમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ એટલે કે તેના તરફના વલણમાં આકુળતા લાગવી જોઈએ.

પ્રશ્ન:—વ્યવહારનો શુભ વિકલ્પ નિશ્ચયનું સાધન કહેવાય છે ને?

ઉત્તર:—વ્યવહારનો શુભ રાગ પણ ખરેખર નિશ્ચયનું સાધન નથી. વ્યવહારનો શુભ રાગ પણ દુઃખરૂપ છે; એ આત્માનો આશ્રય લેવા માટે સાધન કેમ થાય? રાગ ઊઠે તેમાં ખરેખર ક્યાંય સુખ નથી, દુઃખ જ છે. રાગ ઊઠે એમાં પૂરેપૂરું દુઃખ? હા, શુભ હો કે અશુભ હો—રાગમાત્રમાં, વિકલ્પમાત્રમાં, પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ.'**

શુભના વિકલ્પમાં ય જરા પણ શાંતિ કે સુખ નથી. પહેલાં અસ્તિથી કહ્યું કે વિકલ્પમાં પૂરેપૂરું દુ:ખ લાગવું જોઈએ; હવે નાસ્તિથી કહે છે કે વિકલ્પમાં જરા પણ શાંતિ ને સુખ નથી એમ અંદરથી લાગવું જોઈએ. બહારનાં સાધનોમાં સુખ છે એ માન્યતા તો મહા દુ:ખરૂપ છે જ; પણ અંદર શુભ કે અશુભ રાગની વૃત્તિ ઊઠે એમાં પણ જરીયે શાંતિ ને સુખ નથી. વિકલ્પમાં જરા પણ શાંતિ નથી પરંતુ પૂરેપૂરું દુ:ખ છે—એમ 'જરા પણ' અને 'પૂરેપૂરું' સામસામા શબ્દો આવ્યા છે. ભગવાનનું સ્મરણ આદિ જે શુભ રાગ છે તેમાં પૂરેપૂરું દુ:ખ છે ને તું અંદર પૂરેપૂરો આનંદરૂપ છો.

વ્યવહારક્રિયાકાંડના ગમે તે શુભ ભાવ હો, પણ તે નિશ્ચયનું-શુદ્ધતાનું સાધન થાય એ કેમ બને? એ તો પરલક્ષી રાગ છે, દુ:ખદશા છે; એના સાધનથી આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન કે નિશ્ચય ચારિત્ર થાય એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાતો બહુ બાપુ! જન્મમરણથી રહિત થવાનો પંથ અહા! જગતને સાંભળવા મળ્યો નથી. અંદર પોતે નિત્ય ચૈતન્યધાતુ, જ્ઞાન-આનંદ આદિ સ્વભાવોને ધારીને ટકેલું તત્ત્વ, ત્રિકાળ બિરાજે છે. તેને છોડીને જેટલી વૃત્તિ થાય—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, ગુરુસ્મરણ—એ બધું વિકલ્પ છે ને દુ:ખરૂપ છે, કેમ કે એ પણ વિભાવ છે ને? આકરું કામ છે! વાત દુનિયાથી સાવ જુદી છે!

નિશ્ચય સમ્યગ્દર્શન પછી પણ વ્યવહાર ચારિત્રના વિકલ્પ આવે, પણ તેનાથી નિશ્ચય ચારિત્ર પમાતું નથી. શુભ રાગ પોતે દુ:ખરૂપ છે તે નિશ્ચયનું સાધન કેમ થાય? અબંધસ્વરૂપી ભગવાન બંધભાવથી કેમ પ્રાપ્ત થાય? ચારિત્ર છે એ તો અરાગી, અકષાયી શુદ્ધ પરિણતિ છે અને વ્યવહારચારિત્રનો ભાવ તો રાગની મંદતારૂપ શુભ વિકલ્પ છે. વિકલ્પ દુ:ખ છે ને નિશ્ચયચારિત્ર તો આનંદ છે. દુ:ખ આનંદનું સાધન કેમ થાય?

પ્રશ્ન:—વ્યવહારને સાધન કહ્યું છે ને?

ઉત્તર:—એ તો સાધનનું બે રૂપે વર્ણન કર્યું છે. જેને રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યના આનંદનો સ્વાદ આવ્યો છે એવા જીવને ખરેખર સાચું સાધન તો અંદર આનંદ ને શાંતિ છે, તોપણ સાથે જે વ્રતાદિના શુભ રાગનો વિકલ્પ ઊઠે છે તેને સહચર ગણીને આરોપથી નિમિત્તરૂપે સાધન કહ્યું છે. ખરેખર એ શુભ રાગનો વિકલ્પ શુદ્ધિનું સાધન છે નહિ, પણ દુ:ખ છે એમ અંદરમાંથી એને લાગવું જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.'**

અહીં તો માર્ગ મળવાની વાત છે ને! માર્ગ મળ્યો ને પછી જે શુભ-અશુભ વિકલ્પ આવે એ પણ લાગે તો દુ:ખરૂપ જ. એ વિકલ્પ કર્મધારા છે; જ્ઞાનધારાને તે બિલકુલ મદદ કરતી નથી; અહીં તો પહેલવહેલાં પામનારને 'કેવી રીતે પમાય?' એ સમજાવવા વાત ચાલે છે. એક વિકલ્પમાં દુ:ખ લાગે ને બીજા મંદ વિકલ્પમાં શાંતિ લાગે—એ ભ્રમ છે. રાગભાવે વીતરાગતા કે આનંદ આવે—એ વાતનો વીતરાગ જિનેશ્વરના વીતરાગ માર્ગમાં નિષેધ છે. વિકલ્પમાત્રમાં દુ:ખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ. અહાહા! બેન કેવું બોલ્યાં છે!

—o—

## વચનામૃત—૪૯

**આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું. ૪૯.**

**'આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું.'**

૨૪ કલાકમાં અંતર સત્ તરફ વળતા પરિણામ કેટલા આવે છે અને બાહ્ય તરફ વળેલા પરિણામ કેટલા છે—તે વિચારવાનો જીવ વખત લેતો નથી; પરંતુ વખત મેળવી, પરિણામ તપાસીને પુરુષાર્થ તરફ વળવું. ભગવાન પૂર્ણસ્વરૂપ ધ્રુવ ધામ છે તે, જેમ ઓટલો બેસવાનું સ્થાન છે તેમ, અંદર ઠરવાનું સ્થાન છે. ધ્રુવ ચૈતન્યપ્રભુ તરફ વલણના અને બહાર તરફ વલણના પરિણામ કેટલા થયા—એમ બન્નેનો ભેદ કરી, બેયની તપાસ કરી અંતર પુરુષાર્થ તરફ વળવું. ભગવાન ધ્રુવધામ-ચૈતન્યધામ-નિત્યાનંદપ્રભુ પરથી ઉદાસીન થઈ સ્વરૂપમાં બેસવાનું—સ્થિર થવાનું—સ્થાન છે, વિસામાનું ઠામ છે, ત્યાં અંદર પુરુષાર્થને વાળવો. અહા! આવી વાત છે! લોકોને બિચારાને સાંભળવાય મળતી નથી; ને જિંદગી એમ ને એમ, પાપનાં પોટલાં બાંધીને, ચાલી જવાની. આત્મા શી ચીજ છે એનીય એમને ખબર નથી! અહીં તો કહે છે કે અંદર તરવાનાં સાધન ને ઠરવાનાં સ્થાન એવા નિર્વિકલ્પ વીતરાગી પરિણામ કેટલા છે ને બહાર તરફના પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થને અંદરમાં વાળવો. આ વાત દુનિયાને કેમ બેસે? જે સ્વરૂપ છે તેમાં પુરુષાર્થ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું.'**

અંદરમાં કેટલું જઈ શકાયું ને બહારમાં કેટલા વિકલ્પો આવ્યા—એને જોઈને અંદરમાં જવું. લોકોને કષાય કોને કહેવો એનીયે ખબર નથી. એ તો હિંસા ને વિષયભોગ, રળવું ને ખાવુંપીવું વગેરે પાપભાવને કષાય જાણે છે—માને છે; પરંતુ અંદરમાં જે ભક્તિનો કે યાત્રા વગેરેનો શુભરાગ આવે તે પણ કષાય જ છે. તેના પણ વેગમાં તણાતાં અટકવું. અહા! આ વાત ક્યાંથી બેસે? અરેરે! અનંત કાળથી વસ્તુના શરણ વિના જીવ ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે. સ્ત્રી, કુટુંબ ને દુકાન છોડીને સાધુ થાય પણ અંદરમાં જે આ મહાવ્રત આદિના વિકલ્પ ઊઠે છે તે પણ દુઃખરૂપ છે, અભિપ્રાયમાં તેને પણ છોડે ત્યારે તેણે આત્મા આદર્યો કહેવાય. રુચિમાં જ્યારે વિકલ્પનો ત્યાગ કરે અને સ્વરૂપને ગ્રહણ કરે ત્યારે તેને ધર્મ થાય. અહાહા! આવી વાત છે ભાઈ! કષાયના વેગમાં તણાતાં અટકવું. લોકનો પ્રવાહ જેમ ચાલે તેમાં ચાલ્યા જ કરવું તે કષાયનો વેગ છે. ભગવાન કહે છે કે આત્માના સ્વભાવમાં જવું, તેના તરફ ઢળવું—એવા જે વીતરાગી પરિણામ તે ધર્મ છે; બાકી બધું થોથાં છે.

મોટા ગજરથ કાઢે, મોટી યાત્રાઓ કાઢે પણ એમાં ધૂળેય ધરમ નથી. એ બધા વિકલ્પો છે. અહીં તો કહે છે કે ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય—અત્યારે શ્રી સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં—ત્યાં અનંત વાર ગયો, વાણી સાંભળી. એ સાંભળવાનો વિકલ્પ પણ શુભ રાગ છે, દુઃખરૂપ છે. એ શુભ રાગરૂપ કષાયના વેગમાં પણ તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું, અંદરના ગુણોને પકડવા. અંદરમાં અનંત અનંત અપાર ગુણોનો દરિયો પ્રભુ પોતે છે તેને જાણવો અને પકડવો.

બીજાના ગુણોને જાણવા, અરિહંતને 'આ કેવળી છે' એમ જાણવું, એ પણ પરલક્ષી વિકલ્પ છે, રાગ છે. અહા! ભારે આકરું કામ! સમયસારની ૧૧ મી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે ને—કે વીતરાગની વાણીમાં વ્યવહારને સહકારી ગણીને તેનો ઉપદેશ બહુ આપ્યો છે, પણ એને પકડે છે તેનું ફળ સંસાર છે! વીતરાગની વાણીમાં આવેલું જેટલું વ્યવહારનું કથન છે—વ્રત લેવાં, અપવાસ કરવા, બ્રહ્મચર્ય પાળવું—એ બધું વિકલ્પ ને શુભરાગનું વર્ણન છે. એનું ફળ સંસાર છે. આ વાત બહુ આકરી છે બાપા! બહુ કઠણ ભાઈ! શું થાય? અરેરે! જેને પોતાની નિજસત્તા શુદ્ધતાથી ભરેલી છે એની તો ખબર નથી અને પોતાની સત્તાની પ્રાપ્તિ જાણે બહારથી-વિકલ્પથી થશે એમ માને છે તેને ધર્મ થતો નથી. તીર્થની યાત્રામાં કે મોટી મોટી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રથયાત્રામાં રાગ કદાચિત્ મંદ કર્યો હોય તો એ શુભભાવ છે; પણ છે એ દુઃખરૂપ. અહા! આવો વીતરાગનો માર્ગ સહ્યો જાય એવો નથી. સમજે નહિ અને પોકાર કરે કે એકાંતવાદી છે, એકાંતવાદી છે, કારણ કે વ્યવહારથી ધર્મ થાય, લાભ થાય-એની ના પાડે છે. અહીં તો ભગવાન કહે છે કે અંતર સ્વરૂપના આશ્રયે ધર્મ-મોક્ષ થાય, અને રાગના વિકલ્પથી ધર્મ કદી ન થાય-એનું નામ અનેકાંત છે. જ્યાં સમ્યક્ તત્ત્વ પકડ્યું છે ત્યાં શ્રુતજ્ઞાનના અંશરૂપ નયનો વિષય એક જ અંશ છે, બે નહિ. નિશ્ચયનય એકલા ચૈતન્યસ્વરૂપને જ પકડે છે, પર્યાયનું લક્ષ છૂટી જાય છે. તેને સમ્યક્ એકાંત કહે છે.

ઘાટકોપરની ભજનમંડળીના ભજનમાં આવે છે: શુભ ભાવમાં તો તને નહીં રહેવા દઉં, પણ પર્યાયમાં પણ નહિ અટકવા દઉં; કેમ કે એક સમયની પર્યાય—પ્રગટ અંશ—જેટલી દેખાય એમાં ક્યાં આખો આત્મા છે? આખો આત્મા તો અંદર ચાલતી વિચારધારાની એક સમયની દશાથી ભિન્ન વર્તે છે. અરે! તેં તારી જાતને કોઈ દી ઓળખી નહિ. ભાઈ! ભગવાન તને ભગવાન તરીકે, પ્રભુ તરીકે બોલાવે છે. એ ભગવાન કેવડો હશે બાપા?

અહા! શુભ કે અશુભ રાગનો જે અંશ ઊઠે છે તેને દુઃખરૂપ જાણી પુરુષાર્થ અંદર વાળ; અને જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણો જે અંદર છે તેને પકડ. એ દુઃખરૂપ વિકલ્પોને છોડી દે તો આત્માનું હિત થશે, તો પરિભ્રમણ મટશે; બીજી રીતે પરિભ્રમણ મટશે નહિ. એ ભલે હંમેશાં સામાયિક તથા ચોવિહાર કરે, કંદમૂળ ને લીલોતરી ખાય નહિ; પણ એમાં થયું શું? અંદરમાં વિકલ્પ ઊઠે છે તેને હજી ખાય છે, એને અનુભવે છે તે મિથ્યાત્વ છે. આત્મા અંદર જ્ઞાનની જળહળ જ્યોત છે ને વિકલ્પમાત્ર દુઃખરૂપ છે એવો અનુભવ સમ્યક્ત્વ છે. એ જ સુખનો—આત્મશાંતિનો—સાચો ઉપાય છે.

—o—

## વચનામૃત—૫૦

**તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે; તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. ૫૦.**

'તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;'

ઊંડી જિજ્ઞાસા એટલે શું? ઉપલક ઉપલક આત્મા આવો છે ને તેવો છે—એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રથી નહિ; પણ અંદર સત્-ચિદ્-આનંદ પ્રભુ ભગવાન આત્મા સર્વોત્કૃષ્ટ આનંદસ્વરૂપે વિદ્યમાન છે—તેને સમજવાની ઊંડી ભાવના કર.

ખાવાપીવાની જરી અનુકૂળતા થાય ત્યાં રાજીરાજી થઈ જાય; મેસૂબ ને પતરવેલિયાં એકાકાર થઈને હોંશથી ખાય, એમાં તલ્લીન થઈ જાય. અરે પ્રભુ! આ શું થયું તને? એ તો જડ છે; એમાં તને સુખ ક્યાંથી લાગ્યું? એની મીઠાશનું જ્ઞાન થતાં, જ્ઞાનમાં મીઠાશ આવતી નથી અને મીઠાશમાં જ્ઞાન જતું નથી. હા, ફક્ત રાગ કરે કે મેસૂબ સારો છે. એ રાગના—પાપના—વિકલ્પને તું અનુભવે છે–ભોગવે છે. તું શું ભોગવે છે એનીય તને ખબર નથી. પરવસ્તુને તું ભોગવી શકતો નથી. લક્ષ્મી, બંગલા, મોટર એ બધું જડ છે–પર છે; તું એને અડતો પણ નથી, એ તને અડતાં નથી.

પ્રશ્ન :—સાહેબ! રૂપિયા મીઠા લાગે છે ને?

ઉત્તર :—રૂપિયા ધૂળેય મીઠા લાગતા નથી. મીઠાશની લાગણી જીવનો રાગભાવ છે, પૈસા જડ છે. આત્મા જડને અડે? આત્મા તો અરૂપી છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વિનાનો છે. આત્મા રૂપિયા તો શું, શરીરથી પણ જુદી ચીજ છે, અડયા વિના એની સાથે રહેલી છે. અહા! આ વાત કેમ બેસે? ધ્રુવ સ્વભાવનો ઠેઠ પત્તો લેવા માટે, ચૈતન્યનું તળ હાથમાં આવે એવી ઊંડી જિજ્ઞાસા કર, જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે.

વિષય-કષાયના પ્રેમમાં જ જેની જિંદગી ચાલી જાય એ તો એકલા દુઃખના ગંજમાં ગરકાવ છે. એ તો બધું અશુભ જ છે, પણ અહીં તો વ્યવહારરત્નત્રયનો શુભ રાગ પણ દુઃખરૂપ છે. માટે શુભાશુભ ભાવથી રહિત અંદર ચૈતન્યભગવાન સત્ છે, નિત્ય વસ્તુ છે, જે બેસવાનો વિસામો છે ને રહેવાનું સ્થાન છે, વિશ્રામઠામ છે તેની, ઉપલક નહિ પણ ઊંડી જિજ્ઞાસા કર.

'અહાહા! પુસ્તક કોઈ એવું બહાર આવી ગયું છે! ગુજરાતી સાદી ભાષા છે. હિન્દી થઈ ગયું છે ને હવે તો? (હા, જી.)

**'તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે.'**

તારી મતિને, વક્રતા ને પરને પોતાનું માનવું—એ છોડી દઈ, સ્વરૂપ શું છે તેની તરફ વાળ. ઊંડી જિજ્ઞાસાથી તારી મતિ આત્મામાં પરિણમી જશે. તેનો પ્રયત્ન બરાબર ચાલતાં તારી જાતિ શુદ્ધરૂપે પરિણમી જશે. શુભ રાગથી ભિન્ન પડી સ્વરૂપ તરફ ઢળતાં મતિ શુદ્ધ પરિણમી જશે.

ઊંડે ઊંડે તળમાં જતાં તારી બુદ્ધિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. અબુદ્ધિપૂર્વક વિકલ્પો રહેવા છતાં, બુદ્ધિપૂર્વકનો ઉપયોગ અંદરમાં જતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા સમ્યગ્દર્શનરૂપે, સમ્યગ્જ્ઞાનરૂપે, સમ્યક્‌શાંતિરૂપે, અતીન્દ્રિય આનંદના અંશરૂપે થઈ જશે. જેણે નિજ આત્માને પકડ્યો છે તેને પરિણતિ આવી નિર્મળ થઈ જશે. અહાહા! આ તે કઈ જાતનો ઉપદેશ!

**'સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે.'**

શુદ્ધસત્તાસ્વરૂપ પૂર્ણાનંદ પવિત્ર પ્રભુના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો ભવિષ્યમાં પણ તને તારું કામ થઈ જશે. આ આત્મા સત્‌સ્વરૂપ વસ્તુ છે, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે—એમ વ્યવહારશ્રદ્ધામાં પણ દ્રઢપણે જેણે રાખ્યું છે તેને સત્‌ના સંસ્કાર અંદરમાં ઊંડા જઈને પરિણમી જશે; કેમ કે તેનું વીર્ય રાગની રુચિમાંથી ખસી ગયું છે. હજુ અંદર ધરમ થયો નથી, પણ 'રાગ તરફ ઢળવું ને રાગની રુચિ કરવી'—એ શ્રદ્ધામાંથી ચાલ્યું ગયું છે; આત્મા અંદર જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, ત્યાં જવું ને ઢળવું એ શ્રદ્ધા કરી છે; રાગમાં જાય પણ રાગથી લાભ ન માને; એમ વ્યવહાર-શ્રદ્ધામાં—વિકલ્પ સહિત શ્રદ્ધામાં—સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. ભવ પૂરો થશે તો આવતા ભવમાં મળી જશે. પુરુષાર્થની કાંઈ ખામી રહી ગઈ હોય તો પુરુષાર્થ ત્યાં પૂરો થઈ જશે.

પ્રશ્ન:—આવું કરવા માટે એની પાત્રતા કેટલી જોઈએ?

ઉત્તર:—પાત્રતામાં શ્રદ્ધા એવી આવે કે અંદર સ્વભાવમાં ગયા વિના આત્માનો ધર્મ કદી ત્રણ કાળમાં થશે નહિ; આ દયા-દાન ને વ્રત-પૂજા વગેરે ભાવો બધા દુઃખરૂપ છે, મારા આનંદનો ઘાત કરનારા છે—એમ રુચિનો વેગ પર તરફથી ફેરવી નાખ્યો છે અને સ્વ તરફ ઢળવાનો પ્રયત્ન ચાલુ કર્યો છે. એ સાચી પાત્રતાના સંસ્કાર ભવિષ્યમાં પણ રહેશે અને છેવટે બીજી ગતિમાં સત્ પ્રગટશે જ. વિશ્વાસ રાખ; પ્રભુને પકડ્યો, પ્રભુ મળ્યા વિના રહેશે નહિ. અહીં ભલે વિકલ્પવાળી શ્રદ્ધા છે; પરંતુ અંદર જવાને માટે જે પ્રયત્ન છે, તે મુક્તિનું કારણ છે.

નવા કોરા કોડિયામાં પાણીનાં બિંદુ ચુસાઈ જશે; પણ વિશેષ બિંદુઓ પડતાં તે ભીનું થઈને પાણીને ઉપર રાખશે; એમ જેણે અંતરમાં સત્‌ના સંસ્કાર નાખ્યા છે તેને સંસ્કાર ઉપર આવીને પરિણતિ થઈ જશે. પરિણતિ થવામાં કારણ તો વર્તમાન પુરુષાર્થ છે, પણ પૂર્વના સંસ્કાર મદદ કરે છે એમ પર્યાયદ્રષ્ટિએ—વ્યવહારે—કહેવાય. સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદ આચાર્યે કહ્યું છે કે સમકિત પામેલો જીવ પણ પૂર્વ સંસ્કારના કારણે પડી જાય; ખરેખર તો ત્યાં વર્તમાન ઊંધો પુરુષાર્થ છે તેથી સમકિત છૂટી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગત આખું રાગથી હણાઈ ગયું છે. અંદર નિજ પ્રભુ તો સર્વ પ્રકારના રાગ વિનાનો શુદ્ધ પદાર્થ છે; તેને રાગની ક્રિયાથી—સદાચરણના શુભ ભાવથી—સમકિત થાય કે ધરમ થાય એ માન્યતારૂપ ભાવ મિથ્યાત્વ છે. એનો પ્રેમ તે નિગોદમાં જવાનું લક્ષણ છે, અને આ તત્ત્વના ઊંડા સંસ્કાર સિદ્ધ થવાનાં લક્ષણ છે.

બેને કહ્યું ને કે ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો સત્ પ્રગટશે જ !

'માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.'

અંદર વસ્તુ ત્રિકાળી સત્ છે. એક સમયની પર્યાયને ત્રિકાળી સત્ તરફ ઢાળ. એમાં તને સત્ મળશે; એક સમયની પર્યાય પર લક્ષ જશે તો તને સત્ મળશે નહિ, કેમ કે પર્યાયમાં પૂર્ણ સત્ છે નહિ. પૂર્ણ સત્ અંદર ત્રિકાળી સ્વરૂપમાં છે. અંદર હયાતી ધરાવતું પોતે તત્ત્વ છે પણ તેની ખબર ન મળે! ભગવાન આત્મા દયા-દાન આદિના વિકલ્પોથી જુદો છે. ક્યારે? અત્યારે. અરે! એ રાગથી તો જુદો છે, પણ એને જાણનારી જે જ્ઞાનની વર્તમાન પર્યાય એ પર્યાયમાં પણ આખું તત્ત્વ નથી આવતું. એ વર્તમાન અંશને ત્રિકાળીમાં ઢાળ તો ત્રિકાળી તત્ત્વનું તને પરિણમન થશે—અનુભવ થશે. પર્યાય ઉપર લક્ષ રાખીને પરિણમીશ તો રાગની દશા થશે અને ત્રિકાળી ચૈતન્ય સત્ ઉપર દૃષ્ટિ કરીને, તેના ઊંડા સંસ્કાર નાખીને પરિણમીશ તો વીતરાગ દશા થશે.

અહાહા! સાદી ગુજરાતી ભાષા! બેનની ભાષા સાદી ગુજરાતી!

અરે! દુનિયાને ક્યાં પડી છે? મેં આ કર્યું, હું રળ્યો ને ઉદ્યોગપતિ થયો, બાપા પાસે કાંઈ નહોતું ને મેં મારા બાહુબળથી આ બધું મેળવ્યું—એમ દુનિયા પાગલપણે જિંદગી ગાળે છે. પ્રભુ! તેં બહારનું કાંઈ કર્યું નથી, કરી શકતો જ નથી; તેં કર્યો છે માત્ર રાગ ને મિથ્યાત્વભાવ. હવે તું તારી દિશા પલટાવ. અંદરમાં તું નિત્ય ટકતું તત્ત્વ છો. તેના તળ ઉપર નજર કર અને તેના ઊંડા સંસ્કાર નાખ. ત્યાં બેસતાં આત્માને કાયમી વિશ્રામ મળશે. રાગ ને પર્યાયમાં બેસતાં-રહેતાં તને દુઃખ થશે. એક સમયની પર્યાય પણ તારું ધ્રુવધામ નથી. અહા! અંદર જ્યાં તારું ધ્રુવધામ—ભગવાન આત્મા—છે ત્યાં જા. તેના સંસ્કાર રેડ તો તને સત્ પ્રગટશે જ.

—૦—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૫૧

**આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે. ૫૧.**

**'આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ,'...**

દુનિયા આખી ઊંધી પડી જાય, ફરી જાય તોપણ તું તારા ધ્યેયને ચૂકીશ નહિ. અંદર આનંદનો નાથ પ્રભુ આત્મા છે તેને ચૂકીશ નહિ. દુનિયા તો કહેશે કે માળો, આ તો ભ્રષ્ટ થઈ ગયો, નિશ્ચયાભાસી થઈ ગયો, વ્યવહારની કાંઈ કિંમત કરતો નથી. આખી દુનિયા ભલે કહે, પણ તું અંદર ઊંડો ઊતરી જા. અહા! એનની ભાષા કેવી છે, જોઈ?—'આકાશ ને પાતાળ ભલે એક થાય.' જોકે કોઈ દી એક થતાં નથી પણ એમ કહીને કહે છે કે ઊંધા પડેલા માણસો—પંડિત નામ ધરાવનારા, ત્યાગી નામ ધરાવનારા, સાધુ નામ ધરાવનારા—અધા તારો વિરોધ કરે અને કહે 'આ વ્રત, તપ ને ભક્તિ કરીએ છીએ તે શું ધર્મ નહિ?'—એમ દુનિયા આખી ભલે ફરી જાય, પણ ભાઈ! અંદર અતીન્દ્રિય આનંદનો સાગર છે તે દેહથી ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એને જાણનારી એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે, તેવા તારા ધ્યેયને તું ચૂકીશ નહિ. અંદર જ્યાં જવું છે તે આનંદના નાથના સંસ્કાર નાખી તેમાંથી સમ્યગ્દર્શન પામવાનો પ્રયત્ન કર; એ સિવાય બીજું કોઈ સાધન થશે નહિ.

આ શરીર તો હાડકાં-ચામડાંનો માળો છે. અંદર દયા, દાન, યાત્રા વગેરે પુણ્યના તેમ જ પાપના ભાવ આવે, પણ તે તો રાગ ને દુઃખરૂપ છે. પ્રભુ! તું રાગ ને દુઃખથી જુદી ચીજ છો. આ વાતમાં આખી દુનિયા તારો વિરોધ કરે, તોપણ તું તારા ધ્યેયને ચૂકીશ નહિ.

શ્રાવણ વદ ૨, સં. ૨૦૨૦

એમનો (બહેનશ્રીનો) પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૬

તા. ૨૧–૬–૭૮

## વચનામૃત—૫૧

આ ૫૧ મો બોલ ચાલે છે ને! એમાં શું કહે છે?

**'આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ.'**

એટલે શું? તું અંદર નિત્ય ધ્રુવ આત્મા છો એને પકડવા માટે એવો પ્રયત્ન કર કે જેથી અનંત સંસારનો અંત આવી જાય. દુનિયા આખી ફરી જાય—વિરોધમાં પડી જાય તોપણ તારું ધ્યેય ચૂકીશ નહિ. પર ચીજ નહિ, રાગ નહિ, પર્યાય નહિ, પરંતુ ચૈતન્યસ્વભાવથી ભરચક ભરેલું જે નિજસ્વરૂપનું સહજ અસ્તિત્વ તેને ધ્યેય બનાવીને અનુભવવું;—એમાં તારી નિંદા થાય, પ્રતિકૂળતા થાય તોપણ શુદ્ધ આનંદકંદ-સ્વરૂપ તારા ધ્યેયને ચૂકીશ નહિ. અહાહા! વિકલ્પને તોડી સ્વરૂપમાં નિર્વિકલ્પ અનુભવ કરવો—એ જ પ્રથમમાં પ્રથમ કર્તવ્ય છે.

વ્યવહારથી નિશ્ચય પમાય, દેવગુરુની કૃપા મળે તો આત્મા મળી જાય, કેવળીના સમવસરણમાં જાય તો તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય જ;—એવા અનેક પ્રકારના સ્વછંદો—મિથ્યા અભિપ્રાયો—ચાલતા હોય તો તેનું લક્ષ છોડીને તું તારા ધ્યેયને—અંદર ચૈતન્યસ્વરૂપ વસ્તુને—ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. બહારની ક્રિયાનો પ્રયત્ન તો આત્મા કરી શકતો નથી, પણ જે તું કરી શકે છે એવા—પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત ચૈતન્યસ્વરૂપ તરફ જવાના—પ્રયત્નને છોડીશ નહિ. અંતરમાં જવા માટે જરા વાર લાગે, અકળામણ થાય, મૂંઝવણ થાય, તોપણ ધ્યેયને ચૂકીશ નહિ. એ પામ્યે જ છૂટકો છે એમ પ્રથમ અંતરમાં નિર્ણય કર. અહા! આવી વાત છે.

અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા—भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन। अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥ અને જેટલા બંધાયા તે, કર્મથી બંધાયા—એમ કહ્યું નથી પણ, ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. ભેદજ્ઞાન કરવાનો જે તારો અભ્યાસ છે તે પ્રયત્નને ચૂકીશ નહિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું.'**

આત્માની પ્રયોજનભૂત ચીજ જે શુદ્ધિ—આત્માનુભૂતિ—તેને પોષણ મળે એવું કામ કરવું. સાંભળવાના ને વાંચવાના રાગનો શુભ વિકલ્પ આવે—હોય, છતાં આત્માર્થનું પોષણ થાય એ કાર્ય કરવું. પૂર્ણાનંદ સ્વભાવનો દૃષ્ટિમાં સ્વીકાર, તેની હયાતીની પર્યાયમાં કબૂલાત—એ જીવનું કાર્ય છે. તેને પોષણ મળે તે કાર્ય કરવું.

**'જે ધ્યેયે ચડયો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે.'**

અંદર શુદ્ધચૈતન્યઘન, પરમાર્થસ્વરૂપ ધ્રુવ જે નિશ્ચય આત્મા એને પકડવાને, એની સન્મુખ થઈને એના ઉપર જવા ચડયો—આત્મામાં આરૂઢ થયો—તે પૂર્ણ કરજે, જરૂર મુક્તિ પ્રાપ્ત થશે.

નાઇરોબીથી એક વકીલનો પત્ર આવ્યો છે. વચનામૃત-પુસ્તક વાંચીને એટલા ખુશી થયા છે! તે લખે છે કે: અહા! આવી ચીજ કોણે લખી લીધી! આવી ચીજ બહાર કોણે પાડી! લખનાર દીકરિયુંને ધન્ય છે. જેણે બહાર પાડયું તેને ધન્ય છે. જેમણે પૈસા આપી સસ્તું કર્યું તેમને પણ ધન્ય છે. આનાથી સંસારમાં ધર્મની પ્રભાવના થશે એમ લાગે છે. એમ તે વકીલ લખે છે.

બાપુ! આ તો એના ઘરની વાત છે. વકીલ હોય કે બાળક, નારકી હોય કે પશુ; વસ્તુ પોતે કયાં નારકી કે પશુ છે, વકીલ કે બાળક છે? એક સમયમાં વર્તમાન ત્રિકાળી આખું ધ્રુવ તત્ત્વ અસ્તિપણે છે. પદાર્થ છે ને?—એ ધ્યેયે ચડયો તે પૂર્ણ કરજે, જરૂર પ્રાપ્તિ થશે.

શરીર વગેરે પરને ઘણો પ્રયત્ન કરીને રાખવા માગે તોપણ નહિ રહે, અને રાગને પોતાનો કરવો હોય તો તે પણ થઈ શકે એમ નથી. આ તો જે 'છે' તેની—પ્રાપ્તની—પ્રાપ્તિ કરવાની છે. તું પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છો. દૃષ્ટિમાં એને ધ્યેય બનાવ્યું છે; તે ધ્યેયને તું પૂરું કરજે, જરૂર સિદ્ધિ થશે.

આ (પુસ્તક) માણસો વાંચશે તો વિરોધ કરનારાનો વિરોધ મટી જશે. મુનિઓ પણ વાંચશે તો વિરોધ ટળી જશે. એવી શૈલીથી અસ્તિથી વાત કરી છે. મુનિપણું આવું હોય, તે (વાત) આવશે. મુનિપણાની સ્થિતિનું અસ્તિત્વ જેટલું અને જેવું છે તેનું વર્ણન કર્યું છે કે આનું નામ મુનિપણું. એમાં કોને વિરોધ લાગે? એને એમ થાય કે અહા! આ દશામાં તો અમે નથી; આમાં તો મુનિપણું આવું કહે છે! ન્યાય ને લૉજિકથી પણ એમ જ છે.

—૦—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૫૨

શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં આ શરીરાદિ મારાં એમ માની સુખ-દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર. ૫૨.

**'શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે.'**

કરશે એમ નહિ, પણ કરે છે એમ કહ્યું છે. આ હાલવું, ચાલવું, બોલવું, આ ભાષા—એ બધું જડનું કામ જડ પોતે કરે છે. એ ચીજ તારામાં નથી કે જેથી તારાથી એ કાર્ય થાય.

પ્રશ્નઃ—અહીં તો શરીરની વાત લીધી, વેપાર-ધંધા ક્યાં ગયા?

ઉત્તરઃ—અનાજ કે પતરાં વગેરેના વેપારની વાત લીધી નથી. એ કાર્ય પણ જડ પોતે જ કરે છે. આ તો શરીર જે આત્માની સાથે આકાશની અપેક્ષાએ એકક્ષેત્રાવગાહે છે તેની વાત લીધી છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં એકબીજારૂપે થતાં નથી, એકબીજાનું કામ કરતાં નથી. આત્મા પોતે પોતાનું કાર્ય કરે છે, પરનું કાર્ય કરતો નથી. તેને પોતાના કાર્ય માટે પરની મદદની—સહાયની—જરૂર નથી. આગળ બેનનો બોલ આવે છે: 'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.' શરીર પોતાનું કાર્ય કરે છે એમાં 'હું કરીશ' એ ક્યાંથી આવ્યું? જે મધ્યસ્થ છે તેને તો આ વાત બહુ સારી લાગે.

વસ્તુતત્ત્વ આવું છે ભાઈ! તારા હિતને માટે છે ને ભાઈ! દેહ છૂટી જશે, બધું છોડીને ચાલ્યો જઈશ. અમે આમ કરાવ્યું, મકાન કરાવ્યાં, છોકરાઓને પરણાવ્યા, છોડીઓને ઠેકાણે પાડી—એ અભિમાન કર્યાં હશે, પણ ભાઈ! પર પદાર્થ પોતપોતાનું કાર્ય—પરિણમન—કરે છે એમાં તારો અધિકાર શો છે?

**'બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં આ શરીરાદિ મારાં એમ માની સુખ-દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા.'**

શરીર શરીરનું કામ કરે છે ને આત્મા આત્માનું. બન્ને ભિન્ન-ભિન્ન સ્વતંત્ર છે. શરીરનું પરિણમન જે વખતે જે રીતે થવાનું હોય તે તેના પોતાથી જ થાય છે, એમાં માણસના હાથની વાત ક્યાં છે? આત્મામાં પણ રાગ ને જ્ઞાનના પરિણામ થાય તે, આત્મા પોતે કરે છે. જ્યાં પોતપોતાનું કાર્ય કરવામાં બન્ને પદાર્થ સ્વતંત્ર છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં બહારનાં કામ કેટલાં સરેડે ચડાવ્યાં? આટલાં કર્યાં ને આટલાં બાકી છે એ વાતને સ્થાન જ ક્યાં છે? અહા! આવી વાતો છે! ભાષા ઘણી સાદી અને એકદમ સીધી.

આત્મા અને શરીર બન્ને સ્વતંત્ર ચીજ છે; એમાં શરીર-સ્ત્રી-પુત્ર વગેરે મારાં એ વાત લાવ્યો ક્યાંથી?

પ્રશ્ન:—આત્મા છે તો શરીર ચાલે, મડદું ચાલે છે કાંઈ?

ઉત્તર:—અરે! સાંભળને ભાઈ! મડદા વખતે પણ શરીરની પર્યાય શરીર કરે છે અને અત્યારે પણ હાલવું-ચાલવું વગેરે શરીરની પર્યાયનું કાર્ય શરીર કરે છે. આત્માને અને તેને કાંઈ સંબંધ નથી. નિમિત્તનૈમિત્તિકસંબંધને કર્તાકર્મસંબંધ માને છે એ વાતને અહીં ઉડાવી દે છે. શરીર આદિ કહેતાં એમાં વાણી, મકાન, કુટુંબ-કબીલા એ બધું આવી ગયું. એ જ્યાં રહે છે તે ધરતી, જેમાં રહે છે તે મકાન, ચારેકોર જોઈએ ત્યાં ફર્નિચર; પણ ભાઈ! જ્યાં શરીર તારું નથી ત્યાં એ બધાં તારાં છે એમ લાવ્યો ક્યાંથી? આત્મા અને શરીરાદિ પર—અંને વસ્તુ જ જુદેજુદી છે; દરેક પોતાનું કાર્ય કરે છે એમાં પૈસાની વ્યવસ્થા કરવી, દીકરીઓને ઠેકાણે પાડવી એ વગેરે પરનાં કાર્ય કરવાનું રહે છે જ ક્યાં? તે તે પદાર્થ તે તે સમયમાં પોતાની અવસ્થા કરે છે તેમાં 'હું કરું છું'—એ વાત ઊભી રહે છે જ ક્યાં? પ્રભુ! મારગડા જુદા છે. અત્યારે તો વીતરાગના માર્ગને વીંખી નાખ્યો છે.

ખરેખર તો જ્ઞાન અને આનંદ એ આત્માનું કાર્ય છે. પરથી જુદા પાડવા માટે એમ કહે કે રાગ એનું કાર્ય છે, પણ એ અજ્ઞાનભાવે. ભાનભાવે તો જ્ઞાન જ એનું કાર્ય છે. જગતનું રજકણે રજકણ પોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે અને આત્મા પણ પોતાનું જાણવાનું કાર્ય સ્વતંત્ર કરે છે. અહા! આ વાત કેમ બેસે? પ્રભુનો માર્ગ બહુ ઝીણો! એનાં ફળ પણ મોટાં—આનંદ ને શાંતિ—છે ને! આત્મા જેણે ધ્યેય કર્યો ને 'પર પદાર્થ એનાં પોતાનાં કાર્ય કરે છે' એમ પરમાંથી દૃષ્ટિ ઉઠાવી લીધી—મારો તેમાં અધિકાર નથી ને મારાં જ્ઞાન-આનંદ આદિ કાર્યમાં તેનો અધિકાર નથી એવું ભાન થયું—ત્યાં અંદર અનંતી શાંતિ અનુભવમાં આવે છે.

આ શરીરાદિ મારાં એમ માની સુખ-દુઃખ ન કર. આત્મા અને શરીર દરેક પોતપોતાનાં કાર્ય કરે છે. આત્મા શરીર-સ્ત્રી-પુત્ર વગેરેનું લક્ષ કરીને રાગ, દ્વેષ અને મિથ્યાત્વભાવને કરે, પણ તેથી શરીર આદિ પરનાં કાર્ય કરે છે એવું ક્યાં છે? 'આ શરીર આદિ મારાં' એમ માનીને કલ્પનામાં ઠીક છે, સુખ છે એમ માને; અને શરીરમાં રોગ વગેરે થાય, સ્ત્રી-કુટુંબમાં આકરા રોગ થાય, મરવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તૈયારી થાય—એ અઠીક છે, દુ:ખ છે એમ માને;—એમ કલ્પનામાં ઠીક-અઠીક માની સુખ-દુ:ખ ન કર, જ્ઞાતા થઈ જા. આત્મા સ્વભાવે તો જ્ઞાતા જ છે, પણ અવસ્થાએ પણ જ્ઞાતા થઈ જા. સામે જ્ઞેય છે માટે જ્ઞાન જાણે છે એમેય નથી. જ્ઞેયનું કાર્ય જ્ઞેયમાં અને જ્ઞાનનું કાર્ય જ્ઞાનમાં થાય છે. અહા! આવી વાત છે!

પરને પોતાનાં માની અનુકૂળતામાં સુખ અને પ્રતિકૂળતામાં દુ:ખ એમ ન માન, જ્ઞાતા થઈને રહે. એ જ્ઞેય તને કહેતાં નથી કે તું અમને તારાં માન, અથવા અમે અનુકૂળ કે પ્રતિકૂળ છીએ. જ્ઞેય છે તે તો પ્રમેય છે, તારા જ્ઞાનપ્રમાણમાં પ્રમેય તરીકે જણાય એવાં છે. તું તો જ્ઞેયને માત્ર જાણ; એ સિવાય કંઈ હીનાધિક કરવા જાય કે—આ મારાં ને આ મારાં નહિ, અનુકૂળતા એ સુખરૂપ ને પ્રતિકૂળતા એ દુ:ખરૂપ, તો મિથ્યાત્વનું પોષણ થાય. માટે છોડ એ બધું, જ્ઞાતા થઈ જા. તારું સ્વરૂપ જ જ્ઞાન-સ્વરૂપ છે. જે રીતે, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે, જે કાર્ય થાય તેનું જે જાણનાર રહે તે જ્ઞાન છે; એનાથી ઓછુંવત્તું કરવા જઈશ તો વ્યભિચાર—દોષ—આવશે. એક તત્ત્વને બીજા તત્ત્વની અંદર સેળભેળ કરી નાખે તો સર્વસંકર વગેરે દોષ આવે.

પ્રશ્ન :—નિમિત્ત તો છે ને?

ઉત્તર :—ભાઈ! નિમિત્ત છે એટલે શું? નિમિત્ત એટલે પર પદાર્થ તારામાં કંઈ કરી દે છે શું? પરથી મને સુખ-દુ:ખ થાય છે એમ માનવું તે ભ્રાન્તિ છે; એને છોડ અને જ્ઞાતા થઈ જા. મારી ઉપસ્થિતિ છે માટે પરનાં કામ વ્યવસ્થિત થાય છે એ ભ્રમ છોડી દે, તેનો જાણનાર રહી જા.

**'દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા;'**

શ્રીમદ્‌માં આવે છે ને કે—'અનંત વાર દેહને અર્થે આ આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થ કલ્પના છોડી દઈ, એક આત્મામાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.' આત્મા પોતે અંદર ભગવાનસ્વરૂપે બિરાજે છે, એ ભગવાનમાં આનું કરવું ને તેનું કરવું, આને જાણું ને આખો દી ખાવા-પીવાની અને વેપારધંધાની પ્રવૃત્તિ કરું—આવી જે ભ્રમણા તે તેને હેરાન કરનાર છે; પર ચીજ હેરાન કરનાર નથી. અરેરે! કામભોગની પ્રવૃત્તિમાં દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા.

**'હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.'**

આત્મા ખાતર એક વાર દેહની મમતા છોડી દે. આત્મા ખાતર આ જીવન અર્પણ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છોકરાંઓ ગાય છે ને!—

હું છું આતમા......પરમાતમા......
આનંદનું, આનંદનું, આનંદનું ધામ;
હું છું આતમા......પરમાતમા......

—એ માત્ર ભાષામાં નહિ, પણ અંદર પર્યાયમાં એવું પરિણમન થવું જોઈએ. પરંતુ પરિણમન તે મારું કાર્ય નહિ, મારું કાર્ય કેવળ જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમવું તે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનું જ્ઞાતાસ્વભાવરૂપે રહીને પર્યાયમાં જ્ઞાન, દર્શન તથા આનંદપણે પરિણમન થવું એ મારું કાર્ય છે. અજાણ્યા માણસને એમ લાગે—આ શું હશે? અમે આટલાં વર્ષ ગાળ્યાં પણ આવું તો ક્યાંય સાંભળતા નહોતા. આ નવો ધર્મ કાઢયો હશે?! અરે ભાઈ! તને વસ્તુના મૂળ સ્વરૂપની ખબર નથી. તેં પરપદાર્થના લક્ષે અનંત ભવ કર્યા; હવે, આત્માના લક્ષે એક વાર જીવન જીવ. દુનિયાની બધી ચીજો એક બાજુ રહી. ત્યાંથી ખસીને આ બાજુ આવી જા. તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર. દુનિયા એમ કહેશે : આ નમાલો છે; ધંધો કરતાં આવડતું નથી. અમે ધંધામાં પાવરધા છીએ.—એ મૂર્ખાઈની દરકાર છોડી દે પ્રભુ! એક વાર આત્માનું કરવા માટે આત્મામાં અર્પણતા આપી દે. મારે તો મારું—જાણવું, દેખવું, આનંદ વગેરે—કરવાનું છે, એવી દૃઢતા કર.

આ પુસ્તક તો બહાર આવ્યું. જુઓને હવે! અનુભવની અમૃતવાણી છે! વાણી છે ટૂંકી ભાષામાં......!

—o—

## વચનામૃત—૫૩

**નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે. બહારનું કાર્ય ઉપાધિ લાગે, રુચે નહિ. ૫૩.**

**'નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે.'**

અંદર રાગરહિત ચૈતન્યમૂર્તિ જ્ઞાયક પ્રભુ નિવૃત્તતત્ત્વ છે. તેના આશ્રયે જેણે નિવૃત્તિમય જીવન કર્યું છે તેને રાગાદિની પ્રવૃત્તિમય જીવન ગમે નહિ. દીકરાની વહુ પાંચ હજારનો સાડલો પહેરીને બજારમાં નીકળે, જુવાનિયા તે બાઈને બીજી નજરથી જોતા હોય પણ સસરો એમ માને કે સાડલો અપાવ્યો છે તે બહાર પડે છે ને! એમાં અમારી શ્રીમંતાઈ બહાર પડે છે, એમાં અમારી વિશેષતા પ્રસિદ્ધ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરરર! આ શું માંડ્યું છે? અહા! આ નિવૃત્તિમય જ્ઞાયક પ્રભુને બહારના રાગનો આટલો બધો રસ શો?

શરીરની, ધંધાની, રાંધવાની વગેરે બહારની પ્રવૃત્તિ તો ક્યાંય રહી ગઈ, પણ અંદર જે ભક્તિના ભાવ આવે, વાંચનના ભાવ આવે, સભાને સંભળાવવાના ભાવ આવે—એ પ્રવૃત્તિમય પરિણામ પણ નિવૃત્તિમય જીવનના પ્રેમીને ગોઠે નહિ. અંદર પરિણમન જ જ્યાં રાગના પ્રેમથી જુદું પડી ગયું છે તેને રાગમય પરિણામની પ્રવૃત્તિ કેમ રુચે? ભગવાન આત્મા રાગ રહિત નિવૃત્ત તત્ત્વ છે—તે-મય જ જીવન ગમે.

**'શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.'**

શરીરની વ્યાધિ મટવી હોય તો મટે પણ એને સારુ આ દવા લઉં ને તે દવા લઉં, આમ કરું ને તેમ કરું—વગેરે પ્રવૃત્તિ નિવૃત્તિના પ્રેમીને ગોઠે નહિ. રોગ મટાડવા માટે મોટા મોટા દાક્તર ને વૈદ્યને બોલાવો, સારી સારી દવાઓ ને ઔષધો મંગાવો—એવી દેહને અર્થે પ્રવૃત્તિઓ ગમે નહિ. એ રોગ મટવો હોય તો મટે, જે સમયે શરીરની જે ક્રિયા ભજવાની હોય તે ભજે. બાપુ! જડની પર્યાયનો એ કાળ છે, એને ફેરવવા ન મથ; એને મટાડવા પ્રવૃત્તિનો રસ ન કર. અંતરંગથી જે નિવૃત્તિનો પ્રેમી છે તેને એ બહારની પ્રવૃત્તિ ગમે નહિ.

સનત્કુમાર ચક્રવર્તી પૂરા પુણ્યશાળી હતા. શું એમના શરીરનું સુંદર રૂપ! દરેકે દરેક અવયવ વિધિએ સુંદર રીતે ગોઠવેલ! લાવણ્ય તો દેવોને પણ આશ્ચર્ય પમાડે એવું! એક વાર બે દેવોએ આવીને જોયું ને કહ્યું : બહુ રૂપાળું શરીર! ચક્રવર્તીને અંદર અભિમાન આવ્યું. તે બોલ્યા : અત્યારે તો નાહ્યા વિના, શણગાર વિના બેઠો છું, પણ જ્યારે આભૂષણ વગેરે પહેરીને રાજદરબારમાં બેઠો હોઉં ત્યારે મારું રૂપ જોવા આવજો. દેવો રાજદરબારમાં જોવા આવ્યા ને મોઢું બગાડ્યું. ચક્રવર્તીને મનમાં થયું : આમ કેમ? શું થયું? દેવોએ કહ્યું : શરીર બગડી ગયું છે, થૂંકો તો ખબર પડશે કે એમાં ઈયળું પડી ગઈ છે. શરીરની આવી વિચિત્ર સ્થિતિ જોઈને વૈરાગ્ય ઊપજ્યો અને દીક્ષા લીધી. ૭૦૦ વર્ષ સુધી ગળત-કોઢની વ્યાધિ રહી. એ ચક્રવર્તીને મુનિદશામાં આનંદ, આનંદ, અપાર અતીન્દ્રિય આનંદ છે. એમની પાસે ઋદ્ધિ એવી હતી કે થૂંક ચોપડે ત્યાં સમસ્ત વ્યાધિ મટી જાય. પણ એ રોગ મટે કે ન મટે એની એમને પરવા નથી. હું તો માત્ર જાણનાર, દેખનાર ને આનંદનો વેદનાર છું.—એવું મારું જે નિવૃત્તિમય સ્વરૂપ તેને હું છોડીશ નહિ. નિવૃત્તિમય જીવનમાં શરીર વગેરે માટે બહારની પ્રવૃત્તિ ગમે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'બહારનું કાર્ય ઉપાધિ લાગે, રુચે નહિ.'

નિવૃત્તિના પ્રેમીને બહારનાં કાર્યો બોજારૂપ લાગે. સવારથી ઊઠીને આખો દી બહારનું આ કરવાનું છે ને તે કરવાનું છે, આટલાં કામ પતાવવાનાં છે; છોકરાંઓ નાનાં હોય તેને મોટાં કરવાં, એમને સાચવવાં, પરણાવવાં—એ આખી સંસારની ધમાલ! પ્રભુ! નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિ જરાય ગોઠે નહિ. તું અંદર નિવૃત્તિમય તત્ત્વ છો. એ વિના તારી જાત છે નહિ.

રાજકોટ, ઇ. સં. ૧૯૮૦

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ—એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૧૭

તા. ૨૨-૬-૭૮

## વચનામૃત—૫૪

**અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ ...સમજ. કોઈ રીતે સમજ....સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા. ૫૪.**

**'અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ...સમજ.'**

શું કહે છે? શરીરમાં નીરોગતા હોય, જુવાની હોય, બહારમાં પુણ્યની અનુકૂળ સામગ્રી હોય—સ્ત્રી, છોકરાંઓ, સારા ભાઈબંધો, સારી આબરૂ, રહેવાનાં મકાન, ધંધાનાં સાધનો, એ બધાંમાં અનુકૂળતા હોય—તે વખતે 'હું કોણ છું? મારું ખરું સ્વરૂપ શું છે?' એ વિચારવાનું ટાણું ન મળ્યું, તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં —શરીરમાં રોગ આવે, યુવાની ચાલી જાય, વૃદ્ધાવસ્થા આવે, યુવાનીમાં શીતળા નીકળે અને દાણે દાણે ઈયળું પડે, સ્ત્રી-પુત્ર-વેપાર વગેરે બહારની સામગ્રીમાં ફેરફાર થવાથી અંદર મનમાં બળું બળું થાય, એવા પ્રતિકૂળતાના વખતે—તો સમજ...સમજ.

**'કોઈ રીતે સમજ...સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા.'**

મારો આત્મા કોણ છે? આ બધું પ્રતિકૂળતા વગેરે શું છે? એને સમજવાની કુતૂહલબુદ્ધિ તો કર. કહે છે: પ્રતિકૂળતાના સમયમાં તો સમજ...સમજ. અહા! ભાષા તદ્દન સાદી!

એક દેરાવાસી સાધુ હમણાં પાલીતાણા આવેલ. તેમણે એક ભાઈના હાથમાં આ વચનામૃત-પુસ્તક જોયું, હાથમાં લીધું અને કહે કે—અહા! આવું પુસ્તક! આવી ચીજ! મને આપો, મારે વાંચવું છે. આ તો અનુકૂળતામાં તો પસંદ પડે, પણ પ્રતિકૂળતામાંય પસંદ પડે એવી ચીજ છે.

હવે પ્રતિકૂળતામાં તો સમજ. જુવાની ઝોલાં ખાય, શરીર જીર્ણ થઈ જાય, રોગ ચારે કોર ઘેરો ઘાલે—તાવ, શ્વાસ, ઉધરસ ને હરસ—ત્યાં શું કરે? અરે! એવે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વખતે પ્રતિકૂળતાના ઘેરાવામાં પણ અંદર અનુકૂળ ચૈતન્યતત્ત્વ પડયું છે ને? એ તો બેનનો પહેલો જ બોલ છે ને!—હે જીવ! તને કયાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં કયાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. આ પહેલો બોલ વાંચીને પેલા સાધુ ખુશ થઈ ગયા અને કહ્યું : મને આપો.

લોકોના હાથમાં આ પુસ્તક જશે. બુદ્ધિશાળી માણસો વાંચશે ને વિચારશે, અને લાગશે કે અહો! આ શી ચીજ છે! ગુજરાતી ચાર ચોપડીનો ભણેલો પણ વાંચી શકે એવી સાદી ભાષા છે.

પ્રભુ! અનુકૂળતામાં આત્માની સમજ ન પડી, કારણ કે ત્યાં ખેંચાઈ ગયો, લલચાઈ ગયો; પણ ચારે કોર પાપે ઘેરો ઘાલ્યો હોય એવી પ્રતિકૂળતાના વખતમાં હવે તો સમજ. એ અનુકૂળતા અને પ્રતિકૂળતા—બધાંથી તું ભિન્ન છો. સાતમી નરકમાં ઊપજનાર નારકીને જન્મથી સોળ રોગ હોય. મિથ્યાદૃષ્ટિ તરીકે તો એ જન્મ્યો છે. એવે ટાણે પણ—અંદર પૂર્વે આત્માની વાત સાંભળેલી હતી પણ પ્રયોગમાં મૂકેલી નહિ—તે વૈરાગ્ય લાવી અંદર આત્મામાં જાય છે, જ્યાં જ્ઞાયકભાવ ને અતીન્દ્રિય આનંદના ઢગલા પડયા છે. પ્રતિકૂળતામાં પણ આની કોર જા, આની કોર જા. ભાષા સાદી, ભાવ આકરા.

અંદર વસ્તુ છતી ચીજ છે, ધ્રુવપણે અંદર મોજૂદગી પડી છે. બદલતી પર્યાયને ત્યાં લઈ જા ને! જ્યાં એકલો આનંદ ને જ્ઞાન છે તેને સમજ, અને વૈરાગ્ય લાવીને અંતરમાં જા. આ બાજુની દૃષ્ટિ કરીને ને પેલી બાજુથી વૈરાગ્ય કરીને ભાઈ! પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ પર તરફથી ઉદાસ થઈ, પર તરફના રાગથી વૈરાગ્ય લાવી સ્વમાં જા. સ્વનું આચરણ કરી, પરથી વૈરાગ્ય કરી, અંદરમાં જા—આત્મામાં જા. અહો! આવી વાત છે.

—o—

## વચનામૃત—૫૫

**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ. ૫૫.**

**‘ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે.’**

ભગવાન આત્મા અંદર જ્ઞાનાનંદસ્વરૂપ ત્રિકાળી ચીજ છે; એની રુચિ કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એના તરફની ભાવના કર, નિષ્ફળ નહિ જાય. તારો પ્રયત્ન અંદરમાં લઈ જા, તારી ભાવના સફળ થશે—તારું જીવન સફળ થશે. અતીન્દ્રિય આનંદનું ચૈતન્યદળ ધ્રુવ વસ્તુ અંદર પડી છે; તેના તરફની ભાવના નિષ્ફળ નહિ જાય, સફળ થશે જ. તને આત્મજ્ઞાન થશે, આત્મદર્શન થશે, આત્મ-આનંદ થશે. ભાવના સફળ થાય જ. અહા! આવી વાત છે!

'ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ.'

અંદરમાં જવા માટે ભલે થોડો વખત લાગે—ભગવાન ધ્રુવધામ મહાપ્રભુ જે અંદર બિરાજે છે એનો અનુભવ કરવા માટે થોડી વાર લાગે—પણ વાર લાગે એની સામું જોઈશ નહિ, તને તારા પ્રયત્નનું પરિણામ આવશે જ. જરા વખત લાગે પણ ભાવના સફળ થાય જ. અંતરમાં પ્રયત્ન કરતાં કરતાં, સ્વભાવની પૂર્ણતા તરફ જતાં જતાં, થોડો વખત લાગે પણ અંદરની ભાવનાથી એ 'ભાવ'ને જેણે ભાવનામાં લીધો છે એને તે મળશે જ, એની ભાવના સફળ થશે જ.

અહીં પંડિતાઈ પણ કાંઈ કામ કરતી નથી, આગમજ્ઞાન પણ કામ કરતું નથી. પરલક્ષી આગમજ્ઞાન ને ધારણા એ કાંઈ જાણનતત્ત્વ નથી. અંદર ચૈતન્યતત્ત્વની ઋદ્ધિસિદ્ધિમાં એકાગ્રતા કરવાનો ભાવ થયો, જ્ઞાનાનંદમય ધ્રુવધામમાં એકાગ્ર થવાનો રસ જાગ્યો, તે સફળ થશે જ. આગમનું વિકલ્પવાળું જ્ઞાન પણ ત્યાં કામ નહિ કરે. મધ્યસ્થ જીવ હોય તેને સમજાય અને કષાયની નિર્જરા થાય એવી આ વાત છે બાપુ! તારો માર્ગ તો તારામાંથી નીકળે કે પરથી? જ્યાં તું ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છો તે રસ્તે જા તો તારો માર્ગ નીકળે. રાગ ને પુણ્યમાં આત્મા ક્યાં છે કે એમાંથી માર્ગ નીકળે?

—૦—

## વચનામૃત—૫૬

**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય? ૫૬.**

'જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની નજર બહાર રાગમાં ને પુણ્યમાં છે; વર્તમાન પર્યાયની પ્રગટતા, એનો પ્રેમ, જાણે બસ એ જ અસ્તિત્વ! અંદર આખો પ્રભુ છે તે ખોવાઈ ગયો. પરમાં ને રાગાદિ ભાવમાં, અરે! વ્રત-તપ-ભક્તિના શુભ ભાવમાં, જ્યાં તું ખોવાઈ ગયો છે ત્યાં, તું નથી. તારી નજર પર્યાયમાં પડી છે ત્યાં તું નથી. અંદર જ્યાં તારું ત્રિકાળી તત્ત્વ છે ત્યાં જા. પોતે આખો ખોવાઈ ગયો છે તેને ગોતતો નથી ને બહારની એક ચીજ ખોવાય ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો. પચીસ, પચાસ કે સો વસ્તુ હોય ને એકાદ વસ્તુ કોઈ લઈ ગયું હોય કે ધ્યાન બહાર ગઈ હોય ત્યાં તેને એમ થાય: ક્યાં ગઈ? કોણે લીધી? એની શોધમાં, એમાં ને એમાં, રોકાઈ ગયો; પણ આ આખો આત્મા ખોવાઈ ગયો તેને તું જોવા જતો નથી.

પ્રશ્ન:—આત્મા છે એમ માન્યું તો છે ને ?

ઉત્તર:—આમ સાંભળીને તો માન્યું છે, પણ આત્મા, અંદર જે ત્રિકાળી પદાર્થ, જેવો છે તેવો માન્યો નથી. આમ તો શાસ્ત્ર વાંચીને પણ માને છે, પરંતુ અંદર અસ્તિ-નાસ્તિથી એના તળમાં જઈને એનો અનુભવ થાય એ રીતે માન્યો નથી.

એક ચીજ ખોવાઈ જાય ત્યાં ક્યાં ગઈ? ક્યાં ગઈ? એમ વારંવાર ગોત્યા કરે; નામામાં ફેર પડે ત્યાં ફેર કેમ પડ્યો? પૈસા ઘટે તો શું છોકરો લઈ ગયો? છોકરો બહારથી મોડો આવે તો ક્યાં ગયો હશે?—આમ ને આમ પરની ગોતમાં તારો અંદરનો પ્રભુ અનાદિથી ખોવાઈ ગયો છે એ તું જોતો નથી! એક વસ્તુ આઘીપાછી થાય તેને ગોતવા રાત ને દી મહેનત કરે, પણ પોતે આખો ખોવાઈ ગયો છે એની ગોત માટે મહેનત એક ક્ષણ પણ નહિ. અહા! તારે શું કરવું છે? ક્યાં જવું છે?

બાઈયું પ્રતિકૂળતા આવે, સાસુ-નણંદનાં મેણાંટોણાં સાંખી શકે નહિ, એટલે કંટાળીને કૂવામાં પડે; પણ પ્રભુ! કૂવામાં પડીને મરવું એ કરતાં તું અંદર જા ને! અંદર આત્મા સમાધાન ને શાંતિનો પિંડ મહાપ્રભુ છે; અનંતી પ્રતિકૂળતામાં પણ તે અંદરથી અનંત અનંત શાંતિ આપનારો છે. પણ આત્મા કોણ છે એની ક્યાં પડી છે? અંદર આત્મા છે તે મહાપ્રભુ છે, સર્વોત્કૃષ્ટ વસ્તુ છે, એનાથી ઊંચી કોઈ વસ્તુ છે નહિ.

આત્માના મહિમા વિના તું રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં રોકાઈ ગયો. પૈસા રળવામાં, રાખવામાં ને ગોઠવવામાં તથા ઘરને રાખવામાં—આમ ઊગમણાં-આથમણાં બારણાં રાખવાં જેથી હવા ને પ્રકાશ મળે, આવાં નળિયાં ને બારીના સળિયા નાખવા એમાં—તું ખોવાઈ ગયો. અહા! બહારની પંચાતમાં ક્યાં રોકાણો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ તું! તારા રાખ્યાં એ રહેશે નહિ, પ્રયત્ન કર તોય નહિ રહે. તારા ઘરમાં જવા માટે પ્રયત્ન ન મળે, ને આ બધાં પુણ્ય-પાપનાં ફળ અને એના સંયોગની મીઠાશમાં રોકાઈ ગયો. કહે છે ને—ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો! પોતે તો આખો ખોવાઈ ગયો ને બહારમાં રોકાઈ ગયો. વ્રત આદિ પાળે, જાવજીવ (જીવનપર્યંત) બ્રહ્મચર્ય પાળે, લોકો વખાણ કરે—ત્યાં બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, પોતાને માટે એક ક્ષણ પણ આપી નહિ.

**'અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય?'**

બહારના પ્રસંગોમાં બધી ચીજોને સરખી રાખવામાં, વ્યવસ્થિત કરવામાં રોકાઈ ગયો. સદા સુવ્યવસ્થિત અંદર દ્રવ્યસ્વભાવમાં ન જતાં આખો દિવસ બહારમાં ક્યાં રોકાઈ ગયો! જોનાર તત્ત્વ પરને જોવામાં—ચોપડા, પાનાં, શાસ્ત્ર ને વાંચન વગેરેમાં—રોકાઈ ગયું, ત્યાં આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય? પ્રભુ! અંદર જોનારને જો ને!

શાસ્ત્રવાંચનનું પ્રયોજન જે જ્ઞાયકસ્વભાવને સમજવો, ત્યાં જતો નથી ને આખો દિવસ વાંચવામાં ને ગોખવામાં—ત્યાં ને ત્યાં—રોકાઈ જાય છે એ બધાં અકટવાનાં, રોકાવાનાં સાધન છે. એ બધું આવે, વાંચન આવે, પણ ત્યાં રોકાઈ જવું નહિ. એવું ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન તો થયું, પણ ત્યાં તે રોકાઈ ગયો. અંદર સ્વભાવથી ભરેલી વસ્તુ છે તેમાં જવાનો વખત મળ્યો નહિ.

કોઈ કોઈની રાહ જોતું હોય, ત્યાં તેને કહે ને—કે ક્યાં હતો તું? ક્યાં રોકાઈ ગયો'તો? એમ પ્રભુ! તું બહારમાં—વિષયોમાં, રાગમાં ને શુભ વિકલ્પમાં—ક્યાં રોકાઈ ગયો કે જેથી અંદર ચિદાનંદ પ્રભુ પડ્યો છે તેને જોવા માટે અંતર્મુખ થવાનો વખત પણ મળતો નથી?...તો ત્યાં આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ભાઈ?

—o—

## વચનામૃત—૫૭

**પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું જોઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે. ૫૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડયું હોય તેનું મંથન કરવું જોઈએ.'**

અહીંયાં, બેન બોલ્યાં છે કે પોતે જે તત્ત્વને સાંભળ્યું હોય, પકડયું હોય, તેનું મંથન કરવું જોઈએ. સાંભળી સાંભળીને ત્યાં ને ત્યાં ન રાખવું. અહા! સાંભળવું એટલે શું? આમ તો અનંત વાર સમવસરણમાં જઈ ભગવાનની વાણી સાંભળી આવ્યો, પણ તત્ત્વ ન પકડયું. વાસ્તવિક તત્ત્વ શું છે એ ખ્યાલમાં આવ્યું હોય તો તેનું મંથન કરવું જોઈએ; અહા! વારંવાર મંથન કરવું જોઈએ.

**'નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ.'**

નિવૃત્તિના વખતમાં પોતાની લગનીને પોષણ મળે, પરિણતિની નિર્મળતાને પુષ્ટ કરે એવાં પુસ્તકોનું વાંચન કરવું. વાંચન કરીને પણ પછી જે કરવાનું છે ત્યાં અંદર જવું, પોતાની લગનીને સ્વભાવ તરફ નિરંતર જાગતી રાખવી. આ તો શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, વ્રત-તપ કર્યાં વગેરે શુભભાવમાં રોકાઈ ગયો. તે ભાવ આવે, પણ તેના ઉપરથી લક્ષ ઉઠાવીને અંદર ચૈતન્યના રસમાં જવું જોઈએ. રસ એટલે ચૈતન્યમાં એકાગ્રતા. ભાષા બહુ સાદી! ભાવ તો જે છે તે છે. ગુજરાતી સાદી ભાષા!

**'આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.'**

જે વસ્તુસ્વભાવ સાંભળ્યો છે તેના ધ્યેયપૂર્વક પોતાની દશામાં રસ અને શાંતિ આવે, તેવાં વિચાર ને મંથન કરવાં. વાંચવા ટાણે પણ જો એમ રહે કે ધારી લઉં, ધારીને પછી સભામાં કહીશ, બીજાને જવાબ આપીશ, વાંચન થાય તો સંસ્થામાં અધિકારી થઈશ, કેળવણી-અધિકારીની પદવી મળશે—આવા ભાવ રહે તો એ બધું વાંચન એણે બીજા માટે કર્યું છે, પોતાના આત્મા માટે નહિ. પ્રભુ! તું કયાં રોકાણો? પોતાની પરિણતિમાં રસ આવે એવું પોતાના આત્મા માટે કર ને! નિજાત્મામાં ઢળવા અર્થે એવા વિચાર ને એવું મંથન કરવાથી અંદરમાં પોતાનો માર્ગ—અંતર સ્વરૂપ તરફ ઢળવાનો માર્ગ—મળી જશે.

દ્રવ્યસંગ્રહની ૪૭ મી ગાથામાં કહ્યું છે:

दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा ।

નિશ્ચય અને વ્યવહાર એમ બેય પ્રકારે જેનું કથન છે એવો જે મોક્ષમાર્ગ છે તે અંતર તરફના ધ્યાનમાં મળે છે. અંદર પૂર્ણ વસ્તુ છે તે ધ્યેય છે; તેનું ધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને અંતરથી માર્ગ મળે; બહારથી માર્ગ મળે એવું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુથી નિજ વસ્તુ મળે તેવી નથી.

શ્રીમદ્ કહે છે:

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ-આજ્ઞા જિનદશા, નિમિત્ત-કારણમાંય.

જે સમજે તે થાય. સદ્‌ગુરુની આજ્ઞા નિમિત્તકારણ છે. એ નિમિત્ત કાંઈ કરી દેતું નથી. ગુરુની આજ્ઞા અને દેવની દશા—જિનદશા સ્વરૂપ સમજવામાં નિમિત્ત-કારણો છે, પણ છે એ અકિંચિત્કર. જેમ પાંચેય ઇંદ્રિયોના વિષયો સુખની કલ્પના થવામાં અકિંચિત્કર છે, તેમ અહીં દેવ-શાસ્ત્ર-ગુરુની આજ્ઞા અને અરિહંત કેવળીની દશા—બધાં નિમિત્તકારણ છે એટલે કે તારા કાર્ય માટે અકિંચિત્કર છે. આકરું પડે માણસને!

અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે; કેમ કે માર્ગનો આશ્રય અને આધાર તો ભગવાન પોતે છે. બહારથી દેવ-ગુરુ નિમિત્ત છે. તે નિમિત્ત તારા કાર્ય માટે અકિંચિત્કર છે. બેનના બોલમાં આવ્યું છે ને!—‘દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.’ મહાવિદેહક્ષેત્ર મળે, ત્યાં જન્મ થાય, સમવસરણમાં જઈએ, તો માર્ગ મળે—એવું છે નહિ. નિર્મળ મોક્ષમાર્ગ માટે અન્ય દ્રવ્યની રાહ જોવી ન પડે. અત્યારે વ્રત-તપ-ભક્તિ વગેરે પુણ્ય કરો, જેથી સ્વર્ગમાં જવાશે, ત્યાંથી ભગવાન પાસે જવાશે, ત્યાં સમકિત પમાશે—એ વાત બરાબર નથી. બહારનાં કોઈ કારણ કામ કરતાં નથી. શાસ્ત્રનું વાંચન પણ અકિંચિત્કર છે. અંતરમાં મંથન કરતાં, પોતાનો માર્ગ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અંતર્મુખની દૃષ્ટિથી મળે. વિચાર અને મંથન પોતાની પરિણતિમાં રસ આવે એવાં—વિકથા ઉત્પન્ન થાય એવાં નહિ—કરતાં, ધ્યેયવસ્તુને લક્ષમાં લઈને મનન કરતાં, અંતરમાં વસ્તુ મળી જાય છે. માર્ગ અંદરમાં મળે, કાંઈ બહારથી આવતો નથી.

—o—

## વચનામૃત—૫૮

**જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ૫૮.**

**‘જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,’**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગ આકુળતાસ્વરૂપ એમ જ્ઞાનીને બન્ને ભિન્ન ભાસે છે. ત્રિકાળી નિત્યાનંદ ચૈતન્યપ્રભુ ઉપર દૃષ્ટિ પ્રસરતાં સાથે જે જ્ઞાન થાય તે, ચૈતન્ય અને રાગને અત્યંત ભિન્ન જાણે છે. 'દૃષ્ટિની અપેક્ષાએ'—એમ કેમ કહ્યું? કે...જેને દૃષ્ટિ થઈ છે તેને સમ્યગ્જ્ઞાન હોય; જેને તત્ત્વની દૃષ્ટિ નથી તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી. તેથી દૃષ્ટિ-અપેક્ષાએ ધર્મીને ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે એમ કહ્યું. ચૈતન્યસ્વરૂપ આનંદ ને રાગસ્વરૂપ આકુળતા તે ભાવભિન્નતાને જ્ઞાન જાણે છે. જેને દૃષ્ટિ થઈ નથી તેને ચૈતન્ય અને રાગને ભિન્ન જાણવાની તાકાત નથી.

દૃષ્ટિમાં આલંબન ધ્રુવ દ્રવ્ય જ છે. પણ દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું તે ચૈતન્ય અને રાગને ભિન્ન જાણે છે, કારણ કે જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. દૃષ્ટિનો સ્વભાવ તો નિર્વિકલ્પ છે. એણે તો તદ્દન દ્રવ્યનો જ આશ્રય લીધો છે. દ્રવ્યનો આશ્રય લીધો છે તેનું જ્ઞાન, જ્ઞાન કરે છે. દૃષ્ટિ છે તે પોતે પોતાને જાણતી નથી અને જે પોતાને જાણે નહિ તે, જે આશ્રય છે તેને કેમ જાણે? પરંતુ બહારથી ખસીને અંદર જાય છે ત્યાં દૃષ્ટિનો વિષય ધ્રુવ થઈ જાય છે. તેનો વિષય ધ્રુવ થઈ જાય છે તેમ જાણે છે કોણ? જ્ઞાન. અહા! આવો માર્ગ છે! ઝીણું પડે, પણ શું થાય?

લોકોએ વીતરાગ માર્ગમાં ફેરફાર કરી નાખ્યો છે. પ્રથા અને શૈલી ફેરવી નાખી છે. આ વાત સાંભળવા મળતી હોય તો સમજવામાં સહેલું પડે, પણ આ તો માર્ગમાં ફેરફાર કરી નાખ્યો છે.

**'જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.'**

રાગ જડમાં થાય છે અને રાગ જડનો છે—એમ નથી. ભગવાન આત્મા ચૈતન્ય તે ચૈતન્યસ્વરૂપ છે, અને રાગ છે તે ચૈતન્યસ્વરૂપના અભાવસ્વરૂપ છે માટે તેને જડ કહ્યો છે. દૃષ્ટિ તો એક ધ્રુવ તત્ત્વને જ અવલંબે છે. દૃષ્ટિનો વિષય રાગને જાણવું—એમ નથી. પણ જ્ઞાન જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ભલે તેને પુદ્‌ગલ કહ્યો હોય, અચેતન જડ કહ્યો હોય, અજીવ કહ્યો હોય, એ સ્વભાવની અપેક્ષાએ; પરંતુ થાય છે પોતાની પર્યાયમાં-એમ જ્ઞાની જ્ઞાનમાં બરાબર જાણે છે. મારી પર્યાયમાં રાગ થાય છે એમ જ્ઞાની બરાબર જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૮

તા. ૨૩–૬–૭૮

## વચનામૃત—૫૯

જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય? જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય. ૫૯.

**'જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે?'**

શું કહે છે? જે શુભ અને અશુભ પરિણામ છે તે સ્થૂલ છે. જેને તે ખ્યાલમાં ન આવે તે જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને કેમ પકડે? ધીરાની વાતો છે આ!

સ્ત્રી-કુટુંબ આદિ પરની વાત તો છોડી દો, પણ શરીર આદિ જડની પર્યાય જે ક્ષણે ક્ષણે થાય છે તેને પોતાની માને અને ભેદ કરતાં ન આવડે એ પણ બહુ સ્થૂલબુદ્ધિ છે. અહીં તો, પોતાને જે કોઈ શુભાશુભ ભાવ થાય તે સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના જ્ઞાન-શ્રદ્ધા વગેરે સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે? શુભાશુભ ભાવ—સ્થૂલ પરિણામ—ને પકડતાં ન આવડે તેને જ્ઞાનની વર્તમાન પર્યાય જે સૂક્ષ્મ છે તે ખ્યાલમાં આવે નહિ. ધીમેથી, ધીરજથી પકડે—સમજે એની આ વાત છે.

**...'ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય?'**

આત્માના જ્ઞાનાદિ અનંત ગુણના વર્તમાન પરિણામ જે સૂક્ષ્મ છે—શુભાશુભ તો સ્થૂલમાં ગયા—તે પકડે નહિ તેને સ્વભાવ ક્યાંથી પકડાય? ત્રણ વાત લીધી છે: (૧) સ્થૂલ પરિણામ, (૨) સૂક્ષ્મ પરિણામ અને (૩) ત્રિકાળી સ્વભાવ. સ્થૂલ પરિણામ એટલે શુભાશુભ ભાવ. જેને તે ખ્યાલમાં ન આવે તે પોતાના સૂક્ષ્મ પરિણામને ક્યાંથી જાણે? જે, રાગાદિ રહિત પોતાના જ્ઞાનાદિ સૂક્ષ્મ પરિણામને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પકડે નહિ તે ત્રિકાળી સ્વભાવને ક્યાંથી પકડે? જેને દયા-દાન, ભક્તિ આદિ તથા હિંસા-જૂઠ-ચોરી આદિ સ્થૂળ ભાવ જાણતાં ન આવડે તે પુણ્ય પાપના રાગ વિનાની વર્તમાન સૂક્ષ્મ જ્ઞાનપર્યાયને કેમ જાણી શકે? જેને સૂક્ષ્મ જ્ઞાનપરિણામ અંદરથી પકડતાં ન આવડે, તેને સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી અખંડ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અવ્યક્ત સ્વભાવ તે કઈ રીતે પકડવામાં આવે? સ્વભાવ એટલે અરૂપી ચૈતન્ય, અને પર્યાય નામ સૂક્ષ્મ પરિણામ. સૂક્ષ્મ પર્યાયને પણ પકડતાં ન આવડે તે, પર્યાયની સમીપમાં અનંત કાળથી અજ્ઞાતપણે રહેલા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને કેમ પકડે?

ભાષા સાદી છે પણ ગંભીર છે. મોટો માંધાતા હોય અને આ વાંચે તો એનેય એમ થઈ જાય કે વાત કાંઈક બીજી છે આમાં! એક દેરાવાસી સાધુના હાથમાં આ પુસ્તક આવ્યું; જોઈને કહે : ઓહો! આ શું? મને આપો ને! એમ માગણી કરી. તેમણે આ જોયું, વાંચ્યું ને બહુ ખુશી થયા.

શુભાશુભ ભાવ અરૂપી છે—રજકણ નથી—તેથી સૂક્ષ્મ છે, પણ નિમિત્ત જે રૂપી છે તેમાં સંયુક્ત થવાથી—જોડાવાથી—થયા તેથી રૂપી, સ્થૂલ અને અજીવ કહેવામાં આવે છે. વ્રત-તપ વગેરે ભાવ, આત્માના સૂક્ષ્મ નિર્મળ પરિણામ નહિ હોવાથી, સ્થૂલ છે અને કર્મોદયમાં જોડાવાને લીધે થતા હોવાથી અજીવ છે. પોતાના જ્ઞાનાદિ વર્તમાન પરિણામ સૂક્ષ્મ છે, તોપણ તેમાં ત્રિકાળી ચૈતન્યસ્વભાવનો અભાવ છે. વર્તમાન જ્ઞાનાદિ સૂક્ષ્મ પરિણામને પકડે નહિ તો અપ્રગટ આખું તત્ત્વ પરમાત્મા પોતે છે તેને કેમ પકડી શકે? જે પોતાના શુભાશુભ પરિણામને પકડવામાં કામ ન કરે તે જ્ઞાન, જ્ઞાનને પકડવામાં કેમ કામ કરે? અને જે જ્ઞાનના પરિણામ પકડે નહિ તે પોતાના સ્વભાવને ક્યાંથી પકડે? મોટો ભણેલો હોય તોપણ એક વાર ઘા ખાઈ જાય કે—આ શું છે થોડા શબ્દોમાં?!

જેની પ્રગટ પર્યાય છે, જેમાં અનાદિથી રહ્યો છે, જેમાં અનંત અનંત શક્તિ છે તેના પરિણામની પણ જેને ખબર નથી, તે પરિણામને પણ જે જ્ઞાન પકડી શક્યું નથી તે જ્ઞાન ત્રિકાળી સ્વભાવને કેમ પકડે? અહા! આવી વાતો છે!

**'જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.'**

માટે વર્તમાન જ્ઞાનની પર્યાયને સૂક્ષ્મ અને તીક્ષ્ણ કરીને, ત્રિકાળી જ્ઞાનાદિ-સ્વભાવે મોજૂદ ચીજ પ્રભુ પોતે જ છે તેને પકડે તો ભેદવિજ્ઞાન થાય. રાગાદિ સ્થૂલ પરિણામથી તો ભેદજ્ઞાન થાય પણ ઉપયોગ તીક્ષ્ણ થઈને સ્વભાવને પકડે તો સૂક્ષ્મ પરિણામથી પણ ભેદજ્ઞાન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :—એ કરવું કેમ ?

ઉત્તર :—કેમ કરવું એ પ્રશ્ન શા? કરવું છે એની તો આ વાત છે ને! પરના સ્થૂલ ઉપયોગમાં પોતે જે જોડાયો છે તે ઉપયોગને ઝીણો કરીને અંદરમાં લઈ જવો, અંતરમાં ત્રિકાળી સ્વભાવ પકડાય એવા પરિણામ કરવા. ત્રિકાળી સહજ જ્ઞાયકસ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય. આવી વાતો છે! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ભર્યું છે!

અંદર સૂક્ષ્મ સ્વભાવ છે ને? ઉપયોગને સૂક્ષ્મ કરી તે સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવો. પરના ને રાગના સ્થૂલ ઉપયોગમાં જોડાઈ ગયું છે તે જ્ઞાનને ઝીણું કરી, તીક્ષ્ણ કરી, સ્વભાવને પકડે તો સમ્યગ્દર્શન અને ભેદવિજ્ઞાન થાય. સમ્યગ્દર્શન જે મૂળ ચીજ છે તેની આ રીત છે. તેની તો ખબરેય ન હોય અને વ્રત લઈ લો, તપસ્યા કરો તો થઈ ગયો ધર્મ! જે જીવને એ સ્થૂલ પરિણામને જાણવાની અંદર તાકાત નથી તે, જ્ઞાનના સૂક્ષ્મ પરિણામને શી રીતે જાણે? અને જેટલું વ્યક્ત કાર્ય થયેલું છે, પ્રગટ છે એવા સૂક્ષ્મ પરિણામને પણ પકડવાની જ્યાં શક્તિ ન હોય તે અંદર ત્રિકાળી જ્ઞાયકપ્રભુને કઈ રીતે જાણે?

બહિર્મુખ પરિણામમાંથી ખસીને અંતર્મુખ થવાના પરિણામ કરે, જ્ઞાનને સૂક્ષ્મ તેમ જ તીક્ષ્ણ કરીને સ્વભાવને—ધ્રુવસ્વરૂપ ચૈતન્ય પરમાત્માને—પકડે, તો ખરેખર રાગથી ભિન્ન થાય અને જાણનારી પર્યાય જેટલી જ ત્રિકાળી વસ્તુ નથી એવું ભેદજ્ઞાન થાય.

શું કરે?! અત્યારે પ્રભુના માર્ગને પોલોભમ કરી નાખ્યો છે, ભેગા થઈ વીંખી નાખ્યો છે. ગોળ ઓગળવાથી પાસે પડેલું ગોદડું ગોળવાળું થાય, તેનો સ્વાદ લેવા ડાઘિયા કૂતરા ગોદડાને વીંખી નાખે; તેમ ભગવાન પૂર્ણાનંદનો નાથ અસંગ અભેદ તત્ત્વ—વિશ્રામ લેવા જેવી ચીજ—તેને પર્યાયબુદ્ધિવાળા, રાગબુદ્ધિવાળા જીવોએ વીંખી નાખ્યું, પીંખી નાખ્યું. આકરી વાત છે બાપુ! સતના ઉદ્‌ઘાટન માટે છે, વ્યક્તિના અનાદર માટે નથી, એની નિંદા માટે નથી. સત્ય કેવું હોય, કેમ પકડાય, એની વાત છે. અનંત કાળે મનુષ્યપણું મળ્યું અને આ રીતે સૂક્ષ્મ તત્ત્વ અનુભવમાં ન આવે! એ સૂક્ષ્મ સ્વભાવનો અનુભવ કરવો એ જ કરવાનું છે.

પ્રશ્ન:—ત્રિકાળી સૂક્ષ્મ તત્ત્વને પકડવું કઈ રીતે?

ઉત્તર:—જ્ઞાનના પરિણામ સૂક્ષ્મ છે, રાગ જેવા એ જાડા પરિણામ નથી. એ જાણવાના પરિણામમાં જરી લક્ષ જાય તો તેની સૂક્ષ્મતા થાય. આ પરિણામ છે એનો જાણનારો આ હું આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છું એમ અંદર જવાથી સૂક્ષ્મ તત્ત્વ સમજાય. અહા! તત્ત્વ આવું અટપટું છે!

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૬૦

**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. ૬૦.**

**'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.'**

અજ્ઞાની જીવ ગતિ-ગતિમાં, જન્મમરણની કતારમાં, પરિભ્રમણ કરતો કરતો એકેન્દ્રિય, બે-ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, નારકી, કીડા, કાગડા ને ઢોરના અવતારમાં ભમતો ભમતો સુખની ઝંખનામાં—સુખ આત્મામાં છે, મારો પ્રભુ સુખરૂપ છે, મારા સુખ માટે કોઈ પરપદાર્થની અપેક્ષા છે નહિ એવી જેને ખબર નથી એ—વિષયોની પાછળ દોડતો દોડતો—સુંદર રૂપ, પ્રશંસાની ભાષા, પૈસા મેળવવા, અનુકૂળ બાયડી મેળવવી, મનગમતા રૂપ-રસ-ગંધ-સ્પર્શ મેળવવાં વગેરે વિષયોની પ્રાપ્તિ માટે—અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. આનંદનો સાગર પોતે જ છે, ત્યાં જોતો નથી, ત્યાં જોવા નવરાશ-ફુરસદ લેતો નથી અને વિષયોની પાછળ દોડતો દોડતો ત્યાં જ ગતિ કરી રહ્યો છે; અંદર ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે ત્યાં ગતિ કરવાની સૂઝ પડતી નથી.

શરીર, સ્ત્રી-પુત્ર વગેરે તો ઇન્દ્રિયનો વિષય છે જ; પણ દેવ-શાસ્ત્ર-ગુરુનાં આંખથી દર્શન કરવાં, ભગવાનની વાણી સાંભળવી, અરે! ત્રણ લોકના નાથ સાક્ષાત્ ભગવાન પણ, ઇન્દ્રિયનો વિષય છે. પાંચ ઇન્દ્રિયના વિષયમાં એ બધું આવી જાય છે. એ વિષયોની પાછળ સુખને માટે ફાંફાં મારતો થકો અજ્ઞાની જીવ અનંત દુઃખને વેઠતો રહ્યો છે. અબજોપતિ હોય કે જૈનનો પંચમહાવ્રત પાળનારો સાધુ હોય, પણ જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખનિધાન એવા આત્મસ્વભાવનું ભાન નથી તો તે પણ ખરેખર પરની—વિષયોની—પાછળ સુખની ઝંખનામાં દોડે છે. ગિરનાર, શત્રુંજય કે સમ્મેદશિખર વગેરે તીર્થોમાં દોડે, પણ ત્યાં ક્યાં એનું સુખ પડ્યું છે? સુખ તો અંતરમાં જાય તો મળે.

**'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.'**

સુખ અંદર છે, સમ્મેદશિખર કે ગિરનારમાં નથી—એમ કોઈ સાચું સુખ દેખાડનાર મળે તો તેમાં શંકા કરે ને અટકી જાય. 'સુખ આત્મામાં હોય તો મળે કેમ નહિ? અમે તો અનાદિના છીએ, હજી સુખ તો મળ્યું નથી!' એમ શંકા કરે. પણ બાપુ! સુખ જ્યાં છે ત્યાં તું ગયો નથી, તેનો આદર કર્યો નથી, ત્યાં સુખ શી રીતે મળે?

કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરી કે 'આત્મા ક્યાં છે? આવી ઝીણી વાતો!'—એમ બેદરકારી કરીને છોડી દીધું. 'અંદરમાં સુખ છે, ત્યાં જા તો સુખ મળે—એમ કહ્યા કરે છે પણ કરવાનું તો કાંઈ કહેતા નથી'—એમ સાચા સુખનો માર્ગ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો. ભાઈ! 'કરું, કરું' એવો અભિપ્રાય તો મિથ્યાત્વ છે, આકુળતા છે—દુઃખ છે; દુઃખથી સુખ પ્રગટે?

અથવા, જીવ બહારમાં દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિ વગેરે શુભ ભાવમાં અટકી ગયો. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો ફેર પીછો પટક્યો.' પંચમહાવ્રત પાળ્યાં અને હજારો રાણી છોડી, એને માટે કરેલું ભોજન કદાપિ લે નહિ, નિર્દોષ આહાર, આ ખપે અને આ ન ખપે —એમ શુભ ભાવમાં આવ્યો; પણ તે શુભ ભાવોથી જુદો આત્મા જે ખપે છે તે બાજુ આવ્યો નહિ. આ રીતે શુભમાં અટક્યો, શુભભાવનો પુરુષાર્થ કર્યો, વાંચન તથા મનનનો પણ પુરુષાર્થ કર્યો; પણ અંતરમાં જવાનો પુરુષાર્થ કર્યો નહિ. અથવા જો પુરુષાર્થ કર્યો તો જેટલો જોઈએ તેટલો ન કર્યો અને ત્યાંથી અટકી ગયો અને પડ્યો.

**'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.'**

કોઈ વાર એમ થાય કે હજી જુવાની છે, પછી કરશું. પણ ભાઈ! લગ્ન કરવા જાય અને હાર્ટફેઇલ થઈ જાય. આવું કોકને થાય એમ નહિ, તને પણ અનંત કાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત વાર થઈ ગયું. એક માણસ લગ્ન કરવા ગયો. બાજોઠ નીચે સર્પ. કરડયો ને મરી ગયો. ત્યાં ને ત્યાં ખલાસ થઈ ગયો. અહા! કેવી સ્થિતિ! આવા ભાવમાં મરીને કયાં જાય? તિર્યંચ થાય. આવા અવતાર તેં પણ અનંત વાર કર્યા છે બાપુ! અત્યારે જુવાની છે, વૃદ્ધાવસ્થા આવશે ત્યારે ધર્મ કરશું એમ વાયદા કરે; પણ વૃદ્ધાવસ્થા આવે ને રોગ આવે ત્યારે કહે—હવે શું કરીએ? એમ કંઈક ને કંઈક કારણ આપી સ્વરૂપમાં જતાં અટકયો. અટકવાનાં અનંત કારણો અને અંતરમાં જવાનું એક જ કારણ. અંદર પૂર્ણાનંદ ભગવાનનો આશ્રય તે એક જ અંતરમાં જવાનું કારણ છે. જાવજીવનું બ્રહ્મચર્ય વગેરે શુભભાવ કરે, પણ તેથી શું? એ તો રાગની મંદતા હોય તો શુભ ભાવ કહેવાય. એ શુભ ભાવ તથા આટલું જાણપણું તો છે એમ સંતોષ કરી અંદર ન જાય; હળવે હળવે એ શુભ ભાવ વગેરે કામ કરશે-એમ કરીને જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટકયો.

**'પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.'**

પૂર્વના પુણ્યના કારણે સાંભળવાની દશા મળી, સત્પુરુષ મળ્યા, હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયારે કરીશ પ્રભુ? અત્યારે નહિ કર તો કયા ભવે કરીશ? હમણાં નહિ, હમણાં નહિ; પછી કરશું, પછી કરશું; તો એ સદા પછી જ રહેશે—કદી પણ કરી શકશે નહિ. શાસ્ત્રમાં તો એવા શબ્દ છે કે 'આજ જ કર'. 'અમે તને આત્મા અને દેહ ભિન્ન કરી બતાવ્યો; રાગ અને કાયા આત્માથી ભિન્ન બતાવ્યાં; હવે એવો કોણ જીવ છે કે આત્માને ન પામે?!' અહા! દિગંબર સંતોની વાણી! એની આગળ બીજા ભરે પાણી. આવી વાણી છે! હવે પુરુષાર્થ નહિ કરે તો કયારે કરશે? કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર. અહા! અંદર આનંદસ્વરૂપ ભગવાન છે, તેના તરફનો પ્રયત્ન કર. શુભ રાગ અને પર્યાયબુદ્ધિમાં અટકયો છે એ છોડ. અનંત ગુણનો રાશિ, ચૈતન્ય મહાપ્રભુ અંદર બિરાજે છે એના તરફનો હવે તો પુરુષાર્થ કર. આવું સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષો ફરીફરી નહિ મળે. સ્વરૂપને તું જો. અનંત કાળે જે યોગ મળે તે યોગમાં નહિ કરે તો કયારે કરીશ?

પ્રશ્ન:—કરવાનું શું?

ઉત્તર:—રાગથી ભિન્ન પાડી સ્વરૂપમાં દૃષ્ટિ દેવી તે જ કરવાનું છે. આકરી વાત છે પ્રભુ! શાસ્ત્રનાં જાણપણાં લાખ-કરોડ કર્યાં હોય તો તેને પણ છોડીને અંતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુમાં જવું—તે કરવાનું છે. તેનું નામ સમ્યગ્દર્શન છે. લોકમાં તો એમ મનાય છે કે દેવ-શાસ્ત્ર-ગુરુ મળ્યાં અને તેમના પ્રત્યે ભક્તિ થઈ એટલે સમકિત થઈ ગયું !—આવું અનંત વાર માન્યું ને અટક્યો. અટકવાનાં સાધન મળ્યાં ને અટક્યો. પણ ભાઈ! આવી જોગવાઈ અને સાચું સ્વરૂપ બતાવનારા સ્વાનુભવી સત્પુરુષ ફરીફરી નહિ મળે.

—o—

## વચનામૃત—૬૧

જેને ખરેખરો તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય, તેની આ વાત છે. વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેને જેની રુચિ–રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; 'રુચિ અનુયાયી વીર્ય'. જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. ૬૧.

'જેને ખરેખરો તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય. તેની આ વાત છે.'

સવારના ( પ્રવચનમાં ) આવ્યું હતું : સંસારના રખડાઉ જીવને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એમ પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ પ્રાપ્ત થયું છે. સમસ્ત જીવને એ પાંચે પરાવર્તનરૂપ ભ્રમણ પ્રાપ્ત થયું છે—એમ કહ્યું. ત્યાં સમસ્ત જીવમાં ઘણા તો બધાં દ્રવ્યને એટલે કે બધાં પુદ્‌ગલના સંયોગને પામ્યા નથી; બધાં ક્ષેત્રે જન્મ્યા નથી એવા પણ જીવો છે;જેમણે કાળપરાવર્તન કર્યાં નથી એવા ય જીવો છે; અનાદિ કાળમાં બધા ભવને પામ્યા નથી એવા પણ છે; બધા શુભાશુભ ભાવ કર્યા નથી એવા પણ જીવો છે. કેટલાક જીવોએ—વ્યવહારરાશિમાં આવેલા જીવોએ—એ પાંચ પરાવર્તનમાં ભ્રમણ કર્યું હોવાથી સામાન્ય અપેક્ષાએ ઉપદેશમાં સમસ્ત જીવોએ ભ્રમણ કર્યું છે —એમ કહેવાય.

જેને પરિભ્રમણનો ખરેખરો થાક લાગ્યો હોય, તાપ લાગ્યો હોય, દુઃખ લાગ્યું હોય, જે સંસારથી કંટાળી ગયો હોય કે ચારેય ગતિ સંસાર છે, દુઃખરૂપ છે, અસાર છે, તેની આ વાત છે. પંચાસ્તિકાયમાં સમયનું (આગમનું) સફળપણું બતાવતાં કહ્યું છે : તે સમય નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિવારણ કરવાને લીધે પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે. યોગસારમાં પણ કહ્યું છે: 'ભવભયથી ડરી ચિત્ત.' બધા ભવના ભયથી હો! માત્ર નરકનાં કે તિર્યંચનાં દુઃખથી—એમ નહિ. ભવ કરવો એ જ જેના ચિત્તમાં ભય છે, જેનું ચિત્ત ચારેય ગતિમાં ભ્રમણરૂપ દુઃખથી કંટાળી ગયું છે, થાકી ગયું છે, એની આ વાત છે. જેને સંસારમાં હજી મજા લાગતી હોય, પૈસામાં, નીરોગતામાં, બહારની મોટપમાં સુખ લાગતું હોય, જેના ચિત્તમાં ભવભ્રમણનો ભય, તાપ કે દુઃખ લાગતાં ન હોય, તેને માટે વિચારવાનું ટાણું નથી.

**'વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ.'**

દયા-દાન, પૂજા-ભક્તિ, અણુવ્રત-મહાવ્રત વગેરે શુભ ભાવ છે તથા હિંસા-જૂઠું-ચોરી, વિષય-કષાયના ભાવ, વેપાર-ધંધો તથા સ્ત્રી-પુત્ર-ધન-પરિવારના મમત્વનો ભાવ અશુભ ભાવ છે;—એ બધા ભાવો વિભાવભાવ છે. પુણ્ય-પાપના એ વિભાવભાવોથી—એ મારું સ્વરૂપ નથી, દુઃખરૂપ છે અને દુઃખ જ એનું ફળ છે એમ જાણી—અંદરમાં ખરેખર કંટાળેલો હોય, પરિભ્રમણનો ખરખરો ત્રાસ લાગ્યો હોય તો તેને અંતરમાં આત્માનો—કલ્યાણનો, શાંતિનો, સુખનો—માર્ગ મળ્યા વિના રહે જ નહિ.

**'કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.'**

જેટલું કારણ આપે, સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતાનું, તેટલું કાર્ય થાય જ. કારણ ઓછું આપે અને કાર્ય વધારે થાય એમ બની શકે નહિ. રાગથી ભિન્ન પડી ભેદજ્ઞાનરૂપ કારણ આપે તેને ભવછેદરૂપ કાર્ય, આત્મશાંતિરૂપ કાર્ય થયા વિના રહે જ નહિ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા વિના રહે જ નહિ. કારણ આપે અને કાર્ય ન થાય—એમ વસ્તુસ્થિતિમાં છે જ નહિ.

કેટલાક એમ કહે: વાંચીએ છીએ પણ થતું નથી. ભાઈ! બહાર વાંચવાથી કે શુભ વિકલ્પથી શું થાય? અંદર સમજણનું કારણ આપ્યું નથી તેથી કાર્ય થતું નથી. સાચું કારણ દીધા વિના કાર્ય માગે તે ભ્રમમાં પડ્યો છે.

**'જેને જેની રુચિ-રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; રુચિ અનુયાયી વીર્ય.'**

જેની રુચિ અને રસ હોય તેમાં કેટલો વખત ગયો એની ખબર ન પડે. સ્વરૂપના રસમાં આવે, અંદર રુચિથી સ્વભાવનો પુરુષાર્થ કરે, ત્યાં કેટલો કાળ ગયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની તરફ એનું ધ્યાન ન હોય. વખત કયાં ચાલ્યો ગયો એની ખબર ન પડે. રુચિ જ્યાં હોય ત્યાં પુરુષાર્થ સહજ વળ્યા કરે. જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ, વીર્ય એ બાજુ વળ્યા જ કરે. સંસારમાં જેની જરૂરિયાત લાગે છે—છોકરાંઓ માટે આખો દી રળવું, બાયડીને રાજી રાખવી વગેરે પાપકાર્યની જરૂરિયાત લાગે છે, એ બધું મળે છે પૂર્વના પુણ્યથી છતાં પણ એની રુચિ છે એટલે—ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી; એમ અંદર આત્માના હિતની જરૂરિયાત જણાય તો ત્યાં પુરુષાર્થ થયા વિના રહે જ નહિ.

**'જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.'**

અંદર જ્ઞાયકસ્વભાવની લગની, પ્રાપ્તિ કરવાની ઊંડી ખટક, એનું ઊંડું ઘોલન, નિરંતર રહે; જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ—એમ દિવસ-રાત એની પાછળ પડે; તો વસ્તુની એટલે કે જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ જરૂર પ્રાપ્ત થાય જ, જ્ઞાયક-આત્માની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.

તા. ૨૯-૧-૭૮

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

—પૂજ્ય ગુરુદેવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૯

તા. ૨૪–૬–૭૮

## વચનામૃત—૬૨

**જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય —તોપણ સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે. ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૬૨.**

**'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ—સમ્યક્ત્વસન્મુખતા થાય છે.'**

એટલે શું ? હું એક જ્ઞાયક ધ્રુવ ચૈતન્યપદાર્થ છું, પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવી એવી સ્વયં સત્ ચીજ છું, એવું પહેલાં તેણે લક્ષમાં લેવું જોઈએ. સાંભળતાં પણ લક્ષનું જોર પરિપૂર્ણ પરમાનંદસ્વભાવી નિજ વસ્તુ ઉપર રહે. એક ચૈતન્યમહાપ્રભુનું અસ્તિત્વ શુદ્ધ, અખંડ, અભેદ અને પરિપૂર્ણ આનંદમય છે એમ પોતાના ચિંતવનમાં લે. એ જીવ ભલે કદાચ તરત સમ્યગ્દર્શન ન પામે, તોપણ અંદરમાં સમ્યગ્દર્શન પામવાની સન્મુખ તો થાય છે.

પહેલાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવાં અને એ કરતાં કરતાં સમ્યગ્દર્શન કે કલ્યાણ થઈ જશે એ વાત છોડી દઈને અંદર જે ચૈતન્યમહાપ્રભુ છે એનું લક્ષ કરીને સાંભળે, એ સહજ જ્ઞાયકના લક્ષે ચિંતવન કરે, એ ધ્રુવ જ્ઞાયકભાવ શું છે?—એમ એના તરફનું મંથન કરે, વિચારના મંથનમાં એક જ્ઞાયકભાવ ઉપર જ જોર રહે, તેને, ભલે કદાચિત્ તત્કાળ સમ્યગ્દર્શન ન થાય—અંદરથી જેટલું કારણ આપવું જોઈએ એટલું આપ્યું ન હોય તેથી સમ્યગ્દર્શનરૂપી કાર્ય ન થાય—તોપણ જ્ઞાયકના લક્ષે સાંભળે છે, તેનું ચિંતવન અને મંથન કરે છે તે જીવને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'અહા! જેને અખંડ, અભેદ, પરિપૂર્ણ ને સર્વોત્કૃષ્ટ વસ્તુ કહે છે એ શી ચીજ છે?!' એવા માહાત્મ્યપૂર્વક સમ્યક્ત્વસન્મુખતા તો થાય છે. સર્વોત્કૃષ્ટ વસ્તુ છે એટલે ચૌદ બ્રહ્માંડમાં—ચૌદ રાજલોકમાં આ પ્રભુ નિજ આત્મા જ પરમ પદાર્થ છે એવું જીવને માહાત્મ્ય તો આવવું જોઈએ. એમ થતાં એને સમ્યક્ત્વસન્મુખ દશા થાય છે.

**'અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.'**

અંદર આત્મવસ્તુ અખંડ, અભેદ, પરિપૂર્ણ ચૈતન્યદળ સ્વયંસિદ્ધ સત્ છે; તેને ગુરુમુખે વારંવાર સાંભળીને, તેનું ચિંતવન તેમ જ મંથન કરીને એવા અફર દૃઢ સંસ્કાર પાડે—જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ વર્ણવ્યો છે એમ આ સમ્યગ્દર્શનની સન્મુખ થતાં પણ એવા અફર દૃઢ સંસ્કાર પડે—કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.

મુનિરાજો તો કહે છે કે 'અમને અમારો પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ—સચ્ચિદાનંદમય શુદ્ધ-આત્મા—અનુભવમાં આવ્યો, તે અનુભવ હવે પલટે એમ નથી; અમે ત્યાંથી હવે પડવાના નથી.' અહા! પંચમ આરાના સંતોનો આ પોકાર છે! સમકિતના એ અપ્રતિહત ભાવમાંથી અહીં પણ એમ કાઢયું કે અંદર સન્મુખતાના અફર દૃઢ સંસ્કાર પાડે તેને સમ્યગ્દર્શન—નિજ શુદ્ધ-આત્માનો નિર્મળ અનુભવ—થયે જ છૂટકો.

જીવને અંદર એવી લગની લાગવી જોઈએ કે—હું શુદ્ધ જ્ઞાયક છું, ચૈતન્ય છું, જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છું, જગતનો સાક્ષી છું, જગત જ્ઞેય છે ને હું માત્ર જ્ઞાતા છું, જગત દૃશ્ય છે ને હું દ્રષ્ટા છું. એવું લક્ષ રાખીને દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, વિચારશ્રેણી એક જ પ્રકારે ન ચાલે તો વિચાર-ધારાને એમાં ને એમાં અનેક પ્રકારે ફેરવે. ઉપયોગમાં, દ્રવ્ય અખંડ ને અભેદ છે એમ એક જ પ્રકારે વિચાર કામ ન કરે તો વસ્તુમાં અનંત ગુણ છે, તેની પર્યાય અનંત છે, પરિણતિ શુદ્ધ હોવી જોઈએ વગેરે અનેક પ્રકારે વિચાર કરે.

ઉપયોગ બારીકમાં બારીક કરે. જેમ બને તેમ અંદર પસરવાને માટે જ્ઞાનના વર્તમાન પરિણામને—ઉપયોગને ધીરો થઈને સૂક્ષ્મ કરે. પ્રભુ અંદર સૂક્ષ્મ અને અરૂપી છે; તેને જાણવા માટે ઉપયોગને જરા ઝીણો કરે. આ તેને પામવાની રીત ને કળા છે. બાકી વ્રતાદિ પાળે ને ભક્તિ કરે એનાથી આત્મા પમાય—એ દૃષ્ટિ ફેરફારવાળી છે, તેનું લક્ષ જ્ઞાયક ઉપર નથી. જેને એ શુભપરિણામ મુખ્ય થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનું જોર વ્યવહાર ઉપર છે, અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ પરિપૂર્ણ બાદશાહ બિરાજે છે તેના ઉપર એનું લક્ષ નથી. જેમ સંસારમાં મિથ્યાત્વનું એકછત્રરાજ ચાલે છે, તેમ અંદર એકછત્રરાજથી જ્ઞાયકસ્વભાવનો મહિમા આવવો જોઈએ.

જેમાં જણાય છે તે જ્ઞાયકભાવ છે. જાણનારો પરમાં જઈને જાણતો નથી, પણ પોતામાં રહીને પરને જાણે છે; ત્યાં જ્ઞાન પરને જાણે છે એમ જ્ઞાનનું પરથી કથન કરવું તે વ્યવહાર છે.—ઇત્યાદિ પ્રકારે ઉપયોગને વિચારમાં રોકવો. વાત ઝીણી છે ભાઈ! મૂળ ચીજને પામવાની આખી રીત જ જુદી છે. લોકોએ વ્રત લો, પડિમા લો-એમ એની રીત જ બીજી રીતે કરી નાખી છે.

જેમાં વિકલ્પ છે નહિ તેની, વિકલ્પ દ્વારા પ્રાપ્તિ થાય? ન થાય. નિર્વિકલ્પ શાન્તિ ને નિર્વિકલ્પ આનંદથી ભગવાન આત્મા જણાય તેવો છે.—આમ સમ્યગ્દર્શન પામવા પહેલાં, સમ્યગ્દર્શનસન્મુખ થવા માટે, વિચારની ધારામાં—વિચારના ઉપયોગમાં—પણ આ વાત લેવી.

એક શુદ્ધ ચૈતન્યઘન તરફ વલણના ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્ય-તત્ત્વને ગ્રહણ કરતો—જ્ઞાયકતત્ત્વના લક્ષમાં વિશેષ જોર કરતો, જ્ઞાનને તેમાં જોડી દેતો—આગળ વધે, તે જીવ ક્રમે ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. આમાં એમ ન કહ્યું કે આવાં વ્રત કરીએ, આવો શુભ રાગ હોય, તો ક્રમે પ્રાપ્ત થાય; પણ તે એમાં છે જ ક્યાં? અંદર દ્રવ્ય પરિપૂર્ણ છે...છે...છે, તેનો વિચાર કરે. અહો! બહુ આકરું કામ, ભાઈ! બીજું શું થાય? માર્ગ તો આ છે. અહીં તો હજી સમ્યગ્દર્શન—ધર્મના પહેલા સોપાન—માટે પણ, આ રીતે સ્વના લક્ષમાં ઉપયોગને જોડી દે, એનો જ વિચાર, એનું જ મંથન કરે, એના જ દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગને સૂક્ષ્મ કરીને તે તરફ જ ઢળે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

વચ્ચે ગોટાળો ન રાખે કે આવા શુભભાવની ક્રિયા તથા આવા વિકલ્પો કરશું માટે આત્મા પમાશે. ઉપયોગમાં વિકલ્પ આવે ખરા, પણ એના વિચારમાં એમ ન આવે કે આનાથી આત્મા પમાશે. બીજાને સમજાવવા માટે બહુ ભણવું ને વાંચવું—એ વાત પણ અહીં લીધી નથી.

આવા જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ બીજા બધા ભાવો ઉપરથી લક્ષ છોડી દે છે અને ક્રમે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૬૩

જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય; આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય. જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ. ૬૩.

'જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય; આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય.'

આંબાનું બીજ વાવે તો આંબાનું ને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય; એમ જેણે આત્માના લક્ષે, આત્માનો અનુભવ કરવા માટે, અંતરના સાચા પુરુષાર્થરૂપ બીજ વાવ્યું છે તેને આત્મા પ્રાપ્ત થશે જ; પણ જેણે બહારમાં આબરૂ વગેરે પરપદાર્થની રુચિરૂપ મિથ્યાત્વનાં બીજ વાવ્યાં હશે તેને સંસાર ફળશે.

પર્યાયબુદ્ધિમાં, રાગાદિમાં, અનુકૂળ પરપદાર્થો મળવામાં અને પ્રતિકૂળ પરપદાર્થો છૂટવામાં જેને જરા પણ વિશેષતા લાગે, તેને એ મિથ્યાત્વરૂપ બીજથી તો સંસાર ફળશે.

ચૈતન્યસ્વરૂપ આનંદકંદ પ્રભુનું અસ્તિત્વ કેવડું મોટું છે! અંદર જ્ઞાયકપ્રભુ આવડો મોટો છે—એવું જ્ઞાન-શ્રદ્ધાની પર્યાયમાં જેણે બીજ વાવ્યું છે, તેને એ બીજમાંથી જ્ઞાયક ફળીને કેવળજ્ઞાન થશે. અહા! આવી વાત છે!

'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય.'

પુરુષાર્થથી સ્વભાવસન્મુખતારૂપ કારણ આપે તો તેના ફળરૂપે આત્મા મળે; અને એને છોડીને બહારમાં કોઈ પણ ચીજની આશ્ચર્યતામાં વિશેષતા લાગે, આત્મા સિવાય બહારમાં કાંઈ પણ ચમત્કારી ભાસે, તો એના ફળ તરીકે તેને સંસાર ફળશે; સંયોગી ચીજની મહત્તામાં તેને સંયોગી ચીજના ભવ મળશે.

આત્માનો પ્રેમ અને વિશેષતા—મહત્તા હોય તેને અતીન્દ્રિય આનંદ ફળશે; કેમ કે કારણ આપે એવું કાર્ય થાય. પરંતુ જેને એમ હોય કે—'મેં કેવું કર્યું! મેં કેટલું કર્યું! આખો દિવસ શાસ્ત્રસ્વાધ્યાય કરીએ છીએ ને બીજાને સમજાવીએ છીએ! ભગવાનની ભક્તિ કરીએ છીએ ને કરાવીએ છીએ!'—એમ એની વિશેષતા—મહત્તા લાગતી હોય તેને તો તેના ફળ તરીકે સંસાર ફળશે. અરે! પરિભ્રમણનાં દુઃખ! કષાયની આડોડાઈ રોપી છે તેને કાગડા-કૂતરાના ભવમાં જવું પડશે ભાઈ! કુંદકુંદાચાર્યપ્રભુ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં સુધી કહે છે કે વસ્ત્રનો ટુકડો રાખીને પણ સાધુપણું માનવું, માનનારને સારા માનવા—એવા ભાવથી જીવ નિગોદમાં જશે. આકરું કામ ભાઈ!...કઠણ કામ બાપા! ...એ માન્યતામાં એને નવેય તત્ત્વની ભૂલ ઊભી થાય છે. આમ મિથ્યાત્વનું પોષણ કર્યું, કરાવ્યું ને અનુમોદ્યું હોય ત્યાં બીજું શું ફળ આવે? આકોલિયાનું બીજ વાવે તેને આકોલિયાં પાકે. ત્યાં કોઈની સિફારસ ચાલે તેમ નથી, કે મેં આટલાને સમજાવ્યા'તા, મેં આટલાને પક્ષમાં લીધા'તા, આટલાં વર્ષ બધા મારી પ્રશંસા કરતા'તા. ભાઈ! તને ત્યાં એ બધું શું કામ આવશે? જેવું કારણ આપ્યું હશે એવું કાર્ય થશે.

અહા! કેવી સાદી ભાષા! કોઈ મોટા સાધુએ આ (વચનામૃત-પુસ્તક) જોયું, ને સાદી ભાષા અને ઊંચા ભાવ જોઈને તે ખુશી થઈ ગયા...કહ્યું કે— 'મને આપો'. 'લઈ જાઓ, બહુ સારું, ભાઈ!'

'સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ.'

સ્વસન્મુખતાનું વીર્ય એ સાચો પુરુષાર્થ. રુચિ અનુયાયી વીર્ય. મારો પ્રભુ એક ચૈતન્ય-જ્ઞાયક છે, એ સિવાય એકેય ચીજ મારી છે નહિ—એમ, બધાં કાર્ય કરતાં એને ખટક રહ્યા કરે.

ચેલા ને ચેલીઓ ભેગી થાય. પોતે માને કે 'મેં આટલાંને ભણાવ્યાં ને સમજાવ્યાં, અમને માનનારાં આટલાં'. ભાઈ! આ તેં શું કર્યું?! જ્ઞાયકપ્રભુ જાણવા સિવાય એકેય વિકલ્પનો કર્તા નથી ને! કેટલાં અને કોણ તારાથી ભણ્યાં પ્રભુ? અહા! સાદી ભાષા!—'જેવું કારણ આપીએ એવું કાર્ય થાય; સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ'. સ્વભાવની રુચિ કરીને ત્યાં પુરુષાર્થ કરે તો તે ફળે જ, સાચું ફળ—આત્માનો અતીન્દ્રિય આનંદ—મળે જ. અહાહા! જેટલો ને જેવડો પ્રભુ આત્મા છે તેટલો ને તેવડો તેને વિશ્વાસમાં લે; તે વિશ્વાસ માટે કોઈની અપેક્ષા નથી. એવું કારણ આપે તો કાર્ય થયા વિના રહે જ નહિ. બહુ જ સાદી ભાષા! વાત અલૌકિક છે.

—o—

## વચનામૃત—૬૪

અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે. બહારમાં, પંચ પરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને સાધુ—નમસ્કાર કરવા યોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે. ૬૪.

**'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.'**

નમસ્કારયોગ્ય બે પ્રકારે છે : અંદરમાં પોતાનું ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે, ને બહારમાં અરિહંતાદિ. શ્રીમદ્ કહે છે:—

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

ત્યાં, 'સમજાવ્યું તે પદ નમું'—એમાં ગુરુ આવ્યા; ને 'સમજાયું તે પદ નમું' એમ લઈએ તો—એમાં પોતે આવ્યો. અંદર પૂર્ણાનંદનો નાથ ચૈતન્યપ્રભુ અનાકુળ આનંદ ને શાંતિથી ભરેલો છે તેના પ્રત્યે વિસ્મયતા, આશ્ચર્યતા કે અદ્ભુતતા નહિ, તેના પ્રત્યે અંદર વીર્યનો રસ નહિ, અને જીવ અરેરે! બીજાના રસમાં રોળાઈ જાય છે! અંદર ચૈતન્યતત્ત્વ પૂર્ણાનંદ પ્રભુ પોતે પોતાને નમસ્કાર કરવા યોગ્ય છે. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા તે શુભ ભાવ છે. તે ભાવ આવે; પણ મૂળ ચીજ તો પોતાનું ચૈતન્યતત્ત્વ છે, ને એ જ મંગળ છે. 'અરિહંત, સિદ્ધ, સાધુ ને કેવળીપ્રરૂપિત ધર્મ મંગળ છે'—એ વ્યવહાર છે, વિકલ્પ છે. વ્યવહારથી એમ કહેવાય, પણ નિશ્ચયે તો પોતાનો ચૈતન્યભગવાન જ મંગળસ્વરૂપ છે. અલ્પ કાળમાં એટલે કે એક સમયમાં ત્રણ કાળ જાણે અને એક સમયમાં પોતે ત્રિકાળી જણાઈ જાય—એવો પ્રભુ આત્મા પોતે છે; એ જ મંગળ ને નમસ્કાર કરવા યોગ્ય છે. જરા ઝીણું તો છે, પણ મૂળ વસ્તુ આ છે. પહેલાં નિજ આત્મા નિશ્ચય મંગળ, ઉત્તમ ને શરણ છે એમ કહીને પછી વ્યવહારે પંચ પરમેષ્ઠી મંગળ, ઉત્તમ ને શરણ છે એમ કહેશે.

અંદર મહાન ધ્રુવ ધામ જેનો દેશ છે અને જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણોને જે આશ્રયભૂત—વસવા લાયક ચીજ છે એવો આ ભગવાન ચૈતન્યપ્રભુ એ જ મંગળ, ઉત્તમ ને નમસ્કાર કરવા યોગ્ય છે. કહ્યું છે ને!—

ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જિન ભગવાન આત્મા પોતે જ છે. બહારના—પર તરફના માંગલિકની જેને અપેક્ષા નથી એવો નિજ ચૈતન્યભગવાન એ જ પોતાને માટે સર્વોત્કૃષ્ટ મંગળ છે, એ જ સર્વ પદાર્થોમાં ઉત્તમ છે. અહા! આવો માર્ગ! લોકોને અભ્યાસ ન મળે. અરિહંત, સિદ્ધ આદિ ચાર બોલ વ્યવહારે મંગલ-ઉત્તમ-શરણ છે એ વાત પછી લેશે.

સમયસાર જેવાં લાખો પુસ્તકો છપાયાં, મંદિરો બંધાયાં, એ બધાં કામ વ્યવહારે ઉત્તમ થયાં કહેવાય, એ જાતનો શુભ ભાવ હોય, પણ બધાંમાં સર્વોત્કૃષ્ટ ઉત્તમ તો અપરિમિત અતીન્દ્રિય આનંદનો નાથ પોતાનો ભગવાન આત્મા છે. દયા, દાન, ભક્તિ વગેરે પરિણામને ઉત્તમ માનવા એ તો ક્યાંય રહ્યું, અરે! એક સમયની શુદ્ધ પર્યાયને પરમાર્થે ઉત્તમ માને—એ વાત પણ અહીં નથી. કેમ બેસે?

શેરડીનો રસ પીતો હોય ને આખો ત્યાં અર્પાઈ જાય! બાપુ! અતીન્દ્રિય આનંદરસ તો તારામાં છે. એ રસ વિના તને બહારમાં ઉત્તમતા ક્યાં લાગી? અરિહંતો, સિદ્ધો એ એમનામાં ઉત્તમ છે. તેમનું ઉત્તમપણું તેમની પાસે રહ્યું. તારા માટે તો તું પોતે જ મંગલ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છો. અરિહંત-સિદ્ધને મંગલ-ઉત્તમ-શરણપણે સ્વીકાર કરવા જઈશ તો વિકલ્પ ઊઠશે, તારા નિજસ્વરૂપને મંગલ-ઉત્તમ-શરણપણે સ્વીકાર કરીશ તો અંદર ઠરી જઈશ.

દેહ છૂટવા ટાણે ચારે કોર વ્યાધિની પ્રતિકૂળતા હોય; સહનશીલતા હોય નહિ; ત્યાં શું શરણ છે? 'ણમો અરિહંતાણં' સાંભળતાં સાંભળતાં દેહ છૂટે અને લોકો કહે સમાધિમરણ થયું. ભાઈ! એ સમાધિ નથી. અંદર જે ધ્યેય છે તેની તો સૂધબૂધ નથી, સમાધિમરણ ક્યાંથી થાય? બહારથી બધી વૃત્તિ સંકેલીને અંદર ચૈતન્ય પ્રભુ છે ત્યાં જા. એ જ તારું શરણ છે. અંદર મોટાનું એટલે કે ભગવાન આત્માનું તને શરણ મળશે. તારો ભગવાન આત્મા એક જ તારા માટે મંગલ, ઉત્તમ, શરણ અને નમસ્કાર કરવા લાયક છે.

❀ ✳ ❀

તા. ૭–૧૨–૭૭

બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડ્યા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું....બેનના બોલમાં આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે!' ઘણું સરસ!

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૨૦

તા. ૨૫–૬–૭૮

## વચનામૃત—૬૪

૬૪ મો બોલ ચાલે છે ને? 'બહારમાં, પંચપરમેષ્ઠી...' એ બાકી છે. ૬૪ મો બોલ જરા ફરીને...

**'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે;'**

આ આત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ, પરમાનંદમય, વીતરાગી ચિત્ચમત્કારથી ભરેલો, સહજાત્મસ્વરૂપ, ત્રિકાળી સત્ પદાર્થ છે. શરીર અજીવતત્ત્વમાં જાય છે અને પુણ્ય-પાપ આસ્રવતત્ત્વમાં જાય છે. એનાથી ભિન્ન જે પોતે પરમાત્મા છે એ નિશ્ચયથી નમસ્કાર કરવા યોગ્ય છે.

પ્રશ્ન:—હાથ જોડીને સાષ્ટાંગ નમસ્કાર કરવા યોગ્ય છે?

ઉત્તર:—આ, બહારની વાત નથી, આત્માની અંદરની વાત છે. બહારની વાત પછી આવશે. એ તો શુભ રાગ છે; અશુભથી બચવા એવો શુભ રાગ હોય છે, પણ એ પુણ્યબંધનું કારણ છે; એ કાંઈ સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ નથી. અહા! અંતરતત્ત્વ, ચૈતન્ય જ્ઞાયકભાવ, વીતરાગી શીતળ સ્વભાવથી ભરેલો પૂર્ણ જિનચંદ્ર, નિત્ય ધ્રુવ એવો નિજ આત્મા તે નમસ્કાર કરવા યોગ્ય છે.

**'તે જ મંગળ છે,'**

ચૈતન્યતત્ત્વ જ મંગળ છે. મોક્ષ જવાને લાયક જે જીવ છે તેને પણ મંગળ કહે છે. 'ધવલા' ટીકામાં તીર્થંકર થવાને લાયક આત્માને અનાદિ દ્રવ્યમંગલ કહેલ છે.

પ્રશ્ન:—એ તો અનાદિના મંગળ છે ને?

ઉત્તર:—હા, જે જીવ તીર્થંકર થવાનો છે તે જીવ પોતે જ મંગળસ્વરૂપ છે. અહીં તો, અંદર અખંડ ચૈતન્ય ને આનંદસ્વરૂપ, મહિમાવંત ભગવાન આત્મા પોતે નમસ્કાર કરવા લાયક છે અને પરમાર્થે એ જ મંગળ છે. અરિહંત આદિ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારથી મંગળ છે. શુભ રાગ આવે એટલે તેને મંગળ તરીકે કહેવાય છે. ખરેખર તો શુદ્ધોપયોગ જેના આશ્રયે થાય છે એવો નિજ આત્મા જ મંગળ અને નમસ્કાર કરવા લાયક છે.

**'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,'**

બધા પદાર્થોમાં નિજ શુદ્ધાત્મદ્રવ્ય જ ઉત્તમ છે, સર્વોત્કૃષ્ટ પ્રભુ છે.

**'ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.'**

દેવ-ગુરુ પણ ખરેખર શરણ નથી, કારણ કે—એમના તરફ લક્ષ જાય, એમનો મહિમા થાય એ શુભ ભાવ છે, પુણ્યબંધનું કારણ છે. તેઓ આત્માનું શરણ નથી, પવિત્રતાથી ભરેલી કાયમ ટકતી ચીજ જે નિજ આત્મા તે જ શરણ છે. પુણ્યના પરિણામ છે એ કાંઈ પવિત્ર કે શરણ નથી.

પ્રશ્ન:—પુણ્યનો અર્થ પવિત્રતા થાય છે ને?

ઉત્તર:—આત્માની પવિત્રતાને ખરેખર પુણ્ય કહેવાય છે; શુભ રાગને ખરેખર પવિત્રતા કહેવાતી નથી. સમયસાર-કળશમાં આવે છે: 'पुण्यः पुराणः पुमान्', ત્યાં 'पुण्यः'નો અર્થ પવિત્ર છે.

અહા! દેહ છૂટવા ટાણે ચારે કોરની ભીંસ પડશે, તે વખતે શરણ કોણ? 'णमो अरिहंताणं...णमो अरिहंताणं' કરે એ તો રાગ છે. ભવ્યજીવોને તો અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે એ જ શરણ છે. શુભ વિકલ્પ આવે ત્યારે 'અરિહંતનું શરણ છે' એમ વ્યવહારે કહેવાય. ખરેખર તો આત્મા વીતરાગ પરિણતિએ પરિણમે એ 'केवलिपण्णत्तं धम्मं सरणं पव्वज्जामि' છે, એ પણ પર્યાય છે. અહીં તો ત્રિકાળી ભગવાન આત્મા તે જ એનું શરણ છે; એમાં રહી શકે નહિ ત્યારે અરિહંતનું શરણ શુભભાવમાં આવે; પણ એ પુણ્યબંધનું કારણ છે, મુક્તિનું કારણ નથી. વીતરાગસ્વરૂપ પૂર્ણ પ્રાપ્ત ન થાય ત્યારે ધર્મીને પણ એ આવ્યા વિના રહે નહિ; તેથી વ્યવહારે તે શરણ છે એમ કહેવામાં આવ્યું છે.

અહાહા! ચારે કોર દુ:ખથી ઘેરાય, એક એક અંગુલમાં ૯૬ રોગ છે—એ બધા ફાટે, ત્યારે બાપુ શરણ કોણ? ઔષધ કે વૈદ્ય શરણ છે? ભાઈ! શરણ તો અંદર ભગવાન આત્મા છે. એનો અંદરથી વિશ્વાસ આવ્યો હોય, અનુભવ થયો હોય, તો શરણ છે ત્યાં જાય; પણ જેણે અંદર દૃષ્ટિમાં ને અનુભવમાં 'આત્મા આવો છે' એમ જાણ્યો—જોયો નથી એ ક્યાં જશે? પ્રભુ! આ બહારના બધા ભભકા ખલાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જશે. અરે પ્રભુ! અંદર અતીન્દ્રિય આનંદનો નાથ પડ્યો છે એનો ભેટો કર તો તે શરણ થાય.

અહીં તો કહે છે: અંદર શરણ છે ચૈતન્યનું; ને એમાં જો રહી ન શકે તો વ્યવહારમાં અરિહંતનું શરણ છે, સિદ્ધનું શરણ છે, પંચ પરમેષ્ઠીનું શરણ છે.

**'બહારમાં, પંચ પરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—નમસ્કાર કરવા યોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે.'**

આત્મા ચિદાનંદસ્વરૂપ છે—એના નિરાકુળ આનંદની નિર્મળ દશા જેને પ્રગટ થઈ છે એવા પંચ પરમેષ્ઠી નમસ્કાર કરવા યોગ્ય છે. પંચ પરમેષ્ઠીમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુને પ્રચુર સ્વસંવેદન જેની મહોરછાપ છે એવો આત્માનુભવ હોય છે. અવિરત સમકિતીને સ્વસંવેદન પ્રચુર નથી; તેને પણ આનંદનો સ્વાદ છે, પણ બહુ થોડો. ખરેખર તો અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા નમસ્કાર કરવા યોગ્ય છે; પણ જેમણે આવા આત્માની સાધના કરી છે એવા પંચ પરમેષ્ઠી પણ વ્યવહારે પૂજ્ય છે. અહીં એમ નથી કહ્યું કે—એમણે વ્રતાદિ પાળ્યાં માટે તે પૂજ્ય છે. અહા! અતીન્દ્રિય આનંદનો અરૂપી ગુપ્ત ભંડાર જેમાં ભર્યો છે એવા ભગવાન આત્માની સાધના જેમણે અંતરથી કરી તે પંચ પરમેષ્ઠી ભગવંતો વ્યવહારે નમસ્કાર કરવા લાયક છે, અને વ્યવહારે તેઓ મંગળરૂપ છે, ઉત્તમ છે ને ભવ્યજીવોનાં શરણ છે.

—o—

## વચનામૃત—૬૫

**દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે. ૬૫.**

**'દેવ-ગુરુની વાણી'...**

પહેલાં તો દેવ કોને કહેવા એ પરીક્ષા હોવી જોઈએ. જે ૧૮ દોષ રહિત છે, જેને ભૂખ કે તરસ નથી-આહારપાણી નથી, કોઈ પણ જાતની ઇચ્છા નથી, નિદ્રા વગેરે નથી અને જેને સંપૂર્ણ વીતરાગ ને સર્વજ્ઞ દશા પ્રગટી છે તેને દેવ કહેવામાં આવે છે. હજી પરમહિતોપદેશી સર્વજ્ઞ વીતરાગ દેવનીયે ખબર ન હોય તેને અંદર નિજ આત્મદેવ કોણ છે—શી ખબર પડે? અહા! જ્ઞાન-આનંદ આદિ દિવ્ય શક્તિઓનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખજાનો જેને સંપૂર્ણ ખૂલી ગયો છે તે દેવ છે. તેને શરીર હોય તોપણ ક્ષુધા, તૃષા ને રોગ વગેરે નથી. શરીર રહિત થયેલા સિદ્ધ પણ દેવ છે; પણ અહીં તો દેવ-ગુરુની વાણી લેવી છે ને! અરિહંતપણે જે છે તેને વાણી હોય, અશરીરી સિદ્ધને વાણી હોય નહિ.

અરિહંત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તે દેવ; અને જેને આત્માના ભાન તેમ જ અનુભવ સહિત અંદર ઉગ્ર રમણતા થવાથી અંતર-બાહ્ય નિર્ગ્રંથ—નગ્ન દશા થઈ છે તે ગુરુ. જેને અંદરમાં કપડાંનો વિકલ્પ પણ નથી અને બહારમાં કપડાનો ટુકડો પણ નથી તથા જે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રપણે પરિણમી રહ્યા છે તેને વીતરાગમાર્ગના સાચા ગુરુ કહીએ. જે વાસ્તવિક દેવ ને ગુરુ છે એમની વાણી આત્મા સમજવામાં ને અનુભવવામાં નિમિત્ત થાય, કલ્પિત દેવ ને ગુરુની વાણી નહિ.

...'અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં'...

દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં નિમિત્તો છે. પોતે અંદર પોતાના આત્મદેવનો મહિમા જાગૃત કરે તો તેને નિમિત્ત કહેવામાં આવે. અહા! જે એક સમયની પર્યાયમાં સમસ્ત દ્રવ્ય, ગુણ ને પર્યાય અને ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણે કાળની અવસ્થાઓ વર્તમાનવત્ સાક્ષાત્ પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞદેવ છે. ભાઈ! શી એ દશા હશે? અને કેવો એમની વાણીનો મહિમા હશે? ભવિષ્યનો અંત નથી અને ભૂતની આદિ નથી; બેયને વર્તમાનવત્ પ્રત્યક્ષ દેખે છે. ભવિષ્યની પર્યાય થશે ત્યારે જાણશે એમ નહિ, પણ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ભવિષ્યનું પણ પ્રત્યક્ષ જાણે છે. એનો મહિમા જેને લાગે એને ચૈતન્યનો મહિમા જાગવામાં એનું નિમિત્તપણું થાય. અરિહંતના ચૈતન્યનો મહિમા પોતાના ચૈતન્યનો મહિમા કરી દે છે—એમ નથી; પણ પોતે પોતાના ચૈતન્યના મહિમાભાવે પરિણમે તો તેને નિમિત્ત કહેવામાં આવે છે.

ગુરુની વાણી—કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી વગેરે કે જેમને આત્માની પર્યાયમાં પ્રચુર અતીન્દ્રિય આનંદની મહોરછાપ લાગી ગઈ છે એવા નિર્ગ્રંથ ગુરુની વાણી—સ્વરૂપ સમજવામાં નિમિત્ત છે. આમ તો દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણેય નિમિત્ત કહેવાય, પણ અહીં તો વાણી કહેવી છે ને? એટલે દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આત્મસ્વરૂપની જાગૃતિ થવામાં નિમિત્તપણે કહ્યાં છે.

અરે! એ વાણી પણ કેવી કે જે એકીસાથે ત્રણ કાળ ને ત્રણ લોકની વાત કરે, કેવળજ્ઞાનની વાત કરે! ભાષાની પર્યાયમાં કેવળજ્ઞાન નથી છતાં એ વાત કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાનની. સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખેથી ૐકાર દિવ્યધ્વનિ નીકળે અને એનો જેને મહિમા આવે તેને સ્વરૂપ સમજવામાં તે નિમિત્ત થાય. જિનવાણીનો મહિમા શો કહેવાય? શ્રીમદ્ કહે છે ને!—

'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો, રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.'

અહા! વીતરાગની વાણી એ શી ચીજ છે! ૐકાર ધ્વનિ નીકળી, ને ગણધરોએ શાસ્ત્ર રચ્યાં.

'મુખ ઓંકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ;
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.'

સ્વભાવના આશ્રયે પોતે સંશય નિવારે તો વાણીના મહિમાને નિમિત્ત કહેવાય. અહા! અજબ વાત છે! વાણી જડ છે, એને ખબર નથી કે પોતે કોણ છે ને જોડે સર્વજ્ઞ છે તે કોણ છે; છતાં એ વાણીમાં સર્વજ્ઞનું સ્વરૂપ આવે. અનંત અનંત ગુણોથી ભરેલો ભગવાન આત્મા આવો હોય; જેને પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ કેવળદર્શન અને પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો હોય છે તે આવા હોય છે;—તે બધું એ વાણી કહે. જડમાં સ્વપરને જાણવાની તાકાત નથી પણ સ્વપરની વાર્તા કરવાની તાકાત છે. જેમાં સર્વજ્ઞપણું નિમિત્ત છે એ ભાષાપર્યાય પણ અદ્ભુત છે. એ નિમિત્ત છે માટે નિમિત્તથી ભાષા થઈ છે એમ નથી; કાંઈ કરતું નથી, માટે જ નિમિત્ત કહેવાય ને?

જેને અંદર ચૈતન્યનો મહિમા લાગે એને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા નિમિત્ત કહેવામાં આવે છે.

પ્રશ્ન:—બહારનાં કાંઈ સાધન જોઈએ ને? એકદમ સીધો કૂદકો મારીને આત્મપ્રાપ્તિ થઈ જાય?

ઉત્તર:—ભાઈ! સાંભળને! ભગવાનની વાણી એમ કહે છે કે તારા સ્વભાવને પ્રગટ કરવામાં બીજી કોઈ ચીજની અપેક્ષા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવા માટે બીજી કોઈ ચીજની—રાગ, નિમિત્ત કે દેવ-શાસ્ત્ર-ગુરુની— અપેક્ષા નથી. અરે! ભેદની પણ અપેક્ષા નથી. આમ કોણ કહે છે? વાણી. ઝીણી વાતો છે આ બધી.

અહો, દેવનો મહિમા! ગુરુનો મહિમા! ગુરુને શરીરમાં ગળતકોઢ હોય તોપણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે સંત આનંદમાં છે, રોગમાં કે રોગ તરફના વિકલ્પમાં નથી. અહા! આવો તો ગુરુની દશાનો મહિમા છે! એમની વાણીના મહિમાનો પણ પાર ન મળે. એ વાણી એમ કહે છે કે વસ્તુનો અનુભવ વચનાતીત છે, વિકલ્પાતીત છે. એવી વાણીને શાસ્ત્ર કહેવામાં આવે છે. શ્રીમદ્ કહે છેઃ

વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.
...રે ગુણવંતા જ્ઞાની! અમૃત વરસ્યાં રે પંચમ કાળમાં.

વાણી આવી ને અંદર અનંત આનંદ વરસ્યો. એ અતીન્દ્રિય આનંદની વાતો કરી કોણે? વાણીએ.

**...'તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં'...**

આત્માની પર્યાયમાં ચૈતન્યનો મહિમા જાગૃત કરવામાં અને ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં દેવ-ગુરુની વાણી તથા દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા નિમિત્તરૂપે છે. અહા! ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં, ધ્રુવ તત્ત્વને પકડવામાં, પ્રભુ તો અંદર ઊંડે તળિયામાં પડયો છે એને પકડવામાં, દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા—પોતે સંસ્કાર નાખે તો અને પકડે તો—નિમિત્ત છે. અહાહા! એક-એક બોલ અલૌકિક છે, આ કાંઈ સાધારણ વાર્તા નથી.

ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ, એમનું કેવળજ્ઞાન, એમનો આનંદ, ગુરુની સાધકદશાનો આનંદ અને આ બધું કહેનારી ચમત્કારી વાણી—આવાં દેવ-ગુરુ-શાસ્ત્ર કે જે દિગંબર સંતોના માર્ગમાં છે તે—બીજે કયાં છે? બીજા સંપ્રદાયને દુઃખ લાગે, પણ શું થાય? ભાઈ! બીજાનો અનાદર કરવાનો સવાલ નથી. આ તો સતનું ઉદ્ઘાટન છે, સત્ આવું છે ભાઈ! સતને આંચ ન દેવી, એમાં મોળપ ન પાડવી.

**...'તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે,'**

સ્વરૂપની પ્રાપ્તિમાં આવાં દેવ, ગુરુ ને વાણીનું નિમિત્તપણું છે, એ સિવાય બીજાં દેવ-ગુરુ-શાસ્ત્રનું દૃઢ સંસ્કાર ને સ્વરૂપપ્રાપ્તિમાં નિમિત્તપણું ન હોય; છતાં નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરતું નથી. આત્માના આનંદના અનુભવરૂપ કાર્ય પરના કારણથી થાય એમ વીતરાગની વાણી કહેતી નથી. અહા! જુઓ આ શાસ્ત્ર! ને જુઓ આ વાણીમાં નીકળતી ચમત્કૃતિ! આત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન છે, એની અનુભૂતિનું વાણી વગેરે પરદ્રવ્ય કારણ નથી. કોણ કહે છે એમ? વાણી. વાણીમાં—પુદ્ગલમાં—નિમિત્તપણું છે. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છેઃ પુદ્ગલની શક્તિ તો જુઓ, કે જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાનની પર્યાયને રોકે છે!—એ વાત વ્યવહારથી નિમિત્તપણાની કરી છે. જીવ પોતે પોતાની ઊંધાઈને લઈને કે મંદતાને લઈને કેવળજ્ઞાનરૂપે—ઉત્કૃષ્ટ ભાવે—નથી પરિણમતો ત્યારે નિમિત્તમાં નિમિત્ત તરીકે ઉત્કૃષ્ટ પરિણમનની હદ કેટલી હોય છે એ બતાવ્યું છે. ચૈતન્ય મહાપ્રભુને કેવળજ્ઞાનની ઉત્પત્તિ માટે પરની કે પૂર્વ પર્યાયની અપેક્ષા નથી. જીવ પોતે એક સમયમાં પોતાનાં ષટ્ કારકરૂપે પરિણમીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. અહા! એ વાણીને શાસ્ત્ર કહેવાય. પોતાના ચૈતન્યનો મહિમા પ્રગટ કરે તો તેને નિમિત્ત કહેવાય.

—o—

## વચનામૃત—૬૬

**બહારનું બધું થાય તેમાં—ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ—કાંઈ આત્માનો આનંદ નથી. આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે. ૬૬.**

**'બહારનું બધું થાય તેમાં—ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ—કાંઈ આત્માનો આનંદ નથી.'**

પરમાં ઉલ્લાસ આવ્યો હોય એવું દેખાય, છતાં એ જે ઉલ્લસિત વિકલ્પો છે એમાં કાંઈ આત્માનો આનંદ નથી. પંચ પરમેષ્ઠી ને પરમેષ્ઠીએ કહેલી વાણીનું બહુમાન આવે છતાં એ ભાવ આનંદ નથી. અહો! આત્માના નિજ ઘરની આવી વાતો ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરદેવે કહી છે. એનો ભાવ સમજવા ઉલ્લાસના પરિણામ એટલે કે એવા શુભભાવ આવે, પણ તેમાં કાંઈ આત્માનો આનંદ નથી. પ્રભુ! તું કોણ છો? એ વિકલ્પમાં તારો આનંદ નથી—એ તને ખબર નથી. લાખો રૂપિયાનાં મોટાં મોટાં મંદિરો બનાવવાના ભાવ આવે, પણ એ ભાવ વિકલ્પ છે, આનંદ નથી. નાઈરોબીમાં પંદર લાખનું મંદિર બનાવવાના છે. કેવો ઉલ્લાસ લાગે! પણ એ શુભ રાગ છે, આનંદ નથી. ભરત ચક્રવર્તીએ—સમકિતીએ—ત્રણ ચોવીસીનાં જિનબિંબ પધરાવ્યાં. બહારથી લોકોને તેમાં કેવો ઉલ્લાસ લાગે! પણ એ ઉલ્લાસનું વીર્ય તે આનંદ નથી, શુભરાગરૂપ દુઃખ છે. પ્રભુ! તારો મારગડો કોઈ જુદો!

પ્રશ્ન:—શુભ વિકલ્પ ને વાણી નિમિત્ત તો છે ને?

ઉત્તર:—ભાઈ! આત્મા તો વિકલ્પ ને વાણીથી અગોચર એક અલૌકિક વસ્તુ છે. તે વિકલ્પથી ને વાણીથી ન જણાય, છતાં વાણી એમાં નિમિત્ત થાય. નિમિત્તનો અર્થ એ કે, જે પરનું કાંઈ કરે નહિ. અરેરે! અત્યારે તત્ત્વની વાતમાં ઘણો ફેરફાર કરી નાખ્યો! પ્રભુના વિરહ પડ્યા, ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવી શક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહી નહિ! અરે પ્રભુ! સતના સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરતાં જગતને આ એકાંત લાગે, પણ બાપુ! તારું સ્વરૂપ જ એવું છે—એમ ભગવાને તો જાણ્યું છે, પણ તેમની વાણીએ પણ એમ જ કહ્યું છે.

પ્રભુ વિહાર કરતા હોય ત્યારે બહાર કેટલો મહિમા! ઇન્દ્રો પણ જયઘોષ કરે, ધર્મચક્ર તથા આઠ મંગળ દ્રવ્ય મોઢા આગળ ચાલે, સર્વજ્ઞ પરમાત્મા થાય એ ૫૦૦૦ ધનુષ ઊંચે ચાલે, બીજી બધી વિભૂતિ ત્યાં ને ત્યાં સાથે સાથે હોય—ઇત્યાદિ ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય, તેમાં કાંઈ આત્માનો અતીન્દ્રિય આનંદ નથી. ભગવાન કહે છે કે અમારા પ્રત્યે ભક્તિનો શુભરાગ તને આવે તે આનંદ નથી, પણ દુઃખ છે.

**'આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે.'**

વર્તમાન વર્તતી જ્ઞાનપર્યાયને અપાર સ્વભાવ તરફ ઢાળે-વાળે, એને તળિયે લઈ જાય એટલે કે ધ્રુવ સ્વભાવ તરફ લઈ જાય ત્યારે એનું તળ હાથ આવે—લક્ષમાં આવે અને સાચો આનંદ પ્રગટે.

પ્રશ્નઃ—તળ માટે કેટલું ઊંડું જવું જોઈએ?

ઉત્તરઃ—પર્યાયની પાસે જ પ્રભુ પડયો છે ને! અડોઅડ, જોડે જ પડયો છે; એ દૂર નથી. ...ચર્ચા થતી'તી ને કે પર્યાય ને દ્રવ્ય-બંને જુદાં છે. કેટલાં? વિંધ્યાચલ ને સહ્યાચલ જેટલાં. એ, વસ્તુસ્વરૂપને સમજ્યા વિનાની ચર્ચા થતી'તી. પ્રભુ તો આખો પર્યાયની પાસે જ પડયો છે અંદર. અહાહા! આવી વાણી વીતરાગ સિવાય બીજે કયાં છે બાપુ? અરે! આવી વાણીયે સાંભળવા મળે નહિ એ કે દી વિચાર કરે, ને કે દી અંદર જાય? વાત દુર્લભ થઈ પડી! સંતોએ તો સહેલી કરીને મૂકી છે—એમ અનુભવપ્રકાશમાં આવે છે ને!

આનંદ તો તળમાંથી આવે તે સાચો છે. આનંદ જ્યાં છે ત્યાંથી—અંતરમાંથી—પર્યાયમાં આવે. રાગના કે પર્યાયના આશ્રયે આનંદ મનાય તે સાચો આનંદ નથી. તળના—ધ્રુવ સ્વભાવના—આશ્રયે પર્યાયમાં આનંદ આવે તેને સાચો આનંદ કહેવામાં આવે છે. એ અતીન્દ્રિય આનંદ તો અંતરમાંથી આવે છે. અહાહા! ભગવાન પ્રત્યેના શુભ રાગમાં પણ આનંદ નથી. ભલે લાખ-કરોડ ભક્તિ કરે, પણ એ શુભ રાગ છે, દુઃખ છે, આનંદ નથી. આનંદ તો અંતરમાંથી આવે ત્યારે સાચો કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૨૧

તા. ૨૬–૬–૭૮

## વચનામૃત—૬૭

**દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે. ૬૭.**

એટલે શું ? ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી—આવા ભાવ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા ! આવી વાત છે ! 'શાન્તિ' શબ્દ ત્રણ વાર લીધો છે ને ? 'હું એક સહજ શુદ્ધ ચૈતન્ય છું' એવું એનું અસ્તિત્વ કયે ક્ષેત્રે, કયે કાળે ને કયા પ્રસંગમાં નથી ?—સદાય, સર્વ પ્રસંગોમાં છે.

અહા ! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી ? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે—એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે.

—o—

## વચનામૃત—૬૮

**પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્‌ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય—એવી અદ્‌ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે! ૬૮.

આ ૬૮ મા બોલમાં બેને પોતાના વિનયનું વર્ણન કર્યું છે. અંદરમાં ઊંચી દશા છતાં અહા! કેવી નમ્રતા!...આ બોલ જાતે વાંચી લેવો.

—o—

## વચનામૃત—૬૯

પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે. ૬૯.

'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.'

પોતે આત્મા જેવો છે એવી દૃષ્ટિ કરીને એમાં રહેવું તે પ્રયોજનભૂત છે, બાકી બધું થોથાં છે. પ્રયોજન તો એક આત્માનું જ રાખવું, પરનું—પુણ્ય-પાપના ભાવનું પણ—નહિ. અહા! આવી વાત છે! ભગવાન આત્મા અંદર અનંત જ્ઞાન ને આનંદ આદિ શક્તિઓથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે; સમીપમાં પ્રભુ હોવા છતાં, વર્તમાન પર્યાય ઉપર લક્ષ હોવાથી, એની તરફ નજર કરતો નથી. ચૈતન્યભગવાન આ જ ને આટલો છે, એના સ્વભાવમાં રાગદ્વેષ આદિ વિભાવોનો પ્રવેશ નથી—એમ આત્માની 'અસ્તિ' સંભાળીને રાખવી—એ એક જ પ્રયોજન રાખવું. અશુભથી બચવા શુભરાગ આવે પણ એનું કાંઈ પ્રયોજન નથી. પ્ર = પ્રકૃષ્ટપણે, વિશેષપણે; અને યોજન = જોડાણ. આત્મા પોતે એક, સત્, ચૈતન્ય ને જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છે એમાં જોડાણ હોવું જોઈએ, રાગમાં નહિ. આમાં શબ્દો સાદા છે પણ ભાવ ઊંચા છે.

પ્રયોજન તો એક આત્માનું જ રાખવું; વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તેનું પણ પ્રયોજન નહિ. સમયસારમાં પરને જિવાડવા-મારવાનાં, સુખી-દુખી કરવાનાં વગેરે અધ્યવસાનો છોડવાની વાત આવી છે, એનો ખુલાસો પં. રાજમલજીએ ઠીક કર્યો છે કે—આ જીવે આ જીવને માર્યો, આ જીવે આ જીવને જિવાડયો, આ જીવે આ જીવને સુખી કર્યો, આ જીવે આ જીવને દુઃખી કર્યો—એવી કહેણી છે, ત્યાં એવી જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતીતિ મિથ્યા છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ એમ કહે છે : આ અધ્યવસાનોના નિષેધથી હું એમ સમજું છું કે પરાશ્રિત જેટલો વ્યવહાર કે જે અપરમાર્થ છે, તેનો પ્રભુએ નિષેધ કર્યો છે. પ્રયોજન તો અંદર આનંદસ્વરૂપ નિશ્ચય આત્મા છે એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાનું છે. અહા! બાકી બધી ફોગટની વાતો છે.

**'આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.'**

આત્મા અતીન્દ્રિય જ્ઞાન, આનંદ ને પ્રભુતાનો પિંડ છે એનો જેને રસ લાગે તેને પરનો ને રાગનો રસ છૂટી જાય છે. બહુ ટૂંકાં વાક્યો! હું સહજાત્મસ્વરૂપ, શુદ્ધ, ચૈતન્યઘન, અનાદિ-અનંત, નિત્ય જ છું; તેમાં અન્ય કોઈનો પ્રવેશ જ નથી; એનો કોઈ ક્ષેત્રે વિરહ નથી, કોઈ કાળમાં એનો અભાવ નથી. આમ આત્મામાં જેને રસ—એકાગ્રતા—લાગે એને બીજા રસો છૂટી જાય છે. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. સ્વભાવનો રસ લાગે તેને રાગનો રસ નીતરી જાય છે—છૂટી જાય છે.

આનંદસ્વરૂપ ચૈતન્યનો જેટલો રસ લાગ્યો, તે તરફ જેટલો ઝુકાવ થયો, એટલો પરાશ્રય છૂટી જાય છે, વિભાવ છૂટી જાય છે. વાત ટૂંકી છે પણ માલ આ છે. સ્વ-આશ્રય કરવો એ જ પ્રયોજન છે. લાખ વાતની વાત ને બાર અંગનો સાર આ છે. ક્ષુલ્લકજીએ કહ્યું'તું ને!—'પરથી ખસ, સ્વમાં વસ; એ ટૂંકું ટચ, ને એટલું બસ.' શું કહ્યું? ભાષા તો બહુ ટૂંકી છે કે—પ્રયોજન તો આ એક જ છે : પરના આશ્રયથી છૂટ અને સ્વના આશ્રયમાં આવ. પરનો આશ્રય કરવા જઈશ ત્યાં વિકાર થશે. શુભ-ઉપયોગરૂપ વિકાર પણ સહકારી થઈને શુદ્ધતા રચે—એ નહિ બને. ભાઈ! તારા લાભની વાત આ છે. તું નુકસાનની વાતમાં હરખ માને છે!

સમયસારની ૭૪ મી ગાથામાં, શુભભાવ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે—એમ કહ્યું છે. અરે! પ્રભુનો ઉપદેશ તો જુઓ! જિનેન્દ્રની વાણી તો જુઓ! શુભ યોગ વર્તમાન રાગ છે, દુઃખરૂપ છે, એનાથી પુણ્યરૂપ બંધ થશે, પુણ્યને લઈને સંયોગ મળશે, અને એ સંયોગમાં તારું લક્ષ જશે એટલે રાગ જ થશે. કોઈ કહે છે કે : શુભ યોગથી શુદ્ધતા થશે. અરે પ્રભુ! તું શું કરે છે? પુણ્ય ભલે એવું બંધાય કે તેના ફળમાં વીતરાગ ને વીતરાગની વાણી મળે તોપણ એ પણ પરદ્રવ્ય છે ને! તેના પ્રત્યે લક્ષ જતાં તો તને રાગ થશે. અહા! આવી વાત તો જિનેન્દ્રદેવ જ કહે, બીજાનો ભાર નથી. દુનિયા કે સમાજ આ માનશે કે નહિ એની જ્ઞાનીને કાંઈ પરવા નથી. તારો મારગ તો પ્રભુ આ છે ને!

અરે! શુભોપયોગ પણ દુઃખરૂપ છે ને દુઃખનું કારણ છે; શુદ્ધોપયોગ જ આનંદરૂપ છે. ભાઈ! તને હજી સત્ય વાત કબૂલ કરતાંય ન આવડે, તો સત્યમાં શી રીતે જઈશ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ પ્રભુએ ઉપદેશ તો એવો કર્યો છે કે—અંદર આત્મા એકલો મુક્તસ્વભાવ છે, ભરેલી ચીજ—આનંદનું પૂર્ણ દળ છે. એના ઉપર દૃષ્ટિ દેતાં, એનો વિશ્વાસ ને પોષણ મળતાં તને આનંદ થશે. આ તો અંતર આત્માની જેને ખટક પડી હોય એની વાત છે. આ દેહ છૂટશે તો તારી હયાતી રહેશે કે નહિ? એ હયાતીવાળા ત્રિકાળી તત્ત્વનો આશ્રય કર, ને જેમાં તારી હયાતી નથી તેનો આશ્રય છોડ. અહા! આત્માનો રસ લાગે એને વિભાવનો રસ નીતરી જાય છે. જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનો પ્રેમ લાગે તેને, બીજા રાગાદિ ભાવ હો પણ તેનો પ્રેમ છૂટી જાય છે, 'ઠીક છે' એવો મોહભાવ છૂટી જાય છે.

—o—

## વચનામૃત—૭૦

**બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. ૭૦.**

**'બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી.'**

બહુ સાદી ભાષા! બધું આત્મામાં છે એટલે? જે કાંઈ જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, શાન્તિ, પ્રભુતા, ચૈતન્ય વગેરે કોઈ ગુણની કે દશાની જે તને મોટપ લાગે એ બધું આત્મામાં છે. શું બધું આત્મામાં છે? આત્માનું બધું આત્મામાં છે. એને પહેલાં શ્રદ્ધામાં લે. આત્માનું વીર્ય ત્યાં ટકી જાય એવી શ્રદ્ધા કરી લે.

પરના આશ્રયમાં કાંઈ લાભ નથી. તારે જે કાંઈ કરવાનું છે તે બધું તારા આશ્રયે કરવાનું છે. એમાં ત્રણ લોકના નાથનો પણ તારે આશ્રય નથી—એમ ભગવાન પોતે કહે છે. આત્માની ચીજ જ અનંત જ્ઞાન-આનંદ આદિ અનંત શક્તિઓથી ભરેલી છે. અનંત શક્તિ કોને કહે ભાઈ? વસ્તુ ભલે એક, ક્ષેત્ર ભલે શરીરપ્રમાણ નાનું; પણ એમાં અનંત અનંત અમર્યાદિત જ્ઞાન છે. જ્ઞાન સ્વભાવ છે એમાં મર્યાદા શાની? સુખી થવાની તને જિજ્ઞાસા છે તો સુખથી ભરેલો ભગવાન તું પોતે છો. અહા! આવી વાત છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છોકરો મરી જાય ત્યારે કહે કે—એના વિના મહેલ ને મેડી બધું સૂનું લાગે છે, બધું સ્મશાન જેવું દેખાય છે; એમ અહીં કહે છે કે—તારા (આત્મા) વિના બીજી બધી ચીજો સ્મશાન જેવી દેખાય છે. અહા! તું તારામાં પૂરો છો પ્રભુ! પણ તને ખબર નથી. તારા સ્વભાવની મોટપ અને પ્રભુતાની તને ખબર નથી; કેમ કે—એની પ્રગટ અવસ્થા સિવાય અંતરમાં જોડે મહાપ્રભુ શું છે એ સાંભળ્યું નથી, એ તરફ નજર કદી કરી નથી. જ્ઞાનમાં એનો વિશ્વાસ આવતો નથી. જ્ઞાન જ કર્યું નથી ત્યાં વિશ્વાસ આવે ક્યાંથી?

**'તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર.'**

ઘણાને જોવા-જાણવાનો ભાવ હોય છે. ત્રણ કાળ ને ત્રણ લોકને જાણનારું જ્ઞાન ને આનંદ એ બધું જોઈતું હોય, તો એ બધું તારામાં પડ્યું છે. અરે! જાણનારો પરને જાણે, પણ જાણનારો જાણનાર એવા પોતાને જાણતો નથી! અહા! જાણનાર પ્રભુ તારામાં છે ને? તું શરીરને ને વેશને ન જો. એ બહારની ચીજોને ને અંદરમાં પુણ્ય-પાપના જે વિકલ્પો છે તેને ન જો. એક સમયની ક્ષણિક વિકૃત અવસ્થા પર્યાય-દૃષ્ટિથી છે, વસ્તુદૃષ્ટિમાં એ છે નહિ. જો તને જ્ઞાન જોઈતું હોય, આનંદ જોઈતો હોય, શ્રદ્ધા જોઈતી હોય, વીર્ય-પુરુષાર્થ જોઈતો હોય, તો એ બધુંય અંદર તારા આત્મામાં ભર્યું છે, તારા આત્માની સાધના કર. અહા! આવી વાતો ને આવો ઉપદેશ છે!

કોઈ કહે: દયા પાળો, વ્રત ધારણ કરો, ઉપવાસ કરો તો આત્મા સમજાય. ભાઈ! ઉપ=સમીપ ને વાસ=વસવું; જેને સમીપ કરીને વસવું છે એ આત્માના સ્વરૂપની તો એને ખબર નથી તો ઉપવાસ કરશે ક્યાંથી? રાગ ને સ્વભાવની એકતાનાં તાળાં માર્યાં છે તે ખોલતો નથી ત્યાં સુધી વસ્તુસ્વરૂપમાં સમીપ જઈને વસવાનું બની શકતું નથી.

પ્રશ્ન:—બધું આત્મામાં છે એટલે શું?

ઉત્તર:—જ્ઞાન ને આનંદ આદિ ગુણો અને પવિત્રતા બધું આત્મામાં છે; રાગ આદિ વિભાવો એમાં નથી. રાગાદિ કે જે પોતામાં નથી તેનું પોતાના અસ્તિત્વ સાથે એકત્વ અનુભવે છે તે, તારી અંતરની જ્ઞાન-આનંદાદિ પુંજીને તાળાં માર્યાં છે. અંદર આનંદ આદિ અનંત શક્તિનો નાથ ચૈતન્ય-હીરો તું પોતે જ છો એની તને કિંમત નથી. અહા! એ કેમ બેસે! અનુભવ-પ્રકાશમાં દાખલો આવ્યો છે કે—એક માણસ પાસે એક ઊંચું રતન હતું. તેની કિંમતની ખબર નહિ. ઘાસલેટને બદલે રતનના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રકાશમાં રસોઈ વગેરે ઘરકામ કરે. ઝવેરીએ જોઈને કહ્યું : અહા ! આ શી ચીજ છે ! આ તો કરોડો સોનામહોરની કિંમતનું ઊંચું રત્ન છે. તે માણસે કહ્યું : અમે જ્યાં રહેતા હતા ત્યાં આવા ચળકતા કટકા તો ઘણા હતા, તેમાંથી પ્રકાશ માટે મેં એક લઈ લીધો. એમ આત્મદેશમાં જ્ઞાન, સુખ વગેરે બધાં રત્નો અંદર ભર્યાં પડયાં છે. તારે સુખ, સંતોષ, વિશ્વાસ, સ્વરૂપ-રમણતા વગેરે જોઈતું હોય તો એ બધું એમાં છે, બહાર કાંઈ નથી. શરીરમાં, બહારના ભભકામાં કે પુણ્ય-પાપમાં—એ બહારમાં તારું કાંઈ નથી. બહારની ચીજને પોતાની માનવી એ બહિરાત્મપણું છે; અંતરની આત્મ-વસ્તુને પોતાની માને તે અંતરાત્મા છે.

પોતે અંદર ગુણરત્નોથી ભરપૂર ચીજ છે એવું તેના જ્ઞાનમાં આવે નહિ ત્યાં સુધી તેને પોતાની મોટપ અને મહિમા ભાસે નહિ. પહેલાં ભલે ઓઘે પણ મહિમા કર કે જેના સ્પર્શમાત્રથી અનંત શક્તિઓનો અંશ વ્યક્ત થઈ જાય એવું કોઈ અદ્‌ભુત તત્ત્વ હું છું. તારા માટે બહાર કાંઈ નથી. અરે! દેવ-શાસ્ત્ર-ગુરુ પણ તારા માટે બહાર છે. પંચપરમેષ્ઠિપદ અંદરમાંથી પ્રગટે છે. જે, પર્યાયમાં પ્રગટ થાય છે એવી પૂર્ણ અનંત શક્તિવાળો તું પોતે જ છો, બહાર કાંઈ નથી.

તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. લોકો તો જાણવાની ઇચ્છા થાય એટલે પરદેશમાં ભમે, યુરોપ ને અમેરિકા વગેરે સ્થળે બહાર પર્યટનમાં જાય. પરંતુ પ્રભુ તો કહે છે કે રાગાદિ બધા ભાવો મ્લેચ્છ છે, એ બધા તારા નથી, તારામાં નથી. એ તારા દેશ, ક્ષેત્ર કે ઘર નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. તને બધું જાણવાનું મળશે.

**‘પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે.’**

આત્માની સાધનાથી, પૂર્ણતા પ્રગટતાં, લોકાલોકને પ્રત્યક્ષ જાણનારું કેવળજ્ઞાન પ્રગટ થશે. બધું જાણવાનું મળશે. એ લોકાલોકને જાણવાનો સ્વભાવ તારામાં ભર્યો પડયો છે. નિયમસારમાં કહ્યું છે : જ્ઞાન-દર્શનસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. લોકાલોકને દેખવા-જાણવાનો તેનો સ્વભાવ છે. જાણવાની ઇચ્છા હોય તો ત્યાં સ્વભાવમાં જા ને! અહા! ત્યાં તને આખો ભગવાન આત્મા જણાશે.

પૈસા તો ધૂળ છે. આખો દી પૈસા અને બાયડી-છોકરાંની મમતા કરી મરીને જાશે ઢોરમાં. પુણ્ય-પરિણામનાં તો ઠેકાણાં ન હોય, ધર્મ સમજવા માટે શાસ્ત્રસ્વાધ્યાય કે શ્રવણ-મનનનો વખત પણ લે નહિ, એક વખત એની માનેલી સામાયિક કરી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવી, જાત્રા કરી આવવી,—બસ થઈ ગયો ધર્મ, એમ માની લે. પણ ભાઈ! જાત્રા કે માળા ફેરવવી એ ધર્મ નથી, પણ શુભ રાગ છે, પુણ્ય છે. પ્રભુ! તને જાણવાની ઇચ્છા થતી હોય તો બધું ત્યાં તારા આત્મામાં છે, આત્માની સાધના કર. પોતે જ્ઞાયક એટલે કે જાણનારો છે તે જાણનારપણે જણાશે; પોતે જાણનારો જાણવાની પર્યાય અંદરથી પ્રગટ કરશે. પૂર્ણતા પ્રગટતાં પૂર્ણ આનંદ પ્રગટ થશે, સાથે લોકાલોક પ્રમેયરૂપે જણાશે. આત્માની સાધના કરવાથી લોકાલોક જણાઈ જશે, બહાર જોવું નહિ પડે.

બહુ શાસ્ત્ર વાંચે તો બહુ જ્ઞાન થઈ જાય—એવું નથી. શાસ્ત્રને જાણવામાં પણ વિકલ્પ ને રાગ છે. એ તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં—સ્વભાવમાં—આવીને એવી દશા પ્રગટ કર કે જેમાં લોકાલોક જણાઈ જાય. અરેરે! આવું વસ્તુસ્વરૂપ સમજવાને જીવને નવરાશ ક્યાં છે?! આવો કીમતી સમય નકામો જાય છે!

પ્રશ્ન:—બાવા થઈએ તો આ બધું સમજાય?

ઉત્તર:—ભાઈ! તું બાવો જ છો. એ સ્ત્રી-પુત્ર વગેરે બધા પરપદાર્થ તારામાં છે જ ક્યાં? શરીર ને પુણ્ય-પાપ વગેરેથી તો તું રહિત જ છો, બાવો જ છો, નિવૃત્તસ્વરૂપ જ છો. નિવૃત્તસ્વભાવી તારા આત્માને જાણવાની ભાવના—સાધના કરતાં પૂર્ણતા પ્રગટવાથી તને બધું જણાશે.

**'જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે.'**

શું કહ્યું? લોકાલોક કેવળજ્ઞાનમાં આવતા નથી, છતાં કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. લોકાલોક લોકાલોકમાં રહે છે, એ જ્ઞાનમાં પેસી જતા નથી; તેઓ જ્ઞાનમાં આવ્યા વિના—પ્રવેશ્યા વિના તે બધી ચીજોને જાણી લેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. સ્વ-પરને જાણવું એ જ્ઞાનનું સ્વરૂપ છે.

સ્વ-પરને જાણનારી પર્યાય પોતાની છે; પણ એ પર્યાય કોના આશ્રયે પ્રગટે? —એ વાતના જગતને વાંધા છે. જેમાં એ જ્ઞાનાદિ શક્તિઓ ભરી પડી છે એમાંથી આવે? કે જેમાં નથી એમાંથી આવે? પ્રભુ! એક વાર વિચારીને અંદર શ્રદ્ધામાં તો લે કે—હું કેવળજ્ઞાન આદિ શક્તિઓથી ભરપૂર પૂર્ણ પદાર્થ છું; એ સ્વરૂપને સાધતાં ભલે લોકાલોક જ્ઞાનની પર્યાયમાં ન આવે, છતાં તેને સંપૂર્ણપણે જાણે એવી મારી પર્યાય થશે જ. લોકાલોકને જ્ઞાનની પર્યાય ન અડે, ને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક ન આવે, છતાં તેને જાણનારું તારું જ્ઞાન તને તારામાં પ્રગટ થશે જ. કેવળજ્ઞાનમાં બધું જણાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે.’**

ભગવાન આત્મા પોતે જાણનાર તત્ત્વ છે; શરીર, રાગ એ કોઈ જાણનાર તત્ત્વ નથી. પુણ્ય-પાપ, શરીર, વાણી એ શું જાણનાર તત્ત્વ છે? એ બધાં અજ્ઞાનતત્ત્વ, જડતત્ત્વ છે. જાણકતત્ત્વ જાણનભાવે પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી. જેના આદિ-અંત નથી તેનું પણ તેને પરિપૂર્ણ જ્ઞાન થઈ જાય છે. ‘દ્રવ્યની પહેલી પર્યાય કઈ? પહેલો સિદ્ધ કયો? જીવ અનાદિથી નિગોદમાં રહ્યો હતો ત્યાં નિગોદમાંનો પણ પહેલો ભવ કયો?—એ બધું કઈ રીતે જાણવામાં આવે?’ અનાદિમાં ‘પહેલું આ’ એવું છે નહિ, એમ બરાબર જણાઈ જાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં એની જાણ બહાર, એના ખ્યાલ બહાર, કોઈ વાત રહેતી નથી. સાથે સાથે આનંદ આદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. જાણનારો જાણવારૂપે પૂર્ણપણે પરિણમતાં તેને બધું જણાઈ જાય છે, તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદ, શાન્તિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ પર્યાયોની અનેક નવીનતાઓ પ્રગટે છે. અનંતકાળમાં થઈ નથી એવી નવીનતાઓ પ્રગટે છે. એ પ્રગટે છે, પણ શક્તિરૂપે તો અંદર છે. એવા નિજ આત્માને જાણતાં, જાણનારો પરિપૂર્ણપણે પરિણમતાં, એની પર્યાયમાં આનંદ આદિની નવીનતા પ્રગટે છે. ત્યાં પૂર્ણતા થતાં સિદ્ધપદ પ્રગટ થશે જ.

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે—છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી —દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહમાંથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૨૨

તા. ૨૭–૬–૭૮

## વચનામૃત—૭૧

**ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભુત-પણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. ૭૧.**

**'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે.'**

મુનિદશા કેવી હોય? અહાહા! મુનિદશા શું કહેવાય! મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ એનો વેષ છે, એને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ અને પર્યાયનો પરિગ્રહ હોય છે. જેને આત્માના જ્ઞાન, સુખ આદિ અનંત ગુણો ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત વીતરાગ નિર્મળ પર્યાયોનો પોતાના અનુભવમાં પરિગ્રહ હોય છે તેને મુનિદશા કહીએ. પરિ= સમસ્ત પ્રકારે, અને ગ્રહ=પકડવું. જેણે સમસ્ત પ્રકારે અંદર પોતાના જ્ઞાનાદિ ગુણો ને નિર્મળ વીતરાગ પર્યાયોને પકડી છે, તેવી સહજદશારૂપ જેને પરિણમન થયું છે, તેને મુનિદશા કહેવાય. અહા! મુનિદશા એટલે શું કહેવું? એ તો કેવળજ્ઞાનની તળેટી છે. મુનિને અંતરમાં આનંદ આદિ અનંત ગુણો અને તેની અનંત શુદ્ધ નિર્મળ પર્યાયોનો—પ્રચુર અતીન્દ્રિય સ્વસંવેદનનો—પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલન-કષાયનો એક અંશ જરા હોય છે; પણ ઘણો વિભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—અનંતાનુબંધી વગેરે ત્રણ કષાયનો વિભાવ—છૂટી ગયો હોય છે. મહાવ્રત આદિ ૨૮ મૂળ ગુણના વિકલ્પનો મંદ રાગ—શુભ રાગ—રહી ગયો હોય છે. એવી અંતરંગ સહજદશાને નિર્ગ્રંથ મુનિદશા કહે છે.

**'બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે,'**

મુનિને બહારમાં શ્રમણપર્યાયને સહકારી કારણરૂપે—સાધુની નિર્મળ વીતરાગી પર્યાયના સહકારી નિમિત્તરૂપે, સાથે રહેનાર કારણભૂતપણે—દેહમાત્ર પરિગ્રહ હોય છે. શ્રીમદ્‌ના 'અપૂર્વ અવસર'માં આવે છે ને!—

સર્વ ભાવથી ઔદાસીન્ય-વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.

મોરપીંછી ને કમંડળ હોય છે. કોઈ વખત—દયા તથા શરીરશુચિના વિકલ્પ કાળે—તેના તરફ લક્ષ જાય. તેને બાહ્ય પરિગ્રહમાં ગણ્યાં નથી; સંયમદશામાં નિમિત્તપણે એ હોય છે. શરીર તો કર્મના ઉદયથી મળેલી, છોડી ન જાય એવી ચીજ છે. અહો! ધન્ય તે મુનિદશા! જ્યાં બહારમાં, સંયમદશાના સહકારી નિમિત્તપણે શરીરમાત્ર પરિગ્રહ હોય છે.

પ્રશ્ન:—તે મુનિદશા કેવી હોય છે?

ઉત્તર:—મુનિરાજ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. અહા! કેવી ભાષા વાપરી છે! સાધુપણું કોઈ જુદું જ છે, બાપુ! વિજ્ઞાનનો ઘન એવો જે નિજ ભગવાન આત્મા, તેમાં તેઓ અંતર્નિમગ્ન છે. નિમગ્નપણું એ પર્યાય છે, પણ એ ત્રિકાળી એકાકાર વિજ્ઞાનઘન-સ્વભાવમાં નિમગ્ન છે, ડૂબેલી છે. અહા! એ દશા વિના મુક્તિ નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપ-આચરણ ચોથે ગુણસ્થાને હોય, પરંતુ એટલાથી જ સંપૂર્ણ મુક્તિ થતી નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ નિર્ગ્રંથ ચારિત્રદશા આવે એનાથી મુક્તિદશા પ્રાપ્ત થાય છે. બહારમાં વેષ ધારણ કરી લે—નગ્નપણું લઈ લે—ને પંચ મહાવ્રત વગેરે પાળે એ કોઈ મુનિદશા નથી.

**'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે;'**

મુનિને તો કોઈ જાતનો પ્રતિબંધ નથી. તેમને સહજશુદ્ધાત્મસ્વરૂપ આત્માની અરાગી નિર્વિકારી પર્યાય રાગાદિના કોઈ પણ પ્રતિબંધથી સહજપણે ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે. ભલે પર્યાયમાં અસ્થિરતાનો થોડો રાગ હોય પણ, બહારના કોઈ પણ પ્રતિબંધમાં રોકાતા નથી. તેમને સ્વાભાવિક આનંદ, સ્વાભાવિક શાંતિ-ચારિત્ર-વીતરાગતા વગેરે સહજદશા થઈ ગઈ હોય છે. સર્વજ્ઞના પંથે ચાલનારા, અલ્પ કાળમાં સર્વજ્ઞદશા લેનારા એવા તે મુનિઓની સહજ દશા કેવળજ્ઞાનની તળેટી છે. તળેટીમાં નીચે ઊભા છે તે ચડવા માટે. યાત્રામાં પહાડ પર ચડવા માટે પહેલાં તળેટીમાં જાય છે ને! અહા! એ મુનિપણું પ્રતિબંધરહિત સહજ દશા છે.

**'શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી.'**

શું કહે છે? તમારે એક કલાક વ્યાખ્યાન આપવું પડશે, પાઠશાળાનું આટલું ધ્યાન રાખવું પડશે, તમારા નામની પાઠશાળા ચાલે છે એટલે તેના માટે પૈસાનું આટલું દાન મેળવી આપવું પડશે—એવા કોઈ પણ પ્રતિબંધ મુનિને હોતા નથી.

પ્રશ્ન:—ભગવાનનાં દર્શન કરવા જાય?

ઉત્તર:—હા, જાય; પણ જવું જ જોઈએ એવો પ્રતિબંધ નથી. ક્યાંય જંગલમાં, અતીન્દ્રિય આનંદમાં રમતાં, એકલા વસતા હોય તો ન પણ જાય. શ્રાવકને દેવપૂજા વગેરે ષટ્ કર્મ હોય, કેમ કે તે હજુ ગૃહસ્થાશ્રમમાં છે. મુનિઓ તો ક્યાંય વનમાં વિચરતા હોય છે; તેમને હંમેશાં ભગવાનનાં દર્શન કરવાં જ—એવો પ્રતિબંધ હોતો નથી. તેઓ તો હંમેશાં ભગવાન આત્માનાં દર્શનમાં—અતીન્દ્રિય આનંદના વેદનમાં—જ પડ્યા છે.

શિષ્યોને ભણાવવાનો, સમાજને ઉપદેશ આપવાનો કે એવો બીજો કોઈ પણ પ્રતિબંધ મુનિને હોતો નથી. અહા! મુનિદશા કોને કહેવાય! એ તો વિજ્ઞાન-ઘનસ્વભાવમાં અંતર્નિમગ્ન અતીન્દ્રિય આનંદસ્વરૂપ અદ્ભુત અણગારદશા છે. એમને પંચ મહાવ્રત વગેરેના વિકલ્પ હોય, સંયમના હેતુએ શરીરમાત્ર પરિગ્રહ હોય, બાકી ઘણો વિભાવ છૂટી ગયો છે, બાહ્યમાં પણ વસ્ત્ર-પાત્ર રહિત નિર્ગ્રંથ દશા છે. એવા મુનિરાજને કોઈ પણ કામ માથે લેવાનું બંધન હોતું નથી.

પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં કહ્યું છે કે મુનિ કર્મપ્રક્રમનો એટલે કોઈ પણ કામની વ્યવસ્થાનો બોજો માથે લે જ નહિ. જ્યાં વીતરાગપણું પ્રગટ્યું છે, અતીન્દ્રિય આનંદની લહેર ને મજામાં પડ્યા છે ત્યાં તેમાંથી બહાર નીકળવું કેમ ગમે?

અહાહા! જેને એકલા થઈને રહેવું છે સાદિ-અનંત સિદ્ધપણે, તેને તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધનદશા પણ એવા પ્રકારની જ હોય. ત્યાં એકલાપણું—બીજાને પ્રતિબોધ કરવા વગેરેનો પ્રતિબંધ ન હોય. શિષ્યો બનાવ્યા માટે રોજ એને કલાક-બે કલાક વાંચણી વગેરે થોડું થોડું દેવું જ પડે એવું નથી. પંચપરમેષ્ઠીમાં સાધુની દશા આવી હોય છે. એનું જેને જ્ઞાન નથી અને જેને-તેને સાધુ માની બેસે, તેણે પંચપરમેષ્ઠીને ઓળખ્યા નથી તેથી તેને વ્યવહાર-શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી.

**'સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.'**

મુનિને અતીન્દ્રિય આનંદમાં લીનતા વિશેષ વધતી જ જાય છે. શ્રીમદ્‌માં સમયે સમયે અનંતગણા વૃદ્ધિગત સંયમપરિણામની વાત આવે છે. ભગવાન આત્માનો જેને હજુ પૂર્ણ આશ્રય થયો નથી, પૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને મધ્યમ દશા વર્તે છે, તેને સંયમના પરિણામ વધતા જ જાય છે. પૂર્ણ આશ્રય લે તો કેવળજ્ઞાન થઈ જાય. જો જરા પણ આશ્રય લીધો ન હોય તો તે સમ્યગ્દૃષ્ટિ જ નથી. મધ્યમ આશ્રયમાં—મધ્યમ વીતરાગદશામાં—વર્તે છે તેને સ્વરૂપમાં લીનતા વધતી જ જાય છે. મુનિપણું આવું હોય છે.

—o—

## વચનામૃત—૭૨

**અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. 'નિશ્ચય-નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ૭૨.**

**'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા.'**

ટાંકણાથી પથ્થરમાં કોતરેલા ચિત્રની જેમ, જેનું ત્રિકાળ ટંકોત્કીર્ણ પૂર્ણસ્વરૂપ સદા શુદ્ધ છે એવા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનો—શાશ્વત એકરૂપ પદાર્થનો—આશ્રય કરીને, સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં, પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા છે. 'ધવલા'માં આવ્યું છે કે, કેવળજ્ઞાન પામવાને છેલ્લો અંતર્મુહૂર્ત કાળ રહે ત્યારે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે-જાય. અખંડ દ્રવ્યનો આશ્રય ગ્રહણ કરીને ક્ષણમાં પ્રમત્ત અને ક્ષણમાં અપ્રમત્ત—એમ અંતર્મુહૂર્તમાં હજારો વાર, ઝૂલાની માફક, ઝૂલે છે. તેને મુનિદશા કહે છે.

**'મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિથી રાગની એકતામાં જે ઊંઘતા પડ્યા હતા તે હવે, રાગની ભિન્નતા કરીને, અંદર જ્ઞાન ને આનંદમાં જાગીને, જાગતા જીવે છે. જાગતો જીવ—જ્ઞાયક પર્યાયમાં જાગતો ઊભો છે. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં ત્યાં સુધી લીધું છે કે—જેમ અરિહંત છે તે નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે, તેમ અમારા ગુરુ-મુનિ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. દેવ અને ગુરુ બેઉ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે તેથી એક અપેક્ષાએ બન્ને સરખા છે. અહા ! આવી મુનિદશા છે ! કાયરનાં કામ નથી.

મુનિને આત્માના આનંદનો વીરરસ જાગ્યો છે તેથી એ નિરંતર જાગૃત છે. ભલે છઠ્ઠે ગુણસ્થાને આવે તોપણ અંદરમાં તો નિરંતર જાગૃત જ છે. જ્ઞાતાદ્રષ્ટાપણું ને શુદ્ધ પરિણતિ છઠ્ઠે પણ વર્તે છે. અહા! મુનિદશાની વ્યાખ્યા આવી છે!

**'મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે.'**

મુનિ અતીન્દ્રિય આનંદમાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે; અતીન્દ્રિય જ્ઞાનની જાગૃતિની જગતને ખબર નથી. મોક્ષપાહુડમાં આવે છે ને!—

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં.

મુનિઓ જ્યાં જાગે છે ત્યાં ગૃહસ્થ ઊંઘે છે ને ગૃહસ્થ જ્યાં જાગે છે ત્યાં મુનિ ઊંઘે છે. ગૃહસ્થો રાગમાં જાગે છે ત્યાં મુનિ ઊંઘે છે-વીતરાગ થઈ ગયા છે. મુનિરાજને સ્વરૂપમાં જાગૃતિ છે. ભલે છઠ્ઠે ગુણસ્થાને આવે, મહાવ્રત આદિના પ્રમાદજનિત વિકલ્પ આવે, તોપણ ત્રિકાળી જ્ઞાન-દર્શનસ્વભાવને અવલંબીને પર્યાયમાં જ્ઞાતાદ્રષ્ટાપણાની જાગૃતિ ઉગ્ર પ્રગટ થઈ છે; તેથી તે, જાગતી જ્યોત ચૈતન્યમાં જ બેઠા છે; નગ્નદશામાં કે પંચમહાવ્રતના વિકલ્પમાં એ બેઠા નથી. નગ્નદશા તો અજીવ શરીરની અવસ્થા છે, ને મહાવ્રત તો આસ્રવ છે. જાગતી જ્યોત અજીવ ને આસ્રવમાં રહી નથી. અહા! મુનિરાજનું આવું સ્વરૂપ છે !

વસ્ત્ર-પાત્રનાં પોટલેપોટલાં રાખે ને એમાં મુનિપણું માને-મનાવે એ તો ગજબની વાત ! સ્ત્રીને મુનિપણું ને કેવળજ્ઞાન ઠરાવે, સ્ત્રીને તીર્થંકર ઠરાવે, મલ્લિનાથ સ્ત્રી હતા એમ કહે—એ બધું મિથ્યાત્વ ને ગપેગપ છે. અરે બાપુ! એવું હોય નહિ. જેમના દાસ ચક્રવર્તી, બળદેવ-વાસુદેવ તથા ઈંદ્રો સ્ત્રી હોય નહિ એવા એ, ત્રણ લોકના અધિપતિઓના સ્વામી તીર્થંકરને સ્ત્રી ઠરાવે—એ તો પ્રભુ! બહુ ફેરફાર કરી નાખ્યો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તો, દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા હોય તેને પણ ખબર નથી કે સાચી મુનિદશા કેવી હોય! મુનિરાજ જાગે છે ત્યાં જગત ઊંઘે છે. જાગૃત દશા શું? ને ઊંઘવું શું? એની તો જગતને ખબર નથી. અંદર ચૈતન્યની જાગૃત દશાની—એટલે કે જ્ઞાન, દર્શન ને આનંદરૂપ દશાની—જગતને ખબર નથી.

જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. જગતનાં પ્રાણીઓ તો પુણ્ય ને પાપના રાગમાં જાગતાં જ પડ્યાં છે; સ્ત્રી, પુત્ર, કુટુંબ એ બધું પર છે તેને પોતાનું માને છે. જે પોતાનું નથી તેને પોતાનું માનીને રાગ ને વિકારમાં જગત જાગે છે, નિર્વિકારમાં અજાગૃત છે—ઊંઘે છે. લોકો પરમાં ને રાગમાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘી ગયા છે, તે તરફનો રાગ છૂટી ગયો છે. તે તરફનું મુનિને લક્ષ જ નથી, અંદર જ્ઞાન ને આનંદની જાગૃતિમાં પડ્યા છે.

અહીં તો મુનિની વાત લેવી છે ને? મુનિને પ્રચુર સ્વસંવેદન હોય છે. પ્રચુર વિશેષણ વાપરવામાં હેતુ છે. સમ્યગ્દર્શન થતાં વેદન સમ્યક્ આવે, પણ પ્રચુર ન આવે. મુનિદશામાં, ત્રણ કષાયનો અભાવ થવાથી, પ્રચુર સ્વસંવેદન હોય છે. આત્મા સિવાય રાગાદિના વિકલ્પમાં સાવધાની કરીને પડ્યા છે તે સ્વરૂપથી ઊંઘી ગયા છે—વિમુખ થઈ ગયા છે; અજ્ઞાન-અંધકારને જાગૃતદશા માનીને પડ્યા છે. સંસારી જીવો પુણ્ય-પાપના ભાવ અને તેનાં ફળ તરીકે કુટુંબ-કબીલામાં સાવધાન થઈને જાગે છે, તેમાં મુનિરાજ ઊંઘી ગયા છે, તે પ્રત્યેની સાવધાની છૂટી ગઈ છે ને અંદર અતીન્દ્રિય આનંદદશામાં લીન થઈ ગયા છે. સમાધિતંત્રમાં કહ્યું છે ને!—

સૂતો જે વ્યવહારમાં તે જાગે નિજમાંય;
જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય.

મુનિરાજ વ્યવહારમાં સૂઈ ગયા છે ને નિજકાર્યમાં સદા જાગૃત છે. જગત વ્યવહારમાં—પરમાં ને વિભાવમાં—જાગૃત છે ને નિજ આત્માના કાર્યમાં સૂતું છે, અજ્ઞાન-અંધકારમાં પડ્યું છે.

**‘નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.’**

એને સમયસારની ૨૭૧ મી ગાથાનો આધાર આપ્યો છે. વ્યવહારનો આશ્રય નથી તે નિશ્ચયમાં જાગૃત છે. સ્વરૂપના આશ્રયે જે જાગૃત દશા થઈ તેનાથી મુનિરાજ નિર્વાણની પ્રાપ્તિ કરે છે; વ્યવહારના આશ્રયે નહિ.

અન્યમતમાં પણ આવે છે: જ્યાં જગત ઊંઘે છે ત્યાં ધર્મી જાગે છે ને જ્યાં ધર્મી જાગે છે ત્યાં જગત ઊંઘે છે. પણ અહીં આ વાત તો અલૌકિક છે. મુનિરાજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ ઘરમાં જાગે છે ને પરઘરથી ઊંઘી ગયા છે; લોક પરઘરમાં જાગે છે ને નિજ ઘરથી ઊંઘી ગયા છે. જ્ઞાનીની સાવધાની અંતરમાં છે, પરમાં સાવધાની છૂટી ગઈ છે.

'નિશ્ચયનયાશ્રિત મુનિવરો...' નો અર્થ એમ છે કે, નિશ્ચય જે ત્રિકાળી દ્રવ્ય છે તેના આશ્રયે જે નિર્મળ પરિણતિ પ્રગટ થાય તેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. નિશ્ચય તો ત્રિકાળી દ્રવ્ય છે, તેના આશ્રયે વીતરાગ પરિણતિ થઈ તે પણ નિશ્ચય છે. આ વીતરાગ પરિણતિ તે પર્યાયનો નિશ્ચય છે. અહીં નિશ્ચય દ્રવ્ય નિર્મળ પર્યાયનો આશ્રય છે; પર્યાયે આશ્રય કર્યો છે દ્રવ્યનો; તે આશ્રય લેનારી પર્યાયને પણ નિશ્ચય કહ્યો છે ને તે નિશ્ચયના આશ્રયે—નિશ્ચયરૂપ પરિણમવાથી—મુનિ મુક્તિને પ્રાપ્ત કરે છે. વ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહાર છે તે વાત અહીં લેવી નથી. પરમાર્થવચનિકામાં દ્રવ્ય તે નિશ્ચય ને મોક્ષમાર્ગની પર્યાય તે વ્યવહાર—એમ કહ્યું છે. તે અહીં લેવું નથી. અહીં તો દ્રવ્યના આશ્રયે જે પરિણતિ પ્રગટી છે તે શુદ્ધ પરિણતિ નિશ્ચય છે. મોક્ષ ને મોક્ષનો માર્ગ પર્યાય છે. મોક્ષમાર્ગની પર્યાયના આશ્રયે ખરેખર મોક્ષ થતો નથી, દ્રવ્યના આશ્રયે મોક્ષ થાય છે; પણ દ્રવ્યના આશ્રયે પ્રગટેલું મોક્ષમાર્ગનું પરિણમન દ્રવ્યની જાતનું છે, રાગની જાતનું નથી, વ્યવહારની જાતનું નથી—એમ બતાવવા મોક્ષમાર્ગરૂપ પર્યાયને અહીં નિશ્ચય કહેલ છે.

—૦—

## વચનામૃત—૭૩

**દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દૃઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ. મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે. ૭૩.**

**'દ્રવ્ય તો નિવૃત્ત જ છે.'**

આત્મવસ્તુ છે તે સંસારના પ્રત્યેક ભાવથી રહિત, સમસ્ત વિકલ્પથી રહિત, નિવૃત્ત જ છે. પરના ગ્રહણના અભાવસ્વરૂપ જ એનો સ્વભાવ છે. શરીર, વાણી આદિ પરના ગ્રહણસ્વરૂપ નહિ, પણ ત્યાગસ્વરૂપ જ એનો ગુણ છે. વસ્તુ ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ-શક્તિ સહિત છે, પરના ગ્રહણથી રહિત નિવૃત્તસ્વરૂપ જ છે.

પ્રશ્નઃ—પંચમહાવ્રત લઉં, હિંસા વગેરેનો ત્યાગ કરું—એવો શુભ રાગ આવે છે ને?

ઉત્તર—આત્મા સ્વભાવે સમસ્ત વિકલ્પ રહિત નિવૃત્તતત્ત્વ છે. પરનો ત્યાગ કરું—એવો વિકલ્પ પણ એના સ્વભાવમાં નથી.

**'તેને દૃઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પચખાણની વાત લેવી છે ને? શુભરાગ વચ્ચે આવે, પછી એનો અભાવ કરીને વિશેષ સ્થિરતારૂપ ચારિત્ર થાય. સાથે રહેલા મહાવ્રતાદિના શુભભાવને શુદ્ધિનું કારણ પણ કહેવાય; પરંતુ ખરેખર એમ નથી. પૂર્વે શુભભાવ હતો તેના કારણથી ચારિત્ર થયું છે એમ નથી. પ્રથમ એક એટલો નિર્ણય કર કે દરેક દ્રવ્ય પોતે પોતાની પર્યાય સ્વતંત્રપણે કરે છે; પોતાના કાર્ય માટે તેને કોઈ સંયોગની કે પૂર્વ ક્ષણની અપેક્ષા નથી. આ વાત લક્ષમાં રાખીને શાસ્ત્રનો અર્થ કર તો વાત બેસે. મહાવ્રત લીધાં અને તેની સહાયતા મળી માટે ચારિત્રની સ્થિરતા થઈ છે એમ નથી. આવી વાતો છે!

જ્ઞાયક ચૈતન્યજ્યોત નિર્મળ વિજ્ઞાનઘન એવું આત્મદ્રવ્ય તો સદા નિવૃત્ત જ છે; રાગ ટળે તો નિવૃત્ત થાય એમ નથી; રાગ ટળવો એ તો પર્યાયમાં છે. વસ્તુસ્વભાવ તો નિવૃત્ત જ છે. તેને દૃઢપણે અવલંબીને, તેનો આશ્રય લઈને, ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાઓ. 'દૃઢપણે' એટલે ભવિષ્યનો વિકલ્પ—વિભાવ ઉત્પન્ન ન થાય એ રીતે.

**'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે.'**

સમયસારમાં કહ્યું છે ને?—

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,<br>તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પચખાણ થાય છે. તીક્ષ્ણ જ્ઞાન તે પચખાણ. રાગ છોડું તો પચખાણ થાય એમ તું માને છે, પણ સ્વરૂપમાં રાગ થયો'તો જ કે દી કે તે છોડવો છે? રાગથી તો આત્મા નિવૃત્તસ્વરૂપ જ છે. એવા ત્રિકાળી સ્વરૂપને અવલંબીને ભવિષ્યનો પણ વિકલ્પ ન ઊઠે—એનો આશ્રય લઈને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાઓ!...નિવૃત્ત થાઓ! આત્મા મુક્તસ્વરૂપ છે એ જેના અનુભવમાં આવી ગયું છે, મુક્તિની પર્યાય જેને હાથવેંતમાં છે, મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીખાશથી પચખાણ થાય છે.

મુનિઓને મોક્ષમાર્ગ પ્રગટ થયો છે. મોક્ષમાર્ગની પર્યાયને—શ્રમણને પ્રવચનસારમાં મોક્ષતત્ત્વ કહ્યું છે ને? અને મુનિ થયો હોય છતાં પણ રાગને પોતામાં એકપણે માને તેને સંસારતત્ત્વ કહ્યું છે. અહીં તો મુક્તિ ઝટ મેળવવા માટે અંદર સહજપરિણમનરૂપ દશા થઈ ગઈ છે. મુક્તિ જેના હાથમાં એટલે જેના ભાવમાં આવી ગઈ છે, તે મુનિઓને ભેદજ્ઞાનની તીખી દશા વડે પચખાણ થાય છે. સમકિતમાં ભેદજ્ઞાન તો હતું, પછી ભેદના અભ્યાસથી ચારિત્ર પામે છે. નિયમસાર શાસ્ત્રમાં આવે છે ને?—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

ભેદજ્ઞાનના અભ્યાસથી અંતરમાં સ્થિરતા કરતાં કરતાં, રાગથી જુદો પડતાં પડતાં સંયમી જીવને—મુનિને પચખાણ એટલે કે ચારિત્ર થાય છે. અહા! મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન—ચારિત્ર થાય છે. બહારમાં હાથ જોડીને પચખાણ લે એની આ વાત નથી. અત્યારે તો, દ્રવ્યના સ્વરૂપનીયે ખબર ન મળે, એનું અવલંબન કે આશ્રય શું એની પણ ખબર ન હોય અને લઈ લે સાત પડિમા. અગિયાર પડિમાનું નામ ધારણ કરે પણ વસ્તુના સ્વરૂપની ક્યાં ખબર છે? અહીં તો કહે છે કે ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે; બહારથી ત્યાગ લીધો, પડિમા લીધી, માટે પ્રત્યાખ્યાન થાય છે—એમ નથી.

—o—

## વચનામૃત—૭૪

**જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ. સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર. ૭૪.**

**'જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.'**

પરમાનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાયકપ્રભુમાંથી તારી પરિણતિ જો વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી એટલે કે ઉગ્ર પુરુષાર્થ કરીને ચૈતન્યમાં લગાવ. પછી કરશું, પછી કરશું—એમ નહિ. 'પછી કરશું'માં પછી રહી જશે. પ્રવચનસારમાં આવ્યું છે ને!—'જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે પરમાનંદ-પરિણામે પરિણમો.' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો.'

વળી, સમયસારની પાંચમી ગાથાની ટીકામાં કહ્યું છે કે વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન અમારા ગુરુએ મહેરબાની—કૃપા કરીને જે શુદ્ધ આત્મા બતાવ્યો છે તે અમે કહીએ છીએ; તેને અનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજે. એકત્વવિભક્તસ્વરૂપ શુદ્ધ આત્માનો ઉપદેશ આપવાનો અમે ઉદ્યમ કર્યો છે તેને તું પ્રમાણ કરજે, હા પાડજે. વ્યવહારથી શ્રદ્ધા કરજે એમ કહ્યું નથી. અમે જે કહીએ છીએ તેને, પરનું લક્ષ છોડી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દઈને, તારા આત્મામાં લક્ષ દઈને, અનુભવથી પ્રમાણ કરજે. અહા! દિગંબર સંતોની વાણી તો જુઓ! આ વાત બીજે ક્યાં મળે? અહા! દિગંબર સંતો કે જેમણે પોતાના જ્ઞાયકપરમેશ્વરના હાજરાહજૂર ભેટા કરેલા, એમની, અંદર જ્ઞાયકપરમેશ્વરને પ્રાપ્ત કરવાની જ સીધી વાત! સ્વર્ગમાં જઈશું, પછી ભગવાન પાસે જઈશું, ત્યાં સમકિત પામશું, ને પછી ચારિત્ર પામશું—એમ કહ્યું નથી, એ વાણી સંતોની નહિ. અહીં તો કહે છે કે તું તારો પુરુષાર્થ 'છે' એમાં—પોતાના ચૈતન્યતત્ત્વમાં—ઉગ્રતાથી લગાવ.

**'સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર.'**

ભગવાન આત્મા સ્વમાં આવવાથી સુખમાં-આનંદમાં તેમ જ બીજા જે ગુણો છે તેની બધી પર્યાયોમાં વૃદ્ધિ થશે. બે વાત લીધી છે: (૧) ચૈતન્યમાં પુરુષાર્થ લગાવ એટલે મૂળ ચીજ જે આનંદ, તેની તેમ જ અન્ય ગુણોની પરિણતિમાં શુદ્ધિ તથા વૃદ્ધિ થશે અને (૨) વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. વિભાવમાં જવાથી આકુળતા ને ગુણોની પરિણતિમાં નુકસાન થશે; સ્વભાવમાં જવાથી નિરાકુળ સુખ ને બીજા ગુણોની પરિણતિમાં લાભ થશે. માટે ઉતાવળથી, સ્વભાવ તરફના પુરુષાર્થમાં ઉગ્રતા લાવીને, સ્વરૂપમાં ગતિ કર.

તા. ૧૨-૯-૭૧

બેન( ચંપાબેન )ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા-નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૨૩

તા. ૨૮–૬–૭૮

## વચનામૃત—૭૫

**જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું નથી. જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. સ્વરૂપમાં જ આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે. ૭૫.**

**'જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું નથી.'**

શું કહે છે? સમ્યગ્દષ્ટિ જીવે અતીન્દ્રિય આનંદના ધામને—ધ્રુવ જાગતા ચૈતન્યધામસ્વરૂપ દ્રવ્યસ્વભાવને—અંદર ઓળખી લીધેલ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;'—એવા ધ્રુવ આત્મનું જેને જ્ઞાન થયું છે તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા, અંતર આનંદના નાથમાં દૃષ્ટિ એવી જામી ગઈ, કે બહાર આવવું એને ગોઠે નહિ. એને દેવ-ગુરુ પ્રત્યેના, વાણીશ્રવણના, પુણ્ય ભાવમાં આવવું એ પણ બોજો લાગે.

ટંકોત્કીર્ણ મૂર્તિનો દાખલો છે: પથ્થરમાં, ટાંકણા વડે ઘડાઈને, મૂર્તિ થવાની શક્તિ છે એમ જાણીને તેનું મૂર્તરૂપ આપવા માટે વધારાનો ભાગ કાઢી નાખે છે, પછી એકલું મૂર્તિનું જે સ્વરૂપ છે તે રહી જાય છે; એમ આ ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. મૂર્તિ એટલે રૂપી—એમ નહિ, પણ ચૈતન્યસ્વરૂપ. એ તો અંદર શક્તિરૂપ જે છે તે છે જ. ધર્મી જીવે જાણી લીધું કે આ આત્મા અંદર ચૈતન્યસ્વરૂપ આનંદની મૂર્તિ છે, પછી પોતે સ્વરૂપમાં ઠરીને જે બહારની ચીજ હતી તેનો—શુભાશુભ વિભાવનો—અભાવ કરીને સ્વરૂપ હતું એમ રાખ્યું. અહાહા! આકરી વાતો છે; વીતરાગ માર્ગ સૂક્ષ્મ બહુ! લોકોએ તો બધું (ધર્મ) બહારમાં—ક્રિયાકાંડ ને પ્રવૃત્તિમાં મનાવી દીધું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભાશુભ રાગના વિકલ્પ વિનાની, અરે! એક સમયની પર્યાય વિનાની, અખંડ ચૈતન્યવસ્તુને જેમણે જાણી લીધી, એ ધ્રુવ દ્રવ્યસ્વભાવની અંદર સમ્યગ્દર્શનમાં પ્રતીતિ કરી અને 'આ જ હું છું'–એમ અતીન્દ્રિય આનંદસ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન વડે તેમાં જ રહેવાની—ઠરવાની જેમને પરિણતિ થઈ, તેઓ સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે એમાંથી બહાર આવવું ગમતું જ નથી.! સમયસાર-નાટકના મોક્ષ-અધિકારમાં કહ્યું છે ને!—

ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।
परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर ॥ ४० ॥

નિર્મળ વિજ્ઞાનઘનસ્વરૂપ આનંદધામમાં જે અંતર્નિમગ્ન થયા છે એવા મુનિરાજને છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રત વગેરેનો વિકલ્પ ઊઠે છે તે પ્રમાદ છે; એટલો રાગ પણ જગપંથ છે—સંસારપંથ છે; અને અંતર આનંદસ્વરૂપમાં જામી જવું, રાગ વિના નિર્વિકલ્પપણે અંદર રમવું, એ શિવનો—મોક્ષનો મારગ છે અને એ જ શિવ-મોક્ષ છે. જેમને પૂર્ણસ્વરૂપનાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ રમણતા વડે અંદર સ્વાદમાં આનંદ આવ્યો છે એવા મુનિરાજને બહાર આવવું ગોઠતું જ નથી.

**'જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે.'**

ચક્રવર્તી રાજાને દેવોએ બનાવેલા, સુખસાહેબીથી ભરેલા, પાંચ ઊંચા અલૌકિક મહેલો હોય છે; તેને એ સગવડતાના સુખમાંથી બહાર આવવું ગમતું નથી. તેમ, જે આનંદસ્વરૂપ એવા ચૈતન્યમહેલમાં, અંદર દૃષ્ટિ કરીને, બિરાજી ગયા છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને સ્વરૂપના અનુભવમાંથી બહાર નીકળવું ગોઠે નહિ. અશુભ રાગ તો ગોઠે નહિ—અશુભ તો પાપ છે, દુઃખ છે—પણ દયા-દાન કે વ્રતાદિનો શુભ રાગ પણ દુઃખ ને બંધનનું કારણ હોવાથી ગોઠે નહિ. અહા! આવી વાત છે!

જેને અંદર જ્ઞાનાનંદમૂર્તિ ચૈતન્યપ્રભુની ઓળખાણ થઈ તેને એ આનંદની ખાણમાંથી બહાર આવવું ગોઠતું નથી, ચૈતન્યના મહેલમાં બિરાજી ગયેલાને બહાર આવવું મુશ્કેલ પડે છે. અંદર સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ધ્રુવ ચૈતન્યધામ ભગવાન આત્માનું જેને ભાન થયું છે તેને એ અતીન્દ્રિય આનંદની ખાણમાંથી બહાર આવવું કઠણ પડે છે. ધર્મીને અશુભભાવમાં તો દુઃખ લાગે, પણ શુભભાવમાંયે દુઃખ લાગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ચાર શેર ઘી પાયેલો બદામનો મેસૂબ મળે એને બીજી સાધારણ ચીજ ગમે નહિ; એમ અંદર અતીન્દ્રિય આનંદનો મેસૂબ જેણે ચાખ્યો તેને તેમાંથી બહાર આવવું દુઃખ લાગે છે. અહા! ભારે વસ્તુ બાપુ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે, ને વસ્તુસ્વરૂપ પણ એમ જ છે.

ચૈતન્યધામનું—જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણની ખાણનું—સ્વરૂપ જેણે જોઈ લીધું તેને તે ધામમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે છે; તે બહાર આવી જાય, તેને શ્રવણ, પૂજા અને ભક્તિ વગેરેના વિકલ્પો આવે, પણ અંદર ચૈતન્યધામમાંથી જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે તેમાંથી એને બહાર નીકળવું કઠણ પડે છે. જેને ચક્રવર્તીનું રાજ હોય, ૯૬ હજાર રાણી હોય, ૧૬ હજાર દેવો સેવા કરતા હોય, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ ને ૯૬ કરોડ ગામ હોય એવા ચક્રવર્તી રાજા અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્ર લેવા વનમાં ચાલ્યા જાય છે, આ બધું એક ક્ષણમાં બળખાની જેમ છોડી દે છે. અહા! મારો પ્રભુ જે આનંદસ્વરૂપ છે ત્યાં મારે વસવું છે, એ મારું ધામ છે. અહા! સમજાય છે કાંઈ? આ તો સાદી ભાષા છે...ગુજરાતી. અંદર આનંદધામ ચૈતન્યમહેલમાં બિરાજી રહેલાને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું બોજો લાગે છે.

જુઓ તો ખરા! મુનિને પણ વ્રતાદિની વૃત્તિ આવે, એની ભૂમિકા પ્રમાણે વ્યવહારના વિકલ્પો હોય, પણ જેમાં ડૂબકી માર્યે શાંતિ ને આનંદ આવે એવો જે આનંદનો નાથ, અનાકુળ શાંતિનો સાગર ભગવાન આત્મા, તેમાંથી બહાર નીકળવું એને બોજો લાગે છે, બહાર નીકળતાં દુઃખ લાગે છે. જેણે ચૈતન્યપણું જ ધારી રાખ્યું છે, અતીન્દ્રિય આનંદ જ ધ્રુવપણે ધારી રાખ્યો છે તે સર્વોત્કૃષ્ટ ચૈતન્યધાતુમય પ્રભુનું જ્યાં જ્ઞાન થયું, તેની કિંમત થઈ, તેને બહારની બધી હોંશ ઊડી જાય છે, બહારમાં આવવું ભારે બોજો લાગે છે. જ્યાં અંદર આનંદધામ જ્ઞાયકપ્રભુનું ભાન થયું ત્યાં શુભરાગરૂપ વ્યવહાર પણ, જાણે કે હળવી ચીજ ઉપર લોઢાના મોટા મણિકા મૂકયા હોય તેમ, બોજો લાગે છે. જ્યાં સુધી સંપૂર્ણ વીતરાગ થયો નથી ત્યાં સુધી વ્યવહાર આવે પણ એ બોજો લાગે.

અહા! દિગંબર જૈનધર્મ—વીતરાગ જૈનદર્શન—સિવાય બીજે કયાંય આ ચીજ છે જ નહિ. અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતાં-ઝૂલતાં વિકલ્પો આવ્યા ને શાસ્ત્ર રચાઈ ગયાં. શાસ્ત્ર રચવાના એ વિકલ્પ પણ બોજો લાગ્યો.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીને અશુભભાવ પણ આવે; શુભભાવ તો મુનિને પણ ૨૮ મૂળગુણ, પંચમહાવ્રત તથા અચેલપણાના-નગ્નપણાના આવે; પણ અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શનમાં સ્વરૂપની સંપદા જોઈ છે-અનુભવી છે તેથી તેને તે રાગની પામરતામાં આવવું મુશ્કેલ પડે છે, બોજો લાગે છે, દુઃખ લાગે છે. અહા! આવો માર્ગ છે.

બહાર આવવું તે, આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. દરેક આત્મા પૂર્ણાનંદથી ભરેલો, અનંત ગુણોનો ભંડાર ભગવાન છે. જેને એની ઓળખાણ કરીને રુચિ થઈ, એની નિર્મળ દૃષ્ટિ થઈ, તેને તે આનંદધામમાંથી બહાર આવવું, આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે. સમયસારમાં આવે છે ને!—

જયમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

અહા! જ્ઞાન બહારનું શું કરે? એ તો દૃષ્ટિની જેમ માત્ર જાણે—ઉદયને જાણે, નિર્જરાને જાણે, બંધને જાણે ને મોક્ષને જાણે. અહાહા! જાણનારને અતીન્દ્રિય આનંદના સ્વાદમાંથી બહાર નીકળવું તે આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે.

**'સ્વરૂપમાં જ આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.'**

અનાકુળ નિત્યાનંદનો નાથ જે સહજાત્મસ્વરૂપ નિજ જ્ઞાયકભગવાન, તેમાં જે આસક્ત થયો તેને રાગ ને પુણ્યના પરિણામની આસક્તિનો રસ તૂટી ગયો. આત્મા અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણોનો મહાસાગર છે. અસંખ્ય યોજનના વિસ્તાર-વાળા છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રના તળિયે રેતી નથી, એકલાં રતનો ભર્યાં છે, એમ આ ચૈતન્યસ્વયંભૂમાં પુણ્ય-પાપના વિકાર નથી, પરંતુ અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્વચ્છતા, પ્રભુત્વ વગેરે અનંતાં રત્નો ભર્યાં છે. અહા! ચૈતન્યનાં અનંત રત્નોથી ભરપૂર સ્વયંભૂ એવા ભગવાન આત્માનું સ્વરૂપ એ શી ચીજ છે? જીવે એ કદી સાંભળ્યું નથી, જોયું નથી. અનંતગુણભંડાર એવા ભગવાન આત્માની પાસે રાગનું કામ કરાવવું તે આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું છે. સ્વરૂપમાં જ આસક્ત થયો તેને બહારની આસક્તિ તૂટી ગઈ છે.

પૂર્ણ વીતરાગ થયો ન હોય ત્યાં સુધી વિકલ્પ આવે, પણ એનો આદર નથી; આદર તો શુદ્ધ આત્માનો છે—ઉપાદેય તો અંદર શુદ્ધ ચૈતન્યપ્રભુ છે; રાગ આવે તે હેય છે, બોજો લાગે છે. હવે, જે બોજો લાગે—હેય લાગે—તેનાથી નિશ્ચય કેમ પમાય?

પ્રશ્ન:—વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાય ને?

ઉત્તર:—વ્યવહારથી નિશ્ચય પમાય—એમ છે નહિ. વીતરાગનો એ માર્ગ નથી. વ્યવહારની—શુભ રાગની રુચિ છોડીને ત્રિકાળી જ્ઞાયકભગવાન ઉપર દૃષ્ટિ કર તો સમ્યગ્દર્શન થશે. વ્યવહારના સહકારથી નિશ્ચય ધર્મ થશે—એમ નથી. અરેરે! લોકોએ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્તથી થાય ને વ્યવહારથી થાય—એમ જિનેશ્વરદેવના નામે ગડબડ કરી નાખી છે. અહા! આવો મનુષ્યભવ મળ્યો બાપુ, એમાં વળી ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની વાણી મળી! એ સિવાય બીજે ક્યાંય આત્માની આ વાત છે નહિ.

અહીં તો કહે છે કે—ધર્મીને ચૈતન્યના-આનંદના નિર્વિકલ્પ સ્વાદ આગળ, બહાર આવવું ગોઠતું નથી, તે સ્વાદમાંથી છૂટવું ગમતું નથી. સાકરના સ્વાદ આગળ, માખી પાંખ ચોંટી જાય તોપણ ત્યાંથી ઊડે નહિ, તેને સાકરના સ્વાદથી છૂટવું ગમે નહિ; એમ ભગવાન આત્માના—અતીન્દ્રિય આનંદના—સ્વાદ આગળ, જ્ઞાનીને વ્યવહારનો વિકલ્પ ઊઠે તે ગોઠતો નથી. વસ્તુસ્થિતિ આવી છે પ્રભુ! માર્ગ તો આવો છે પ્રભુ! ભગવાને આ કાંઈ કર્યું નથી, પણ વસ્તુસ્વરૂપ જાણ્યું છે તે પ્રમાણે કહ્યું છે. અહા! દિગંબર સંતોની આ વાણી! એ સંતો કહે છે કે જે નિજ સ્વરૂપમાં આસક્ત થયો તેને બહારની—શુભાશુભ ભાવની, વ્યવહારની—આસક્તિ તૂટી ગઈ છે.

—o—

## વચનામૃત—૭૬

**છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે. જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે. હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે. આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે. ૭૬.**

**'છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી.'**

ફોટો પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મોઢા ઉપરના ભાવ હોય, જેવો મોઢાનો ને શરીરનો આકાર હોય, તે પ્રમાણે બરાબર ફોટો પડી જાય છે; ત્યાં કોઈ, કાગળમાં ચીતરવા—દોરવા જતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે.'**

જેવાં કર્મ બાંધ્યાં હોય એવું ફળ આવે. પૂર્વે મેં જેવા ભાવ કર્યા હતા તેવાં આ કર્મનાં ચિતરામણ છે. અંદર આનંદનો નાથ જુદો છું, તે ચિતરામણમાં હું નથી અને એ ચિતરામણ મારાથી થયું નથી. શુભ ભાવ હોય ને તેનાથી પુણ્ય બંધાઈ ગયું હોય, તેના ફળરૂપે ભલે ચક્રવર્તી કે ઇંદ્રપદ મળે, એ બધું, વીતરાગના માર્ગમાં, કર્મનાં ચિતરામણનું ફળ કહ્યું છે. એ મારાં નથી ને એ મારામાં નથી. કરોડો રૂપિયા, લાખોની ઘરવખરી વગેરે બધું શું છે? પૂર્વે પુણ્યનો ભાવ થયો હતો એનું બંધાયું જે કર્મ, તેનું આ ચિતરામણ દેખાય છે.

અહા! આ વાત બેસવી કઠણ પડે. જીવ અનાદિ કાળમાં સમ્યગ્દર્શન પામ્યો નથી. દ્રવ્યલિંગ ધારણ કરી દિગંબર મુનિ થયો,—વસ્ત્ર સહિત મુનિ તે તો દ્રવ્યલિંગી પણ નથી—પણ આત્માના ભાન વિના કર્મનાં ચિતરામણમાં રોકાઈ ગયો. છ ઢાળામાં કહ્યું છે ને!—

મુનિવ્રત ધાર, અનંત બાર ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો.

આત્માના ભાન વિના પંચમહાવ્રત પાળ્યાં, હજારો રાણી છોડી, ૨૮ મૂળગુણ પાળ્યા, પરંતુ એ બધું રાગ ને દુઃખ છે, હું તેનાથી ભિન્ન જ્ઞાયકપદાર્થ છું—એવા આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો. મહાવ્રત વગેરે વિકલ્પ છે, રાગ છે; તે વિનાનો પ્રભુ આત્મા અંદર સુખસ્વરૂપ છે, તેનું યથાર્થ જ્ઞાન કર્યું નહિ. તે અજ્ઞાનજનિત ભાવોથી આ કર્મનું ચિતરામણ થયું છે. એ કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે. એ ચિતરામણ મારી ચીજ નથી, એમાં હું નથી, એ ચીજ મને અડતી—છૂતી નથી. શરીરને પ્રભુ અડયો નથી. શરીર જડ ને રૂપી છે ને પ્રભુ આત્મા અરૂપી છે, અડે કયાંથી?

**'જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે.'**

કહ્યું ને!—કે ફોટો પડયો તે આને લઈને નહિ; આ, એમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી. એમ જીવના ભાવને અનુરૂપ કર્મનું ચિતરામણ સ્વયં થઈ જાય છે, જીવ તેમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી. શુભાશુભ ભાવ નિમિત્ત છે—અનુકૂળ છે, અને પુણ્ય-પાપકર્મરૂપ ચિતરામણ સ્વયં થઈ જવું તે નૈમિત્તિક—અનુરૂપ છે. એ વિભાવમાં ને કર્મનાં ચિતરામણમાં આત્માના શુદ્ધ સ્વભાવની ગંધ નથી. ચક્રવર્તીનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોટાં રાજ્ય દેખાય એ બધું કર્મનાં ચિતરામણને લઈને છે. કર્મરૂપ થવાને યોગ્ય રજકણો સ્વયં પોતાને કારણે બંધાયાં છે, જીવના શુભાશુભ ભાવને લઈને નહિ. કર્મરૂપ ચિતરામણમાં આત્મા પ્રવેશ કરીને કાંઈ કરતો નથી. જીવના વિકારી ભાવોનું નિમિત્ત પામીને ભાવને અનુરૂપ કર્મનું ચિતરામણ સ્વયં થઈ જાય છે.

**'હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે.'**

શુભાશુભ ભાવ પૂર્વે અનુકૂળ નિમિત્ત હતા, તેને અનુરૂપ કર્મ બંધાયાં, અને કર્મના નિમિત્તે—ફળરૂપે બહારના સંયોગ મળ્યા. ત્યાં, બહારની ચીજો પોતાના ઉપાદાનકારણે આવી છે; જડ કર્મના કારણે બહાર જડનો સંયોગ થયો—એ, નિમિત્તથી કથન છે. પૂર્વે વિકારી ભાવ કર્યો હતો તેના નિમિત્તે કર્મનું ચિતરામણ સ્વયં થયું અને કર્મના નિમિત્તે બહારના સંયોગો પોતાના ઉપાદાનકારણે સ્વયં આવે છે. મોટી આબરૂ દેખાય, લોકમાં 'ખમ્મા ખમ્મા' થાય—વગેરે બધું કર્મનાં ફળરૂપે દેખાય છે.

હવે જો વિભાવ અને પરસંયોગથી ભિન્ન નિજ આત્માના શ્રદ્ધાનરૂપ સમકિત, તેના જ્ઞાનરૂપ જ્ઞાન અને સ્વભાવમાં સ્થિરતારૂપ ચારિત્ર કર, અંદર આત્માનો અનુભવ કર, તો કર્મનો સંવર તથા નિર્જરા થશે; નવું ચિતરામણ નહિ થાય અને જૂનું ટળી જશે.

**'આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે.'**

આત્માનો સ્વભાવ ત્રિકાળી દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે, એનું આલંબન લેવાથી જે શક્તિરૂપે છે તે પર્યાયરૂપે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગરૂપે—બહાર આવશે. અહા! શૈલી તો જુઓ! શુભાશુભ ભાવ કરીશ તો કર્મનું ચિતરામણ થશે અને તેના ફળરૂપે બહારનું ચિતરામણ દેખાશે. હવે જો તારે સંવર-નિર્જરા કરવી હોય તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય—એ અનંત ચતુષ્ટયસ્વરૂપ ધ્રુવ આત્માનું આલંબન લે. એનું આલંબન લેતાં દ્રવ્યમાં જે શક્તિરૂપે છે તે વ્યક્તિરૂપે પ્રગટ થશે.

શુભાશુભ ભાવ થાય, સ્વયં કર્મ બંધાય ને એને લઈને સ્વયં બહાર સંયોગના દેખાવ થાય; હવે તારે એ બધાંથી રહિત થવું હોય, અંદર આત્માની સાચી શાંતિ-સુખ જોઈતું હોય, તો આત્માનો મૂળ સ્વભાવ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે-રૂપે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમન કર. શુભાશુભ ભાવ આસ્રવ છે, નવા કૃત્રિમ ઊભા કર્યા છે, અંદર પડ્યા નથી. એ સંયોગી ભાવ, સંયોગી ચિતરામણ અને બાહ્ય સંયોગથી રહિત તારે થવું હોય તો અંદર સ્વભાવને ઓળખી, તેનું આલંબન લઈ, સંવર-નિર્જરારૂપ નિર્મળ પરિણમન કર.

પ્રશ્નઃ—એ થાય કઈ રીતે?

ઉત્તરઃ—ભગવાન આત્મા અંદર દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવથી ભરેલો છે. અંદરમાં દૃષ્ટિ કરવાથી, તેનો અનુભવ કરવાથી, તેમાં લીન થવાથી, એ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ શક્તિમાંથી વ્યક્તતા આવશે. સ્વભાવના આશ્રયે શુભાશુભ આસ્રવો ટળશે, સંવર-નિર્જરા પ્રગટ થશે, અંદરનો જ્ઞાન-આનંદ આદિ વૈભવ પર્યાયમાં વ્યક્તરૂપે અનુભવમાં આવશે.

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઇન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૨૪

તા. ૨૯–૬–૭૮

## વચનામૃત—૭૬

૭૬ મા બોલમાં શું આવ્યું? જરા ફરીને.

**આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે.**

આત્મા કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે તેનું અવલંબન લઈને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ પરિણામ પ્રગટ કર્યા તેને વીતરાગતા દેખાશે; અને જેની દૃષ્ટિ બહારમાં છે તેને સંયોગ ને વિભાવ દેખાશે. તે શુભાશુભ ભાવ કરશે, તેથી તેને કર્મ સ્વયં બંધાશે ને તેનાં ફળ તરીકે સંયોગો પણ આવશે. તાત્પર્ય એ કે રુચિ બહારમાં હોવાથી તે સંયોગને દેખશે, દેખતાં તેને રાગ ને દ્વેષ થશે. વર્તમાનમાં રાગદ્વેષ કરે છે, તેના નિમિત્તે જે કર્મ બંધાય છે તેના ઉદયકાળે તેને, સંયોગની દૃષ્ટિ હોવાથી, પર વસ્તુને દેખતાં ભવિષ્યમાં પણ રાગદ્વેષ થશે. સમયસારમાં આવ્યું છે ને—કે આસ્રવો એટલે કે શુભાશુભ ભાવ વર્તમાનમાં દુ:ખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુ:ખનું કારણ છે:

> અશુચિપણું, વીપરીતતા એ આસ્રવોનાં જાણીને,
> વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.
> આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
> એ દુ:ખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

અહા! શૈલી તો જુઓ! શુભભાવ વર્તમાન દુ:ખ છે, તે શુભરાગથી પુણ્ય બંધાશે ને તેના ફળમાં સંયોગ મળશે; સંયોગ મળતાં તેનું લક્ષ ત્યાં જશે એટલે ફરી પાછો રાગ થશે એટલે કે દુ:ખ થશે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે અરાગી–વીતરાગી મોક્ષમાર્ગ માટે, મોહ-માન-માયાદિક ટાળવા માટે, નિજ જીવસ્વભાવને જાણી લેજો. અનંતગુણસંપન્ન જીવમાં મુખ્ય જે તેના દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ સ્વભાવો તેનો—જ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપ અભેદ આત્માનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—આશ્રય લઈને જે દશા થશે તે વીતરાગી સુખમય થશે. તું વીતરાગસ્વભાવને જોઈશ તો તને વીતરાગતા વધશે.

અંદર ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રની શક્તિસ્વરૂપ અકૃત્રિમ સનાતન વસ્તુ છે, તેનું આલંબન લઈને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં છે તે સુખને દેખશે અને સુખને અનુભવશે. પુણ્યપાપની રુચિવાળો બહાર સંયોગને દેખશે ને તે દેખીને તેને રાગદ્વેષ થશે. ગમે તો તીર્થંકરને દેખે, એમની વાણી સાંભળે, તોય રાગ થશે, કારણ કે તેને પરદ્રવ્યનો પ્રેમ છે.

પ્રશ્ન:—સમયસારની—શુદ્ધ આત્માની—ચર્ચા બહુ ચાલી, પણ કોઈ આગળ વધેલા તો દેખાતા નથી!

ઉત્તર:—સમયસાર સાંભળીને શ્રદ્ધાનો સુધારો કરે છે તે શું આગળ વધવાપણું નથી? વસ્તુ તો એ છે. બહારનો ત્યાગ દેખાય તો જ વધેલો કહેવાય? અંદરમાં ખોટી શ્રદ્ધાનો ત્યાગ ને સાચી શ્રદ્ધાનો આદર કરે તે શું આગળ વધ્યો નથી? અહા! જીવને શ્રદ્ધાના સુધારનો મહિમા લાગતો નથી; પણ પ્રભુ! શ્રદ્ધાનો સુધાર એ જ મૂળ ચીજ છે. જીવે અનાદિ કાળમાં સમ્યગ્દર્શનસ્વરૂપ શ્રદ્ધાનો સુધારો કદી કર્યો જ નથી. લોકોને આ મૂળ વસ્તુની ખબર પડતી નથી એટલે બહારના ત્યાગ કરે, પડિમા ધારણ કરે, પણ એ તો બધો રાગ છે, ને સ્વરૂપસ્થિરતા તો અંદરમાં અરાગ દશા થાય તે છે. અંદરની રમતોમાં રમતા હોય ત્યારે મધ્યમ ભૂમિકામાં વ્રતાદિના વિકલ્પ ઊઠે; પણ હજુ મૂળ શ્રદ્ધાનાં ઠેકાણાં નથી ત્યાં વ્રત ને પડિમા લાવ્યા કયાંથી? અંદર ખોટી શ્રદ્ધાના જે સંસ્કાર છે તેને સુધારવા જોઈએ, મિથ્યાત્વના સંસ્કાર નાશ કરવા જોઈએ—એ સ્વરૂપની તો એને ખબર પડતી નથી, અને રાગને જરા મંદ કરીને વ્રત ધારણ કરે, પડિમા ધારણ કરે, એ શું આગળ વધ્યો કહેવાય? ધૂળમાંય એ આગળ વધ્યો નથી.

અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ભેગાં લીધાં છે. પરંતુ તેમાંથી એમ પણ સમજવાયોગ્ય છે કે:—દર્શનશુદ્ધિ જે થાય છે તે ત્રિકાળી આત્મસ્વભાવના અવલંબને થાય છે. આત્મામાં શ્રદ્ધાનો ગુણ ત્રિકાળ પડયો છે; ને જે સમકિત પ્રગટે છે તે તેની પર્યાય છે. જેમ જ્ઞાનગુણ ત્રિકાળ છે ને મતિ-શ્રુત વગેરે તેની પર્યાય છે તેમ. સ્વભાવનું આલંબન લઈને શ્રદ્ધાનો સુધારો થાય તો જ્ઞાનનોય સુધારો થાય, અને સાથે સાથે સ્વરૂપાચરણ-ચારિત્રરૂપ સ્થિરતાનો પણ સુધારો થાય.—આવો સુધારો થાય તેની લોકોને કિંમત લાગતી નથી, પણ મૂળ વસ્તુ તો એ છે. અહા! જેને મિથ્યા શ્રદ્ધાનો નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવો હોય, શ્રદ્ધાનો સમ્યક્ સુધારો કરવો હોય, તેણે પહેલાં ભગવાન આત્મા કેવો છે તે—શુદ્ધચૈતન્યતત્ત્વ જેવું છે તેવું—જાણવાનો પ્રયત્ન કરવો.

જેમાં ધર્મની પર્યાય પ્રગટ કરવા માગે છે તે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ અનંત ગુણોનો પિંડ અખંડ પદાર્થ છે. તેનું અવલંબન લેતાં જીવને વીતરાગતા પરિણમે છે. બેનની ભાષા સાદી છે, પણ અંદર ગંભીરતા ઘણી છે.

—૦—

## વચનામૃત—૭૭

**અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચી જ નથી. જીવ બહારથી ફોતરાં ખાંડયા કરે છે પણ અંદરનો જે કસ—આત્મા—તેને શોધતો નથી. રાગ-દ્વેષનાં ફોફાં ખાંડવાથી શો લાભ છે? તેમાંથી દાણો ન નીકળે. પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને—અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને —જાણે, તો કાર્ય થાય. ૭૭.**

**'અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચી જ નથી.'**

આ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માને પોતાના સ્વભાવ સાથે એકત્વ ને દયા-દાન આદિ રાગના વિકલ્પોથી વિભક્તપણું, ભિન્નપણું છે. સમયસારમાં ત્રીજી-ચોથી ગાથામાં આ એકત્વ-વિભક્તની વાત આચાર્યદેવે કહી છે ને! વળી તેની પાંચમી ગાથામાં એમ કહ્યું છે ને—કે હું એ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ:

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ.

તે એકત્વ-વિભક્ત આત્માને મારા નિજ વૈભવથી દેખાડું છું, તું તેને અનુભવ કરીને પ્રમાણ કરજે, તે-રૂપ પરિણમી જજે. 'પરિણમવું' એ અનુભવ થયો. 'અનુભવ કરીને' એટલે 'પરિણમન કરીને'. પ્રભુ! તારું ત્રિકાળી તત્ત્વ રાગથી ભિન્ન છે; અરે! વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ ઊઠે તેનાથી પણ ચૈતન્યપ્રભુ તો ભિન્ન છે.

પ્રશ્ન:—વ્યવહારરત્નત્રય કરે તો તેનાથી લાભ થાય ને?

ઉત્તર:—બાપુ! હજી જ્યાં શ્રદ્ધા જ ખોટી છે, નિમિત્તથી પરમાં કાર્ય થશે, એક દ્રવ્યની પર્યાયથી બીજા દ્રવ્યની પર્યાય થશે—એવા તીવ્ર મિથ્યાત્વમાં હજુ ઊભો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, ત્યાં વ્યવહારરત્નત્રય લાવ્યો કયાંથી? વ્યવહાર—એટલે કે રાગની મંદતાની ક્રિયા—કરતાં કરતાં આગળ નિશ્ચયમાં જવાશે—એમ નથી. ભાઈ! તને વસ્તુસ્વરૂપની ખબર નથી. વ્યવહાર-રત્નત્રયનો મંદ રાગ પણ કષાય છે, દુઃખ છે. દુઃખ કરતાં કરતાં સમ્યગ્દર્શન ને અતીન્દ્રિય આનંદ કદી થાય? મૂળ વાત જ આખી ફરી ગઈ છે. શું થાય? શાસ્ત્રજ્ઞ કહેવાય તે પણ ઊંધે રસ્તે ચડી ગયા છે. આત્મજ્ઞ થવું જોઈએ તેને ઠેકાણે શાસ્ત્રની-જ્ઞાનની વાતો કરીને જાણે આગળ વધી ગયા હોય—એમ માને છે.

અનાદિ કાળથી જીવની રુચિ જ પરમાં છે. એણે જોયો છે રાગ, પણ રાગને જાણનારો અંદર એકત્વવિભક્તસ્વરૂપ જ્ઞાયકભગવાન આખો પડયો છે તેને જાણ્યો નથી, તેની રુચિ કદી કરી નથી. જાણનારી પર્યાયની સમીપ આખો ધ્રુવ પ્રભુ બિરાજે છે તેની રુચિ જ કરી નથી.

**‘જીવ બહારથી ફોતરાં ખાંડયા કરે છે પણ અંદરનો જે કસ—આત્મા—તેને શોધતો નથી.’**

ફોતરાં ખાંડવાની દોહા-પાહુડની વાત મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધી છે: હે પાંડે! હે પાંડે! હે પાંડે! તું કણને છોડી માત્ર તુષ જ ખાંડે છે અર્થાત્ તું અર્થ અને શબ્દમાં જ સંતુષ્ટ છે પણ પરમાર્થ જાણતો નથી, માટે મૂર્ખ છે. એક ગૃહસ્થ બાઈ કમોદ ખાંડતી’તી. તેમાં ચોખા હેઠે રહી જતા ને ફોતરાં ઉપર રહેતાં. એક ગરીબ ભોળી બાઈને એમ થયું કે આ મોટી શેઠાણી ફોતરાં ખાંડે છે, માટે તેમાં કાંઈક માલ હશે. પરંતુ ખરેખર ફોતરાંમાં માલ નથી; અંદર ચોખા નીચે છે તે તો તેણે ભાળ્યા નથી. તેમ જ્ઞાનીને અંદરમાં ઊતરેલી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા જે આખી ચીજ છે એને તો અજ્ઞાનીએ જોઈ નથી, પણ ફોતરાં જેવા જે વ્રતાદિ વિકલ્પો વર્તે છે એ જોયું અને એને એમ થયું કે જ્ઞાની પણ મહાવ્રત પાળે છે; માટે એમાં લાભ હશે ને? પરંતુ મહાવ્રતની પાછળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ચોખા સમાન ચોખ્ખી ચીજ—છે એને અજ્ઞાની ભાળતો નથી ને અનાદિ કાળથી પુણ્યપાપનાં ફોતરાં ખાંડયા કરે છે; એનું જોર ત્યાં વર્ત્યા કરે છે. અંદર એકત્વવિભક્તસ્વરૂપ આખી જે અખંડ વસ્તુ છે તેની તો જેને રુચિ નથી તે રાગ ને ક્રિયાનાં ફોતરાં ખાંડે છે; તેને રાગની ક્રિયાનો મદ છે.

જ્ઞાનીને ભગવાનની ભક્તિના, પૂજાના ભાવ આવે, પંચમહાવ્રતના પરિણામ પણ હોય; પરંતુ એનો અનુભવ અને દૃષ્ટિ અંદર વસ્તુસ્વભાવ ઉપર છે, તેને ન જોતાં, ધર્મી પણ ભક્તિ વગેરે કરે છે માટે અમે પણ એમ કરીએ—એમ અજ્ઞાની ફોતરાં ખાંડયા કરે છે; પણ અંદરનો જે કસ, કમોદમાં જેમ ચોખા કસ છે તેમ, અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદમય આત્મા—એને શોધતો નથી. વ્રતને નિરતિચાર કરવા, લાગેલા દોષનું પ્રાયશ્ચિત્ત લેવું—એ ફોતરાંમાં અજ્ઞાની જીવ રોકાઈ ગયો; પરંતુ અંદરની જે જ્ઞાનાનંદના કસવાળી ચીજ છે, જેમાં કસ એટલે કે માલ ભર્યો છે તે ભગવાન આત્માને શોધતો નથી. અંદર જે શોધવું જોઈએ તેની એને ખબર નથી.

**'રાગ-દ્વેષનાં ફીફાં ખાંડવાથી શો લાભ છે? તેમાંથી દાણો ન નીકળે.'**

જેમ ફોતરાં ખાંડવાથી કશો લાભ નથી તેમ પુણ્યનાં—વ્યવહારનાં—ફીફાં ખાંડવાથી, તેની નકામી મહેનત કરવાથી શો લાભ છે? વ્યવહાર ને નિમિત્તથી કાર્ય થાય—એવું માનવાવાળાને આકરું લાગે. વ્યવહાર ને નિમિત્ત હોય, પણ તેનાથી કાર્ય થાય નહિ. સાચું નિમિત્ત મળે તો કાર્ય સુધરે, ખોટું નિમિત્ત મળે તો બગડે—એમ છે નહિ. વસ્તુમાં સુધાર-બગાડનું દરેક કાર્ય પોતાની ઉપદાન-શક્તિથી થાય છે, નિમિત્તથી નહિ. આકરું કામ બાપા! મિથ્યાત્વના પોષણપૂર્વક બહારનો ત્યાગ દેખાય એને લોકો 'વધી ગયો' માને છે. પણ ખરેખર તો અંદર સમ્યક્ શ્રદ્ધામાં—દરેક વસ્તુનું પરિણમન સ્વતંત્ર છે એમ સ્વાધીનતાની શ્રદ્ધા ને જ્ઞાનમાં—ગડબડ કરે છે, વિપરીત માનીને મિથ્યાત્વનું પોષણ કરે છે. અહાહા! શું થાય? જગત હાથે કરીને હોંશથી લુંટાય છે, હણાય છે, તેની તેને ખબર નથી; અને 'કેવું માનીએ છીએ? કેવું કરીએ છીએ?...' એમ બહારમાં ફોતરાં ખાંડયા કરે છે. અહીં કહે છે કે અંતર નિજ આત્મસ્વરૂપની ખબર નથી તેને રાગદ્વેષનાં ફીફાં ખાંડવાથી શો લાભ છે? જેમ ફોતરાં ખાંડવાથી દાણો ન નીકળે તેમ દયા, દાન ને વ્રતાદિ પુણ્યની ક્રિયાનાં ફીફાં ખાંડવાથી—આત્માના જ્ઞાન વિના નકામી મહેનત કરવાથી—ધર્મનો લાભ થતો નથી. એ રાગદ્વેષના તેમ જ શુભાશુભના પરિણામ આત્માને નુકસાન કરનારા છે, છીલકાં જેવા નકામા છે, તેમાં આત્માનો દાણો—ધર્મ—કયાં છે? દાણો, કસ તો અંદર આત્મામાં છે, ત્યાં શોધવાથી તેની પ્રાપ્તિ થાય છે.

**'પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને—અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને—જાણે, તો કાર્ય થાય.'**

રાગના કણ સાથે પણ એકત્વ ન કર. ભલે એ રાગનો કણ એવા શુભ વિકલ્પરૂપ હોય કે 'આ આત્મા તદ્દન અબદ્ધ છે, એકરૂપ છે, વધઘટ વગરનો છે, ગુણભેદ વિનાનો છે અને શુદ્ધ છે' તોપણ એનાથી પણ જુદું જ વસ્તુનું સ્વરૂપ છે; તેને જાણ. સમયસારમાં આવ્યું છે ને!—કે વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા જ છીએ, પરંતુ 'આત્મા અબદ્ધ છે, શુદ્ધ છે, અભેદ છે, એક છે, પવિત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે' એવા નિશ્ચયપક્ષના નિર્ણયરૂપ વિકલ્પ ઊઠે ત્યાં સુધી જીવ આવ્યો તોપણ—'તેથી શું ?' અહા! તેથી પણ જીવને શો લાભ છે?

સમ્યગ્દર્શન વગરનાં વ્રત-તપનાં થોથાંની—ફીફાંની—વાતો તો કયાંય રહી ગઈ, પણ અહીં તો એમ કહ્યું કે 'આત્મા શુદ્ધચૈતન્ય, નિર્મળવિજ્ઞાનઘન, આનંદમૂર્તિ જિન છે' એવા વિકલ્પો સુધી આવ્યો તોપણ તેથી શો લાભ છે? સમયસાર-નાટકમાં કહ્યું છે ને!—

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन।
मति-मदिराके पानसौं, मतवाला समुझै न ॥

રાગથી ભિન્ન અંદર કસવાળું તત્ત્વ આખું જિનસ્વરૂપ છે. પર સાથે એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને—અબદ્ધસ્પૃષ્ટ વગેરે ભાવો-સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આત્માને—જાણે તો કાર્ય થાય, ધર્મનો એટલે કે અતીન્દ્રિય આનંદનો લાભ થાય.

આત્મા વ્યવહાર-રત્નત્રયના રાગના સંબંધવાળો પણ ખરેખર નથી. આત્માને વ્યવહારવાળો, રાગવાળો જોવો તે મિથ્યાત્વ છે. ભગવાન આત્મા તો અંદર મુક્તસ્વરૂપ છે. પર્યાયની અપેક્ષામાં રાગનો સંબંધ કે અભાવ છે, પરંતુ દ્રવ્યસ્વભાવ તો સદા અબદ્ધસ્પૃષ્ટ મુક્તસ્વરૂપ જ છે. ભગવાન આત્માને જેમ રાગનો સંબંધ નથી તેમ કર્મનાં રજકણો સાથે પણ તેને સંબંધ નથી; તે, નારકી આદિ અનેરી અનેરી ગતિઓથી ભિન્ન અનન્ય છે; પર્યાયમાં હીનાધિકપણું જે છે તે તેના મૂળ સ્વરૂપમાં નથી માટે નિયત, ત્રિકાળ નિશ્ચળ એકરૂપ છે; તે રાગવાળો તો નથી પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદવાળોય નથી, અવિશેષ છે; અને શુભાશુભ ભાવની જે આકુળતા તેનાથી તે સહિત છે જ નહિ, રહિત જ છે, માટે અસંયુક્ત છે; આવા આત્માનો પ્રતીતિ અને જ્ઞાન કરીને અનુભવ કરવો એ જ પરથી એકત્વબુદ્ધિ તોડવારૂપ અને સ્વભાવના એકત્વને સાધવારૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

અહા! કામ બહુ આકરું! મૂળ ચીજ પડી રહી ને ઉપરથી બધાં ડાળાં-પાંદડાં તોડવા માંડયાં. મૂળ સાજું છે તેથી તે ઝાડ ફરીને પાંગરી જશે; એ રીતે જીવે રાગની મંદતાના ને શુભભાવના આચરણ કરવાનાં ડાંળાં-પાંદડાં તોડયાં, પણ રાગથી ભિન્ન મારી ચીજ અબદ્ધસ્પૃષ્ટ-આદિ-સ્વરૂપ શુદ્ધ છે—એની દૃષ્ટિ કરી નહિ. અનંત કાળમાં સમકિતસન્મુખ થવાનો જે સાચો પુરુષાર્થ છે તેની કાંઈ કિંમત કરી નહિ, પણ બહારનાં વ્રત-તપની કિંમત કરી.

ખરેખર તો અબદ્ધસ્પૃષ્ટ-આદિ-સ્વરૂપ નિજ શુદ્ધાત્માને જાણે તો સમકિતરૂપ કાર્ય થાય. વીતરાગી નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવું જે, આત્માનું કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે. એને (૨૫૧ મા બોલમાં) કહ્યું છે ને—'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.' બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે બહાર આવી ગયાં. હવે ઢાંકયું નહિ રહે—છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી. આ શબ્દો જુઓને! વસ્તુસ્થિતિ,...સાદી ભાષા,... ગુજરાતી ભાષા.

'દ્રવ્ય તેને કહેવાય...' એમાં તો સમુચ્ચય દ્રવ્ય લીધું છે. છયે દ્રવ્યને પોતાની પર્યાય માટે કોઈ અનેરાં સાધનોની રાહ જોવી પડે નહિ. તે પ્રમાણે આત્મામાં લઈએ તો, આત્મદ્રવ્ય તેને કહીએ કે જેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ માટે અનેરાં સાધનોની રાહ જોવી પડે નહિ.

અહાહા! કયાં છે આવી વાત! 'અમે જાણીએ છીએ, અમે ત્યાગી-મુનિઓનો આદર કરીએ છીએ'—એમ દુનિયા અભિમાન ને અભિમાનમાં કહે કે 'તમે મુનિઓને માનતા નથી'! અરે પ્રભુ! મુનિના તો અમે દાસાનુદાસ છીએ; પણ એવા મુનિ હોવા જોઈએ ને! મુનિ કોને કહેવા? ૭૧ મા બોલમાં આવ્યું'તું ને—'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી....' એમાં મુનિદશાનું સ્વરૂપ આવી ગયું છે.

પરથી ને રાગથી એકતાબુદ્ધિ તોડી જુદા તત્ત્વને—અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા નિજ આત્માને—જાણે તો સમ્યગ્દર્શન આદિ કાર્ય થાય. એ કાર્ય માટે બીજાં સાધનોની બિલકુલ રાહ જોવી પડતી નથી. રાગની મંદતા કારણ પડે તો સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ કાર્ય થાય—એમ છે નહિ. અહા! આ, પાચન થવું કઠણ પડે! ૭૭ મો બોલ થયો. હવે ૭૮ મા બોલમાં, જુઓ, મુનિનું આવ્યું.

—o—

## વચનામૃત—૭૮

**સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મનાં ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર—સ્વરૂપમાં લીન—થઈ ગયા છે; સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે. સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે. ૭૮.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'સ્વરૂપની લીલા જાત્યંતર છે.'**

ભગવાન આત્માના સ્વરૂપની લીલા જાત્યંતર છે. શું કહ્યું? વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર, વીતરાગી આનંદ—અહા! આત્માની એ લીલા રાગની જાતથી બીજી જ જાતની છે. ભગવાન આત્માની સ્વરૂપલીલા એ જ ખરી લીલા. લોકો ઈશ્વરની લીલા કહે છે. અરે! એ લીલા ક્યાં હતી? જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણથી ભરેલો જે જ્ઞાયકપ્રભુ, એના સ્વરૂપની લીલા એટલે કે સ્વાશ્રિત દશા એ જાત્યંતર છે; રાગ ને અજીવની જાતથી આ જ્ઞાયક-લીલાની જાત જુદી છે. આનંદઘનજીના સ્તવનમાં આવે છે:

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.

અહા! ચૈતન્યનું જે ત્રિકાળી સ્વરૂપ—જ્ઞાન, આનંદ, પ્રભુતા, ઈશ્વરતા, શુદ્ધતા, સ્વચ્છતા—એની પર્યાયમાં લીલા-સ્વાશ્રિત દશા થાય તે રાગની જાતથી જાત્યંતર છે. એમાંથી ઉત્પન્ન થતી દશા તે વીતરાગ દશા છે, રાગ નહિ. નિજ સ્વરૂપમાં પ્રભુ વિલસે, રમે—એ લીલા જુદી જ જાતની છે. જુદા જુદા રાગની લીલા તે એની લીલા જ નથી. આ તો જાત્યંતર લીલા છે.

અહાહા! આ પુસ્તક હજુ હિન્દુસ્તાનમાં બધાને પહોંચ્યું નથી, કોક કોકને પહોંચ્યું છે. પહોંચશે ને વાંચશે એટલે લાગશે કે—અહા! આવી વાત છે! સમજાણું કાંઈ? શું કહ્યું? આત્માની લીલા જાત્યંતર છે. દુનિયા એકદમ રાગમાં ફેરફાર કરે, તીવ્ર રાગમાંથી મંદ રાગ થઈ જાય તથા દેહના પરમાણુ એકદમ પલટો મારે, પરમાણુ લીલામાંથી પીળો થઈ જાય—એ જગતની જડ લીલા છે. અહા! જ્ઞાયક ચૈતન્યપ્રભુની લીલા કોઈ જુદી જ જાતની છે. અતીન્દ્રિય આનંદનો નાથ, જ્ઞાનનો સાગર, જેણે દૃષ્ટિમાં લીધો તેની પર્યાયમાં ભિન્ન ભિન્ન પ્રકારની અદ્‌ભુત વીતરાગ દશા ઉત્પન્ન થાય છે તે એની જાત્યંતર લીલા છે.

અહા! આત્માની લીલા તો જુઓ! પહેલી ક્ષણે મતિ-શ્રુત હોય ને બીજી જ ક્ષણે અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય. જગતની જાતથી એની જાત જુદી છે. એક ક્ષણ પહેલાં ચક્રવર્તી રાજ્યમાં બેઠો હોય ને બીજી ક્ષણે જુઓ તો નગ્ન ને અંદરમાં કેવળ-જ્ઞાનની જળહળ જ્યોતિ! જ્ઞાયકપ્રભુ પૂર્ણસ્વરૂપથી ભરેલો છે; તેનામાં સ્વાભાવિક વિચિત્રતાઓ—અદ્‌ભુતમાં અદ્‌ભુત દશાઓ—થાય એ એની લીલા છે.

અહીં મોટા બંગલા ને બગીચાવાળો કરોડપતિ હોય ને ઘડીકમાં સાતમી નરકનો નારકી થઈ જાય, ગાયને પેટે વાછડું થાય, બકરીને પેટે બચ્ચું થાય—એ બધી પુદ્‌ગલની લીલા છે. અહા! એ જડની લીલાથી આત્માની લીલા કોઈ જાત્યંતર છે.

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૨૫

તા. ૩૦–૬–૭૮

## વચનામૃત—૭૮

'સ્વરૂપની લીલા જાત્યંતર છે.'

શું કહે છે? બહારની જે આ, શરીર, વાણી ને કર્મના સંયોગની વિચિત્રતા દેખાય છે તે બધી ઇંદ્રજાળ છે, પુદ્‌ગલની લીલા છે. અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર એવો જે નિજ ભગવાન આત્મા, એની જેને દૃષ્ટિ થઈ, એનો સ્વીકાર થયો અને એ કોઈ મોટી માહાત્મ્યવાળી ચીજ છે એવું અંતર સમ્યગ્દર્શનમાં જેને ભાન થયું, પ્રતીતિ થઈ, એવા જીવને—અહીં મુખ્યપણે મુનિને લીધા છે—સ્વરૂપની લીલા જાત્યંતર છે. અહા! જગતની—પુણ્ય-પાપની સામગ્રીની—લીલાથી આ ચૈતન્યની લીલા કોઈ અજબ-ગજબની છે. આ ભગવાન આત્મા પોતાના પૂર્ણસ્વભાવથી એકત્વમય અને રાગના વિકલ્પથી ભિન્ન એવા ચૈતન્યસ્વરૂપ છે એવું જેને અંતરમાં ભાન થયું અને એ જ કરવા જેવું છે એવું જેને અંદરમાં થયું—તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ આવી ગયાં—તેની લીલા કોઈ અલૌકિક છે.

સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ લડાઈમાં ગયો, એ જાતનો અશુભ રાગ આવ્યો, પણ ત્યાંથી છૂટીને જ્યાં અંદર જ્ઞાયક-ઘરમાં આવે છે, ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય છે. અહા! જુઓ એની લીલા! અંદર આનંદનો સાગર એવા પોતાનું ભાન થયું અને રાગથી ભિન્ન શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ એની લીલા કોઈ જાત્યંતર છે. જગતની લીલામાં જીવ ઘડીકમાં રાજા ને બીજી ક્ષણે રંક દેખાય—એ બધી કર્મની લીલા છે, જુદી વાત છે. પરંતુ જેના અંતરમાં અનંત આનંદનો દરિયો ભર્યો છે એવો જે સ્વયંભૂસ્વરૂપ ભગવાન આત્મા એની લીલા તો કોઈ અલૌકિક છે.

અહા! સહજાનંદસ્વરૂપ ચીજ અંતરમાં જ્યાં ખીલી નીકળી, રાગ ને આત્માની એકતાના તાળાં માર્યાં હતાં—અરે! નિજ સંપદાને તાળાં માર્યાં હતાં—તે જ્યાં ખોલી નાખ્યાં, રાગ ને આત્માને જ્યાં ભિન્ન પાડ્યા, સ્વરૂપ સાથે એકતા ને રાગથી વિભક્તતા થઈ, ત્યાં તેને ખજાનો ખૂલી ગયો. એ જીવ કદાચિત્ વિષયની વાસનામાં આવી ગયો હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છતાં અંદરમાં પૂર્ણાનંદનો નાથ જાગેલો હોવાથી બીજી ઘડીએ એ વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થઈ જાય છે. એના સ્વરૂપ-પરિણમનની લીલા કોઈ જાત્યંતર છે!

'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.' સમ્યગ્દૃષ્ટિ આત્માને અંદરમાં જ્ઞાનની લીલા જાગી છે. એ જ્ઞાનલીલા વિના પ્રાણી ગમે તેટલાં વ્રત, તપ ને ભક્તિ કરે એ બધું મિથ્યાત્વના બંધનમાં જાય, કેમ કે શુભ-ભાવને તે ઠીક—ધર્મ માને છે.

પ્રભુ! તારી લીલાનો પાર નથી. ભાઈ! તારાં અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની લીલાની તને ખબર નથી. જગતની—ઈશ્વરની—લીલાઓ એ તો બધી કલ્પનાની વાતો છે. સ્વરૂપની લીલા જાત્યંતર છે; જગતની જાતથી જુદી જાત છે. તે વાત કોઈ દિવસ તેં સાંભળી નથી.

**'મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મનાં ફળનો નાશ કરે છે.'**

જેમ ફૂલની સુગંધ લેવા બાગમાં જાય અને ત્યાં તેની સોરમમાં લીન થઈ જાય, તેમ મુનિરાજ, રાગની રમતો છોડીને, ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મનાં ફળનો નાશ કરે છે ને અતીન્દ્રિય આનંદના ફળને વેદે છે, અનુભવે છે. ચૈતન્યના બાગમાં રમનાર મુનિરાજને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પૂર્વક ચારિત્ર થયું છે, આનંદ આદિ અનંત ગુણો ખીલી નીકળ્યા છે, અંતર્નિમગ્ન દશા ઘણી પ્રગટી છે. અહા! મુનિપણું બહુ આકરી ચીજ છે બાપુ! જૈનપરમેશ્વર મુનિપણું એને કહે છે કે જેને વસ્ત્રનો કટકો પણ ન હોય, પાત્ર ન હોય, બહાર દેહમાં નગ્નપણું હોય, અને અંદરમાં એકલા આનંદના નાથનો પ્રચુર અનુભવ હોય. એવા મુનિરાજ જ્ઞાનાદિ અનંત ગુણથી ખીલેલા નિજ ચૈતન્યબાગમાં ક્રીડા કરતાં કરતાં વિભાવનો નાશ કરે છે; તેમને કર્મનાં ફળનો નાશ થઈ જાય છે; કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે.

બાગમાં હજારો ફૂલઝાડ હોય છે તેમ મુનિરાજને ભગવાન આત્માના બાગમાં અનંતા ગુણો નિર્મળ પર્યાયે ખીલી ગયા છે, કેમ કે ચારિત્ર છે ને! મુનિરાજ આતમબાગમાં રમતાં રમતાં, લીલા કરતાં કરતાં, જરાય દુઃખ વિના અંદર અનંત આનંદની ધારામાં જામતાં જામતાં કર્મનાં ફળનો નાશ કરે છે. ખરેખર તો તે વખતે કર્મફળ ઉત્પન્ન જ થતું નથી તેને 'નાશ કરે છે' એમ કહેવામાં આવે છે.

**'બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર—સ્વરૂપમાં લીન—થઈ ગયા છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારમાં જે રાગ હતો—આસક્તિ હતી તે તોડી, અંદર જ્યાં અતીન્દ્રિય આનંદ આદિ ગુણો ભરેલા છે એવા નિજ સ્વરૂપમાં મુનિરાજ લીન થઈ ગયા છે. મહાવ્રત આદિના વિકલ્પથી પણ જુદા પડી એટલે કે શુભરાગનો પણ રસ તોડી મુનિ સ્વરૂપમાં મંથર—અતીન્દ્રિય આનંદમાં, સ્વરૂપના રસમાં લીન—થઈ ગયા છે.

**'સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે.'**

સ્વરૂપમાં લીનતા એ જ મુનિનું આસન છે; બહારમાં ઉદાસીન છે, રાગમાં એમનું આસન નથી, રાગમાં એ બેઠા નથી. અંદર જે પૂર્ણાનંદઘન પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન જ્ઞાયક આત્મા છે તેમાં મુનિરાજ બેઠા છે, ત્યાં જ વિશ્રામ લીધો છે. અથવા સ્વરૂપમંથરદશા એ જ તેમનું આસન છે અને ત્યાં જ તેમની બેસણી-બેઠક છે.

પ્રભુ! તારામાં અંદર અનંત સંપદા પડી છે, તું પૂર્ણ સંપદાનો ધણી છો, નાથ! તું નાનો નથી, તું પામર નથી; તું પુરુષ નહિ, સ્ત્રી નહિ; તું દેવ નહિ, મનુષ્ય નહિ; તું પર્યાપ્ત કે અપર્યાપ્ત નહિ; તું રાગ નહિ, દ્વેષ નહિ; પ્રભુ! તારામાં જ્ઞાન, આનંદ, વીર્ય આદિ પ્રભુતાનો—સંપદાનો પાર નથી. એવી પ્રભુતામાં જેમને લીનતા થઈ છે, અંતર આનંદની રમતોમાં જે ચડયા છે એવા મુનિરાજને રાગમાં કે વ્યવહાર-રત્નત્રયના વિકલ્પમાં બેઠક નથી, એ તો નિર્વિકલ્પ આનંદરૂપ નિજ સ્વરૂપમાં જ નિરાંતે બેઠા છે. બેનની ભાષા સાદી છે પણ ભાવ બહુ ઊંચા છે. સમજાય એટલું સમજવું. શ્રીમદ્‌ના એક પત્રમાં એવી મતલબનું આવે છે કે—અમારું બેસવું ને ખાવું-પીવું બધું આનંદ છે.

જ્ઞાનીને ભલે રાગાદિ આવે, છતાં તેનો આદર નથી, આદર તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો છે. ત્યાં જ જ્ઞાનીનું આસન છે, જ્ઞાનીનું—સમ્યગ્દષ્ટિનું પણ આસન તો સ્વરૂપમાં જ છે કેમ કે તેને અંદરથી પૂર્ણાનંદનો આદર છે, સ્વાનુભૂતિનો ભોગવટો છે. અહીંયાં તો મુનિદશાની વાત ચાલે છે. મુનિરાજને વિશેષ ચારિત્રદશા હોવાથી અંતરમાં ક્ષણે ને પળે છઠું-સાતમું ગુણસ્થાન આવે છે. અહો! એ મુનિરાજની દશા અદ્‌ભુત છે! શ્રીમદ્‌ 'અપૂર્વ અવસર'માં કહે છે:

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો...અપૂર્વ૦ ૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિગંબર સંત મુનિરાજ વનમાં વિચરતા હોય છે; બહારમાં વાઘ ને સિંહની વચ્ચે બેઠા હોય છે ને અંદર આનંદની લહેરમાં પડયા હોય છે. કોઈ સિંહ શરીર ખાવા આવે તો મુનિને એવા ભાવ હોય છે કે શરીર મારું છે નહિ ને મારે તે જોઈતું નથી, એને જોઈતું હોય તો ભલે લઈ જાય.—એમ નિર્ભયપણે આત્માની સાધના કરતાં, ત્રાડ નાખતા વાઘ ને સિંહની વચ્ચે એકલા વનમાં બેઠા છે. શરીર તો ડગે નહિ, પરંતુ મન પણ ચળે નહિ એવી જેમની દશા છે એવા મુનિરાજને અંદરમાં સ્વરૂપની નિદ્રા આવી છે અર્થાત્ તે સ્વરૂપમાં—અતીન્દ્રિય આનંદમાં—સૂતા છે. જેમ કોઈ નિદ્રામાં ઘોરે છે તેમ તે મુનિરાજ સ્વરૂપ-નિદ્રામાં જામી ગયા છે.

મુનિરાજનો આહાર પણ સ્વરૂપ જ છે. બહારનો ખોરાક એમનો આહાર નથી, એમને તો અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. ઋષભદેવ ભગવાને મુનિદશામાં પ્રથમ છ મહિનાના ઉપવાસ કર્યા ત્યારે આહારનો વિકલ્પ પણ આવ્યો નહિ; પછી આહારનો વિકલ્પ આવ્યો, ભિક્ષા માટે જાય પણ મળે નહિ, લોકોને આહારદાનની વિધિ કાંઈ આવડે નહિ, ભગવાનને વિકલ્પ તૂટી જાય અને તેઓ અંદરમાં—આનંદના ખોરાકમાં—ચાલ્યા જાય. છ મહિના બીજા વીતી ગયા. લોકોને થાય કે ભગવાન આ બધું કેમ લેતા નથી? પણ ભગવાન દુઃખી નહોતા, ત્રણ લોકના નાથ એ તીર્થંકરદેવ અંદર અતીન્દ્રિય આનંદના કોળિયા-ગ્રાસ જમતા હતા. બહારના આહારના કોળિયા તો જડ ને પરવસ્તુ છે, એને આત્મા લઈ શકતો નથી, ખાઈ શકતો નથી. મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક છે. આ વાત જગતને આકરી પડે, કેમ કે કોઈ દિવસ સાંભળી ન હોય.

મુનિરાજ સ્વરૂપમાં જ લીલા ને સ્વરૂપમાં જ વિચરણ કરે છે. આમ તો સમ્યગ્દૃષ્ટિ પણ સ્વરૂપમાં લીલા કરે છે; પણ તેને રાગનો ભાવ જરા વિશેષ આવે છે, જોકે અભિપ્રાયમાં તેનો આદર નથી. સમકિતીને પણ ભક્તિ, પૂજા, દાન વગેરેનો શુભ રાગ આવે છે, વ્યવહારનયનો વિષય આવે છે, હોય છે પણ તે તેને હેય તરીકે જાણે છે. સમ્યગ્દર્શન ધર્મનું પહેલું પગથિયું છે. તે પ્રાપ્ત થતાં જીવ પોતાના આનંદસ્વરૂપમાં લીન રહે છે, રાગ આવે પણ એમાં એકત્વબુદ્ધિની લીનતા નથી.

પૂજા, ભક્તિ ને જાત્રા કરીને લોકો માની બેસે કે ધર્મ થઈ ગયો, પરંતુ એ ધર્મ તો નથી પણ પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. જેને અંદર દયા-દાન આદિ રાગનો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે, રાગરહિત સ્વરૂપના આનંદનો સ્વાદ આવે—એવા જીવને હેયબુદ્ધિએ જે શુભભાવ આવે ને પુણ્ય બંધાય તેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. પુણ્યની રુચિવાળાના પુણ્યને તો પાપાનુબંધી પુણ્ય કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તો કહે છે કે મુનિ પુણ્ય-પાપના ભાવ રહિત નિજ સ્વરૂપમાં જ લીલા કરે છે; એની રમતો આત્માના સ્વરૂપમાં છે, રાગની રમતથી તે છૂટી ગયા છે.

'નિજ પદ રમે સો રામ કહિયે.'

આત્મામાં રમે તેને રામ અને રાગ ને પુણ્યના પરિણામમાં રમે તેને હરામ કહીએ. વીતરાગ સર્વજ્ઞનો માર્ગ બહુ અપૂર્વ...અપૂર્વ...અપૂર્વ લાભદાયક છે. આત્માના અતીન્દ્રિય આનંદનો લાભ મળે એવો લાભદાયક છે.

મુનિરાજ સ્વરૂપમાં જ વિચરણ કરે છે, રાગમાં વિચરતા નથી. પ્રભુ! તારું સ્વરૂપ અંદર અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય ઈશ્વરતા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા ને અતીન્દ્રિય નીરોગતાથી ભરેલું તત્ત્વ છે. ધર્મી જીવ પોતાના સ્વચ્છસ્વરૂપમાં વિચરે છે. એને વ્યવહાર-રત્નત્રયનો રાગ આવે છતાં તેનો આદર નથી એટલે તેનું વિચરવું ત્યાં—રાગમાં—નથી. રાગથી ભિન્ન ચૈતન્યનું જેને ભાન નથી એ બધા વિષયના ભિખારા છે, રાંકા છે; ભલે એ અબજોપતિ હોય કે મોટા દેવ હોય, પણ આત્માનુભવરૂપ ચૈતન્યપ્રાણથી રહિત હોવાથી તેઓ ચાલતાં મડદાં છે. જેમને, પુણ્ય ને પાપના રાગનો જેમાં અવકાશ નથી એવા ત્રિકાળી ચૈતન્યપ્રાણસ્વરૂપ આત્મામાં લીનતા છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-રમણતારૂપ પરિણતિ વર્તે છે એવા સંત મુનિઓ સ્વરૂપમાં જ વિચરણ કરે છે.

**'સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.'**

ભરત ચક્રવર્તી સમકિતી, આત્મજ્ઞાની, સ્વાનુભવી હતા. તે રાગનો એક કણ પણ આદરણીય માનતા ન હતા. તેમને છ ખંડના રાગની આસક્તિ છૂટી ત્યાં નવ કોટિએ વસ્ત્રાદિ પરિગ્રહનો ત્યાગ થઈ જાય છે. પછી ધ્યાનમાં જામે છે—અંતર શુદ્ધોપયોગ દશામાં રમે છે—ને કેવળજ્ઞાન થઈ જાય છે. તે અરીસાભવનમાં બેઠા હતા, ત્યાં અંતરથી નિવૃત્તિ થઈ ગઈ. સમકિતી તો પહેલેથી જ હતા. અરીસાભવનના ઉદ્યાનમાં નવ કોટિએ વસ્ત્રાદિ છૂટી નગ્ન દશા થઈ ગઈ. સંપૂર્ણ મુનિદશા પ્રગટાવીને અંતરમાં રમણતા કરતાં અંદરના વીરરસ વડે લીલામાત્રમાં શ્રેણી માંડી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવ્યું.

વીરરસથી ભરભૂર એવા વીર્યના પિંડસ્વરૂપ ભગવાન આત્માનું, રાગ ને નિમિત્તથી ભિન્ન પડી, જેને સમ્યગ્દર્શન થયું, અને સ્વરૂપના સ્વીકારમાં અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો તેને અહીં સમકિતી કહે છે. એ સ્વાદમાં રમતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારિત્ર થઈ જાય છે. સંપૂર્ણ મુનિપણું પ્રગટાવી એ સ્વાદમાં એકાગ્ર થતાં—વિશેષ સ્થિર થતાં—લીલામાત્રમાં કેવળજ્ઞાન થઈ જાય છે. બાપુ! જગત ક્યાં ઊભું છે—એ બધી ખબર છે. દયા-દાન, વ્રત-તપ, ભક્તિ વગેરે બધો શુભ રાગ છે. એ વ્યવહારના રાગમાં જે ઊભા છે, તેને ધર્મ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે, અને જે ચૈતન્યના બાગમાં—જ્ઞાયકસ્વભાવમાં—ઊભા છે તે ધર્મી સમ્યગ્દૃષ્ટિ છે.

—o—

## વચનામૃત—૭૯

**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિન્ત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર, યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.**

'શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.'

શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી ગયો હોય એમ અજ્ઞાનીને ભાસે છે. શું કહેવા માગે છે? દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેનો જે રાગ થાય છે એ જાણે આત્મામાં એકાકાર થઈ ગયો હોય એમ અજ્ઞાનીને ભાસે છે. ચાહે તો દિગંબર મુનિપણું લીધું હોય, પણ રાગ ને વિકલ્પથી લાભ થશે એવી માન્યતા જો હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે.

ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ—શુભાશુભ વિકાર—જ્ઞાનરૂપી ચૈતન્યદર્પણમાં પ્રતિબિંબરૂપ છે. અરીસામાં જે અગ્નિ વગેરે દેખાય તે પ્રતિબિંબ છે, ત્યાં અગ્નિ નથી; એમ આત્માનું ભાન થતાં જે રાગનું જ્ઞાન થાય તે રાગ જ્ઞાનનું સ્વરૂપ નથી. અરીસામાં જેમ ચીજ દેખાય તેમ જ્ઞાનમાં રાગ જણાય. અરીસામાં અગ્નિનું પ્રતિબિંબ દેખાતાં અગ્નિ અરીસામાં આવી જતો નથી; તેમ જ્ઞાનમાં રાગ જણાતાં, રાગ જ્ઞાનમાં આવી જતો નથી. 'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન.' અહા! હું જિનસ્વરૂપી આત્મા છું, રાગ મારા આત્મામાં નથી—એ વાત અજ્ઞાનીને બેસતી નથી. અરીસામાં જે પ્રતિબિંબ દેખાય છે એ તેની સ્વચ્છતા છે; એમ જ્ઞાનમાં રાગ જણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એ જ્ઞાનની સ્વચ્છતા છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તેથી રાગ જ્ઞાનમાં જણાતાં—રાગ જ્ઞાનમાં ઝળકતાં—જ્ઞાનમાં રાગ આવી જતો નથી. જ્ઞાનમાં રાગ જણાતાં, જ્ઞાન રાગને જાણે છે—એમ કહેવું તે વ્યવહાર છે. બાકી તો રાગ સંબંધીનું જ્ઞાન પોતાને પોતાથી પ્રગટયું છે. ખરેખર તો, જ્ઞાન પોતાને જાણે અને રાગને જાણે—એવો જ એનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે. તે સ્વપર-પ્રકાશક જ્ઞાન રાગમાં પેસી જતું નથી, પણ રાગથી જુદું રહીને રાગને જાણે છે. રાગને જાણનારું પોતાનું જ્ઞાન પોતાથી થાય છે, રાગથી નહિ.

અહા! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ ને દિગંબર સંતો જે કહે છે તે આ વાણી છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ—એ રાગ કંઈ આત્મામાં પેઠો નથી.

પ્રશ્ન:—એવા વિકલ્પ તો મુનિને થાય છે ને?

ઉત્તર:—હા, હેયબુદ્ધિએ થાય છે. મુનિને જે રાગ ને વિકલ્પો થાય છે તે દુઃખ છે, આકુળતા છે; પરંતુ તેઓ ત્રિકાળી સ્વરૂપમાં પેસી ગયા નથી એમ મુનિ જાણે છે. મિથ્યાદ્રષ્ટિને પણ ત્રિકાળી આત્મામાં રાગ નથી, પણ તે, રાગ અને આત્માને એક માને છે. ભલે એ સાધુ હોય તોપણ તે અજ્ઞાની છે; અને ગૃહસ્થાશ્રમમાં સમકિતી પણ, રાગ ને આત્માને સ્વરૂપે જુદા માનતો હોવાથી, જ્ઞાની છે.

રાગથી લાભ માનનારા 'રાગ આત્મામાં પેસી ગયો છે' એમ માને છે, પણ એમ છે નહિ. એના જ્ઞાનમાં એ જ્ઞેયો—જણાવા લાયક પદાર્થો—પ્રતિસમય જણાઈ જાય છે, પણ અજ્ઞાનીને તેનું જ્ઞાન નથી.

આત્માની જે જ્ઞાનપર્યાય વર્તમાન છે એ પર્યાય જ્ઞેયપદાર્થને જાણે છે. સ્વભાવ બાજુ જુએ તો ત્રિકાળી જ્ઞાયકને જાણે છે અને પર્યાય બાજુ જુએ તો રાગ વગેરે થાય તેને જાણે છે; કારણ કે જ્ઞાયકપ્રભુ તો જાણનાર...જાણનાર...જાણનારનું કામ કરે છે. જ્ઞાનમાં પ્રતિબિંબ કહ્યું, ત્યાં જ્ઞેય ચીજો જ્ઞાનમાં આવી જતી નથી; પણ જેવું સામે રાગાદિ જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે. રાગની અપેક્ષા રાખ્યા વિના, જ્ઞાનની પર્યાય સ્વપર-પ્રકાશકપણાના સામર્થ્યવાળી હોવાથી, જ્ઞાન પોતે પોતાની ઝળકમાં રાગાદિ જ્ઞેયને જાણે છે. 'જ્ઞેયને જાણે છે' એમ કહેવું તે, એ કથનમાં જ્ઞેયની—પરની—અપેક્ષા આવતી હોવાથી, વ્યવહાર છે. બહુ આકરું કામ, ભાઈ! શું થાય? જીવ અનંત કાળનો અથડાયેલો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**' જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. '**

શું કહ્યું? ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ને રાગ રહિત વૈરાગ્યસ્વરૂપ છે; તે, પરથી ઉદાસ અને સ્વભાવથી પૂર્ણ ભરેલો છે. તેમાં, જ્ઞાનની ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી અંદર પુરુષાર્થની ધારા પ્રગટ કર. આત્માના શુદ્ધ ચૈતન્યસ્વરૂપના ભાનરૂપ પરિણતિ તે ' જ્ઞાન ' અને રાગનો અભાવ એનું નામ ' વૈરાગ્ય '. જ્ઞાનની ને વૈરાગ્યની અચિંત્ય શક્તિ બન્ને સાથે હોય છે. બાયડી-છોકરાં છોડે તે વૈરાગ્ય નહિ, પણ અંતરમાં રાગથી ભિન્ન પડીને સહજ ઉદાસીનપણે વર્તે છે તેને સાચો વૈરાગ્ય કહીએ. સ્વરૂપમાં લીનતા તે જ્ઞાન, ને રાગથી વિરક્તતા તે વૈરાગ્ય. જ્ઞાન-વૈરાગ્યની —કોઈ કલ્પનાથી જેનું માપ આવી શકે નહિ એવી—અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.

પ્રશ્નઃ—વીતરાગનો માર્ગ આવો હશે? જાત્રા કરો, મંદિર કરો, પૂજા કરો, ભક્તિ કરો, વ્રત પાળો ને ઉપવાસ કરો—ઉપદેશક પાસેથી તો આવું સાંભળીએ છીએ.

ઉત્તરઃ—ભાઈ! ' કરવું...કરવું...' એ રાગ છે ને રાગનું કરવું એ આત્માનું ' મરવું ' છે. સમયસારના નિર્જરા-અધિકારમાં કહ્યું છે : સમ્યગ્દૃષ્ટિ જીવને નિયમથી જ્ઞાન ને વૈરાગ્ય—એ બે શક્તિ હોય છે. ચોથા ગુણસ્થાને પણ સ્વરૂપના જ્ઞાનની ને રાગના અભાવરૂપ વૈરાગ્યની અચિંત્ય શક્તિ પ્રગટેલી હોય છે. જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની જે ધારા પ્રગટે છે તેને ધર્મધારા કહેવાય છે, સાથે રાગ જેટલો રહી જાય છે તેને કર્મધારા કહેવાય છે. સાધકને હજી રાગ બાકી છે; તે રાગનું જ્ઞાન થાય છે ત્યાં રાગ જ્ઞાનમાં પેસતો નથી અર્થાત્ જ્ઞાનના સ્વરૂપમાં રાગ આવતો નથી. રાગ સંબંધીનું જ્ઞાન જે થાય છે તે રાગથી નહિ પણ પોતાથી થાય છે.

આત્માનો આશ્રય કરવો ને રાગનો આશ્રય છોડવો. ' સ્વમાં વસ ને પરથી ખસ. ' ચાહે તો ભગવાનની ભક્તિ ને સ્મરણનો રાગ હોય, પણ એ રાગથી ખસ, તેનાથી હઠ, પાછો વળ; કારણ કે માર્ગ વીતરાગ છે. સ્વભાવમાં વસ ને વિભાવથી ખસ; એ ટૂંકુંટચ, એટલું કરે તો બસ. ઉપદેશમાં એનો બધો વિસ્તાર ને સ્પષ્ટીકરણ આવે. સંક્ષેપમાં અંદર પ્રભુ વીતરાગસ્વરૂપ જ છે, એમાંથી વીતરાગતા પ્રગટે. જેને અંદરથી જ્ઞાનની તાકાત પ્રગટ થાય છે તેને જ રાગના અભાવરૂપ વૈરાગ્યની સાચી તાકાત પ્રગટે છે. જ્ઞાનની તાકાત વિના વૈરાગ્યની સાચી તાકાત પ્રગટ થાય નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથા ગુણસ્થાને પણ આ સ્વરૂપજ્ઞાનની ને રાગના અભાવરૂપ વૈરાગ્યની અચિંત્ય તાકાત પ્રગટેલી હોય છે. વીતરાગ જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે તે આ વાત છે. ભગવાન મહાવિદેહમાં આ વાત કરી રહ્યા છે.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૨૬

તા. ૧-૭-૭૮

## વચનામૃત—૭૯

વચનામૃતનો ૭૯ મો બોલ. કેટલુંક ચાલ્યું છે;...ફરીથી લઈએ.

**'શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.'**

આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ ને આનંદરસનો કંદ છે. તેમાં વ્યવહાર-રત્નત્રયના ભાવો—દયા, દાન, વ્રત-તપ આદિના રાગ—જાણે અંદર પેસી ગયા હોય એમ અજ્ઞાનીને લાગે છે; પરંતુ તે વિભાવભાવોએ ચૈતન્યપ્રકાશમાં કદી પ્રવેશ કર્યો જ નથી. સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં કહ્યું છે ને!—જ્ઞાયકભાવ શુભ-અશુભ ભાવપણે થયો જ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાનરસ, તેના પ્રકાશના પૂરમાં વિકાર જાણે અંદર પેઠો હોય એમ અજ્ઞાનીને દેખાય છે; પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં—સ્વભાવ ને રાગ એ બન્નેનું સ્વરૂપ જ ભિન્ન છે; રાગ છે તે નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ છે ને જ્ઞાયક-સ્વભાવ છે તે નવ તત્ત્વમાં જીવતત્ત્વ છે; ત્રિકાળી સ્વભાવ અવિકૃત, અકૃત્રિમ ને નિરુપાધિસ્વરૂપ છે અને રાગાદિ વિભાવ ક્ષણિક, વિકૃત, કૃત્રિમ ને ઉપાધિસ્વરૂપ છે; એમ તે બન્નેનું સ્વરૂપ જુદું છે એવું જ્ઞાન થતાં—તેઓ માત્ર જ્ઞાનરૂપી ચૈતન્યદર્પણમાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાનના પરિણમનની કોઈ શક્તિ જ એવી છે કે તેની સ્વચ્છતામાં રાગ વગેરે ભિન્ન તરીકે જણાઈ જાય છે, ચૈતન્ય-અરીસામાં એ પ્રતિબિંબરૂપ છે.

અરેરે! ચોરાશી લાખ યોનીના અવતારમાં જન્મ-મરણ કરીને જીવ દુઃખ વેઠી રહ્યો છે; સ્વભાવે પોતે આનંદસ્વરૂપ હોવા છતાં પરાધીનતા ને આકુળતામાં ઘેરાઈ ગયો છે. ભલે કદાચ બહારથી પૈસાવાળો ને શરીરે નીરોગી દેખાય, પણ પોતાના શુદ્ધસ્વરૂપનું ભાન નહિ હોવાથી તે અંદરમાં દુઃખી છે. દુઃખથી છૂટવું હોય તો રાગાદિ વિકારને ચૈતન્યથી જુદા પાડવા. તેઓ, પોતપોતાના સ્વરૂપે જુદાં છે તે રીતે જુદાં પાડતાં, જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં રાગાદિ પ્રતિબિંબરૂપ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'**

પ્રભુ પોતે જ્ઞાનસ્વરૂપ આત્મા—તેનું જ્ઞાન, અને રાગનો—વ્યવહારનો—જે વિકલ્પ તેનાથી વૈરાગ્ય, એ જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી અંદર પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગની ધારામાં પડેલો જે દેખાય છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાનની ધારાવાહી શક્તિ ને રાગથી વિરક્તતાવાળી વૈરાગ્યશક્તિ એકધારી વહે એમ તું પુરુષાર્થ કર. અહા! આવી વાતો છે!

**'યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા.'**

એટલે શું? રાગના એકત્વથી રાગ સાથે જે અભેદ દેખાય છે તેને છોડીને જુદો પડી જા, ઉપર આવી જા. આ, સમ્યગ્દર્શનરૂપ ભૂમિકાની વાત છે. એમાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો પાક થાય છે. એ ભૂમિ વિના ચારિત્ર હોતું નથી, વ્રત હોતાં નથી—કાંઈ હોતું નથી.

એક કૂવામાં કુદરતી ઝેરી ગેસ નીકળ્યો. કૂવામાં એક પછી એક આઠ માણસ ગયા. એ આઠેય માણસ મરી ગયા. 'અરે! માણસ પાછો કેમ આવતો નથી?' જોવા જાય ત્યાં એ પણ મરી જાય! વૈરાગ્ય ઊપજે એવી વાત છે. એમ ભગવાન આત્મા રાગને—પુણ્ય-પાપના પરિણામને—પોતાનો માનીને જોવા જાય છે એ ઝેરી ગેસ છે, તેનાથી તે મરી જાય છે, તેનું ભાવમરણ થાય છે. પરંતુ જો અંદર ચૈતન્યભગવાનને જોવા જાય તો તેને ક્રમે ક્રમે, આઠેય કર્મનો અભાવ થઈને, સિદ્ધદશા થાય છે; ત્યાં સંસાર મરી જાય છે, ને જીવ જીવતો થાય છે.

ભગવાન આત્મા દયા-દાન ને પૂજા-ભક્તિના રાગમાં—તેના દબાણમાં—દબાઈ ગયો છે. પર્યાયબુદ્ધિમાં જે રાગદ્વેષ થાય છે તેમાં તું દબાઈ ગયો છે. દબાઈ ગયો છે તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી ઉપર લાવ, યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી જા.

રાગને ઉપર લાવીને 'હું રાગ જ છું' એમ માનીને બેઠો છે, રાગી થઈને ખુશી ખુશી મનાવે છે, તેને બદલે રાગથી ભિન્ન પડીને ચૈતન્યને ઉપર લાવ. રાગનો વિકાસ થાય-એ છોડી દે. અહા! આવી વાત છે.

પ્રશ્નઃ—આત્માને મુખ્ય કરી રાગને ગૌણ કરે ને?

ઉત્તરઃ—મુખ્ય વસ્તુ જ આત્મા છે. રાગ આત્માના મૂળ સ્વભાવમાં છે જ નહિ. વસ્તુ ભૂતાર્થ છે, ને પર્યાય ગૌણ કરીને અભૂતાર્થ છે. રાગની પર્યાય છે, તો તેને જાણનારી જ્ઞાનની પર્યાય છે ને? પર્યાય હોવા છતાં ત્રિકાળી ભૂતાર્થને—સત્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—પ્રગટ કરવા તેને ગૌણ કરી નાખ. ‘પર્યાય નથી’ એમ કહે છે ત્યાં તેને ગૌણ કરીને ‘નથી’ કહે છે. જો પર્યાય ‘સર્વથા નથી’ એમ કહે તો એકાંત—વેદાંત થઈ જાય. અહીંયાં તો પર્યાયનું લક્ષ છોડાવવા ગૌણ કરીને ‘નથી’ એમ કહ્યું; અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય કહી છે, કેમ કે તેની દૃષ્ટિ કરાવવી છે. શું પર્યાય નથી? રાગ નથી? જો રાગ નથી તો અંતર આનંદનો પ્રગટ અનુભવ હોવો જોઈએ!

**‘ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે.’**

ભગવાન આત્મા રાગસ્વરૂપ તો છે જ નહિ. ભગવાન એમ કહે છે: અમારું સ્મરણ કરતાં, અમારી ઉપર નજર કરતાં, તને જે રાગ થાય તે તારું સ્વરૂપ જ નથી. ચૈતન્યપ્રભુ તો નિર્મળ છે. અહા! આઠ આઠ વર્ષના ચક્રવર્તીના રાજકુમારો હોય, તેઓ પણ રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યને જુએ છે, સમ્યગ્દર્શન પામે છે. તેઓ આત્માનો વિશેષ અનુભવ કરવા માટે વનમાં ચાલ્યા જાય છે. એ રાજકુમારો કહે છે કે—આ બધો વૈભવ ને બહારની રમતો છોડીને અમે અમારી અંતર દશામાં રમવા જઈએ છીએ; અંદર આનંદનો કંદ એવો ચૈતન્યબાગ ખીલ્યો છે, તેને વધારે ખિલવવા માટે અમે સાધુ થઈએ છીએ.

અહીંયાં કહે છે કે ચૈતન્યતત્ત્વ તો નિર્મળ છે, ખરેખર નિર્મળ છે. પ્રભુ! ત્રિકાળી દ્રવ્ય તો નિર્મળ જ છે, તેને રાગનો અંશ અડયો નથી. રાગનો અંશ જેના સ્વરૂપમાં નથી એવું એ જ્ઞાયકદ્રવ્ય ત્રિકાળ નિર્મળ છે.

**‘અનેક જાતનાં કર્મના ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે.’**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ અનેક પ્રકારનાં કર્મ આત્માથી અત્યંત જુદાં છે. આત્મપ્રદેશે રહેલા કર્મપરમાણુની સત્તા એ પણ તારી ચીજથી ભિન્ન છે. કર્મનો જે પ્રગટ ઉદય થયો તેનાથી પણ ચૈતન્યપ્રભુ તો ભિન્ન છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ—કર્મના એ ચાર બોલ છે ને? તેનાથી જ્ઞાયકપ્રભુ ત્રણે કાળે ભિન્ન છે એમ તારી દૃષ્ટિમાં આવવું જોઈએ.

પહેલાં કર્મનો ઉદય, સત્તા ને અનુભાગનું કહ્યું. હવે કહે છે: નિમિત્તના આશ્રયે જે શુભાશુભ વિકલ્પો થાય છે, તે થયા છે તો તારાથી; તોપણ એ વિકલ્પો આત્માના સ્વરૂપથી અત્યંત ભિન્ન છે. અહા! દયા, દાન આદિના રાગ આવે, પણ તે તારા સ્વરૂપથી અત્યંત જુદા છે. આવી દૃષ્ટિ થયા વિના જે સત્યાર્થ છે તે નહિ બેસે. પુણ્ય-પાપના ભાવ આત્માનું પરમાર્થસ્વરૂપ નથી તેથી નિશ્ચયથી તે અસત્યાર્થ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપરમાર્થ છે. અહા! આવી વાત છે! ચોરાશીના અવતાર ઉલેચી નાખવાની વાત છે બાપુ! અંદર આનંદનો નાથ, એકલો ચૈતન્યપ્રકાશ છે તેને તું જો. તેમાં કર્મનાં ઉદય, સત્તા અને અનુભાગ તો નથી, પણ કર્મના લક્ષે થનારા પુણ્ય-પાપના વિકલ્પો પણ તારા સ્વભાવમાં નથી. અહા! ભાષા સહેલી છે ને ભાવ અલૌકિક છે.

પ્રભુ! પુણ્ય-પાપના રાગમાં તું ભુલાઈ ગયો છો; એ તારું સ્વરૂપ નથી; તું દુશ્મનમાં ભેળાઈ ગયો છો, ત્યાંથી પાછો વળ. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ તારું સજ્જનતાપૂર્ણ કુટુંબ અંદરમાં પડ્યું છે. આઠ વર્ષનાં બાળકોને પણ—હજી નિશાળનું ભણતર પણ માંડ શરૂ થયું હોય—આ વાત સાંભળતાં રુવાંટાં ખડાં થઈ જાય, આત્મામાં ફેરફાર થઈ જાય કે અહા! જે ભણવાનું હતું તે ભણાઈ ગયું. ભગવાન આત્મા વિકલ્પથી પણ ન્યારો છે-એવું જે ભણતર અંદર થયું તે કેવળજ્ઞાનને લાવશે. આ કર્મનિમિત્તક વિકલ્પો આત્માથી અત્યંત જુદા છે. તારું દ્રવ્ય રાગરૂપ થઈ ગયું નથી, કેમ કે બન્નેમાં સ્વભાવભેદ છે. દયા, દાન આદિના વિકલ્પ તો અચેતન છે, અને પ્રભુ! તું તો ચેતન છો. ચેતન અચેતન કેમ થાય? અહા! વસ્તુસ્વરૂપ આવું છે.

—o—

## વચનામૃત—૮૦

**વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ. હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી —એ બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. ૮૦.**

'વિધિ અને નિષેધની વિકલ્પજાળ છોડ.'

હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું, ચૈતન્યઘન છું—એ વિધિના વિકલ્પો છે અને હું રાગ નથી, વિકલ્પ નથી, બંધાયેલો નથી—એ નિષેધના વિકલ્પો છે; તે વિકલ્પજાળને છોડ. પ્રભુ આત્મા તો વિધિનિષેધના વિકલ્પોથી પાર છે. સમયસારની ૧૪૨ મી ગાથાના મથાળામાં કહ્યું છે કે—'તેથી શું?' હું શુદ્ધ છું ને હું અબદ્ધ છું—એવા નયપક્ષનો વિકલ્પ આવ્યો તેથી તને શો લાભ છે? 'આત્મા બંધાયેલો છે' એવા વ્યવહારના પક્ષને તો પહેલેથી જ છોડાવતા આવ્યા છીએ, પણ 'હું બંધાયેલો નથી, શુદ્ધ છું' એવી વિકલ્પજાળથી પણ તને શો લાભ છે?

અહા! સમયસાર! તે તો ચિદાનંદ-ભૂપાલની—ચિદાનંદ-બાદશાહની—રાજધાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેનું ચલણી નાણું નિર્મળ દશા છે. અજ્ઞાનદશામાં મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય છે. જ્યાં જુઓ ત્યાં મિથ્યાત્વ જ હોય. સાધુ થઈને બેઠો તોય રાગનો કર્તા, ને મારે વ્યવહાર કરવો જોઈએ એવી માન્યતા;—એમ મિથ્યાત્વનું રાજ્ય એકછત્રે ચાલે છે. રાગ આવે તે જુદી વાત છે, પણ 'રાગ કરવો જોઈએ' એ અભિપ્રાય મિથ્યાત્વ છે.

અહીં કહે છે કે, આત્મા જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો સાગર છે એવો જે વિધિનો—'અસ્તિ' બાજુનો વિકલ્પ, અને તેનામાં રાગ નથી, વિભાવ નથી એવો નિષેધનો—'નાસ્તિ' બાજુનો વિકલ્પ; એ બધી વિકલ્પજાળને છોડ.

**'હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી—તે બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા.'**

'હું બંધાયેલો છું' એવા વ્યવહારનો નિષેધ તો કરતા જ આવ્યા છીએ; પણ 'હું બંધાયેલો નથી' એવા વિકલ્પની વૃત્તિ ઊઠે તે પણ રાગનો અંશ છે. લોકોને હજુ બહારની વ્યવહારશ્રદ્ધાનાં પણ ઠેકાણાં ન હોય એટલે આ ઝીણી વાત સમજવી અઘરી પડે.

સરા ગામમાં મેલડીનું સ્થાન છે. ત્યાં પોસા, સામાયિક, પ્રતિક્રમણ કરનાર એક આગેવાન ભાઈએ વ્યાખ્યાન પૂરું થયા પછી કહ્યું : સાહેબ! એક માતાજી છે, દર વર્ષે બે હજાર રૂપિયા આપે છે, એને દર્શન આપવા પધારો ને! મનમાં થયું કે કોઈ ગરાસણી બાઈ હશે, તે બે હજાર વાપરતી હશે. ત્યાં લઈ ગયા; મકાનની ઉપર લખ્યું 'તું : મેલડી માતા સત્ય છે. 'ઓય માર્યા! આવ્યા છીએ તો હવે જોવું તો ખરું કે શું થાય છે!' ઓરડામાં લાકડાનાં ફળાં-ચુંદડી વગેરે હતું. તેના ઉપર હાથ મૂકીને તે ભાઈ કહે : 'મહારાજ! આને માંગળિક સંભળાવો.' કોને સંભળાવવું? 'મહારાજ! સંભળાવો, એ સાંભળશે, સાંભળશે.' અરે! ભાઈ! જૈનમાં જન્મીને તમે આ શું કરો છો? જૈન કોને કહીએ? ઉપરથી દેવ આવે ને કહે : તારો રોગ મટાડી દઉં, તું મને માન; તોપણ તેને ન માને. સમકિતી, દેવને પણ ન માને એને ઠેકાણે આવાં ભ્રમણાનાં લાકડાં! દેવી પૈસા આપશે ને રોગ મટાડશે—આવી ભ્રમણા! તમને આ થયું છે શું? જ્યાં આવી જાડી ભ્રમણાઓ હોય તેને આત્માની આ વાત સમજવી અઘરી પડે.

વીતરાગ તો એમ કહે છે કે જે છદ્મસ્થ પ્રાણી અમને પણ યાદ કરે તેને રાગ થશે, કારણ કે અમે તેના માટે પરદ્રવ્ય છીએ. મોક્ષપાહુડમાં કહ્યું છે : 'परदव्वादो दुगई, सद्दव्वादो हु सुग्गई हवइ।'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

અહીંયાં તો એ પણ નથી લીધું. અહીં તો 'હું બંધાયેલો નથી', 'હું પરમાત્મા છું' એવા વિકલ્પ જે ઊઠે છે તેને પણ છોડ. વિકલ્પથી—રાગથી અંદર પરમાત્મા હાથ નહિ આવે. 'હું અબદ્ધ છું' એવા વિકલ્પ સુધી આવે તોપણ તે અંદર પેઠો નથી; તે આંગણામાં, રાગમાં, દુઃખમાં ઊભો છે. વિકલ્પ છે તે દુઃખ છે, જ્ઞેય છે, ને ભગવાન આત્મા છે તે અતીન્દ્રિય આનંદ છે. અહા! 'હું અતીન્દ્રિય આનંદ છું' એવા વિકલ્પને પણ છોડ. તે બધું છોડી અંદર જા, અંદર જા; જ્યાં ભગવાન આત્મા નિર્વિકલ્પપણે પડયો છે ત્યાં જા. અનંત તીર્થંકર અને કેવળીઓ આમ કહેતા આવ્યા છે. મહાવિદેહમાં તીર્થંકરનો કોઈ દી વિરહ નથી; ત્યાં પણ અનંત વાર ગયો, પણ પોતે પોતાનું વિપરીત અભિપ્રાયરૂપ લાકડું છોડયું નહિ.

ભાઈ! તારી મોટપનો પાર નથી. જાત્રા ને વ્રતાદિ ક્રિયાકાંડનો સ્થૂળ રાગ અને તેનાથી આત્માને કાંઈ લાભ થાય એ વાત તો કયાંય રહી ગઈ, પણ 'હું બંધાયેલો નથી' એવા વિકલ્પથી પણ આત્મા હાથ આવે એમ નથી. એ પણ વૃત્તિનું ઉત્થાન છે ને? એવી વૃત્તિને પણ છોડ તો તને અંદર અબદ્ધસ્વરૂપનો અનુભવ થશે. વિકલ્પને છોડીને અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા; ત્યારે તને સમ્યગ્દર્શન થશે.

—o—

## વચનામૃત—૮૧

**જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.**

**'જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાલ-કાળા ફૂલના સંયોગે સ્ફટિકમાં રંગ દેખાય તોપણ સ્ફટિક સ્વભાવે તો તે વખતે પણ નિર્મળ છે, રંગાઈ ગયો નથી. કહ્યું છે ને!—

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ;
શ્રી જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ.

રાગની મંદતા ને તીવ્રતા—એ બધો કષાય છે; તેના અભાવને શ્રી વીર ભગવાને ધર્મ કહ્યો છે.

પ્રશ્ન :—એ ધર્મનું કાંઈ સાધન ખરું કે નહિ?

ઉત્તર :—ભાઈ! આત્માને રાગથી ભિન્ન પાડવો—પ્રજ્ઞાછીણી—તે સાધન છે. 'એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે.' આ ભગવાન આત્મા સ્વભાવે નિર્મળ છે, શુદ્ધ છે, પવિત્ર છે, અભેદ છે, એકરૂપ છે; તેમાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તે-રૂપ થઈ ગયું નથી. સ્ફટિકમાં રંગની ઝાંય દેખાય તોપણ તે રંગાઈ ગયો નથી, સ્વભાવે નિર્મળ-અરંગ છે; એ પ્રમાણે આત્મા સ્વભાવે નિર્મળ-અરાગ છે. રાગમાં માયા ને લોભ અને દ્વેષમાં ક્રોધ ને માન—એમ રાગદ્વેષમાં ચારેય કષાય આવી જાય છે. આત્મા રાગદ્વેષથી રંગાયેલો દેખાય પણ, સ્ફટિકની જેમ, તે સ્વભાવે નિર્મળ જ છે.

આચાર્યદેવે સમયસારમાં કહ્યું છે : અમારા ને પરના મોહના નાશ માટે આ ટીકા કરું છું. મારામાં જે અસ્થિરતાનો મોહ છે તે અનાદિનો છે, નવો નથી. અનાદિ એવા આત્મસ્વભાવનું નિર્મળ ભાન તો છે; પણ અવસ્થામાં જે અસ્થિરતાનો રાગ છે, તે 'છે'પણે દેખાય છે; તેના નાશને માટે—મારા પરિણામની, અનુભૂતિની પરમ વિશુદ્ધિ માટે—આ ટીકા કરું છું. ટીકા કરવાનો શુભ રાગ છે, પણ વસ્તુ પોતે રાગરૂપે રંગાયેલી નથી. અહા! ભગવાન આત્મા તો સદા સ્વભાવે નિર્મળ જ છે, તેને રાગના રંગ કદી અડયા જ નથી, વિભાવનો રંગ ચડયો જ નથી.

દામનગરમાં એક બાવો હતો. જાતે રજપુત હતો. તેણે એક બાઈ રાખેલી. બાઈનું નામ લક્ષ્મી. બાઈએ એને છોડી દીધો. બાવાનો કષાય ફાટ્યો. બાઈની ફજેતી કરવા માટે પોતાના આખા કાળા ઝભ્ભા ઉપર 'લક્ષ્મી...લક્ષ્મી' નામ લખીને ગામમાં ફરતો હતો. તેને કહ્યું : આ તને શોભતું નથી. બાવો જવાબમાં કહેતો : 'રજપૂતકા રંગ ચઢા હૈ સો ઊતરતા નહિ હૈ.' અરેરે! જીવનો રંગ કયાં ચડી ગયો છે! અહીં તો ત્રણ લોકનો નાથ એવો જે પોતાનો ચૈતન્યપ્રભુ છે એ, પાપના રાગની વાત તો દૂર રહી, શુભ રાગે પણ રંગાયેલો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્ફટિકમણિમાં લાલ ઝાંય દેખાય તોપણ તે સ્વભાવે નિર્મળ જ છે, લાલ રંગથી તે રંગાયેલો નથી; તેમ ભગવાન આત્મામાં ક્રોધાદિ કાંઈ થાય અને દેખાય છતાં તે સ્વભાવથી તેના રંગે રંગાયેલો નથી, એને રાગનો રંગ ચડયો જ નથી. વીતરાગસ્વભાવી આત્મદ્રવ્ય ક્રોધ-માન આદિ વિભાવરંગથી ભિન્ન છે.

**'વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.'**

ત્રિકાળી ચૈતન્યપ્રભુમાં, જિનસ્વરૂપી ભગવાન આત્મવસ્તુના સ્વભાવમાં, મલિનતા—રાગાદિની અશુદ્ધતા—નથી. જેમ સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છતાં તે લાલરૂપે થઈ ગયો નથી, તેમ ભગવાન આત્મામાં શુભાશુભ વિકાર દેખાય છતાં આત્મા તે-રૂપે થઈ ગયો નથી. રાગાદિ વિકલ્પ ને ત્રિકાળી સ્વભાવ વચ્ચે સંધિ-સાંધ છે; તે બન્ને કદી નિ:સંધિ—એકમેક થયા નથી, જુદા જ છે. અરે! આવી વાતો લોકોને લૂખી લાગે!

પ્રશ્ન:—અમારે કરવું શું?

ઉત્તર:—વસ્તુસ્વભાવને—જ્ઞાયક આત્માને—સમજીને અંદર જવું—એ કરવું. અરેરે! જીવોને અંદરની સૂઝ પડે નહિ ને તેથી બહારનો—વ્રત તથા તપશ્ચર્યા આદિનો—આગ્રહ છૂટે નહિ. 'શુભ ભાવ આત્માનો સ્વભાવ નથી' એમ કરીને, શુભ છોડીને અશુભમાં આવવું એમ કાંઈ નથી. અહીં તો શુભનો પણ વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થા, અંદરમાં જા,—એમ વિભાવને છોડી અંદર સ્વભાવમાં જવાની વાત છે; કેમ કે વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.

**'પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુ-સ્વભાવ બદલાતો નથી.'**

ન્યાય આપ્યો. દૃષ્ટાંતેય જુઓ! પરમાણુ એટલે કે નાનામાં નાનો રજકણ; એમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે. પરમાણુનું ગમે તેવું પલટવું થાય તોપણ તે કોઈ દી સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વિનાનો ન થાય; કેમ કે વસ્તુસ્વભાવ બદલાતો નથી. દાખલો બહુ સાદો છે. એમ ભગવાન આત્મા કે જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-આનંદ ને અનંતવીર્ય—અનંતચતુષ્ટય સ્વરૂપ છે તે પલટીને ત્રણ કાળમાં કોઈ દી રાગાદિરૂપ થતો નથી. પુદ્ગલ-પરમાણુ જેમ વર્ણાદિ વિનાનો ન થાય તેમ ભગવાન આત્મા પણ જ્ઞાનાદિ સ્વભાવ વિનાનો ન થાય. થાય તો આત્મવસ્તુ જ રહે નહિ. આકરું કામ! શ્રીમદ્ કહે છે:

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહીં અભિમાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—પણ ગુરુ કહેવા કોને? સંત કહેવા કોને? એનીયે ખબર ન મળે. જેને સતનું ભાન નથી, સતનું સમ્યક્ દર્શન નથી તેને ગુરુ ને સંત ક્યાંથી કહેવાય? તેનો સમાગમ કરે અને માને કે લાભ થશે; પણ લાભ ક્યાંથી થાય?

અહીં કહે છે કે, પરમાણુ જેમ પોતાના ગુણ વિનાનો ન થાય તેમ ચૈતન્ય-અસ્તિસ્વભાવ આત્મા પોતાના ગુણસ્વભાવ વિનાનો કોઈ દી ન થાય. પર્યાયમાં ભલે રાગાદિ થાઓ, પણ વસ્તુનો મૂળ સ્વભાવ પલટીને ગુણનો અભાવ થઈ જાય એમ કદી બને નહિ. પર્યાયમાં રાગાદિ થાય તે તો એક સમયની દશા છે; પણ ત્રિકાળી ચીજ જે ભગવાન આત્મા તે પલટીને અનંતજ્ઞાન, અનંતસુખ વગેરે પોતાના ગુણો વિનાનો કદી થતો નથી. પરમાણુ પલટીને વર્ણાદિ વિનાનો થાય? થાય તો પરમાણુ રહેતો જ નથી. એ પ્રમાણે વસ્તુસ્વભાવ કદી બદલાતો જ નથી. અહા! આવો ઉપદેશ ને આવી વ્યાખ્યા!

**'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે.'**

રાગ ને વિભાવ સાથેની એકતાબુદ્ધિ તોડવા માટે આ વાત છે. વિભાવને અને સ્વભાવને ભિન્ન પાડીને અંદર યથાર્થ પ્રવેશ કર. ધારણામાં લઈ લેવું કે આત્મા રાગથી ભિન્ન છે—એમ નહિ; પરંતુ અંદર સ્વભાવમાં ખરેખર પ્રવેશ કર તો છૂટું પડે—સ્વભાવ ને વિભાવ બન્ને જુદા પડી જાય.

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે!—'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૨૭

તા. ૨–૭–૭૮

## વચનામૃત—૮૨

**'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.'—એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ—મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે. ૮૨.**

આ વચનામૃતનો ૮૨ મો બોલ છે. ૮૧ મો ચાલ્યો. વિષય જરી સૂક્ષ્મ છે. અનંત કાળમાં, અંદર સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આત્મા છે તેનું સાચું જ્ઞાન ને સમ્યગ્દર્શન જીવે કદી કર્યું નથી. બીજું બધું કર્યું; ક્રિયાકાંડમાં—દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરેમાં—ધર્મ માન્યો; પરંતુ એ બધી તો રાગની ક્રિયાઓ છે. ભગવાન આત્મા તો અંદર રાગથી ભિન્ન ચૈતન્ય આનંદકંદ જ્ઞાયકતત્ત્વ છે. એ જ્ઞાયકતત્ત્વમાં, અંતર્મુખ થઈ, દૃષ્ટિ કરીને તેનો અનુભવ કરવો તે ધર્મનું પહેલું પગથિયું છે.

**'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.'—એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.**

આ શરીર, વાણી ને મન તથા ઇંદ્રિયો ને બહારના વિષયો તો માટી છે, ધૂળ છે, જડ છે; અંદરમાં હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગની વાસના, ક્રોધ-માન આદિના પરિણામ થાય તે પાપભાવ છે; એ કાંઈ આત્મા નથી. વળી દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરેના ભાવો પણ આત્મા નથી, એ તો પુણ્યતત્ત્વ છે. અજીવથી જુદો ને પુણ્ય-પાપના ભાવથી રહિત એવો હું એક, અરીસાની જેમ, સ્વચ્છ જ્ઞાયકભાવ છું. સમ્યગ્દર્શન માટે અંતરમાં પ્રથમ આવો નિર્ણય કરવો. આવી ઝીણી વાત છે પ્રભુ! અનંત કાળમાં તેં જ્ઞાયકભગવાનનો પરિચય કર્યો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય. વિકલ્પ એટલે રાગ. દયા, દાન વગેરેના વિકલ્પ આવે તે રાગ છે. આત્મા અંદર સત્, ચિદ્ ને આનંદની મૂર્તિ છે, ચૈતન્યરસનો કંદ છે, ચૈતન્યના રસનો ગઢ છે. તેમાં રાગ પેસી ન શકે. રાગથી આત્મા મલિન ન થાય. પ્રભુ! આત્મજ્ઞાનની વાત બહુ ઝીણી છે ભાઈ! યાત્રા, ભક્તિ કરે કે મંદિરો રચે તેથી ધર્મ થઈ જાય એમ નથી. બાપુ! ધર્મ કોઈ બીજી ચીજ છે.

અહા! અંદર જ્ઞાનાનંદનો નાથ પ્રભુ ભગવાન આત્મા છે તે વિકલ્પની જાળમાં કદી આવ્યો નથી. આ (વચનામૃત) તો બેનના શબ્દો છે ને! ગુજરાતીમાં છે; હિન્દીમાંયે આવ્યું છે, મૂળ ગુજરાતી છે. ભાઈ! અનંત કાળે મનુષ્યપણું મળ્યું. એમાં આ જે જ્ઞાયકવસ્તુ અંદર છે તેને ઓળખીને અનુભવ! એની કિંમત અનુમાનથી કે અનુભવથી ન કરી એણે કાંઈ કર્યું નથી. લાખ વ્રત પાળે કે ઉપવાસ કરે, લાખ ભક્તિ કરે કે કરોડો રૂપિયા દાનમાં આપી દે,–એ કાંઈ ધર્મ નથી. પુણ્ય-પાપના વિકલ્પ–રાગ ઊઠે, પરંતુ એ રાગમાં આત્મા નથી ને આત્મામાં રાગ નથી. પ્રભુ આત્માને 'ભગવાન' તરીકે બોલાવે છે, 'ભગવાન આત્મા' એમ કહીને બોલાવે છે. એ ભગવાન આત્મા, પ્રભુની ભક્તિ કે ણમોકારનું સ્મરણ વગેરે રાગથી જુદો છે. પુણ્ય-પાપની વૃત્તિ એ તો આસ્રવતત્ત્વ છે; આત્મતત્ત્વ આસ્રવતત્ત્વરૂપ થયું નથી. જેમાં દયા, દાન ને ભગવત્સ્મરણના વિકલ્પનો પ્રવેશ નથી એવો હું ચૈતન્યપ્રકાશનો પુંજ છું, વજ્રનો પિંડ છું–એમ નિર્ણય કર. આત્માના ભાન વિના કરોડપતિ શેઠિયાઓ પણ બિચારા, રાંકા, ભિખારી ને દુઃખી છે. અહા! અતીન્દ્રિય આનંદ પ્રભુમાં ભર્યો છે, તેનો વિકલ્પ રહિત અનુભવ કર તો તને આનંદ અને સુખનો પંથ હાથ આવશે.

શુભાશુભ વિકલ્પથી જુદી ત્રિકાળી જ્ઞાયકચીજ અંદર પડી છે, તે ક્યાંયથી લાવવી પડતી નથી. એ વિકલ્પ ને વિકલ્પનું જ્ઞાન કરનારી પર્યાય પાસે આખું તત્ત્વ પડ્યું છે તે હું છું. હું વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું. અહા! આ વાત કેમ બેસે? રાગના વિકલ્પથી ભિન્ન એવો હું અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો પિંડ છું, સહજ શુદ્ધ ચૈતન્યસત્તાનું દળ છું. ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં પ્રથમ આવો નિર્ણય આવવો જોઈએ; ત્યારે તો તેને ધર્મનું પહેલું સોપાન કહેવામાં આવે છે; બાકી બધું થોથે થોથાં છે.

ગિરનાર કે સમ્મેદશિખરની યાત્રા અરે! લાખ-કરોડ વાર કર ને! એ ભાવ કાંઈ આત્મા નથી, રાગ છે. અંદરના પ્રભુની યાત્રા કર, અંદર આનંદનો નાથ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યઘન છે તેના પર ચઢ. એ ખરી યાત્રા છે. અહા! તારી મોટપની વાતો કથનમાં કેટલી આવે? ભગવાન આત્મા વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છે; એવો ને એવો પવિત્ર છે;—એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. એક વાર રાગના વિકલ્પથી ભેદજ્ઞાન કર. ભક્તિ વગેરેનો રાગ તારી જાતિમાં નથી પ્રભુ! તારી જાતિ તો આનંદઘન છે. જેમ મૂર્તિ પથ્થરમાંથી ખોદીને કાઢે છે, તેમ ભગવાન આત્મા ટંકોત્કીર્ણ આનંદની મૂર્તિ છે. તેમાંથી પુણ્ય-પાપના વિકલ્પને કાઢી નાખીને જેવો છે તેવો તેને જો, માન અને અનુભવ.

**'વિકલ્પથી મલિન થઈ—મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'**

પોતાના સ્વભાવની જાતિને ઓળખ. તું વિભાવથી મલિન થયો નથી, મલિનતા માની છે. શુભ-અશુભ રાગ જે વિકલ્પ છે તેનાથી વસ્તુ મલિન થઈ ગઈ છે એમ માની જીવ ભ્રમણામાં છેતરાઈ ગયો છે. પ્રભુ! તારા અસ્તિત્વમાં તો પુણ્ય-પાપના ભાવ છે નહિ, પણ 'તે ભાવ મારા છે ને તેનાથી મને લાભ થશે' એમ માનીને તું છેતરાઈ ગયો છો. તેં તને છેતર્યો છે બાપુ!

પ્રશ્ન:—આવું શું ખરેખર હશે?

ઉત્તર:—આવું વસ્તુસ્વરૂપ છે બાપુ! શું કહેવું? સર્વજ્ઞ ત્રિલોકનાથ જે જિનેન્દ્રદેવ પરમાત્મા તેમની આ વાણી છે. એ વાણી બેને અહીં કહી છે. કહે છે: પુણ્ય-પાપના ભાવ મારા છે ને વિકલ્પથી હું મલિન છું એમ માની પવિત્ર પ્રભુ આત્મા તું છેતરાઈ ગયો. અહા! તારી જાત તો સિદ્ધની છે. સિદ્ધને જેમ રાગદ્વેષ પર્યાયમાં પણ નથી, તેમ તારા જ્ઞાયકદ્રવ્યમાં વિભાવની મલિનતા નથી. શ્રીમદ્ કહે છે: 'સર્વ જીવ છે સિદ્ધ સમ.' સિદ્ધસ્વરૂપી વીતરાગમૂર્તિ એવું જે નિજ શુદ્ધાત્મ-દ્રવ્ય તેમાં મલિનતા માની ભ્રમણામાં જીવ પોતાના ભગવત્સ્વરૂપને ભૂલી ગયો છે.

પુણ્યના ભાવ કરીને તેના ફળ તરીકે બહારની ધૂળ મળે, સ્ત્રી-પુત્ર-પરિવાર બધું ઠીક મળે, તો 'આપણે ફાવી ગયા' એમ માનીને જીવ મિથ્યાત્વને પોષે છે; પણ ભાઈ! એ ચીજ તારી નથી, તારે લઈને તે આવી નથી, તારામાં એ છે નહિ. બાયડી-છોકરાં તો ક્યાંય દૂર રહી ગયાં, અહીં તો કહે છે કે રાગ પણ તારો સ્વભાવ નથી. તેને પોતાનો માનીને તું છેતરાઈ ગયો છે. તારું પોતાનું સ્વરૂપ શું છે તે જાણ્યું નહિ ને બહાર સ્ત્રી-પુત્ર, મોટા બંગલા વગેરેમાં—મસાણનાં હાડકાંમાં થતા ફોસ્ફરસના ભડકા જેવા ક્ષણભંગુર વિષયોમાં—'તે મારાં છે' એમ માની તું ભરમાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો. પ્રભુ! એમાં તું નથી, ને એ તારામાં નથી. અરે! એ તો નથી, પણ પુણ્ય-પાપના ભાવવાળો પણ તું નથી. પોતાને વિભાવવાળો માનીને છેતરાઈ ગયો છે. સંસારનાં પાપ આડે જીવને આટલે ઊંડે જવાની ફુરસદ કયાં છે? આત્મા ચિદાનંદસ્વરૂપ નિર્વિકલ્પ પ્રભુ છે, તેને ભૂલીને વિભાવના વિકલ્પથી રાજી થઈ રહ્યો છે! ખરેખર આત્માનો રાજીપો તો પૂર્ણાનંદ છે. અનુભવદશા પ્રગટ કરે ત્યારે તેને અંદર સાચો રાજીપો ને આનંદ આવે.

પૂજા કરો, ભક્તિ કરો, દયા પાળો, વ્રત-ઉપવાસ કરો—એમ રાગનો કર્તા થઈ આત્માના રાગરહિત જ્ઞાનસ્વરૂપને પ્રભુ! તેં મારી નાખ્યું. જ્ઞાનસ્વભાવમાં રાગની મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો. અરીસાની જેમ સ્વભાવે તો તું સ્વચ્છ જ છો. સ્વભાવદૃષ્ટિએ રાગાદિ તારા નથી ને તારામાં નથી. અહા! સ્વરૂપ આવું છે! તેનો પરિચય કરવો જોઈએ.

જીવ અનાદિનો રખડે છે. મોટા મોટા શેઠિયા પરનાં અભિમાન ને મમતાની મૂર્ચ્છામાં મરીને ઢેઢગરોળીની કૂખે અવતરે; કારણ કે અંદર ધર્મની ખબર નથી. પોતાનો આત્મા શી વસ્તુ છે તે સાંભળવાનું મળે, એવો સારો સત્સમાગમ મળે-એવું પુણ્યેય નથી. કોક વખત સાંભળવા જાય ત્યાં, વ્રત, તપ ને ભક્તિથી—બાહ્ય ક્રિયાકાંડથી —ધર્મ થશે એમ કહી કુગુરુ તેનો કલાક લૂંટી લે. સંસારમાં પાપનાં કામમાં વખત લૂંટાતો 'તો, અહીં આવ્યો તો ધર્મના નામે શુભ રાગમાં છેતરાઈ ગયો. અહા! કામ આકરું બહુ, બાપુ! અરીસાની જેમ તું જાતિએ સ્વચ્છ જ છો, વિકલ્પથી રહિત આનંદઘન પ્રભુ છો. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ પોકાર છે. અનંત તીર્થંકરોનો અનાદિથી આ જ ઉપદેશ છે.

**'નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.'**

આ ભગવાન આત્મા નિર્મળાનંદનો નાથ છે, જ્ઞાન આદિ અનંત ગુણથી ભરેલો ચૈતન્ય-હીરલો છે. એ નિર્મળતાના ભંડારને ઓળખ, તેની સાચી સમજણ કર, તો એક પછી એક નિર્મળ પર્યાયનો સમૂહ પ્રગટ થશે. પાણીના પૂરમાં જેમ પાણીનું દળ જ દેખાય તેમ જેણે રાગથી ભિન્ન આત્માને જોયો, જેને નિર્મળતાનો મહાન ભંડાર પ્રતીતિ ને અનુભવમાં આવ્યો, તેને નિર્મળતાની પર્યાય એક પછી એક પ્રગટશે, આનંદની ધારા તેને વહેશે.

પ્રશ્ન:—કાંઈક વ્યવહાર તો જોઈએ ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર:—પ્રભુ! વ્યવહાર ઉપર તો મીંડાં મૂકયાં છે. વ્યવહાર તો પરાશ્રિત ભાવ છે; તેનાથી સ્વાશ્રિત ભાવ—આત્માની નિર્મળ પર્યાય—થાય? પ્રભુ! તને તારી મોટપની ખબર નથી, ને રાગથી અને વ્યવહારથી લાભ થાય એમ માનીને તું આત્માને કલંક લગાડે છે, ભ્રમણામાં છેતરાઈ જાય છે. આત્માની મોટપનો—મહિમાનો—પાર નથી; એ તો પોતાના સ્વભાવની જાતથી જ જણાય એવો છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ને વ્યવહારની ક્રિયા એ બધો રાગ છે; તેનાથી આત્મા જણાય એવો નથી.

પ્રભુ! ભ્રમણામાં તું તને ભૂલી ગયો છો. અરે! જાગ રે જાગ, નાથ! બાળકને ઘોડિયામાં સુવડાવીને એની મા ગાણાં ગાય—'મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસી નાહ્યો', ત્યારે તે સૂઈ જાય. અવ્યક્તપણે પણ તેને પ્રશંસા પ્રિય છે. 'મારા રોયા! સૂઈ જા' એમ છણકો કરે તો નહિ સૂએ. બાળક પણ, તેની પ્રશંસા ગવાતાં, સૂઈ જાય છે. ત્યાં, ગાણાં ગાઈને સુવાડવાની વાત છે ને અહીં, ગાણાં ગાઈને આત્માને જગાડવાની વાત છે. ત્રણ લોકનો નાથ, ચૈતન્ય-હીરલો, આનંદનો સાગર પ્રભુ તું રાગ ને વ્યવહારમાં સૂઈ ગયો છે, તને શુભ રાગ પસંદ પડયો છે; પણ તું પોતે જ અંદર સ્વભાવે આનંદના સાગરરૂપ પ્રસન્ન ચીજ છો, તે તને પસંદ પડતી નથી. તેને પસંદ કર, તેની રુચિ કર. બાપુ! એ સિવાય બીજા બધા હેરાન થવાના રસ્તા છે. માર્ગ આવો છે, ભાઈ!

**'અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.'**

કહ્યું ને!—અરીસાની જેમ જે નિર્મળતાનો ભંડાર છે એવા નિજ ચૈતન્યપ્રભુને ઓળખ તો તને નિર્મળતાની ધારા વહેશે—પ્રગટશે; કેમ કે ભગવાન આત્મા તો નિર્મળ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે. અહા! તેનું જ્ઞાન ને શ્રદ્ધા કર; તને નિર્મળ દશા પ્રગટશે ને મલિનતાનો નાશ થશે.

અરે! બહારની—આખી દુનિયાની—વાત તેં જાણી, પરંતુ જેનું જ્ઞાન છે તેને જાણ્યો નહિ. તારામાં જે નથી તેને તેં જ્ઞાનમાં જાણ્યું, પણ તારામાં જે પૂર્ણ જાણનાર તત્ત્વ છે તેને જાણ્યું નહિ. લોકો આ તત્ત્વ સમજે નહિ એટલે 'નિશ્ચયાભાસ છે' એમ કહે. બાપુ! મારગ તો આ છે ભાઈ! દયા-દાન તથા વ્રત-તપ વગેરે વ્યવહારના ભાવ આવે, પણ એ બંધનું કારણ છે. ભાન થયા પછી પણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે, વ્યવહારના ભાવ આવે, પણ છે એ બંધનું કારણ, દુ:ખનું કારણ.

અહીં તો કહે છે કે—અંદર આત્મામાં જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ ભરેલી છે. ૮૨ મો બોલ થયો. અંદર ઊંડા ભાવ ભરેલા છે.

—o—

## વચનામૃત—૮૩

**અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે. આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છે—એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે. ૮૩.**

**'અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે.'**

મંગળસ્વરૂપ અંદર પ્રભુ આત્મા છે. 'मंग' નામ પવિત્રતા ને 'ल' નામ लाति—પ્રાપ્તિ. જેનાથી પવિત્રતાની પ્રાપ્તિ થાય તેને 'મંગલ' કહે છે. બહારની આશાએ લોકો 'णमो अरिहंताणं...' વગેરે માંગળિક સાંભળે. શી આશાએ? માંગળિક સંભળાવો તો દુકાન સારી ચાલે, લગ્ન વગેરે કામ નિર્વિઘ્ન પતી જાય, સંસારનું —ઘર-વ્યાપારનું—બધું સરખું ચાલે—એવી આશાએ. અરે પ્રભુ! તેં આ શું કર્યું? શેની ભાવના કરી? ઝેરની ભાવના કરી.

બીજી રીતે 'मंगल'નો અર્થ: 'मम्' નામ મમતા—રાગનું અભિમાન ને 'गल' નામ ગાળી નાખવું. મિથ્યાત્વ ને રાગદ્વેષના વિભાવને ગાળી નાખે, નાશ કરે તે 'મંગલ'. મિથ્યાત્વ ને રાગાદિ વિભાવનો નાશ કરનાર ભગવાન આત્મા પોતે જ મંગળસ્વરૂપ છે.

૬૦ વર્ષે ઘરે દીકરો થાય તો કહે: કરો માંગળિક—લાપસી; છોકરાનાં લગ્ન હોય, બે-પાંચ લાખ ખરચવાના હોય, ત્યાં માને—માંગળિક કાર્ય કર્યાં. બાપુ! ધૂળેય એ માંગળિક નથી. તેં ઝેરના પ્યાલા પીધા છે ભાઈ! અંદર તો આ અમૃતનો પ્યાલો ભર્યો છે ભગવાન. કહ્યું છે ને!...

ગગન-મંડલમેં અધબીચ કૂવા, વહાં હૈ અમીકા વાસા;
સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા.
અવધૂ સો જોગી ગુરુ મેરા, ઇન પદકા કરે રે નિવેરા;
—અવધૂ સો જોગી ગુરુ મેરા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ગગન-મંડલમેં અધબીચ કૂવા'—શરીર ને રાગથી ભિન્ન અંદર ભગવાન આત્મા અમૃતનો કૂવો પડયો છે. પ્રભુ પોતે અમૃતનો સાગર છે. અરે! એ વાત કેમ બેસે? પ્રભુ એક વાર સાંભળ તો ખરો! બે બીડીમાં રાજી થઈ ગયો, સવારે દોઢ પાશેર ચાનો પ્યાલો પીએ ત્યાં તૃપ્ત...તૃપ્ત!! પ્રભુ! શું થયું તને આ? આ ગાંડપણ આવ્યું કયાંથી? એ બધું પાગલપણું છે ભાઈ! અહીં તો કહે છે—અંદરમાં આત્મા મંગળ-સ્વરૂપ છે. તું ત્યાં જા, તને માંગલિક દશા પ્રગટ થશે.

**'આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે.'**

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો મોટો દરિયો છે. એનો જો આશ્રય કરીશ, એનું જો આલંબન લઈશ, તો મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદની નિર્મળ દશાઓ તને પ્રગટ થશે. પુણ્ય કેમ થશે ને પછી પૈસા કેમ મળશે-એવી ધૂળની વાતો નથી લીધી. એવું તો અનંત વાર થયું છે ભાઈ! તારામાં આનંદની અનંત લક્ષ્મી પડી છે ને પ્રભુ! એનો આશ્રય લે, એને પડખે જા, એના સામું જો, તો તને મંગળ પર્યાયો—આનંદની દશાઓ—પ્રગટશે; કેમ કે તું પોતે અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છો.

**'આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છે—એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે.'**

શરીર ને વાણી તો ઠીક, પણ પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન એવો જે ભગવાન આત્મા તે જ મંગળ છે. જ્ઞાયકસ્વભાવી નિજ આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા લાયક છે. લોકો કહે: પરણવા જઈએ છીએ, માંગળિક સંભળાવો; જેથી બાયડી સરખી રીતે રહે. અરેરે! જીવોને આવાં ને આવાં મિથ્યાત્વનાં મોટાં શલ્ય હોય છે!

પ્રશ્ન:—લૌકિક માંગળિક ને લોકોત્તર માંગળિકમાં ફેર હોય ને?

ઉત્તર:—લૌકિક તે માંગળિક જ કે દી હતું? હમણાં છાપામાં નો'તું આવ્યું?—મંડપમાં મુરતિયો લગ્ન કરવા બેઠો'તો ને તેનું હાર્ટફેઇલ થઈ ગયું. બાપુ! દેહ તો જડ છે, નાશવાન છે, તેની સ્થિતિ પૂરી થવાનો સમય નક્કી થઈ ગયેલો છે. અંદર અવિનાશી ચૈતન્ય છે તે મંગળસ્વરૂપ છે, ને તે જ ઉત્તમ છે.

ભગવાન આત્મા પોતે આનંદનો નાથ છે, અતીન્દ્રિય સુખનો સાગર છે, એ જ જગતમાં ઉત્તમ છે. બાકી કોઈ ચીજ ઉત્તમ છે નહિ. અહા! આ વાત કેમ બેસે? અનંત કાળમાં તેને આ વાત બેઠી નથી. સાધુ થયો, નગ્ન થયો, અબજો વર્ષ સુધી પંચમહાવ્રત પાળ્યાં, પણ તે રાગની ક્રિયાથી મને લાભ થશે એમ માનીને આત્માને રાગ રહિત જોયો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા મંગળ છે, આત્મા ઉત્તમ છે ને આત્મા નમસ્કાર કરવા યોગ્ય છે. પંચપરમેષ્ઠી કે ત્રિલોકનાથ તીર્થંકરને નમસ્કાર કરવાનો ભાવ તે શુભ રાગ છે. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્યનો આશ્રય કરવો, પરને નમસ્કાર કરવો એ શુભ રાગ છે, ને શુભ રાગ છે તે પરમાર્થે દુ:ખ છે. અંદર ચૈતન્યપ્રભુને નમસ્કાર કરવો એટલે કે રાગને પૃથક્ કરીને સ્વરૂપમાં ઢળી જવું, અતીન્દ્રિય આનંદમાં નમી જવું —એ સુખ છે. નમસ્કાર કરવા લાયક તો એક જ્ઞાયકચીજ છે.

પ્રશ્ન :—તો પછી, પંચપરમેષ્ઠી ને ભગવાનનાં મંદિરો—આ બધું છે શું ?

ઉત્તર :—ભાઈ! એ જાતનો શુભ રાગ હોય છે, ત્યારે ત્યાં લક્ષ જાય; પરંતુ એ શુભ રાગ ધર્મ નથી. ધર્મી જીવને આત્મજ્ઞાન હોવા છતાં, અંદર રમણતા પૂરી ન હોય તો એને પણ વ્યવહારના શુભભાવ આવે; પણ અભિપ્રાયમાં એ શુભભાવ હેય છે, દુ:ખ છે; એ હેયબુદ્ધિએ આવે છે. અજ્ઞાનીને રાગ ઉપાદેયબુદ્ધિએ આવે છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

मुनिव्रत धार अनन्त बैर ग्रीवक उपजायो।
पै निज आतमज्ञान बिना सुख लेश न पायो।।

પંચમહાવ્રત પાળ્યાં, હજારો રાણી છોડી, અંદર રાગની મંદતા કરી, પણ આત્મા રાગ રહિત છે એનું જ્ઞાન ને અનુભવ ન કર્યો. અહા! એના વિના જન્મ-મરણનો અંત આવ્યો નહિ. એવાં દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, એવું કોઈ ક્ષેત્ર ખાલી નથી કે જ્યાં તેણે અનંત વાર જન્મ-મરણ કર્યાં ન હોય! ભગવાન અંદર આનંદનો નાથ છે તેને ઓળખ્યો નહિ, એનો અનુભવ કર્યો નહિ.

આત્મા જ નમસ્કાર કરવા યોગ્ય છે—એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા ને ઉત્તમતા પ્રગટશે. આ ભગવાન આત્મા જ નમસ્કાર કરવા લાયક છે એમ અંદરમાં શ્રદ્ધા કર અને આનંદસ્વરૂપ એ પ્રભુનું ધ્યાન કર. પૂર્ણસ્વરૂપને તારા ધ્યાનમાં ધ્યેય બનાવ. જેમ બંદૂકને ધ્યેય ઉપર તાકે છે, તેમ તારી જ્ઞાનની પર્યાયમાં તારા પ્રભુને ધ્યેય બનાવ. એમ કરવાથી તને મંગળ ને ઉત્તમ દશા પ્રગટ થશે; સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આનંદની દશા પ્રગટ થશે. તે જ મંગળ ને ઉત્તમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૨૮

તા. ૩–૭–૭૮

## વચનામૃત—૮૪

**'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે. પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય. ૮૪.**

**"'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે."**

સૂક્ષ્મ વાત છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય, ધર્મ કરવો હોય, તેની આ વાત છે. તેણે એવું કરવું જોઈએ કે 'હું તો પરપદાર્થથી ભિન્ન, અરે! દયા-દાનના શુભ રાગથી પણ ભિન્ન, ઉદાસીન જ્ઞાતા છું'. 'હું જ્ઞાતા છું' તે અસ્તિથી વાત લીધી; અને અંતરમાં જે શુભરાગ વગેરે ઉત્પન્ન થાય છે તેનાથી પણ મારી હયાતી, મારી જ્યોત ભિન્ન છે, ઉદાસીન છે–એમ નાસ્તિથી વાત કરી. સ્વભાવથી હું જ્ઞાતા છું અને રાગથી હું ઉદાસીન છું, વિરક્ત છું. અહા! આવી વાત છે. સમજાય છે? આ એકદમ સાર છે, જૈનદર્શનનું માખણ છે. હું હયાતી ધરાવતો જ્ઞાયકપદાર્થ પરથી—વ્યવહાર-રત્નત્રયના રાગથી પણ—ભિન્ન, ઉદાસીન છું; મારું આસન તેમાં નથી; મારું ટકવાપણું તેના વડે નથી; મારું ટકવાપણું રાગથી રહિત જ્ઞાતાપણામાં છે. જ્ઞાતાસ્વરૂપપણે અસ્તિ ને રાગથી નાસ્તિ—ઉદાસીન, એવી નિવૃત્ત દશામાં જ ધર્મ અને શાન્તિ છે.

પૂજા, ભક્તિ ને વ્રત, તપ વગેરે શુભરાગની ધમાલ ભલે હો; પરંતુ હું તેનાથી ઉદાસ છું, એ મારું કાર્ય નથી. હું તો સ્વથી જ્ઞાતા ને પરથી ઉદાસ છું. બહુ ટૂંકું. શીતળ ને શાન્તસ્વરૂપ એવો હું ચૈતન્યચંદ્ર જ્ઞાતા છું, અને રાગાદિ ભાવથી હું ઉદાસ છું, ભિન્ન છું, વિરક્ત છું—એવી અંતર્મુખ નિવૃત્ત દશામાં જ અતીન્દ્રિય શાન્તિ અને અતીન્દ્રિય આનંદ છે. બાકી રાગ વગેરે તો અશાંતિ છે, દુઃખ છે. ભલે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રત વગેરેના પરિણામ હોય, તે બધુંય અશાન્તિ છે. તે અશાન્તિથી તો હું વિરક્ત ને ઉદાસીન છું. અહા! આવી વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. લોકોને કઠણ પડે; સમજે નહિ એટલે એકાન્તવાદી કહે. ભલે કહે! શુભરાગનો વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય—એમ કહેતા નથી, ને એમ માનતા નથી, માટે એકાંત લાગે. પ્રભુ! એકાન્તવાદી જ છીએ, પરંતુ સમ્યક્-એકાન્તવાદી. શુભાશુભ રાગથી ભિન્ન-ઉદાસ અને જ્ઞાયકસ્વભાવથી અભિન્ન—એનું નામ સમ્યક્ અનેકાંત છે કે જે, સમ્યક્-એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ માટે ઉપકારી છે.

શાન્તિ ને ધર્મ તો ત્યાં છે કે જ્યાં વ્યવહારરત્નત્રયના રાગથી પણ ઉદાસીનતા છે. વ્રત-તપાદિરૂપ શરીરની ક્રિયા અને પુણ્ય-પાપના ભાવો ભલે હો, પણ તેમાં મારો અધિકાર નથી, હું તેનો સ્વામી નથી; હું તેનાથી વિરક્ત છું, ઉદાસીન છું, હું તો જ્ઞાનાનંદ-સ્વભાવથી ભરપૂર જ્ઞાતા છું. અહાહા! એવી નિવૃત્ત દશામાં જ શાંતિ ને ધર્મ છે.

જૈનધર્મ તે કોઈ સંપ્રદાય કે વાડો નથી, વસ્તુની સ્થિતિ છે. જૈનસ્વરૂપી આત્માને જ્ઞાતા કહો કે જિનસ્વરૂપી કહો, એ રાગથી ઉદાસીન જ્ઞાતા છે, જિનસ્વરૂપી છે અને સ્વભાવથી ભરપૂર છે. ઉદ્-આસન એટલે રાગથી નિરપેક્ષ તેનું આસન છે. રાગમાં ટકવું તે નહિ, પરંતુ સ્વરૂપમાં ટકવું તે તારું આસન છે. આ ક્રિયા કરો ને તે ક્રિયા કરો એમ લોકો કહે; પરંતુ રાગથી ભિન્ન પોતાના જ્ઞાતાસ્વભાવની જ અંદરની ક્રિયા તે સાચી ક્રિયા છે, તેને સમ્યગ્દર્શનની ક્રિયા કહો કે શાન્તિની ક્રિયા કહો. અહા! આવી વાત કઠણ પડે. માટે તો આ ચીજના સાંભળનારા થોડા હોય છે અને પામનારા તો બહુ જ થોડા.

'હું છું' તે હું કેવો છું? હું જ્ઞાતા છું; રાગાદિ વિકલ્પથી રહિત અને પરથી તો તદ્દન નિરપેક્ષ-ઉદાસીન છું. રાગમાં અને શરીરની ક્રિયામાં મારો અધિકાર બિલકુલ નથી, હું તો તેનાથી ઉદાસીન છું. આવી નિવૃત્ત દશામાં શાંતિ છે. અહાહા! ટૂંકી ભાષામાં બાર અંગના સારભૂત અનુભૂતિનું કથન છે. વીતરાગની વાણી ચાર અનુયોગરૂપ છે. તેનો સાર-તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા એ જ શાંતિ છે. 'હું ઉદાસીન જ્ઞાતા છું' એવી જ્યારે દૃષ્ટિ થાય ત્યારે એ વીતરાગતા શરૂ થાય છે.

લોકો કહે છે: શુભભાવ કરો, એ કરતાં કરતાં શુદ્ધભાવ-ધર્મ થઈ જશે. અરે, પ્રભુ! જેમ લસણ ખાતાં ખાતાં કસ્તૂરીનો ઓડકાર આવે-એ વાત જૂઠી છે, તેમ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ વગેરે રાગની ક્રિયાના આધારે નિશ્ચય—વીતરાગધર્મ—પ્રગટશે એ વાત ખોટી છે. રાગ તો અશાંતિ છે, તેના આધારે શાંતિ-ધર્મ પ્રગટે? ભગવાન જ્ઞાતાનું જે વીતરાગ અસ્તિત્વ છે તેના આધારે શાંતિ અને ધર્મ પ્રગટ થશે. રાગથી ઉદાસ થઈને અંતર્મુખ દૃષ્ટિ લગાવવાથી જે નિવૃત્ત દશા થાય તેમાં જ સાચી શાન્તિ છે, તે જ સાચો જૈનધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય.'**

હું જ્ઞાતા છું, જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ પ્રભુ છું,—એમ પોતે પોતાને પોતાનો આશ્રય લઈને, સ્વસન્મુખ થઈને, જાણે. અહા! શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ઊંડા છે. પોતાનું સ્વરૂપ સત્, ચિદ્ ને આનંદરૂપ શુદ્ધ છે-એમ પોતાને સ્વયં પોતાથી—પોતાની નિર્મળ પર્યાયથી—જાણે, પરથી ને રાગથી નહિ. અહા! નિર્વિકલ્પસ્વરૂપ ભગવાન આત્મા પોતે નિર્વિકલ્પ દૃષ્ટિ ને નિર્વિકલ્પ જ્ઞાનથી પોતાને જાણે; તે, રાગથી ને પરથી જાણવામાં આવતો નથી; બહારથી, નિમિત્તથી જાણવામાં આવતો નથી; અંદર સ્વયં પોતે પોતાને પોતાથી જાણે. આવી જવાબદારી છે ભાઈ! આકરું બહુ ભાઈ! શું થાય? આ તત્ત્વ મળ્યું નથી એટલે લોકો બિચારા જ્યાં પોતે નથી, જે પોતાનું સ્વરૂપ નથી, ત્યાં પોતાનું અસ્તિત્વ માનીને બેઠા છે. જ્યાં પોતાનું વાસ્તવિક અસ્તિત્વ છે ત્યાં અંદર દૃષ્ટિ લગાવવી; પરથી, નિમિત્તથી ને રાગથી ઉદાસીન થઈ પોતાની દૃષ્ટિને સ્વભાવમાં લગાવવી—એમ પોતે પોતાને પોતાથી જાણે; કેમ કે પોતાનું સ્વરૂપ રાગથી, નિમિત્તથી ને વ્યવહારના ક્રિયાકાંડથી જાણવામાં આવતું નથી.

અહા! જન્મ-મરણનાં, ચોરાશી લાખ યોનિનાં દુઃખોથી ઊગરવા માટે આ વાત છે. પરને પોતાનું માની, પોતાના સ્વરૂપનો અનાદર કરી, પ્રત્યેક યોનિમાં જીવ અનંત વાર ઊપજ્યો. માતાના ગર્ભાવાસમાં અનંત વાર વર્ષો સુધી રહ્યો. માતાના પેટમાં નવ મહિના રહે તે તો સાધારણ છે, પણ શાસ્ત્રમાં આવે છે કે કોઈ કોઈને ગર્ભની કાયસ્થિતિ બાર બાર વર્ષની હોય છે. અરે! એ સ્થિતિ કેવી હશે પ્રભુ? જન્મ-મરણના દુઃખથી ઉદાસ થઈ જા અને તું અતીન્દ્રિય આનંદનો રસકંદ છો, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ ને અનંતશાંતિથી ભરપૂર ભર્યો પડયો છો —એવા પોતાને પોતાથી જાણ.

દેવ-શાસ્ત્ર-ગુરુની વ્યવહાર શ્રદ્ધા ને દયા, દાન, વ્રત વગેરેના શુભ ભાવ વિકલ્પ છે, રાગ છે, વિકાર છે; તેનાથી તારું ભિન્ન અવિકારી સ્વરૂપ જાણવામાં આવતું નથી. સમજાય છે કાંઈ? શબ્દો થોડા છે પણ ભાવ ભરપૂર ભર્યા છે. અહા! જ્યાં અંદર ઊંડે અનંત જ્ઞાન ને અનંત શાંતિ ભરી પડી છે એવો જે જ્ઞાનાનંદનો પાતાળ-કૂવો પ્રભુ આત્મા, તેમાં દૃષ્ટિ કર ને રાગથી દૃષ્ટિ ઉઠાવી લે. ભલે વ્યવહારના શુભભાવ હોય, પરંતુ ત્યાંથી પણ દૃષ્ટિ ઉઠાવી લે અને વ્યવહાર ને રાગની અપેક્ષા છોડી પોતાને પોતાથી જાણ. અહા! આવો ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારના—ક્રિયાકાંડના—રસીલાને આવી વાત કઠણ લાગે, એકાંત લાગે. લાગે તો ભલે લાગે. અંદર વસ્તુ કેવી છે? ચૈતન્ય-હીરલો છે, અનંત શક્તિનો સાગર છે, જ્ઞાનાદિ અનંત ગુણોનું ગોદામ છે, અનંત સ્વભાવનો સમુદ્ર છે ને અનંત શાન્તિનું સંગ્રહાલય છે. ત્યાં અંદર દૃષ્ટિ લગાવ, અંતરમાં જ્ઞાનક્રિયા દ્વારા તેને જાણ, સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા તેને માન ને સ્વરૂપસ્થિરતાના પરિણામ દ્વારા તેનો અનુભવ કર. સ્વરૂપને જાણવું, માનવું ને અનુભવવું—એ મોક્ષનો માર્ગ છે.

તું સ્વયં પોતે પોતાને જાણ અને પરનો ને રાગાદિ વિભાવનો અકર્તા-જ્ઞાતા થા તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે. 'હું તો ઉદાસીન જ્ઞાતા છું' કહ્યું'તું ને! આત્મા શરીર, વાણી આદિ પરનો કર્તા તો નથી, પણ પૂજા-ભક્તિ, વ્રત-તપ, દાન-શિયળ વગેરે શુભ રાગનો પણ અકર્તા છે, જ્ઞાતા છે. ચિદાનંદ પ્રભુ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે રાગનો કર્તા કેવી રીતે થાય?

પ્રશ્ન:—મોટાં મોટાં કારખાનાં બનાવે છે ને?

ઉત્તર:—કોણ બનાવે પ્રભુ? સાંભળ તો ખરો! તે તો પુદ્ગલની પરિણામ-શક્તિથી થાય છે. અહીં તો કહે છે કે—આત્માને પરનો તો અકર્તા જાણ, પરંતુ રાગનો પણ અકર્તા—જ્ઞાતા—જાણ. અકર્તાપણું—જ્ઞાતાપણું—થશે ત્યારે તને અંદર સમ્યગ્દર્શન-જ્ઞાનમાં શાંતિ થશે, મોક્ષમાર્ગની ધારા પ્રગટશે. બંધનના અભાવસ્વરૂપ મુક્તિ અકર્તાસ્વભાવથી થશે. સ્વભાવની દૃષ્ટિમાં જા, તને મોક્ષમાર્ગની ધારા—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગનો પ્રવાહ પ્રગટ થશે. થોડા શબ્દોમાં બહુ ભર્યું છે!

પ્રશ્ન:—મોક્ષમાર્ગની ધારા એટલે શું?

ઉત્તર:—મોક્ષમાર્ગની ધારા એટલે નિર્મળ પરિણતિનો પ્રવાહ. રાગનું અકર્તા-પણું અને સ્વભાવની શક્તિનું ભાન અંદર સ્વ-આશ્રયથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં થાય તો તને મોક્ષનો માર્ગ, બંધનથી છૂટવાનો માર્ગ, પ્રગટ થશે. આ શુદ્ધિની નિર્મળ ધારા કાયમ વહેશે. આવો માર્ગ છે ભાઈ! ભાષા થોડી પણ ભાવ ઊંડા છે. રાગનું અકર્તાપણું ને જ્ઞાતાસ્વભાવનું ભાન મોક્ષનો માર્ગ છે, બંધનથી છૂટવાનો માર્ગ છે. આકરું લાગે, કઠણ લાગે, પરંતુ માર્ગ તો આ છે. વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો—એમ દુનિયાએ બહારમાં ચલાવી દીધું છે. એમ ન માનનારને એકાન્તી કહે. શું થાય? વસ્તુસ્વરૂપની તેને ખબર નથી, બાપુ!

जामें जितनी बुद्धि है, ताको दिये बताय ।
वाको बुरो न मानिये, और कहाँसे लाय ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને જેમ ભાસે તેમ તે કહે બિચારા! તારો નાથ વીતરાગમૂર્તિ અંદર બિરાજે છે. સમયસાર-નાટકમાં કહ્યું છે: ' घट घट अन्तर जिन बसै...'' અહા! શાશ્વત ધ્રુવ જે વીતરાગમૂર્તિ તેને સ્વયં, રાગની અપેક્ષા છોડી દઈને, જાણ. પરનો ને રાગનો અકર્તા થા તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે, સાધકદશાનો પ્રારંભ થાય. આ તો સાધકદશાની ધારાની શરૂઆત થાય છે.

વચનામૃત પુસ્તક હિન્દીમાં આવી ગયું છે ને? હિન્દી અને ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું છે. જુએ તો ખરા—શી ચીજ છે!

ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ કઈ રીતે મોક્ષમાર્ગ કહે છે? કઈ રીતે સાધકદશાનો પ્રારંભ થાય? પોતે પોતાને પોતાથી ઉદાસીન જ્ઞાતાપણે જાણે અને પરનો અકર્તા થાય તો સાધકદશાની શરૂઆત થાય છે. પૂરણ કેવળજ્ઞાન તો તેનું પરિણામ છે. 'હું પરથી ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે. ઉદાસીન અકર્તા છું, સ્વયં પોતાને જાણવાવાળો છું—એવી આ મોક્ષમાર્ગની ધારા વહેશે, ત્યારે તો સાધક-દશાની શરૂઆત થશે. અહા! આવી વાત છે!

## વચનામૃત—૮૫

**શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી. ૮૫.**

'શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે.'

ખુલ્લા શબ્દો મૂકયા છે પણ એમાં ભાવ છે ગંભીર. નિત્યાનંદ ધ્રુવ શુદ્ધ ચૈતન્યપ્રભુ એવો આ આત્મા એકલા આનંદ ને શાન્તરસથી ભરપૂર છે. આવા શુદ્ધ દ્રવ્ય ઉપર, ત્રિકાળી પૂર્ણાનંદ પ્રભુ ઉપર, દષ્ટિ દેવાથી—નિમિત્ત પર નહિ, રાગ પર નહિ, પર્યાય ઉપર નહિ, અરે! ગુણભેદ ઉપર પણ નહિ—સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થશે, ધર્મની સાધકદશા પ્રગટ થશે.

પ્રશ્ન:—વ્યવહાર-રત્નત્રયથી પ્રગટ થશે ને?

ઉત્તર:—વ્યવહાર-રત્નત્રયના શુભ રાગથી ત્રણ કાળમાં કદી સમ્યગ્દર્શન ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય નહિ; પરંતુ અંદર પૂર્ણાનંદના નાથ એવા શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે, ધર્મની સાધક-અવસ્થા પ્રગટ થશે.

**'તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે.'**

ત્રિકાળી જ્ઞાનાનંદસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી ને સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, શાસ્ત્રસ્વાધ્યાય, શાસ્ત્રનું શ્રવણ, ગુરુનો સમાગમ વગેરે બાહ્ય વ્યવહારસાધનો હોય છે. તે, વ્યવહારે સાધન ત્યારે કહેવાય કે જ્યારે અંદર શુદ્ધ સ્વરૂપનું સાધન કરવામાં આવતું હોય. ત્યાં, દેવ એટલે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા; ભગવાન સર્વજ્ઞદેવે પૂર્વાપર અવિરોધપણે કહેલો ઉપદેશ તે શાસ્ત્ર છે; અંદરમાં ને બહારમાં નિર્ગ્રંથ ને નિર્વસ્ત્ર જેની દશા છે એવા નિર્ગ્રંથ મુનિરાજ તે ગુરુ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પહેલાં અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાના વિકલ્પ આવે છે. સમ્યક્ અનુભવ થાય ત્યાર પછી પણ, પૂર્ણ વીતરાગ દશા જ્યાં સુધી ન હોય ત્યાં સુધી, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના ભાવ તથા તેમના મહિમાનો રાગ આવે છે. નિમિત્ત તરીકે તે હોય પણ તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી. તેનાથી ધર્મ થતો નથી.

પ્રશ્ન:—ભલે નિમિત્તથી ન થાય, પરંતુ નિમિત્ત વિના પણ ન થાય ને?

ઉત્તર:—નિમિત્ત વિના જ થાય છે. પરંતુ નિમિત્તથી અલગ પોતામાં પોતાથી ધર્મના જે પરિણામ થાય છે ત્યાર પહેલાં ને ત્યાર પછી પણ દેવ-ગુરુ વગેરે સંબંધી ભક્તિ-મહિમાના શુભ ભાવ આવે છે—એટલું બતાવવા તેને આરોપથી સાધન કહ્યું છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવનો મહિમા સમ્યગ્દર્શન થયા પહેલાં અને સમ્યગ્દર્શન થયા પછી પણ આવે છે. આત્માના આનંદમાં રમનારા, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સંવેદન કરનારા એવા જે નિર્ગ્રંથ ગુરુ તેનો, સાધકદશા પ્રગટ થયા પહેલાં અને સાધકદશા પ્રગટ થયા પછી પણ, મહિમા આવે છે. પહેલાં ભક્તિ-મહિમાના ભાવ આવે માટે તેનાથી સમ્યગ્દર્શન થાય—એમ નથી; અને સમ્યગ્દર્શન થયા પછી એવા ભાવ આવે, ત્યાં તેનાથી સમ્યગ્દર્શન ટકી રહ્યું છે—એવું પણ નથી. અહા! સ્વતંત્રતાની આવી વાત છે!

**'બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી.'**

એમ કહીને પાછા શું કહે છે?—કે વ્યવહારસાધનમાં કાંઈ આત્મા નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારના ભાવો—ભક્તિ-મહિમા તથા સ્વાધ્યાય વગેરેના શુભ ભાવો—સાધક જીવને પહેલાં અને પાછળથી પણ આવે છે તેથી તેમને આરોપથી સાધન કહેવામાં આવે છે. બાકી તો, જે જેમાં હોય તેમાંથી તે આવે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની શક્તિ આત્મામાં છે, તેથી તે, આત્મામાંથી આવે છે. ભક્તિ-મહિમા વગેરેના શુભ રાગમાં તે શક્તિ નથી, તેથી તેમાંથી સમ્યગ્દર્શન વગેરે આવતું નથી. આરોપથી સાધન કહ્યું માટે 'તેમાંથી આવે છે'—એમ નથી. સમજાય છે ને?

હિન્દી ભાષામાં સત્તાવીસ દિવસથી ચાલે છે. રેકોર્ડિંગ ઉતારીને ઘણા લઈ જાય છે. ટેઇપમાં ઊતરવાથી લોકો સુધી બહાર જશે. આમ તો માણસો વિચારે છે પણ ખરા.

'અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે.'

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને અતીન્દ્રિય આનંદ વગેરે બધું આ અખંડ દ્રવ્યના આશ્રયથી પ્રગટ થાય છે. જેમાં જે ન હોય તે તેમાંથી, તેનાથી ને તેના આશ્રયથી આવતું નથી. રાગથી ને રાગના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં નથી. અહા! આ તો સર્વજ્ઞ પરમાત્માની વાણી છે. એક વાર તો સાંભળ કે અંદર આ પ્રભુ શી ચીજ છે! અખંડ દ્રવ્યના આશ્રયથી સ્વભાવની બધી વિભૂતિ પ્રગટે. અખંડ દ્રવ્ય કહેતાં તે સિવાય નિમિત્તનો આશ્રય તો નહિ, રાગનોય આશ્રય નહિ અને પર્યાયનો પણ આશ્રય નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય છે—એમ તો નહિ, પણ તેમની શ્રદ્ધાનો જે રાગ તેનાથી પણ નહિ; અરે! તે રાગને જાણવાવાળી જે વર્તમાન પર્યાય તેના આશ્રયથી પણ નહિ. અહાહા!—

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;<br>
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

—એવી ચીજ છે!

અખંડ સ્વદ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. માર્ગ એવો છે ભાઈ! ભલે જગતને ન બેસે; તેથી સત્ કાંઈ અસત્ થઈ જતું હશે? સત્ કોઈ દી ફરે નહિ. તેને માનનારની સંખ્યા થોડી હોય તેથી શું સતને કાંઈ આંચ આવે છે? સત્ તે ત્રિકાળ સત્ જ છે. ભલે એક-બે જણ માને; સતને સંખ્યાની જરૂર નથી. લાખ મનુષ્યો માને તો જ એ સત્—એવું કાંઈ નથી. પૂર્ણાનંદ સત્નો આશ્રય કરીને ભલે એક જણ જ માને તો યે સત્ તો સત્ જ છે. અહા! આ જિનેશ્વરદેવની વાણી છે. સમજાયું કાંઈ?

બેનને તો બહાર નહોતું આવવું, પણ આ બહાર આવી ગયું. જુઓને!...આ વાણી તો જુઓ! અહાહા! અનુભવીની એકલી અમૃતવાણી છે. આ, બહુ સાદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાષામાં આવી ગયું છે...સાદી, સરળ, કોમળ ગુજરાતીમાં...અહાહા! સમજાયું કાંઈ? અહા! અખંડ દ્રવ્યના આશ્રયથી બધું પ્રગટ થાય છે.

પ્રશ્ન :—'બધું' એટલે શું?

ઉત્તર :—અખંડ દ્રવ્ય જે પૂર્ણ ચૈતન્ય પ્રભુ, તેના આશ્રયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, અતીન્દ્રિય આનંદ, પ્રભુતા, સ્વચ્છતા, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન—એ બધું પ્રગટ થાય છે. અહા! બાળકોને પણ આ સમજાય તેવું છે.

ચોરાશી લાખ યોનીના અવતાર કરીને જીવ દુઃખી-દુઃખી થયો એનો કદી વિચાર કર્યો નથી. નરકનાં દુઃખ કરોડો જીભે કરોડો ભવે પણ ન કહી શકાય-એમ ભગવાન કહે છે. આત્માનું જ્ઞાન કર્યા વગર એ બધાં દુઃખ અનંત વાર પામ્યો. નરકમાંથી પશુમાં ને પશુમાંથી મનુષ્યમાં કે દેવમાં ઊપજ્યો. અહીં એક સામાન્ય જાણવાની વાત છે કે—કોઈ વખતે એક સમયમાં અસંખ્ય સમકિતી દેવમાં ઊપજે; પણ તેઓ સરખી સ્થિતિએ ન ઊપજે; ઊપજે તો સાથે સ્થિતિ પૂરી કરીને ક્યાં જાય? કેમ કે સમકિતી દેવ મરીને મનુષ્યમાં જ જાય; અને એક સમયે દેવો મરીને મનુષ્યમાં અસંખ્ય ન આવી શકે, ગર્ભજ મનુષ્યો કુલ સંખ્યાત જ હોય છે. સમકિતી પશુ સ્વર્ગમાં એકસાથે અસંખ્ય જાય. સ્વર્ગમાંથી કોઈ સમયે અસંખ્ય મિથ્યાત્વી દેવો તિર્યંચમાં જાય, કારણ કે ગર્ભજ મનુષ્ય તો સંખ્યાત જ હોય છે; તો અસંખ્ય દેવો નીકળીને જાય ક્યાં? દેવમાંથી સીધા નરકમાં તો જાય નહિ. મનુષ્યમાં આવે તો સંખ્યાત આવે....અહા! અખંડ દ્રવ્યના આશ્રય વિના આ રીતે જીવ અનાદિથી રખડે છે; અખંડ દ્રવ્યસ્વભાવને ઓળખી તેનો આશ્રય કરે તો રખડવાનાં દુઃખથી છૂટકારો મળે.

**'દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.'**

દેવ-ગુરુથી આ આત્મામાં શું આવે? આની સમ્યગ્દર્શન વગેરે શક્તિ એમનામાં ક્યાં છે? જેમાં શક્તિ છે તેમાંથી પ્રગટ થાય છે. શ્રદ્ધા નામની શક્તિ અંદર આત્મામાં છે; પોતાની આ શક્તિ કાંઈ દેવ-ગુરુને ત્યાં નથી. માટે તેમનાથી સમ્યગ્દર્શન થતું નથી—એમ અહીં કહે છે.

દેવ, ગુરુ ને ધર્મ—એ ત્રણેય પોતાનો આત્મા છે. બહારના દેવ-ગુરુ માર્ગ બતાવે; પરંતુ સમ્યગ્દર્શન કોઈ આપી દેતા નથી; કેમ કે આના સમ્યગ્દર્શનની તાકાત એમની પાસે નથી. આત્મામાં શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ પડ્યો છે. તે ત્રિકાળી અખંડ આત્મદ્રવ્યનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય. દેવ-ગુરુથી થાય એ તો નિમિત્તનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચોખા સાથે બારદાનનું વજન પણ તોલમાં બોલાય છે. ચાર મણ ને અઢી શેર-એમ બોલાય. ત્યાં ચોખા તો ચાર મણ છે, અને અઢી શેર તે તો કોથળાનું વજન છે, કિંમત તો અંદર જે માલ છે તેની છે. બોરીની કિંમત શી? એમ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના પુણ્ય-પરિણામ એ તો બોરી છે. અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા—અખંડ દ્રવ્ય—છે તે માલ છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન વગેરે પ્રગટે છે. દેવ-ગુરુ તો બાહ્ય નિમિત્ત છે; તેઓ આ આત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર આપતા નથી.

પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં આવે છે કે ગુરુ શિષ્યને દીક્ષા—પંચમહાવ્રત ને નગ્નપણું વગેરે—આપે છે. એ તો ચરણાનુયોગની વિધિમાં એવું નિમિત્તનું કથન આવે છે. ઇષ્ટોપદેશમાં કહ્યું છે : તું તારો ગુરુ છો. નિમિત્ત તરીકે સમજાવવાવાળા ગુરુ છે, પરંતુ સમજવાવાળો તું પોતે જ તારો ખરો ગુરુ છો. તને તેં સમજાવ્યો માટે તું તારો ગુરુ. आत्मैव गुरुरात्मनः । નિશ્ચયથી તો આમ છે. બહારમાં નિમિત્ત તરીકે ગુરુ હોય, દેશના હોય, પણ એ બધાં બહારનાં બારદાન—કોથળા—છે, માલ તો અંતરમાં છે. અનંત ગુણનો માલ, અનંત ગુણની અનંત પર્યાયો પ્રગટે એવો માલ, અંદર અખંડ ચૈતન્યદ્રવ્યમાં ભર્યો પડ્યો છે. તેના આશ્રયથી અંદર બધું—સમ્યગ્દર્શન વગેરે—પ્રગટ થાય છે, નિમિત્તના આશ્રયથી નહિ, વ્યવહારના આશ્રયથી નહિ અને પર્યાયના આશ્રયથી નહિ. ત્રિકાળી ભગવાન પ્રભુ બ્રહ્માનંદ એવું જે અખંડ આત્મદ્રવ્ય તેના આશ્રયથી બધું થાય છે.

તા. ૫-૮-૭૪

બેન તો ચૈતન્ય-હીરલો છે, તેને હીરેથી શું વધાવવાં! તે તો પોતે જ હીરો છે. હું આહાર કરવા તેમના ઘરે ગયો ને મેં કહ્યું કે બેન! લોકોને ઘણો ઉત્સાહ છે. વજુભાઈ-હિંમતભાઈ ત્યાં બેઠા હતા. બેન કહે : 'હું તો આત્માની સાધના કરવા અહીં આવી છું, આ તો બોજો લાગે છે.' એમને બહારની કાંઈ પડી નથી, જેટલું કરો તેટલું ઓછું છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૨૯

તા. ૬-૭-૭૮

## વચનામૃત—૮૬

**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ. ૮૬.**

**'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે.'**

વિષય સૂક્ષ્મ છે. પ્રતિબિંબ પડે તે કાળે જ દર્પણ સ્વચ્છ અને નિર્મળ છે. તે દૃષ્ટાંત પ્રમાણે વિભાવપરિણામના સમયે જ તારામાં અંદર નિર્મળતા ભરેલી છે. નિર્મળ ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ હે તો, જ્યાં રાગાદિનું પ્રતિબિંબ દેખાય છે ત્યાં, તે જ સમયે નિર્મળતા ભરી છે તે પણ દેખાય છે. પરિણામમાં પુણ્ય-પાપના વિભાવ થાય છે તે વખતે જ અંદર આત્મા તો નિર્મળાનંદ છે. પોતાને નિર્મળ જ્ઞાન ને નિર્મળ આનંદથી ભરપૂર જાણે અને રાગાદિ વિભાવને પરભાવ જાણે તો જન્મ-મરણથી રહિત થવાય. જન્મ-મરણ રહિત થવાની આ રીત કોઈ અલૌકિક છે. બાકી જન્મ-મરણ તો જીવ અનંતકાળથી કરે છે.

વસ્તુ છે તે વિકારમય થઈ જતી નથી. તેને પર્યાયમાં જ્યારે વિકાર થાય છે તે જ સમયે તેનું દ્રવ્ય તો નિર્મળતાથી ભરેલું જ છે. નિર્મળાનંદ પ્રભુ પોતાને નિર્મળ જાણે છે અને પોતાની નિર્મળતામાં રાગને પણ 'આ છે' એમ જાણે છે. આ વસ્તુની મર્યાદા ને સ્થિતિ છે. અહા! બેનના બોલમાં આવે છે ને—કે આ વિભાવભાવ અમારો દેશ નથી; દયા, દાન ને વ્રતાદિના વિકલ્પ ઊઠે છે—એ પરદેશમાં અમે કયાં આવી ચડયા? જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'અમે કરોડપતિ છીએ'—એમ મોટપ માનનારા બધા લક્ષ્મીના ભિખારા છે. અહીં આત્મામાં તો નિર્મળ જ્ઞાન ને આનંદની લક્ષ્મી પૂર્ણ ભરેલી છે. અંતરની લક્ષ્મી તરફ નજર કરનારને પોતાની ચીજ નિર્મળ દેખાય છે; અને જે રાગાદિક થાય છે તેને જ્ઞાનની નિર્મળતામાં, પોતાના તે સમયના જ્ઞાનની વિકાસશક્તિથી, સહજ જાણે છે. સૂક્ષ્મ વાત છે ભાઈ!

**'તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ.'**

દ્રવ્યદૃષ્ટિ જેને થઈ તેને આત્મા નિર્મળ ભાસે છે, 'વિકાર હું છું' એમ ભાસતું નથી. અહા! તારી દૃષ્ટિ નિર્મળ ચૈતન્યને ન જોતાં, એકલા વિભાવને જુએ છે. એ દૃષ્ટિ જ મિથ્યાત્વ ને અજ્ઞાન છે. અજ્ઞાનીને પરિભ્રમણનું કારણ પણ તે જ છે. વિકારમાં તન્મયતા થઈ જાય છે તેને છોડ.

પરમાનંદ સત્ય પ્રભુ, જે પર્યાયમાં રાગ દેખાય છે તેનો પણ પોતાની શક્તિથી જાણનાર છે. રાગના અસ્તિત્વથી રાગનું જ્ઞાન થાય છે-એમ નથી; પરંતુ પોતાના નિર્મળ સ્વભાવના કારણે—પોતાની સ્વપર-પ્રકાશક નિર્મળ શક્તિના કારણે—પોતાના અસ્તિત્વમાં રાગનું જ્ઞાન થાય છે.

આત્માના જ્ઞાન વિના, વસ્તુની વ્યવસ્થા જેવી છે તેવી ખબર વિના, દયા, દાન વગેરે પુણ્યરાગને પોતાનો માની, જૂઠી દૃષ્ટિનું સેવન કરી, જીવ ચાર ગતિમાં રખડે છે. તે વિભાવમાં તન્મય થઈ જાય છે અને 'હું કોણ છું' તે ભૂલી જાય છે. અંદર નિર્મળાનંદનો નાથ ભગવાન આત્મા સુંદર-સુંદર છે, જેની સુંદરતા પાસે જગતની કોઈ સુંદરતા છે નહિ.—એવા સર્વાંગસુંદર ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ નથી, અને જે રાગાદિ વિભાવ થાય છે તેમાં તન્મય થઈ જાય છે. અરેરે! ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે! ધર્મી જીવને તો નિર્મળતાનું ભાન છે; રાગ આવે છે તેમાં તન્મય થતો નથી.

જ્ઞાની તો પોતાની જ્ઞાનપર્યાયના સ્વપરપ્રકાશક સામર્થ્યથી, વ્યવહાર-રત્નત્રયનો રાગ આવે છે તેને—તે રાગને છૂયા (અડયા) વિના—જાણે છે; અને અજ્ઞાની તો રાગમાં તન્મય થઈ જાય છે. તે તન્મયતા છોડી દે. સ્વભાવની દૃષ્ટિના અભાવમાં પર્યાયબુદ્ધિથી રાગાદિના—પુણ્ય-પાપ વગેરેના જે ભાવ થાય તેમાં અજ્ઞાનીને તન્મયતા છે; પર્યાયબુદ્ધિમાં લીનતા છે; તેને છોડી દે. અંદર પ્રભુ સત્, ચિદ્ ને આનંદનું—અતીન્દ્રિય આનંદનું—ધામ છે ને! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;...' ભગવાન આત્મા આનંદનું સ્થળ છે ને વિભાવ તો દુઃખનું ઠામ છે. ચાહે શુભ હો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે અશુભ હો, બન્ને દુઃખદશા છે. અહા! આને ક્યાંથી ક્યાં લઈ જવો! બહારની મીઠાશ ને પ્રેમ ન છૂટે ત્યાં સુધી અંદર જઈ શકે નહિ.

જેને પોતામાં પરનું અસ્તિત્વ ભાસે, પરપદાર્થ ને રાગાદિની હયાતી ભાસે, પરની મોજૂદગી ભાસે, તેને પોતાની મોજૂદગી અંતરમાં ન ભાસે; અને અંદર નિર્મળાનંદ જ્ઞાયકપ્રભુમાં પોતાની મોજૂદગી ભાસી છે તે, વિભાવમાં તન્મય થયા વિના, વિકારને છૂયા વિના, તેનું જ્ઞાન કરીને પોતાના જ્ઞાનમાં તન્મય થઈ જાય છે. અહા! તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મવ થઈ જાય છે, તે તન્મયતા છોડ.

—o—

## વચનામૃત—૮૭

**'મારે પરની ચિંતાનું શું પ્રયોજન?' મારો આત્મા સદાય એકલો છે એમ જ્ઞાની જાણે છે. ભૂમિકાનુસાર શુભ ભાવો આવે પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ પરિણતિ નિરંતર બની રહે છે. ૮૭.**

**" 'મારે પરની ચિંતાનું શું પ્રયોજન?' મારો આત્મા સદાય એકલો છે એમ જ્ઞાની જાણે છે."**

જ્ઞાન ને આનંદમય એવા નિજસ્વરૂપ સિવાય મારે પરદ્રવ્યની ચિંતાથી શું પ્રયોજન છે?—શો લાભ છે? જે ચીજ જ્યાં છે તે ત્યાં રહેશે; મારા સંકલ્પ-વિકલ્પથી તેમાં કાંઈ ફેર પડે એમ નથી. જે કાળે, જે ક્ષેત્રે, જે દ્રવ્યની, જે પર્યાય જેવી થવાની છે તે, તેના પોતાના સ્વતંત્ર પરિણમનને કારણે, થશે જ; તેમાં મારા કારણે કોઈ ફેરફાર થઈ જાય એમ છે નહિ. અહા! તો પછી મારે પારકી ચિંતાથી શું પ્રયોજન છે? પરની ચિંતાથી શો લાભ છે? મારો આત્મા સદૈવ એકલો છે, રાગનું દ્વૈતપણું પણ મારામાં નથી.

મારા સ્વરૂપમાં પરદ્રવ્યનું અસ્તિત્વ તો છે જ નહિ, પણ દયા, દાન અને વ્યવહાર-રત્નત્રય વગેરેનો જે શુભ રાગ તેનું અસ્તિત્વ પણ નથી; હું તો સદાય એકલો છું. એકલામાં પર સહિત કે રાગ સહિત—એવું દ્વૈતપણું છે નહિ, માટે હું અદ્વૈત છું. અદ્વૈતનો અર્થ, વેદાંત કહે છે તેમ 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' એવો નથી. અહીં તો પરચીજ તેના પોતામાં છે, પરંતુ તેનો મિલાપ મારામાં નથી એવો હું અદ્વૈત છું. જો એકલું સર્વથા અદ્વૈત માનવામાં આવે તો 'તું દુઃખથી મુક્ત થા' એવો ઉપદેશ કોને અને કયા કારણે દેવામાં આવે છે? અંદર કોઈ દુઃખની દશા છે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા સ્વભાવે તો આનંદઘન છે તોપણ તેની પર્યાયમાં રાગ છે, દુઃખ છે—તો તેનાથી સર્વથા મુક્ત થવાનો ઉપદેશ આપવામાં આવે છે. દુઃખની પર્યાય પલટીને આનંદની પર્યાય થઈ જશે. માટે ત્રિકાળી દ્રવ્ય અને તેની વર્તમાન પર્યાય—એમ, અપેક્ષાએ દ્વૈત સિદ્ધ થઈ ગયું.

અહીં કહે છે કે મારો આત્મા સદાય એકલો છે, નિર્મળ છે. 'એકડે એક ને બગડે બે.' એકલો બગડે નહિ, બે થાય તો બગડે. પરદ્રવ્ય અને રાગ સાથે મારે પારમાર્થિક સંબંધ છે એમ માનવું તે 'બગડવું' છે, મિથ્યાત્વ છે. એ પોતાની દશા બગડી. જ્ઞાની ધર્માત્મા જાણે છે કે 'મારો આત્મા સદાય એકલો છે'. વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે તોપણ હું તો સ્વભાવે એકલો જ છું. હું જ્યાં છું ત્યાં રાગ નથી ને રાગ છે ત્યાં હું નથી, એટલે કે 'હું'માં શુભાશુભ રાગ નથી ને શુભાશુભ રાગમાં 'હું' નથી—એમ જ્ઞાની પોતાને સદાય 'એકલો' જાણે છે.

**'ભૂમિકાનુસાર શુભ ભાવો આવે પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ પરિણતિ નિરંતર બની રહે છે.'**

ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકાનુસાર શુભ રાગ આવે છે. તે ભલે આવે, પરંતુ અંદરમાં 'હું એકલો જ્ઞાયક છું' એવી એકાકાર પ્રતીતિરૂપ પરિણતિ તેને સદા નિરંતર રહ્યા કરે છે. 'નિરંતર' એટલે કે 'હું એકલો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક છું' એવી પ્રતીતિરૂપ પરિણતિ 'સદાય અતૂટપણે' બની રહે છે. બીજી ચીજ છે, રાગાદિ વિભાવ પર્યાયમાં ઉત્પન્ન થાય છે, તોપણ જ્ઞાની ધર્માત્મા સમજે છે કે હું અંતરંગમાં તેનાથી ભિન્ન છું. તેને એકાકીપણાની પ્રતીતિરૂપ પરિણતિ–દશા–અવસ્થા નિરંતર રહે છે. અહા! ભારે વાત!

લોકો તો કહે કે દયા પાળો, વ્રત ધારણ કરો, પૂજા કરો, ભક્તિ કરો; ગુરુને માનનાર કહે—ગુરુને માનો; પરંતુ, અહીં તો કહે છે કે–પરદ્રવ્યમાં લક્ષ જશે તો તને રાગ થશે, અને 'રાગ મારી ચીજ છે, મને હિતકર છે' એવી જે માન્યતા તે મિથ્યાત્વભાવ છે. હું તો, રાગ હોવા છતાં તેનાથી ભિન્ન, ત્રિકાળ એકલો જ્ઞાયક છું એવી એકાકીપણાની નિર્મળ પ્રતીતિરૂપ પરિણતિ—સહજ દશા સમકિતી–ધર્મીને નિરંતર રહ્યા કરે છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૮૮

**લેપ વગરનો હું ચૈતન્યદેવ છું. ચૈતન્યને જન્મ નથી, મરણ નથી. ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય. ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ—અલિપ્ત જ છે. પછી ચિંતા શાની? મૂળ તત્ત્વમાં તો કાંઈ પ્રવેશી શકતું જ નથી. ૮૮.**

**'લેપ વગરનો હું ચૈતન્યદેવ છું.'**

નવ તત્ત્વમાં રાગ પુણ્યતત્ત્વ ને પાપતત્ત્વમાં જાય છે. એ રાગ પણ મારી ચીજ નથી. હું તો રાગના લેપ રહિત ચૈતન્યદેવ છું. સમયસારના કળશમાં આવે છે ને—'अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्रचिन्तामणिरेष यस्मात् ...' આત્મા પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે અને ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે. હું તો જ્ઞાન, આનંદ આદિ અનંત અચિંત્ય દિવ્ય શક્તિઓનો ધારક જ્ઞાયકદેવ છું. દયા, દાન વગેરે રાગાદિનો લેપ મારો નથી, તે મારી ત્રિકાળી ચીજમાં નથી, તેનાથી આત્માની શાંતિ કે ધર્મ થતો નથી.

અત્યારે તો ધર્મના નામે એ ચાલે છે કે—વ્યવહાર કરો, વ્યવહાર કરો; વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય એટલે કે ધર્મ થઈ જશે. શું આકુળતા—રાગ—કરતાં કરતાં અનાકુળતા—ધર્મ—થઈ જશે? વ્યવહાર તો પરાશ્રિત શુભ રાગ છે, આકુળતા છે. તે ભૂમિકાનુસાર આવે છે, પણ એ છે તો આકુળતા. અહો! નિજ સ્વભાવના—નિશ્ચયના આશ્રયમાં રાગનો—વ્યવહારનો આશ્રય બિલકુલ આવતો નથી.

અહો! હું તો લેપ રહિત એકલો ચૈતન્યદેવ છું. લેપની હસ્તી છે ખરી, પણ હું તો લેપ રહિત 'આ' ચીજ છું. અહાહા! અતીન્દ્રિય આનંદનું નિજ-ઘર એવું જે શુદ્ધચૈતન્ય એ તો લેપ રહિત છે.

**'ચૈતન્યને જન્મ નથી, મરણ નથી. ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય.'**

શરીર માટી છે, જડ છે; તેના સંયોગને જન્મ ને તેના વિયોગને મરણ કહેવામાં આવે છે. ભગવાન આત્માને જન્મ કે મરણ ત્રણ કાળમાં થતાં નથી. જ્ઞાયક-ભાવનું અસ્તિત્વ ત્રિકાળ છે, તેની ઉત્પત્તિ કેવી? ઉત્પત્તિ તો પર્યાયની થાય, વસ્તુની નહિ; વસ્તુ તો અનાદિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ થયો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ જે કહેવામાં આવે છે તે તો પર્યાયની ઉત્પત્તિ છે; દ્રવ્ય છે તે કદી ઉત્પન્ન થતું નથી. અનંતગુણરત્નાકર ચૈતન્યપ્રભુ આત્મા તો ત્રિકાળ છે, અનાદિ-અનંત છે. ભગવાન આત્માની જેમ ઉત્પત્તિ થતી નથી, તેમ તેનો વ્યય પણ થતો નથી; તે તો ઉત્પત્તિ તેમ જ વ્યયથી—વિલયથી રહિત છે.

ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. જ્ઞાયકસ્વરૂપ જે અસ્તિત્વ, મોજૂદગીવાળી ચૈતન્ય-ચીજ તે તો સદા છે જ; તેની ઉત્પત્તિ કે નાશ થતો નથી. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યમય વસ્તુને જન્મ-મરણ છે જ નહિ. અહા! ભાષા સાદી છે પણ ભાવ તો બાપુ! અંદરમાં બેસવા...અહાહા!...ભાષા તો વાચક છે.

નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય. નવીન ઉત્પત્તિ થાય તો જન્મ કહેવાય. પ્રભુ આત્મા તો નવીન છે જ નહિ; તે તો ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ હશે. જ્ઞાન ને આનંદનું એ વજ્રબિંબ અનાદિઅનંત છે, તેની નવી ઉત્પત્તિ કે સદંતર પ્રલય કદી થતો નથી. અહા! ચૈતન્યતત્ત્વ નવીન પ્રગટ થાય તો તેનો જન્મ થયો કહેવાય, પણ એમ તો કદી બનતું નથી.

**'ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ—અલિપ્ત જ છે. પછી ચિંતા શાની?'**

ગમે તેવા ઉદયમાં—જગતના સંયોગી પદાર્થો, જગતનાં ક્ષેત્ર, જગતના કાળ-સ્થિતિ-અવસ્થા, અને જગતના ભાવો ગમે તેવા હો—આત્મા સદા નિર્લેપ છે. નિગોદમાં પણ આત્મદ્રવ્ય સ્વભાવે તો નિર્લેપ જ છે. અહા! કેમ બેસે? અસ્તિત્વ છે ને! વસ્તુ છે ને! વસ્તુ છે તો તે સ્વભાવે નિર્લેપ જ છે. નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે વિકાસ ને કેવળજ્ઞાનમાં સંપૂર્ણ વિકાસ, પણ તે તો પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેમ કે તેની ઉત્પત્તિ થાય છે. જેની ઉત્પત્તિ થાય તે પર્યાય છે, ગુણ નથી. ગુણની ઉત્પત્તિ થાય નહિ. કેવળજ્ઞાન ગુણ નથી.

સોનું ગમે તેટલાં વર્ષો સુધી પાણીમાં પડ્યું રહે, કાદવમાં પડ્યું રહે, તોપણ તેને કાટ લાગતો નથી, તે તો નિર્લેપ છે; તેમ ચૈતન્યને ગમે તેવો ને ગમે તેટલો ઉદય હો, પણ તે તો સદા નિર્લેપ ને અલિપ્ત જ છે. અહા! વસ્તુ તો વસ્તુ જ છે, વસ્તુમાં કંઈ આવ્યું નથી. બેનના બોલમાં આવે છે ને—'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી...' આત્મા તો સદા પરિપૂર્ણ ભગવાન છે, પૂર્ણતાથી ભરેલો છે.

પછી ચિંતા શાની? વસ્તુ છે તે ગમે તેવા ઉદયમાં ને ગમે તેવા પ્રસંગમાં હો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે તો સદા નિર્લેપ જ છે; તો પછી ચિંતા શાની? શું કહે છે? વસ્તુ નિર્લેપ છે એવી દૃષ્ટિ થઈ પછી ચિંતા શેની? 'આવું ધ્યાન રાખું તો કારખાનાં બરાબર ચાલે, વિશ્વાસુ માણસો રાખું તો કામ ઠીક ચાલે, દગાખોર નોકરો ખાઈ ન શકે'—અહા! જીવને ઉપાધિનો પાર ન મળે. અરે પ્રભુ! તું આ શું કરે છે? તું તો સદા એકલો છો. ઉદયમાં ગમે તે ચીજ આવે, પણ તારી વસ્તુમાં જરીયે લેપ નથી, ઊણપ-ઓછપ નથી હો! જીવવસ્તુ જે છે તે તો ત્રિકાળ એકરૂપ ચિત્પ્રકાશનો પુંજ ને આનંદઘન છે. તો પછી પરની ચિંતા શી? કોની ચિંતા કરવી?

**'મૂળ તત્ત્વમાં તો કાંઈ પ્રવેશી શકતું નથી.'**

ભગવાન આત્મા પૂર્ણાનંદમય પ્રભુ છે. તેમાં રાગનો પણ પ્રવેશ નથી, તો કર્મ, શરીર ને બીજી ચીજોનો પ્રવેશ ક્યાંથી હોય? पूर्णम् इदम्,...पूर्णम् इदम्। પ્રભુ પોતે જ્ઞાનાનંદસ્વભાવી પૂર્ણ છે, એને ચિંતા શી? અહાહા! આવી દ્રવ્ય-અપેક્ષાની પૂર્ણતાનું જેને સ્પષ્ટ ભાન હોય, તે જ પર્યાય-અપેક્ષાની અપૂર્ણતાને ટાળીને પર્યાયમાં પૂર્ણ થાય છે.

રાજકોટ, સં. ૨૦૨૭

બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર-ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા–પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય-વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છે: તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે. જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૩૦

તા. ૭–૭–૭૮

## વચનામૃત—૮૯

મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે. સ્વરૂપ કેવું છે? જ્ઞાન, આનંદ આદિ ગુણોથી રચાયેલું છે. પર્યાયમાં સમતાભાવ પ્રગટ છે. શત્રુ-મિત્રના વિકલ્પ રહિત છે; નિર્માનતા છે; 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં'; સોનું હો કે તણખલું—બેય સરખાં છે. ગમે તેવા સંયોગ હોય—અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી. જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે. ૮૯.

**'મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે.'**

શું કહે છે? મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે—તેમાં બે વાત સમાય છે. (૧) ત્રણ કષાયનો અભાવ થઈ જે વીતરાગ ભાવ ઉત્પન્ન થયો છે એટલી સ્વરૂપ-રમણતાની જાગૃતિ નિરંતર અતૂટ વર્તે છે; (૨) નિરંતર વર્તતી શુદ્ધિ ઉપરાંત ઉપયોગ પણ ક્ષણમાં અંદર તરત લાગુ થઈ જાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે, વિકલ્પ ઊઠે છે, સાથે સ્વરૂપની રમણતા પણ છે. પરંતુ રમણતા એકદમ વધી ગઈ છે તેથી ઉપયોગ ઘડીએ ઘડીએ અંદરમાં ચાલ્યો જાય છે; ક્ષણે ક્ષણે સાતમે ગુણસ્થાને આવી જાય છે.

ચોથા-પાંચમા ગુણસ્થાને સ્વરૂપની દૃષ્ટિ છે, ભૂમિકાનુસાર સ્વરૂપસ્થિરતા છે, ઉપયોગ અંદરમાં જાય છે; પરંતુ ફરી ફરી ઉપયોગ નિર્વિકલ્પ થવામાં આંતરું વધારે પડી જાય છે. મુનિ તો ક્ષણમાં છઠ્ઠે ને ક્ષણમાં સાતમે ઝૂલાની જેમ ઝૂલતા હોય છે—વર્તતા હોય છે, કેમ કે તેમને સ્વરૂપરમણતા એકદમ જાગૃત છે, ખૂબ વધી ગઈ છે.

**'સ્વરૂપ કેવું છે? જ્ઞાન, આનંદ આદિ ગુણોથી રચાયેલું છે.'**

અહા! જૈનદર્શનના સંત-મુનિનું સ્વરૂપ કોને કહીએ! મુનિને આત્મસ્વરૂપમાં ઉગ્ર રમણતા જામેલી છે. ભગવાન આત્માનું સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા વગેરે અનંત ગુણોથી નિર્મિત છે, અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણોનું બનેલું છે. તે સ્વરૂપ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંત-વીતરાગતા અને અનંતસ્વચ્છતા આદિ અનંત ગુણોનો ભંડાર છે, પટારો છે.—એવા પોતાના સ્વરૂપમાં મુનિરાજની પરિણતિ એકદમ જામી ગઈ છે.

**'પર્યાયમાં સમતાભાવ પ્રગટ છે.'**

સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અલ્પ સ્વાદ આવે છે; પરંતુ મુનિને તેનો અતિ પ્રચુર સ્વાદ આવે છે. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનો નિજ વૈભવ બતાવતાં કહ્યું છે: કેવો છે નિજ વૈભવ? નિરંતર ઝરતા એવા સુંદર આનંદની મહોરછાપવાળું જે અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન તેનાથી ઉત્પન્ન થયેલો આચાર્યભગવાનનો નિજ વૈભવ છે. વસ્તુ સ્વભાવે તો વીતરાગસ્વરૂપ છે, પરંતુ મુનિને પર્યાયમાં પણ ઘણી વીતરાગતા—સમતાભાવ આવી ગયો છે.

ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાય ટળ્યો છે તેટલે અંશે વીતરાગતા છે. પાંચમામાં એથી વધુ છે. મુનિને છઠ્ઠે-સાતમે તો વીતરાગભાવ—સમતાભાવ પર્યાયમાં ઘણો વધી ગયો છે. શક્તિ-અપેક્ષાએ સમતાભાવ ત્રિકાળ પૂર્ણ છે જ; પણ આ તો પર્યાયમાં પણ ઘણો પ્રગટ થયો છે.

**"શત્રુ-મિત્રના વિકલ્પ રહિત છે; નિર્માનતા છે; 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં'; સોનું હો કે તણખલું—બેય સરખાં છે."**

આ મારો શત્રુ છે, ને આ મારો મિત્ર છે, ભક્ત છે, મને માનવાવાળો છે; આ મને પ્રતિકૂળ છે ને આ અનુકૂળ છે;—મુનિરાજ એવા વિકલ્પના રાગથી રહિત છે.

મુનિરાજને અંદર ઘણી જ નિર્માનતા પ્રગટી છે. પૂર્ણ કેવળજ્ઞાનદશાની જ્યાં ભાવના છે ત્યાં પોતાની પર્યાયનું કે પદનું અભિમાન હોતું નથી. ત્રણ કષાયના અભાવની વીતરાગતા હોવા છતાં, પર્યાયમાં હજુ પૂર્ણ વીતરાગતા ને સર્વજ્ઞદશા પ્રગટી નથી, પોતાની દશામાં અલ્પતા, પામરતા છે એમ જાણે છે. અંદરમાં નિર્માન...નિર્માન છે.

'દેહ જાય પણ માયા થાય ન રોમમાં' એ શ્રીમદ્‌ના 'અપૂર્વ અવસર'ની લીટી છે. અહા! મુનિરાજને ભલે દેહ છૂટી જાય તોપણ એક રોમ (શરીરના વાળ) જેટલા ભાગમાં પણ માયા થતી નથી. અહા! મુનિદશા કોને કહેવાય? દિગંબર સંત કે જેને અંતરમાં મુનિયોગ્ય રાગરહિતભાવે નગ્નતા અને બહારમાં વસ્ત્રરહિતપણે નગ્નતા સહજ વર્તે છે, તેની સહજ દશા તે મુનિપણું છે. અંદર આત્માના ભાન વિના જીવ બહારથી વસ્ત્રરહિત નગ્ન અનંત વાર થયો, તે કાંઈ મુનિદશા નથી. અરે પંચમહાવ્રતનો શુભ રાગ આવે, વિકલ્પની લાગણી આવે, તે પણ મુનિપણું નથી. સ્વભાવનું ભાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને અંદર મુનિદશાને અનુચિત વિકલ્પરૂપ લાગણીથી રહિત અને બહાર વસ્ત્રાદિથી રહિત સહજ દશા થાય તે, ભાવે ને દ્રવ્યે નિર્ગ્રંથ મુનિદશા છે. શ્રીમદે કહ્યું છે: 'દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો'.

મુનિને અતીન્દ્રિય વીતરાગી આનંદનો સ્વાદ પ્રચુર હોય છે. સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને તે સ્વાદ થોડો હોય છે. સર્વાર્થસિદ્ધના દેવો જે એક ભવે મોક્ષ જવાના છે, તેના કરતાં પંચમ-ગુણસ્થાનવર્તી શ્રાવકને આનંદનો સ્વાદ વધુ હોય છે, અને મુનિને તો શ્રાવક કરતાં પણ ઘણો વધુ આનંદ હોય છે. દેહ જાય પણ માયા થાય ન રોમમાં—એવી સહજ દશા થઈ ગઈ છે. ચોથે-પાંચમે, દેહ જાય પણ દેહ સાથે એકતા-બુદ્ધિ થાય ન રોમમાં; જરા આસક્તિનો રાગ છે એટલો પ્રતિકૂળતામાં અણગમો આવી જાય છે. જ્ઞાનીને રાગ તથા અણગમો—બન્ને જ્ઞાનનું જ્ઞેય છે.

જ્ઞાનીને આત્માના આલંબનથી જેટલી શુદ્ધતા પ્રગટ થઈ તેટલો આનંદ છે, અને જેટલો હજી પરલક્ષી રાગ છે તેટલું દુ:ખ છે. પૂરણ આનંદનું વેદન પરમાત્માને —અરિહંત-સિદ્ધને છે; પૂરણ દુ:ખનું વેદન મિથ્યાદૃષ્ટિને છે—ભલે તે સાધુ થઈને પંચ મહાવ્રત પાળતો હોય, પણ રાગની સાથે એકતાબુદ્ધિ છે ત્યાં પૂરણ દુ:ખ છે; અને સાધકને થોડો આનંદ ને થોડું દુ:ખ છે.

સમકિતીને પોતાના સ્વરૂપના આનંદનું પણ વેદન છે અને જેટલો રાગ છે એટલું દુ:ખનું પણ વેદન છે. મિથ્યાદૃષ્ટિને રાગમાં એકત્વબુદ્ધિ હોવાથી જરા પણ સુખ નથી, એકલું દુ:ખ જ છે. પૈસાવાળા માને કે અમે સુખી છીએ, પણ તે સુખી નથી, દુ:ખી છે. પૈસામાં ધૂળેય સુખ નથી. તેના રાગમાં એકલી આકુળતા છે.

પ્રશ્ન:—પૈસામાં સુખ નથી તો નાખી દેવા?

ઉત્તર:—ભાઈ! નાખે કોણ ને રાખે કોણ? પૈસો તો જડ ચીજ છે. તે તેના કારણે આવ્યો છે, રહે છે ને જાય છે. દાન આપવાવાળો માને કે 'મેં દાન આપ્યું' —એ મિથ્યા ભ્રમ છે. અહીં તો મુનિદશાની વાત છે. લક્ષ્મી તો ઠીક, પણ 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં' એવી દશા સહજપણે વર્તતી હોય છે.

સોનું હો કે તણખલું—બેય, મુનિરાજને સરખાં છે, જ્ઞાનનાં જડ જ્ઞેય છે. મુનિને જંગલમાં કયાંક હીરાથી ભરેલો ચરુ નજરે પડે, તેમાં એક એક હીરો કરોડોની કિંમતનો હોય તોપણ તેનો મહિમા હોતો નથી, સડેલાં તરણાંની માફક તુચ્છ જાણે છે. અંદર એટલી બધી વીતરાગતા પ્રગટી છે કે હીરો હો કે વિષ્ટા, બન્ને સરખાં જ્ઞેય લાગે છે. હીરો જોયો તો ઠીક અને વિષ્ટા નજરે પડી તે અઠીક—એવું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધૂળનાં ઢેફાં હો કે સુંવાળી લાકડાની પાટ—બંને સરખાં દેખાય છે. સુંવાળું તે ઠીક અને કઠણ અથવા ખરબચડું તે અઠીક—એવા ભાવ રહિત, અંદરમાં આનંદ સહિત સમતાભાવ મુનિને પ્રગટ થયો છે.

**'ગમે તેવા સંયોગ હોય—અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી.'**

ભલે ગમે તેવા બહારના સંયોગો હોય, મુનિ અનુકૂળતામાં આકર્ષિત થતા નથી. સમકિતીને જરા રાગ આવી જાય છે, પણ તે સંયોગો ને રાગ મારા છે એવી દૃષ્ટિ નથી. સુંદર સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, મકાન ને કરોડો રૂપિયાની પેદાશ વગેરેમાં—અનુકૂળ ચીજોમાં થોડો રાગ આવી જાય છતાં, (શ્રદ્ધા-અપેક્ષાએ) જ્ઞાની લોભાતા નથી—ખેંચાતા નથી. અહીં તો મુનિની વાત છે. મુનિને સ્ત્રી-પુત્ર વગેરેનો રાગ તો છે જ નહિ; પણ શિષ્ય, સંઘ, પૂજા, પ્રતિષ્ઠા વગેરે બાહ્ય અનુકૂળ સંયોગોમાં ખેંચાતા નથી. અહા! મુનિ કોને કહેવા બાપુ? મુનિરાજ તો હાલતા-ચાલતા સિદ્ધ છે. એક તો પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય, અને તે ઉપરાંત બીજું, પ્રચુર અતીન્દ્રિય રમણતા—વીતરાગતા પ્રગટ થઈ હોય; એ વીતરાગ સમતાભાવમાં સોનું અને તણખલું બન્ને સમાન દેખાય છે. તે મુનિરાજ અનુકૂળતામાં આકર્ષિત થતા નથી અને પ્રતિકૂળતામાં ખેદખિન્ન થતા નથી. તે બધી ચીજો તો પરજ્ઞેય છે, જાણવા લાયક છે; બસ, એટલું. તેમાં કોઈ ચીજ ઠીક છે અને કોઈ ચીજ અઠીક છે—એમ મુનિને હોતું નથી.

મુનિરાજને વીતરાગતા ફાલીફૂલી છે; જેમ ફૂલની કળી ખીલી નીકળે તેમ વીતરાગતા ખીલી નીકળી છે. શ્રેણિક રાજાએ યશોધર મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો; કરોડો કીડીઓ ચડી ને શરીર ઠોલી ખાધું. એવા ઉપસર્ગ વખતે મુનિ ખેદાતા નહોતા, પણ અંદર વીતરાગી આનંદમાં રમતા હતા. ચેલણા રાણી કહે—જુઓ, અમારા જૈનના ગુરુ આવા હોય છે. અંદર આનંદની મસ્તીમાં ઉપસર્ગ પ્રત્યે લક્ષ જ દેતા નથી. એકદમ અંદર અતીન્દ્રિય આનંદપરિણતિમાં ઘૂસી ગયા છે. શ્રેણિક રાજાને એમ થયું કે—અહો! જૈન ધર્મ આવો! પછી, મુનિએ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું ને શ્રેણિકે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. પછી મહાવીર ભગવાનના સમોસરણમાં તીર્થંકર-નામકર્મ બાંધ્યું. મુનિને ઉપસર્ગ આપવાના પ્રસંગે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું, તેમાં સમ્યગ્દર્શનના પ્રતાપે ફેરફાર થઈને તેત્રીશ સાગરની સ્થિતિ ઘટીને પહેલી નરકમાં ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ રહી. અત્યારે તે પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને આવતી ચોવીશીના પહેલા પદ્મનાભ તીર્થંકર થશે. અહા! સમકિતનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતાપ કોઈ એવો છે! લોકોને એની કાંઈ ખબર નથી, કિંમત નથી, અને બહારની ક્રિયામાં 'આ કર્યું, તે કર્યું' એમ મિથ્યાત્વને પોષે છે. અહીં તો મુનિરાજને, કહે છે કે, પ્રતિકૂળતામાં ખેદ નથી અને અનુકૂળતામાં ખેંચાણ નથી.

**'જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે.'**

અતીન્દ્રિય આનંદનો સમુદ્ર એવો જે ભગવાન આત્મા, તેમાં જેમ જેમ ડૂબકી મારે તેમ તેમ અંદરમાં વીતરાગતાની ને આનંદની વૃદ્ધિ થતી જાય છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સમરસભાવ-વીતરાગભાવ વિશેષ થતો જાય છે. પૂર્ણ વીતરાગસ્વરૂપ પ્રભુ તો અંદર પડ્યો છે. તેનો અનુભવ કરતાં વીતરાગતાના અંશો ક્રમે ક્રમે, સ્થિરતા વધતાં, વૃદ્ધિ પામે છે. જેમ જેમ આગળ વધે તેમ તેમ અતીન્દ્રિય આનંદની વીતરાગી લહેર વધતી જાય છે. અંદર પારિણામિકભાવે શક્તિરૂપ આનંદ હતો તે પર્યાયમાં, સંપૂર્ણ વીતરાગતા થઈને કેવળજ્ઞાન થતાં, પૂર્ણ પ્રગટ થાય છે. અહા! આવો ભગવાન, ચામડાના શરીરમાં વિંટાયેલ પ્રભુ, 'આ શરીર ને રાગ તે હું' એવી ભ્રમણામાં ક્યાં સલવાઈ ગયો?

—o—

## વચનામૃત—૯૦

**સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર! તું વિષયોમાં શા માટે ઝાવાં નાખે છે? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી. અંદર અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડ્યું છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ. ૯૦.**

**'સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર! તું વિષયોમાં શા માટે ઝાવાં નાખે છે? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી.'**

એક ભવમાંથી બીજો ને બીજામાંથી ત્રીજો—એમ કરતાં કરતાં, મુસાફર! તેં અનંત ભવ કર્યા. ત્યાં પરિભ્રમણ કરતાં કરતાં વિષયની, પુત્રની, આબરૂની, લક્ષ્મીની વગેરે સંસારની અનેક તૃષ્ણારૂપ ક્ષુધાથી તું પીડિત છો. તેં સ્વપદાર્થનો આશ્રય લીધો નહિ ને પર વિષયોમાં સુખ માટે વલખાં માર્યાં છે; પરંતુ ત્યાં તારું સુખ કે શાન્તિ છે નહિ.

ભલે ને ઇન્દ્રનું ઇન્દ્રાસન હો, ચક્રવર્તીનું રાજ હો, એ બહારની ચીજ શું શરણ છે? પ્રભુ! એ બધું ક્ષણમાં પલટાઈ જશે. અરે, શરીરને જતાં શી વાર? એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાશવાનનો ભરોસો છોડ, અને અવિનાશી આનંદમૂર્તિ પ્રભુનો ભરોસો લે, એની દૃષ્ટિ કર, એનો વિશ્વાસ કર, તો તને અંદરમાંથી નિધાન મળશે.

અહા! સંસારની અનંત અભિલાષા! મારી આબરૂ વધે, પૈસા વધે, દીકરા વધે—એ જગતની અભિલાષા! આકુળતાની અભિલાષા! તે વિકારમાં એવી શક્તિ નથી કે જેમાંથી અનંત આનંદ ને અનંત વીર્ય નીકળે. અનંત સુખ અને અનંત પુરુષાર્થ તો, ખૂટે નહિ એવો ખજાનો તો, અંદર સ્વભાવમાં છે. વિકાર છે તે તો મર્યાદિત છે. શુભભાવ પણ વિકાર છે ને મર્યાદિત છે. બહારનાં બધાં કાર્યમાં સીમા હોય—મર્યાદા હોય. અમર્યાદિત તો અંતર્ જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા–મર્યાદા નથી. અંદર સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે; બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. અષ્ટપાહુડમાં આવે છે કે દર્શન, જ્ઞાન ને ચારિત્ર જે પ્રગટે છે તે અક્ષય અને અમેય છે.

સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી પીડિત હે મુસાફર! તું વિષયોને માટે કેમ તરસે છે? એ બધું ઝેર છે. અંદર શાંતિ ને સુખનું નિધાન એવી જે પોતાની ચીજ છે તે તરફ ઝુકાવ કેમ કરતો નથી? વિષયો માટે તું વલખાં કેમ મારે છે? ત્યાં તારી ભૂખ શાંત થાય એવું નથી. બહારનું આટલું ભોગવું તો શાંતિ થશે એ તારો ભ્રમ છે. બહારના ભોગથી ત્રણ કાળમાં શાંતિ થતી નથી.

પ્રશ્ન:—ભોગાનંદમાં બ્રહ્માનંદ કહે છે તેનું શું?

ઉત્તર—એ વાત કોઈ કહે છે. છાપામાં પણ આવી છે. તે કહે છે કે ભોગાનંદમાં બ્રહ્માનંદ છે; ખૂબ રડો, ને ખૂબ રડતાં રડતાં નિર્વિકલ્પ થઈ જશો; ખૂબ જ હસો, ને ખૂબ જ હસતાં હસતાં તમારો વિકલ્પ છૂટી જશે અને નિર્વિકલ્પ થઈ જશો. ભાઈ! એ બધી કલ્પના અસત્ય ને મિથ્યાત્વ છે. વિષયભોગમાં ધૂળેય આનંદ નથી, દુ:ખ છે, ઝેર છે. ભોગનો વિકલ્પ તે તો પાપરાગ છે. વિષયતૃષ્ણાની તરસ તારા બહારના ભોગથી કદી શાંત થતી નથી. સમકિતીને તો બહારના વિષયો પ્રત્યે રાગની વૃત્તિ ઊઠે તે ઝેર જેવી લાગે છે. જેટલી અંદર આત્મસ્વભાવ પ્રત્યે પરિણતિ થઈ તેટલો આનંદ છે.

'ભોગને ભોગવું' એ ભાવ તો અશુભ રાગ જ છે, પાપ જ છે; એની તો શી વાત? પરંતુ 'ભોગને ત્યાગું' તે પણ એક શુભ વિકલ્પ છે, શુભ રાગ છે. તેમાં પણ આત્માનો આનંદ નથી. શુભરાગમાં પણ આત્માની અતીન્દ્રિય શાંતિ ને સુખ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. શુભરાગના વલખાંથી પણ તારી ભૂખ શાંત નહિ થાય. તે ભૂખ શાંત કેમ થાય તે હવે કહે છે.

**'અંદર અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડ્યું છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ.'**

જેમ આંબે કેરી આવે તેમ અંદર ચૈતન્યવૃક્ષમાં અનંત જ્ઞાન, અનંત આનંદ વગેરે અમૃત ફળે છે. અહાહા! અમૃતસાગર ભગવાન આત્મા મૃતક-કલેવરમાં મૂર્છાઈ ગયો છે. પ્રભુ! અમૃતનાં ફળનું ઝાડ તારી પાસે છે. એમાંથી રાગ પાકે એવું તે ઝાડ નથી; પરંતુ શરીરની આડમાં તને તે દેખાતું નથી અને રાગના પ્રેમમાં તે અમૃતવૃક્ષની ઓળખાણ થતી નથી. વૃક્ષમાં જેટલું પાણી સિંચે તેટલું ફળ આવે, તેમ ચૈતન્યવૃક્ષમાં જેટલી એકાગ્રતા કરે તેટલું અમૃતનું ફળ આવે. જેમાં જ્ઞાન ને આનંદનાં અમૃતફળ લાગે છે એવા ચૈતન્યવૃક્ષને અંદરમાં જો તો તને તે મીઠાં અમૃતફળ મળશે અને તું તૃપ્ત તૃપ્ત થઈ જઈશ.

શુભરાગ ને તેનું ફળ પુણ્ય-બહારના વિષયો, એ બધું ઝેર છે. તું અનુકૂળતામાં ખેંચાઈ ગયો ને પ્રતિકૂળતામાં ખેદાઈ ગયો. બાપુ! ત્યાં જુએ છે તેના કરતાં અંદર અનાદિ-અનંત સ્વયંસિદ્ધ વસ્તુને, જેમાંથી અતીન્દ્રિય અમૃતનાં ફળ આવે છે તે ચૈતન્ય-કલ્પવૃક્ષને, જો ને!

પ્રશ્ન:—આ તો બધી નિશ્ચયની વાત થઈ!

ઉત્તર:—ભાઈ! વ્યવહાર તો પરાશ્રિત રાગ છે અને એ શુભ રાગ પણ ઝેર છે. જેમાંથી વ્યવહારરૂપ ઝેર પ્રગટે એવું આ ચૈતન્યવૃક્ષ નથી. ભોગાનંદ તો કાળકૂટ છે. ભગવાન આત્મા તો ભોગાતીત, અમૃત-આનંદનાં ફળ પાકે એવું ચૈતન્યવૃક્ષ છે. અહાહા! જ્ઞાનનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, વીતરાગતાનો આનંદ વગેરે અનેક પ્રકારના જે આનંદ, તે-સ્વરૂપ મધુરાં ફળ ક્યાંય બહારથી નથી આવતાં, ચૈતન્યવૃક્ષ જ તે અમૃતફળ દેનારું છે. તેના તરફ જો, તેની રુચિ-પ્રીતિ કર તો અમૃતફળ મળશે.

અહાહા! ભગવાન આત્મા તો અમૃતફળોનું ઝાડ છે. કલ્પવૃક્ષમાંથી તો, જે અમુક ચીજ દેનારું કલ્પવૃક્ષ હોય તે જ ચીજ, તેને ચિંતવે તો, મળે. અહીં આત્મામાં તો સંખ્યાએ અપરિમિત અનંત ગુણો ભર્યા છે; તે અનેક પ્રકારનાં મધુર ફળ દેનારા ચૈતન્યવૃક્ષ તરફ નજર કર ને! ત્યાં જો ને! ત્યાં જોવાથી અનેક પ્રકારનાં મધુર ફળ અને રસ તને મળશે અને તેથી તું તૃપ્ત તૃપ્ત થઈ જઈશ. વિષયની અભિલાષાથી ક્યાંય કદી તૃપ્તિ થતી નથી. તેનાથી તો, અગ્નિમાં ઘી હોમવાની જેમ, દુઃખના ભડકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થશે, પીડાની ધારા ચાલશે. અંદર શુદ્ધ આનંદકંદ, અમૃતથી ભરપૂર ભગવાન આત્મા છે, તેની દૃષ્ટિ કરવાથી, તેને જોવાથી ને તેમાં એકાગ્ર થવાથી શાંતિનું ફળ, વીતરાગતાનું ફળ આવશે.

આંબાના વૃક્ષમાં તો કેરી પાકે, તેમ ચૈતન્યભગવાનના વૃક્ષમાં તો અતીન્દ્રિય આનંદનાં અમૃતફળ પાકે. તું તેને જો, ઓળખ અને અંદર ઠર તો તને તે અમૃતફળ મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈ જઈશ.

રાજકોટ, સં. ૨૦૨૭

....બેન(ચંપાબેન)ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઈ જાય છે, ખેદ આવી જાય છે: 'અરેરે! ક્યાં હતાં ને ક્યાં આવી ગયાં! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. અહા! આ સંસાર! આ પ્રાણી! આ દુઃખ!'....ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ; સંસારને કાંઠે આવેલો, જુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઈ ગઈ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ....આ તો કેમ નભે છે!.... નામ-ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ—બધી સિદ્ધ થઈ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક, અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર! અત્યારે આવો કાળ! તેમાં આ વાત લોકોને આકરી લાગે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-૩૧

તા. ૮-૭-૭૮

## વચનામૃત—૯૧

**અહો! આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર છે, જેનું અવલોકન કરતાં મુનિઓને વૈરાગ્ય ઊછળી જાય છે. મુનિઓ શીતળ-શીતળ ચૈતન્યચંદ્રને નિહાળતાં ધરાતા જ નથી, થાકતા જ નથી. ૯૧.**

**'અહો! આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર છે, જેનું અવલોકન કરતાં મુનિઓને વૈરાગ્ય ઊછળી જાય છે.'**

શું કહે છે? અંદર જે આ આત્મા છે તે તો શીતળ, આનંદ અને શાંત રસથી ભરેલો ચૈતન્યચંદ્ર છે. તે આશ્ચર્યકારી આત્મા, લૌકિક ચંદ્ર-સૂર્યના પ્રકાશથી રહિત અતીન્દ્રિય જ્ઞાનાનંદના શાંત-શીતળ પ્રકાશમય અલૌકિક ચૈતન્યચંદ્ર છે.

આત્મા કે જે અંદર જ્ઞાનાનંદથી ભરપૂર ત્રિકાળી વસ્તુ છે તે આ દેહથી તો ભિન્ન છે જ; પણ અંદર દયા-દાનનો રાગ આવે છે તેનાથી પણ ભિન્ન છે; તથા જ્ઞાન, આનંદ આદિ જે ગુણભેદ તે પણ વ્યવહારે છે. વાસ્તવમાં જેને આત્માની પ્રતીતિ કરવી હોય, આત્માનું તળ લેવું હોય, તેણે વ્રતાદિના પરિણામરૂપ પુણ્યનું ને ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડવું.

ચૈતન્યચંદ્ર એવો આ ભગવાન આત્મા તે અસ્તિ-હયાતી-વાળી ચીજ છે, અલૌકિક વસ્તુ છે, લૌકિક વસ્તુ સાથે તેનો જરા પણ મેળ નથી. જેના અસ્તિત્વમાં 'આ શરીર છે', 'આ રાગ છે' એવું જાણવામાં આવે છે, તે જાણવાવાળો જાણવામાં આવે ત્યારે ચૈતન્યચંદ્રનું સાચું અવલોકન થાય છે. પરલક્ષી જ્ઞાનમાં—વકીલાતના કે દાક્તરપણાના જ્ઞાનમાં—આત્મા આવતો નથી.

અરે! આનંદનો કંદ એવો ભગવાન ચૈતન્યચંદ્ર અંદર તાજો છે, તેની જીવને ક્યાં ખબર છે? અહીં તો કહે છે કે નિમિત્તનું, રાગનું ને ભેદનું લક્ષ છોડીને અંદર ચૈતન્યસ્વરૂપ છે તેનું અવલોકન કરવું. જીવને પર્યાયનો પર તરફ ઝુકાવ છે તે મિથ્યાભાવ છે, દુઃખદશા છે; તેને પોતાના અવલોકનમાં વાળવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યચંદ્ર એવો જે જ્ઞાયકભાવ તેનું અવલોકન કરવાથી મુનિઓને વૈરાગ્ય ઊછળી જાય છે. સમકિતીને પોતાના શુદ્ધચૈતન્યનું અભેદ અવલોકન તેમ જ પ્રતીતિ છે, પણ તેને આનંદ અલ્પ છે; અને મુનિઓને આત્માના ભાન સહિત પરનો ને રાગનો સંબંધ વિશેષ છૂટી ગયો છે તેથી આત્માના ઉગ્ર અવલોકનમાં વૈરાગ્ય—ઉદાસીનતા ઊછળી જાય છે. અહા! ધર્મનો આવો ઉપદેશ છે.

પ્રશ્ન:—સેવા કરવી, દયા પાળવી, એ ધર્મ નથી?

ઉત્તર:—પરની સેવા કરવી, દયા પાળવી, તે ધર્મ છે—એમ અજ્ઞાની લોકો કહે છે. ભાઈ! કોણ કોની સેવા કરી શકે છે? યોગસારમાં કહ્યું છે:

કોણ કોની સમતા કરે, સેવે, પૂજે કોણ;
કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ?
કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦.

પરજીવની સેવા કરી શકું છું કે દયા પાળી શકું છું એ માન્યતા મિથ્યા ભ્રમ છે. અહીં તો એ કહેવું છે કે—આ આત્મા ચિદાનંદસ્વરૂપ વસ્તુ છે ને? શરીરપ્રમાણ ભલે હોય પણ તેનાથી ભિન્ન અસ્તિસ્વરૂપ—હયાતસ્વરૂપ શાશ્વત તત્ત્વ છે ને? તત્ત્વ છે તો તેના સામર્થ્યમાં એટલું સત્ત્વ ભરેલું છે કે જેના અવલોકનથી પર તરફનો વૈરાગ્ય ઊછળી જાય છે.

પ્રશ્ન:—સ્ત્રી, પુત્ર તેમ જ કુટુંબને છોડીને જંગલમાં રહે તે વૈરાગી નહિ?

ઉત્તર:—ના, સાચો વૈરાગી તેને કહેવાય કે જેને પોતાના નિજ પદાર્થનું અવલોકન કરવાથી, પોતાના જ્ઞાનાનંદસ્વભાવની મહાનતા ભાસવાથી, પરથી સહજ ઉદાસીનતા થઈ જાય. પોતાનું અવલોકન કરે તેને પર પ્રત્યે વૈરાગ્ય સહજ ઉત્પન્ન થાય છે. જેને પોતાના અવલોકનની ખબર નથી અને સ્ત્રી, કુટુંબ વગેરે છોડી દે, સંન્યાસી થઈ જાય તે સાચો વૈરાગી નથી; તે પરનો ત્યાગી નથી પણ ધર્મનો ત્યાગી છે, કેમ કે તેણે આત્માનો ધર્મ અનાદિથી છોડી દીધો છે.

મારી ચીજમાં શરીર, વાણી આદિ કોઈ પરચીજ તો છે જ નહિ, પણ પર-ચીજના લક્ષે જે રાગાદિ ઉત્પન્ન થાય તે પણ મારી ચીજનો સ્વભાવ નથી. વળી આ, જ્ઞાન, આનંદ આદિ મારા ગુણો, ને તેને ધારણ કરનાર હું આ ગુણી—એમ ગુણ-ગુણીના ભેદ પણ જેમાં નથી એવો આ ભગવાન આત્મા શીતળ-શીતળ, શુદ્ધપ્રકાશ અને આનંદથી ભરચક ચૈતન્યચંદ્ર છે. આવી ચૈતન્યસ્વરૂપ પોતાની ચીજના પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિત્વનું ભાન તો સમકિતીનેય હોય છે; પણ મુનિદશામાં પોતાની ચીજનું—આત્મસ્વભાવનું—ઉગ્ર અવલોકન કરવાથી, તે તરફનો વિશેષ ઝુકાવ રાખવાથી, પર તરફનો વૈરાગ્ય ને ઉદાસીનતા ઊછળી પડે છે.

પોતાના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન અને પરવસ્તુના રાગથી રહિતપણું—એમ ધર્મીને જ્ઞાન ને વૈરાગ્ય નામની બે શક્તિ હોય છે. અનાદિથી અજ્ઞાની, આત્માથી વિરક્ત અને રાગમાં રક્ત છે. જ્ઞાની, આત્મામાં રક્ત ને રાગથી વિરક્ત છે. આવી વાત છે બાપુ! બહારના સંયોગનો ત્યાગ કરીને જીવે અભિમાન કર્યું છે કે 'હું ત્યાગી છું'; પણ ભાઈ! જેના અવલોકનથી અંદર સાચો ત્યાગ—વૈરાગ્ય ને ઉદાસીનતા—પરિણમે છે એવા આ, જન્મ-મરણથી રહિત શાંત-શાંત ચૈતન્યચંદ્રની દૃષ્ટિ અનાદિ કાળમાં કયારેય કરી નથી.

**'મુનિઓ શીતળ-શીતળ ચૈતન્યચંદ્રને નિહાળતાં ધરાતા જ નથી, થાકતા જ નથી.'**

સમકિતી ગૃહસ્થને આત્મજ્ઞાન છે, પણ તે વારંવાર અંતરમાં જઈ શકતા નથી; મુનિ તો વારંવાર અંદર આનંદપ્રભુમાં જાય છે. તે તો અતીન્દ્રિય આનંદમાં વિશેષ ઘૂસી ગયા છે.

લોકોને વસ્તુસ્વરૂપની ખબર નથી; માને છે કે બહારનું—પરનું કરે ને રાગ કરે, પરની દયા પાળે તે આત્મા. એ ધૂળેય આત્મા નથી, સાંભળ ને! પરની દયા કોણ પાળે? દયાનો ભાવ તે પણ રાગ છે, સ્વરૂપની હિંસા છે. જેના અવલોકનથી સંતો ધરાતા નથી, થાકતા નથી એવા પૂર્ણ ચૈતન્યઘન પ્રભુ આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે! અહાહા! અંતર આનંદ...આનંદ...આનંદ. આ વાત કેમ બેસે? ભગવાન આત્મા અંદર વસ્તુ છે ને? વસ્તુ છે તો તે પોતે કાંઈ દુ:ખરૂપ ન હોઈ શકે; વસ્તુ છે તે કાંઈ વિકૃતસ્વરૂપ ન હોઈ શકે; વસ્તુ છે તે અપૂર્ણ ન હોઈ શકે; અને વસ્તુ છે તેને પરના આશ્રયે ટકવું ન પડે. અહા! વસ્તુનું નિજ સ્વરૂપ તો સ્વતંત્ર, નિર્વિકાર, સંપૂર્ણ, સુખરૂપ ને સ્વાધીન છે. પોતાનું જે નિર્મળ સ્વરૂપ તેમાં જેની દૃષ્ટિ ને વિશેષ સ્થિરતા થઈ છે એવા મુનિઓ અંતરનો આનંદ વારંવાર લેતાં—પોતાના શાંત-શાંત ચૈતન્યચંદ્રને નીરખતાં—ધરાતા જ નથી. અંતર આનંદસ્વરૂપ જે ભગવાન તેનો, રાગથી ભિન્ન થઈને, જેને અનુભવ થયો તે મુનિરાજ અનુભવ કરતાં થાકતા નથી; વારંવાર ઉપયોગ અંદર જાય છે. 'મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે' તે શાસ્ત્રભાષા છે. પૂર્ણાનંદનો વિશેષ અનુભવ કરવા માટે છઠ્ઠેથી એકદમ સાતમામાં જાય છે. પૂર્ણાનંદનો અનુભવ કરતાં તેઓ થાકતા નથી કે ધરાતા નથી. અહા! આવો માર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનો અનુભવ કરવો તે માર્ગ છે. જીવે તે ક્યારેય કર્યો નથી; અજ્ઞાન કરી ચાર ગતિમાં જીવ રખડે છે. શાસ્ત્રનું જ્ઞાન કરે તે પણ, આત્માના અનુભવ વિના, અજ્ઞાન છે. આત્માનું જ્ઞાન કરવું તે જ જ્ઞાન છે. આગમનું જ્ઞાન હોય છે, પણ સ્વલક્ષી થઈને હોય તો તે વાસ્તવિક આગમજ્ઞાન કહેવામાં આવે છે. પ્રવચનસારમાં 'आगमचेट्ठा तदो जेट्ठा'—આગમપ્રવર્તન મુખ્ય છે, એમ કહ્યું છે. પરંતુ આગમચેષ્ટા કહેવી કોને? પોતાના સ્વરૂપનું લક્ષ કરીને જે આગમનો અભ્યાસ કરે છે તે ચેષ્ટા 'जेट्ठा'—જ્યેષ્ઠ-શ્રેષ્ઠ છે. આત્માના લક્ષ સિવાય જેટલું શાસ્ત્રનું ને બહારનું જાણપણું કરવું તે તો જ્ઞાનનું નીચપણું છે, હલકાપણું છે. ભગવાન આત્મા કોણ છે ને કેવો છે, તેના ભાન વિના બધું જાણપણું અજ્ઞાન ને પાખંડ છે. પરના જાણપણામાં તો જ્ઞાન રોકાઈ જાય છે, દબાઈ જાય છે; રાગીને રાગ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન:—આત્માને રાગ રહિત કહો છો, પણ હજી તો રાગને જાણવોય મુશ્કેલ છે!

ઉત્તર:—ભાઈ! અંદર જે વિકલ્પ ઊઠે છે કે—'હું જ્ઞાયક છું, શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું' તે પણ રાગ છે. ભગવાન 'અસ્તિ'તત્ત્વ છે તે વીતરાગસ્વરૂપ છે. જેને કલ્યાણ કરવું હોય તેણે રાગનું લક્ષ છોડીને અંદર ચૈતન્યપ્રભુને નીરખવો. વારંવાર આનંદનો સ્વાદ લેવા માટે મુનિ ત્યાં જ ઉપયોગને લગાવે છે. બહારમાં નગ્નપણું થવું, સ્ત્રી-કુટુંબ છોડી દેવાં તે મુનિપણું છે જ નહિ. અંદર ચૈતન્યચંદ્રને નિહાળતાં નિહાળતાં જે અતીન્દ્રિય આનંદની તૃપ્તિને વેદે છે તેને મુનિ કહેવામાં આવે છે.

આ ચૈતન્યચમત્કારમય આત્મા તો રાગથી ભિન્ન છે ને અતીન્દ્રિય આનંદનો કંદ છે. એક મ્યાનમાં બે તલવાર રહે નહિ, તેમ જેને દયા, દાન વગેરે શુભરાગનો પ્રેમ છે તેને આત્માનો પ્રેમ નથી, આત્મા પ્રત્યે દ્વેષ છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે: જેને શુભ રાગનો પ્રેમ છે તેને આત્મા હેય છે, તે આખા આત્માનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? ધીરે ધીરે સમજીને અંદર જવું; ચીજ આ છે, બાકી બધાં થોથાં છે.

પ્રશ્ન:—પહેલાં તો શુભ રાગનો પ્રેમ કરવો ને?

ઉત્તર:—બિલકુલ નહિ. શુભ રાગનો પ્રેમ પણ અજ્ઞાન છે. લોકસેવાનો ભાવ પણ રાગ છે. અહા! હિન્દુસ્તાનની ખરી વિદ્યા તો આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાનની વિદ્યા બીજા કોઈ દેશમાં નથી. અત્યારે તો આત્મજ્ઞાનની વાત ભુલાઈ ગઈ છે. આ કરવું ને તે કરવું, દેશસેવા, રોગીની સેવા વગરે પરની ને રાગની ક્રિયામાં લોકો ધર્મ માની બેઠા છે. મદ્રાસ ગયા ત્યારે રાજ્યપાલે વિનંતી કરી હતી કે અમારા રાજભવનમાં પધારો, અમારે આપનું સ્વાગત કરવું છે. ત્યાં રાજભવનના ઉદ્યાનમાં હજારો હરણિયાં રાખે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને માને કે તેમની દયા પાળવાથી ધર્મ થઈ જશે. ભાઈ! પરના લક્ષે તો રાગ થાય; ભલે પુણ્ય થાય, પણ તેનાથી ધર્મ ન થાય. રાગથી ભિન્ન અંદર ચૈતન્યપ્રભુ આત્મા છે. તે 'વસ્તુ' છે કે નહિ? તે વસ્તુ શું વર્તમાન દશામાં જે રાગ થાય છે એટલી જ છે? રાગ અને રાગને જાણનારી વર્તમાન પ્રગટ દશા—બસ એટલી જ શું આત્મવસ્તુ છે? આત્મવસ્તુ તો અંદર ધ્રુવ ચીજ છે, ત્રિકાળી આનંદકંદ છે.

અહીંયાં તો એ વાત ચાલે છે કે મુનિઓ શીતળ-શીતળ ચૈતન્યચન્દ્રને નિહાળતાં ધરાતા જ નથી, થાકતા જ નથી.

—o—

## વચનામૃત—૯૨

**રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે. સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. ૯૨.**

'રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે.'

શરીર રોગની, વેદનાની મૂર્તિ છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ અષ્ટપાહુડમાં કહે છે: એક તસુ જેટલા ભાગમાં ૯૬ રોગ, તો આખા શરીરમાં કેટલા? શ્રીમદ્ રાજચન્દ્રે કહ્યું છે: 'શરીર વેદનાની મૂર્તિ છે.' દાક્તરોને પણ શરીરમાં કયો રોગ છે તે પકડમાં આવતું નથી; તેઓ અનુમાન કરીને કહે છે. રોગો પૌદ્ગલિક છે, શરીરના છે; જડના રોગ આત્મામાં છે જ નહિ, આત્માથી સર્વથા ભિન્ન છે. તાવ આવે, કેન્સર થાય, હૃદયનો હુમલો આવે તે બધા શરીરના, પુદ્ગલના, જડના રોગો છે. પ્રભુ! એ રોગો તારા નથી, તારામાં નથી. તું તો અંદર અશરીરી ચેતન છો ને! જ્ઞાન, આનંદ આદિ સ્વભાવોનો પિંડ એવો આ ભગવાન આત્મા શરીરના રોગોથી સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન નહિ, પરંતુ સર્વથા ભિન્ન છે; કેમ કે રોગ તો પુદ્ગલની-શરીરની પર્યાય છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણમય છે; અને ભગવાન આત્મામાં તો સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે જ નહિ; તે તો અરૂપી છે.

શરીરના રોગો આત્મામાં છે જ નહિ, આત્મામાં તો ભ્રાન્તિનો રોગ છે. આત્મા પૂર્ણ જ્ઞાન અને અખંડ આનંદની મૂર્તિ એવું જ્ઞાયકતત્ત્વ છે-તેની ખબર નહિ, શ્રદ્ધા-પ્રતીતિ નહિ અને 'હું શરીરવાળો ને શરીરના રોગવાળો છું, હું રાગ છું ને પુણ્ય છું, મારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખૂબ પ્રશંસા થાય છે, હું સૌથી આગળ વધી ગયો'—એવી જે માન્યતા છે તે, જીવને ભ્રાન્તિનો રોગ છે. શ્રીમદ્દે કહ્યું છે :

આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

ભગવાન નિજ આત્માના સ્વરૂપ વિષેની ભ્રાન્તિ જેવો કોઈ રોગ નથી, સ્વાનુભવી સમ્યગ્જ્ઞાની સદ્‌ગુરુ જેવો કોઈ વૈદ નથી, સદ્‌ગુરુની આજ્ઞા—તેમણે બતાવેલ વસ્તુસ્વરૂપ—જેવું કોઈ પથ્ય નથી અને 'આ આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે' એવો જે વિચાર ને એવું જે ધ્યાન, તેના જેવી કોઈ દવા નથી. અહા! આ તો દુનિયાથી સાવ જુદી ચીજ છે! બીજા બધા શું કહે છે તેની ખબર છે; બધાં શાસ્ત્ર, બધા ધર્મ શું કહે છે—તે બધું જોયું છે. વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યું છે એવું આત્માનું નિર્બાધ સ્વરૂપ બીજે ક્યાંય નથી.

શરીરમાં જે રોગો છે તેની ગંધ પણ આત્મામાં છે જ નહિ. એ રોગોથી આત્મા રોગી થયો જ નથી. દાક્તરોના દેહ પણ એક ક્ષણમાં છૂટી જાય છે. રોગ તો દેહમાં છે માટે દેહ છૂટી જાય છે; દેહના રોગથી આત્મા કાંઈ પોતાના સ્વરૂપથી છૂટતો નથી. આત્મા પોતાથી છૂટી જાય? આત્મા તો કાયમ રહેવાવાળી પોતાની નિત્ય ચીજ છે. શરીરના સંયોગને જન્મ અને તેના વિયોગને મરણ કહે છે; ભગવાન આત્માનાં જન્મ કે મરણ હોતાં નથી. તે તો અંદર, શરીરના રોગથી સર્વથા ભિન્ન, નિરામય ચૈતન્યશરીરી, જ્ઞાનાનંદપ્રકાશથી ભરપૂર, નિત્ય-પ્રકાશમાન સૂર્ય છે.

**"સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે."**

જુઓ, શું કહે છે? રાગ હું છું, પુણ્ય હું છું, હું પરનું કરી શકું છું, પરને મદદ કરી શકું છું, પરથી મને ખુશી ઊપજે છે—એવી ભ્રાન્તિરૂપ જે સંસાર-રોગ તે આત્માની પર્યાયમાં છે; તેની દશામાં છે, વસ્તુમાં નથી. વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે, દશા હલચલ કરે છે—અનિત્ય છે. વિચારો બદલાય છે ને? તે બદલતી દશામાં ભ્રાંતિ અને રાગનો રોગ છે.

અહા! આ વિચાર કરવાની જીવને નવરાશ ક્યાં છે? ફૂરસદ ક્યાં છે? આવું મનુષ્યપણું મળ્યું, તેમાં થોડી નિવૃત્તિ લઈ, આ આત્મા શી ચીજ છે—તેની ઓળખાણ અને કિંમત ન કરે, તો મનુષ્યપણું મળ્યું તે, ન મળવા બરાબર છે. मनुते जानाति



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति मनुष्यः —એમ શાસ્ત્રમાં કહ્યું છે. પોતાના જ્ઞાયકસ્વભાવને જાણે તે મનુષ્ય છે ને પોતાને ન જાણે તે બધા પશુતુલ્ય છે. નીતિવાક્યમાં આવે છે ને !—मनुष्यरूपेण मृगाश्चरन्ति । ભલે તે મોટો રાજા હોય, અબજોપતિ શેઠિયો હોય, મોટો પંડિત હોય કે ત્યાગી હોય, પણ જો તેને જ્ઞાયક-આત્માનું ભાન નથી તો તે પણ મૃગલા સમાન છે. પોતાની ડૂંટીમાં કસ્તૂરી છે તેનું ભાન મૃગને નથી, તેમ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ પોતાના આત્મામાં છે—તેની અજ્ઞાનીને ખબર નથી.

અજ્ઞાનરૂપી રોગ—સંસારરૂપી રોગ—આત્માની પર્યાયમાં છે. 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લક્ષણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. હું તો ચિદાનંદપ્રભુ, નિત્યાનંદ, અવિનાશી, સહજાત્મસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છું. પર્યાયમાં ભ્રાન્તિરૂપ સંસારરોગ છે તે મારી ચીજ નથી. શરીરના રોગ તો મારામાં છે જ નહિ, પરંતુ 'રાગ મારી ચીજ છે' એવી જે ભ્રાન્તિ છે, રાગ છે, દુઃખ છે તે પણ માત્ર મારી પર્યાયમાં જ છે. સંસારરોગ માત્ર બદલતી પર્યાયમાં જ છે તેથી તેનો નાશ થઈ શકે છે; ત્રિકાળી જ્ઞાયકવસ્તુમાં હોય તો કદી નાશ થાય નહિ. બહુ ઝીણી વાત, ભાઈ!

'હું તો જ્ઞાયકસ્વભાવ છું' એવી ચૈતન્યભાવના અને 'હું શુદ્ધ...શુદ્ધ... અત્યંત શુદ્ધ છું' એવો જે શુદ્ધ-ઉપયોગ તેનું નામ આધ્યાત્મિક નીરોગતા અને ધર્મ છે. દયા, દાન ને વ્રતાદિ રાગની ક્રિયા તે શુભરાગ છે, ધર્મ નથી. આવું છે ભાઈ! આ સમજાય નહિ એટલે લોકો વાતો કરે ને—કે 'એકાંત' છે! પણ ભાઈ! તું અંદર કેટલા સામર્થ્યવાળું તત્ત્વ છો, તારામાં કેટલી ઈશ્વરતા ને પ્રભુતા પડી છે અને તારામાં કેટલો આનંદ ને કેટલું જ્ઞાન ભરેલું છે—તેની તને ખબર નથી, તેથી તું આ વાતને 'એકાંત' કહે છે.

જામેં જિતની બુદ્ધિ હૈ, તાકો દિયે બતાય;
વાકો બુરો ન માનિયે, ઔર કહાઁસે લાય.

અહા! દુનિયા પાગલ છે; તે, જ્ઞાનીને પાગલ કહે છે અને જ્ઞાની દુનિયાને પાગલ માને છે.

'હું ચૈતન્ય જ્ઞાનાનંદ છું' એવી ભાવના કરવી, તેનું જ મનન કરવું, તેનું જ મંથન કરવું, એવી જ અંતર એકાગ્રતા કરવી. તે એકાગ્રતારૂપી સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. ભ્રાંતિના રોગનો નાશ અંદર સ્વરૂપના આશ્રયથી થાય છે. સંસારરોગનો નાશ થવાથી શરીર જ મળે નહિ, તો શરીરના રોગ ક્યાંથી હોય?

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૩૨

તા. ૯-૭-૭૮

## વચનામૃત—૯૩

**જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે. ૯૩.**

શું કહે છે? આ આત્મા અને પરવસ્તુ—બન્ને ભિન્ન છે. પરંતુ પોતાની ચીજમાં ત્રણ પ્રકાર છે: (૧) દ્રવ્યરૂપ વસ્તુ, (૨) ગુણરૂપ તેની શક્તિઓ, અને (૩) પર્યાયરૂપ તેની અવસ્થા. દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેય થઈને આત્મા એક વસ્તુ છે; તેને પરવસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. શરીર, વાણી ને કર્મ આત્માથી ભિન્ન છે. તેની પર્યાય તેના કારણે બદલે છે. આત્મા તેનાથી ભિન્ન છે. તેમાં ત્રણ પ્રકાર છે: (૧) કાયમ રહેવાવાળી ચીજને દ્રવ્ય, વસ્તુ ને સામાન્ય કહે છે; (૨) તેમાં જે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે શક્તિઓ છે તે વિશેષ—ગુણ છે; અને (૩) તેની વર્તમાન અવસ્થારૂપ જે હાલત છે તેને પર્યાય કહે છે.

અહીં કહે છે કે—પરદ્રવ્યની દૃષ્ટિ તો છોડ, કેમ કે તેમાં આત્મા છે નહિ; આત્મા છે તે પોતાના દ્રવ્યમાં, ગુણોમાં ને પર્યાયોમાં જ છે. પરંતુ દૃષ્ટિ જ્યાં સુધી પર્યાયમાં પણ ચોંટેલી રહે છે ત્યાં સુધી પોતાની જે ત્રિકાળી ચીજ છે તે ધ્યાનમાં—આશ્રય કરવામાં—આવતી નથી. જ્ઞાનીની દૃષ્ટિ ત્રિકાળી સામાન્ય પર રહે છે.

પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે તે સમજવું જોઈએ. વસ્તુસામાન્ય શું છે? વસ્તુની શક્તિઓ શી છે? અને તેની બદલતી દશાઓ શી છે? એ ત્રણેયની જેને ખબર નથી તેને ભેદજ્ઞાન—આત્મજ્ઞાન—થતું નથી. જ્ઞાની ધર્માત્માને દૃષ્ટિ ત્રિકાળી ચીજમાં—દ્રવ્યસામાન્ય ઉપર જ—સ્થિર રહે છે. ગુણો તેમાં છે, પરંતુ તે ગુણરૂપ વિશેષોનું પણ લક્ષ છોડીને ભેદ રહિત ને પર્યાય રહિત એવા દ્રવ્યસામાન્ય પર જ દૃષ્ટિ હોય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—'જ'માં તો એકાંત થઈ જાય છે! દૃષ્ટિમાં સામાન્ય અને વિશેષ—એમ બેય આવવા જોઈએ; ત્યારે અનેકાંતદૃષ્ટિ થાય ને?

ઉત્તર:—એવું છે નહિ. જ્ઞાનીને દૃષ્ટિ તો સમ્યક્ એકાંત એવા નિજ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે. સાથે વર્તતા જ્ઞાનમાં સામાન્ય અને વિશેષ બન્નેનું યથાર્થ જાણપણું હોય છે તે અનેકાંત-જ્ઞાન છે.

પ્રશ્ન:—દ્રવ્યસામાન્ય એટલે શું?

ઉત્તર:—જેમાં પર્યાય નથી ને ગુણભેદ નથી એવી જે એકરૂપ ધ્રુવ વસ્તુ તેને 'દ્રવ્યસામાન્ય' કહેવાય છે. ધર્મીની દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ—ધ્રુવ તત્ત્વ પર જ—હોય છે. દૃષ્ટિ પોતે પર્યાય છે.

પ્રશ્ન:—પરની સેવા, દયા ને દવા કરવી તેમાં કંઈ ધર્મ ખરો કે નહિ?

ઉત્તર:—ના. તે ભાવ તો શુભ રાગ છે. એ રાગ પણ દૃષ્ટિનો વિષય નથી, અને રાગને જાણનારી વર્તમાન પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ, એકરૂપ સામાન્યભાવ ઉપર જ ધર્મીની દૃષ્ટિ છે. અનંતકાળમાં અનંત વાર સાધુ થયો; પરંતુ અંતરમાં આ ચીજ શી છે તેને દૃષ્ટિમાં લેવા અંદર પ્રયાસ જ કર્યો નથી.

વસ્તુ એટલે શું? જેમાં અનંત ગુણો વસે છે એવો જે બાદશાહ ભગવાન આત્મા તે વસ્તુ છે. તેની વસતિ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓ છે. દ્રવ્ય-સામાન્યરૂપ વસ્તુ એકરૂપ સ્થિર છે, તેથી દૃષ્ટિ ત્યાં મૂકવાથી દૃષ્ટિ પોતે પણ સ્થિર રહે છે.

બધાં શરીરોમાં ચૈતન્યપ્રભુ બિરાજમાન છે, અંદરમાં ભગવાનસ્વરૂપ જ છે. તે, જેમાં ઊણપ ને વિપરીતતા બિલકુલ નથી એવી અખંડાનંદસ્વરૂપ ચીજ છે. જેને પૂર્ણ...પૂર્ણ...પૂર્ણ પ્રભુ કહીએ, દ્રવ્ય કહીએ, સામાન્ય કહીએ, ધ્રુવ કહીએ કે એકરૂપ વસ્તુ કહીએ એવી જે ચીજ તેના ઉપર દૃષ્ટિ દેવાથી—જો વસ્તુ સ્થિર છે, એકરૂપ છે, સામાન્ય છે તો તેના પર દૃષ્ટિ દેવાથી—દૃષ્ટિ પણ સ્થિર થઈ જશે.

પર્યાય બદલી જાય છે અને ગુણોમાં ભેદ છે; માટે તેમાં દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર રહી શકતી નથી. ધર્મની શરૂઆત પ્રથમ સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શન-ધર્મ, સમ્યગ્જ્ઞાનધર્મ ને સ્વરૂપાચરણચારિત્રધર્મ કરવાવાળા જે ધર્મી જીવ છે તેમની દૃષ્ટિ ત્રિકાળી ચીજમાં સ્થિર-ટકેલી હોય છે; કયારેય ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસી જાય તો સમ્યગ્દર્શન રહેતું નથી. અહા! ભાષા સાદી છે. દાક્તર કે વકીલના અભ્યાસમાં આવી વાત આવે નહિ. આત્માને ચૂકીને વકીલાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેનું જ્ઞાન બધું કુજ્ઞાન છે. જે હથિયાર, હાથમાં લેતાં, પોતાનું ગળું કાપે તે હથિયાર શા કામનું? તે જ્ઞાન, આત્મહિતનું પ્રયોજન સાધતું નહિ હોવાથી, પોતાને નુકસાન કરનારું છે.

અહા! આ વાણી બેનની (ચંપાબેનની) છે, પ્રભુ કહે છે તે બેન કહે છે. મોટી સભાઓમાં વ્યાખ્યાન કરનાર એક વ્યાખ્યાનકારને કોઈએ આ 'વચનામૃત' પુસ્તક આપ્યું. પુસ્તક તેમણે જોયું. જોઈને ખુશી થઈ ગયા ને કહ્યું: આ પુસ્તક મને આપો, હું અમેરિકા લઈ જઈશ.

આ તત્ત્વ સમજવા માટે પ્રથમ તેને પોતાના તત્ત્વની મહિમા તો આવવી જોઈએ. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે. જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. દ્રવ્ય સદા સ્થિર, ધ્રુવ હોવાથી તેના ઉપરની દૃષ્ટિ પણ સ્થિર-ટકેલી રહે છે. તે ઉપરાંત મુનિપણામાં તો અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદન સહિત વિશેષ સ્થિરતા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે.

પ્રશ્ન:—મુનિનું લક્ષણ શું છે?

ઉત્તર:—નિજ આત્માનું પ્રચુર સંવેદન, અતીન્દ્રિય આનંદમાં રમણતા, અતીન્દ્રિય આનંદ જે સ્વભાવમાં છે તેમાંથી ઘણી વ્યક્તતા તે, મુનિનું અંદરનું લક્ષણ છે. 'પ્રચુર સ્વસંવેદન' શબ્દ સમયસારની પાંચમી ગાથાની ટીકામાં છે. પ્રથમ ભૂમિકામાં જીવને, દ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ કરવાથી, શક્તિમાંથી અતીન્દ્રિય આનંદનું વેદન થાય ત્યારે તો તે ધર્મી કહેવાય છે. પછી અંદર શુદ્ધિ વધતાં મુનિને પ્રચુર સ્વસંવેદન હોય છે. અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન, વીતરાગી આનંદનું પુષ્કળ સંવેદન તે મુનિપણું છે. અહા! મુનિપણું તો કોઈ અલૌકિક ચીજ છે.

મુનિપણાનું—ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે. ચારિત્ર ધર્મ છે ને તેનું મૂળ સમ્યગ્દર્શન છે. 'दंसणमूलो धम्मो'। સમ્યક્ત્વરૂપ મૂળ વિના—કારણ વિના—ચારિત્રધર્મ હોતો નથી. આ સમકિતીની દૃષ્ટિ ક્યાં છે? કે જેમાં પર્યાય નથી અને વિશેષના ભેદ પણ નથી એવું જે સત્, ચિદ્ ને આનંદસ્વરૂપ ત્રિકાળી એકરૂપ સામાન્ય, તેના ઉપર. ધર્મીની દૃષ્ટિ સદા ત્યાં સ્થિર-ટકેલી રહે છે. દૃષ્ટિ ક્યારેય પણ ત્યાંથી ખસતી નથી. અહા! શબ્દો થોડા છે પણ અંદર ભાવ ઘણા છે.

ધર્મીને ભેદજ્ઞાનની ધારા સતત વહેતી રહે છે, ભેદનો વિકલ્પ કરવો પડતો નથી. હું ચૈતન્ય જ્ઞાયક આનંદમૂર્તિ છું અને આ મહાવ્રત આદિના રાગનો એક કણ પણ મારો નથી—એવું ભેદજ્ઞાન મુનિને નિરંતર વર્તતું હોય છે. મારે લગ્ન કરવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, બાળબ્રહ્મચારી રહેવું છે—એવા વિકલ્પરૂપ પરિણમન વર્તતું હોય તે વખતે પણ, 'હું ત્રિકાળી શુદ્ધ વીતરાગસ્વરૂપ છું, વિકલ્પરૂપ રાગ મારો નથી'—એવી ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દૃષ્ટિને હોય છે.

પ્રથમ જેણે પર્યાય ઉપરની દૃષ્ટિ છોડીને—પર ઉપરની દૃષ્ટિ છોડી એ તો સ્થૂળ વાત છે—ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્યમાં દૃષ્ટિ લગાવી તેને સ્વભાવ ઉપર દૃષ્ટિ સ્થિર રહે છે, ને તેથી ભેદવિજ્ઞાનની ધારા સદા સતત વહેતી રહે છે. અહા! દોઢ લીટીમાં તો ઘણું ભર્યું છે. ભગવાન આત્મા શી ચીજ છે, તે કઈ રીતે પ્રગટ થાય, તેના ઉપર દૃષ્ટિ કઈ રીતે દેવી—તેની જેને ખબર નથી, જ્ઞાન નથી, તેને ભેદજ્ઞાન પ્રગટ થતું નથી.

પ્રશ્ન:—દૃષ્ટિ સ્થિર રહે છે તેનો અર્થ શો?

ઉત્તર:—દૃષ્ટિ સ્થિર રહેવી એટલે નજરબંધી કરવી. ધર્મીએ ત્રિકાળી ધ્રુવ એકરૂપ એવો જે જ્ઞાયકભાવ તેના ઉપર નજર બાંધી દીધી છે. તેનું નામ ધર્મનું પહેલું પગથિયું 'સમ્યગ્દર્શન' કહેવાય છે. સમકિતીને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભ રાગનો વિકલ્પ આવે છે, તોપણ તે સમસ્ત રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય પર દૃષ્ટિ સતત રહે છે. રાગ અને આત્મા બન્નેની એકતારૂપ માન્યતા હતી ત્યાં સુધી મિથ્યાત્વ હતું. હવે રાગથી ભિન્ન નિજ દ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ દીધી તેથી રાગથી ભેદજ્ઞાન થઈ ગયું. તેને તે ભેદજ્ઞાનની ધારા અતૂટ વહેતી રહે છે.

પ્રશ્ન:—સામાન્ય પર દૃષ્ટિ ને ભેદજ્ઞાનમાં શો તફાવત છે?

ઉત્તર:—ભગવાન આત્મા અંદર જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોનો એકરૂપ પિંડ કે જે શુભાશુભાદિ સર્વ પર્યાયથી તેમ જ ગુણભેદથી રહિત છે તેને સહજ એક જ્ઞાયકભાવરૂપ સામાન્ય કહે છે, દ્રવ્ય કહે છે. એ જ્ઞાયકભાવ મારો પ્રભુ છે; તેને જ હું દેખું છું; બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર શ્રદ્ધારૂપ જોર આવે, દ્રવ્યની જ શ્રદ્ધારૂપ અધિકતા રહે, તેને 'સામાન્ય પર દૃષ્ટિ' અથવા તો 'દ્રવ્ય પર દૃષ્ટિ' કહે છે. તથા શરીર, કર્મ આદિ પરથી, રાગાદિ વિભાવોથી ને ગુણભેદના વિકલ્પોથી તે સહજ જ્ઞાયકભાવ સદા ભિન્ન છે એમ—ધ્રુવ સ્વભાવના જોર સહિત—જુદાપણાનું જ્ઞાન તે ભેદજ્ઞાન છે. જ્ઞાનીને સામાન્યની દૃષ્ટિ તથા ભેદજ્ઞાન સદા રહે છે. રાગ ઊઠે ત્યાં, 'આ રાગ તે હું નથી' એમ નવું નવું ભેદજ્ઞાન કરવું પડે છે-એમ નથી; પરંતુ 'રાગાદિથી હું સદાય ભિન્ન છું' એવા અભિપ્રાયરૂપ ભેદજ્ઞાન નિરંતર વર્તે છે. ધીમેથી સમજો બાપુ! આ તો અપૂર્વ વાત છે! અનંત કાળના જન્મ-મરણનો અંત આવે એવી આ ચીજ છે. કોઈ ક્રિયાકાંડથી કે શાસ્ત્રજ્ઞાનથી સમજમાં આવે એવી આ વાત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—તો પછી શાસ્ત્ર વાંચવાં નહિ ને?

ઉત્તર:—ઘણાં શાસ્ત્રો વાંચી જાય, પણ સ્વભાવ ઉપર દૃષ્ટિ ન કરે તો શો લાભ થાય? માટે જ કહેવાય છે કે—'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર.' અહીં તો કહે છે કે તારે જન્મ-મરણનો અંત લાવવો હોય તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ સામાન્યતત્ત્વ છે તેના ઉપર દૃષ્ટિ લઈ જા. તેનાથી તારી દૃષ્ટિ સમ્યક્ થશે અને ભવનો અંત આવી જશે. આ વિધિ ને આ રીત હોય તો એક કે બે-ચાર ભવમાં મુક્તિ થઈ જશે.

પ્રશ્ન:—તેનો ઉપાય શો? શું કરવું?

ઉત્તર:—અંદર નિવૃત્તિ લઈને આત્માનું સ્વરૂપ સમજવું એ તેનો ઉપાય છે, એ જ કરવાનું છે. અહાહા! બધેથી દૃષ્ટિ ઉઠાવીને, પર્યાય ઉપરથી પણ—દૃષ્ટિ પોતે પણ પર્યાય છે—દૃષ્ટિ હઠાવીને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ લગાવવાથી તે સ્થિર રહેશે; કેમ કે વસ્તુ કાયમી ધ્રુવ છે ને! તો દૃષ્ટિ પણ કાયમ સ્થિર રહેશે. જેમ ઘડિયાળના હાલતા લોલક ઉપર ત્રાટક લગાવે તો નજરમાં સ્થિરતા નહિ રહે; સામે વસ્તુ સ્થિર હોય તો નજર સ્થિર રહે; તેમ પર્યાય પર દૃષ્ટિ કરવાથી—પર્યાય પોતે સ્થિર નહિ હોવાથી—તારી દૃષ્ટિ પણ સ્થિર થશે નહિ. ઝીણી વાત છે ભાઈ! આ તો માલ-માલની વાત છે.

પ્રશ્ન:—એક ભાઈ કટાક્ષ કરતા હતા: ઘણી ઊંચી વાત! બસ કરવું-ધરવું કાંઈ નહિ ને આનંદ ઘણો!

ઉત્તર:—'હું પરનું કરી દઉં' એવા ભાવ કરવા ને રાગાદિ કરવા તે જ શું કરવાનું છે? અંદર દૃષ્ટિ કરવી એ કાંઈ કરવાનું નથી? અનાદિકાળથી જે કદી કર્યું નથી એવું અપૂર્વ શ્રેયરૂપ કરવાનું તો આ છે. ખરી કરવાની ચીજ જ આ છે; પણ અંદર દ્રવ્ય શું છે, ગુણ શું છે. પલટતી દશા શું છે, જીવ શું કરી શકે છે અને શું નથી કરી શકતો, સામાન્ય ઉપર દૃષ્ટિ કરવી એટલે શું—એ કાંઈ બિલકુલ ખબર જ ન હોય તેથી એમ લાગે કે કરવાનું તો કાંઈ કહેતા નથી! ખરેખર તો અહીં જે કહેવાય છે તે જ ખરું કરવાનું છે; તેનાથી પરિણમન સ્વસન્મુખ થઈ જાય છે—જે ધર્મ છે.

—o—

## વચનામૃત—૯૪

**ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે. ૯૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે,'**

અહીં પણ એ જ આવ્યું. અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો સાગર એવું જે ધ્રુવ તત્ત્વ, તેમાં એકાગ્રતાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. રાગપર્યાયમાં એકત્વ થવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. કાયમી ચીજ પર દૃષ્ટિ દેવાથી નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય છે; રાગ ઉપર એકાગ્ર થવાથી આકુળતાની દશા પ્રગટ થાય છે. ચારે બાજુથી દૃષ્ટિ સંકેલીને એક, અખંડ, ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી, તેમાં એકાગ્ર થવાથી, વીતરાગી અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થાય છે. આ અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો તે ધર્મ છે. અહાહા! આવી મોંઘી ચીજ! આત્મતત્ત્વ—ધ્રુવ તત્ત્વ—છે ને? છે તો તે કાયમી છે ને? બદલતી પર્યાય ભલે હો, પણ ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ ધ્રુવ છે ને?

સોનું સોનાપણે કાયમ રહીને તેની કડા કે કુંડલરૂપ અવસ્થા થાય છે. કડા-કુંડલરૂપ અવસ્થા ધ્રુવ નથી; સોનાનું સોનાપણું તે ધ્રુવ છે, કાયમ છે. એ પ્રમાણે આત્મા અવસ્થાએ પલટે છે અને વસ્તુ તરીકે કાયમ ધ્રુવ છે. અહા! આવો ઉપદેશ! મારગ તો આવો છે ભાઈ! અત્યારે તો, આમ કરો ને તેમ કરો, સ્ત્રી-કુટુંબ છોડો તો ધર્મ થઈ જશે—એવો ઉપદેશ ચાલે છે. બહારનાં ગ્રહણ-ત્યાગ તો સ્વરૂપમાં છે જ નહિ. પરદ્રવ્યને કઈ રીતે ગ્રહણ કરે ને કઈ રીતે છોડે! 'પર ને વિભાવ મારાં છે' એવી પોતે માન્યતા કરી છે; પરંતુ ધ્રુવ તત્ત્વ પર દૃષ્ટિ દેવાથી, દૃષ્ટિમાંથી તે વિપરીત માન્યતાનો જે નાશ થાય છે તે ત્યાગ છે. બહારનો ત્યાગ આત્મામાં છે નહિ, કેમ કે આત્મામાં ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વશક્તિ છે. આ શક્તિને લીધે આત્મામાં રજકણનું ગ્રહવું કે છોડવું છે નહિ.

ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, રાગરૂપ વિકલ્પથી નિર્મળ પર્યાય કદી થતી નથી. દયા, દાન, વ્રત, ભક્તિ તથા તપ વગેરે વ્યવહારના કોઈ પણ વિકલ્પ હો, તેનાથી નિર્મળ પર્યાય કદી થતી નથી; કેમ કે રાગ સ્વયં મલિન છે; મલિનમાંથી મલિન પર્યાય થાય છે. ભગવાન આત્મા ત્રિકાળ નિર્મળ શુદ્ધ આનંદ છે, તેમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ વગેરે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. નિર્મળ પર્યાય ધર્મ છે, ને જે રાગ પ્રગટ થયો તે અધર્મ છે.

**...'વિભાવનો અભાવ થાય છે.'**

ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે. આ એક વાકયમાં ધ્રૌવ્ય, ઉત્પાદ ને વ્યય—એ ત્રણેય વાત આવી ગઈ. વસ્તુ 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' છે. વસ્તુમાં નવી અવસ્થા ઊપજે છે, જૂની અવસ્થા વ્યય પામે છે અને પોતાની ચીજરૂપે વસ્તુ ધ્રૌવ્ય તરીકે કાયમ રહે છે. હવે, ધ્રૌવ્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકાગ્ર થતાં જે નિર્મળતા ઉત્પન્ન થાય તે ઉત્પાદ, રાગાદિ વિભાવનો જે નાશ થાય તે વ્યય અને એકાગ્રતાનો જે આશ્રય છે તે ધ્રૌવ્ય છે. સમયસારના પરિશિષ્ટમાં —૪૭ શક્તિઓમાં—ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામની એક શક્તિ પણ આત્મામાં કહી છે. વાત જરા ઝીણી છે. ચાલુ પરિપાટીથી જુદી છે.

દૃષ્ટિના વિષયમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય—એ ત્રણ નથી. દૃષ્ટિનો વિષય તો એક ધ્રૌવ્ય જ છે. દૃષ્ટિ કેવળ ધ્રુવ તત્ત્વ ઉપર હોવાથી નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે અને પૂર્વની મલિન પર્યાયનો વ્યય થાય છે. જેમ કાટવાળા લોઢાને છીણી મારવાથી કાટનો વ્યય ને ચમકનો ઉત્પાદ થાય છે તથા લોઢાપણે તો તે કાયમ રહે છે; તેમ ભગવાન આત્માને ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે ઉત્પાદ છે, પૂર્વની મલિન પર્યાયનો નાશ થાય છે તે વ્યય છે અને જેના પર દૃષ્ટિ છે તે કાયમ ટકવાવાળી ચીજ તે ધ્રૌવ્ય છે.

વાત ઝીણી છે. લોકોને અભ્યાસ ન મળે, દુનિયાના કાવાદાવા ને કમાવાના ભાવ વગેરે પાપનો અભ્યાસ છે. પૈસા આવે ત્યાં 'હું કમાયો' એવો ભાવ પાપ છે. પૈસા મારા હતા અને મેં દીધા—એવો ભાવ પણ પાપ છે. પૈસા તો જડ તત્ત્વ છે, તારા ક્યાંથી થઈ ગયા? ગજબની ચીજ! આકરી વાત છે બાપુ!

પ્રશ્ન:—અત્યાર સુધી બધું પાપ જ કર્યું?

ઉત્તર:—પાપ જ કર્યું છે. વકીલાતમાં સલાહ દેવાનો ભાવ પાપ હતો. પૈસા રળવાનો ભાવ પાપ, રળી રળીને છોકરાંને આપવાનો ભાવ પણ પાપ, રાજકારણની ચળવળમાં ભાગ લેવાનો ભાવ પણ પાપ છે.

પ્રશ્ન:—લૌકિક અપેક્ષાએ તો દેશસેવાના ભાવ સારા કહો!

ઉત્તર:—લોક તો પાગલ છે તેથી તેને સારા કહે. પાગલની પાસે પ્રમાણપત્ર લેવું છે? પાગલ સારું કહે તેની કિંમત શી?

પૈસા કમાવાનો ભાવ તો પાપ છે જ; પણ પૈસા આપવામાં જે રાગ મંદ થયો, તેનાથી મને લાભ થશે—એ માન્યતા પણ પાપ છે. અહા! આવી વાત છે! આ તો મોક્ષની કૉલેજ છે.

ધ્રુવ તત્ત્વમાં એકાગ્ર થવાથી, પર્યાયમાં એકાગ્ર થવાથી નહિ, જે નિર્મળ દશા પ્રગટ થાય છે તેનું નામ ધર્મ છે. નિર્મળ ધર્મદશા પ્રગટ થતાં રાગાદિ મલિન વિભાવનો અભાવ થાય છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. તે સમજવું પડશે બાપુ!

—o—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૩૩

તા. ૧૦-૭-૭૮

## વચનામૃત—૯૫

**મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. ૯૫.**

**'મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે.'**

અહો મુનિદશા! મુનિ શરીરાદિ પરના ને વ્યવહાર-રત્નત્રયસ્વરૂપ વિકલ્પોના સંગથી રહિત એવા અસંગ આત્માની અસંગપણે સાધના કરે છે. વસ્તુ પોતે અસંગ છે; રાગનો પણ સંગ તેનામાં નથી. પંચમહાવ્રત પાળવાં એ તો આસ્રવતત્ત્વ છે, અને નગ્નપણે રહેવું એ તો જડ—પર ચીજ—છે. શરીર આદિ જડનો સંગ તો ત્રિકાળી આત્માને છે જ નહિ, પણ આસ્રવનો—શુભ રાગનો પણ—સંગ શુદ્ધ તત્ત્વમાં છે નહિ. મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે. સ્વરૂપગુપ્ત થઈ ગયા છે.

શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે સમયસારની 'આત્મખ્યાતિ' ટીકા પૂર્ણ કરતાં કહ્યું છે: 'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા કરી છે; સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું તેમાં કાંઈ જ કર્તવ્ય નથી.' હું તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ એવા નિજ સ્વરૂપમાં ગુપ્ત છું; સમયસારની ટીકા મેં બનાવી છે એમ ન સમજો, તે તો શબ્દપુદ્ગલોથી બની છે. અધ્યાત્મતત્ત્વની આવી ઊંચી ટીકા ભરતક્ષેત્રમાં બીજી કોઈ છે નહિ; તોપણ કહે છે કે આ ટીકા શબ્દોથી બની છે; તેમાં મારું કિંચિત્ કર્તવ્ય નથી. મારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે. હું તો તેમાં ગુપ્ત છું ને.

મુનિ કેવા હોય તેનું સાચું જ્ઞાન તો હોવું જોઈએ. પહેલી વાત તો એ છે કે—માંસ, મદિરા, મધ વગેરે કે જેમાં ત્રસ જીવ ઉત્પન્ન થાય છે તે ખોરાક જૈનોને ન હોય; જે અનાજ ને ફળમાં ત્રસ જીવ હોય તે, ખોરાકમાં તેઓ ન લે. વળી ત્રસજીવયુક્ત ખોરાક ન ખાય તેથી ધર્મ થઈ જાય—એમ પણ નથી. ત્રસજીવના ખોરાકનો ભાવ મિથ્યાત્વ સહિત તીવ્ર રાગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ, પહેલી ભૂમિકાના વ્યવહારની વાત આવી; પણ ત્રસનો ખોરાક છોડયો તો ધર્મ થઈ ગયો—એવું બિલકુલ નથી. અહીં તો આચાર્યદેવ ત્યાં સુધી કહે છે કે —ત્રસનો આહાર તો નહિ, પણ નિર્દોષ આહાર લેવાનો કે ટીકા બનાવવાનો વિકલ્પ તે પણ 'હું' નથી. હું તો સ્વરૂપગુપ્ત—જ્ઞાનાનંદસ્વરૂપ નિર્વિકલ્પ ચીજમાં ગુપ્ત—છું.

અહા! મુનિરાજ સ્વરૂપગુપ્ત થઈ ગયા છે, અંદર આનંદકંદમાં ઝૂલે છે. કહે છે: ટીકાની રચનામાં હું અકિંચિત્કર છું. તે જરા પણ મારું કાર્ય નથી. લોકોમાં તો સમજાવવાની થોડી ભાષા આવડે, બે-ચાર ગ્રંથ બનાવે, તો માની બેસે કે મેં ધર્મની ઘણી પ્રભાવના કરી.

અતીન્દ્રિય આનંદનો પ્રચુરપણે અનુભવ કરતા હોય તેને ભાવલિંગી દિગંબર મુનિ કહે છે. વસ્ત્રસહિત મુનિપણું માનવું તે મિથ્યાત્વભાવ છે. મારગ આવો છે બાપુ! આ સાંભળી કોઈને દુઃખ લાગે, પણ સત્ય તો, વસ્તુસ્વરૂપ તો આ છે પ્રભુ! વસ્ત્રસહિત મુનિપણું માનનારને ગુરુના સાચા સ્વરૂપની પણ ખબર નથી; તે તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ અજૈન છે. કોઈને દુઃખ લાગે તો માફ કરજો. અમે તો જે વસ્તુસ્વરૂપ છે અને જે અમને અંદરથી આવે છે તે કહીએ છીએ. પદ્મનંદી-આચાર્ય, બ્રહ્મચર્યની વિસ્તારથી ઘણી વાત કરીને પછી, કહે છે: હે યુવાનો! તમને મેં કહેલી આ બ્રહ્મચર્યની વાતો ન ગોઠે તો માફ કરજો. હું તો મુનિ છું; મારી પાસે પ્રભુ! બીજી શી આશા રાખશો? હું તો વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું કહીશ.

અહા! સ્વરૂપગુપ્ત એવા નગ્ન દિગંબર મુનિવર વિકલ્પમાં આવ્યા ને બ્રહ્મચર્યની વાત સમજાવી. તે વાત કોઈને ન ગોઠે અને એમ લાગે કે 'વિષયમાં પ્રત્યક્ષ મજા દેખાય છે છતાં મુનિ આ કેવી વાત કરે છે?' પણ ભાઈ! તને બ્રાન્તિને લઈને બહારની ચીજમાં—વિષયમાં—મીઠાશ લાગે છે; ખરેખર મજા વિષયમાં નથી, મજા તો અંતર આનંદમાં છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને પણ, જ્યાં સુધી મુનિપણું આવ્યું નથી ત્યાં સુધી, રાગ પણ છે ને ભોગ પણ છે. સમકિત થયા પછી પણ ભોગ હોય છે, વિષયની વાસના પણ ઊઠે છે; તે વિકલ્પને જ્ઞાની દુઃખ જાણે છે, ઝેર ગણે છે. 'અહા! હું તો અંદર અતીન્દ્રિય આનંદામૃતનો કૂપ છું, સાગર છું. તેનાથી ભ્રષ્ટ થઈ અરેરે! હું દુઃખમાં કયાં આવી પડયો?' સમ્યગ્દર્શન થતાં, અતીન્દ્રિય આનંદ થોડો તો છે; પણ જેટલો રાગમાં આવી ગયો તેટલો હું દુઃખમાં આવી ગયો—એમ જ્ઞાની માને છે.

જેમ શ્રી પદ્મનંદી-આચાર્યદેવે કહ્યું કે અતીન્દ્રિય આનંદસ્વરૂપ બ્રહ્મચર્યની વાત તને ન ગોઠે તો માફ કરજે, તેમ શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવે કહ્યું: શબ્દોએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકા બનાવી છે, ટીકા બનવામાં મારું અકિંચિત્કરપણું છે. આ વાત તને ન ગોઠે અને લાગે કે—નહિ, નહિ, ટીકા પોતે બનાવી છે ને કહે છે 'સ્વરૂપગુપ્ત છું'! પહેલાં તો આવી ટીકા નહોતી!—આમ ટીકા બનવામાં મારું અકર્તાપણું હોવાની વાત તને ન બેસે તો માફ કરજે. અમે તો સ્વરૂપગુપ્ત મુનિ છીએ.

'પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે.'

મુનિનો ભાવવેશ, ભાવલિંગ, ભાવભેખ શો છે? આત્માનું રાગરહિત પ્રચુર સ્વસંવેદન. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં 'નિજ વૈભવ'ની વ્યાખ્યા કરતાં કહ્યું છે: નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો (-નિજ વૈભવનો) જન્મ છે. સમકિતી ધર્માત્માને પણ પહેલી ભૂમિકાનો અતીન્દ્રિય આનંદ અંશે આવે છે, પણ મુનિને તો પ્રચુર આનંદ આવે છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. 'જ' કહીને અબાધિત નિયમ—સમ્યક્ એકાંત—કહ્યો છે. અંદરમાં આનંદનું ઘણું વેદન વર્તવું તે, મુનિનો, બાહ્ય નહિ પણ અભ્યંતર ભેખ છે. બાહ્યમાં નગ્નપણું તથા પંચમહાવ્રત વગેરેના વિકલ્પો હોય છે. આવું પ્રચુર સ્વસંવેદન હોય ને બહારમાં વસ્ત્રસહિતપણું હોય એમ કદી બને નહિ. વસ્ત્રરહિતપણું ને પંચમહાવ્રતના વિકલ્પ એ કાંઈ મુનિનો પરમાર્થ ભેખ નથી, એ તો બાહ્ય નિમિત્ત છે. એવાં નિમિત્ત હોય છે, પણ તેમાં તેમનું પ્રચુર સ્વસંવેદન રહ્યું છે—એમ નથી. પ્રચુર સ્વસંવેદન તો મુનિના અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ જે પુષ્કળ વેદન છે, તે છે.

—o—

## વચનામૃત—૯૬

**આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ. ૯૬.**

'આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે.'

અષ્ટપાહુડની ટીકામાં આ સાર છે ને આ અસાર છે—એમ ઘણું આવ્યું છે. અહીં તો, નિજ આત્મા જ એક સાર છે, શરીરનું નગ્નપણું તો સાર નથી, પણ શુભ રાગ કે વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો પણ સાર નથી; અરે! એક સમયની પર્યાય કે ગુણોનો ભેદ પણ સાર નથી. અતીન્દ્રિય આનંદનો અભેદ પુંજ એવો જે અખંડ આત્મા તે જ એક સાર છે. સીસમના લાકડામાં સાર હોય છે તેમ શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જ એક સાર છે—કસ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ પણ સાર નથી.

આત્મા એક જ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે; પૈસા, વૈભવ, ચક્રવર્તીપદ, ઇન્દ્રપદ, દેવોને હજારો વર્ષે કંઠમાંથી અમૃત ઝરે તે અમૃતનો આહાર વગેરે બહારની ચીજો કાંઈ સાર નથી; અંદર દયા, દાન વગેરેના શુભ વિકલ્પ આવે તે પણ સાર નથી; અરે! તેને જાણનારી એક સમયની પર્યાય છે તે પણ મૂળ સાર નથી. અહા! અંદર અનંત ગુણોનો બાદશાહ, જ્ઞાનાદિ અનંત ગુણનો નાથ ભગવાન આત્મા છે તે જ એક જગતમાં સર્વોત્કૃષ્ટ-સાર છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તેને પામ્યા વિના બધું થોથાં છે. મૂળ ચીજની ખબર ન મળે ને 'હું બ્રહ્મચારી થયો છું, પડિમાધારી થયો છું' એમ બહારનાં અભિમાન કરે! શું તું બહારના વિકલ્પવાળો થઈ ગયો છો? શું તું પરથી ને વિકલ્પથી જુદો અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા નથી?

અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે એક જ જગતમાં સાર છે. તેના આશ્રય વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. નિજ આત્મા સિવાયનું બીજું બધું, વ્યવહાર-રત્નત્રયના વિકલ્પ પણ, નિ:સાર છે. એ નાસ્તિથી કથન કર્યું.

**'બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર.'**

નિજ આત્મા જ એક સાર છે તો તે સિવાયનાં બધાંની ચિંતા અસાર છે. શરીર આદિ જેટલા બાહ્ય પદાર્થ, રાગાદિના પરિણામ, દયા-દાન વગેરે તથા પુણ્ય-પાપના વિકલ્પ—એ બધા નિ:સારની ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર, અંદર અંતર્મુખ થવાનો પ્રયત્ન કર, જેથી સારમાં સાર એવા નિજ આત્માનો પત્તો લાગી જાય. વ્યવહાર-રત્નત્રયની પણ ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. 'જ' કહીને એકાંત નિયમ બતાવ્યો—આત્માની જ ચિંતા, બીજાની નહિ.

**'ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.'**

સ્વસન્મુખ થઈને કોઈ પણ પ્રકારે ચૈતન્યસ્વરૂપ આત્માને પકડ, તેનો આશ્રય લે. અંદર ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વરૂપે બિરાજે છે, તેની સન્મુખ થા ને વ્યવહારના વિકલ્પથી પણ વિમુખ થા.

પ્રશ્ન:—તો પછી આ વ્યાપાર-ધંધો ક્યારે કરવો?

ઉત્તર:—બાયડી, છોકરાં ને આ મોંઘવારી—એ બધી બહારની ચિંતા કરવાથી તેની વ્યવસ્થા થાય છે એમ કાંઈ નથી. બાપુ! તારી એ બધી ચિંતા પરમાં નિરર્થક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને તારું પોતાનું અનર્થ કરનારી છે. તારા સ્વરૂપની ચિંતા તને સાર્થક થશે. પ્રભુ! એક વાર બધી ચિંતા છોડ અને આત્માની ચિંતા કર. ગમે તેમ કરીને એ પ્રયત્ન કર. તું તારા સહજ જ્ઞાનસ્વરૂપને પકડ. અનાદિથી રાગ ને વિકલ્પને 'આ મારા છે' એમ અભિપ્રાયમાં પકડી રાખ્યા છે. તારામાં પકડવાની શક્તિ તો છે, પણ તે ઊંધું કામ કરી રહી છે. હવે તે પકડમાં ગુલાંટ માર, પલટો કર.

જ્ઞાયકપ્રભુ એકલાને પકડ તો એકલો થઈ જઈશ, પરને પકડીશ તો સંયોગથી છૂટી શકીશ નહિ. સંયોગની રુચિથી સંયોગવાળા અવતાર લેવા પડશે, અને એ સંયોગ પાછા કેવા? અહીં મોટા મહેલમાં રહેનારા બકરી, ઘેટા કે કાગડાના ભવમાં જન્મે; જેવા પરિણામ કર્યા હોય તેવી યોનિઓમાં જન્મે. પ્રભુ! તેં તારી ચીજ પકડયા વિના, આત્માનો અનુભવ કર્યા વિના, એવાં જન્મ-મરણ અનંત વાર કર્યાં.

ચાહે તો પુણ્યના પરિણામ હો, પરંતુ તે પણ આત્માના સ્વરૂપથી પતિત થયેલા ભાવ હોવાથી પરમાર્થે પાપ જ છે. પુણ્યમાં રહેવાથી તારે ગતિમાં ભટકવું પડશે કે જ્યાં સંયોગી ચીજો મળશે; કેમ કે પુણ્ય પોતે સંયોગી ભાવ છે. સંયોગી ભાવનું ફળ સંયોગો મળશે; અને અસંયોગી સ્વભાવની દૃષ્ટિ કરવાથી સ્વભાવ મળશે. અહા! માણસોને આવું આકરું પડે.

ચૈતન્યસ્વરૂપ આત્માને પકડ; તો તું સંસારરૂપી મોટા મગરના મુખમાંથી છૂટી શકીશ. કલકત્તાની નદીમાં એક પરિવાર હોડીમાં ફરવા ગયો હતો. દસ વર્ષના છોકરાએ પગ જરા પાણીમાં નાખ્યો કે તરત જ એક મોટા મગરે પકડી લીધો. નાવિક કહે: છોકરાને જલદી નાખી દો, જો મગર આંચકો મારશે તો હમણાં આખી હોડી ઊંધી વળી જશે અને બધાંય મોતના મુખમાં ચાલ્યા જઈશું. અરેરે! માબાપને સગે હાથે દીકરાને નદીમાં નાખી દેવો પડ્યો. અરે! આ સંસાર! એમ આ સંસારરૂપી મોટા મગરે ચોરાશી લાખના અવતારમાં તને પકડી રાખ્યો છે;—'રાગ મારો છે' એ મિથ્યા અભિપ્રાયમાં તું સ્વયં પકડાયો છો. દાખલામાં તો મગરે પકડ્યો છે; ત્યાં તે તો ન છોડે. અહીં તો 'રાગ મારો છે, પુણ્યભાવ ઠીક છે' એમ માનીને તું જાતે પકડાયો છો; માટે તું તો તેનાથી છૂટી શકીશ.

અહા પ્રભુ! પરથી ભિન્નપણે ને પોતાના સ્વભાવથી અભિન્નપણે માન્યતારૂપે ને સ્થિરતારૂપે પરિણમવાની તારામાં તાકાત છે. તારું કાર્ય કરવામાં દેવ-ગુરુ કે શાસ્ત્ર-જ્ઞાન તથા રાગની મંદતા પણ સહાયક નથી. પરના કારણે પોતાનું કાર્ય થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. અહા! આવા જ્ઞાનાનંદમય પોતાના જ્ઞાયકસ્વરૂપને પકડ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસારરૂપી મગરના મુખમાંથી નીકળી શકીશ; છૂટીને એકલો આનંદમાં રહીશ. સંયોગી ભાવ છૂટવાથી સંયોગો પણ છૂટી જશે; સ્વભાવ એકલો રહી જશે. તેને પકડ ને અનુભવ કર.

—o—

## વચનામૃત—૯૭

**પર પદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી. ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા—જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે. વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે છે. ૯૭.**

**'પર પદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી.'**

શું કહે છે? પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે પરને જાણે એ કાંઈ ઉપાધિ નથી. 'પરને હું કરું છે ને પરથી મારામાં થાય છે' એવો વિપરીત અભિપ્રાય તે મિથ્યાત્વની ઉપાધિ છે, પણ પર પદાર્થને જાણવું તે ઉપાધિ નથી. જાણવું તો તારો સ્વભાવ છે. જેમ પોતાને જાણવાનો સ્વભાવ છે તેમ પરને પણ જાણે—એવો પોતાનો સ્વપર-પ્રકાશક સ્વભાવ છે. જેમ પર પદાર્થમાં રાગ કરવાથી નુકસાન છે, એવી રીતે પરને જાણવામાં નુકસાન છે—એમ નથી. અહા! આવો ઉપદેશ તે કઈ જાતનો!

શ્રીમદ્ કહે છે: 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ૦'. પ્રભુનો મૂળ મારગ એ છે કે તારી પરિણતિ સ્વભાવ તરફ કર.

પ્રશ્ન:—આ વાત કઠણ પડે છે!

ઉત્તર—પ્રભુ! મારગ તો આ છે એમ પહેલાં હા તો પાડ. આ સિવાય બીજો મારગ કોઈ છે નહિ. તેના માનનારા ભલે સંખ્યામાં થોડા હોય, અરે! કદાચ ન પણ હોય, તેનો સત્યની સાથે સંબંધ નથી. સત્ય તો સદા સત્ય જ રહેશે; ભલે એક માને, બે માને કે ચાર માને.

હવે તો, જ્યાં ત્યાં પૂછો તો કહે: બસ, ઈશ્વરની મહેરબાની છે; ઈશ્વર કર્તા છે; ઈશ્વરની ઇચ્છા પ્રમાણે થશે. અહા! આવાં લાકડાં! કતલખાનામાં ગાયોની કતલ કરે—શું એ પણ ઈશ્વરની ઇચ્છા?

અહીં તો સારમાં સાર ચીજની વાત છે. પર પદાર્થને જાણવું તે કોઈ નુકસાન નથી; પણ પર પદાર્થ મારા છે, તેમાં હું કાંઈક કરી શકું છું, તેમની વ્યવસ્થા હું કરી શકું છું, હું ઘણો ડહાપણવાળો છું કે જેથી હું બીજા પાસેથી વ્યવસ્થિત કામ લઈ શકું છું—એ બધી ભ્રમણા છે, અજ્ઞાન છે ને નુકસાનકારક છે. ભાઈ! તને વસ્તુસ્વરૂપની કાંઈ ખબર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પરનું કોઈ કાંઈ કરી શકતું નથી. અહીંયાં તો કહે છે કે પર પદાર્થને જાણવાથી જ્ઞાનમાં ઉપાધિ આવી જતી નથી; પણ પર પદાર્થને પોતાનો માનવો ને પર પદાર્થ ઠીક ન હોય તેને હું ઠીક કરું—એવો જે અભિપ્રાય તે ભ્રમણા ને અજ્ઞાન છે; પરંતુ પર પદાર્થને જાણવું તે અજ્ઞાન નથી. સ્વ-પરને જાણવું તે તો પોતાનો સ્વભાવ છે. પરને જાણવું એ કોઈ નુકસાન નથી. 'પરને જાણવું તે નુકસાનકારક છે'—એમ માનનારે સ્વ-પરપ્રકાશક સ્વભાવને માન્યો નથી. પર પદાર્થને જાણવાથી જ્ઞાનમાં ઉપાધિ આવતી નથી.

**'ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા—જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે.'**

પોતાના સ્વરૂપની પૂર્ણ સાધના કરીને જે સર્વજ્ઞ પરમાત્મા થયા, તે ત્રણ કાળ, ત્રણ લોક તેમ જ અલોકને—બધાને ('ક' બોલે તેમાં અસંખ્ય સમય જાય, એવા) એક સમયમાં એક સાથે પ્રત્યક્ષ જાણે છે. જાણવું તે કોઈ ઉપાધિ નથી, જાણવું તો આત્માનો સ્વભાવ છે. લોકાલોકને જ્ઞાન જાણે છે, પણ તન્મય થઈને જાણતું નથી માટે તેને વ્યવહાર કહે છે. પોતાના સુખ આદિ સ્વરૂપને તન્મય થઈને જાણે છે માટે તેને નિશ્ચય કહે છે. અહા! ભારે વાત ભાઈ! નવી નવી વાતો! આ મારગ તો જુદો, ભાઈ!

અહીં તો કહે છે કે પરને જાણવું તે દુઃખ નથી, ઉપાધિ નથી. પરંતુ પરમાં બરાબર ધ્યાન રાખું તો ઠીક રહે—એવી ભ્રમણા તે ઉપાધિ છે, દુઃખ છે. ત્રણ લોક ને ત્રણ કાળને જાણતાં સર્વજ્ઞતા—જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે. જ્ઞાનની પરિપૂર્ણતા ત્યારે સિદ્ધ થાય કે જ્યારે સ્વને તેમ જ પરને પરિપૂર્ણપણે જાણે.

**'વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે છે.'**

સ્વરૂપે જેવો વીતરાગ છે તેવો અંદરમાં પ્રગટ વીતરાગસ્વરૂપ થઈ જાય તેને જ્ઞાનની પરિપૂર્ણ દશા પ્રગટ થાય છે. અહા! આવો જ્ઞાનસ્વભાવ ત્રિકાળને ને ત્રિલોકને જાણે તે કોઈ ઉપાધિ નથી. તે તો જ્ઞાનનો સ્વભાવ છે. તેમાં તો અતીન્દ્રિય આનંદ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૩૪

તા. ૧૧–૭–૭૮

## વચનામૃત—૯૮

**દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર. તું તને ભૂલી ગયો છો. જો ઓળખાવનાર (ગુરુ) મળે તો તને તેની દરકાર નથી. જીવને રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે અને ચૈતન્યને ઓળખે. ૯૮.**

**'દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર.'**

આ ભગવાન આત્મા અંદર જ્ઞાન આદિ અનંત સંપદાનો નાથ, પૂર્ણાનંદ-પ્રભુ, એક સમયની પર્યાય તેમ જ ગુણના ભેદથી રહિત અખંડ, ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છે, તેને જેમ છે તેમ બરાબર શ્રદ્ધાનું શ્રદ્ધેય અને જ્ઞાનનું જ્ઞેય બનાવ. ભાષા ટૂંકી છે પણ ભાવ ઊંચા છે. દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર એટલે કે દૃષ્ટિનો વિષય જે ભૂતાર્થ, સત્યાર્થ, ત્રિકાળી, ધ્રુવ જ્ઞાયકવસ્તુ છે તેને શ્રદ્ધામાં લે, તેને જ્ઞાનનું જ્ઞેય અને ધ્યાનનું ધ્યેય બનાવ. અખંડ જ્ઞાયક ધ્રુવ પૂર્ણ વસ્તુની દૃષ્ટિ થતાં તે આખી ચીજ શ્રદ્ધાનો વિષય થાય છે, પણ તેથી કરીને દૃષ્ટિના વિષયભૂત તે ત્રિકાળી જ્ઞાયક-ચીજ વર્તમાન શ્રદ્ધાપર્યાયરૂપ થઈ જતી નથી. શ્રદ્ધાપર્યાયમાં આખા દ્રવ્યની પ્રતીતિ આવી, પણ ત્રિકાળી આખું દ્રવ્ય છે તે એક સમયની પર્યાયરૂપ થઈ જતું નથી. દૃષ્ટિ છે તે શ્રદ્ધાની પર્યાય છે. શ્રદ્ધાની પર્યાયમાં જ્ઞાયક પૂર્ણ વસ્તુની શ્રદ્ધા કર, અંદર જે અનંત ગુણની સંપદારૂપ ત્રિકાળી વસ્તુ છે તેનો જ પૂર્ણ સ્વીકાર કર, પૂર્ણાનંદના નાથને દૃષ્ટિનો વિષય બનાવી દે.

શ્રદ્ધા પૂર્ણ વસ્તુની થઈ છે તોપણ શ્રદ્ધાની એક સમયની વર્તમાન પર્યાયમાં આખી વસ્તુ આવી જતી નથી. ત્રિકાળી આખી વસ્તુ પર્યાયમાં કેવી રીતે આવે? ત્રિકાળી વસ્તુનું જેટલું સામર્થ્ય છે તેની પ્રતીતિ પર્યાયમાં આવી જાય છે. અહા! મૂળ ચીજ તો આ છે કે વસ્તુસ્વભાવની યથાર્થ દૃષ્ટિ ને જ્ઞાન કરવું; પણ તેનો ક્યાં કોઈએ વિચાર કર્યો છે? આ લીમડાના એક એક પાંદડામાં અસંખ્ય શરીરો છે ને એક એક શરીરમાં એક એક જીવ છે. દેખાય છે તે શરીર છે, પણ અંદર આત્મા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીરથી ભિન્ન અરૂપી છે. અરે! આ જીવે પૂર્વે અનંત અવતાર કર્યા છે. પૂર્વના મા-બાપ મરીને કયાં ગયાં? એ ખબર છે તને? આત્મતત્ત્વના ભાન વિના એ બધાં એકેન્દ્રિય આદિ ભવોમાં ભટકે છે.

પ્રશ્ન:—તેઓ કયાં ઊપજ્યાં તેનો કાગળ આવ્યો નહિ ને!

ઉત્તર:—પણ એવો કાગળ તો છે ને કે એક રાજાના ઘરે અવતરે છે ને એક ગરીબના ઘરે અવતરે છે! આ તફાવત કોઈ પૂર્વના પુણ્ય-પાપના કારણે છે ને? ભિન્ન ભિન્ન કારણો વિના ભિન્ન ભિન્ન કાર્યો હોય? આ કાગળ આવ્યો કે નહિ? અરેરે! વિચાર નથી આવતો કે 'જેના ગર્ભમાં નવ મહિના રહ્યો, જેણે પ્રેમથી પાલન કર્યું, એ પ્રેમાળ માતા મને છોડીને કયાં ગઈ હશે? આ સંસાર?' રાગથી ભિન્ન ધર્મ શી ચીજ છે એ વાત તેના સાંભળવામાં પણ આવી નહોતી. અહાહા! આવી દુર્લભ ચીજ તને સાંભળવા મળી છે તો તેનો લાભ તું લઈ લે ભાઈ! તે માટે અહીં કહે છે કે પૂર્ણાનંદનો નાથ જે ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયક આત્મા તેની દૃષ્ટિ ને જ્ઞાન યથાર્થ કરી લે. તારી રુચિ અને જ્ઞાનની પર્યાયને પરથી ને વિભાવથી—બધેથી સમેટી લે અને પોતાના પૂર્ણ જ્ઞાયકભગવાનને જ્ઞેય બનાવીને તેની શ્રદ્ધા અને જ્ઞાન યથાર્થ કરી લે. જન્મ-મરણના નાશનો આ જ એક સાચો માર્ગ છે.

સમયસારની આઠમી ગાથાની ટીકામાં કહ્યું છે કે—દર્શન, જ્ઞાન ને ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા છે. ત્યાં, રાગને પ્રાપ્ત હોય તે આત્મા—એમ કહ્યું નથી. દર્શન, જ્ઞાન ને ચારિત્રનો ભેદ પણ વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી ભૂતાર્થ આત્મવસ્તુ તો અભેદ એક જ્ઞાયકભાવ છે. તેનામાં પૂર્ણાનંદ આદિ અનંત ગુણરૂપ સંપદા ભરી પડી છે. બેનના બોલમાં આગળ આવશે કે—ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. અરેરે! દુનિયા બધી બહારનું કરવાના અભિમાનમાં રોકાણી છે! પણ કરવાલાયક તો આ જન્મ-મરણ રહિત ચીજની ઓળખાણ છે. એના ઘરની આ વાત જીવે કદી સાંભળી નથી, તેની ઓળખાણ કદી કરી નથી.

અનંત ગુણના નિધાન એવા આ ભગવાન આત્માની જીવે કદી ઓળખાણ કરી નથી. આત્મામાં ગુણો સંખ્યાએ અનંત છે. આકાશના પ્રદેશોનો અંત નથી—છેડો નથી. હોય તો કયાં? અસંખ્ય જોજનમાં જગત છે; પછી ખાલી આકાશ છે. તે આકાશ કયાં પૂરું થયું? કયાંય પૂરું થાય તો પછી શું? અહા! ક્ષેત્રનો પણ આવો અલૌકિક સ્વભાવ છે! આકાશમાં જેમ ક્ષેત્રથી અનંતતા છે તેમ આત્મામાં ગુણે અનંતતા છે. ક્ષેત્રના પ્રદેશો કરતાં અનંતગણા ગુણો પ્રત્યેક આત્મામાં છે. અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણોના અભેદ પિંડસ્વરૂપ નિજ જ્ઞાયકભગવાનને દૃષ્ટિ અને જ્ઞાનમાં યથાર્થપણે લે.

**'તું તને ભૂલી ગયો છે.'**

પ્રભુ તું ક્યાં છો? કેવો છો? તું પોતાને ભૂલી ગયો છો. 'રાગ હું છું, પુણ્ય હું છું, ને એક સમયની પર્યાય જેટલો હું છું'—એમ માને છે, પરંતુ મૂળ ચીજ જે અનંત ગુણની સંપદાવાળો પોતાનો ત્રિકાળી જ્ઞાયક પ્રભુ, તેને તું ભૂલી ગયો છો. ભૂલવાની ચીજને—પુણ્ય અને પાપને તથા તેમનાં ફળને—તું યાદ કરે છે અને જેને યાદ કરવાનો છે તેને તું ભૂલી ગયો છો.

**'જો ઓળખાવનાર (ગુરુ) મળે તો તને તેની દરકાર નથી.'**

જેમ આકાશના ક્ષેત્રનો ને કાળના સમયોનો ક્યાંય અંત નથી, તેમ અનંતનો અનંતપણે ખ્યાલ કરવાવાળા ક્ષેત્રજ્ઞના—આત્માના જ્ઞાનનો અંત નથી. પ્રભુ! તું એવા જ્ઞાન આદિ અનંત ગુણની સંપદાવાળો છો—એમ બતાવનારા ગુરુ મળ્યા; પણ તેની તેં દરકાર કરી નથી. જે મુખ્ય કર્તવ્ય છે તે કરતો નથી, ને બીજામાં ઘૂસી ગયો કે—'આ કરવું ને તે કરવું'. પોતાના આત્મા તરફના વિચાર કરવાનો અવકાશ પણ મળે નહિ. જીવ અંદરના તત્ત્વની વાત સમજે નહિ ને બહારના ક્રિયાકાંડમાં લાગી જાય. આવું ખાવું ને આવું પીવું, નિર્દોષ આહાર લેવો—અહા! જીવ ત્યાં ને ત્યાં રોકાઈ ગયો! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એ મૂળ ચીજ છે તેને તો યાદેય કરતો નથી, ને શ્રદ્ધામાંય લેતો નથી. ગુરુ બતાવે છે તો તેને એની દરકાર નથી. 'એ હશે! કોઈ વાત કરતા હશે!—એમ કરીને કાઢી નાખે છે. વેપાર વગેરે પોતાની રુચિની ચીજ કોઈ બતાવે તો હોંશથી સાંભળે છે. 'આમાં પાંચ લાખ પેદા થશે'—એમ સાંભળતાં ખુશી ખુશી થઈ જાય છે. અહા! આત્મસ્વરૂપ બતાવનાર ગુરુ મળે તો તેને તેની દરકાર નથી.

**'જીવને રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે અને ચૈતન્યને ઓળખે.'**

જેમ વેપારી પોસાતો માલ લે છે, તેમ તને આત્મા પોસાય છે? તને રાગ પોસાય છે, નિમિત્ત પોસાય છે, બહારમાં સ્ત્રી-કુટુંબ એ બધાં તને પોસાય છે; હેરાન થઈને, દુઃખી થઈને એ બધાંનું રક્ષણ કરે છે. પરંતુ આત્મા છે કે નહિ, તે કોઈ દિવસ વિચાર કર્યો છે?

તારો આત્મા કોણ છે? કેવો છે? તેનાં વિચાર, સ્વીકાર ને ઓળખાણ યથાર્થ કરી લે. જીવને યથાર્થ રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે. સર્વજ્ઞ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમેશ્વર અથવા બીજા સંતોનાં વચનોનો, જો તેને રુચિ હોય તો, વિચાર કરે. જો રુચિ ન હોય તો વિચાર કરે નહિ ને છોડી દે. જો રુચિ હોય તો વિચાર કરે, સ્વીકાર કરે, અને ચૈતન્યને ઓળખે; નિમિત્ત અને રાગ તો દૂર રહો, પણ એક સમયની ચૈતન્યની પર્યાયથી પણ દૂર એવા જાણનસ્વભાવ, આનંદસ્વભાવ ભગવાન આત્માને ઓળખે. અહાહા! આવી ચીજ છે!

—o—

## વચનામૃત—૯૯

**આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે. આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે. મનુષ્યજીવનમાં આત્માનું કલ્યાણ કરી લેવા જેવું છે. ૯૯.**

**'આ તો પંખીના મેળા જેવું છે.'**

૮૦ વર્ષની ઉંમર હોય; સ્ત્રી, પુત્રો, પુત્રવધુ, પૌત્રો, પૌત્રવધુ અને તેનાં છોકરાં—એમ ત્રણ-ચાર પેઢી હોય. લોકો તેને 'લીલી વાડી' કહે. અરે ધૂળમાંય 'લીલી વાડી' નથી. તારાં પુણ્ય સુકાઈ ગયાં, બળી ગયાં. મરે ત્યારે કોણ પૂછે છે કે તે મરીને ક્યાં ગયો? આત્મા તો નિત્ય છે, તેનો નાશ નથી થતો. એ તો છે જ; તો તે ક્યાં ગયો? પૂછે છે કોઈ? આ તો પંખીના મેળા જેવું છે. સાંજે ઝાડ ઉપર ભેગાં થાય ને સવારે ચાલ્યાં જાય. ઇષ્ટોપદેશમાં કહ્યું છે ને—

દિશા-દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત;
પ્રાત: થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઊડન્ત.

કોઈને કાંઈ સંબંધ નથી. પોતપોતાના રસ્તે ચાલ્યા જાય. અહા! આ કુટુંબ-કબીલો પંખીના મેળા જેવો છે. કુટુંબમાં જન્મ લઈને કોઈ આવ્યું, તો શું કોઈ પૂછે છે કે તું ક્યાંથી આવ્યો? મરી જાય તો કોઈ પૂછે છે કે તમે ક્યાં ગયા? બધું પંખીના મેળા જેવું છે.

**'ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે.'**

ભેગાં મળેલાં બધાં અત્યારે પણ અલગ જ છે. એ બધાં, ક્ષેત્રે પણ જુદાં પડી જશે. અહાહા! એકલો...! પ્રભુ આત્મા આવ્યો એકલો, એકલો પરિણામ કરે છે અને પરિણામ કરીને પરલોકમાં એકલો ચાલ્યો જાય છે.

"જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે."

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો. તું એકલો જ મોક્ષ જનાર છો; માટે તું આત્મદર્શન પ્રગટ કર. ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર, તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. અહાહા! આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં વિખૂટાં પડી જશે.

**'આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિખાઈ જશે.'**

ભગવાન આત્મા તો શાશ્વત તત્ત્વ છે, તે ક્યાં જાય? ભવિષ્યમાં પણ અનંત કાળ રહેશે જ. ક્યાં રહેશે? જો રાગ ને પુણ્યના પ્રેમમાં દૃષ્ટિ કરી તો મિથ્યાત્વમાં ને વિકારમાં દુઃખી થઈને રહેશે; અને જો આત્મા ઉપર દૃષ્ટિ ને પ્રેમ થઈ ગયો તો ભવિષ્યમાં આત્મામાં રહેશે, ક્રમે ક્રમે રાગનો નાશ થઈને કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? આત્મા એક શાશ્વત છે, બાકી બધું મેળા જેવું ક્ષણભંગુર છે. પ્રવચનસારમાં આવે છે ને—'ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે....શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, તેને બીજું કાંઈ પણ ધ્રુવ નથી....આ શુદ્ધ આત્મા એક જ ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે. રસ્તે ચાલતા મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની છાયા સમાન બીજા જે અધ્રુવ પદાર્થો તેમનાથી શું પ્રયોજન છે?'

અહાહા! કાયમ રહેનારી ચીજ તો હું એક છું, બાકી બધી ચીજ—રાગાદિ બીજી ચીજોની તો વાત જ શી કરવી, મારી પર્યાય પણ—નાશવાન ક્ષણિક છે. ઉદય પણ અને વિચાર પણ બીજી ક્ષણે બીજો થઈ જાય છે. હું એક ધ્રુવ છું અને બાકી બધું અધ્રુવ છે. હું અને બાકી બધું, એમ સ્વ ને પર—બે થયા ને? આત્મા સર્વવ્યાપાક એક જ છે, બીજું બધું ભ્રમ છે—એમ વેદાંત કહે છે તે બરાબર નથી. આત્મા પણ છે અને પુદ્ગલાદિ અન્ય પણ છે. હું એક શાશ્વત છું, મારા માટે બાકી બધું અધ્રુવ છે, વીખરાઈ જશે, છૂટી જશે. પરદ્રવ્યને મારી સાથે કાંઈ પણ સંબંધ નથી.

લોકમાં કહે છે પણ એમ કે 'જીવ ચાલ્યો ગયો'; 'જીવ મરી ગયો' એમ થોડું જ કહે છે? 'નાડી હાથ આવતી નથી, જીવ ચાલ્યો ગયો'—એમ કહે છે. આત્મા ચાલ્યો ગયો તો, જે 'છે' તે ચાલ્યો ગયો ને? પણ કોને વિચાર કરવો છે? જીવ જાય છે ને દેહપિંજર પડયું રહે છે. જીવ ગયો તો ક્યાં ગયો? ને તેણે કેવા પરિણામ કર્યા હતા?—એવો વિચાર તેં કર્યો છે ભાઈ? 'આ મારો દીકરો, મેં આ કર્યું ને તે કર્યું' એમ બહારના સંબંધે મારી નાખ્યા! અહાહા! એ બધું વીખરાઈ જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'મનુષ્યજીવનમાં આત્માનું કલ્યાણ કરી લેવા જેવું છે.'**

આ દુર્લભ મનુષ્યભવમાં એક આત્મકલ્યાણ કરી લેવા જેવું છે, બાકી બધું થોથાં છે, ધૂમાડાનાં બાચકાં છે. નિવૃત્તિ લઈને પોતાના સ્વરૂપ તરફનો પ્રયત્ન કરવો ને અંતરમાં આત્માનો લાભ લેવો, એ કલ્યાણનો સથવારો છે.

—o—

## વચનામૃત—૧૦૦

**'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. ૧૦૦.**

**"'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે."**

આત્મવસ્તુ અનાદિ-અનંત મુક્તસ્વરૂપ જ છે. તેને કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાયમાં છે. મૂળ વસ્તુ સાથે કોઈ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે જ નહિ. એકલો જ્ઞાનરસ, શાંતરસ, આનંદરસ, ધ્રુવરસ આદિ પોતાના પૂરણ રૂપથી ભરચક આત્મા સદા મુક્તસ્વરૂપ જ છે. તે સ્વભાવથી અબદ્ધસ્પૃષ્ટ—શરીર આદિ પર પદાર્થ તેમ જ કર્મના સંબંધથી રહિત—છે, અનન્ય—અનેરી અનેરી નારક-મનુષ્ય આદિ ગતિરૂપ નહિ પણ એકરૂપ—છે, નિયત—ઓછીવત્તી પર્યાયપણે નહિ પણ સ્વભાવે નિત્ય વ્યવસ્થિત—છે, અવિશેષ—જ્ઞાન, દર્શન વગેરે ગુણભેદરૂપ નહિ પણ સામાન્ય અભેદ એકરૂપ—છે, અને અસંયુક્ત—કર્મના નિમિત્તે થનારા રાગાદિ વિકારો વિનાનો—છે. આવા ત્રિકાળ મુક્તસ્વરૂપ નિજ આત્માને જે દેખે છે, અનુભવે છે, તે સકળ જિનશાસનને દેખે છે—એમ સમયસારની ૧૪ ને ૧૫ મી ગાથામાં કહ્યું છે.

મારું દ્રવ્ય તો અનાદિ-અનંત મુક્ત જ છે; મુક્તિ થશે એ તો પર્યાયમાં થશે. હું જ્ઞાયક એક ચીજ છું ને? વસ્તુ છું ને? તત્ત્વ છું ને? તત્ત્વ 'છે' તેની શરૂઆત ક્યાંથી? 'છે' તે તો છે જ, તેનો અંત ક્યાં? એનો છેડો ક્યાં? જેની શરૂઆત નથી ને જેનો છેડો નથી એવો હું અનાદિ-અનંત મુક્તસ્વરૂપ જ છું.—આવી દૃષ્ટિ કરવી તે કલ્યાણનું કારણ છે. વ્યવહાર—શુભરાગ કરતાં કરતાં મુક્તસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ થશે એ મિથ્યાત્વનો ભાવ છે, અકલ્યાણનું મૂળ છે. ઝીણી વાત બહુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—જીવનું કલ્યાણ કઈ રીતે થાય?

ઉત્તર:—હું અનાદિ-અનંત મુક્ત છું, કલ્યાણનો કંદ છું, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ આદિ નિજ સંપદાથી ભરેલો ભગવાન છું—એ પ્રકારે નિજ શુદ્ધ-આત્મ-દ્રવ્ય પર દૃષ્ટિ દેવાથી શુદ્ધ પર્યાય—કલ્યાણની પર્યાય—પ્રગટ થાય છે. એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ દેવાથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. અત્યારે તો બધાની આ એક તકરાર છે કે વ્યવહારને પણ ઉપાદેય ગણો, પાપ કરતાં પુણ્ય ઠીક છે ને. ભાઈ! કઈ અપેક્ષાએ પુણ્ય ઉપાદેય કહેવાય? એ બંને, આત્માને માટે તો બંધનના કર્તા છે. પ્રવચનસારમાં કહ્યું છે:

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.

જે કોઈ પ્રાણીઓ શુભ-અશુભ એ બન્નેમાં ભેદ-વિશેષ-તફાવત માને છે—શુભ ઠીક ને અશુભ અઠીક એમ માને છે—તેઓ, મોહથી મલિન ચિત્તવાળા વર્તતા થકા, ઘોર અપાર સંસારમાં ભમે છે, નરક ને નિગોદ વગેરેમાં પરિભ્રમણ કરે છે. પુણ્ય-પાપ બન્ને સામાન્યપણે દુઃખનાં કારણો છે. પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે કે શુભ અને અશુભ ભાવમાં કોઈ ફેર નથી; બન્ને બંધનાં કારણ, દુઃખનાં કારણ ને આકુળતાનાં કારણ છે. શુભભાવ પણ પોતાનું સ્વરૂપ નથી ને લાભનું કારણ નથી—એવું નહિ માનીને જે શુભ-અશુભમાં ભેદ પાડે છે, વિશેષ માને છે તે ઘોર અપાર સંસારમાં ભમશે ભાઈ! ભારે આકરું કામ!

પ્રશ્ન:—જેઓ પાપમાં પડયા છે તેમને પુણ્ય કરવાનું કહો તો, પાપથી તો થોડા બચે!

ઉત્તર:—મૂળ પાપ—પાપનો બાપ—તો મિથ્યાત્વ છે. એ મહાપાપથી બચવાની તો આ વાત છે. શુભ તો બિચારા અનાદિથી કરે છે; બ્રહ્મચર્ય પાળે, વ્રત પાળે વગેરે કાર્ય કરે ને પાપથી તો બચે; પરંતુ ખરેખર પાપ તો મિથ્યાત્વ છે. શુભ [સારું ને અશુભ ખરાબ એવો ભેદ પાડનારા મિથ્યાદૃષ્ટિ છે. લોકોને આ રુચતું નથી, એટલે 'એકાંત' કહે છે. પ્રભુ! આ તો કુંદકુંદાચાર્યદેવની સ્પષ્ટ વાણી છે કે પુણ્ય-પાપ બંને સમાન છે અને તેઓ ધર્મનું કારણ બિલકુલ નથી.

હું અનાદિ-અનંત એકરૂપ છું, ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છું, મુક્ત છું—એમ શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી શુદ્ધ પર્યાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—પ્રગટ થાય છે; નહીં કે કોઈ પુણ્યની ક્રિયા કે વ્યવહાર કરતાં કરતાં સમ્યગ્દર્શન આદિ પ્રાપ્ત થશે. શુભથી શુદ્ધ થાય એવું છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે."**

ભલે દ્રવ્યમાં અનંત ગુણો હો પણ વસ્તુ તરીકે તો એક છે ને? એ ચીજ અનાદિ-અનંત એકરૂપ ભિન્ન જ છે, મુક્ત જ છે. વસ્તુ, પર્યાયમાં રાગનો સંબંધ કરે છે તો મલિન થઈ જાય છે; ત્યાં પર્યાય રાગથી મલિન થાય, એટલે કાંઈ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય થોડું મલિન થઈ જાય છે? જીવદ્રવ્ય ચાહે તો નિગોદમાં હો, ચાહે તો સર્વાર્થસિદ્ધિ-સ્વર્ગમાં હો કે ચાહે તો સિદ્ધમાં હો, તે તો ત્રિકાળ શુદ્ધ, નિર્મળ જ છે, મુક્તસ્વરૂપ જ છે.

'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે'. શું કહે છે? ચીજ તો મુક્તસ્વરૂપ જ છે—એવી દૃષ્ટિ થઈ તો મુક્તિની પર્યાય થશે જ. દ્રવ્યદૃષ્ટિવાળાને પર્યાય ઉપર જોર નથી; જોર તો દ્રવ્ય ઉપર જ છે. જ્ઞાનીની દૃષ્ટિ પર્યાય ઉપર નથી. અમુક પર્યાય આવે —એમ પર્યાય ઉપર જોર નથી; જોર તો સદા દ્રવ્ય ઉપર જ છે. એ રીતે દ્રવ્ય પ્રત્યે આલંબન છે, જોર છે. નિમિત્તનું ને વ્યવહારનું આલંબન તો છૂટી ગયું, પણ નિર્મળ પર્યાયનું પણ આલંબન નથી. અહા! આવી મુક્તસ્વરૂપ ચીજનું આલંબન લેવાથી, અને 'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ તેની ઉપેક્ષા થવાથી, મુક્તિની પર્યાય અવશ્ય આવશે જ.

એ રીતે જ્ઞાનીને દ્રવ્ય પ્રત્યે આલંબન ને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ છે. અરે! મુક્તિની પર્યાય પ્રત્યે પણ ઉપેક્ષાવૃત્તિ છે. હું કયાં આખો પર્યાયમાં આવવાવાળો છું? હું તો મુક્ત છું તે છું જ;—એમ જ્ઞાનીને દ્રવ્ય પ્રત્યે આલંબન, ત્રિકાળી ધ્રુવ ધ્યેય પ્રત્યે જોર કયારેય પણ છૂટતું નથી. અહા! આવી વાતો માણસોને આકરી પડે! ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે ને ભાઈ! અનંત કાળ વીત્યો છતાં એક સેકંડ પણ ધર્મ થયો નહિ, તો એ ચીજ કોઈ અપૂર્વ હોવી જોઈએ, સાધારણ નહિ. દ્રવ્ય પ્રત્યે આલંબન ને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ હોવા છતાં નિર્મળ પર્યાય તો પ્રગટ થાય જ છે. ખરેખર ત્રિકાળી વસ્તુનું આલંબન લેવાથી ને પર્યાય પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ કરવાથી જ મુક્તિની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. મોક્ષની ઇચ્છા કરવાથી મોક્ષ નથી મળતો—એમ અહીં કહ્યું. ઇચ્છાને તોડીને દ્રવ્યનું એકદમ પૂર્ણ આલંબન લેવાથી શુદ્ધ પર્યાય પૂર્ણ થાય છે. ત્યાં દૃષ્ટિનું જોર તો દ્રવ્ય ઉપર છે. જેને દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર છે તેને જ મોક્ષ પ્રાપ્ત થશે, બીજાને નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૩૫

તા. ૧૨-૭-૭૮

## વચનામૃત—૧૦૧

**સમ્યગ્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી. ૧૦૧.**

પૂર્ણ નિત્ય ધ્રુવસ્વભાવ સન્મુખ થવાથી જેને, તેના આશ્રયે સમ્યગ્દર્શન થતાં, અતીન્દ્રિય આનંદ આદિનો સ્વાદ આવ્યો તેને સમ્યગ્દષ્ટિ કહે છે. ચિદાનંદમૂર્તિ પૂર્ણ શુદ્ધ આત્માનો અંદર જેને પત્તો લાગી ગયો, વ્યવહારના વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ ચીજને અંદર જેણે અનુભવી અને દ્રવ્યસ્વભાવનો નિર્વિકલ્પ દૃષ્ટિ વડે સ્વીકાર કરવાથી જેને દ્રવ્યમાં જે અનંત ગુણો છે તે બધાનો એક અંશ પર્યાયમાં વ્યક્ત પ્રગટ થયો, તે સમ્યગ્દષ્ટિ છે. દ્રવ્યસ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભૂતિ વિના બહારનો ગમે તેટલો ત્યાગ કરે તોપણ તે સમ્યગ્દષ્ટિ નથી. આત્મામાં બાહ્ય વસ્તુનો તો ત્યાગ જ છે. આત્મામાં અનાદિથી ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ નામનો ગુણ છે, તેને લઈને તે પરદ્રવ્યનાં ગ્રહણ ને ત્યાગથી સદા રહિત જ છે. ત્યાં પરદ્રવ્યનો થોડો ત્યાગ કરીને અભિમાન વેદે કે અમે ત્યાગી છીએ, અમે બીજા કરતાં આગળ વધી ગયા છીએ—એ બધું મિથ્યાત્વનું પોષણ છે.

અહીં તો, પૂર્ણાનંદના નાથનો આશ્રય કરીને રાગની એકતા તૂટી ગઈ ને સ્વભાવમાં એકતા થઈ ગઈ એવા ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિ જીવને એવો નિઃશંક ગુણ હોય છે—તે અંતર અનુભવમાં એવો નિઃશંક હોય છે—કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય, આખી દુનિયા વિરોધમાં આવી જાય છતાં તેને સ્વાનુભવમાં કદી શંકા થતી નથી. જેના તળિયામાં અનંત આનંદ ને શાંતિ ભરી પડી છે, જે સુધાનો સાગર છે, તેના આશ્રયે જેને નિર્મળ દૃષ્ટિ અને અનુભવ થયો, એવા સમ્યગ્દૃષ્ટિ જીવને એવી નિઃશંકતા હોય છે કે આખી દુનિયા ફરી જાય, વિરોધ કરે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તોપણ અનુભવમાં શંકા થતી નથી. આ બહુ મોટા ત્યાગી છે અને તે વસ્તુસ્વરૂપ આમ કહે છે, તો શું એમાં કાંઈ તથ્ય હશે?—એવી શંકા ધર્મીને બિલકુલ રહેતી નથી.

પ્રશ્ન:—આત્મ-અનુભવ વિના સ્ત્રી-કુટુંબનો ત્યાગી થાય, બહુ ઉપસર્ગ તથા પરિષહ સહન કરે, તો એમાં કાંઈ ધર્મ છે કે નહિ?

ઉત્તર:—ના; કેમ કે તે એમ માને છે કે—પરનો ત્યાગ મેં કર્યો છે; માટે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને આત્મધર્મ અંશે પણ નથી. અંદર સ્વભાવસન્મુખ થઈ જે અનુભવ થયો તે એટલો નિ:શંક હોય છે કે પરસન્મુખ દૃષ્ટિવાળા જીવો ગમે તેટલો વિરોધ કરે તોપણ તેને અનુભવમાં શંકા પડતી નથી. સમજાણું કાંઈ? અહાહા! શબ્દો બહુ ટૂંકા. જે કોઈ વાંચે તે ખુશી થાય છે. અહા! આ તો ચીજ બાપુ! જગતના ભાગ્યે બહાર આવી. બહુ જ ટૂંકા શબ્દ! સાદા શબ્દ! (વચનામૃત-પુસ્તક) ગુજરાતીમાં આવ્યું; પછી તેમાંથી હિન્દી બનાવ્યું ને? મૂળ તો ગુજરાતી છે. અહા! આ ૧૦૧ મો બોલ છે, અને આ વાત પણ સોએ સો ટકા સાચી છે.

—o—

## વચનામૃત—૧૦૨

**આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. એને કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે? ૧૦૨.**

**'આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે.'**

આત્મા અનાદિથી એક સમયની પર્યાય જે પ્રગટ છે તેમાં પોતાનું અસ્તિત્વ માની રમી રહ્યો છે; પરંતુ વર્તમાન પ્રગટ પર્યાયની બાજુમાં અંદર ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે, આશ્ચર્યકારી કોઈ સર્વોત્કૃષ્ટ ચીજ છે, તેની તેને ખબર ને મહિમા નથી. અહાહા! આ વાત તો અંતર્મુખ થવાની છે; બહુ સૂક્ષ્મ પડે પણ એણે કરવું તો પડશે.

આત્મા સર્વોત્કૃષ્ટ છે, સ્વત:સિદ્ધ વસ્તુ છે, સ્વયં પોતાથી જ એવી કોઈ અરૂપી સત્તા છે! ભલે તેનું ક્ષેત્ર નાનું—શરીરપ્રમાણ હોય, અરે! અંગુલના અસંખ્ય-ભાગપ્રમાણ નિગોદના એક શરીરમાં અનંત જીવો વસે છે, તોપણ અંદર તેનો આત્મા શરીર ને પર્યાયથી ભિન્ન સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. અહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિર્વિકલ્પ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય એ પણ અંદર ત્રિકાળી સર્વોત્કૃષ્ટ પ્રભુ પાસે તુચ્છ છે. અપરિમિત જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય—એવા અનંતચતુષ્ટય સંપન્ન અને એવી અનંત અનંત શક્તિઓનો પિંડ પ્રભુ સર્વોત્કૃષ્ટ આશ્ચર્યકારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા અંદર બિરાજે છે તેને જે સ્વીકારે છે તે દૃષ્ટિ સમ્યક્—સત્ય છે, પર્યાય કે ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી.

બનારસમાં કોઈ એક પંડિત આ જોઈને તો ખુશી-ખુશી થઈ ગયા કે અહાહા! આ કોઈ પુસ્તક! આમાં તો બધી મુદ્દાની રકમની વાત છે.

ગોમ્મટસારમાં (ટીકામાં) કહ્યું છે : જેમાં અનંત ગુણો વસી રહેલા છે તેને વસ્તુ કહેવાય છે. સાદિ-અનંત કાળ કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાયો ઉત્પન્ન થાય તોપણ જેનો વિનાશ કે કૃશતા થતી નથી, શક્તિપણે સદા જે પૂર્ણ રહે છે એવો એક જ્ઞાનગુણ અને એવા આનંદ આદિ બીજા અનંત ગુણો જેમાં વસી રહ્યા છે એવો આ આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. કલ્પવૃક્ષ તો જડ ફળ આપે છે, પણ આ ચૈતન્યકલ્પવૃક્ષનો સ્વીકાર થતાં—રાગની તો શી વાત કરવી—પર્યાયબુદ્ધિ પણ છૂટી જાય છે અને દશામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે છે.—એવી સર્વોત્કૃષ્ટ ચીજ આ ભગવાન આત્મા છે.

**'જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી.'**

કેવળજ્ઞાનની પર્યાય પણ સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયકવસ્તુથી ઊંચી નથી. અહા! પૂર્ણ જે વસ્તુ તેને ભાષાથી કઈ રીતે કહી શકાય? એ જ્ઞાયકભગવાન અદ્ભુતથી પણ અદ્ભુત છે! એના જેવી જગતમાં કોઈ ઊંચી વસ્તુ નથી; કેવળજ્ઞાનની પર્યાય પણ સર્વોત્કૃષ્ટ પ્રભુ આત્માથી ઊંચી નથી. બહારમાં પૈસાવાળા મોટા કહેવાય; પણ પૈસો ધૂળ છે, જડ છે. પુદ્ગલાદિ જડ વસ્તુઓ પણ જડસ્વરૂપ આશ્ચર્યકારી ચીજો છે, પણ પોતાના સ્વરૂપની તેમને પોતાને ખબર નથી. એક પરમાણુમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણો છે તે પલટીને શું કાંઈ બીજું—બીજારૂપ થઈ જાય છે? અહા! પરમાણુની પણ એવી અદ્ભુતતા છે! તો પછી આત્મામાં જે અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણો છે તે પલટીને ક્યાંથી અન્યરૂપ થઈ જાય? ગુણ પલટી જાય તો વસ્તુ રહે ક્યાંથી? ગુણ ગમે તેટલો કાળ, ગમે તેટલી પર્યાયમાં આવતો હોય, પણ ગુણ 'છે', તો એ ત્રણ કાળમાં બીજારૂપે પલટતો નથી. પલટે છે વસ્તુની પર્યાય. જડ વસ્તુમાં પણ એમ જ છે; પણ તેની તો એને ખબરેય નથી. એની ખબર કરવાવાળો તો આ સર્વોત્કૃષ્ટ આશ્ચર્યકારી પ્રભુ આત્મા છે. જગતમાં તેનાથી ઊંચી કોઈ વસ્તુ નથી.

**'એને કોઈ લઈ જઈ શકતું નથી.'**

કોણ લે? કોને લે? અનાદિઅનંત ધ્રુવ વસ્તુને કોણ લઈ જાય? અહા! તેની એક સમયની પર્યાય પણ અન્ય કોઈ લઈ-દઈ શકતું નથી, તો જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ચીજ છે તેને કોણ લઈ જાય? ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની સમ્યક્ દૃષ્ટિ વિના બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થોથાં છે. મૂળ સર્વોત્કૃષ્ટ આશ્ચર્યકારી વસ્તુની દૃષ્ટિ ને પત્તો તો નથી, અને બહારમાં મોટપ માને કે અમે આમ ત્યાગ કર્યો, અમે જાવજીવનું બ્રહ્મચર્ય લીધું; પણ એમાં થયું શું? શું એ મૂળ ચીજ છે? કાયાએ બ્રહ્મચર્ય એ તો શરીરની ક્રિયા છે, એમાં પરિણામ રહે તે શુભરાગ છે; એ કાંઈ આત્મા નથી, આત્માને લાભદાયક નથી. આત્માના લાભસ્વરૂપ જે નિર્મળ મોક્ષપર્યાય છે તેનાથી પણ જ્ઞાયકવસ્તુ તો ઉત્કૃષ્ટ છે.

પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલીને જીવ બહારમાં—પૈસા, મકાન ને ફર્નિચરમાં સલવાઈ ગયો છે. અરે! એમાંથી તેને નીકળવું મુશ્કેલ પડશે. અહા! દેહ છૂટતાં તેને એ ધૂળમાંથી એક વાર નીકળવું તો પડશે જ. અહીં તો કહે છે કે પ્રભુ! તું સાંભળ તો ખરો. તને તારી પર્યાયમાં જે પ્રેમ છે તેમાંથી નીકળીને દ્રવ્યસ્વભાવમાં આવવું એમાં ઘણો પુરુષાર્થ છે. અનંત કાળમાં તારી પર્યાય સિવાય અંદરમાં આખી ચીજ છે તેને તેં કદી જોઈ જ નથી, સાંભળી પણ નથી. એ સર્વોત્કૃષ્ટ ચીજને કોઈ લઈ જઈ શકે નહિ. કોણ લઈ જાય? તેની એક સમયની પર્યાયને પણ કોઈ લઈ શકે નહિ, તો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ જે અનાદિઅનંત ધ્રુવ તત્ત્વ છે, જે સ્વભાવથી છે...છે...છે... ને છે..., જે જ્ઞાન આદિ અનંત ગુણનો અપરિમિત ઢગલો છે—એવી સર્વોત્કૃષ્ટ જ્ઞાયક-ચીજને કોણ લઈ જઈ શકે?

**'જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે?**

આ શરીર, વાણી, ઇંદ્રિયો વગેરે, અરે! રાગ પણ, જે છૂટી જાય છે તે તો તુચ્છ સાધારણ વસ્તુ છે; તે, આત્મામાં નથી ને આત્માની નથી અને આત્મા તેમાં નથી ને તેનો નથી. માટે કહે છે કે જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે. અહા! સ્ત્રી, કુટુંબ, મકાન, શરીર ને વાણી—બધું છૂટી જાય છે; મરણકાળે વાચા બંધ પડી જાય, સાંભળે પણ વચન બોલી ન શકે. આમ તે બધું નાશવાન હોવાથી છૂટી જાય છે, પરંતુ આત્મામાં અંદર જ્ઞાન ને આનંદ વગેરે નિજ સ્વભાવ છે તે શું છૂટી શકે? વાણી બંધ પડી જાય; શરીરનું સુંદરરૂપ મસાણની રાખ થઈ જાય; એ ક્યાં આત્માનાં હતાં? એ તો તુચ્છ ચીજ છે. સવારનાં સ્નાન કરીને, ચાંદલો કરીને, અરીસામાં જુએ છે કે કેવું દેખાય છે! શું દેખાય છે? એ તો નાશવાન છે ને પ્રભુ! એ તો છૂટવા લાયક તુચ્છ ચીજ છે; તારી ચીજ જે અંદર જ્ઞાયકવસ્તુ તે તુચ્છ નથી પ્રભુ! અહાહા! ભાષા બહુ ટૂંકી પણ ભાવ બહુ જ ઊંડા છે.

અંદરના જ્ઞાયકસ્વભાવને તો કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે? શરીર જ્યાં ને જ્યારે છૂટવાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે ત્યારે તે છૂટશે જ; તેનો તને ડર કેમ લાગે છે કે અરેરે! 'હું' મરી જઈશ? 'તું' મરી જઈશ? કે શરીર છૂટી જશે? તું તો અનાદિઅનંત ત્રિકાળી વસ્તુ છો; વસ્તુ જન્મે-મરે? આત્મવસ્તુ તો અજન્મ છે. જન્મજયંતી ઉજવાય છે ત્યાં કોના જન્મની જયંતી? દેહ જન્મ્યો તે તો ધૂળનો જન્મ છે. લોકોને પ્રેમ હોય ને ઊજવે; પણ આ તો પોતે, જયંતી ઉજવાય તો, રાજી રાજી થઈ જાય! પોતાની જન્મજયંતી ઉજવાય નહિ ત્યાં ન રહેવું અને ઉજવાય ત્યાં જવું—એનો શો અર્થ થયો? જન્મ-જયંતીની ઊજવણી એ તો તુચ્છ વસ્તુ છે—એમાં રાજીપો શો?

રાત્રે સૂતી વખતે એકાદ છોડી જરા મોડી આવે તો ચિંતા કરે કે ક્યાં ગઈ હશે? ક્યાં ખોવાઈ ગઈ હશે? એની શોધ કરે; પણ આ તારો અંદરનો ભગવાન અનાદિથી ખોવાયો છે તેને શોધ ને. ભગવાન આત્મા અંદર જાગતી જ્યોત છે. તે પ્રગટ થતાં અંદર વિકાસ-વિકાસ થઈ જાય છે. ગુલાબ જેમ લાખ પાંખડીથી ખીલી નીકળે, તેમ આ ભગવાન આત્મા કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ અનંતચતુષ્ટયસ્વરૂપ વિકાસથી ખીલી નીકળે છે. જેનો આશ્રય લેવાથી આ વિકાસનાં નિધાન ખૂલી જાય છે એવા આ આશ્ચર્યકારી ચિંતામણિ પ્રભુ પાસે બહારનાં ચિંતામણિ કે કામધેનુ વગેરે ધૂળ છે, તુચ્છ છે. લોકો કહે છે: સ્ત્રી, લક્ષ્મી વગેરે પર વસ્તુને છોડો; પણ સ્ત્રી વગેરે પર વસ્તુ તો છૂટી જ પડી છે, એની વાત તો અહીં છે જ નહિ. અહીં તો કહે છે કે શરીર, વાણી, ઇંદ્રિયો જે નજીકમાં છે તે, છૂટવાના ટાણે છૂટી જ જાય છે; તને એ છોડતાં ડર કેમ લાગે છે?

કેટલાક આનો અર્થ એમ કરે કે—સાધુ થઈ જાઓ, પર વસ્તુને છોડો, સ્ત્રી છોડતાં ડર કેમ લાગે છે? શું છોડે? પરને છોડતાં શું સમકિત કે સાધુપણું આવી જાય છે? પરને છોડે તોય એમાં સાધુપણું ક્યાં છે? સ્ત્રી, પુત્ર વગેરે બહારની ચીજ તો છૂટી જ પડી છે, પણ નજીકમાં રહેલાં આ શરીર ને વાણી છૂટી જાય છે ત્યારે જે ડર લાગે છે તે છોડ. હું તો ચૈતન્યશરીરી ભગવાન આત્મા છું; જડ શરીર ત્રણ કાળમાં મારું નથી. એ તુચ્છ ચીજ છૂટી જવાને લાયક છે, એમાં તને ડર શો? આત્મા નિર્ભય ને નિઃશંક છે. 'શરીર ચાલ્યું જાય, આબરૂ ચાલી જાય, માન ચાલ્યું જાય, આખી દુનિયા વિરોધી થઈ જાય, તોપણ હું તો શુદ્ધ જ્ઞાનાનંદમય શાશ્વત ચીજ છું. મારી ચીજમાં કોઈ દખલ કરી શકે, વિઘ્ન કરી શકે એવી કોઈ ચીજ જગતમાં છે નહિ.' —આવું નિઃશંકપણું ને નિર્ભયપણું ધર્મી જીવને શુદ્ધાત્માનુભૂતિ હોવાને લીધે વર્તે છે. અહીં કહે છે કે શરીર, ઇંદ્રિય વગેરે છૂટી જવા યોગ્ય તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે?

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૧૦૩

**ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે. ૧૦૩.**

શું કહે છે? જેને શુદ્ધ-આત્માનો અનુભવ થયો છે, અતીન્દ્રિય આનંદનું વેદન પ્રગટ થયું છે, ને સુખનો સ્વાદ આવ્યો છે—એવા સત્યદૃષ્ટિવંત સ્વાનુભવી સમકિતીને 'વર્તમાનમાં સંપૂર્ણપણે ચૈતન્યમાં ઠરી જવાતું હોય તો ઠરી જ જઈએ, બીજું કાંઈ જોઈતું નથી'—એવી ભાવના હોય છે.

જો આ ક્ષણે પૂર્ણ ઠરી જવાતું હોય તો ધર્મીને બીજી કોઈ ચીજની ઇચ્છા—ચાહના નથી. થોડા વખત રહું તો લોકોને ઉપદેશ મળે ને લાભ થાય એ ભાવના સમ્યગ્દૃષ્ટિને અંદરથી હોતી નથી. અહા! બહુ ઝીણી વાત! કેટલાક એમ કહે છે ને—કે જો બીજાના ભલા માટે એકાદ ભવ કરવો પડે તો ભલે કરવો પડે?—આમ બીજાના ભલા માટે ભવની ભાવનાવાળો જીવ અનંત ભવનો અભિલાષી છે. ભવ પર વસ્તુ છે, એ મને રહે એ ભાવના જ મિથ્યાદૃષ્ટિની છે. તીર્થંકરનામકર્મ બાંધે છે ત્યાં, મને જે જ્ઞાયકચીજ મળી છે તે લોકો પણ સમજે એવી ભાવના—વિકલ્પ આવે છે, પણ પરને સમજાવવા માટે 'હું ભવ કરું' એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. ભવ મળે એ ભાવના જ કલંક છે.

પાંડવો શત્રુંજય ઉપર ધ્યાનમગ્ન ઊભા હતા. દુર્યોધનના ભાણેજે ધગધગતાં લોઢાનાં આભૂષણો પહેરાવ્યાં. ત્રણ તો ધ્યાનમાં કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા. બે નાના ભાઈને મોટા સહોદર મુનિઓ સંબંધી 'તે મુનિને કેમ હશે' એવો વિકલ્પ આવી ગયો, જે શુભ વિકલ્પને લીધે, મોક્ષ ન પામતાં, સર્વાર્થસિદ્ધિના દેવ થયા અને ત્યાંથી નીકળી, મનુષ્યભવ પામી, મોક્ષ પામશે; આમ બે ભવ વધારે થયા. ત્યાં પણ ભવની ભાવના તો હતી જ નહિ અને 'આ વિકલ્પ આવવો જોઈએ' એવો અભિપ્રાય પણ બિલકુલ હતો જ નહિ. સમ્યગ્દૃષ્ટિને તો આજે જ હું પૂર્ણ થઈ જઉં, અંદરમાં સંપૂર્ણ સમાઈ જાઉં, તો બીજું કાંઈ જોઈતું નથી—એવી જ ભાવના હોય છે.

પ્રશ્ન:—પાંચ મહાવ્રત પાળવાની તો ભાવના હોય ને?

ઉત્તર:—કોણ પાળે? પાળવાનો વિકલ્પ તો રાગ છે. આવે ખરો. પણ રાગની ભાવના હોય? અહાહા! હું તો વિકલ્પરહિત એવી મારી જ્ઞાયકચીજમાં આજે જ, હમણાં જ સમાઈ જાઉં તો મને બીજી કોઈ ચાહ નથી. વર્તમાનમાં સંપૂર્ણરૂપે નિજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યતત્ત્વમાં સ્થિર થઈ શકાતું હોય તો બીજું કાંઈ નથી જોઈતું. અહાહા! જુઓ આ સમ્યગ્દૃષ્ટિની ભાવના!

દુનિયાનું કલ્યાણ થતું હોય તો તેના માટે એકાદ ભવ ભલે વધી જાય—એ ભવની ભાવના, એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. તારા ભવથી બીજાને લાભ થશે? તારા કારણે એને લાભ થાય? એને લાભ તો એના પોતાના કારણે થાય. અહાહા! માર્ગ કોઈ બીજો છે ભાઈ! શુદ્ધ એક નિજ જ્ઞાયકભાવમાં સંપૂર્ણપણે જો અત્યારે જ જામી જવાતું હોય તો, તે સિવાય મારે બીજું કાંઈ ન જોઈએ—એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિને, આત્માનું ભાન નહિ હોવાથી, એવી ભાવના હોતી નથી. એને તો, ભવ કરું, લોકોને લાભ થતો હોય તો ભલે મારો એક ભવ વધે, પુસ્તક બનાવવાનું શરૂ કર્યું છે તે પૂરું થઈ જાય ત્યાં સુધી રહું તો ઠીક—એવી ભાવના હોય છે. ભવમાં રહેવાની ને ભવ વધવાની ભાવના જ આત્માને કલંક છે, દુઃખરૂપ છે બાપુ! ગજબની વાત છે ભાઈ!

પ્રશ્નઃ—માતાપિતાની સેવા કરવાની તો ભાવના હોય ને?

ઉત્તરઃ—સેવાબેવા કોણ કરી શકે છે ભાઈ? જીવને રાગ છે તેથી તેવો ભાવ આવે, પણ જ્યાં પોતાના શરીરને પણ રાખી શકતો નથી ત્યાં સેવાના ભાવ વડે બીજાનું શું કરી શકે? વહાલી પત્ની—જેને લોકો અર્ધાંગના કહે છે તે—પચીસ વર્ષની નાની ઉંમરમાં મરી જાય છે. તેને મરવા દેવાના ભાવ છે? સેવા કરીને રાખી શકે છે તેને? મૃત્યુની ક્ષણ આવતાં એકદમ ફડાક દઈને ઊડી જાય છે. અહાહા! સંસારમાં વૈરાગ્યના પ્રસંગ કેટલા બને છે? એક માસનું પરણેતર હોય, પ્રાયમસની ઝાળ લાગીને અકસ્માત આયુષ્ય પૂરું થઈ જાય, નાની નાની ઉંમરમાં હૃદયની ગતિ બંધ પડી જાય, ત્યાં સેવા કરીને કોણ કોને રાખે?

પ્રશ્નઃ—ઇતિહાસમાં આવે છે ને—કે બાબરે તેના પુત્ર હુમાયુને પોતાનું આયુષ્ય આપ્યું હતું?

ઉત્તરઃ—કોણ કોને આયુષ્ય આપે? ધૂળેય આપી શકતો નથી. આપી શકે છે તે માન્યતા તદ્દન ભ્રમણા છે. દેહ તો પોતાની સ્થિતિ પૂરી થયે છૂટશે જ, ત્રણ કાળમાં કોઈ તેને રાખી શકે તેમ નથી. સમ્યગ્દૃષ્ટિને તો એવી ભાવના હોય છે કે, જો આ ક્ષણે જ અંદર સ્વભાવમાં પૂર્ણ ઠરી જવાતું હોય તો મારે બીજું કાંઈ જોઈતું નથી. તેને, શરૂ કરેલું કોઈ કામ પૂરું થાય ત્યાં સુધી ન મરું તો ઠીક—એવી ભાવના હોતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૩૬

તા. ૧૩-૭-૭૮

## વચનામૃત—૧૦૪

'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ૧૦૪.

"'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે."

સૂક્ષ્મ વાત છે ભાઈ! જે વસ્તુ છે તે તો ત્રિકાળ શુદ્ધ છે. 'હું શુદ્ધ છું' એવી દૃષ્ટિ કરવાથી પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. હું નિમિત્તવાળો ને રાગવાળો છું એમ નહિ, પણ દૃષ્ટિનો વિષય જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય—જ્ઞાયક ધ્રુવ આત્મા—તે હું છું એવી અંતર દૃષ્ટિ થઈ તો તે સમયે શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. કોઈ એમ માને કે બ્રહ્મચર્ય પાળવાથી, મહાવ્રત આચરવાથી મારી શુદ્ધ પર્યાય પ્રગટ થશે, તો એ મિથ્યાત્વ છે.

અહા! આ, મુદ્દાની રકમની વાત ચાલે છે. નિમિત્તનું, રાગનું—દયા-દાનના વિકલ્પનું તેમ જ એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડીને હું તો ત્રિકાળ રહેનારી—'ત્રિકાળ' કહેવામાં પણ કાળની અપેક્ષા આવી જાય છે—ધ્રુવ શુદ્ધ ચીજ છું; વર્તમાનમાં પણ હું પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ તત્ત્વ છું—એવી દૃષ્ટિ જ્યારે થાય ત્યારે પર્યાયની રચના શુદ્ધ જ થાય છે; શુદ્ધતાની દૃષ્ટિ થતાં ધર્મની—સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્થિરતારૂપ શુદ્ધ પર્યાયની—રચના થાય છે. વાત સૂક્ષ્મ છે. અત્યારે તો ઘણી ગડબડ ચાલે છે—'આત્માના ભાન વિના લઈ લો વ્રત ને લઈ લો પડિમા'; પરંતુ સમ્યગ્દર્શન શી ચીજ છે અને તેનો વિષય શો છે તેની તો ખબર નથી. પ્રત્યેક સમયમાં—સેકંડના અસંખ્યમા ભાગમાં—વસ્તુ છે તે તો ત્રિકાળી, એકરૂપ, શુદ્ધ, ચિદાનંદ, આનંદકંદ, અતીન્દ્રિય આનંદનું દળ છે. એવા શુદ્ધ જ્ઞાયકપ્રભુનો આદર કરવાથી, શુદ્ધતત્ત્વની સન્મુખ થઈને શુદ્ધનો આશ્રય લેવાથી, દશામાં શુદ્ધતાની જ રચના થાય છે. પ્રથમમાં પ્રથમ કર્તવ્ય હોય તો આ છે; બાકી બધું થોથાં છે, સંસાર છે. અરે! વ્રત, તપ, ભક્તિ ને પૂજા—એ બધું વિકલ્પ, રાગ ને સંસાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુભને ટાળવાની વાતે ય લીધી નથી; અહીં તો ‘ હું પરિપૂર્ણ શુદ્ધ છું ’ એવી દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે, અશુદ્ધ એવી મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી. ત્રિકાળી પવિત્રતાનો પિંડ પ્રભુ હું છું, અરે! હું પરમાત્મા જ છું—પરમ આત્મા નામ પરમ સ્વરૂપ—એમ શુદ્ધનો સ્વીકાર કરવાથી પર્યાયની રચના શુદ્ધ જ થાય છે; કેમ કે પોતામાં વીર્ય નામનો ગુણ પડયો છે અને આખા ત્રિકાળી દ્રવ્ય-સ્વભાવનો સ્વીકાર થતાં પરિપૂર્ણ વીર્યસ્વભાવનો સ્વીકાર પણ આવી ગયો તથા વીર્યગુણની પણ શુદ્ધ પર્યાય થવા લાગી. વીર્યગુણનું કાર્ય શું છે? વીર્યગુણનું કાર્ય સ્વરૂપની રચના કરવાનું છે. અહીં પણ ‘ રચના ’ શબ્દ આવ્યો છે ને? ‘ હું પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મા છું ’ એવો સ્વીકાર કરવાથી વીર્યગુણ વડે સ્વરૂપની રચના, પર્યાયની રચના શુદ્ધ જ થાય છે; કેમ કે આખા દ્રવ્યનો સ્વીકાર કરવાથી, તેમાં વીર્યગુણનો સ્વીકાર પણ ભેગો આવી ગયો અને વીર્યગુણના સ્વાભાવિક પરિણમન વડે શુદ્ધ પર્યાયની રચનારૂપ સ્વાભાવિક કાર્ય થવા લાગ્યું. દયા, દાન ને વિકલ્પની રચના કરે તે તેનો સ્વભાવ નથી, તે તો નપુંસકતા છે. જેમ નપુંસકને પુત્ર ન હોય, તેમ શુભભાવથી ધર્મની પ્રજા થતી નથી. સમયસાર શાસ્ત્રના અજીવ તથા પુણ્યપાપ અધિકારમાં કહ્યું છે કે જે જીવો શુદ્ધની દૃષ્ટિ કરતા નથી અને રુચિએ કરી શુભથી છૂટતા નથી તેઓ કલીબ–નપુંસક છે. શુભભાવના પ્રેમની રચના તો નપુંસકતા છે, તેને છોડી શુદ્ધસ્વભાવની રચના તે પુરુષાર્થનું કાર્ય છે. અહા! આવી વાત સાંભળવી કઠણ પડે! દૃષ્ટિમાં શુદ્ધ સ્વરૂપનો સ્વીકાર કરવાથી પર્યાયમાં ધર્મની રચના થાય છે. આ સિવાય લાખ, કરોડ ક્રિયાકાંડ કરે, વ્રત, તપ, ભક્તિ ને બ્રહ્મચર્ય પાળે, તે બધો રાગ છે; તે કોઈ આત્માની ધાર્મિક ક્રિયા નથી. સમજાણું કાંઈ?

**‘ જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ’**

આ સિદ્ધાંત કહ્યો છે. દૃષ્ટિ રાગ ને પર્યાય ઉપર છે તો સૃષ્ટિ—ઉત્પત્તિ વિકારની થાય છે. અને જો દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તો સૃષ્ટિ—ઉત્પત્તિ નિર્મળ પર્યાયની થાય છે. ભાષા સાદી છે પણ ભાવ તો પરમાત્માના જે હોય તે જ હોય ને? જો દૃષ્ટિ ત્રિકાળી શુદ્ધનો સ્વીકાર કરે તો સૃષ્ટિ નામ ઉત્પત્તિ નિર્મળ પર્યાયની થાય છે. દૃષ્ટિમાં શુદ્ધનો સ્વીકાર થયો ત્યાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ ધાર્મિક પર્યાયની ઉત્પત્તિ થાય છે. જીવને અનાદિથી દૃષ્ટિ રાગ ને પર્યાયમાં છે તે મિથ્યાત્વ છે, તેનાથી અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. ઊંધી દૃષ્ટિથી પર્યાયમાં મલિનતા થાય છે, ને સવળી દૃષ્ટિથી પર્યાયમાં નિર્મળતા થાય છે.



—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૧૦૫

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

**'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'**

જરા સૂક્ષ્મ વાત છે. આત્મવસ્તુ દ્રવ્ય છે, જ્ઞાયકભાવ...જ્ઞાયકભાવ...બસ, ત્રિકાળ એક જ્ઞાયકભાવ છે; એ જ્ઞાયકભાવે તો એક જ્ઞાયકપણાનો જ વેષ ધારણ કર્યો છે. સમયસારમાં આવે છે ને કે સંવર, નિર્જરા, મોક્ષ—એ બધા પર્યાયભેખ છે, ત્રિકાળી જ્ઞાયક-દ્રવ્યના એ ભેખ નથી. જ્ઞાયક તો તે પર્યાયભેખનો પણ જ્ઞાતા જ છે. આત્મદ્રવ્યનો ભેખ-સ્વરૂપ તો ત્રિકાળી જ્ઞાયકરૂપ છે. શું કહે છે? આત્માએ તો પરમાર્થે ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ ભેખ ધારણ કરેલો છે. અહા! વસ્તુના મૂળ સ્વરૂપની ખબર ન મળે ને ઉપર ઉપરથી બધાં ડાળાં-પાંદડાં તોડવા માંડયાં; પણ મૂળ તો સાજું છે! સમ્યગ્દર્શન વિના વ્રત, તપ વગેરે બધું કરવા માંડે, પણ એ બધાં મીંડાં છે, મિથ્યાત્વનું મૂળ સાજું રાખીને ડાળાં-પાંદડાં તોડવા સમાન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો ત્રિકાળ, કાયમ એક જ્ઞાયકભાવ જ છે; તેણે એક જ્ઞાયક-પણાનો જ વેષ ધારણ કરેલો છે.

**'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી.'**

ભગવાન જ્ઞાયક આત્મા સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય આનંદનું ધ્રુવ ધામ છે. કાયમ રહેવાવાળા તે જ્ઞાયકતત્ત્વને, ધ્રુવ જ્ઞાયકસ્વભાવને પરમાર્થે સંવર, નિર્જરા કે મોક્ષ વગેરે કોઈ પર્યાયવેષ નથી. સંવર, નિર્જરા, કેવળજ્ઞાન ને મોક્ષ વગેરે વ્યવહારભેખ છે. જ્ઞાયકભાવસ્વરૂપ મૂળ વસ્તુ તો અનાદિ-અનંત ધ્રુવ એકરૂપ 'અસ્તિ'વાળી, મોજૂદગીવાળી ચીજ છે. તેનો ભેખ—સ્વરૂપ તો એક જ્ઞાયકપણું જ છે, તેને પરમાર્થે એક જ્ઞાયકપણાનો જ વેષ છે એમ પહેલાં સમુચ્ચયે અસ્તિથી વાત કહી. હવે નાસ્તિથી ખુલાસો કરે છે કે તેને સંવર, નિર્જરા, મોક્ષસ્વરૂપ પર્યાયોનો ભેખ નથી, કારણ કે ત્રિકાળી ધ્રૌવ્યમાં પર્યાયભેદ છે જ નહિ.

અહા! વેપારધંધાનાં પાપ આડે આ તત્ત્વ સાંભળ્યું જ છે કયાં? સૂઝયુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે જ ક્યાં? ચોવીશે કલાક રળવા-કમાવાની મજૂરી કરે છે. અરે! ધર્મના બહાને વ્રત-તપ વગેરે કરે તે પણ, જ્ઞાયકતત્ત્વના ભાન વિના, મજૂરી જ છે. સમયસારના નિર્જરા-અધિકારમાં આવ્યું છે ને કે કોઈ જીવો જિનાજ્ઞામાં કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા—તૂટી મરતા થકા—ક્લેશ પામે તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (–રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી. અહીં તો કહે છે કે, ક્લેશના અભાવસ્વરૂપ જે સંવર, નિર્જરા ને મોક્ષ, તે ભેખ પણ જ્ઞાયકને નથી—સમ્યગ્દર્શનના વિષયભૂત ધ્રુવ જ્ઞાયક દ્રવ્યમાં નથી.

અહાહા! આ પુસ્તક! અરે! કોઈ વેદાંતી વાંચે તો એને પણ એક વાર એમ થઈ જાય કે—માળી આ કોઈ ચીજ છે!

અહાહા! જાણવું, જાણવું, કેવળ જાણવું—એવો જ્ઞાનરસ જેનો ધ્રુવ સ્વભાવ છે તે ત્રિકાળી એકરૂપ નિજ ભગવાન આત્મા જ્ઞાયકવસ્તુ છે તેને, વ્યવહારથી સંવર, નિર્જરા ને મોક્ષ આદિ ભેખ ભલે હો, પરંતુ નિશ્ચયે તો તે ભેખ તેને નથી. અરે! જ્ઞાયકતત્ત્વની આવી વાત સાંભળવા પણ મળે નહિ, તે વિચારે ક્યારે? અને સમજે ક્યારે? આ દુર્લભ મનુષ્ય-અવતાર ચાલ્યો જાય છે; અત્યારે આ નહિ સમજ તો ક્યારે સમજીશ?

ભગવાન જ્ઞાયક આત્મા તત્ત્વ છે ને? એ ધ્રુવ તત્ત્વ છે, પલટનારી પર્યાયથી—પર્યાયની હલચલથી—ભિન્ન છે. એવા જ્ઞાયકસ્વભાવને ખરેખર કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી, સંવર, નિર્જરા ને મોક્ષપર્યાયની પણ અપેક્ષા નથી; કેમ કે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં તો કોઈ પર્યાયભેદ છે જ નહિ. અહાહા! આવી વાત છે બાપુ! બહુ આકરું ભાઈ! અભ્યાસ હોવો જોઈએ. આ મૂળ ચીજ છે; ત્યાંથી શરૂઆત કરવાની છે. જ્ઞાયક મૂળ ચીજ વગરની બીજી બધી રીતની શરૂઆતમાં અભિમાન થશે કે 'અમે ત્યાગ કર્યો છે', 'અમે બાળબ્રહ્મચારી છીએ', 'અમે પડિમા ધારણ કરી છે'—એ બધું મિથ્યાત્વનું અભિમાન છે.

અહા! આ પુસ્તક! વાંચ્યું છે ને? આખું વાંચ્યું કે નહિ? અહાહા! પુસ્તક તે પુસ્તક! બહાર પડ્યું છે ને! અહા! લોકો તો હજી, જેમ જેમ કાળ જશે તેમ તેમ, આ વાંચશે, વિચારશે ત્યારે...બાપુ!...આ તો મૂળ ચીજ છે.

જેને કોઈ પણ પર્યાયવેષ નથી, એવી જે ત્રિકાળી જ્ઞાયક ચીજ તે સમ્યગ્દર્શનનો વિષય છે. ચોથા ગુણસ્થાને શરૂઆતમાં પણ સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયકતત્ત્વ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાં પર્યાયની અપેક્ષા નથી ને પર્યાયનો વેષ નથી. અહા! ભાષા તો સાદી છે. ભગવંત! તારું સ્વરૂપ તો આવી ચીજ છે! જેમાં અનેકતા ને ભેદ નથી એવું જે એકરૂપ ત્રિકાળી સ્વરૂપ તે સમ્યગ્દર્શનનો વિષય છે. એ વિના બધું થોથાં છે.

જ્ઞાયકસ્વભાવી આત્માનો મહિમા અનંતાનંત છે. પહેલાં, ક્ષેત્ર ને કાળની અનંતતાનો ખ્યાલ કરો. ક્ષેત્રનો અંત ક્યાં? લોકના ક્ષેત્ર પછી અલોક. આગળ દૂર... દૂર...દૂર—એમ ખ્યાલમાં લેતા જાઓ, પછી પણ અલોક...અલોક...અલોક...છેડો ક્યાં? છે ક્યાંય અંત? એમ અનાદિ કાળ વિષે ખ્યાલ કરો: પહેલાં...પહેલાં...પહેલાં —એમ ખ્યાલ લંબાવતાં કાળનો સૌથી પહેલો સમય કયો? છે ક્યારેય કાળની આદિ? એ જ પ્રમાણે ભવિષ્ય કાળનો ખ્યાલ કરો: પછી...પછી...પછી...એમ કરતાં કાળનો અંત ક્યારે? છેલ્લો સમય કયો? છે ક્યારેય કાળનો અંત? આ પ્રમાણે જેમ ક્ષેત્ર-કાળની અનંતતા છે, તેમ જ્ઞાનગુણ પણ ભાવે અનંત—અપાર—અગાધ—બેહદ ગંભીર છે. જ્ઞાનગુણની માફક બધાય ગુણોની ગંભીરતા અનંત છે. જે સંખ્યાએ અનંત છે એવા જ્ઞાનાદિ અનંત ગુણમય અખંડ એક તત્ત્વ તો એથી પણ મહાગંભીર છે. એમ જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્માનો મહિમા અનંતાનંત છે. એ અગાધ મહિમાવંત જ્ઞાયકદ્રવ્યને કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાયની અપેક્ષા નથી.

પ્રશ્ન:—આનંદ આવ્યો તો આત્માનો અનુભવ થયો; એમાં પર્યાય-અપેક્ષા આવી કે નહીં?

ઉત્તર:—અનુભવ આનંદસહિત જ હોય છે. પણ તેમાં ધ્રુવ જ્ઞાયકતત્ત્વને આનંદપર્યાયની અપેક્ષા ક્યાં આવી? જ્ઞાયકને તો આનંદપર્યાયરૂપ વેષ છે જ નહિ, તેની અપેક્ષા છે જ નહિ. અહા! આવું નિરપેક્ષ તત્ત્વ વીતરાગ જૈન પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી.

પ્રશ્ન:—પર્યાયવેષ ત્રિકાળી જ્ઞાયક આત્માને નથી—એ વાતનો કોઈ આધાર છે? કે એકલાં બહેનશ્રીએ જ અહીં કહી છે?

ઉત્તર:—સમયસારનું નાટકરૂપે વર્ણન કરતાં દરેક અધિકારના અંતમાં કહ્યું છે ને કે 'આ સંવરનો વેષ પૂરો થયો', 'આ મોક્ષનો વેષ પૂરો થયો'. જ્યાં જીવે જાણી લીધું કે આ ધ્રુવ દ્રવ્ય છે ને આ તો પર્યાયભેખ છે, ત્યાં તે જાણવામાં આવતાં સંવર, નિર્જરા અને મોક્ષ વગેરે વેષ—ભેખ નીકળી જાય છે, ને દૃષ્ટિમાં પરમાર્થે સમસ્ત પર્યાયવેષથી રહિત જ્ઞાયક આત્મા રહી જાય છે. આમ સમયસારમાં પણ એ જ કહ્યું છે. અહા! એવું તે નિરપેક્ષ જ્ઞાયકતત્ત્વ છે!

લોકો તો રાગની ક્રિયાથી નિશ્ચય થાય, ધર્મ થાય—એમ માને છે. અરે! પ્રભુ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહુ આઘે ચાલ્યો ગયો. અહીં તો કહે છે કે સંવર-નિર્જરાનો વેષ પણ અંદર ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકવસ્તુમાં ક્યાં છે?

પ્રશ્ન:—આપ ફરમાવો છો ને કે કૂવામાં હોય તે અવેડામાં આવે?

ઉત્તર:—તે કઈ અપેક્ષાએ? તે તો દ્રવ્ય, ગુણ ને પર્યાય કોઈ જુદી વસ્તુ નથી–એ અપેક્ષાએ કહેવામાં આવે છે; એ વ્યવહારનયથી, પર્યાયનયથી, ભેદનયથી કહેવાય છે. પરમાર્થ અભેદનયથી તો જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે તે મોક્ષ ને મોક્ષના કારણરૂપ પર્યાયની રચના કરવાવાળું નથી.

ગજરથ ચલાવે, મંદિર બનાવે—એ બધી બહારની ચીજની રચના તો આત્મા ત્રણ કાળમાં કરતો નથી, પણ જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્મા છે તે સંવર, નિર્જરા ને મોક્ષપર્યાયની પણ રચના કરતો નથી. ભાઈ! તું પ્રભુ છે તે કોઈ તત્ત્વ છો કે નહિ? તારું તત્ત્વ અસ્તિ 'છે' ને? 'છે' તો તે પરિપૂર્ણ વસ્તુ છે કે નહિ? 'છે' તે સ્વભાવે અપૂર્ણ ક્યાંથી હોય? પૂર્ણતા કે અપૂર્ણતા એવા ભેદ તો પર્યાયમાં આવે છે; વસ્તુ તો પરિપૂર્ણ એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ છે. તે વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે, પણ તે સમ્યગ્દર્શનપર્યાય ધ્રુવ જ્ઞાયકમાં નથી. ત્રિકાળી જ્ઞાયકને સમ્યગ્દર્શનરૂપ પર્યાયની અપેક્ષા નથી. મલિન પર્યાય છે તો હું છું—એવી અપેક્ષા તો છે જ નહિ, પણ નિર્મળ પર્યાય હોય તો 'હું જ્ઞાયક છું' એમ પણ નથી. પર્યાય તો વર્તમાન પ્રગટ દશારૂપ અંશ છે; વસ્તુ તો પ્રગટ અંશ વિનાની ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક છે.

અહા! ભગવાને કહેલું ભેદજ્ઞાન આ છે; તેને કદી સમજ્યો નથી અને બહારની કડાકૂટ કરીને મરી ગયો બાપુ! અંદર જીવતી જ્યોત—જ્ઞાયક પ્રભુ—બિરાજે છે તે કોઈ દી ઝાંખી થતી નથી; વધઘટ તો પર્યાયમાં છે, ધ્રુવ વસ્તુમાં વધઘટ છે જ નહિ. જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ કે પર્યાય-અપેક્ષા નથી. આ બે વાત થઈ. આ તો સિદ્ધાંત છે, એકલું તત્ત્વ છે. સમજાણું?

**"આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી."**

અહા મુનિની દશા! ત્રણ કષાયના અભાવસ્વરૂપ વીતરાગી પર્યાય અને અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન—એ મુનિપણાની પર્યાય પણ ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં નથી. હજી તો શરીર આત્મામાં નથી, શરીર શરીરમાં છે ને હું તેનાથી તદ્દન ભિન્ન છું—એ વાત પણ નથી બેસતી, ત્યાં નિર્મળ પર્યાય પણ ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં નથી અને ધ્રુવ દ્રવ્યસ્વભાવ પર્યાયમાં આવી જતો નથી—એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણું ઝીણું પડે. પણ હવે તો લોકો આ વાત સાંભળે છે. અહાહા! ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયકમાં મુનિનો ભેખ પણ નથી. બહારમાં નગ્નપણું અને અંદર પંચમહાવ્રત, સમિતિ વગેરેના શુભ વિકલ્પ—એ કાંઈ મુનિપણાનો પરમાર્થ ભેખ નથી; પણ અંદર આત્માના ભાન સહિત ત્રણ કષાયનો અભાવ થયો અને આનંદના પ્રચુર સંવેદનરૂપ દશા પ્રગટ થઈ—એવો મોક્ષનો માર્ગ મુનિને જે પ્રગટ થયો તે પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી.

પ્રશ્ન:—વ્યવહારથી નિશ્ચય થાય ને? નહીંતર એકાંત નિશ્ચયાભાસ થઈ જશે.

ઉત્તર:—પ્રભુ! સાંભળ તો ખરો! તારી પ્રભુતા તો જો! વ્યવહારના શુભ રાગની પર્યાય તો ક્યાંય રહી ગઈ, પણ વીતરાગ નિર્મળ દશારૂપ મુનિપર્યાયનો પણ જેમાં અભાવ છે એવી તારી ધ્રુવ જ્ઞાયક પ્રભુતા છે. નિર્મળ પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે અને સમસ્ત પર્યાયથી રહિત એવું ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. અહા! આત્મા મુનિ છે અથવા કેવળજ્ઞાની છે—એવો પર્યાયનો ભેખ પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. કેવળજ્ઞાન પણ પૂર્ણ નિર્મળ પર્યાય છે. એ પર્યાય ધ્રુવ દ્રવ્યનો વેશ નથી. ગજબની વાત છે નાથ! આ જૈનદર્શન—વસ્તુદર્શન છે.

પ્રશ્ન:—કેવળજ્ઞાન એ પર્યાય, પણ કેવળજ્ઞાની તો આત્મા છે ને?

ઉત્તર:—ના; જ્ઞાનની પૂર્ણ પર્યાયવાળો પણ આત્મા નથી. આત્મા તો ધ્રુવ ગુણસ્વરૂપ સહજ જ્ઞાનની મૂર્તિ છે. જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તે તો પર્યાય છે. ગુણ કદી ઉત્પન્ન થતો નથી, ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે.

અહીં પ્રયોજન એ છે કે—એકરૂપ જ્ઞાયકની દૃષ્ટિ કરાવવી છે, પર્યાય-દૃષ્ટિ પણ છોડાવવી છે. અહા! આ પુસ્તક એવું નીકળ્યું છે ને! લોકો વાંચે... વાંચવા તો દો. અરે! આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે. એમાં ત્રિકાળી સત્ય વસ્તુની દૃષ્ટિ ન થઈ, તો એને કાંઈ ન થયું, એણે કાંઈ ન કર્યું. ભલે દુકાન છોડે, બ્રહ્મચર્ય પાળે, જાવજીવનાં વ્રત પાળે, પણ બધું નિરર્થક છે; સંસારમાં રખડવા માટે તે સાર્થક છે. અહાહા! આ ચીજ વસ્તુ છે ને? તત્ત્વ છે ને! હલચલ વિનાની કાયમી ધ્રુવ ચીજ છે ને? અહા! સાંભળવું પણ કઠણ પડે તે સમજવાનું...! અહીં કહે છે કે પ્રભુ! તું રાગનો ભેખ ધારણ કર તોપણ તે ભેખ તારી ત્રિકાળી ધ્રુવ ચીજમાં નથી. અંતરમાં આનંદસ્વરૂપ જે ભગવાન જ્ઞાયક, જેમાં સાચા મુનિપણાનો ભેખ પણ નથી, તેના ઉપર દૃષ્ટિ કરીને જેને સમ્યગ્દર્શન થયું હોય અને જેમાં મોક્ષમાર્ગની દશા પ્રગટ થઈ હોય તે એમ જાણે છે કે આ મુનિપણાનો ભેખ પણ મારા ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં નથી. અરે! હજી તો, આ નગ્નપણું એ અમારો ભેખ, અમે દિગંબર સાધુ થયા—એમ બાહ્ય ભેખનું અભિમાન હોય છે! અરે ભગવાન! એ ચીજ તો તારા આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં પણ નથી. એ બહારની ચીજનું અભિમાન કે 'અમે નગ્ન દિગંબર છીએ' —એ મિથ્યાત્વનું પોષણ છે. ગજબની વાત છે ભાઈ!

'જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'

અહા! અહીંયાં તો અમૃતના વરસાદ વરસ્યા છે! પ્રભુ તારી ચીજ જે અખંડ આનંદ ને અખંડ જ્ઞાયક છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન-પર્યાય તથા કેવળજ્ઞાન-પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી; કારણ કે એ તો પર્યાયનો ભેખ છે. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયકપદાર્થને નથી. અહા! સાંભળતાં રાડ નાખી જાય ને? ભગવાન! તારી ચીજ કેવી છે? બાપુ! તને ખબર નથી. અરે! પરમાણુ જેવી નાનામાં નાની ચીજમાં પણ એવી ધ્રુવરૂપ અનંત શક્તિ છે કે જે ધ્રુવરૂપ શક્તિમાં પર્યાયનો પ્રવેશ નથી.

પર્યાય વ્યવહારનયનો વિષય છે; ત્રિકાળી દ્રવ્ય નિશ્ચયનયનો વિષય છે. બે નય છે તો બન્નેના વિષય ભિન્ન છે; પણ વીતરાગની વાણી બેઉના વિરોધનો નાશ કરાવે છે. અહાહા! જ્ઞાયક તો જ્ઞાયક જ છે; એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. અરે! સિદ્ધપર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. અહા! રાડ નાખે એવી વાત છે. શું કરે? કોઈએ કદી સાંભળી ન હોય એવી વાત છે.

બેન તો એક અદ્ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૩૭

તા. ૧૪–૭–૭૮

## વચનામૃત—૧૦૫

આ બેનનાં વચનામૃત છે. ૧૦૫મો બોલ કાલે હિન્દીમાં ચાલ્યો હતો; આજે જરા ફરીને...ગુજરાતીમાં...

'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'

આત્મા ધ્રુવભાવ, સામાન્યભાવ, ત્રિકાળ એક જ્ઞાયકભાવ છે. તેણે ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ ધારણ કર્યો છે. પરમાર્થે સંવર, નિર્જરા કે મોક્ષનો વેષ—પર્યાયનો ભેખ—દ્રવ્યસ્વભાવમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય એવો જે ત્રિકાળી એક જ્ઞાયકભાવ એ જ જેનો સહજ વેષ છે, તે જ જેનું સહજ રૂપ છે, એવા ધ્રુવસ્વભાવી નિજ આત્માની દૃષ્ટિ કરવી, તેનો જ અનુભવ કરવો તેનું નામ સમકિત છે. જ્ઞાયકની શ્રદ્ધા કરનાર સમકિતપર્યાય પણ શ્રદ્ધાવાન જ્ઞાયકચીજમાં નથી. તે સમ્યગ્દર્શનની પર્યાયમાં આખા અખંડ જ્ઞાયકભાવની શ્રદ્ધા આવી જાય છે, પરંતુ તે જ્ઞાયકભાવ વર્તમાન પર્યાયમાં આવી જતો નથી. તે પર્યાય ધ્રુવ જ્ઞાયકભાવમાં આવતી નથી. અહા! આવી ઝીણી વાતો છે ભાઈ!

નગ્નપણું, પંચમહાવ્રતના પરિણામ, મુનિધર્મનાં બાહ્ય ચિહ્નો વગેરે તો આત્મામાં છે જ નહિ, પણ મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો વેષ પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. પ્રવચનસારની ૧૭૨ મી ગાથાની ટીકામાં અલિંગગ્રહણના ૨૦ બોલમાં ૧૭ મો બોલ છે કે—લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ યતિલિંગોનો અભાવ છે.

'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી.'

બે વાત કહી : (૧) પરમાર્થે ભગવાન આત્માને ધ્રુવ જ્ઞાયકસ્વભાવ સિવાય બીજા ક્ષણિક કોઈ વેષ નથી; (૨) તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી કે—સંવર, નિર્જરા કે મોક્ષની પર્યાય હોય તો ધ્રુવ જ્ઞાયકપણું રહે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહાહા! આ તો બેનને નીકળી ગઈ છે આવી વાણી! આ તો એમને અંદરથી—અનુભવમાંથી—આવ્યું છે. આનંદમાંથી આવી ગઈ છે ભાષા! કોકે લખી લીધી; નહિતર તો બહારેય ન આવત!

સમ્યગ્દર્શનના વિષયરૂપી—ધ્યેયરૂપી જ્ઞાયકને કોઈ પણ પર્યાયનો વેષ નથી, તેમ જ કોઈ પણ પર્યાયની તેને અપેક્ષા નથી. આત્મા મુનિ છે તે પણ ભેખ છે. મુનિનું ભાવલિંગ તે પણ આત્માના જ્ઞાયકપણામાં નથી. પરમાત્મપ્રકાશના ૮૮ મા દોહરામાં કહ્યું છે કે આત્મામાં દ્રવ્યલિંગ કે ભાવલિંગ—તે બન્નેમાંથી એકેય નથી. જેને નિર્વિકલ્પ સમાધિ અને આનંદ ઉગ્ર વર્તતાં હોય તેને ભાવલિંગી મુનિ કહીએ. બાકી બધા દ્રવ્યલિંગી છે. દ્રવ્યલિંગી તેને કહેવાય કે જે પોતાના માટે બનાવેલો આહાર પણ ન લે, ૨૮ મૂળગુણ ચોખ્ખા હોય, નગ્નદશા ચોખ્ખી હોય, અંદરમાં રાગની એકતાનો મિથ્યાત્વભાવ ભલે હોય પણ બહારમાં વસ્ત્રનો ટુકડોય ન હોય, સદોષ આહાર લે નહિ. આવું જે દ્રવ્યલિંગ, તે દ્રવ્યલિંગ ધ્રુવ જ્ઞાયકભાવમાં નથી. તે ઉપરાંત નિર્વિકલ્પ જ્ઞાન, આનંદ, શાંતિ, રાગરહિત સ્વરૂપસ્થિરતા—એવું નિર્વિકલ્પ વીતરાગ સમાધિરૂપ ભાવલિંગ તે પણ જ્ઞાયક ધ્રુવ તત્ત્વમાં નથી; કારણ કે તે પર્યાય છે.

બેન તો રાતે બોલો ગયેલાં; બ્રહ્મચારી દીકરિયુંએ લખી લીધેલું; નહિતર તો આ બહાર આવત પણ ક્યાંથી? બેન તો સંસારથી મરી ગયેલાં છે! આત્માના આનંદની આડે બહારની એમને કાંઈ પડી નથી. અહાહા...! એમનો જન્મદિવસ આવે છે ને! શ્રાવણ વદ બીજે જન્મદિવસ આવશે. એમને હીરાથી વધાવશે, ઊભા રહેશે...! ઊભા રહેવાની અત્યારે તો શરીરમાં શક્તિ નથી. મેં તો કહ્યું હતું કે...ત્યાં ખુરશી લાવીને બેસાડજો...શરીર તદ્દન નબળું પડી ગયું છે...ખોરાક સાવ સાધારણ...એમને તો એકલો આત્મા...આત્મા...ને આત્મા, બાકી કાંઈ ન મળે...

પ્રભુ! તું એક સમયમાં અનંત અનંત ગુણની લક્ષ્મીથી ભરપૂર જ્ઞાયક છો, દ્રવ્ય છો, અનંત સંપદાનો નાથ છો; સમ્યગ્દર્શનના વિષયસ્વરૂપ એવા તારા ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં ભાવલિંગનો પણ અભાવ છે. પૂર્ણાનંદના નાથ એવા જ્ઞાયકદ્રવ્યની પ્રતીતિ, અનુભવમાં પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને તેમાં સ્થિરતા—તે ત્રણ દશાઓ પણ જ્ઞાયકમાં નથી. ધ્રુવ જ્ઞાયકભાવને કોઈ પણ પર્યાયની અપેક્ષા નથી. પરમાર્થે તો જ્ઞાયકમાં કોઈ પણ પર્યાયનો વેશ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવને ભાવલિંગ સદ્ભૂતવ્યવહારનયથી (પર્યાયની અપેક્ષાએ) છે. પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તો ભાવલિંગ પણ જીવમાં નથી; કેમ કે ભાવલિંગ તો પર્યાય છે, ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ નથી. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકને કોઈ પણ પર્યાયવેષ કે પર્યાયની અપેક્ષા નથી.

**"આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી."**

અહાહા! દયા-દાનનો ભાવ થાય તે તો રાગ છે; તે રાગની પર્યાય તો જ્ઞાયકમાં નથી, પણ તે રાગના ભાવને જાણનારી વીતરાગી પર્યાય તે પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. અહા! આવી સત્ય વસ્તુની વાત ક્યારે મળે? સાંભળવાય મળતી નથી. ભગવાન સર્વજ્ઞદેવે કહેલું પરમ સત્ય તત્ત્વ તો આ છે. તેને સંતો જગત પાસે જાહેર કરે છે; આડતિયા થઈને જાહેર કરે છે. માલ તો સર્વજ્ઞ ભગવાનનો છે. તને રુચે તો લે; ન રુચે તો તું સ્વતંત્ર છો; ત્રિકાળી પરમ સત્ય તત્ત્વ તો આ છે.

નિયમસારની ૩૮ મી ગાથામાં પર્યાય વિનાની ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકચીજને નિશ્ચય આત્મા કહેલ છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—તે સાતેય પર્યાય છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે તેથી તે નાશવાન છે. ત્રિકાળ અવિનાશી જે ધ્રુવ જ્ઞાયક વસ્તુ તે જ નિશ્ચય-આત્મા, સત્ય-આત્મા, સત્યાર્થ-આત્મા કહેવાય છે. ત્રિકાળી જ્ઞાયક પૂર્ણ સત્તાને અવિનાશી સત્-આત્મા કહે છે; પર્યાય તે ત્રિકાળી ધ્રુવ સત્-આત્મા નથી, તે નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય પણ, દરેક સમયે તે બદલતી હોવાથી, નાશવાન છે.

સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન આત્મા બંધના માર્ગને, બંધને, મોક્ષના માર્ગને ને મોક્ષને કરતો નથી; કેમ કે તે પર્યાય છે. કાર્ય તો બધું પર્યાયમાં થાય છે, ધ્રૌવ્ય તો ત્રિકાળી સાદૃશ્ય એકરૂપ છે; તે ધ્રૌવ્યમાં ક્યાં કાંઈ કાર્ય થાય છે? નિશ્ચયથી તો તે એક પરમાર્થ-આત્મા છે. કેવળજ્ઞાનની કે સિદ્ધની પર્યાય સમયે સમયે પલટતી હોવાથી, બદલતી હોવાથી, તે નાશવાન છે. એ અપેક્ષાએ ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ વસ્તુ જે એકરૂપ સાદૃશ્ય છે તેને નિશ્ચય સત્ય આત્મા કહેલ છે. તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. નિશ્ચય મોક્ષમાર્ગની ને મોક્ષની પર્યાય તે વ્યવહાર આત્મા છે અને ત્રિકાળી ધ્રૌવ્ય તે નિશ્ચય આત્મા છે—એમ એક આત્મામાં બે પ્રકાર કહ્યા છે.

અહીં કહે છે કે—આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. આમાં ભાવ તો ઘણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊંચા છે. ભાષા તો સાદી ગુજરાતી છે. બેનનાં વચનામૃત છે, તેનો આ ૧૦૫ મો બોલ છે. પુસ્તક તો ખરે ટાણે બહાર આવી ગયું છે. એકલો માલ છે.

પ્રભુ! શું કહીએ? અરે, ક્યાં વિરહ પડ્યા પ્રભુના! આ તો...મારગ વાણીમાં રહી ગયો. પ્રભુ ચાલ્યા ગયા મુક્તિમાં. સીમંધર ભગવાન ત્યાં વિદેહમાં રહી ગયા. અમે ત્યાં ભગવાન પાસે હતા. સમોસરણમાં કાયમ જતા હતા. છેલ્લી સ્થિતિમાં પરિણામ જરા ઠીક ન રહ્યા અને આ કાઠિયાવાડમાં—ઉમરાળામાં—ઊપજવું થઈ ગયું...ભગવાનની વાણી રહી ગઈ...અરેરે, ત્રિલોકીનાથના વિરહ પડ્યા! પંચમ આરામાં ભગવાનની અહીં ઉત્પત્તિ પણ નહિ! કેવળજ્ઞાનની ઉત્પત્તિ પણ નહિ કોઈ જીવને! કેવળજ્ઞાનીની હાજરી નથી, પણ એમની વાણીની હાજરી છે. તેમાં આત્મા શી ચીજ છે, તેનું ત્રિકાળી અસલી સ્વરૂપ શું છે—એ બતાવ્યું છે. અહાહા ગજબની વાત છે!

અહા! મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધ દશા તે બધી એક સમયની પર્યાય છે. પર્યાયની મુદત એક સમયની છે, બીજા સમયે બીજી થાય છે; અંદર ધ્રુવ જ્ઞાયક દ્રવ્ય તે તો ત્રિકાળ એકરૂપ સદૃશ છે. આવું સ્પષ્ટીકરણ તો જ્યારે સામે તે વિષય આવે ત્યારે વિસ્તારથી થાય છે, ખેંચીને કર્યું નથી. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્મામાં દ્રવ્યલિંગ તો છે જ નહિ, પણ, ભાવલિંગ—મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ પણ નથી.—એવી એકરૂપ સદૃશ ધ્રુવ ચીજ તેને અમે પરમાર્થ આત્મા કહીએ છીએ. લોકો અંદરની આ વાત સમજે નહિ એટલે બહારમાં, ફલાણું ખાવું-ન ખાવું, લુગડાં છોડી દેવાં વગેરે ભ્રમણામાં અટકી ગયા છે.

ત્રિકાળી નિત્યાનંદ જ્ઞાયકપ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય છે, તે મોક્ષના મારગરૂપ કે સમકિત-પર્યાયરૂપ પણ થતો નથી, તે તો અપરિણામી ધ્રુવ ટકતો અંશ છે. તે બદલાતો નથી, પલટતો નથી, હલચલ વિનાનો ત્રિકાળી ધ્રુવ છે. સમ્યગ્દર્શન માટે આશ્રય કરવા લાયક તે ચીજ છે. સમકિતીની નજર નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ ઉપર કાયમ રહેતી હોય છે. ચાહે તો ખાવા-પીવાના, બોલવાના, વેપારધંધાના વગેરે અનેક પ્રકારના વિકલ્પો આવે અને બહારમાં તે પ્રકારની ક્રિયા પણ થતી હોય, પણ દૃષ્ટિમાં તો તેને એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તત્ત્વ જ છે. જ્ઞાયકતત્ત્વનો દોર તેને કદી ખસતો નથી. જેમાં મોક્ષની પર્યાય પણ નથી એવા ધ્રુવ જ્ઞાયક ઉપર તેની નજર કાયમ હોય છે. સાથે જ્ઞાન છે તે પર્યાયને જાણવાનું કામ કરે છે. જો ધ્રુવ તત્ત્વ ઉપરથી નજર ખસી જાય અને પર્યાય ઉપર નજર ચોંટી જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

અહા! પ્રમત્ત-અપ્રમત્ત વગેરે પર્યાયો છે તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયનો વિષય જ નથી—એમ નથી. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન ને સિદ્ધપદ—એ બધું પર્યાયનયનો—વ્યવહારનયનો વિષય છે. જીવવસ્તુ અનાદિ-અનંત એકરૂપ છે; તેના અવસ્થાભેદે સંસારી ને સિદ્ધ એવા બે ભાગ પાડવા તે વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વમાં પરમાર્થે એવા બે ભેદ નથી. અહા! વીતરાગદર્શન કોઈ અલૌકિક છે; તે વિશ્વદર્શન છે. વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞભગવાને જેવું જાણ્યું છે તેવું કહ્યું છે. તને તે યથાર્થ તત્ત્વ સાંભળવા મળ્યું નથી, તેથી આ બીજી ચીજ છે, નવી છે-એમ લાગે છે; પરંતુ ખરેખર તેમ નથી; ચીજ તો અનાદિની છે, આમ જ છે, તેમાં કોઈએ કાંઈ નવીન કર્યું નથી; વસ્તુસ્થિતિ જ આ છે.

વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છે, તેના પર દૃષ્ટિ થઈ શકે છે. તે જ કરવાનું છે. બીજું પરનું તો કંઈ થઈ શકતું જ નથી. દૃષ્ટિના વિષયભૂત જ્ઞાયક આત્મામાં ઠરવાનું છે તે ચારિત્ર છે. તે કયાંય બહારથી આવતું નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. અહા! આવી વાત છે! આ તો બધી મૂળ વાત છે.

મથુરામાં વ્યાખ્યાનમાં 'કેવળજ્ઞાન તે પર્યાય છે'—એમ કહ્યું ત્યાં પંડિતોને નવાઈ લાગી. કેવળજ્ઞાન તે આત્માનો ગુણ નથી, પર્યાય છે ભાઈ! ગુણ તો કાયમ રહે છે. ઉત્પન્નધ્વંસી તો પર્યાયનો સ્વભાવ છે. કેવળજ્ઞાન ત્રિકાળી ગુણ નથી, પર્યાય છે, અવસ્થા છે. અહા! અત્યારે તો તત્ત્વજ્ઞાનનો જે મૂળ વિષય તેમાં જ બધા ફેરફાર થઈ ગયા છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું જે કારણ તેમાં જ બધા ગોટા ઊઠયા છે. ભાઈ! તેમાં તો તારું હિત નહિ થાય. તારે દેહ છોડીને જવાનું છે. ત્યાં તારી આવી માન્યતા હશે કે રાગથી ધર્મ થાય, તો તેના ફળમાં તને દુ:ખનું વેદન થશે. તે દુ:ખના વેદનથી ભવિષ્યમાં જ્યાં જઈશ ત્યાં તને દુ:ખ થશે. અહા! સંતો—જ્ઞાનીઓ—તને તારા હિતની વાત સંભળાવે છે.

'જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'

જ્ઞાયક પદાર્થમાં મુનિપણાની ને સિદ્ધની પર્યાયનો પણ અભાવ છે. ખરેખર જ્ઞાયક પદાર્થને એક પણ પર્યાય-અપેક્ષા નથી. પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર. જે પર્યાય પ્રગટ થઈ છે તેના ઉપર નજર ન રાખ; નજર તો ત્રિકાળી એકરૂપ જ્ઞાયકપ્રભુ છે ત્યાં કર. ત્યાં નજરબંધી કરી દે. તારી નજરને ધ્રૌવ્યમાં ધ્રુવ કરી દે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય. તે સમ્યગ્દર્શન વિના ભલે અગિયાર અંગનો પાઠી હોય તોપણ અજ્ઞાની છે. સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, ઉપવાસ કરે, પરિષહ સહન કરે, તે બધો કલેશ છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૧૦૬

**ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે. ૧૦૬.**

**'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'**

તું પોતે ચૈતન્યસ્વરૂપ સ્વયં જ્ઞાયક ભગવાન છો. તેને ક્યાંય બહારથી લાવવો પડે છે–એમ નથી; તેથી તેને પ્રાપ્ત કરવો તે સુગમ છે. તું પ્રભુ પોતે છો તેને પ્રાપ્ત કરવો છે. સ્વયં તું પોતે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ આત્મા 'છો' તેનો વિશ્વાસ કર. 'છે' તેને પ્રાપ્ત કરવો છે. તે ચૈતન્યસ્વરૂપ આત્મા રાગસ્વરૂપ, પુણ્યસ્વરૂપ કે પાપસ્વરૂપ નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા તારો પોતાનો છે; પોતાને પોતાપણે પ્રાપ્ત કરવો તેમાં દુર્લભ શું? પોતાને પોતાથી પ્રાપ્ત કરવો સુગમ છે. શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે: 'સત્ સરળ છે, સુગમ છે, સર્વત્ર છે.' કોઈ પણ ક્ષેત્રમાં હો, કોઈ પણ પર્યાયમાં હો, વસ્તુ તો વસ્તુપણે કાયમ છે. ચૈતન્યસ્વરૂપ આત્મા તું પોતે તારો પોતાનો છો, તેથી તેને પ્રાપ્ત કરવો સુગમ છે. જે 'છે' તેને મેળવવું તેમાં વિશેષ શું છે?

**'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે.'**

પરપદાર્થ તો પરના છે જ, તે તારા થઈ શકતા નથી જ; પણ દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો જે રાગ છે તે પણ પરભાવ છે, તે પરભાવને પોતાના કરવા માગીશ તો તે પણ નહિ થઈ શકે. જ્યાં રાગાદિ પરભાવ પોતાનો સ્વભાવ થઈ શકતા નથી ત્યાં, બીજાં રજકણો અને શરીરને પોતાનાં કરવા તે તો દૂરની વાત છે. ત્રણ કાળમાં કદાપિ તે તારાં થઈ શકશે નહિ.

ઘર, કુટુંબ, ધન વગેરે પરપદાર્થ છે; તે, આત્માથી તદ્દન જુદા છે. તેઓ પરચીજ છે, તે તારા થઈ શકશે નહિ, તારા બની શકશે નહિ. જે તારું છે તેને પ્રાપ્ત કરવું તે બની શકે છે. લક્ષ્મી, કુટુંબ, મકાન તે પર છે; તેને તું પોતાનાં કરવા મથે છે. પરંતુ તે તારાં થઈ શકવાનાં નથી. પરને પોતાના કરવામાં—પોતાના કરવાના પ્રયત્નમાં—તો તને આકુળતા થશે; છતાં પરવસ્તુ તારી થઈ શકશે નહિ.

ચૈતન્યસ્વરૂપ આત્મા તારો છે, તું પોતે જ છો, તેથી તેની પ્રાપ્તિ કરવી સહેલી છે. જે સ્થળ 'હોય' ત્યાં જવું સુગમ છે, પણ જો તે સ્થળ 'હોય' જ નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને કોઈ ત્યાં જવાનો પ્રયત્ન કરે તો તે સફળ થઈ શકશે નહિ. સ્થાન જ નથી, તો પછી જવું ક્યાં? એમ રાગ ને પુણ્ય આદિ બાહ્ય વસ્તુમાં આત્માનું સ્થાન જ નથી; તેને તું આત્માની કરવા માગીશ, તો તે કોઈ રીતે તારી થવાની નથી. પરને પોતાના કરવા માગીશ, ત્યાં પરને પોતાના કંઈ કરી શકીશ નહિ ને ઊલટાની તને આકુળતા થશે.

પરપદાર્થ તે પરના છે. તેની સત્તા તેના પોતામાં છે. શરીર, મકાન, કુટુંબ, મા-બાપ વગેરે પોતાની સત્તા—હયાતી છોડીને તારાં થશે નહિ. ત્યાં તારો પુરુષાર્થ કામ કરી શકશે નહિ. આત્મા પોતે પોતાનો છે, તે પોતારૂપ થઈ શકશે, બીજું કંઈ નહિ થઈ શકે. તેનું કારણ—જે પરદ્રવ્ય છે તે સ્વદ્રવ્યરૂપે નહિ થઈ શકે, પરપણે સદા રહેશે. અરે! બીજી વાત તો દૂર રહો, પણ પર્યાયને તું દ્રવ્યરૂપ કરવા જઈશ તો તે પણ નહિ થઈ શકે.

આ આંગળી છે તે, તે જ આંગળીની છે, બીજી આંગળીની નથી. આ આંગળીને બીજી આંગળીની કરવા માગે, તો તે થઈ શકશે નહિ. પરપદાર્થ જે પરરૂપે છે તેને પોતાના કરવા માગે તે નહિ થઈ શકે. પોતાનો કરવામાં—એવા પ્રયત્નમાં—માત્ર આકુળતા થાય છે.

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે. હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૩૮

તા. ૧૫-૭-૭૮

## વચનામૃત—૧૦૭

**શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે. ૧૦૭.**

**'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્યદર્દ તેની દૃ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'**

કેવો સિદ્ધાંત! આત્મા—જે ત્રિકાળી શાશ્વત વસ્તુ છે તે—ઉત્પાદ ને ધ્વંસ, ઉત્પત્તિ ને વ્યય, વિનાની કાયમી ચીજ છે. સંયોગી ચીજ, રાગ અને એક સમયની પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, જેમાંથી અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો પાક થાય એવું જે શાશ્વત શુદ્ધિધામ બળવાન આત્મદ્રવ્ય તેના ઉપર જેની દૃષ્ટિ થઈ તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ. દૃષ્ટિના વિષયભૂત ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય સંયોગના સંબંધથી, રાગથી ને એક સમયની પર્યાયથી પણ રહિત છે. શું કહે છે? નિત્ય શુદ્ધિધામ એવો ભગવાન આત્મા તું છો, તારી પાસે છો, તે તું જ છો. શાશ્વત શુદ્ધિનું ધામ, પવિત્રતા ને આનંદનું સ્થળ એવું જે જોરદાર આત્મદ્રવ્ય તેની ઉપર દૃષ્ટિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન છે. દેહના અસ્તિત્વમાં, રાગની હયાતીમાં ને એક સમયની પર્યાયમાં જેનું 'હોવાપણું' નથી, પણ જેનું 'હોવાપણું' શાશ્વત શુદ્ધિસ્થળ એવા બળવાન આત્મદ્રવ્યમાં છે એવા નિજ ધ્રુવ જ્ઞાયકતત્ત્વની જેને દૃષ્ટિ થઈ તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ.

એક બાજુ એમ કહેવું કે આત્મામાં અનંત બળ—સ્વરૂપની રચના કરવાનું સામર્થ્ય—ભરેલું પડયું છે, ને બીજી બાજુ એમ કહેવું કે ત્રિકાળી ધ્રુવ વીર્ય છે તે સ્વરૂપની પર્યાયને રચે નહિ; અહા! ગહન વિષય છે! સર્વજ્ઞ...સર્વજ્ઞ...તું સર્વજ્ઞ છો. જે સર્વજ્ઞ થયા તે પર્યાય કયાંથી આવી? અહીં એમ કહે છે કે—શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. ત્રિકાળી શુદ્ધનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વીકાર થયો ત્યાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનાકુળ આનંદ, શાંતિ, ઈશ્વરતા-પ્રભુતા વગેરેની દશામાં શુદ્ધતા પ્રગટે જ.

લોકોએ બહારમાં એવું બધું કરી નાખ્યું છે કે—ત્યાગ લઈ લીધો એટલે થઈ ગયા અમે સમકિતી, ને થઈ ગયા અમે ચારિત્રવંત! ભાઈ! બાપુ!...અહા અંદરની આત્મવસ્તુ! એને કેમ કહેવી ને સમજવી? એ અલૌકિક વાતો છે! શાશ્વત શુદ્ધિધામ એવા નિજ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી એ કાંઈ સાધારણ વાત છે? એ કાંઈ વાતોથી પ્રાપ્ત થાય એમ છે? એ તો અંતરની દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય એમ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ને પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગ મારું સ્વરૂપ છે એવું માનવું તે તો મિથ્યાત્વ છે. પરંતુ આત્મા તો શુભાશુભ સર્વ રાગથી રહિત, ત્રિકાળ શુદ્ધિધામ, નિત્ય આનંદનું દળ એવો બળવાન—જોરદાર જ્ઞાયક પદાર્થ છે; તેનો જેણે આશ્રય લીધો, તેના ઉપર જેણે દૃષ્ટિ મૂકી અને એ દૃષ્ટિ વડે જેણે આખા પૂર્ણ જ્ઞાયકને સ્વીકાર્યો તેને શુદ્ધ પર્યાય પ્રગટે જ. આવી વાતો છે. સાધારણને તો કઠણ પડે; અભ્યાસ નહિ ને.

**'વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'**

વિકલ્પ નામ રાગ. અંદરમાં જેટલો દયાનો, ભક્તિનો—અરે! પરમાત્માની શ્રદ્ધાનો—રાગ ઉત્પન્ન થાય કે ગુણભેદના વિકલ્પનો રાગ થાય તેનાથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી; તેનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ ને વીતરાગતા પ્રગટતી નથી.

અહીં, 'શુદ્ધિધામ' શબ્દ ઉપરથી શ્રીમદ્‌ની 'સુખધામ'વાળી કડી યાદ આવી.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્‌ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની થઈ ગયા. ગૃહસ્થાશ્રમમાં હતા. એક ભવ કરીને મોક્ષ જશે—એવી શક્તિ હતી. ઝવેરાતનો લાખોનો ધંધો હતો, પણ એ બધું પર... પર...ને અત્યંત પર—એવું ભાન હતું. દૃષ્ટિમાં તો પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા જેને તરવરતો હતો તે પોતે કહે છે કે—"ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો. જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે."

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન:—શુદ્ધિધામ એવા જ્ઞાયકતત્ત્વ ઉપર દૃષ્ટિ પડી છે ને?**

**ઉત્તર:—જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ તો છે પણ હજુ અસ્થિરતાને લીધે ચારિત્રનો પુરુષાર્થ થોડો બાકી છે. શુદ્ધિની પૂરણતા પ્રગટાવવાની ભાવના છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ એવું જે શુદ્ધિનું ધામ એમાં અમે ગયા, પણ હજી પૂર્ણ સ્થિર થઈ શકયા નથી. તેથી કહે છે—**

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.

મુંબઈમાં ઝવેરાતનો ધંધો હતો, છતાં પણ જેમ કાચલીથી નાળિયેરનો ગોળો છૂટો પડી જાય, એમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં ધંધાથી, શરીરથી ને રાગથી છૂટા પડી ગયા હતા. અસ્થિરતાને લીધે ગૃહસ્થદશા હતી, વેપારધંધો હતો, પણ અંદર ભાવના પરમાત્મપદની પ્રાપ્તિની હતી. દેહ છૂટવાના પ્રસંગે ભાઈને કહ્યું: 'બાને દિલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં સમાઉં છું.' ૩૩ વર્ષની ઉંમર હતી. આરામખુરશીમાં બેઠા હતા ને અંદર અતીન્દ્રિય આનંદના ધામમાં ઉપયોગને વાળી દીધો; પણ હજી પૂર્ણ સ્થિરતા થઈ નથી તેથી એકાદ ભવ કરવો પડશે.

શુદ્ધિનું ધામ એવું જે નિજ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ તેનો અંદર સ્વીકાર કરતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય જ. તેનો પૂર્ણ આશ્રય લે તો પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય, અલ્પ આશ્રય લે તો સમ્યગ્દર્શન-જ્ઞાનની નિર્મળ પર્યાય પ્રગટ થાય અને મધ્યમ આશ્રય લે તો સમકિત સહિત ચારિત્રદશા પ્રગટ થાય. અંદરમાં એકદમ પૂર્ણ આશ્રય લેતાં સર્વજ્ઞ થઈ જાય, સિદ્ધ થઈ જાય.

એવું જે ભગવાન આત્મદ્રવ્ય તેને વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. 'હું શુદ્ધ છું', 'હું પૂરણ છું', 'હું અભેદ છું', 'હું અખંડ છું' ને 'હું શુદ્ધિધામ છું' એવી ગમે તેટલી વૃત્તિઓ ઉઠાવ તેનાથી શુદ્ધિ નહિ પ્રગટે. સમજાણું કાંઈ?

**'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'**

અનંત ગુણનું ધામ એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં લીધો, એનું આલંબન લીધું, તે એકને જ ગ્રહણ કર્યો, તેમાં બધું આવી જાય છે. તેમાંથી જ્ઞાન થાય, દર્શન થાય, ચારિત્ર થાય, અતીન્દ્રિય નિરાકુળ આનંદ થાય—એ બધું થાય. અહાહા! એકને જાણ્યો એમાં બધું આવી ગયું. જ્ઞાયક એકને જાણ્યા વિના તું બીજી બધી લાખ વાત જાણ—જગતની કે શાસ્ત્રની—એમાંથી શુદ્ધતા નહિ આવે. જેણે પૂર્ણાનંદના નાથને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકને પકડયો તેને એમાં બધું આવી ગયું; કારણ કે તેનાથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંત વીર્ય વગેરે બધું પ્રગટે છે.

**'દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે.'**

શું કહ્યું? દ્રવ્યદૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન વિવેક કરીને જાણે છે કે પર્યાયમાં હજી રાગ છે, હજી અવસ્થામાં હું પૂર્ણ શુદ્ધ થયો નથી. ત્રિકાળી પૂર્ણ શુદ્ધ જ્ઞાયકતત્ત્વને દૃષ્ટિમાં પકડયું છે, પણ પર્યાયમાં હજી અપૂર્ણતા છે. દૃષ્ટિ તેનો સ્વીકાર કરતી નથી; દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી પૂર્ણ તત્ત્વ જ છે. પરંતુ દૃષ્ટિ થતાં જે સમ્યગ્જ્ઞાન થયું તે ત્રિકાળી તત્ત્વને પણ સ્વીકારે છે અને પર્યાયમાં અપૂર્ણતા, રાગ, પુરુષાર્થની કચાશ વગેરે છે તેને પણ બરાબર જાણે છે. સાધકનું તે જ્ઞાન એમ જાણતું નથી કે—'હું પર્યાયમાં પૂરો થઈ ગયો છું'. અહા! સમજાણું કાંઈ? બાપુ! આ મારગડા બીજા છે, ભાઈ!

જેમાં 'કરવું', 'કરવું'—એવા વિકલ્પનો પણ અવકાશ નથી, અરે! ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ છે તેનાથી પણ જે પ્રાપ્ત થાય એમ નથી, તે બીજી કઈ રીતે પ્રાપ્ત થાય? પંચમ કાળ હોય કે ચોથો કાળ હોય, ભવ નરકનો હોય કે તિર્યંચનો હોય, શાશ્વત શુદ્ધિધામ એવો ભગવાન આત્મા પોતે તો બધેય પડયો છે. એ શુદ્ધ ધ્રુવધામમાં જવાથી નિર્મળ દશા પ્રગટ થાય જ; પણ બીજા કોઈ વિકલ્પથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.

પ્રશ્ન:—સમ્યગ્દર્શન છે કે નથી—એ બીજાને કઈ રીતે ખબર પડે?

ઉત્તર:—પ્રભુ! શું કહીએ? અહા! શ્રુતજ્ઞાન શી ચીજ છે! શ્રુતજ્ઞાન તો કેવળીને પણ પરખી લે છે. શ્રુતજ્ઞાને તો કેવળીનું અંતર ખોલ્યું છે. કયાં અને કોને સમ્યગ્દર્શન હોય કે ન હોય—શ્રુતજ્ઞાન એ બધું જાણી શકે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન હોય તો જ એ જાણી શકાય-એવું કાંઈ નથી. તેથી કહ્યું ને કે એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. એના જ્ઞાનમાં બધો વિવેક આવી ગયો. તે જ્ઞાન પોતાની અપૂર્ણ દશા છે તેને જાણે, સામાની દશા સમ્યક્ત્વરૂપ કે મિથ્યાત્વરૂપ કઈ રીતે છે તે પણ જાણે. ભગવાન આત્માની સાચી દૃષ્ટિ થતાં જે જ્ઞાન થયું તે બધો વિવેક કરે છે.

—o—

## વચનામૃત—૧૦૮

**જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય. તું આ ચૈતન્યમાં—આત્મામાં ઠર નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે. ૧૦૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.'**

અહાહા! સિદ્ધ પણ ચૈતન્યદ્રવ્યથી વધી જાય એવી ચીજ નથી; કારણ કે, તે પર્યાય છે ને? બાર અંગનું જ્ઞાન, નવ તત્ત્વનું શ્રદ્ધાન વગેરે થાય તોપણ તે ચૈતન્ય-વસ્તુથી વધી ન જાય. અહા! ચૈતન્યવસ્તુ તો કોઈ અલૌકિક છે! એના સિવાય જગતમાં કોઈ ચીજ મોટી નથી. છે એવી કોઈ વસ્તુ જગતમાં? એવી કોઈ વસ્તુ જગતમાં નથી કે જે ચૈતન્યથી ચડી જાય. કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની સ્થિતિવાળી છે અને આ ચૈતન્યતત્ત્વ તો ત્રિકાળી અનંત ગુણનો સાગર છે. એ ધ્રુવ જ્ઞાયકતત્ત્વમાં દૃષ્ટિ આપવી; કેમ કે એના જેવી માહાત્મ્યવાળી મોટી ચીજ જગતમાં કોઈ છે નહિ.

આ બધી નિશ્ચયની વાતો લોકોને—અજાણ્યા માણસને—એવી લાગે કે આ શું? આ કઈ જાતનો ધર્મ હશે? વીતરાગનો ધર્મ શું આવો હશે? છ કાયની દયા પાળવી, વ્રત પાળવાં, અપવાસ કરવા, રાત્રે ભોજન ન કરવું, ચોવિહાર કરવો વગેરે ધર્મ છે—એમ તો સાંભળ્યું છે. અરે પ્રભુ! સાંભળ તો ખરો. અંદર પર્યાયદૃષ્ટિનો ત્યાગ કરવો ને દ્રવ્યદૃષ્ટિને ગ્રહણ કરવી—એ મૂળ ચીજ છે. બહારની ચીજોનો તો વસ્તુમાં અભાવ જ છે. કર્મ, શરીર વગેરે બહારની ચીજ આત્માને અડી જ નથી; આત્મામાં તેમની નાસ્તિ છે. જેની સ્વભાવથી જ નાસ્તિ છે તેનો ત્યાગ શો? પરંતુ આત્માની પર્યાયમાં જે રાગાદિ મલિનતા છે તેની, ત્રિકાળીની દૃષ્ટિ કરીને, ઉત્પત્તિ જ ન થાય તે તેનો ત્યાગ કર્યો—એમ વ્યવહારથી કહેવાય છે. અહા! આ ચીજના ભાન વિના બાહ્ય ત્યાગનાં અભિમાન ચડી જાય કે—'અમે ત્યાગ્યું છે ને તમે ત્યાગ્યું નથી; અમે એક વાર નીરસ નિર્દોષ આહાર લઈએ છીએ, અમારા માટે કરેલો આહાર અમે ન લઈએ.' —એવી સ્થિતિ હોય તોપણ એ કાંઈ ધર્મ નથી.

કેવળજ્ઞાન પણ જે ચૈતન્યદ્રવ્ય પાસે અધિક નથી—એવો ભગવાન તું પોતે જ છો ને પ્રભુ! તને હીણો કલ્પવો તે મોટી ભ્રમણા છે. તને ચાર ગતિવાળો માનવો તે ભ્રમણા છે. ભગવાનસ્વરૂપે તું જ બિરાજે છે તેને જો. પરદ્રવ્યનું માહાત્મ્ય આવે તો તને સ્વદ્રવ્યનું માહાત્મ્ય ઊડી ગયું છે પ્રભુ!

**'તું આ ચૈતન્યમાં—આત્મામાં ઠર, નિવાસ કર.'**

નિજ ચૈતન્ય જેવી જગતમાં ઊંચી ચીજ કોઈ નથી. જેની મોજૂદગી જ્ઞાન, આનંદ આદિ પૂર્ણ સ્વભાવથી ભરેલી છે એવો જે પોતાનો ભગવાન આત્મા, અસ્તિસ્વરૂપ વસ્તુ, દ્રવ્ય, પદાર્થ, તત્ત્વ—એના જેવી મોટી કોઈ ચીજ જગતમાં નથી. માટે એ મોટી ચીજમાં જા. એ મોટીનું માહાત્મ્ય કર. તે સર્વોત્કૃષ્ટ ચીજ જ્ઞાયક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ પાસે અનુભૂતિ, સમકિત કે ચારિત્રપર્યાયનું પણ માહાત્મ્ય છે જ નહિ. એ ત્રિકાળી ચૈતન્યવસ્તુ અંતરમાં છે. અંતરમાં તેને યથાર્થપણે ગ્રહણ કરવી અને દૃષ્ટિમાં એને વિષય બનાવવી. તે માટે તું ત્યાં અંતરમાં જા, તું ત્યાં ઠર, ત્યાં નિવાસ કર, તો તને શાશ્વત શાંતિ થશે. જે ચૈતન્યવસ્તુ દૃષ્ટિમાં પહેલાં જોઈ છે ને જ્ઞાનની પર્યાયમાં જાણી છે, તે વસ્તુમાં હવે ઠર. તેનું નામ ચારિત્ર છે.

અહાહા! આ વસ્તુ આઠ આઠ વર્ષના નાના રાજકુમારો પણ પામી જાય છે. ભરતેશવૈભવમાં કહ્યું છે ને. ભરત ચક્રવર્તીના રવિકીર્તિ વગેરે ૧૦૦ રાજકુમારો ગેડીદડે રમતા હતા. સમાચાર મળ્યા કે સેનાપતિ જયકુમાર મુનિ થઈ ગયા. સમાચાર સાંભળીને રાજકુમારોને અંદરથી વૈરાગ્ય ઊછળ્યો. અંગરક્ષકોને સમજાવ્યા કે—ચાલો, આદિનાથ ભગવાનનાં દર્શન કરવા જઈએ. સમવસરણમાં જતાંવેંત બોલ્યા—'પ્રભુ! અમને દીક્ષિત કરો.' અહાહા! ચક્રવર્તીના પુત્રો એટલે પુણ્યનાં પૂતળાં! મણિરતન જેવાં જેમનાં શરીર! પૂરી સગવડતામાં ઊછરેલા! પણ એ બહારની ધૂળની મોટપ શી? અંદર અનંત અનંત મહા આનંદનું ધામ, અનંત અનંત અમર્યાદિત જ્ઞાનનું સ્થાન, અનંત અનંત પ્રભુતા—ઈશ્વરતા ભરેલો ભગવાન આત્મા બિરાજે છે. એની મોટપ પાસે બહારની બધી ચીજો તુચ્છ છે; તેમની કિંમત શી?

પ્રભુ! મોટામાં મોટી કીમતી ચીજ તું છો. જેમાંથી અતીન્દ્રિય આનંદની ભરતી આવે, અતીન્દ્રિય કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવો મોટો સુધાનો સાગર તું પોતે છો. સમયસારનાટકમાં કહ્યું છે ને—

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं।
अपने रससौं भर्यौ आपनी टेक हौं॥
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है।
सुद्ध चेतना सिंधु हमारौ रूप है॥

શુદ્ધ ચેતનાનો મોટો દરિયો અંદર છે. એ દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી બીજા બધા રખડવાના રસ્તા છે. એ મહાપ્રભુ પાસે બીજી સાધારણ ચીજનું માહાત્મ્ય શું? અરે! અગિયાર અંગનું જ્ઞાન પણ એની પાસે શું? અંદર ચૈતન્ય મહાપ્રભુ કે જેમાંથી કેવળજ્ઞાન ઊછળે છે, અનંત આનંદની ભરતી આવે છે, એ સ્વભાવસાગરમાં દૃષ્ટિ કર ને, ત્યાં જઈને ઠર ને! એ જ કરવાનું છે. ત્યાં ઠર, ત્યાં જ નિવાસ કર. તેને જ રહેવાનું સ્થાન બનાવ. ભાષા જુઓ તો સાદી ને ભાવ ઘણા ઊંડા!

**'આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'**

ભગવાનની દિવ્ય ધ્વનિમાં જે આવ્યું છે કે ભગવાન આત્મા અક્ષય, અનંત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમેય જ્ઞાન આદિ અનંત દિવ્ય ગુણોથી સમૃદ્ધ છે, તે જ વાત આ બેનની વાણીમાં આવી છે. અહાહા! શું કહીએ? દિવ્યધ્વનિમાં ભગવાન જે કહેતા હતા તે આ બેન (બહેનશ્રી ચંપાબેન) કહે છે. અહા! કેવળજ્ઞાનપર્યાયની પણ જેની સામે કોઈ કિંમત નથી એવી ધ્રુવ જ્ઞાનની લગડી, જ્ઞાનનો સનાતન સાગર, જ્ઞાનસ્વભાવનું દળ એવો તું પ્રભુ છો ને! એની અનંતતા ને અચિંત્યતા તેં કદી સાંભળી નથી. ભગવાન આત્મા દિવ્ય જ્ઞાન ને અનંત ગુણોની સંપદાવાળો છે, બાકી શરીર, લક્ષ્મી, પુણ્ય ને પાપ—એ બધું આપદા છે. ચૈતન્ય-આત્મા પોતાના અનંત દિવ્ય ગુણોથી સદા ભરપૂર છે.

**'અહો! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'**

બહારની બધી ઋદ્ધિઓ ધૂળ છે, મસાણની રાખ છે. તારામાં જે ઋદ્ધિ છે તેવી અલૌકિક ઋદ્ધિ બીજે કયાંય નથી. માળાના ૧૦૮ મણકા હોય છે ને? આ ૧૦૮ મો બોલ સારો આવ્યો છે. ભગવાન આત્મા ચૈતન્યની અગાધ ઋદ્ધિઓથી ભરપૂર છે. અહીં આપણે આત્માને ભગવાન કહીએ છીએ—એ વાત બહાર હિન્દુસ્તાનમાં ગઈ. વ્યવહારના રસવાળા ક્રિયાકાંડીઓને એ ન બેઠું, ને કહે કે—'અત્યારે ભગવાન કહેવાતો હશે? જયારે અરિહંત-સિદ્ધ થાય ત્યારે ભગવાન કહેવાય.' અરે બાપુ! સાંભળ ને. અહીં પર્યાયે ભગવાનની વાત નથી, ત્રિકાળી આત્માની વાત છે. ત્રિકાળી ભગવાન આત્માને કોઈ કાળ લાગુ પડતો નથી; કોઈ રૌદ્રધ્યાનની પર્યાય હોય, આંસુની નિરંતર ધારા વહેતી હોય એવી દુઃખદશા હોય, તોપણ વસ્તુસ્વભાવ તો જે છે તે છે; તેના મૂળ સ્વભાવમાં કાંઈ ફેરફાર થતો નથી. એની સ્વાભાવિક ઋદ્ધિ તે વખતે પણ ભરપૂર પડી છે. અરે! એ વાત સાંભળવા મળે નહિ, એ વાત એના વિચારમાં આવે નહિ, વિચાર સ્વભાવ તરફ ઢળે નહિ, ત્યાં તેનું કલ્યાણ કઈ રીતે થાય? ચૈતન્યઋદ્ધિથી ભરપૂર સ્વભાવ સમજે, તેમાં ઢળે તો કલ્યાણ થાય, મોક્ષ થાય.

—૦—

## વચનામૃત—૧૦૯

**આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય. ૧૦૯.**

**'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર.'**

સમ્મેદશિખર, ગિરનાર ને શત્રુંજય આદિ બાહ્ય તીર્થની યાત્રાના ભાવ થાય તે શુભ ભાવ છે, પુણ્ય છે, ધર્મ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—સમ્મેદશિખર તીર્થનાં દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ થાય ને?

ઉત્તર:—ભાઈ! એ ભગવાનનું વચન નથી. લાખ વાર સમ્મેદશિખરનાં દર્શન કરે પણ તેથી શું? પરિણામમાં કષાય મંદ કરે તો તે શુભ રાગ છે. શુભ રાગથી કદી મોક્ષ ન થાય, બંધ થાય. અહા! જીવોએ કયાંનો કયાં ધર્મ મનાવી દીધો છે!

આત્મારૂપી પરમપવિત્ર તીર્થ તું જ છો; જેનાથી તરવાનો ઉપાય પ્રગટ થાય છે એવું તારું તીર્થ તો તારી પાસે જ છે. કેવળજ્ઞાન પામવાનો જે ઉપાય તેને તીર્થ કહીએ. તીર્થફળ એટલે કે કેવળજ્ઞાન સ્વરૂપનો આશ્રય કરવાથી આવે છે. જે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપમાં આરૂઢ થયો એણે આત્મારૂપી પરમપવિત્ર તીર્થની યાત્રા કરી. અહાહા! શ્રી કુંદકુંદાચાર્યદેવે—પંચમ આરાના વીતરાગી સંતે—વિદેહની યાત્રા કરી હતી, સદેહે શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા. એ પણ શુભ ભાવ હતો. ખરેખર તો આ આત્મા જ અંદર પરમ તીર્થ છે કે જેમાં આરૂઢ થવાથી પવિત્રતાની ધારા પ્રગટ થાય છે. અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાન આત્મા પરમપવિત્ર તીર્થ છે, એમાં તું સ્નાન કર; એમાં જા...એમાં જા...તો તારો સંસારકીચડ ધોવાઈને સાફ થઈ જશે ને અંદર પરમ પવિત્રતા પ્રગટ થશે.

શત્રુંજયની ૯૯ જાત્રા કરે અને એટલો મહિમા કરે, જાણે અમે તરી ગયા! ભાઈ! એ શુભભાવ છે, ધર્મ નહિ. અશુભથી બચવાની અપેક્ષાએ તેને યાત્રા કહેવાય છે. બાકી ખરું તીર્થ તો, સમતાનો સાગર, સમતાનો ડુંગર, વીતરાગભાવથી ભરેલો સમ્મેદશિખર એકલો પોતે છે. ત્યાં એક વાર જવાથી તારું પવિત્રતાનું કામ થઈ જશે. આમાં આવું આવે એટલે લોકોને લાગે કે-અરે! અમારાં તીર્થ અને યાત્રાને આ ઉડાડે છે, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિને રાગ કહે છે. બાપુ! તારો નાથ તો અંદર વીતરાગ ભાવથી ભરેલો છે ને! આત્મા અંદર વીતરાગસ્વરૂપ જ, જિનસ્વરૂપ જ છે. એ જિનસ્વરૂપ નિજ આત્મામાં આરૂઢ થા, તેની યાત્રા કર, તેમાં સ્નાન કર.

**'આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'**

પહેલાં કહ્યું ને—આત્મા એકલો પવિત્રતાનો પિંડ છે, પવિત્રતાનું તીર્થધામ છે, પવિત્રતાથી ભરેલો ભગવાન છે; એમાં ડૂબકી માર. ભાઈ! રાગમાં રુંધાઈ ગયો છો, ત્યાંથી ખસીને અહીં આત્મારૂપી પવિત્ર તીર્થમાં જા ને એમાં સ્નાન કર ને જાણવા-દેખવાનો જે ઉપયોગ રાગમાં વર્તે છે, તે વર્તે તો છે જ; તે ઉપયોગને આત્મામાં જોડી દે. તારી પવિત્રતા તારામાં પડી જ છે; તેમાં ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા, આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૩૯

તા ૧૬–૭–૭૮

## વચનામૃત—૧૦૯

આ ૧૦૯ મા બોલની બે લીટી કાલે ચાલી હતી. થોડું ફરીને...

'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર.'

અશુભથી બચવા માટે જ્ઞાનીને પણ શુભ ભાવ આવે, પણ તે છે તો અશુચિ ને દુઃખરૂપ; અને ભગવાન આત્મા તો પવિત્ર છે, સુખરૂપ છે. જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો જે પિંડ છે, પવિત્રતાનો પિંડ છે તેને પ્રભુ આત્મા કહીએ. એ નિજ આત્મા જ પરમપવિત્ર તીર્થ છે. તેમાં સ્નાન કર. અહા! પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા કે જે પવિત્ર, અતીન્દ્રિય આનંદનો રસકંદ છે તેમાં સ્નાન કર. તેમાં એકાગ્રતા કરીને આનંદનો સ્વાદ લે.

'આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'

રુચિ બહારમાં હોવાથી વર્તમાન જ્ઞાનનો વ્યાપાર જે રાગ, પુણ્ય ને પર ઉપર છે તેને, રુચિ અંતરમાં પલટાવીને, પવિત્રતાનું પૂર્ણ ધામ એવા નિજ જ્ઞાયક ભગવાનમાં મૂક. અહા! આવી વાત છે! આત્મા અંદરમાં પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે, સ્વયં જિનસ્વરૂપી છે. એ પવિત્રતાના ધામમાં—એ તીર્થમાં જા, તેમાં એકાગ્રતા-રૂપી સ્નાન કર, તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટશે અને મલિનતા ટળી જશે, નિર્મળતા અને અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થશે. અહા! તે પવિત્ર ધામમાં ઉપયોગ મૂક.

શુભ ને અશુભ એ તો બહારનો ઉપયોગ છે, મલિન ઉપયોગ છે. અંદર ભગવાન આત્મા—એનો સ્વભાવ, એની શક્તિ, એનું સત્ત્વ, એના ગુણો—પવિત્ર છે. અહો! એવો પરમપવિત્ર પ્રભુ અંતરમાં છે, ત્યાં ઉપયોગ મૂક ને.

જેમ લીંડીપીપર રંગે કાળી ને સ્વાદે અલ્પ તીખી લાગે છે, પણ તેને ઘૂંટવાથી રંગે લીલી ને સ્વાદે ૬૪ પહોરી પૂર્ણ તીખાશ, કે જે શક્તિપણે અંદર ભરી હતી તે, પ્રગટ બહાર આવે છે; તેમ ભગવાન આત્મા અંદર શક્તિરૂપે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ ઈશ્વરતા ને પૂર્ણ સ્વચ્છતા આદિ અનંત પવિત્રતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક પરમ ધામ છે. એના ઉપર રુચિને વાળ, તેના ઉપર ઉપયોગ મૂક. એમ કરવાથી તને પર્યાયમાં પવિત્રતા ને આનંદ પ્રગટ થશે.

તારે જો આત્માનું કલ્યાણ કરવું હોય તો અંદર કલ્યાણમૂર્તિ પ્રભુ આત્મામાં નજર કર. ધર્મના નામે અત્યારે ઘણો ફેરફાર થઈ ગયો છે. પોતે જ સત્, ચિદ્ ને આનંદસ્વરૂપ પ્રભુ છે, ને તે ઝાવાં નાખે છે બહારમાં! અરેરે! શરીરમાંથી, બાયડીમાંથી ને પૈસામાંથી આનંદ આવશે—એમ મૂર્ખાઈ સેવીને ચાર ગતિમાં ચોરાશીના અવતાર કરી રહ્યો છે.

આ આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ શક્તિરૂપે ભર્યાં પડયાં છે. પીપરમાં લીલો રંગ ને ચોસઠપહોરી પૂર્ણ તીખાશ ભરી છે, બહારમાં કાળી ને અલ્પ તીખી લાગે છે; તેમ આત્માની પર્યાયમાં પુણ્ય-પાપરૂપ મલિનતાની કાળપ છે, પણ મૂળ વસ્તુસ્વભાવમાં એ નથી. ભગવાન આત્મા એ મલિનતાથી ભિન્ન શુદ્ધ જ્ઞાયકમૂર્તિ આનંદઘન છે. પ્રભુ! ત્યાં ઉપયોગ મૂક, પરિણામને ત્યાં જોડી દે. અહા! વીતરાગની આવી વાતો છે!

**'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'**

અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસ્વરૂપ પવિત્રતાનું જે પરમ ધામ છે એવું સર્વોત્કૃષ્ટ તત્ત્વ આત્મા પોતે જ છે. એમાં એકાગ્ર થઈ તરબોળ થા. એ જ્ઞાયક આત્મામાં પરિણામને જોડવાથી, તેમાં તરબોળ થવાથી અંદર અતીન્દ્રિય આનંદનું ઝરણું ઝરશે. તેનાથી મલિનતા ટળી જશે ને નિર્મળતા પ્રગટ થશે.

પ્રશ્નઃ—આ નિશ્ચયાભાસની વાત ન કહેવાય?

ઉત્તરઃ—ભાઈ! આ નિશ્ચયની વાત તે જ સત્યાર્થ છે. બહારનાં તીર્થની ને યાત્રાના શુભભાવની વાતો તે વ્યવહાર ને રાગ છે. અહા! તને તારા પરમાર્થ તત્ત્વની, તારી મોટપની, ખબર નથી, તેનો મહિમા નથી એટલે તને નિશ્ચયાભાસ જેવું લાગે છે.

**'આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય.'**

અંદર શુદ્ધ ચૈતન્યધામમાં જા, એકાગ્ર થા, તો અવસ્થામાં જે મલિનતા છે તેનો નાશ થશે ને નિર્મળ દશા પ્રગટ થશે; એનું નામ ધર્મ છે.

પ્રશ્નઃ—આવો ધર્મ કયાંથી કાઢયો? નવો કાઢયો?

ઉત્તરઃ—પ્રભુ! નવો નથી. બાપુ! તને ધર્મના સ્વરૂપની ખબર નથી. નિજ પરમાનંદનો નાથ એવા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પર નજર કરતાં અંદર જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળ દશા પ્રગટ થાય અને રાગાદિ અશુદ્ધતાનો નાશ થાય તે સાચો વીતરાગ ધર્મ છે. ભાઈ! અંદર આત્મા કેવડો છે, કેવો છે, કોણ છે, તેની તને ખબર નથી. સર્વજ્ઞ જિનેશ્વરદેવ દિવ્ય ધ્વનિ દ્વારા પોકાર કરીને જગાડે છે કે—જાગ રે! જાગ! તું અનાદિથી રાગ ને પુણ્ય-પાપના ભાવમાં એકત્વબુદ્ધિથી ઊંઘી રહ્યો છે. તારી જાતને તેં કદી જગાડી નથી. અરે! પુણ્ય-પાપના દુ:ખભાવમાં જાગીને દુ:ખના વેદનમાં તું અનાદિથી રઝળી રહ્યો છે. હવે જો તારે તારું નિર્મળ વેદન કરવું હોય તો અંદર જ્યાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે ત્યાં એકાકાર થા. અહા! ભાષા આવી સહેલી! પણ ભાવ તો બાપુ, બહુ ઊંડા!...આમાં બહારની પંડિતાઈ ને શાસ્ત્રનાં ભણતર કામ ન આવે. અહા! પોતાની વર્તમાન પર્યાયને ત્રિકાળી સ્વભાવમાં જોડતાં, ભલે જ્ઞાન થોડું હો પણ રુચિ ત્રિકાળી જ્ઞાયકભાવની કરતાં, પર્યાય તેમાં ઢળે છે ત્યારે જે નિર્મળ જ્ઞાનાનંદદશા પ્રગટ થાય છે તેને અહીં ધર્મ ને મોક્ષનો માર્ગ કહે છે.

—૦—

## વચનામૃત—૧૧૦

**પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે. ૧૧૦.**

**'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી.'**

શબ્દો ટૂંકા છે પણ ભાવ બહુ ઊંચા છે. તારી ચાલતી વિચારધારાસ્વરૂપ જે પર્યાય છે તેની સમીપે જ અંદર આખું ધ્રુવ તત્ત્વ પડ્યું છે; પણ તે બદલતી પર્યાયે ધ્રુવ તત્ત્વને કદી જોયું નથી. તે પર્યાય પરને, રાગને ને પુણ્ય-પાપને જોયા કરે છે. એકલા પરને જોવાનું કામ એ તો મિથ્યાજ્ઞાન ને મિથ્યાશ્રદ્ધા છે. અહાહા! અંદર જોવાનું છે. જ્યાં જોનારો છે તેને જોતાં, જાણનારને જાણતાં, દેખનારને દેખતાં, જેની સત્તામાં—હોવાપણામાં લોકાલોક જણાય એ સત્તા જ્ઞાન છે.

કોઈ મોટા શેઠને રાજા મળવા આવ્યો હોય, ત્યારે શેઠ પોતાના છોકરાને રમાડવામાં વખત ગાળે, ત્યાં તો રાજા ઊઠીને જતો રહે. એમ આ ત્રણ લોકનો નાથ ચૈતન્યપ્રભુ પર્યાયની સમીપે બિરાજે છે, પરંતુ જીવ રાગની રમતમાં રોકાઈને એને જોતો નથી. કહેવાય છે ને કે 'મારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી'. હરિનો અર્થ આ આત્મા હો! મિથ્યાત્વ, રાગદ્વેષ, પ્રીતિ-અપ્રીતિ વગેરે વિભાવભાવોને જે હરે, નાશ કરે, તે ભગવાન આત્માને હરિ કહેવામાં આવે છે. એવો આત્મા અંદર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નજીક છે; પણ બહિરાત્મબુદ્ધિએ અંતર પરમ પુરુષ એવા નિજ આત્માને કદી જોયા નથી. નિધાન છે નજરે પડે એવું; પણ કોઈ દિવસ એના ઉપર નજર નાખી નથી. અહા! વસ્તુ અનાદિથી એમ ને એમ રહી ગઈ.

પુણ્ય-પાપના ભાવ એ તો અચેતનમય અંધકારતત્ત્વ છે. શરીર વગેરે પર પદાર્થ રંગ-રસવાળું અચેતનતત્ત્વ છે; અને પુણ્ય-પાપના ભાવ એ રંગ-રસવાળું તત્ત્વ નથી, પણ તેમાં ચૈતન્યનો અંશ નથી તેથી તે અચેતન છે. એ અચેતનની સામે ભગવાન પૂર્ણાનંદનો નાથ, પૂર્ણપ્રકાશમય ચૈતન્યચંદ્ર—એવું તારું તત્ત્વ તારી નજીક છે. એક સમયની પર્યાયની નજીક આખું ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે, પણ તેં કદી તેને જોયું નથી.

ભાઈ! અનંત કાળે તને આવો મનુષ્યદેહ મળ્યો. અંદર જ્ઞાયકભગવાન તારી વર્તમાન પર્યાયની સમીપમાં પડ્યો છે. અહા! બેઠો છે ને. પણ તારા નજરફેરના કારણે તને તે જણાતો નથી. તારી નજર રાગમાં, પુણ્યમાં ને તેના ફળમાં છે. એમાં તું રોકાઈ ગયો છો. અહાહા! એક સમયની પર્યાય ને રાગની રુચિની આડમાં, આખો ભગવાન સમીપમાં છે તેને જોયો નહિ.

અનંત વાર દિગંબર સાધુ થયો, પણ વ્રતાદિના શુભ પરિણામને જોઈને સંતોષાઈ ગયો કે 'આપણે ઘણું કર્યું'. પરંતુ એ તો અજ્ઞાન છે.

**'દૃષ્ટિ બહાર ને બહાર જ છે.'**

અહા! આ તો મંત્રો છે પ્રભુ! બેને પોતાની સાદી ભાષામાં આ બહાર પાડ્યું છે. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે તેના તરફ જોવાને અવસર લેતો નથી; અને એને જોયા વિના કોઈ દિવસ ધર્મ થતો નથી; કેમ કે–'જાણનારો પોતે પરિપૂર્ણ છે' એ દૃષ્ટિમાં ન આવે તો 'શેમાં અને કેમ ઠરવું?' એ વાત તો રહેતી નથી. રાગની ક્રિયા કરીને રાગમાં ઠરે એ તો અજ્ઞાન છે. અહા! ભારે કામ ભાઈ!

આત્માને પરમપુરુષ કહ્યો. પુરુષનો અર્થ પુરુષાર્થસિદ્ધયુપાયમાં કહ્યો છે કે—पुरौ शेते इति पुरुषः । જ્ઞાન, આનંદ આદિ પોતાના ગુણોના પુરમાં—શહેરમાં શયન કરે, રમણ કરે, નિવાસ કરે તે પુરુષ છે. પુરુષરૂપ શરીરના લિંગની અહીં વાત નથી. એ તો માટી, જડ, પુદ્ગલ છે. ભગવાન પરમપુરુષ ચૈતન્ય ને આનંદ આદિ પોતાના સ્વરૂપમાં રમે તેને જ રામ કહીએ; પોતાના ચૈતન્યસ્વરૂપને ચૂકીને રાગમાં રમે તેને હરામ કહીએ. સમજાણું કાંઈ? આકરું લાગે પણ ભાઈ! બીજું થાય શું? મારગ તો આવો છે.

બાપુ! જન્મ-મરણ કરીને સોથા નીકળી ગયા. એ દુઃખ કેવું હશે! આવાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જન્મ-મરણ એક વાર નહિ પણ અનંત વાર થયાં છે. તારી હયાતી, મોજૂદગી અનાદિથી છે, તું કાંઈ નવો થયો છે—એમ નથી. એ અનંત કાળ પ્રભુ! તું કયાં રહ્યો? આવાં ભવભ્રમણનાં દુઃખમાં રહ્યો; અને માન્યું કે અમે સુખી છીએ. પાંચ-પચીસ લાખ રૂપિયા થાય, છોકરા સારા થાય, બંગલા થાય ને માની બેસે કે 'સુખી છીએ'. સુખીની વ્યાખ્યા શી બાપુ? આ પૈસા, કુટુંબ, સ્ત્રી, બધા પ્રકારની સગવડ હોય તે સુખી? લાખો રૂપિયા હોય કે સુંદર સ્ત્રી હોય, તેથી સુખી? પર ચીજને તો જીવ અડતોય નથી. અજ્ઞાની પોતાના આનંદસ્વરૂપને ભૂલીને સ્ત્રી, લક્ષ્મી આદિની સગવડમાં 'આ ઠીક છે' એવો વિકલ્પ ઉઠાવે છે. જીવ એ વિકલ્પને—રાગને અનુભવે છે. અરૂપી આત્મા સ્ત્રીના મૂર્તિક ચામડાને શી રીતે ભોગવે? સ્ત્રીના વિષયમાં સ્ત્રીના શરીરને ભોગવતો નથી પણ તે પ્રકારના પોતાના રાગને ભોગવે છે; એ પ્રમાણે વીંછીના કરડમાં વીંછીના ડંખને અનુભવતો નથી, પણ 'આ ઠીક નથી' એવા દ્વેષને અનુભવે છે. શું જ્ઞાનમૂર્તિ આત્મા લાડવા, રસગુલ્લાં કે આઇસક્રીમ વગેરેને ખાઈ શકે છે? એ તો રૂપી પુદ્ગલ છે ને, પ્રભુ! તું તો અરૂપી છો. અરૂપી રૂપીને અડે કયાંથી? એ બધાં જ્ઞાનનાં જ્ઞેય છે. તેમને જ્ઞેય તરીકે ન જાણતાં 'આ મને ઠીક છે', 'આમાં મને મજા છે',—એમ ઇષ્ટપણું માનીને તું પોતાના રાગને વેદે છે. એમાં કયાંય તારું સુખ છે નહિ. સુખ તો અંદર તારા સ્વભાવમાં છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં વિશલ્યાની વાત આવે છે. પૂર્વભવમાં ચક્રવર્તીની પુત્રી હતી. પૂર્વના વેરના કારણે વિદ્યાધર ઉપાડી જાય છે ને જંગલમાં છોડી દે છે. ત્યાં અજગર ગળી જાય છે. સમાધિપૂર્વક દેહ છોડવાને લીધે એવું પુણ્ય બંધાઈ ગયું કે—તેના સ્નાનનું પાણી છાંટવાથી મૂર્છા ઊતરી જાય એવી લબ્ધિ પ્રગટ થઈ. રાવણે લક્ષ્મણને વિદ્યા મારી. લક્ષ્મણ મૂર્છિત થઈ ગયા. પુરુષોત્તમ પુરુષ રામચંદ્રજી જ્ઞાની મહાત્મા છે, તે જ ભવે મોક્ષ જવાના છે. એ પણ, રાગદશા છે એટલે, વિહ્વળ થઈને બોલે છે—ભાઈ લક્ષ્મણ! જાગ ને, માતા પૂછશે ત્યારે હું શું જવાબ દઈશ?...

આવ્યા 'તા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક;
માતાજી ખબરું પૂછશે ત્યારે શા શા ઉત્તર દઈશ;
લક્ષ્મણ જાગને હો જી,...બંધવ બોલને એક વાર.

રામચંદ્રજીને વિશલ્યાની લબ્ધિની જાણ કરવામાં આવે છે. વિશલ્યાને બોલાવી લાવે છે. વિશલ્યા આવે છે ને તેના શરીરને સ્પર્શેલ પવનના સ્પર્શમાત્રથી હજારો મૂર્છિત સૈનિકો સાજા થવા લાગ્યા. તેનું પાણી છાંટતાંવેંત જ 'કયાં ગયો રાવણ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહી લક્ષ્મણ જાગી ગયા. પછી તો લક્ષ્મણે રાવણને માર્યો. અહા! આવી જન્મ-મરણની સ્થિતિ જીવે અનંત વાર કરી છે; પણ અંદર ભગવાન આત્માને કદી જગાડ્યો નથી. ચૈતન્યની જળહળ જ્યોતિ, શાંતિની શીતળતાથી ભરપૂર વીતરાગ જિનચંદ્ર પ્રભુ અંદર છે. એ પરમપુરુષ તારી પાસે છે ને, પ્રભુ! તેં એને કોઈ દી જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર છે. સમજાણું કાંઈ?

અહા! દિગંબર મુનિ થયો, પંચ મહાવ્રત વગેરેનું પાલન કર્યું, પણ દૃષ્ટિ રાગ ને પર ઉપર જ રહી.

મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

પંચ મહાવ્રતના પરિણામ પણ શુભ રાગ છે ને દુઃખ છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર અંદર છે, તેનો સ્પર્શ—અનુભવ ન કર્યો ને બ્રહ્મચર્ય વગેરે વ્રતાદિના રાગનું વેદન કર્યું, દુઃખનું વેદન કર્યું; આત્માનું સુખ લેશ પણ પામ્યો નહિ. સચ્ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક આત્મા સામે તેણે જોયું નહિ. જાણનારને જાણ્યો નહિ, ને જાણનાર બીજાને જાણવામાં રોકાઈ ગયો. જાણનાર તત્ત્વમાં અનંત નિધાન છે. રાગ ને પર્યાયની સમીપમાં જ એ ધ્રુવ ચૈતન્ય નિધાન પડ્યું છે. સાધુ થયો તોપણ તેં તારું નિધાન જોયું નહિ. અભિમાન કર્યાં કે—'અમે સાધુ છીએ, ત્યાગી છીએ'. બાપુ! હજી આત્માની જ ખબર નથી ત્યાં ત્યાગી શેનો?

શુદ્ધ ચૈતન્યને ગ્રહણ કરતાં અંદર શાંતિની ઉત્પત્તિ થાય અને 'રાગની ઉત્પત્તિ ન થાય', ત્યારે 'રાગનો નાશ કર્યો' એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો એણે નાશ કર્યો જ નથી. અંદર સ્વરૂપમાં ઠરે છે ત્યાં એ જાતનો ભાવ ઉત્પન્ન જ થતો નથી. સમયસારની ૩૪ મી ગાથામાં કહ્યું છે ને—કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. સ્વરૂપ પર નજર પડતાં મિથ્યાત્વ ને રાગદ્વેષની જે ઉત્પત્તિ ન થાય તેને વ્યવહારથી પ્રત્યાખ્યાન અથવા નાશ કહેવામાં આવે છે. નિશ્ચયથી ઉત્પન્ન જ થયો નથી તો નાશ કર્યો ક્યાંથી? સમજાણું કાંઈ?

પરમ પુરુષ તારી પાસે જ હોવા છતાં તેં જોયા નથી. દૃષ્ટિ તેમ જ વૃત્તિ બહાર ને બહાર જ રહી ગઈ. મુનિ થયો તોપણ રાગ ને પુણ્યની ક્રિયામાં અટકી ગયો ને માન્યું કે 'મેં ઘણું કર્યું'. સમકિતીને આત્મા હાથ આવ્યો, જણાયો, અનુભવાયો; એ કહે છે કે મારે તો હજી ઘણું કરવાનું બાકી છે. મારે તો હજી સ્વરૂપસ્થિરતાનો ઘણો પુરુષાર્થ કરવાનો બાકી છે. અહા! આવી ચીજ છે! સાંભળવી મુશ્કેલ પડે એવું છે. ફેરફાર ઘણો થઈ ગયો છે ભાઈ! જેનાથી જન્મ-મરણ રહિત દશા પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય એવું જે સમ્યગ્દર્શન—આત્મદર્શન, તેના વિષયભૂત પૂર્ણાનંદના નાથને જાણીને જેણે પ્રતીતિમાં લીધો કે 'આ ભગવાન આત્મા છે', તેને કલ્યાણની શરૂઆત થઈ ગઈ, દુઃખના અભાવની શરૂઆત થઈ ગઈ. તેને મોક્ષ એટલે પૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ?

—o—

## વચનામૃત—૧૧૧

**પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છે. ૧૧૧.**

**'પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે.'**

આ જગતમાં પરમેશ્વર સૌથી ઊંચો કહેવાય છે. વાત સાચી; પણ એ છે કોણ?

**'તું પોતે જ પરમાત્મા છો.'**

કેમ બેસે? અતીન્દ્રિય જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો પિંડ એવું જે તારું સ્વરૂપ તે જ સર્વોત્કૃષ્ટ છે, પરમાત્મા છે. તું જો પરમાત્મા ન હો તો સર્વજ્ઞ-સ્વરૂપ પરમાત્મદશા આવશે ક્યાંથી? શું તે ક્યાંય બહારથી આવે એવી છે? પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે; છે તેમાંથી પ્રગટ થાય છે.

અહા! મહાવિદેહમાં પ્રભુ સમવસરણમાં બિરાજે છે. સો સો ઇન્દ્રો અને જંગલમાંથી સેંકડો વાઘ ને કેસરી સિંહનાં ટોળાં વાણી સાંભળવા આવે છે. અહા! પરમાત્માની એ વાણી કેવી હશે? સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે તે કોણ? કે તું. પર્યાયમાં પ્રગટ પરમાત્મા થયા; પણ એ પદ આવ્યું ક્યાંથી? પોતે શક્તિ-અપેક્ષાએ પરમાત્મસ્વરૂપ છે એમાંથી પરમાત્મપર્યાય આવી છે.

અહા! જીવે પોતાને પામર તરીકે સ્વીકાર્યો છે કે દયાનો પાળનાર તે હું. અરે, પ્રભુ! રાગની ક્રિયા કરનારો તે તું? જ્ઞાયક ચૈતન્યજ્યોતિને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇંદ્રોની સમક્ષ આવ્યો છે.

અહા! પ્રભુની એ વાણી! કેમ બેસે? આનંદધામ એવી પોતાની ચીજને તેં નજરમાં ન લીધી. એ ચીજ પોતે પરમાત્મા છે, પરમસ્વરૂપ છે, એ જ તારું સ્વરૂપ છે. એ સ્વરૂપથી તું જુદો નથી. શરીર અને રાગદ્વેષ એ તો ક્યાંય રહી ગયા, પણ એને જાણનારી પર્યાય પણ આત્માનું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ નથી. અહા! આ તો અંતરની રમતો છે બાપુ! આવે છે ને—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્થિરતા એક સમયમેં ઠાણે, ઉપજે વિણસે તબ હી;
ઉલટ-પુલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુનિ ન કબહી.

પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે, વસ્તુપણે જે ત્રિકાળ છે તે ધ્રુવ છે. ચૌદ બ્રહ્માંડરૂપ નગરમાં આત્મારૂપી નટ ચાર ગતિ વિષે ભટક્યો.

'અબધૂ! નટ નાગરકી બાજી, જાનૈ ન બ્રાહ્મણ કાજી.'

બ્રાહ્મણ નામ વેદ, અને કાજી નામ કુરાન. ભગવાને જોયેલી આ વાત વેદમાં કે કુરાનમાં ક્યાંય નથી. અહાહા! આ તો ત્રિલોકનાથ જિનેશ્વરદેવને એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોક એક સાથે જણાયા, તેમાં આ વાત આવી છે. બીજાએ જાણ્યું છે જ ક્યાં? બાપુ! ભગવાને જોયા એવા પરમ પુરુષ તું પોતે જ પરમાત્મા છો. અહાહા! 'હું તો વસ્તુએ પૂરણ પરમાત્મા છું, વર્તમાનમાં જે પર્યાય છે તે ભલે ઓછી હોય પણ વસ્તુસ્વરૂપ તો સદા પૂરણ છે'—એવી દૃષ્ટિ અંતરમાં થવી, એનું નામ સમ્યગ્દર્શન છે.

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્રો હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૪૦

તા. ૧૭-૭-૭૮

## વચનામૃત—૧૧૨

**સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ૧૧૨.**

**'સહજ તત્ત્વ અખંડિત છે.'**

શું કહે છે? આત્મા—સ્વાભાવિક વસ્તુ—અખંડ છે. તેમાં રાગ ને જ્ઞાનની ખંડખંડ દશા નથી. વસ્તુ અખંડ છે, અભેદ છે, અનાદિ-અનંત ધ્રુવ પૂર્ણ એક ચીજ છે. એના ઉપર ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિકાર થયા—અગૃહીત મિથ્યાત્વના તથા ૩૬૩ પાખંડવાળા ગૃહીત મિથ્યાત્વના તેમ જ અનેક પ્રકારના પુણ્ય-પાપના વિભાવ થયા—તોપણ ત્રિકાળી સહજ અખંડ તત્ત્વમાં તે કાંઈ છે નહિ; એ વિકારો તો તેની પર્યાયમાં હતા. અરે! 'હું આત્મા નથી' એવા નાસ્તિકતાના મિથ્યાત્વભાવ પર્યાયમાં થયા; પરંતુ સહજ અખંડ આત્મતત્ત્વમાં તેમનો પ્રવેશ થયો નથી.

સમ્યગ્દર્શનનો જે વિષય છે, સમ્યગ્દષ્ટિનું જે આલંબન છે, ધ્યાનીના ધ્યાનનું જે ધ્યેય છે, તે તો અનાદિ-અનંત એક અખંડ છે. ગમે તેટલો કાળ ગયો ને ગમે તેટલા વિભાવભાવ થયા, વસ્તુ તો જે છે તે સહજ અખંડ છે. મિથ્યાત્વ ને અજ્ઞાનની પર્યાય છે તો એની; પણ તે પર્યાય-અંશ છે, અખંડ તત્ત્વની અંદર તે નથી. સૂક્ષ્મ વિષય છે. અહા! કેમ બેસે?

અનંત કાળમાં, અનંત ભવમાં, એ અખંડ તત્ત્વ પર જીવની દૃષ્ટિ જ ગઈ નથી. વર્તમાન પર્યાયની રમતોમાં એણે હજારો રાણી છોડી, ઘરબાર છોડયાં, મુનિ-પણાની ક્રિયાઓ કરી, છ છ મહિનાના ઉપવાસ કર્યા; એ બધી ક્રિયાઓ રાગની મંદતાની છે, તેને ધર્મ માનવો મિથ્યાત્વ છે. પર્યાયમાં મિથ્યાત્વ, રાગ વગેરે હોવા છતાં ત્રિકાળી અખંડ તત્ત્વમાં તેમનો પ્રવેશ ન થયો. અહા! આવી વસ્તુ છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિમાણિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.'**

પરમ પારિણામિક ભાવ એટલે કે જ્ઞાયકભાવ, સ્વાભાવિક સહજ પરમ સ્વભાવ-ભાવ છે; અને ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ તો પર્યાયભાવ છે. ઔદયિક રાગ-દ્વેષ, ક્ષાયોપશમિક સમકિત, ઔપશમિક સમકિત, ક્ષાયિક સમકિત ને કેવળજ્ઞાન વગેરે બધી પર્યાયો છે. ત્રિકાળી ધ્રુવ અખંડ વસ્તુમાં એ પર્યાયો છે જ નહિ.

ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિમાણિકભાવ પ્રભુ એવો ને એવો અખંડ રહ્યો છે; કેમ કે અનંત-અનંત-ગુણમય ધ્રુવધામ તો ગમે તેટલો કાળ ગયો અને ગમે તેટલા વિભાવ થયા તોપણ, જે છે તે જ છે. વિભાવની રમતો પર્યાય ઉપર છે, દ્રવ્યમાં નથી. એ પર્યાયરહિત દ્રવ્યને પકડવું તે દ્રવ્યદૃષ્ટિ; એટલે કે દ્રવ્યને પકડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન. એ ધર્મની પ્રથમ શરૂઆત છે. એ વિના બધાં થોથાં છે.

અહીં પરમ પારિણામિક ભાવ એટલે પરમ જ્ઞાયકભાવ. એ-રૂપ જે તત્ત્વ છે તે અખંડ છે. બાકી પારિણામિકપણું તો પરમાણુમાં પણ હોય છે. અહીં તો જીવના સહજ સ્વાભાવિક પારિણામિક ભાવની વાત છે. પંચાસ્તિકાયની ૫૬ મી ગાથાની ટીકામાં કહ્યું છે—' परिणामेन युक्तः पारिणामिकः । ' વસ્તુનો સહજ ભાવ છે તે પારિણામિક છે. પરિણામની વ્યાખ્યા કરતાં ત્યાં કહ્યું છે કે—' द्रव्यात्मलाभहेतुकः परिणामः । ' વસ્તુના સ્વરૂપલાભનો જે હેતુ છે તે પરિણામ છે. પારિણામિક એટલે પર્યાયસંબંધી—એમ નહિ. દ્રવ્યના સ્વરૂપલાભનો એટલે કે દ્રવ્યના સહજ સત્ત્વનો—અસ્તિત્વનો હેતુ તેને પરિણામ કહે છે. એવા સહજ અસ્તિત્વસ્વરૂપ પરિણામથી જે યુક્ત હોય તેને પારિણામિક ભાવ કહે છે. તે પરમ પારિણામિક ભાવમાં બગાડ કે સુધારરૂપ કોઈ પર્યાય નથી. એ તો પવિત્ર અખંડાનંદમય પ્રભુ એકસ્વરૂપ શુદ્ધ છે.

બીજી બાજુ એમ વ્યાખ્યા કરવામાં આવે છે કે—' द्रवति इति द्रव्यम् । ' જેમ પાણીમાં તરંગો ઊઠે, તેમ જે પર્યાયને દ્રવે તે દ્રવ્ય છે. વળી શ્રી પંચાસ્તિકાયમાં આવે છે કે સ્વભાવપર્યાયરૂપે કે વિભાવપર્યાયરૂપે પરિણમે તે દ્રવ્ય છે. વસ્તુના સામાન્યગુણોના વર્ણનમાં પણ આવે છે કે દ્રવ્યત્વગુણના કારણે વસ્તુ દ્રવે છે અર્થાત્ બદલે છે, પરિણમે છે, ઊથલપાથલરૂપ થાય છે.—આ તો વસ્તુની પર્યાય-અપેક્ષાએ વાત કરી છે; વસ્તુને ઓળખાવવા માટે પર્યાય-અપેક્ષાએ તેનું વર્ણન કર્યું છે. બાકી નિશ્ચયથી તો એમ છે કે—વસ્તુ પરિણમનમાં આવતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિકારની કે સ્વભાવની પર્યાયમાં વસ્તુ આવતી નથી. સમ્યગ્દર્શનના ધ્યેયભૂત ધ્રુવ વસ્તુ છે એ પોતે પરિણમતી નથી; એ તો ત્રિકાળ ધ્રુવ અખંડસ્વરૂપે છે. સમ્યગ્દર્શનના વિષયભૂત અખંડ તત્ત્વની આ વાત છે. પર્યાયની ગમે તેટલી ઉપાધિ ગઈ, વસ્તુમાં કોઈ ખંડ થયો નથી. તેના ઉપર દૃષ્ટિ આપવાથી સમ્યગ્દર્શન થાય. ધર્મની શરૂઆત ત્યારે થાય.

એવું અખંડ દ્રવ્ય છે. તેમાં કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. વિકાર એ તો પર્યાયની વાત છે. ભાષા બહુ મીઠી છે, સાદી ગુજરાતી છે. સમજવા માટે જરી વખત લેવો જોઈએ. એ અખંડ વસ્તુ સ્વભાવે સહજ છે, અકૃત્રિમ છે, અણ-કરાયેલી છે. એ ચીજને ગમે તેટલો કાળ ગયો, પણ એને કાળ લાગુ ન પડે.

કાળ અનાદિ છે, કેવળીઓ પણ અનાદિથી છે. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારાઓનો કદી વિરહ હોતો નથી. માટે અનાદિ કાળથી કેવળજ્ઞાનીઓ અને સિદ્ધો થતા આવે છે. એ રીતે ઘણા સિદ્ધો અનંત કાળ પહેલાં થયા, કેટલાક સિદ્ધો થોડા કાળ પહેલાં જ થયા. જેઓ અનંત કાળ પહેલાં સિદ્ધ થયા તેમને થોડો કાળ વિભાવમાં—અશુદ્ધિમાં ગયો અને જેઓ થોડા કાળ પહેલાં જ સિદ્ધ થયા તેમને ઘણો કાળ વિભાવમાં—અશુદ્ધિમાં ગયો, છતાં જેઓ વહેલાં સિદ્ધ થયા તેમને દ્રવ્યમાં ઓછી ખંડિતતા અને પાછળથી જે સિદ્ધ થયા તેમને દ્રવ્યમાં વધારે ખંડિતતા થઈ એવું બિલકુલ નથી. બધાયને દ્રવ્ય તો પરિપૂર્ણ એકસરખું અખંડ રહ્યું છે. કેટલાક જીવો હજી ભવિષ્યમાં દીર્ઘ કાળ સુધી સંસારમાં વિભાવની રમતો રમીને સિદ્ધ થશે; તેમનું દ્રવ્ય પણ એવું ને એવું જ અખંડ રહેશે.

સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક છે. લોકોને અત્યારે એનો ખ્યાલ જ આવતો નથી. બસ, કર્તૃત્વબુદ્ધિથી પરને ગ્રહવું ને છોડવું! કર્તૃત્વબુદ્ધિ તો મિથ્યાત્વ છે. એવા મિથ્યાત્વના ભાવ અનંત કાળમાં માથે વીતી ગયા છતાં મૂળ વસ્તુ તો અખંડ અભેદ પડી છે; છે તે છે. શું કહે છે? આ સમજાય છે કાંઈ? એ પર્યાય પારિણામિક ભાવની—દ્રવ્યસ્વભાવની ઉપર તરે છે. ગમે તેટલો કાળ ને ગમે તેટલી વિકારી દશાઓ વીતી ગઈ અને હજી પણ વર્તે છે, છતાં પણ સહજ ભગવાન આત્મા—વસ્તુ—તો અખંડ છે. અહા! કેમ બેસે?

'હું આત્મા છું જ નહિ' એવો નાસ્તિકપણાનો તીવ્ર મિથ્યાત્વભાવ ભગવાન આત્મામાં થયો તોપણ વસ્તુ તો અખંડ છે. 'ભગ' એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય આદિ સ્વરૂપલક્ષ્મી; 'વાન' એટલે વાળો. એવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપલક્ષ્મીવાળો ભગવાન આત્મા—દ્રવ્ય—તો અનાદિઅનંત અખંડ જ છે. તેમાં વિભાવપર્યાયના અનેક ભેદો વીતી ગયા છતાં વસ્તુમાં ભેદ આવી ગયો, ખંડ થઈ ગયો—એમ નથી. એ સહજ અખંડ તત્ત્વ ઉપર દૃષ્ટિ કરવી—એમાં અનંતો પુરુષાર્થ માગે છે. જે વીર્ય પુણ્ય-પાપમાં વળીને નપુંસકપણે કાર્ય કરે છે તે વીર્યની વર્તમાન પર્યાયને અંદર અખંડ સ્વભાવમાં વાળવી. એમ કરવાથી દૃષ્ટિમાં અખંડનો પત્તો લાગશે, અને તો, તને આનંદ ને શાંતિ મળશે.

ધર્મ પામેલાનું લક્ષણ એ છે કે અખંડ જ્ઞાયકતત્ત્વ પર દૃષ્ટિ જતાં એની પર્યાયમાં અનંતકાળમાં નહિ થયેલી એવી અપૂર્વ શાંતિ આવે. અશાંતિ હતી ત્યારે, તેમ જ એ અપૂર્વ શાંતિ પ્રગટી ત્યારે, ધ્રુવ વસ્તુ તો અખંડ એકરૂપ જ છે. પરમ પારિણામિક ભાવ સદા અખંડ છે એટલે કે ઔદયિક આદિ ચાર ભાવોનો તેમાં પ્રવેશ નથી; દ્રવ્યસ્વભાવને તેઓ અડતા નથી. રાગને દ્રવ્ય અડતું નથી; અરે! કેવળજ્ઞાનની એક સમયની પર્યાયને પણ ધ્રુવ તત્ત્વ સ્પર્શતું નથી.

પ્રશ્ન:—અખંડ જ્ઞાયકતત્ત્વ પર અપૂર્વપણે દૃષ્ટિ જાય તે જ સમયે આનંદ આવે કે પછી?

ઉત્તર:—તે જ સમયે આવે, છતાં આનંદની પર્યાયને અખંડ ધ્રુવ તત્ત્વ અડતું નથી. મિથ્યાત્વ ટળી સમ્યગ્દર્શન થયું ને દુઃખનો થોડો અંશ ટળીને પર્યાયમાં આનંદનો અંશ આવ્યો, છતાં વસ્તુ તો અખંડ જ છે. અસંખ્યાતપ્રદેશી દ્રવ્યમાં તેની પર્યાય ઉપર ઉપર છે, અંદર ધ્રુવમાં એ પર્યાય ગઈ નથી.

પ્રશ્ન:—જ્ઞાની ત્રણ-ત્રણ સુંવાળાં રેશમનાં ગાદલાં પર સૂવે તોપણ તે સમ્યગ્દૃષ્ટિ, અને અમે ગોદડી પાથરીને નીચે સૂઈએ છતાં મિથ્યાદૃષ્ટિ?

ઉત્તર:—બાપુ! આ ચીજ કોઈ જુદી છે. ગાદલાં વગેરે બહારની ચીજ સાથે કાંઈ સંબંધ નથી. ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીનો સંયોગ હોય, ઇન્દ્રને કરોડો અપ્સરાનો સંયોગ હોય પણ તેને આત્મા સાથે કાંઈ સંબંધ નથી; કેમ કે જ્ઞાનીની દૃષ્ટિ એકલા દ્રવ્યસ્વભાવ પર પડી છે. નિરંતર અંદર ભેદજ્ઞાનની ધારા વહે છે. ધર્મીની એ ભેદજ્ઞાનધારા રાગને પણ અડતી નથી. અહા! આવી વાતો છે! હજી મૂળ વસ્તુને સમજ્યા વિના ઉપરથી વાતો કર્યે તત્ત્વ ક્યાંથી પકડાય?

અહીં તો કહે છે કે કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. એની પર્યાયમાં ગમે તે વિકાર હોય પણ ગુણમાં ખંડ નથી. વિકાર પર્યાયમાં છે. ગુણ કહો કે ગુણી—દ્રવ્ય કહો, બન્ને ધ્રુવ છે. દ્રવ્ય અખંડ છે તેમ ગુણ પણ અખંડ છે. પહેલાં કહ્યું—'સહજ તત્ત્વ અખંડિત છે,' અને પછી હવે કહે છે કે તેનો 'કોઈ ગુણ અંશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ ખંડિત થયો નથી'. ગુણ છે તે છે. વસ્તુ જેમ એકરૂપ અનાદિ છે તેમ ગુણ પણ અનાદિ એકરૂપ છે. એનામાં વિકૃત અવસ્થા પ્રવેશી નથી. વિકૃત અવસ્થા થઈ માટે ગુણ હીણો પડી ગયો છે—એમ નથી. શક્તિનું મૂળ સત્ત્વ અંશે પણ ખંડિત થયું નથી. સમજાણું કાંઈ ?

એવું આ ગહન તત્ત્વ છે! શબ્દ છે સાદા! મારા હિસાબે તો લોકો વાંચશે મધ્યસ્થ થઈને, તો તો એમ થશે—માળી! કાંઈ વાત તો લાગે છે! બધી સાદી ભાષામાં આખું તત્ત્વ અંદર આવી ગયું છે.

—o—

## વચનામૃત—૧૧૩

**મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે. અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે, તેની બહાર આવવું ગમતું નથી. કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે. સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. ૧૧૩.**

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'**

મુનિ એને કહીએ કે જે અન્તર્મુહૂર્તમાં—અલ્પ કાળમાં—છઠ્ઠેથી સાતમે—અંદર અપ્રમત્તદશામાં ચાલ્યા જાય છે. ગુણના અગાધ દરિયામાં, તેના તળિયામાં જે પહોંચી ગયા છે, જેમની દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયકતત્ત્વને પહોંચી ગઈ છે, અને એ ઉપરાંત જેમને આનંદની સ્થિરતા જામી ગઈ છે એવા મુનિ અન્તરર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં—આનંદની દશામાં—ડૂબકી મારે છે, એટલે કે તેમને ઉગ્ર આનંદ પ્રગટ થાય છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો છે એમને પણ જ્યારે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે ત્યારે એ પણ બોજો છે, દુઃખ છે. બહારમાં આવે તોપણ દૃષ્ટિ તો ધ્રુવ પર પડી છે. બીજી ક્ષણે પાછા અંદરમાં ચાલ્યા જાય છે; દૃષ્ટિ જ્યાં છે તે દ્રવ્ય પર લીનતા કરે છે.

મુનિપણામાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત છે તે સામાન્ય કથન છે, પણ શ્રેણી ચડવા પહેલાંના અંતર્મુહૂર્તમાં તો હજારો વાર છઠ્ઠે-સાતમે જાય-આવે એવો 'ધવલા' ટીકામાં પાઠ છે. અંદરથી વિકલ્પ આવ્યો પણ પાછા એને છોડીને અંદરમાં ડૂબકી મારે છે. પંચ મહાવ્રતનો વિકલ્પ આવે, પણ ત્યાં ગોઠતું નથી, ગમતું નથી; વ્રતનો વિકલ્પ ઊઠે છે તે દુઃખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૮ મિનિટમાં ૨૮૮૦ સેકંડ થાય. હજારો વાર છઠ્ઠે-સાતમે જવા માટે જો ૨૮૮૦ સેકંડ થાય તો એક વાર જવામાં કેટલો સમય લાગે? પોણી સેકંડથી પણ ઓછો લાગે. મુનિ છઠ્ઠે આવે ને એકદમ સાતમે અંદર ગરી જાય છે—અતીન્દ્રિય આનંદદશામાં ડૂબકી મારે છે; તેને મુનિદશા કહેવામાં આવે છે. આમને 'णमो लोए सव्वसाहूणं'માં નમસ્કાર કરવામાં આવે છે. જેમને અંતરદૃષ્ટિ થઈ છે, અનુભવમાં આનંદનો નાથ જાગ્યો છે અને આનંદમાં ચરવું—રમવું એવું ચારિત્ર જેમને થયું છે એવા સંતો બહારમાંથી પાછા વળી સ્વભાવમાં ડૂબકી મારે છે. એ હાલતા-ચાલતા દેખાય, કલાક-પોણો કલાક બોલતા દેખાય, છતાં એ વખતે પણ ક્ષણે ક્ષણે અંદર આનંદમાં ડૂબકી મારતા હોય છે.

પ્રશ્નઃ—મુનિને તો ઘણું સહેલું થઈ ગયું?

ઉત્તરઃ—સહેલું શી રીતે થયું છે? પોતે પુરુષાર્થથી ચારિત્રને પ્રગટ કર્યું છે માટે સહેલું થઈ પડયું છે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપનો ઉગ્ર તીવ્ર આશ્રય લઈને અંદર ચારિત્ર પ્રગટ કર્યું છે એવા સંતોને—મુનિને ૧૨ અંગ ને ૧૪ પૂર્વની અંતર્મુહૂર્તમાં રચના કરનાર એવા ગણધરના પણ નમસ્કાર પહોંચે છે. અહા! તે મુનિદશા કેવી હશે બાપુ!

કેવળજ્ઞાની ભગવાન રાજા ને ગણધર એમના વજીર—દીવાન. ભગવાનના વજીરનાં વંદન જેમને પહોંચે એ સંતો કેવા હોય બાપુ! કોઈ કહે છે કે—'ણમો લોએ સવ્વસાહૂણં'માં 'સર્વ'ના અર્થમાં અન્યમતના સાધુ પણ લેવા. તે વાત ખોટી છે. એમાં અન્યમતીના સાધુની વાત છે જ નહિ. લોકમાં સર્વ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં વર્તતા હોય એ બધાને નમસ્કાર કરું છું—એમ અર્થ છે. માટે જૈનદર્શનના સંતો જે ભિન્ન ભિન્ન ક્ષેત્ર ને કાળમાં હોય એને એ લાગુ પડે છે; અજ્ઞાનીને લાગુ પડતું નથી.

મુનિ શીઘ્ર શીઘ્ર સ્વરૂપમાં ડૂબકી મારે છે—આનંદથી તરબોળ થઈ જાય છે. વિકલ્પના કાળે પણ આનંદ તો છે, પણ અંતરમાં જાય ત્યારે આનંદ...! આનંદ...! વિશેષ આનંદ છે! આનંદને વેદે છે, પણ 'આનંદને વેદું છું, અનુભવું છું'—એવો પણ ત્યાં વિકલ્પ નથી. જ્યાં સુધી સ્વભાવની મહિમા ન આવે ત્યાં સુધી રાગના—બાહ્ય દયા-દાનના—વિકલ્પની મહિમા છૂટે નહિ.

અરે! દ્રવ્યની આવી શક્તિ ને આવું સત્ત્વ અખંડ છે—એની મહિમા અને આશ્ચર્યકારી સ્થિતિ જેને ખ્યાલમાં આવે નહિ તેને પર્યાયબુદ્ધિ તૂટે નહિ, પર્યાય પ્રત્યેની મહિમા છૂટે નહિ. અહા! એક સમયની પર્યાય પાસે, એ જ ક્ષેત્રે, અખંડ તત્ત્વ પડયું છે. તે ક્ષેત્રમાં ભલે વિકારનો કે પર્યાયનો અંશ ભિન્ન હો; પણ બીજો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનો અંશ એ જ ક્ષેત્રમાં ત્યાં ને ત્યાં છે; એમાં જ મુનિ બિરાજમાન છે. એમાં જે ઠરે છે તેને બહાર આવવું ગોઠતું નથી.

૪૦૧ મા બોલમાં આવે છે ને કે—જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. અત્યારે જ સ્વરૂપમાં પૂર્ણ ઠરી કેવળજ્ઞાન થતું હોય તો અમારે બીજું કાંઈ જોઈતું નથી. જેણે દૃષ્ટિમાં નિજ ભગવાનને ભાળ્યો, પૂર્ણાનંદનો નાથ એવા અચિંત્ય અખંડ તત્ત્વનું જ્યાં ભાન થયું અને જ્ઞાનમાં પ્રત્યક્ષપણે તેનો સ્વાદ આવ્યો તે જ્ઞાની અંતરમાં જવા તલસે છે. આ વિભાવભાવ અમારો દેશ નથી. પંચ મહાવ્રત આદિ શુભનો વિકલ્પ ઊઠે એ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી. સમ્યગ્દૃષ્ટિને રાગમાં આવવું ગોઠતું નથી. આ તો પરદેશ છે. અહીં અમારું કોઈ નથી. દયા, દાન, વ્રત અને ભક્તિ વગેરેના પરિણામમાં અમારું કોઈ નથી. તે બોલ આવશે ત્યારે વિસ્તાર કરશું. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અનંત આનંદ ને જ્ઞાનાદિ અનંત ગુણનું ધામ તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. એ તરફ અમારું વલણ થઈ ગયું છે. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે. વતન એટલે દેશ, રહેવાનું મૂળ સ્થાન. આ અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામ એ જ અમારું વતન, સ્થાન ને દેશ છે. ત્યાં અમારો ગુણપરિવાર વસે છે. અહા! આવી વસ્તુ છે! એનો જ્યાં અનુભવ થયો ત્યાં આનંદમાંથી બહાર નીકળતાં એને શું થયું?—અરે! અમે તો પરદેશમાં આવી ચડ્યા. આ બધા વિભાવભાવના દેશ અમારા નહિ, આ અમારો પરિવાર નહિ; અમારે તો ત્વરાથી મૂળ વતનમાં જઈ નિરાંતે વસવું છે, જ્યાં બધાં અમારાં છે.

શ્રી નિયમસારમાં પણ આવે છે ને—

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.

જ્ઞાની જ્ઞાનનિધિને પામી, પોતે ગુપ્ત રહીને, તેને ભોગવે. કોઈ માણસ પરદેશમાં બે-પાંચ કરોડ રૂપિયા કમાયો હોય તો તે તેનો ઢંઢેરો ન પીટે, પણ સ્વદેશમાં આવી ખાનગીપણે રહે. તેમ જ્ઞાનનિધિને પામી જ્ઞાની, આત્મા—આનંદનો નાથ—પ્રભુ મળ્યો છે એને પામીને, પોતે અંદર એકાંતમાં તેને અનુભવે. એનો બહારમાં ઢંઢેરો ન પીટે. અરે! અમને કોઈ ઓળખે ને અમારું માન વધે—એવી ભાવનાઓ બધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહાર પડવાની છે, અંદરમાં જવાની નથી. સમજાણું કાંઈ? આ તો દાખલો આપ્યો. આપણે અહીં ચાલતા અધિકારમાં એ ચાલે છે કે—

**'અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે, તેની બહાર આવવું ગમતું નથી.'**

ક્યાં વસવું તેની ખબર નહોતી. જ્યાં ભાન થયું કે આ આત્મામાં વસવા જેવું છે, વસવાનું આ જ સ્થાન છે, અંદર આનંદના ધામમાં વસવાટ કરવા જેવો છે, ત્યાં, તેને તેની બહાર આવવું ગોઠતું નથી.

**'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી.'**

પ્રવચનસારની ચરણાનુયોગસૂચક ચૂલિકામાં આવ્યું છે ને કે મુનિને કર્મપ્રક્રમ હોતો નથી—મુનિ કોઈ કામ માથે લેતા નથી. 'પાઠશાળાનું ધ્યાન રાખવું પડશે; પૈસા ઉઘરાવવા માટે તમારે જવું પડશે, તીર્થ માટે પૈસા ઉઘરાવવા પડશે.'—આવાં કોઈ કામ મુનિ માથે લેતા જ નથી. કોઈ પણ પ્રકારનો બોજો મુનિ માથે રાખતા જ નથી.

**'અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે.'**

આત્મધ્યાન ને સ્વાધ્યાય એ બે કામ મુનિને હોય છે. ધ્યાનમાં રહે; ધ્યાનમાં ન રહી શકે તો સ્વાધ્યાય કરે. છે એ શુભ ભાવ. એ બે સિવાય અન્ય કામ મુનિને હોતું નથી. 'અમારે પંચકલ્યાણકપૂર્વક જિનબિંબપ્રતિષ્ઠા કરવી છે, એ માટે તમારે આવવું પડશે'—એવો બોજો મુનિને ન હોય. એમને તો અંદરમાં આનંદ વર્તતો હોય. મુનિયોગ્ય વિકલ્પ ઊઠે તે પણ બોજો લાગે, એને ઠેકાણે 'તમારે આવવું પડશે ને ધ્યાન રાખવું પડશે'—એવી જવાબદારી મુનિને હોય જ શેની?

**'સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે.'**

વસ્તુ તો સ્વભાવે અખંડ છે, પૂર્ણ છે; પણ સાથે સાથે મુનિને પર્યાયમાં ત્રણ કષાયના અભાવની આનંદદશાસ્વરૂપ ઘણી કૃતકૃત્યતા—વીતરાગ પ્રચુર સ્વસંવેદનદશા પ્રગટી છે. પૂર્ણ કૃતકૃત્યતા તો કેવળીને છે, પરંતુ મુનિને પણ ઘણું કૃતકૃત્યપણું થયું છે. અંદરમાં રહેવું તે મુનિનો સહજ વસવાટ છે, બહારમાં આવવું તે એમને બોજો લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૪૧

તા. ૧૮-૭-૭૮

## વચનામૃત—૧૧૪

**જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. ૧૧૪.**

ભગવાન, પરમાત્મા, ઈશ્વર અથવા આપણા જિનભગવાન—તેમનો જેને પ્રેમ છે એ ભગવાનને જોયા જ કરે; એમ, જેની પર્યાયબુદ્ધિ ગઈ છે, રાગબુદ્ધિ ને નિમિત્તબુદ્ધિ ટળી છે, ચૈતન્યદેવને જેણે જોયો છે, જાણ્યો છે, ને એનો જેને પ્રેમ છે, એ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. જેમ ભગવાનનો પ્રેમી ભગવાન ભગવાન કર્યા કરે, તેમ અહાહા! આ ચૈતન્યનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય, ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છું—એમ કર્યા કરે. વર્તમાનમાં, ત્રિકાળી એકસ્વરૂપ જે ચૈતન્ય તે, રાગમાંય નથી ને પર્યાયમાં પણ નથી. એ તો પોતાના ધ્રુવ ચૈતન્યસ્વરૂપમાં છે; એની જેને દૃષ્ટિ થઈ એટલે કે એનો જેને પ્રેમ થયો એ તો ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય—એમ જ પરિણમ્યા કરે. એ ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. એનો અર્થ એ કે—'અહાહા! હું ચૈતન્યસ્વરૂપ છું, જ્ઞાયક ધ્રુવ તત્ત્વ છું'—એવા ભાવે પરિણમ્યા કરે.

સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે ને કે ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'.

આત્મા દ્રવ્ય છે તે સકલનિરાવરણ અખંડ એક વસ્તુ છે; તેમાં ભેદ નથી અને તે પ્રત્યક્ષપ્રતિભાસમય છે—જ્ઞાનની દશામાં પ્રત્યક્ષ આવે, પ્રતિભાસ થાય-એવી એ ચીજ છે. અરીસામાં જેમ બિંબનાં પ્રતિબિંબ દેખાય છે તેમ જ્ઞાનદર્પણમાં જ્ઞેયનાં પ્રતિજ્ઞેયો ઝળકે છે. જ્ઞાનની પર્યાયમાં આખો ભગવાન પ્રત્યક્ષપ્રતિભાસમય છે. સામે અગ્નિ હોય તે બિંબ છે, ને અરીસામાં છે તે તેનું પ્રતિબિંબ છે. પ્રતિબિંબ છે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરીસાની સ્વચ્છતા. એમ જેવો સકલનિરાવરણ અખંડ એક જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે તેવો જ્ઞાનપર્યાયમાં પ્રત્યક્ષ ભાસે છે.

અહા ! એવા ચૈતન્યસ્વભાવનો જેને પ્રેમ જાગ્યો છે તે તો ચૈતન્ય ચૈતન્ય કર્યા કરે, એટલે કે અવિનશ્વર શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ જે નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું—એમ તેને નિરંતર રહ્યા કરે. અહા ! ત્રિકાળ-નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષપ્રતિભાસસ્વરૂપ, અવિનાશી, શુદ્ધ, પારિણામિક સહજ ભાવ જેનું સ્વરૂપ છે એવું જે પરમાત્મદ્રવ્ય છે તે જ હું છું—એવું તેને રહ્યા કરે. અહા ! માર્ગ તો આ છે, બાપુ ! એ વ્યવહારથી—રાગના વિકલ્પથી કે નિમિત્તથી પ્રાપ્ત થાય નહિ, એ તો પ્રત્યક્ષપ્રતિભાસમય જ્ઞાનની પર્યાયમાં સીધો ભાસે. એવું જે પરમાત્મદ્રવ્ય તે જ હું છું. 'આમ હો' એમ નહિ, પણ 'તે જ હું છું', 'આ જ હું છું' એમ કહ્યું છે.

જેને જ્ઞાયક પ્રત્યેનો એવો પ્રેમ થયો ને એકાગ્ર થઈ દૃષ્ટિનો વિષય જેણે પકડ્યો તેને તો ચૈતન્ય જ્ઞાયક છું...જ્ઞાયક છું—એવું જ રટણ જ્ઞાનધારામાં કાયમ હોય છે.

અહા ! ભૂમિકા પ્રમાણે ગમે તે વિકલ્પ હો, બીજી ચીજ હો, પણ પોતાની ધ્રુવધારા ખસે નહિ. ધ્રુવસ્વરૂપ ભગવાન આત્માનો જેને રસ લાગ્યો, જ્ઞાયકને કીમતી જ્ઞેય બનાવી જેને જ્ઞાયકનો પ્રેમ લાગ્યો, એને અંદરમાં ચૈતન્ય ચૈતન્ય જ થયા કરે છે. હું રાગ નહિ, પુણ્ય નહિ—એવો નકાર માત્ર નહિ; ચૈતન્ય છું એવો સહજ હકાર વર્ત્યા જ કરે છે.

જેમ માતાની આંગળીથી નાનું છોકરું છૂટું પડી ગયું હોય, માની યાદ સંબંધી વેદનાથી ખૂબ રડતું હોય, તેને પૂછો તો એક જ લગની—'મારી બા', 'મારી બા', બસ, બા, બા ને બા ! એમ આનંદનો નાથ એવા જે નિજ જ્ઞાયક આત્માને જેણે જાણ્યો છે તે ભવ્ય જીવને 'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું' એવું રટણ રહ્યા જ કરે છે.

પ્રભુ ! જ્ઞાયક સિવાય બહારની ચીજ ક્યાં તારી છે ? એ તો પર છે; તેના કારણે આવી છે, તેના કારણે સંયોગપણે ટકી છે અને તેના કારણે ચાલી જશે. એ તારા કારણે અને તારી પાસે આવી છે—એમ ખરેખર છે નહિ. એ જગતની ચીજ તારાથી ભિન્ન છે. તેને પોતાની માનવી તે કલ્પના છે, ભ્રમણા છે. ધ્રુવ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને રાગના એક અંશનો પણ સંબંધ થયો નથી, તે એક સમયની પર્યાયમાં રહેતો નથી, એક સમયની પર્યાયનો થતો નથી. અહા ! આ તો સર્વજ્ઞ વીતરાગે કહેલો માર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ ક્યાંથી ?

ઉત્તર:—દરેક આત્મા સર્વજ્ઞ પરમાત્માની જેમ અંદર શક્તિએ પૂરણ સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞસ્વભાવી આત્માઓની બધી હાર પડી છે. ચૈતન્યસ્વભાવી કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો, જ્ઞાયક કહો કે દૃષ્ટિના વિષયભૂત અભેદ દ્રવ્યસામાન્ય કહો—એ પૂર્ણજ્ઞાનસ્વભાવી જ્ઞાયકમાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે. અરેરે ! જીવ આમ ને આમ ચોરાશીના અવતારમાં રખડી મર્યો ! ભાઈ ! તારી જાતમાં શું છે ? તારી જાતમાં સર્વજ્ઞસ્વભાવ ને આનંદ ભર્યો છે. પર્યાયમાં એવી ભાત પડે કે જેવી એની જાત છે. 'હું સર્વજ્ઞસ્વભાવી છું' એવી પર્યાયમાં ભાત પડે, એવો પ્રતિભાસ થાય, ત્યારે તેને જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકનું સહજ રટણ હોય છે, એટલે કે એની દૃષ્ટિ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જ હોય છે.

—o—

## વચનામૃત—૧૧૫

**ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા—સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે. ૧૧૫.**

**'ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા—સમરસતા થતી નથી.'**

શું કહે છે ? સુણ, ભાઈ ! તેં તારી કથા સાંભળી નથી, નાથ ! પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? કેવડો છો ? તને તારી ખબર નથી. અંદર આત્મા જ્ઞાન આદિ અનંત ગુણોનો પિંડ છે. તેમાં, આ ગુણ આ ગુણીનો છે—એમ વિકલ્પ ઉત્પન્ન કરતાં દુ:ખ છે. અહા ! તારી અભેદ પ્રભુતામાં 'આ જ્ઞાન તે આત્મા' એ પણ એક વિકલ્પ છે, અશાંતિ છે, દુ:ખ છે. પરની દયાનો ભાવ થાય એ પણ રાગ ને પોતાની હિંસા છે. પ્રભુ ! તું તો રાગ રહિત ચૈતન્યસ્વરૂપ છો ને. એમાં પરની દયા પાળું—એવો વિકલ્પ ઊઠે છે એ દુ:ખ ને રાગ છે. આત્મા સિવાય પરવસ્તુ—દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર દૃષ્ટિ કરતાં પણ રાગ થાય; જે પરવસ્તુ છે એના ઉપર દૃષ્ટિ જતાં પણ રાગ જ થાય. એ પ્રમાણે ગુણ-ગુણીનો ભેદ કરતાં પણ વિકલ્પ ને રાગ જ થાય.

દુનિયા અનાદિની આંધળી ચાલે ચાલી જાય છે. ચાર ગતિમાં રખડતા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આંધળે-આંધળાને કાંઈ ભાન ન મળે કે-શું છે વસ્તુસ્વરૂપ. અહીં તો કહે છે કે—તારા સિવાય દેવ-શાસ્ત્ર-ગુરુની તું દૃષ્ટિ કર, તોપણ તને વિકલ્પ ને રાગ થશે, કેમ કે પરાશ્રય થયો. એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ કર તોય રાગ થશે. 'पज्जय मूढा दु परसमया।' પર્યાયની વ્યાખ્યા ભલે મનુષ્યગતિ, નરકગતિ વગેરે ગણે, પણ ખરેખર તો તે એક સમયની પર્યાય છે ને પરિણમનનો અંશ છે; એમાં જે એકાગ્ર છે તે પર્યાયમૂઢ છે. પર્યાયનો આશ્રય લેવા જાય તોય રાગ થાય છે. અરે! એથી આગળ જતાં, 'હું જ્ઞાનસ્વરૂપ છું, દર્શનસ્વરૂપ છું' એવો ગુણનો ભેદ વિચારમાં ઊઠે—એ પણ એક વિકલ્પ છે, દુ:ખ છે, રાગ છે, ઝેર છે. પ્રભુ! તને તારી ખબર નથી; અરે! ઝેરના પ્યાલા તું પીએ છે.

અહા! જન્મ-મરણ રહિત થવાનો પંથ કોઈ અલૌકિક છે. અનંત ગુણોનો ધરનાર ભગવાન આત્મા વસ્તુ છે, અભેદ એકરૂપ ચીજ છે. એમાં પણ ગુણભેદ ઉપર દૃષ્ટિ કરતાં વિકલ્પ ને રાગ જ ઉત્પન્ન થાય છે. અભેદ જ્ઞાયકસ્વભાવને દેખતાં તેમાં ભેદ દેખાય નહિ. ભેદ અંદર ભલે હો, પણ સમ્યગ્દર્શનરૂપી દૃષ્ટિ કરતાં અભેદમાં તે ભેદ દેખાય નહિ. તે અભેદને ભેદ પાડીને જુદો દેખવા માગે, તો કહે છે કે—તેં વિકલ્પ કર્યો; દુ:ખી છો તું. જો તારે પર્યાય ઉપરની દૃષ્ટિથી ખસી જવું હોય, કલ્યાણ કરવું હોય ને જન્મ-મરણ મટાડવાં હોય, તો અંદર અભેદ જ્ઞાયકની રુચિ કર.

પ્રશ્ન:—ગુણો પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી?

ઉત્તર:—એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી કહ્યું છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે સમજી શકાય છે. અહીં અભિપ્રાય એવો છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે.—આમ સમયસારની સાતમી ગાથાના ભાવાર્થમાં કહ્યું છે. રાગી પ્રાણી છે, તેથી ભેદ ઉપર દૃષ્ટિ કરશે તો એને રાગ જ થશે. સર્વજ્ઞ પરમેશ્વર તો ભેદ તેમ જ અભેદ બધું જાણે છે, પણ એ તો વીતરાગ છે. વીતરાગ હોવાથી જાણતાં કોઈ જાતનો તેમને વિકલ્પ થતો નથી. પરંતુ આ તો રાગી પ્રાણી છે; તે જો અભેદની દૃષ્ટિ છોડીને ભેદનો વિકલ્પ ઉઠાવશે તો ત્યાં તેને રાગ જ થશે. રાગી છે માટે રાગ થશે જ.

અરે! પ્રભુ, સાંભળ! તું ચૈતન્યસ્વરૂપ છો ને! એ જાણવા સિવાય બીજું શું કામ કરે? એમાં ગુણભેદ કરવો એ પણ રાગનું કારણ છે. ભેદ ને અભેદ એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકસાથે બેને જોવા જાય તોય, રાગી છે માટે, રાગ થશે. અખંડ અભેદ ઉપર સહજ દૃષ્ટિ કરશે તો રાગ રહિત નિર્વિકલ્પતા થશે; તો એને સમ્યગ્દર્શન થશે.

ગુણભેદનો વિચાર કરતાં પણ નિર્વિકલ્પતા—સમરસતા થતી નથી. પ્રભુ આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો અભેદ પિંડ છે. તેને 'આત્મા જ્ઞાન છે' એમ ગુણનો ભેદ કરીને જોતાં વિકલ્પ ને અશાંતિ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા, શાંતિ કે સમરસતા થતી નથી. અહાહા! સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવની આ દિવ્યધ્વનિ છે. નિર્વિકલ્પતા એટલે સમરસતા. ગુણી—આત્મવસ્તુ—એક અભેદ ચીજ છે; એમાં ગુણનો ભેદ ઉત્પન્ન થતાં સમરસતા—સમતા પ્રગટ થતી નથી, પણ વિષમતા નામ રાગ પ્રગટ થાય છે.અરેરે! ક્યાંથી ઊઠીને ક્યાં જવું?—એની ખબર ન મળે બિચારાને! તેથી તેને નિર્વિકલ્પતા એટલે કે રાગ ને ભેદના વિકલ્પ રહિત, વિષમતા રહિત, સમરસતા પ્રગટ થતી નથી.

**'એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે.'**

ભગવાન જ્ઞાયક આત્માની ત્રિકાળી ધ્રુવતાને પકડ; ભેદને પકડવું છોડીને અભેદ સામાન્યને પકડ; એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર. ગુણ-ગુણીનો ભેદ ન કરતાં અખંડ ગુણી ઉપર—સામાન્ય ઉપર દૃષ્ટિ કર, તો તને સમ્યગ્દર્શન ને સમરસતા પ્રગટ થશે. ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થશે. એ વિના હરામ છે ક્યાંય ધરમ હોય તો. અનંત વાર દિગંબર સાધુ થયો, પણ ભેદના રાગથી રહિત પ્રભુ ચૈતન્યભગવાન અંદર પૂર્ણાનંદ અભેદ તત્ત્વ છે, તેની દૃષ્ટિ કરી નહિ, તેનો આશ્રય લીધો નહિ અને એકલા વ્રત-તપના રાગમાં રોકાઈ ગયો. તેના પરિણામે સ્વર્ગ મળ્યું. ત્યાંથી મરીને, રાગનો પ્રેમ છે તેથી, ઢોરમાં જઈને નરકાદિ ચાર ગતિમાં રખડશે. અહા! એક ચૈતન્યને અભેદપણે ગ્રહણ કર, તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે.

અહીં તો, જેને આત્મકલ્યાણ કરવું હોય તેણે શું કરવું ને કેમ કરવું—એની વાત છે. એણે તો પોતાની વર્તમાન જ્ઞાનપર્યાયમાં ત્રિકાળી જ્ઞાયક આત્મા જે નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લેવો. દ્રવ્ય, ગુણ ને પર્યાય—એ ત્રણ તો જૈન પરમેશ્વરના એકડાની વાતો છે. જ્યાં વર્તમાન પર્યાયનો ય આશ્રય નથી, ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ નથી, એવું અભેદ એકરૂપ ચૈતન્ય ધ્રુવ ભગવાન આત્માનું ગ્રહણ કર તો તને સમકિત થશે, સમતા થશે, આનંદ થશે અને દુઃખનો નાશ થશે. અહા! તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે.

શરીર, ધન, મકાન વગેરે બહારની બધી સામગ્રી તો મસાણનાં હાડકાંના ફોસ્ફરસની ક્ષણિક ચમક જેવી છે, અલોપ થઈ જશે. તે તો આત્માથી તદ્દન જુદી જ છે; પણ અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કહેવું છે કે વર્તમાન પર્યાય જેટલો તું નથી અને ગુણભેદનો વિકલ્પ પણ તારા સ્વરૂપની અભેદ ચીજમાં નથી. પ્રભુ! તું અંદર ચૈતન્યામૃતનો સાગર છો. ત્યાં તું જા, એને જો, એની દૃષ્ટિ કર, તને ધર્મ પ્રગટશે અને મુક્તિનો માર્ગ થશે. અરે! વિકારથી ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે.

**'જુદું જુદું ગ્રહણ કરવાથી અશાન્તિ ઉત્પન્ન થશે.'**

એ શું કહ્યું? જ્ઞાયક આત્મા અભેદ એકરૂપ છે; એમાં આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે ને આ વીર્ય છે—એવા જુદા જુદા ભેદ પાડીને ગ્રહણ કરવા જઈશ તો વિકલ્પ ઊઠશે ને અશાંતિ થશે. પરની દયાનો કે પંચ મહાવ્રત આદિ પાળવાનો ભાવ એ તો રાગ ને અશાંતિ છે જ; પણ ભાઈ! તને ખબર નથી કે-અંદર ચૈતન્યના અભેદસ્વરૂપને છોડીને ભેદનું ગ્રહણ કરવાથી પણ અશાંતિ ને દુઃખ છે. પ્રભુ! તું તો ગુણ-ગુણીના ભેદ વિનાની અભેદ ચીજ છો ને! ત્યાં દૃષ્ટિ મૂક તો તને શાંતિ ને ધર્મ થશે.

—o—

## વચનામૃત—૧૧૬

**ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાન્તિ પ્રગટ કરી શકે છે. ૧૧૬.**

આમાં શું કહે છે? શરીર રોગથી ઘેરાઈ ગયેલું હોય, પોતે નિર્ધન હોય, દીકરો-દીકરી કાંઈ ન હોય, જંગલમાં એકલો પડ્યો હોય, અહાહા! એવા સંયોગમાં હોવા છતાં પણ જો આત્મા ઉપર દૃષ્ટિ કર તો તને ત્યાં શાન્તિ મળી શકશે; આત્માને કોઈ સંયોગો નડતા નથી. ગમે તેવા ને ગમે તેટલા સંયોગો હોય પણ તેમાં આત્મા પોતાની શાન્તિ પ્રગટ કરી શકે છે.

નીચે સાત નરક છે. સાતમી નરકના નારકીપણે આ જીવ અનંત વાર ઊપજી આવ્યો છે. એ બધું લોજિકથી સિદ્ધ થઈ શકે છે. માંસ, દારૂ આદિનાં ખાનપાન કરનારા રાજાઓ વગેરે પોતાના અતિ સંક્લેશ પરિણામના કારણે ત્યાં જાય છે. ૩૩ સાગરની ત્યાં સ્થિતિ છે. એક સાગરમાં દસ કોડાકોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ભગવાન! ત્યાં તું અનંત વાર ઊપજ્યો છો. પ્રભુ! તું અનાદિ કાળનો છો ભાઈ! તેં તારી જાતને જાણી નથી. જાતને જાણ્યા વિના કજાતને પોતાની માનીને તું આ પરિભ્રમણ કરી રહ્યો છો. સાતમી નરકમાં જનાર જીવ મિથ્યાદૃષ્ટિ હોય; પણ ત્યાં ગયા પછી કોઈ કોઈને સમકિત થાય. ત્યાં તેને પાણીનું બિંદુ ન મળે, આહારનો કણ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળે, સૂવાનું સ્થાન ન મળે અને જન્મતાંવેંત જ શરીરમાં ૧૬ મહારોગ હોય. એવા સંયોગ ભલે હો, સંયોગ ક્યાં નડે છે? જીવ સંયોગને ક્યાં અડે છે?

ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય,...બાપુ! એ તો સંયોગી ચીજ છે. એને રહેવાની મુદ્દત છે; મુદ્દત પૂરી થતાં એ ચાલી જશે. એ કાંઈ તારી ચીજ નથી. માટે એવા પ્રતિકૂળ સંયોગોમાં પણ આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતે સંકલેશપરિણામરૂપ જે ભાવ કર્યો તે પણ સંયોગીભાવ છે. એ તેનો સ્વાભાવિક ભાવ ક્યાં છે? સંયોગમાં સંયોગનો ભાવ ન કરતાં સ્વભાવનો ભાવ કરે તો બસ.

અહીં તો ગમે તેવા સંયોગો કહ્યા છે. સંયોગો તો સ્વરૂપથી ભિન્ન બહારની ચીજ છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને એનું લક્ષ છોડી દે તો સમકિત અને શાંતિ થાય. એ સમકિત સાતમી નરકના નારકીને પણ થાય છે. એની વાતો બાપુ! આકરી. શું કહેવાય? રત્નકરંડ-શ્રાવકાચારમાં કહ્યું છે કે—નરકનું એક ક્ષણનું દુઃખ ભાઈ! તેં હજી સાંભળ્યું નથી. તે દુઃખ તેં વેઘું છે, પણ ખબર રહી નથી, ભૂલી ગયો. એક ક્ષણનું દુઃખ કરોડો જીભે ને કરોડો ભવે કહી શકાય નહિ—એવું દુઃખ સાગરોપમ કાળ સુધી તેં વેઠયું છે. એ દિવસો કેવા ગયા હશે ભાઈ?

ગમે તેવા સંયોગમાં તારું તત્ત્વ અંદર જુદું જ છે. તેના ઉપર દૃષ્ટિ કર તો તને શાંતિની પ્રાપ્તિ થાય; એ સંયોગ તને નડતા નથી. અહા! સ્વરૂપની સાચી સમજણ એ કોઈ જુદી જાત છે! ભગવાન સર્વજ્ઞદેવ જેને શાંતિ કહે છે એ કોઈ અલૌકિક ચીજ છે! એ શાંતિથી તો તું ભરપૂર ભરેલો છો. માટે સંયોગ તરફથી લક્ષ ફેરવ ને અંદર જા, તને અપૂર્વ શાંતિ મળશે. અહા! તારું સહજ તત્ત્વ હાજરા-હજૂર છે. સંયોગ વખતે પણ અંદર નજર કર તો એ તત્ત્વ હાજર છે; દૂર નથી થઈ ગયું. સંયોગ સંયોગમાં રહ્યો. તે તને અડતો નથી, તું તેને અડતો નથી. અહા! ગમે તે સંયોગમાં—શરીરમાં આઠ ડિગ્રી તાવ હોય તોપણ—જો અંદરમાં જા, તો તને શાંતિ વળશે; એ સંયોગ નડશે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૪૨

તા. ૧૯-૭-૭૮

## વચનામૃત—૧૧૭

**નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી. ૧૧૭**

**'નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે.'**

ભગવાન આત્મા જે આ નિજ વસ્તુ છે તે, પ્રભુ! એને કોઈ બહારનું આલંબન હોય તો પ્રાપ્ત થાય—એવું છે નહિ. એ વસ્તુ જ નિરાલંબન છે, કોઈ આલંબન-કારણની એને જરૂર નથી. આવી રાગની મંદતા હોય તો તેના આલંબને આત્માનું થઈ શકે—એમ છે નહિ. આત્માનો સ્વભાવ જ એવો છે કે રાગના કારણે ધર્મનું કંઈ કાર્ય થાય—એવું એના સ્વરૂપમાં જ નથી.

આત્મામાં અનંત શક્તિઓ ઊછળે છે. તેમાં 'ભાવ' નામની એક શક્તિ છે. એ શક્તિના કારણે આત્માનું ભવન—વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ નિર્મળ પરિણમન—થયા કરે છે, તેમાં તેને પર-કારણની જરૂર નથી. બીજી એક 'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ' નામની શક્તિ પણ આત્મામાં છે. એ શક્તિના કારણે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પર્યાયની ઉત્પત્તિ થાય છે; કોઈ પર-કારણથી ઉત્પન્ન થાય એવી એ ચીજ નથી. એક 'અકાર્યકારણત્વ' નામની શક્તિ છે, જેને લઈને વસ્તુને પોતાના કાર્ય માટે પરના આલંબનની અપેક્ષા નથી.

પરના આલંબન વિના ચૈતન્યસ્વરૂપનું સીધું સ્વાલંબને ચાલવું—પરિણમવું એ તો વસ્તુનો સહજ સ્વભાવ છે.

પ્રશ્ન:—દેવ-ગુરુની મદદથી આત્મા સમજાય ને?

ઉત્તર:—દેવ-ગુરુ શ્રદ્ધામાં નિમિત્તપણે હોય છે, પણ એ પર-નિમિત્તથી આત્મા પ્રાપ્ત થાય એવું વસ્તુસ્વરૂપમાં જ નથી. એ હો, પણ એના આલંબનથી, એની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મદદથી આત્માનો ધર્મ થઈ શકતો નથી. દેશનાલબ્ધિના કાળે દેશના સાંભળે, એનું જ્ઞાન પણ પોતાને લઈને થાય, છતાં તે દેશનાલક્ષી જ્ઞાનના આલંબનથી અંતર સ્વભાવની દૃષ્ટિ થાય—એવું વસ્તુનું સ્વરૂપ નથી. અહા! બહુ આકરી વાત! ધરમ તો ક્યાંય રહી ગયો ને અત્યારે તો લોકો બહારનાં માન-સન્માનમાં મરી ગયા! એમાં આ અંતરની ચીજને અંતરમાં ચાલવા માટે, અંતર સ્વભાવનું અવલંબન લઈને પરિણમન કરવા માટે, નિરાલંબન ચાલરૂપ વસ્તુસ્વભાવની વાત અઘરી પડે.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરે, વ્યવહાર એટલે કે રાગની મંદતારૂપ ક્રિયા હોય, તો આત્માનું અવલંબન—ધર્મ—પ્રગટ થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે તેને પોતાના કાર્ય માટે કોઈ બાહ્ય કારણના અવલંબનની જરૂર નથી. અહા! ચૈતન્યદ્રવ્ય એવી જ કોઈ નિરાલંબી વસ્તુ છે! છયે દ્રવ્યમાં એમ જ છે, પણ અહીં આત્માની વાત છે.

**'તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.'**

આ નિરાલંબનનો અર્થ કહ્યો છે. રાગની મંદતારૂપ વ્યવહાર, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમારૂપ શુભ ભાવ વગેરે કોઈ પણ રાગના આશ્રય વિના, ટેકા વિના, સીધો સ્વરૂપમાં ચાલ્યો જા. અહા! ભગવાન નિજ આત્મા અંદર આનંદનું—સુખનું ધામ છે; પરના આશ્રય વિના એમાં ચાલ્યો જા. પરના આશ્રય વિના સ્વભાવમાં જવું તે નિરાલંબનપણું છે.

ચક્રવર્તીને છ ખંડનું રાજ, ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ ને ૯૬ કરોડ ગામ હોય છે—એના અવલંબને તો અંદર જઈ શકાય એમ નથી, પણ એનું અવલંબન છોડી સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે પણ ચૈતન્યમાં જવાતું નથી; કારણ કે પરના આશ્રય વિના જ પ્રગટે એવું વસ્તુનું સ્વરૂપ છે. અહા! સમજાય છે કાંઈ? તું કોઈના આશ્રય વગર આત્મામાં ચાલ્યો જા.

અરે! ભગવાનની વાણી સાંભળવા મળી તો અંતરમાં જવાયું, સાંભળ્યા વિના ન જવાત—એવો પરાશ્રય સ્વરૂપમાં છે જ નહિ. કોઈના આશ્રય વિના—પરનું આલંબન નામ લક્ષ છોડી દઈને—અંદર ચૈતન્યમાં ચાલ્યો જા. પરનું આલંબન કંઈક લઈએ—રાગ ખૂબ મંદ કર્યો હોય, ઉપવાસ ખૂબ કરીએ, ઓછો આહાર કરીએ—તો એમાંથી સમકિત પમાશે, એમ છે નહિ. તું કોઈના અવલંબન વિના—આશ્રય કહો કે અવલંબન કહો—અંદર આનંદનિધાન ભગવાન ચૈતન્યબિંબ પડ્યું છે, ત્યાં ચાલ્યો જા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. ’**

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પોતે રાગના સંબંધ વિનાનો એકલો જ છે; એને એકલાપણાની, બીજાના આલંબનની જરૂર નથી. એકલું તત્ત્વ બીજાનો આશ્રય લેવા જાય તો તે બગડશે. એકડે એક ને બગડે બે. ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે તું મારી શ્રદ્ધા કરીશ તોપણ એ શુભ ભાવથી તારા ચૈતન્યની ગતિ બગડશે. ‘ परदव्वादो दुग्गइ ’ ( મોક્ષપાહુડ ગા. ૧૬ ). પ્રભુ એમ કહે છે કે–તારા માટે હું પરદ્રવ્ય છું. મારા ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ—વિભાવરૂપ શુભ રાગ—થશે; સુગતિ—ચૈતન્યની અરાગ, શુદ્ધ પરિણતિ—મારા આશ્રયે નહિ થાય; રાગ થશે અને રાગ છે તે ચૈતન્યની સુગતિ નથી.

સમયસારમાં ( ૨૦૦ મા કળશમાં ) કહ્યું છે ને—‘ नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः । ’ આત્મા સદા એકલો જ છે. તેને પરનો સંગ કે રાગનો સંબંધ છે જ નહિ. પરસંગના અવલંબને અસંગ ચૈતન્યપ્રભુમાં જઈ શકાય એવી એ ચીજ જ નથી. અહા ! આકરું પડે. શું થાય ?

અન્યમતમાં કહે છે કે, ‘ જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે ’. તેઓ કહે છે એમ નથી. હું જાગીને જોઉં તો અંદરમાં જે આ નિરાલંબી ચૈતન્યતત્ત્વ છે તેમાં એ બહારનું જગત છે નહિ. અભેદ ચૈતન્યને જોતાં જ્યાં પર્યાયનો પણ ભેદ દેખાતો નથી, ત્યાં બહારનું જગત અંદર ચૈતન્યતત્ત્વમાં કયાંથી આવે ? એનો અર્થ એવો નથી કે જગત જગતમાં નથી. જગત આત્મામાં નથી. પણ જગત જગતમાં છે—એ વાત તેઓ ભૂલી જાય છે. આ આત્માથી ભિન્ન છ દ્રવ્યસ્વરૂપ જગત, દેવ-શાસ્ત્ર-ગુરુ, નિગોદના જીવ, સિદ્ધના જીવ, ત્રસ-સ્થાવરના જીવો વગેરે બધું પોતપોતામાં છે; પણ કોઈ પરના અવલંબને આત્મા પોતાના સ્વરૂપમાં જઈ શકે એવું એનું સ્વરૂપ જ નથી.

પ્રશ્ન:—તમે મૂર્તિનું આલંબન લો છો ને ? શું એ આલંબનની જરૂર નથી ?

ઉત્તર:—ભાઈ ! એ તો શુભ ભાવના નિમિત્તની વાત છે. ‘ હું શુદ્ધ પરિપૂર્ણ સ્વાવલંબી તત્ત્વ છું ’ એવું નિશ્ચયનું ભાન થયા પછી સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે વીતરાગ પૂર્ણ પરમાત્માના મહિમાનો શુભ ભાવ આવે છે; અને ત્યારે જિનપ્રતિમાનાં દર્શનને શુભભાવનું માત્ર નિમિત્ત કહેવામાં આવે છે. એ માત્ર શુભ ભાવના નિમિત્તરૂપ આલંબનને ઉથાપે તો તે મિથ્યાદૃષ્ટિ છે, અને એ આલંબનથી આત્મા પ્રાપ્ત થાય એમ માને તો તે પણ અજ્ઞાની છે.

ત્રણે કાળે આત્મા પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સદાય એકલો જ છે, પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વયંભૂ છે. પોતે સ્વયં=પોતાથી, ભૂ=છે. પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પોતાનું બધું પોતાથી જ છે. ધર્મની નિર્મળ પર્યાય પણ પોતાથી જ છે, તેમાં કોઈ બીજાનો આશ્રય નથી. પરના આલંબનથી ધર્મની પર્યાય પ્રગટ થાય એવો એનો સ્વભાવ જ નથી. અહા! થોડા શબ્દોમાં ઘણું મૂકયું છે.

પ્રશ્ન થાય કે–અમે બાયડી, છોકરાં, કુટુંબ, ધંધા છોડયાં, લૂગડું ફેરવ્યું, છતાં એમાં કાંઈ લાભ ન થાય?

તેનો ઉત્તર:—ભાઈ! એ બહારના પદાર્થોને કે દી તેં ગ્રહ્યા'તા કે તેં છોડયા? આત્મામાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામની એક શક્તિ છે. એક રજકણમાત્રનાં ગ્રહણ-ત્યાગથી રહિત તારો સ્વભાવ છે, છતાં આ પરવસ્તુને 'હું ગ્રહું–છોડું છું' એ વાત લાવ્યો કયાંથી? વસ્તુના સ્વરૂપમાં એ છે જ નહિ, છતાં તેં માન્યું છે એ તારી ભ્રમણા છે. પોતે સ્વયં પોતાથી છે; તો સ્વયંભૂ દ્રવ્યનું આલંબન લેતાં જે નિર્મળ દશા થાય એ પણ પોતાથી જ થાય છે. પરનું આલંબન, પરનો આશ્રય—ટેકો મળે, દેશના મળે, તો પોતે સ્વયંભૂ છે–એમ નથી.

પ્રશ્ન:—નિમિત્તના ટેકા વિના થતું નથી ને?

ઉત્તર:—એના વિના જ એટલે કે એનાથી અલગ જ આત્માની પર્યાય થાય છે. પોતે ભગવાન આત્મા છે એના વિના પર્યાય થશે નહિ. લોકો કહે છે કે—આ બહુ ઊંચી વાત છે. ભાઈ! આ તો હજી સમ્યગ્દર્શન પામવા માટે પહેલા એકડાની વાતો છે. અહા! સમ્યગ્દર્શન પામવા માટે પરના કોઈ આલંબનની જરૂર નથી.

'મુનિઓના મનની ગતિ નિરાલંબન છે.'

મુનિઓની સહજ દશા, મનની ગતિ એટલે એમનું પરિણમન, નિરાલંબન છે. વ્યવહારના ભાવ હોય છે, પણ એ વ્યવહાર છે તો મુનિપણાની શુદ્ધ પરિણતિ થઈ છે—એમ નથી. મુનિઓના મનની ગતિએ—શુદ્ધ પરિણતિએ તો અંતર આત્માને—અનાકુળ આનંદના નાથ સચ્ચિદાનંદ પ્રભુને—પકડયો છે. એ જ્ઞાનની પરિણતિ નિરાલંબન છે, પરના આલંબનવાળી નથી. મુનિને આવી નિશ્ચયપરિણતિ પરિણમી છે એની સાથે યોગ્ય વ્યવહાર હોય છે, પણ તે નિશ્ચયપરિણતિ વ્યવહારથી નિરાલંબ છે.

ભૂમિકા પ્રમાણે શુભ રાગ આવે છે, તેથી કાંઈ વ્યવહારને લઈને નિશ્ચય ટકે છે—એમ નથી. વ્યવહાર જેનો ભ્રષ્ટ છે તેનો નિશ્ચય પણ ભ્રષ્ટ હોય છે જ. તેનો અર્થ એમ નથી કે વ્યવહાર છે માટે તેને નિશ્ચય છે. આ તો ભૂમિકાના પ્રમાણમાં નિરાલંબન તત્ત્વના આશ્રયે આનંદની નિશ્ચયદશા પ્રગટ થઈ છે, પણ અપૂર્ણતા છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે તે ભૂમિકાને યોગ્ય રાગની મંદતાનો વ્યવહાર હોય છે. અને એ જાતનો વ્યવહાર ન હોય ને એથી ભ્રષ્ટ થઈ જાય તો તો એ નિશ્ચયથી પણ ભ્રષ્ટ હોય છે. પણ તેનો અર્થ એમ નથી કે, વ્યવહાર ગયો માટે નિશ્ચયથી ભ્રષ્ટ થાય છે અને વ્યવહાર હતો માટે નિશ્ચય ટકે છે. એની ભૂમિકા પ્રમાણે—નિરાલંબન તત્ત્વના આશ્રયે જે વીતરાગી દશા થઈ છે તેના પ્રમાણમાં—એને રાગની મંદતા હોય. જો એ નથી તો સમજવું કે સ્વનું આલંબન છૂટી ગયું છે. અહા! સ્યાદ્વાદ મારગ છે. ભારે અટપટી વાત!

ભાઈ! તેં એ મારગને જોયો નથી. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. એમના જ્ઞાનની ને આનંદની દશાને કોઈ વ્યવહાર કે નિમિત્તના આલંબનની અપેક્ષા છે જ નહિ. નિયમસારની બીજી ગાથાની ટીકામાં કહ્યું છે ને કે—સ્વદ્રવ્યના આશ્રયે થયેલી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પરમ નિરપેક્ષ છે, જેમાં નિમિત્ત ને ભેદની કાંઈ પણ અપેક્ષા નથી.

**'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી.'**

અંતરમાં વસ્તુ જે ત્રિકાળી સત્ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની જે નિરાલંબન દશા પ્રગટ થઈ તે વ્યવહારની અપેક્ષા રાખીને થઈ છે એમ નથી. સ્વના આશ્રયે થયેલી તે નિર્મળ દશાને રોકવાવાળું કોઈ નથી.

પ્રશ્ન:—કર્મ તો રોકે ને?

ઉત્તર:—કર્મનો કોઈ એવો ઉદય આવી જાય તો જીવ આ રત્નત્રયસ્વરૂપ નિરાલંબનદશાથી ભ્રષ્ટ થઈ જાય—એમ છે જ નહિ. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિર્મળતા પ્રગટ થઈ તેને હવે કોણ રોકી શકે? દ્રવ્યનો અભાવ થાય તો આ પર્યાયનો અભાવ થાય. દ્રવ્યનો અભાવ જો કોઈ દી થતો નથી તો તેના આશ્રયે પ્રગટેલું જે નિર્મળ પરિણમન તેનો પણ કદી અભાવ થતો નથી; તેને રોકવાવાળું, વિઘ્ન કરવાવાળું કોઈ નથી.

પ્રશ્ન:—શાસ્ત્રમાં આવે છે ને કે—'નય'થી ભ્રષ્ટ થાય તો તેને કર્મ બંધાય છે?

ઉત્તર:—એ તો પોતે સ્વનું અવલંબન છોડે છે તેથી ભ્રષ્ટ થાય છે, કોઈ પરચીજ તેને ભ્રષ્ટ કરે છે એમ નથી. સમયસારમાં 'णयपरिहीणा' શબ્દ છે. 'બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને.' જેમણે પોતાના શુદ્ધ સ્વરૂપનું આલંબન છોડયું તે જીવો—'णयपरिहीणा'—શુદ્ધનયથી ભ્રષ્ટ થયા; પણ તેઓ પોતે પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે સ્વનું આલંબન છોડયું માટે ભ્રષ્ટ થયા છે; પરંતુ આલંબન ન રહ્યું માટે ભ્રષ્ટ થયા છે એમ નથી.

અહા! વીતરાગ માર્ગ અલૌકિક છે. અરે! એ વીતરાગ માર્ગ એટલે તારો માર્ગ. ભગવાન આત્માનો માર્ગ. અંદર પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા છે, તેના આલંબને જે નિર્મળ દશા થઈ તેને રોકવાવાળી, વિઘ્ન કરવાવાળી જગતમાં કોઈ ચીજ છે નહિ. અહા! દ્રવ્યને કોણ રોકે? એમ દ્રવ્યના આશ્રયે થયેલી નિર્મળ પર્યાયને કોણ રોકે? આ તો વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરનો માર્ગ છે; એ કાંઈ સાધારણ વાત છે?

બહારથી માની બેઠા કે—સામાયિક કરી, પોસા કર્યા, પ્રતિક્રમણ કર્યું ને 'मिच्छा मे दुक्कडं' કરી લીધું; બસ, થઈ ગયો ધર્મ. ભાઈ! એવું તો અનંત વાર કર્યું છે. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' અનંત વાર નગ્ન દિગંબર મુનિ થયો, હજારો રાણી છોડી, પણ સ્વસ્વભાવનું આલંબન લીધું નહિ. પરના આલંબનની જેટલી ક્રિયા છે એ બધી ચોખ્ખી હોય, પંચ મહાવ્રત આદિનું પાલન અતિચાર રહિત હોય, છતાં અંદર વસ્તુ જે નિરાલંબન છે તેનું આલંબન લીધું નહિ. જેણે સ્વનું આલંબન લીધું છે તેનાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રોકવાવાળું કોઈ નથી. પાંચ લીટી છે, એમાં આટલું ભર્યું છે!

બાહુબલીમાં ભટ્ટારકે આ પુસ્તક જોયું, તો કહે: 'બસ, મને આ આપો.' લોકોને વાંચીને મહિમા આવે છે કે 'આમાં કાંઈક છે'! આમાં તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે. સમજાણું કાંઈ? લાખો શાસ્ત્રોને સ્વનો આશ્રય કરાવવો છે. લાખ કે કરોડ ગમે તેટલાં શાસ્ત્ર હો, બધાંને સ્વ-ચૈતન્યપ્રભુનો આશ્રય—જેના આશ્રય માટે બીજાના આલંબનની જરૂર નથી—કરાવવો છે. અહા! બાર અંગમાં ને ચારેય અનુયોગમાં જે કહેવું છે તે અહીં કહ્યું છે.

—o—

## વચનામૃત—૧૧૮

**જેવું કારણ આપે તેવું કાર્ય થાય. ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે. ૧૧૮.**

**'જેવું કારણ આપે તેવું કાર્ય થાય.'**

જેવો આશ્રય લે તેવું કાર્ય થાય. દ્રવ્યનો આશ્રય લે તો કાર્ય પણ તેવું નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય. અકાર્યકારણત્વ નામની એક શક્તિ આત્મામાં છે. રાગની મંદતા કે નિમિત્તની અપેક્ષા રહીને ધર્મની પર્યાયરૂપ કાર્ય થાય એવો એનામાં ગુણ નથી, તેમ જ રાગરૂપ કાર્ય આત્મા કરે એવો કોઈ ગુણ એનામાં નથી. આત્મા દયા, દાન ને રાગને કરે—એવો કોઈ આત્માનો ગુણ નથી.

પરના કે રાગના અવલંબનરૂપ કારણ આપે તો રાગ થાય અને સ્વના અવલંબનરૂપ કારણ આપે તો તેને નિર્દોષ કાર્ય થાય. કારણપરમાત્મામાં જે દૃષ્ટિ આપે તેને કાર્ય શુદ્ધ થયા વિના રહે નહિ. જેવું કારણ આપે તેવું કાર્ય થાય. એ શું કહ્યું ? શુદ્ધ ચૈતન્યવસ્તુ જે કારણપરમાત્મસ્વરૂપ છે એનો મંદ આશ્રય કરે તો કાર્ય એટલું મંદ થાય; વિશેષ આશ્રય કરે તો કાર્ય વિશેષ થાય. અહીં એમ નથી કહેવું કે પરના કે રાગના આશ્રયરૂપ કારણ આપે ને આત્મામાં વીતરાગ કાર્ય થાય. સમજાણું કાંઈ? નિર્મળ કારણપરમાત્માનો જેટલો આશ્રય લે તેટલા પ્રમાણમાં અંદર નિર્મળતાનું કાર્ય થાય.

**'ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'**

જેને મોક્ષમાર્ગ થવાની લાયકાત છે તે જીવ ભવ્ય છે. ભવ્યપણું અભવ્ય જીવને હોતું નથી, અને સિદ્ધ થયા પછી તો ભવ્યપણું રહેતું નથી. ત્યાં તો ભવ્યતા ને અભવ્યતાથી રહિત સિદ્ધદશા છે.

જેમાં કલંક નથી, મેલ નથી, રાગ નથી, ' णमो अरिहंताणं ' ઇત્યાદિ ભગવાનના સ્મરણરૂપી વિકલ્પ પણ જેમાં નથી—એવા નિષ્કલંક નિજ ચૈતન્યપરમાત્માનું ધ્યાન કરતાં, ધ્યાનની દશામાં એને ધ્યેય બનાવતાં, મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. રાગ, પુણ્ય ને વ્યવહાર તે તો કલંક છે; વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ એ પણ મેલ છે. પવિત્રતાનો પિંડ એવો જે નિષ્કલંક નિજ પરમાત્મા તેનું ધ્યાન કરતાં, તેમાં એકાગ્ર થતાં, મોક્ષ-દશા પ્રાપ્ત થાય. જીવ સ્વભાવે મુક્તસ્વરૂપ છે. ભવ્ય જીવને તેનું ધ્યાન કરતાં પર્યાયમાં મુક્તદશા પ્રાપ્ત થાય છે. ત્રિકાળી શુદ્ધનું ધ્યાન કરતાં પર્યાયમાં શુદ્ધતા થાય. રાગનું ધ્યાન કરતાં રાગ થાય, અરાગી નિજ પરમાત્માનું ધ્યાન કરતાં પરમાત્મદશા થાય. અહાહા ! સિદ્ધાંતો બહુ ટૂંકા, પણ ભાવો આકરા છે.

**'શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.'**

સિદ્ધભગવાનનું, તીર્થંકરનું, કેવળીનું કે પંચપરમેષ્ઠીનું ધ્યાન કરે તો તો વિકલ્પ થાય, રાગ થાય. સમાધિતંત્રમાં બે શ્લોક આવે છે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન પરાત્મા સેવીને તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને બત્તી દીપક થાય. ૯૭.
અથવા નિજને સેવીને જીવ પરમ થઈ જાય;
જેમ વૃક્ષ નિજને મથી પોતે પાવક થાય. ૯૮.

'આમના જેવો હું છું' એમ ભિન્ન પરમાત્માનું ધ્યાન કરીને આત્મા પરમાત્મા થાય છે. અથવા જેમ વૃક્ષ પોતાના ઘર્ષણથી પોતે અગ્નિ થાય છે, તેમ આત્મા આત્માના ઘર્ષણથી—પોતામાં એકાગ્ર અવલોકનથી—પરમાત્મા બની જાય છે; એને પરના અવલંબનની કોઈ અપેક્ષા નથી.

પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહ્યું છે કે—જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના આત્માને જાણે. ત્યાં અરિહંત તો પર છે, નિમિત્ત છે, પણ એ જેવા છે એવો જ પોતાનો આત્મા છે એમ જેણે ગુણનો ભેદ કાઢી નાખી, પર્યાયને કાઢી નાખી, એકલા નિજ અભેદ ધ્રુવ આત્માની દૃષ્ટિ કરી, તેને પોતાનો આત્મા જણાય છે. અરિહંતનું જ્ઞાન તે તો નિમિત્તનું—પરનું જ્ઞાન છે. પરના જ્ઞાનથી નિજ આત્માનું જ્ઞાન થાય એમ બનતું નથી. પણ ત્યાં એવી વાત લીધી છે કે, અરિહંત પરમાત્માના સ્વરૂપનું જેને શ્રદ્ધાન ને જ્ઞાન થયું એ પોતાના આત્મા સાથે મેળવવા જાય છે, ત્યાં એનું લક્ષ છોડી દઈને...અહા! મારું દ્રવ્ય પણ એમના જેવું, મારા ગુણ પણ એમના જેવા—એમ નિર્ણય કરી સ્વ તરફ ઢળે છે. પર્યાય એમના જેવી વ્યક્ત નથી, માટે તો સ્વભાવ તરફ ઢળે છે, અને એમના જેવો થઈ જાય છે. અહાહા! શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને પર્યાયમાં પ્રગટ શુદ્ધતા થઈ જાય.

—o—

## વચનામૃત—૧૧૯

**ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૧૧૯.**

'ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.'

પ્રશ્નઃ—ગુરુની વાણી કેવી હોય?

ઉત્તરઃ—ગુરુની વાણી અભેદ જ્ઞાયક આત્માનો આશ્રય લેવાનું બતાવનારી હોય, વીતરાગપણું પ્રગટ થાય એવી હોય; રાગથી તારી ચીજ ભિન્ન છે, તું વીતરાગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ છો, વીતરાગતા નિજ વીતરાગસ્વભાવના આશ્રયે પ્રગટ થાય, દેવ-ગુરુના કે વ્રતાદિ વ્યવહારના આશ્રયે નહિ—એમ સ્પષ્ટ કહેનારી હોય.

પ્રશ્ન:—આ તો વાણીનાં—નિમિત્તનાં—વખાણ થયાં!

ઉત્તર:—એમાં નિમિત્તનાં વખાણ કયાં આવ્યાં? નિમિત્તના આશ્રયે થાય એમ કયાં કહ્યું છે? આ તો ગુરુનો ઉપદેશ કેવો હોય—એમ ઉપદેશનું સ્વરૂપ બતાવ્યું છે. ગુરુએ દીધેલો વીતરાગતાનો ઉપદેશ જેણે સાંભળ્યો તેનું હૃદય ભેદાઈ જાય પોતાથી, પણ ગુરુના ઉપદેશથી ભેદાઈ ગયું એમ વ્યવહારે કહેવાય. 'હું ભગવાન આત્મા રાગથી જુદો છું' એમ ભેદ કર્યો છે સ્વયં પોતે; પણ એ સંભળાવ્યું છે ગુરુએ.

'મારી જ્ઞાયક ચીજ રાગથી ભિન્ન છે' એમ જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, એનો રસ ચડયો છે, તેનું ચિત્ત બીજે કયાંય ચોંટતું નથી. 'સ્વભાવનો આશ્રય લઈને વીતરાગતા કર' એમ ગુરુએ જે કહ્યું હતું તેનો જેણે સ્વીકાર કર્યો તેને એક આત્માનો જ રસ લાગ્યો છે. આત્માનો—આનંદનો—રસ લાગ્યો એ હવે છૂટે નહિ. આવે છે ને—

લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મેં...લાગી૦
કાહૂકે કહે કબહૂં નહિ છૂટે, લોકલાજ સબ ડારી;
જૈસે અમલિ અમલ કરત સમે, લાગ રહી જયું ખુમારી. જિન૦

જેને અંદર વીતરાગ પૂર્ણસ્વરૂપ જિનરાજનું માહાત્મ્ય આવ્યું છે, અને જિનરાજ જેવો જ હું અંદર શક્તિએ પરમાત્મા છું, 'લગની લાગી મારા નાથની' એમ પોતાના સ્વભાવનો રસ લાગ્યો છે, તેણે, દુનિયા પોતાના માટે શું કહેશે, શું માનશે એ દરકાર છોડી દીધી છે. અફીણિયાને જેમ અમલની ખુમારી ચડે, તેમ જેને આત્માની લગની લાગી છે તેને અંદર આત્માનો એવો પાવર ચડી ગયો હોય છે કે, કોઈ ગમે તે કહે-કરે, આત્માની—આનંદની—ખુમારી કદી છૂટતી નથી.

આત્માવલોકનમાં આવે છે કે—ગુરુ વારંવાર વીતરાગપણાનો ઉપદેશ આપે છે. 'मुहु मुहु गणदि वीयरायं, सो गुरुपयं भासदि सया।' જીવનું પોતાનું નિજસ્વરૂપ વીતરાગ છે એમ मुहु मुहु—વારંવાર જે કહે છે, તે જ ગુરુપદવીએ શોભે છે. રાગ કરો, આ ક્રિયા કરો—એ ઉપદેશ ગુરુનો નથી, જ્ઞાનીનો નથી, અજ્ઞાનીનો છે. ધર્માત્મા સંતો ને ચારે અનુયોગનો આશય એ છે કે—વીતરાગપણાની દશા પ્રગટ કર. જેને આત્માની લગની લાગી છે ને બહારનાં માન ને સન્માન આદિ દુનિયાની બધી લપ છૂટી ગઈ છે, રાગથી ભિન્ન જ્ઞાયક-આત્માનો આશ્રય બતાવનારી ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે, આનંદધામ ભગવાન આત્માની જેને અંતરમાં પ્રીતિ લાગી છે, તેનું ચિત્ત બીજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાંય ચોંટતું નથી. આત્માનો રસ લાગ્યો તેનું મન બીજે ક્યાંય—રાગમાં કે વ્યવહારમાં—લાગતું નથી.

સાકરનો સ્વાદ ચાખ્યો એને બીજે મીઠાશ લાગે નહિ, એમ 'હું શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પ્રગટ થઈ, સ્વરૂપલીનતાની લગની લાગી, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. વ્યવહારના વિકલ્પ આવે, છતાં ત્યાં ચિત્ત એકાગ્ર થતું નથી. એનાથી ભેદજ્ઞાન કરીને જ્ઞાનને રાગથી ભિન્ન રાખે છે. ધર્મી પોતાની જ્ઞાનધારાને રાગથી જુદી રાખે છે.

**'તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'**

એને માન જોઈએ છે—એમ તો નહિ, પણ વ્યવહાર જોઈએ છે, અરે! સાધક દશા જોઈએ છે—એમ પણ નહિ. સાધક દશા પણ અપૂર્ણ છે, એને તો એક પૂર્ણ પરમાત્મા જ જોઈએ છે, પરમ સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ જ એક જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. દુનિયા માને કે ન માને, સન્માન આપે કે ન આપે, તેને કાંઈ જોઈતું નથી. અમારી પદવી પ્રમાણે અમને બીજાએ માન દેવું જોઈએ—એવો માનનો અર્થી ધર્મી ન હોય. અહાહા! ધર્મીને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.

બેનને તો એક આનંદ આનંદ આનંદ! ને આખો દી સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૪૩

તા. ૨૦–૭–૭૮

## વચનામૃત—૧૨૦

પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાન્તિ આવવી જોઈએ તે આવતી નથી. અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંત-ગુણનિધિ આત્મા અદ્‌ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાન્તિ પ્રગટે છે. ૧૨૦.

**'પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાન્તિ આવવી જોઈએ તે આવતી નથી.'**

ધ્રુવ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ કરે તો સાચી શાન્તિ આવે; પંચ પરમેષ્ઠીનું—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુનું—ધ્યાન કરે એમાં શુભભાવ થાય, પણ આત્મ-શાન્તિ ન આવે.

પ્રશ્ન:—પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે તોય શાન્તિ ન આવે?

ઉત્તર:—ના. પંચ પરમેષ્ઠી જગતમાં સર્વોત્તમ છે, અલૌકિક છે; તેમનો મંત્ર પણ અલૌકિક છે. પણ તેનું ધ્યાન તે શુભરાગ છે, આકુળતા છે. એનું સ્મરણ ભલે કરે, પણ જો ધ્રુવ તળમાં દૃષ્ટિ ન જાય તો સમકિત થાય નહિ, શાંતિ થાય નહિ ને ધર્મ થાય નહિ.

પ્રશ્ન:—પરમેષ્ઠીનું સ્મરણ તે ધર્મનું કારણ નહિ?

ઉત્તર:—ના. સ્મરણનો ભાવ શુભરાગ છે. શુભરાગ ધર્મનું કારણ બિલકુલ થાય નહિ; ધર્મ તો વીતરાગ ભાવ છે. અહાહા! માર્ગ એવો છે. જ્ઞાનાદિ અનંત અનંત ગુણોનો ભંડાર, અતીન્દ્રિય આનંદ ને શાન્તિનો મહાસાગર, સર્વોત્કૃષ્ટ વસ્તુ, પ્રભુ ભગવાન આત્મા છે—એના ઉપર દૃષ્ટિ ન કરે અને પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, એથી ધર્મ નથી. શુભભાવ તે ધર્મ નથી; બહુ આકરી ભાષા કરે તો તે અધર્મ (-રાગ) છે. તે ધર્મ છે એમ વ્યવહાર કથન કરે, પણ તે વસ્તુ નથી. 'વ્યવહારધર્મ છે' તેનો અર્થ 'ધર્મ નથી'.

૪૯ વર્ષ પહેલાં, બોટાદ-સંપ્રદાયમાં સ્થિતિ હતી ત્યારે, કહેલ કે 'જે ભાવે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. ધર્મથી બંધ પડે નહિ; ધર્મથી અબંધ પરિણામ થાય. જે ભાવથી બંધ પડે તે ભાવ ધર્મ નહિ.' આમ વ્યાખ્યાનમાં કહ્યું હતું.

અહાહા! પંચ પરમેષ્ઠી થયા તે અંદર જે ધ્રુવ ચૈતન્ય મહાપ્રભુ, અનંતઅમૃત-સાગર છે તેને અવલંબીને થયા છે. મૂળ તળ જે ધ્રુવ જ્ઞાયક પરમસ્વભાવભાવ તેના ઉપર દૃષ્ટિ ન કરે તો ત્યાં સુધી એને સમકિત ન થાય, શાંતિ ન થાય. પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ શુભભાવમાં સમકિત, શાંતિ કે ધર્મ નથી. મૂળ તળમાંથી એટલે કે ધ્રુવમાંથી શાન્તિ આવવી જોઈએ.

આંખ વીંચીને, બહારનું બીજું લક્ષ છોડીને, પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે છતાં તે આકુળતા છે, દુઃખરૂપ ભાવ છે. પર્યાયની સમીપમાં—તળમાં, ધ્રુવમાં—અંદર અમૃત-સાગરની અનંત વેળ ભરી છે-એમાં નજર ન કરે તો તેને શાન્તિ ન આવે ને ત્યાં સુધી તેને સમકિત ન થાય. એની નજર પર ઉપર છે તેથી પંચપરમેષ્ઠીનું લાખ, કરોડ કે અનંત વાર ધ્યાન કરે છતાં તળમાંથી શાંતિ આવતી નથી.

અત્યારે તો બધા પરથી ધર્મ મનાવે છે: પૂજા કરો, ભક્તિ કરો, ધર્મ થશે. પણ તું કોણ છો? એ ઉપર તો લક્ષ જ કરાવતા નથી. શું થાય?

પ્રભુ! તું કોણ છો? તારી ત્રિકાળી ચીજ કઈ છે? તારા ઉપર મિથ્યાત્વના, પુણ્ય-પાપના, અધર્મના અનંતા ભાવ વીતી ગયા, પણ પ્રભુ! તું ચૈતન્યચમત્કારી, અતીન્દ્રિય આનંદનો સાગર, એવો ને એવો છો. તારી પરમેશ્વર-શક્તિ ભરપૂર છે; એ પરમેશ્વર-સ્વરૂપ ભાવમાં કયાંય ઊણપ આવી નથી, ઘસારો લાગ્યો નથી. આટલા-આટલા મિથ્યાત્વભાવ કર્યા તોપણ વસ્તુના એ મૂળ તળમાં કયાંય ઘસારો લાગ્યો નથી—એવી એ ચીજ છે. પણ, પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી, તેથી એ પ્રભુતા ઉપર તારી દૃષ્ટિ જતી નથી. એ દૃષ્ટિ વિના, પંચ પરમેષ્ઠીનું એકલું ધ્યાન કર્યા કર તેનાથી તારું રખડવું મટશે નહિ.—આવી વાત છે.

**'અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાન્તિ પ્રગટે છે.'**

આત્મા અનંત ગુણોની નિધિ, ખાણ છે. એમાંથી અનંત આનંદ પ્રગટ થાય તોપણ તેમાં કાંઈ કમી થતી નથી—એવું સ્વરૂપ છે. રાગની ક્રિયાઓ કરતાં પર્યાયમાં અનંત દુઃખ આવે તેથી અનંત આનંદના નાથમાં ઘસારો થાય છે કે તેમાં કાંઈ ઓછું થાય છે—એમ નથી. અહા! ભગવાન આત્મા એવો ને એવો બિરાજી રહ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન:—અંદર ન જવાય તો શુભભાવ વચ્ચે વિશ્રામ તો છે?

ઉત્તર:—ના. વિશ્રામઠામ તો આત્મા છે. વ્યવહારના પક્ષપાતી કોઈ કહેતા હતા કે પહેલાં શુભ રાગરૂપ વ્યવહારમાં વિશ્રાન્તિ મળે, ને પછી અંદર શાંતિ ને આનંદમાં જવાય. પણ એ વાત બરાબર નથી.

અહીં કહે છે કે, અનેક ફળફૂલથી સુશોભિત વૃક્ષની જેમ અનંત ગુણનો સાગર, અનંત ગુણની ખાણ, અનંત ગુણનું નિધાન એવો પ્રભુ આત્મા અજોડ છે. અહાહા! આત્મા એટલે શું બાપુ! એ તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ છે. તેનો આશ્રય લેવાથી, અંદર ધ્યેયમાં એકાગ્ર થવાથી અતીન્દ્રિય શાંતિ ઝરે એવું એ અનુપમ વૃક્ષ છે. અરે! આ વાત જ છે ક્યાં? પ્રભુ! આ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની સીધી વાણી છે. સમજાય છે કાંઈ? અહાહા! આ બેનનાં વચનો છે તે ભગવાનની વાણી છે. એમના ઘરનું કાંઈ છે નહિ. આ તો દિવ્ય ધ્વનિ છે.

ભાઈ! જેમ ઝાડ અનેક ફળફૂલથી ભરેલું હોય તેમ આ ભગવાન આત્મા અનંત ગુણનાં ફળ પાકે એવું અજોડ વૃક્ષ છે. અહા! અદ્‌ભુત આત્મા! પ્રભુ પણ તારાં ગાણાં પૂરાં ન ગાઈ શકે—ન કહી શકે.

પ્રશ્ન:—ભગવાન બધુંય જાણે છે, તો પછી બધું કહી ન શકે?

ઉત્તર:—ના. જાણે બધુંય; એ વાત બરાબર છે. પણ વાણીની હદ અમુક છે—મર્યાદિત છે તેથી વાણીમાં બધું ન આવે. સમયસારની પાંચમી ગાથાની ટીકામાં શબ્દબ્રહ્મને સમસ્ત વસ્તુનો કહેનાર પણ કહ્યો છે. ત્યાં જણાવ્યું છે કે શબ્દબ્રહ્મ કેટલાક ધર્મોને કહે છે ને કેટલાકનું અનુમાન કરાવે છે—એમ પ્રયોજનભૂત બધી વસ્તુને કહે છે; તેથી વાણીમાં બધું આવે છે એમ પણ અપેક્ષાએ કહેવાય છે. ગોમ્મટસારમાં એમ આવે છે કે, વાણી જડ છે—અજીવ છે; તેમાં સર્વજ્ઞે જોયું છે એટલું બધુંય ન આવે. વાણી તો જડ છે. જડમાં કેટલી તાકાત છે કે તે કેવળજ્ઞાનમાં જણાયેલી બધી વાત કહે? એમાં તો અમુક જ વાત આવે.

એવો તું ત્રણ લોકનો નાથ, ચૈતન્ય આનંદકંદ, કલ્પવૃક્ષ સમાન પ્રભુ છો. તારાથી અરિહંત કે સિદ્ધ કોઈ મોટા નથી. અરિહંત ને સિદ્ધ એ તો પર્યાય છે; તું તો એવી અનંતી પર્યાયોનો સાગર છે. જેવું ભગવાનનું દ્રવ્ય તેવું તારું. અહાહા! ભગવાનની વાત બરાબર, પણ પોતાની મોટપની વાત બેસવી જીવોને કઠણ લાગે છે!

અહા! ચૈતન્યચમત્કારથી ભરપૂર આત્મદ્રવ્ય અમાપ છે. તેમાં અનંત અનંત ચમત્કારી ગુણો ભરેલા છે. અનંતનું કોઈ માપ નથી, હદ નથી. અનંતનો અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે અનંત વાર ગુણાકાર કરો તોપણ જેનો પાર આવતો નથી—એટલાં અનંતાનંત—અપાર—બેહદ ગુણરત્નો આત્મામાં ભર્યાં છે. આવા અનંત ગુણની તાકાતવાળું જે નિજ આત્મદ્રવ્ય એની સામું જોવું નથી, એને આદરવો નથી, એનો આશ્રય લેવો નથી ને 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે!' એમ બહારની ધમાધમ કરવી છે, જાણે કે અમે કાંઈ ધર્મ કરીએ છીએ! ભાઈ! એના આશ્રયે શાંતિ આવતી નથી. અનંત આનંદ ને અનંત શાંતિનો ભંડાર અદ્દભુત સર્વજ્ઞશક્તિવાળો ભગવાન આત્મા અંદર છે, તેના આશ્રયે રમતાં સાચી શાન્તિ પ્રગટે છે.

જેમ અનેક ફળ-ફૂલથી ખીલેલું મનોહર વૃક્ષ ફાલેલું દેખાય, તેમ આ ભગવાન જ્ઞાયક આત્મા અંદર ગુણની શક્તિવાળું—જ્ઞાન, દર્શન, સુખ આદિ એક એક ગુણ તેની અનંત શક્તિ સહિત—મનોહર ચૈતન્યવૃક્ષ છે. બધી વાત મૂકી દઈને એક ચૈતન્યના આશ્રયે રમતાં—વસ્તુ છે તેને જાણીને તેમાં રમતાં—શાન્તિ પ્રગટે છે. આત્માશ્રિત સમ્યગ્દર્શન પ્રગટે છે તેને સાચી શાન્તિ આવે છે.

અહાહા! આમાં (બહેનશ્રીનાં વચનામૃતમાં) શબ્દો ટૂંકા પણ ભર્યું છે ઘણું. હજી બધા વાંચશે, વિચારશે. લોકો હળવે હળવે એક વાર, બે વાર જોશે ત્યારે તેની મહત્તાની ખબર પડશે કે આમાં કેટલું ભર્યું છે!

—o—

## વચનામૃત—૧૨૧

**આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે:—જાગ રે! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડયો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ. ૧૨૧.**

'આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છેઃ—જાગ રે! ભાઈ, જાગ.' ચૈતન્યની જાગતી જ્યોતને જગાડે છે.

પ્રશ્ન:—જાગતી જ્યોત એટલે શું?

ઉત્તર:—ચૈતન્ય જાગતી જ્યોત છે, આંધળી નથી. દીવો કે સૂર્ય પોતાના પ્રકાશને જાણતો નથી. આ ચૈતન્ય જાગતી જ્યોત તો પોતાને તેમ જ સૂર્ય આદિના પ્રકાશને બંનેને જાણનારી છે. નિયમસારના શુદ્ધ-ઉપયોગ-અધિકારમાં લીધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને—જ્ઞાનમાં સ્વ-પરને જાણવાની શક્તિ-સ્વભાવ ત્રિકાળ છે. એ ત્રિકાળી સહજ જ્ઞાનસ્વભાવને, આનંદકંદ પ્રભુને, આવરણ કે આવરણનો અભાવ—એ કાંઈ નથી. વ્યક્ત થતી કેવળજ્ઞાનની પર્યાય પણ સાવરણ છે, કેમ કે તેમાં—ક્ષાયિકભાવમાં—કર્મના અભાવની અપેક્ષા આવે છે. સ્વપર-પ્રકાશક વસ્તુસ્વભાવ તો ખરેખર ત્રિકાળ નિરાવરણ ને નિરપેક્ષ છે. એક કોર મોક્ષમાર્ગપ્રકાશકમાં મતિજ્ઞાનને પણ સ્વભાવનો અંશ કહેલ છે અને બીજી કોર નિયમસારમાં કેવળજ્ઞાનને પણ સાવરણ કહ્યું; પણ તે કઈ અપેક્ષાએ? કેવળજ્ઞાનપર્યાયમાં નિમિત્તની—કર્મના અભાવની—અપેક્ષા આવે છે—તે અપેક્ષાએ. પરંતુ ત્રિકાળી દ્રવ્યને તો—જે એવો ને એવો ચૈતન્યના ચમત્કારથી ભરેલો પ્રભુ છે એવા પરમસ્વભાવભાવરૂપ ભગવાન આત્માને તો—કોઈ કર્મની કે કર્મના અભાવની અપેક્ષા કાંઈ છે નહિ. અહાહા! એવી જાગતી જ્યોત જેનો સ્વભાવ છે તેને કહે છે કે, જાગ રે! જાગ. જગાડે છે કે—પ્રભુ! અરે ભાઈ! જાગ રે! જાગ. તારી અંદરની જાગતી જ્યોતને જગાડ. બહારમાં શુભભાવ ને અશુભભાવ વગેરે તેં ઘણું કર્યું. હવે તો તું જાગ!

**‘તને ઊંઘમાં દિશા સૂઝતી નથી.’**

તું અજ્ઞાનમાં સૂતો છે; તેમાં તારી દિશા કઈ છે તે તને સૂઝતું નથી. અંતરમાં કઈ રીતે જવું ને નિર્મળ દશા ક્યાંથી પ્રગટ થાય—એ દિશા તને કાંઈ સૂઝતી નથી. અન્યમતમાં પણ કહે છે ને—

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે.

તેઓ એમ માને છે કે સર્વત્ર એકલું ચૈતન્ય જ છે, બીજી કોઈ ચીજ નથી. પણ વસ્તુસ્વરૂપ એમ નથી. ચૈતન્યતત્ત્વ એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને—તેના સર્વ ગુણો ને પર્યાયો સહિત—જાણવાની તાકાતવાળું દ્રવ્ય છે. જો છ દ્રવ્યને ન માને તો તેમને જાણવાની જેની એક સમયની પર્યાયની તાકાત છે એવા નિજ ચૈતન્યતત્ત્વને જ તેણે ન માન્યું.

વીતરાગ જૈનદર્શનમાં કહેલું આત્માનું સ્વરૂપ સમજે નહિ અને કહે કે—ઉપવાસ કરો, વ્રત કરો, આ કરો ને તે કરો, સામાયિક કરો ને પ્રતિક્રમણ કરો; પણ અરે, ભાઈ! આત્માના ભાન વિના તારાં સામાયિક ને પ્રતિક્રમણ કેવાં? ઊંઘમાં તને તારી ચૈતન્યશક્તિના સામર્થ્યની ખબર નથી. તને ઊંઘમાં અંતરની સાચી દિશા સૂઝતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તું તારી ભૂલથી જ રખડયો છે.'**

કર્મ જીવને રખડાવે છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. તું તારી ભૂલથી જ રખડયો છે. દર્શનમોહનીય નામના કર્મથી આત્મામાં ભ્રાન્તિ એટલે ભૂલ થઈ છે—એમ નથી. ભ્રાન્તિને, કર્મથી અલગ, પોતે સીધી ઊભી કરી છે. શ્રી ચંદ્રપ્રભ ભગવાનની પૂજાની જયમાલામાં આવે છે ને—

કરમ બિચારે કૌન, ભૂલ તેરી અધિકાઈ;
અગનિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.

તારી ભૂલ તેં તારાથી કરી છે, કર્મે તને ભૂલ કરાવી નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે-એવું શાસ્ત્રમાં આવે છે તે નિમિત્તનું જ્ઞાન કરાવનારાં વ્યવહારનાં કથનો છે. પરમાર્થે કોઈ પરદ્રવ્ય કોઈને રોકતું નથી, લાભ-નુકસાન કરતું નથી. શ્રીમદ્‌માં પણ એવું આવે છે કે-તારી ભૂલથી તું રખડયો છે; તારી ભૂલ એટલી કે સ્વને ભૂલી ગયો ને પરને પોતાનાં માન્યાં. શરીર મારું, રાગ મારો, દયા-દાન આદિ ભાવો મારા, એમ જે તું માને છે તે તારી ભૂલ;—એમ સંતો કહે છે.

આત્મા ભૂલ કરે છે તેમાં કારણ તરીકે ૫૦ ટકા કર્મના ને ૫૦ ટકા જીવના છે—એમ એક પંડિત કહેતા હતા. સંપ્રદાયના એક શેઠ એમ કહેતા હતા કે ૫૧ ટકા જીવના ને ૪૯ ટકા કર્મના ગણો. આ ચર્ચા ઘણાં વર્ષોથી ચાલે છે. આત્મા ભૂલ કરે છે એમાં ખરેખર કર્મનો એક અંશ પણ કારણ નથી. પોતાને ભૂલીને ભૂલ કરે છે, કર્મ તો નિમિત્તમાત્ર બીજી ચીજ છે. શું એણે ભૂલ કરાવી છે? શું એનાથી તારી ભૂલ થઈ છે? અરે! ભૂલનો કરનારો—પર્યાયમાં ભૂલને રચનાર—તું અને નાખે છે કર્મને માથે! પં. ટોડરમલજી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહે છે—'જિનાજ્ઞામાં આવી અનીતિ સંભવે નહિ.'

જૈનના ત્રણેય સંપ્રદાયમાં કર્મનું એવું લાકડું—મિથ્યા અભિપ્રાય—ગરી ગયું છે કે જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયથી જ્ઞાન થઈ શકે નહિ, ક્ષયોપશમથી કંઈક ઉઘાડ થાય. ખરેખર તો એ બધી વાત તદ્દન જૂઠી છે.

અહીં તો એમ કહે છે : તું તારી ભૂલથી જ રખડયો છે, પરથી નહિ.

**'તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો.'**

સવળાઈ કરવામાં તેમ જ ઊંધાઈ કરવામાં પણ તું સ્વતંત્ર છો; કેમ કે તું પોતે સ્વતંત્ર દ્રવ્ય છો. તારા પરિણામ કરવામાં તું સંપૂર્ણ સ્વાધીન છો, તેમાં પરની કે નિમિત્તની કોઈ અપેક્ષા છે જ નહિ. વિ. સં. ૨૦૧૩ માં સમ્મેદશિખરની યાત્રા

પ્રસંગે ઇસરીમાં વાતચીત થતાં એમ જ કહ્યું હતું કે—જીવ વિકાર કરે છે તેમાં પરમાર્થે બાહ્ય કારકની અપેક્ષા છે જ નહિ. પંચાસ્તિકાયની ૬૨ મી ગાથાની ટીકામાં આવે છે : આત્મા ભૂલ કરે તેમાં પરની—કર્મનાં કારકોની—અપેક્ષા બિલકુલ નથી, ને કર્મ કર્મપણે બંધાય એમાં આત્માની—જીવનાં કારકોની—બિલકુલ અપેક્ષા નથી. જીવ વિકાર પોતાથી—પોતાના પરિણમનભાવથી—કરે છે ને કર્મ એના પોતાથી બંધાય છે. બંને પોતપોતાનાં પરિણમનમાં સાવ સ્વતંત્ર છે. અહીંયાં પણ એમ જ કહે છે કે, તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. ભૂલ કોઈ બીજાને લઈને થાય —એમ છે નહિ.

મુનિપણું લીધું હોય અને અંદર માન્યતા એમ હોય કે—'અમે કપડાં છોડીને તો બેઠા છીએ, પણ અંદર કર્મ ખસે તો લાભ થાય; કર્મ ખસ્યા વિના શી રીતે લાભ થાય?' અરેરે! આ કેવી ભ્રમભરી માન્યતા, બાપુ! ભૂલ તો તારાથી થઈ છે, તેમાં કર્મ વગેરે પરદ્રવ્ય બિચારાં શું કરે? તારી ભૂલથી તું રખડયો છે; ભૂલમાં પણ તું સ્વતંત્ર છો.

**'તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે.'**

'હું નથી' એવી મિથ્યાત્વની આકરી ભૂલ કરી; છતાં એ ભૂલ પર્યાયમાં ઉપલક છે, વસ્તુમાં એ ભૂલ—અશુદ્ધતા—પ્રવેશી ગઈ નથી. ભૂલનાં પણ તું સ્વતંત્ર છો ને તે રખડપટ્ટી વખતે પણ તું શુદ્ધ પદાર્થ રહ્યો છે. નરક-નિગોદના ભવ કર્યા પણ તારી વસ્તુ—ત્રિકાળી સચ્ચિદાનંદમય જ્ઞાયક વસ્તુ—એમ ને એમ શુદ્ધ જ રહી છે. અરે! દોષ કરે છે પોતે ને વાંક નાખવો છે કર્મ ઉપર! એ કેમ ચાલે? જો દોષ પોતે સ્વતંત્ર કરતો હોય તો પોતે ટાળી શકે; કર્મને લઈને થતો હોય તો કર્મ ટળે ત્યારે દોષ ટળે, આત્માના હાથમાં કાંઈ રહ્યું નહિ! પરંતુ વસ્તુસ્વરૂપ એમ છે જ નહિ. ભૂલ કરવામાં તું સ્વતંત્ર છો ને ટાળવામાં પણ તું સ્વતંત્ર છો. ભૂલ વખતે પણ પદાર્થ તરીકે તો તું શુદ્ધ જ રહ્યો છે.

પ્રવચનસારની ૧૮૯ મી ગાથાની ટીકામાં કહ્યું છે : મિથ્યાત્વ ને રાગાદિ પરિણામનો કર્તા તું જ છો; તેનો કરનાર ને ટાળનાર તું જ છો;—એ શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે. કર્મને લઈને રાગાદિ પરિણામ થાય છે એમ કહેવું તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે. ત્યાં, નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે અને વ્યવહારનય કર્મ વગેરે પરદ્રવ્યના પરિણામને કારણે આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધ-દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. ત્યાં, શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ જાણવું અને અશુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

અહીં કહે છે કે એ રખડપટ્ટી વખતે પણ તું શુદ્ધ પદાર્થ રહ્યો છે. અનંત અનંત કાળ જીવ નિગોદમાં રહ્યો. જેમ કન્યા પિયરમાં મોટી થાય તેમ જીવનું પિયરસ્થાન નિગોદ છે. ત્યાં પહેલાં અનંત કાળ રહ્યો છે. નિત્યનિગોદના જીવો તો હજી ત્રસ પણ થયા નથી, ઈયળ ને કીડી પણ થયા નથી, ત્યાં માણસ તો કયાંથી થાય? એવા અનંત જીવો નિગોદમાં પડયા છે, છતાં એનું દ્રવ્ય તો શુદ્ધ જ છે. દ્રવ્ય એટલે વસ્તુ, સ્વતઃસિદ્ધ ચીજ; એને શું આંચ હોય? વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ, અતીન્દ્રિય આનંદનો સાગર છે. એણે પર્યાયમાં અનંત દુઃખ વેઠયાં, તોપણ તેના આનંદસ્વભાવમાં ઊણપ, ઘસારો કે ઘટ કાંઈ થઈ નથી. નિગોદનાં દુઃખ ને સાતમી નરકનાં દુઃખ—કરોડો જીભે ને કરોડો ભવે ન કહી શકાય એવાં તે ક્ષણક્ષણનાં દુઃખ—અનંત વાર વેઠયાં, તોપણ વસ્તુપણે તો પ્રભુ! તું શુદ્ધ જ રહ્યો છો. એ રખડપટ્ટી વખતે પણ તું શુદ્ધ જ છો.

અહાહા! આ તો અલૌકિક વાત છે. દિગંબર જૈન ધર્મ એટલે તો કોઈ અલૌકિક ચમત્કારી ચૈતન્યવસ્તુ બતાવનાર ધર્મ! સર્વજ્ઞે વસ્તુનું સ્વરૂપ છે એવું જાણ્યું છે, ને છે એવું કહ્યું છે.

અહીં કહે છે કે—તું સ્વતંત્ર દ્રવ્ય છો. તારી મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ; તો તારું દુઃખ ટળશે અને અતીન્દ્રિય કાયમી સુખની તને પ્રાપ્તિ થશે.

ભા. સુ. ૧૧, સં. ૨૦૨૬

બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૪૪

તા. ૨૭-૮-૭૮

## વચનામૃત—૧૨૧

૧૨૧ મો બોલ ચાલે છે. થોડુંક આવી ગયું છે.

આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે:—જાગ રે! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. ઊંઘમાં જેમ દિશા સૂઝતી નથી તેમ આ અજ્ઞાનમાં તને દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડયો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. નરક-નિગોદનાં પરિભ્રમણ વખતે પણ આનંદકંદ ચૈતન્યપદાર્થ તો શુદ્ધ જ રહ્યો છે.

શુભ ને અશુભ ભાવ ખરેખર ભવ છે. શુદ્ધ ચૈતન્યભગવાન અંદર એ ભવના ભાવોથી ભિન્ન છે. સર્વજ્ઞ જિનેશ્વરે જે આત્મા જોયો—કેવળ પોતાના જ આત્માને જોયો એમ નહિ, પણ બીજા બધાના આત્માને જોયા—તે તદ્દન શુદ્ધ, આનંદનો નાથ ને ચૈતન્યકંદ જોયો છે. 'હું આત્મા નથી' એવા નાસ્તિકપણાની માન્યતાના કાળે પણ એ તો શુદ્ધ ચૈતન્યઘન છે. એ નાસ્તિકતાની પર્યાય તેના ધ્રુવ સ્વરૂપમાં પ્રવેશ પામી નથી.

'આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.'

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ અને મુનિઓ—દિગંબર સંતો—એમ કહે છે કે, અમે તને કોઈ મહિમાવંત પદાર્થ અંદર બતાવીએ છીએ, ત્યાં તું નજર કર; તને શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ ને પ્રાપ્તિ થશે. ત્યારે તને સમ્યગ્દર્શન થશે. એ સિવાય બીજા લાખ ઉપાય કર, તોપણ તને સમ્યગ્દર્શન એટલે કે ધર્મની શરૂઆત નહિ થાય.

અહાહા! આવી વાતો છે! સંપ્રદાયમાં આ વાત મળે એમ નથી. ત્યાં તો એવું મળશે કે બહારનાં તપ કરો, અપવાસ કરો ને ભક્તિ કરો. પણ એ તો બધી રાગની ક્રિયાઓ છે. એ પણ અનંત વાર કરી છે. પરંતુ અંદર ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ શું છે તે નજરમાં આવી નથી, તેનો મહિમા ખ્યાલમાં આવ્યો નથી. અહા! એ કેમ બેસે? સર્વજ્ઞ જિનેશ્વર તો એમ કહે છે કે તને પરિભ્રમણના કાળમાં શુભાશુભ ભાવ અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાર થયા, છતાં અંદરમાં તો તું શુદ્ધ જ છો.—એવી કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.

**'તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ.'**

અંદર તળમાં અતીન્દ્રિય આનંદનો નાથ પડયો છે. પુણ્ય-પાપના વિકલ્પોથી ખસી જઈને અંદર ઊંડો ઊતર. બાપુ! સર્વજ્ઞ વીતરાગદેવે ફરમાવેલો માર્ગ કોઈ જુદો છે. પરિભ્રમણના કાળમાં તેં અનંત વાર સાધુપણું લીધું, પણ પંચ મહાવ્રત વગેરે શુભ પરિણામની ક્રિયા તો આસ્રવ છે, દોષ છે. એ દોષ વખતે પણ આનંદઘન વસ્તુ તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા વખતે પણ ધ્રુવ ચૈતન્યવસ્તુ અંદર ત્રિકાળ શુદ્ધ જ છે. એ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તેને તું ઊંડો ઊતરીને જો.

પ્રશ્ન:—'ઊંડો ઊતરીને' એટલે શું?

ઉત્તર:—શુભાશુભ ભાવો ઉપલક છીછરા છે. ત્યાંથી ખસીને, અંદર ઊંડે આનંદનો નાથ, સિદ્ધસ્વરૂપ ચૈતન્યપ્રભુ કોઈ અદ્ભુત મહિમાવંત વસ્તુ છે તેને જો. સમયસારનાટકમાં કહ્યું છે કે—'चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरो।' મલિન દશાના કાળે પણ વસ્તુ તો અંદર શક્તિએ સિદ્ધસમાન શુદ્ધ જ છે. અહા! આ વાત કેમ બેસે? પોતાને અભ્યાસ નહિ ને કોઈ દિવસ બહારમાં આ વાત સાંભળવા મળે નહિ. બહારમાં તો આ કરો ને તે કરો, વ્રત કરો ને તપ કરો-એવું ચાલે છે. પણ ભાઈ! 'કરવા'માં, ક્રિયાના કર્તાપણામાં તો ચૈતન્યનું ભાવમરણ છે, એમાં શુદ્ધ ચૈતન્યપ્રભુનો અનાદર છે. તેથી આચાર્ય ને સંતો કહે છે કે, તે શુભાશુભના કર્તાપણારૂપ વિભાવથી ખસીને અંદર ઊંડાણમાં જા. ત્યાં ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપની શક્તિ સહિત શુદ્ધ બિરાજે છે તેને જો, તો તારા પરિભ્રમણનો નાશ થઈ જશે અને પરમ સુખ પ્રાપ્ત થશે.

પરની દયા પાળવાનો ભાવ પણ શુભ રાગ છે. એ શુભ રાગ સ્વરૂપની હિંસા છે, કેમ કે રાગની પાછળ અંદર અરાગી, ત્રિકાળ શુદ્ધ, સિદ્ધસ્વરૂપી ધ્રુવ ચૈતન્યપ્રભુ બિરાજે છે તેનો અનાદર કર્યો ને રાગનો આદર કર્યો. પરની દયાના કાળે કોઈ જીવ કોઈ અન્યને બચાવી શકતો નથી, કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતો નથી; અને બચાવવાનો જે શુભ ભાવ થયો એ પણ શુદ્ધ દ્રવ્યથી ભિન્ન જાત છે. એ શુભાશુભના ભાવોરૂપે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા કદી થતો નથી. —એમ અંદર ઊંડો ઊતરીને જો.

અંદરમાં તત્ત્વ શુદ્ધ પડયું છે તેને જો. અસલી તત્ત્વને ઓળખ. સર્વજ્ઞ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનેશ્વર ભગવાને જેવું કહ્યું છે તેવું હો; બધા અન્યમતો કહે છે તે પ્રમાણે નહિ, કેમ કે તેમણે સાચું તત્ત્વ જાણ્યું નથી. ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ બતાવેલા શુદ્ધ ચિદાનંદ ને સિદ્ધસ્વરૂપી એવા નિજ આત્મતત્ત્વને ઓળખ. એ વિના તારાં ૮૪ નાં જન્મમરણ નહિ મટે. એ અવતારમાં પ્રાણીઓ દુઃખી છે; ભલે ને કરોડપતિ શેઠિયા હોય કે મોટા રાજા હોય તોપણ તેઓ બિચારા, રાંકા, ભિખારા ને દુઃખી છે.

અહો! જીવ રાગની રમતોમાં રોળાઈ ગયો છે, અંદર ચૈતન્યતત્ત્વ રાગથી ભિન્ન છે એનું તેને ભાન નથી. સ્વર્ગનાં સુખોની કલ્પના ટાણે પણ ભગવાન આત્મા ભિન્ન રહ્યો છે. સ્વર્ગમાં કે તે કલ્પનામાં સુખ છે તે માન્યતા ભ્રમ છે. સુખ તો અંદર નિજ આત્મામાં છે. હરણની ડૂંટીમાં કસ્તૂરી છે પણ તેનું તેને ભાન નથી, તેમ આ ભગવાન આત્મા, દયા-દાન વગેરે ઉપરછલા રાગભાવની પાછળ, શુદ્ધ ચિદાનંદકંદ છે તેનું અજ્ઞાનીને ભાન નથી ને કિંમત નથી.

પ્રશ્ન :—એ કેમ થાય?

ઉત્તર:—આનંદઘન અમૃતનો સાગર—પ્રભુ અંદર બિરાજે છે તેને સમજવાથી થાય. મધ્યલોકમાં છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનના વિસ્તારવાળો છે. તેના તળિયે એકલાં રત્નો પડયાં છે. આ બાજુના બધા દ્વીપ-સમુદ્રોની પહોળાઈના સરવાળા કરતાં તે છેલ્લા સમુદ્રની પહોળાઈ ત્રણ યોજન વધારે છે. ત્યાં નીચે રેતી નથી પણ રત્નો પડયાં છે. તેમ આ 'સ્વયંભૂ' ચૈતન્ય ભગવાન, પુણ્ય-પાપના આ ઉપરચોટિયા વિકલ્પોની પાછળ, અંદર ઊંડાણમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે. તેને તું અંતરમાં જો. બહારની નજર છોડીને તેં અંદર કદી જોયું નથી. મેં આ કર્યું ને તે કર્યું, એમ બહારમાં ભ્રમણ કર્યું; વેપાર કર્યા ને બૈરાંછોકરાં સાચવ્યાં એ પાપભાવ અને દયા-દાન, પૂજા-ભક્તિ ને યાત્રા કરી એ પુણ્યભાવ—બેય વિકારી ભાવમાં એકાકારપણે, બહારમાં ને બહારમાં ભ્રમણ કર્યું. તેને છોડી, સર્વજ્ઞે જોયો છે તેવો અંદર નિર્વિકારી પ્રભુ છે તેને ઓળખ.

શ્રીમદ્ કહે છે—

'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

કાંઈક કરે તો તે સિદ્ધ થાય—એમ નહિ, પણ અંદર સમજે તે થાય. એ જ અહીં કહે છે: તું ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ.

'તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ.'

આત્મા સ્વયં આનંદનિધાન છે પ્રભુ! ઇંદ્રિયોના વિષયોમાં સુખની કલ્પના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય, ભોગમાં મજા પડે, કરોડ-બે કરોડ રૂપિયા હોય અથવા તો પેદા થાય તેમાં મજા વેદાય, તે તો બધું ઝેર છે. એમાં જેને રુચિ છે તે તો ઝેરના પ્યાલા પીએ છે.

પ્રભુ! તું તારું અંતર જો; તારી દુઃખની દશા, જે પુણ્ય-પાપના વિકાર છે તે, ટળશે અને તેના સ્થાનમાં તને સુખની અપૂર્વ દશા પ્રગટ થશે. એનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે.

—o—

## વચનામૃત—૧૨૨

**તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે. ૧૨૨.**

**'તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.'**

ભગવાન આત્મા ચૈતન્યનાં અનંત ગુણરત્નોથી ભરેલો, આનંદથી છલોછલ ભરેલો મહાન પદાર્થ છે; તેની તને ખબર નથી. તેને ઓળખીને તું ત્યાં જા, તો તારું આ ચોરાશીમાં અથડાવું મટી જશે.

પરથી ખસ, આત્મામાં વસ;<br>
એ ટૂંકુંટચ, ને એટલું તારે માટે બસ.

એ ટૂંકી વાણી છે. પાપ ને પુણ્ય—અરે! દયા-દાન, ભક્તિના ભાવ વગેરે પણ—રાગ છે, દુઃખ છે, આકુળતા છે; એ તને ખબર નથી. હિંસા, જૂઠ, ચોરી વગેરે પાપ તો દુઃખ છે જ, પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ભાવ પણ રાગ હોવાથી દુઃખ જ છે. અહા! આકરું પડે એવું છે બાપુ!

પ્રભુ તો એમ કહે છે કે મારી સામે જોઈશ તો તને રાગ થશે. તારી સામે તું જો. જ્યાં અનંત આનંદથી ભરેલો તારો પ્રભુ આત્મા છે ત્યાં તું જા. અંતર્દષ્ટિ થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શ્રદ્ધા તેમ જ ભક્તિ વગેરે શુભ ભાવ આવે, પણ છે એ દુઃખરૂપ. તેથી તેને છોડી તું અંદર આત્મામાં જા, તો બહાર ભટકવામાં—વિકલ્પમાં—તું જે રોકાણો છે તે ભટકવું મટી જશે. ઝીણી વાત છે. જિનમાર્ગ જ એવો કોઈ ઝીણો છે. ઘણી વાર કહેવાયું છે ને—

ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન;<br>
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુજૈ ન.

પોતાની માન્યતામાં ઘેલા થઈ ગયેલા પાગલ જીવો અંદર જિનસ્વરૂપે, વીતરાગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપે ભગવાન આત્મા બિરાજે છે તેને સમજતા નથી. અનંત વીતરાગતા ને અનંત જ્ઞાન-આનંદ-શાંતિ એ દશા આવી કયાંથી? કયાંય બહારથી આવે છે? ભાઈ! તું અંદર વીતરાગ ને જિનસ્વરૂપે જ છો. તે વીતરાગ જિનસ્વરૂપે પરિણમતાં તને અંદરથી વીતરાગી સમ્યગ્દર્શન થશે, વીતરાગી જ્ઞાન થશે અને નિજસ્વરૂપમાં વીતરાગી રમણતા થશે; તારું અથડાવું મટી જશે. તે માટે તું આત્મામાં જા. સમજાય છે કાંઈ? આ બોલમાં લીટી તો માત્ર બે છે, પણ ભાવ ઊંડા છે.

ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુ આદિ પ્રત્યે શુભ ભાવ હોવા જોઈએ—આવે છે. જ્ઞાનીને પણ રાગ હોય છે; પણ છે તે દુઃખરૂપ ને હેયરૂપ. મોક્ષપાહુડની ૧૬ મી ગાથામાં 'परदव्वादो दुग्गइ' કહ્યું છે. ભગવાન કહે છે કે અમારા પ્રત્યે પણ જો તારું લક્ષ જશે તો તે ચૈતન્યની દુર્ગતિ છે, દુઃખ છે. અહા! ભારે આકરું કામ!

જીવ બાયડી-છોકરાં ને ધંધામાં મૂર્છાઈને પડયો છે. ૨૨–૨૩ કલાક ત્યાં પાપમાં ગાળે; એકાદ કલાક સાંભળવા આવે ત્યાં, 'તમે અમારી ભક્તિ કરો, વ્રત કરો, તમારું કલ્યાણ થઈ જશે'–એમ સંભળાવનારા એ બિચારાનો કલાક લૂંટી લે.

અહીં તો કહે છે કે, તું આત્મામાં જા, મારી સામું જોવું મૂકી દે. વિદેહ-ક્ષેત્રમાં અત્યારે ત્રિલોકનાથ શ્રી સીમંધરપ્રભુ બિરાજે છે, સમોસરણ છે. ત્યાં તેમની દિવ્યધ્વનિ છૂટે છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા. આઠ દિવસ તે વાણી સાંભળીને પછી અહીં આવીને આ સમયસાર વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. તેમાં કહ્યું છે: ભાઈ! તું તને જો ને.

અહાહા! તું કોઈ ચીજ છો કે નહિ? તું કોઈ વસ્તુ તો છો. વસ્તુ જેમ કાયમી છે તેમ તેના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ કાયમી છે કે નહિ? એ કોઈ દી જોયું છે? વિચાર્યું છે કોઈ દી? આત્મા જેમ ટકતું-ધ્રુવ-કાયમી-અવિનાશી તત્ત્વ છે તેમ સાથે રહેલા તેના અનંત ગુણો પણ અવિનાશી છે. અહા! એવા નિજ આત્મામાં જા.

'જા' નો અર્થ પર્યાયને ત્યાં વાળ. દ્રવ્ય ને ગુણ તો છે તે છે, પણ વર્તમાન પર્યાયને ત્યાં લઈ જા. એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય સિદ્ધ થઈ ગયા. એ તો જૈન પરમેશ્વરનો એકડો છે. દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળી ધ્રુવ છે. તારી વર્તમાન દશા જે બહિર્મુખ છે તેને અંતરમાં લઈ જા. એને બહિર્મુખ રાખીશ તો તને તારી પર્યાય અશુદ્ધ થશે.

ભાઈ! માથે મોતનાં નગારાં વાગે છે. દેહ છૂટવાનાં ટાણાં તો આવવાનાં છે. એ ક્ષણ અજાણી એકદમ આવશે. એ પહેલાં 'આ તત્ત્વ શું છે' તે સમજમાં ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીધું તો એ અવતાર બધો ઢોર જેવો છે. ભલે તે લાખોપતિ, કરોડપતિ કે અબજપતિ હો. અહાહા! દુનિયાથી આ બધો ફેરફાર શું હશે?

અહીં તો શરીરને ૮૯ વર્ષ થયાં, ઘણું બધું જાણ્યું ને જોયું છે, દરેક સંપ્રદાયને જોયો છે. બાપુ! આ ચીજ કોઈ જુદી જ છે! કોઈકે ક્યાંક વ્રતમાં જોડી દીધા ને કોઈકે તપમાં જોડી દીધા, ભક્તિમાં જોડી દીધા. બધી એક જ જાત છે.

પ્રશ્નઃ—આપ શેમાં જોડો છો?

ઉત્તરઃ—અહીં કહ્યું ને—તું આત્મામાં જોડાઈ જા. અનાદિથી તું જે રાગમાં જોડાઈ ગયો છે તે, આમાં—આત્મસ્વભાવમાં—જોડાઈ જા. અપૂર્વ વાત છે પ્રભુ! અનંત કાળમાં એક સેકંડ પણ કોઈ દી 'સમ્યગ્દર્શન અને તેનો વિષય શી ચીજ છે'—તે જાણ્યું નથી.

'તું આત્મામાં જા.' પણ આત્મા કોણ છે—તે, લોકો જાણશે, તેનો મહિમા આવશે, તો આત્મામાં જાશે ને? નહિતર બહારની મહિમામાં તો—અનાદિની રખડ-પટ્ટીમાં તો—પડ્યો જ છે. આત્મામાં—જ્ઞાયકસ્વભાવમાં જા, તો તારું અથડાવું મટી જશે. અથડાવું એટલે પરિભ્રમણ.

**'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'**

પરના આધારે, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના ભાવે પણ, અંતરમાં નહિ જવાય, કેમ કે તે રાગ છે. વસ્તુસ્વરૂપ—ભગવાન આત્મા—શુદ્ધ જ્ઞાનઘન ને આનંદકંદ છે, એમાં જેને જવું છે તે નિજ આત્માનો આધાર લે. જેમાં જવું છે તેનો આધાર લે, તેના આશ્રયે તેમાં જા. કોઈ પણ રાગની લાગણી, ચાહે તો ભક્તિનો કે નામસ્મરણનો શુભ વિકલ્પ હો, તેના આધારે અંદર સ્વરૂપમાં નહિ જવાય. આવી વાત છે પ્રભુ!

પ્રશ્નઃ—સામાયિક, પોસા ને પ્રતિક્રમણથી આત્મામાં ન જવાય?

ઉત્તરઃ—ભાઈ! આત્મા કોણ છે, કેવી ચીજ છે—તે દૃષ્ટિમાં ને અનુભવમાં આવ્યું નથી, ત્યાં સામાયિક, પોસા ને પ્રતિક્રમણ ક્યાંથી લાવ્યો? સામાયિક ક્યાં હતી તારે? ધૂળમાંય નથી. આત્મા વીતરાગ જિનસ્વરૂપ છે એવો જેને અંતરમાં જવાથી અનુભવ થાય, બહારથી ખસીને સ્વરૂપમાં ઠરે, ત્યારે તેને અંદર જે સમતાનો —વીતરાગતાનો—લાભ થાય તેને સાચી સામાયિક કહેવાય છે. અહા! અત્યારે તો ગડિયા ગોખી જાય તેને સામાયિક માની બેઠા છે.

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય બીજે ક્યાંય આવો પંથ છે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમણે જાણ્યું, જોયું એવું ત્રિકાળી વસ્તુસ્વરૂપ બીજા પંથમાં છે જ નહિ. એવા સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રભગવાનનું ફરમાન છે કે—પ્રભુ! તું તારામાં જા ને. તારું રખડવું મટી જશે; કેમ કે રખડવું ને રખડવાનો ભાવ આત્માના સ્વભાવમાં છે જ નહિ. સાચા સંતને પણ મહાવ્રત આદિના જે વિકલ્પ ઊઠે તે પણ જગપંથ છે, બંધનું કારણ છે. અરેરે! દુનિયા બહારની—વ્યવહારના ક્રિયાકાંડની—વાતના પ્રેમમાં મુર્છાઈ ગઈ છે.

પ્રશ્નઃ—એમાં મજા આવે છે ને!

ઉત્તરઃ—ધૂળમાંય એમાં મજા નથી; મફતનો માની બેઠો છે. કાંઈ સમજ્યા વગર હાથમાં ઝાંઝ, તબલાં ને ઢોલક લઈને નાચે અને તેમાં ભક્તિની મજા માને; પણ ભાઈ ભક્તિ એટલે શું, તેના અર્થની કાંઈ ખબર છે? જે અજ્ઞાન ને પુણ્ય-પાપના વિકલ્પને હરે, દૂર કરે, અને કર્મને ટાળે, નાશ કરે—એવો જે આનંદમૂર્તિ નિજ આત્મા તેનું ભજન, શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક અતીન્દ્રિય અનુભવન, તે સાચી ભક્તિ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ તો પોતાના જ્ઞાનસ્વરૂપમાં હોય છે; રાગ આવે પણ તે એમાં હોતા નથી, એના જાણનાર રહે છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ આવે, પણ એનાથી ભિન્ન અંદર ભેદજ્ઞાનની ધારા અતૂટ વર્તતી હોય છે. શુભ રાગનો વિકલ્પ છે તે કર્મધારા છે, ધર્મધારા નથી. માર્ગ અપૂર્વ છે બાપુ! ચૈતન્ય કોણ છે, તેને પૂર્વે કદી જોયો–જાણ્યો નથી, ને બહારની કડાકૂટમાં જિંદગી ગુમાવી દીધી છે.

આજે દિવ્યધ્વનિનો દિવસ છે. મહાવીર પરમાત્માને વૈશાખ સુદ દશમે કેવળજ્ઞાન થયું, પણ વાણી નહોતી નીકળી. વાણીના ઝીલનાર મુખ્ય પાત્ર પણ ત્યાં નહોતા. ૬૬ દિવસે—અષાઢ વદ એકમના દિવસે, જે જાતિએ બ્રાહ્મણ હતા ને વેદના પારંગત હતા તે ઇન્દ્રભૂતિ ગૌતમને ઇન્દ્ર લઈ આવ્યા.

પ્રશ્નઃ—કોઈ જૈનને કેમ ન લાવ્યા?

ઉત્તરઃ—ગૌતમની યોગ્યતા જબરી હતી. ગણધર થવાની લાયકાત તેમનામાં હતી. વેદના પ્રખર પંડિત, પ્રકૃતિ શાંત અને કષાય મંદ. સમોસરણમાં આવ્યા ને માનસ્તંભ જોતાં જ પોતાની વિદ્વત્તાનું અભિમાન ગળી ગયું. ભગવાનની દિવ્યધ્વનિ છૂટી. અહા! ભગવાનની વાણી સાંભળી અંતર્મુહૂર્તમાં આત્મજ્ઞાન ને સંયમ પામીને ગૌતમ ગણધરે ૧૨ અંગની રચના કરી; તે આજનો દિવસ છે.

મુખ ઓંકાર ધુનિ સુનિ, અર્થ ગણધર વિચારૈ;
રચિ આગમ ઉપદિશૈ, ભવિક જીવ સંશય નિવારૈ.

—એ આજનો દિવસ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્વેતાંબરમાં એમ આવે છે કે ભગવાનને પહેલે દિવસે વાણી છૂટી પણ તેને ઝીલનાર ગણધર હાજર નહોતા—'अभाविया पुरिसा'; તેથી પછી વાણી બંધ થઈ ગઈ. તે વાત કલ્પિત છે. પૂર્વે તીર્થંકરનામકર્મ બંધાયું ત્યારે વિકલ્પ એવો આવ્યો હતો કે જગતના બધા જીવો આ આત્મતત્ત્વ સમજે; તેનાથી જે પુણ્ય બંધાઈ ગયું, તેના ઉદય કાળે વાણી છૂટે ત્યારે સામે સમજનારા હોય જ; તીર્થંકરની વાણી કદી નિષ્ફળ જાય જ નહિ. ઝીલનાર ઉપસ્થિત નહોતા ત્યાં સુધી વાણી કુદરતે છૂટી જ નહોતી.

ચાર જ્ઞાનના ધારક ગૌતમ ગણધરે ૧૨ અંગ ને ૧૪ પૂર્વની રચના આ દિવસે કરી. સમયસાર એનો અંશ છે; એમાંથી કહેલો આ—બેનનાં વચનામૃત—સાર છે. સમજાયું કાંઈ? જરા આકરું પડે.

'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.' રાગ ને નિમિત્તનો આધાર લે તો અંદર જવાશે કયાંથી? થોડા શબ્દોમાં ઘણી ગંભીરતા ભરી છે. અત્યારે તો સંપ્રદાયમાં પણ ગોટા ઉઠાવ્યા છે. અન્યના માર્ગને જૈનનો માર્ગ માની બેઠા છે. શુભ રાગમાં ધર્મ મનાવે છે તેણે અન્યમાં ધર્મ મનાવ્યો છે. અરે! દેવ-ગુરુની ભક્તિમાં પણ ધર્મ મનાવે તે જૈન ધર્મ નથી. જૈન ધર્મ તો શુભાશુભ રાગથી રહિત—મોહક્ષોભ રહિત—વીતરાગ ભાવ છે.

—o—

## વચનામૃત—૧૨૩

**ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વ-સંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે. ૧૨૩**

આમાં ('બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકમાં) બેનનાં વચનામૃતોના ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે, પણ સમજવા માટે તૈયારી જોઈએ. શું થાય?

**'ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે.'**

ભગવાન ચૈતન્યસ્વરૂપ આકાશની રમણીયતા સદાકાળ જયવંત છે. ચૈતન્યપ્રભુ જ્ઞાનની રમણીયતા, આનંદની રમણીયતા વગેરે અનંત ગુણોની રમણીયતાથી ભરેલો ધ્રુવ પદાર્થ છે; તે ક્ષણિક પર્યાયમાં આવી જતો નથી, એ તો પોતાની ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રમ્યતાથી સદાય વર્તે છે. આ ચૈતન્યરૂપી આકાશમાં જ્ઞાનની, દર્શનની, આનંદની ને વીર્યની રમણીયતા એટલે કે અનંત શક્તિઓની રમ્યતા સદાય જયવંત વર્તે છે.

**'જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે.'**

જગતના આકાશમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર ને તારામંડળની રમ્યતા હોય છે. ચૈતન્ય-આકાશમાં જ્ઞાનાદિ અનંત ગુણોની રમ્યતા છે. જેમ ચંદ્ર અને તારામંડળથી આકાશ રળિયામણું લાગે છે, તેમ આ ચૈતન્ય-આકાશ પણ અંદર પોતાના અનંત ગુણોની રમ્યતાથી ભરેલું છે. આકાશમાં ચંદ્ર ને તારાની તો સંખ્યા છે, આત્મામાં તો ગુણો અનંત છે. આવો રમણીય આત્મા 'સ્વયંજ્યોતિ સુખધામ' છે. તેને પામવા માટે કોઈના આલંબનની જરૂર નથી એવું તે નિરાલંબન તત્ત્વ છે.

**'તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે.'**

તારાઓ છે, પણ આંખ ઉઘાડીને જુએ તો જણાય ને? માણસ સૂતો હોય, ઓરડામાં અંધારું હોય, આંખે ચીપડા વળ્યા હોય અને ઓરડાનું બારણું એક હોય, તેને આકાશની રમ્યતા દેખાય નહિ; તેમ જેને, રાગથી ધર્મ થાય એવું મિથ્યા શ્રદ્ધાન છે, મિથ્યાજ્ઞાન છે તે અજ્ઞાનરૂપી ઓરડામાં સૂતો છે, તેને આત્માની રમ્યતા દેખાય નહિ. તેને કહે છે: અલ્યા! જાગ રે જાગ!

અહીં કહે છે કે—સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં નિજ આત્માની રમણીયતા જણાય છે. એ શું કહ્યું? આંખ ખોલીને જુએ તો આકાશમાં તારાની રમ્યતા દેખાય છે; તેમ ભગવાન આત્મામાં અનંત ગુણોની રમણીયતા સ્વસંવેદન-પ્રત્યક્ષ જ્ઞાન એટલે કે પોતાનાથી વેદાય એવા પ્રત્યક્ષ વેદનથી જણાય એવી છે; પરથી જણાય એવી નથી. આત્મા પરથી જણાય એવો તો નથી, પણ પરના લક્ષે થયેલો જે રાગ તેનાથી પણ જણાય એવો નથી. રાગ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, પણ વિકાર-વિભાવ છે.

ચૈતન્ય-આનંદામૃતસાગરથી ઊલટો એવો રાગ ઝેર છે. તેના વડે આત્માની રમ્યતા—એકત્વવિભક્તસ્વરૂપ સુંદરતા—જણાય નહિ. આનંદધામ આત્માની રમણીયતા કોઈ અદ્ભુત છે, જુદા જ પ્રકારની છે. જ્યાં પરની અપેક્ષા નથી, ઇંદ્રિયો અને મનની અપેક્ષા નથી, દેવ-શાસ્ત્ર-ગુરુની અપેક્ષા નથી, અરે! દેવ-શાસ્ત્ર-ગુરુને સાંભળીને જે જ્ઞાન થયું તેની પણ જ્યાં અપેક્ષા નથી—કારણ કે તે જ્ઞાન પરલક્ષી થયું છે—પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં કેવળ સ્વતત્ત્વનું જ આલંબન છે—એવા સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન વડે આત્માની કોઈ આશ્ચર્યકારી રમણીયતા અનુભવમાં આવે છે.

પ્રશ્નઃ—સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન એટલે શું?

ઉત્તરઃ—સ્વ એટલે પોતાનું, પોતાના સ્વરૂપની રમ્યતાનું; સંવેદનપ્રત્યક્ષ જ્ઞાન એટલે અનુભવયુક્ત જ્ઞાન. તે સ્વસંવેદન પોતાની પર્યાયમાં પોતાને પોતાથી પોતાના આધારે થયું છે. દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત છે તે પર છે. પરલક્ષી જ્ઞાન છે તે પરોક્ષ છે, પરાવલંબી છે, પરતંત્ર છે, સ્વતંત્ર નથી. સ્વની રમ્યતાના આશ્રયે પરિણમેલું સ્વસંવેદનજ્ઞાન પ્રત્યક્ષ છે, સ્વાવલંબી છે, સ્વતંત્ર છે; તેમાં ઇંદ્રિય-મનની કે દેવ-ગુરુ આદિ અન્ય કોઈની અપેક્ષા જ નથી. આ ભગવાન આત્માની જ્ઞાન ને આનંદ આદિથી ભરપૂર રમ્યતા સ્વાનુભવપ્રત્યક્ષ જ્ઞાનથી જ જણાય એવી છે.

અરેરે! અનંત કાળ ગયો રખડવામાં; જીવ ક્યાંક ને ક્યાંક અટકવાનાં સ્થાનોમાં પડ્યો છે. અટકવાનાં સાધન અનંત ને છૂટવાનું સાધન એક—સ્વની રમ્યતાનો આધાર લેવો તે. આવી વસ્તુ છે. અહો! પ્રભુની રમ્યતા! આકાશની રમ્યતા આંખ ઉઘાડે તો જણાય ને? તેમ આત્માની રમ્યતા સ્વાનુભવપ્રત્યક્ષ કરે—અંદર સમ્યગ્જ્ઞાનની આંખ ઉઘાડે—તો વેદનમાં આવે.

**'સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે.'**

જેના વડે ત્રિકાળી વસ્તુની રમ્યતા જણાય છે તે સ્વાનુભવરૂપ નિર્મળ નિર્વિકલ્પ સંવેદનની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે. જે નિર્મળ દશામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એની પણ અચિંત્યતા છે. સમ્યગ્દર્શન થતાં જે સ્વાનુભૂતિ પ્રગટ થઈ, સિદ્ધ જેવા આનંદનો અંશે સ્વાદ આવ્યો તેની જાત કોઈ જુદી જ છે, અનુપમ છે; એને કોઈ ઉપમા આપી શકાતી નથી.

શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૩૦

બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

—પૂજ્ય ગુરુદેવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૪૫

તા. ૨૨-૭-૭૮

## વચનામૃત—૧૨૪

**શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. ૧૨૪.**

શુદ્ધ આત્માનું સ્વરૂપ! ઝીણી વાત છે બાપુ! તેનો અભ્યાસ નથી ને! અંદર આત્મા જે છે ને, તે વસ્તુ તરીકે શુદ્ધ આનંદકંદ પ્રભુ છે.

પ્રશ્ન:—છે તો દેખાતો કેમ નથી?

ઉત્તર:—અંદર આત્મામાં નજર ક્યાં કરે છે? એની નજર તો અનાદિથી આ દયા, દાન, વ્રત, ભક્તિ અને પુણ્ય-પાપ વગેરે બાહ્ય સંસારભાવમાં પડી છે; ત્યાં જ તે રખડે છે. અંદર સ્વભાવ જે છે તેને જોતો નથી, અને જે તેના સ્વભાવમાં નથી તેને જોઈને અટકી ગયો છે.

પહેલાં તો એકલું શુદ્ધાત્માનું સ્વરૂપ...

પ્રશ્ન:—શુદ્ધાત્માનું સ્વરૂપ એટલે શું?

ઉત્તર:—આ આત્મા, પુણ્ય-પાપના વિકલ્પો જે વિકાર છે, અશુચિ છે, મલિન છે, અશુદ્ધ છે, તેનાથી ભિન્ન શુદ્ધ ચીજ છે, ત્રિકાળ પવિત્ર વસ્તુ છે. ભગવાન આત્મા પોતે અંતરમાં સચ્ચિદાનંદસ્વભાવી વસ્તુ છે ભાઈ! તને ખબર નથી કે એ અતીન્દ્રિય આનંદનો ભંડાર છે; જ્ઞાન, દર્શન આદિ અનંત અતીન્દ્રિય ગુણો-શક્તિઓ-સ્વભાવોનું તે મોટું ગોદામ છે. પોતે ગુણનું ગોદામ છે, પણ કોને ખબર? કોઈ દી એની સામું જોયું નથી!

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત અતીન્દ્રિય આનંદ, અનંત નિર્મળતા, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા—એવી અનંત અનંત શક્તિઓનું—શક્તિ કહો, ગુણ કહો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે સ્વભાવ કહો—તે (ભગવાન આત્મા) સંગ્રહાલય છે. એની એ અનંત શક્તિઓ બેહદ છે, બાપુ! તે સ્વયંસિદ્ધ ચીજ આનંદાદિ અનંત શક્તિઓનો સાગર છે.

એ શુદ્ધ આત્માના સ્વરૂપને બતાવવા અનુભવપૂર્વક નીકળેલાં ગુરુનાં, જ્ઞાની ધર્માત્માનાં, વચનો રામબાણ જેવાં છે. રામનું બાણ જેમ નાખ્યું ફરે નહિ, તેમ અનુભવી ધર્માત્માએ કહેલાં વચનો કદી ફરે નહિ.

અહા! આવી વાત! આ ધરમ! દુનિયા બિચારી ક્યાં માનીને બેઠી છે! એક તો નવરો નહિ સંસારના પાપ આડે; ધંધા, બાયડી, છોકરાં ને કુટુંબ સાચવવાં, ખેતર સાચવવાં, છોકરાં હોય તેને ઠેકાણે નાખવાં—સારા ઠેકાણે. અહાહા! એકલું પાપ ને અધર્મ! અને એમાંથી એને દુર્ગતિ થવાની.

પ્રશ્ન:—તો અમારે શું કરવું તે કહો.

ઉત્તર:—એ તો અહીં કહે છે. જે કરે છે તે કરવાનું છોડી દે. દયા, દાન, વ્રતના પરિણામ ધર્મ છે, કરવા યોગ્ય છે—એ મિથ્યા માન્યતા છોડી દે, કેમ કે વસ્તુના મૂળ સ્વરૂપમાં તે પુણ્ય-પાપના ભાવ છે જ નહિ. અનાદિથી વિકારી દશા નવી નવી ઉત્પન્ન કરી છે; તેથી તે ઉત્પન્ન કરેલા ભાવો દશામાં છે, વસ્તુમાં નથી.

ભગવાન આત્મા સ્ફટિક જેવો નિર્મળ શુદ્ધ છે તેમાં દૃષ્ટિ કર. જે કોઈ પરમાત્મદશા થાય છે તે અંદર જે શક્તિ છે, સ્વભાવ છે, તેનાથી થાય છે. અહા! 'હું પરમાત્મસ્વરૂપ છું' એવાં ગુરુ-ધર્માત્માનાં સ્વાનુભવ સહિત નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, તેનાથી મોહનો નાશ થાય છે, ભગવાન આત્માનો અંદર પ્રકાશ થાય છે.

પ્રશ્ન:—આ માણસ છે, આ ઢોર છે, એમ બહારનું બધું તો દેખાય છે, પણ આત્મા પરમાત્મસ્વરૂપ છે એ ક્યાંથી કાઢયું?

ઉત્તર:—બાપુ! તને ખબર નથી ભાઈ! આ આત્મા સ્વરૂપે ભગવાન છે, આનંદનો નાથ છે ને શુદ્ધ ચૈતન્યઘન છે. વસ્તુ છે ને? તત્ત્વ છે ને? તે મોજૂદગી-હયાતી-રાખતી એક ચીજ છે કે નહિ? જો છે તો તેને નિત્યપણું છે કે નહિ? નિત્યપણું છે તો નિત્યપણાનો સ્વભાવ શું છે? અરે! એ વિચારવાનો એને વખત ક્યાં મળે છે? તે નિત્યપણામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ વગેરે અનંત ગુણો ભર્યા પડયા છે. એનું એની વર્તમાન દશામાં એને ભાન ક્યાં છે? એ તો વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવોને પોતાના માનીને ચોરાશીના અવતારમાં રખડી મરે છે. પાપ કરે તો નરક ને પશુમાં જાય, અને પુણ્ય કરે તો દેવ ને મનુષ્યમાં જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણા વાણિયા તો મરીને પશુ થવાના. કેમ? અંદર આત્માનું તો ભાન છે નહિ, અને આખી જિંદગી લોભ ને માયા વગેરે કષાયભાવોમાં વેડફી નાખી હોય ત્યાં તેને બીજી શી ગતિ હોય? ઘણા વાણિયાને માંસ ને દારૂ ખાવા-પીવાના ભાવ હોય નહિ તેથી નરકમાં જાય નહિ. સત્સમાગમે દરરોજ ચાર-પાંચ કલાક અધ્યાત્મતત્ત્વનું વાંચન-મનન જોઈએ. તો તો પુણ્ય થાય અને મનુષ્યપણું પામે, સ્વર્ગમાં પણ જાય; પણ એ તો છે નહિ. પચીસ, પચાસ લાખ કે કરોડ રૂપિયા ભેગા કર્યા એમાં તારામાં શું થયું? તે તો જડ–ધૂળ છે. 'મેં ભેગા કર્યા' એ બધાં અભિમાન ને મિથ્યાત્વમય ભ્રમ છે.

અહીં તો કહે છે: રાગથી ને દયા-દાનના શુભ વિકલ્પોથી રહિત, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ શુદ્ધાત્મા અંદરમાં બિરાજે છે; તેના સ્વરૂપને બતાવનારાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે; તેનાથી મોહ ભાગી જાય છે. ગુરુવચનો એને શુદ્ધ આનંદનાથ બતાવે અને જો પોતે નજર ત્યાં નાખે, તો મોહનો નાશ થાય, મિથ્યાત્વનો—ભ્રમણાનો નાશ થાય.

જીવ અનાદિથી ભટકે છે ત્યાં અજ્ઞાન ને પુણ્યપાપના ભાવો કરે, પણ પરનું કાંઈ કરી શકતો નથી. એક પાંદડું પણ ફેરવી શકે નહિ; એક તણખલાના બે કટકા પણ આત્મા કરી શકે નહિ; કારણ કે તે જડ પરવસ્તુ સ્વતંત્ર ચીજ છે. શુભ ને અશુભ પરિણામ, કર્તા થઈને, કરે છે તેથી તે મિથ્યાત્વભાવના સેવન વડે ચતુર્ગતિમય સંસારમાં રખડે છે. બહારમાં લોકો માન આપે તેથી શું થયું? વસ્તુસ્વરૂપની કે ધર્મની તો કાંઈ ખબર નથી!

મદ્રાસમાં માંગલિક પ્રવચન પછી ત્યાંના ગવર્નરે 'રાજભવનમાં પધારો, અમારે મદ્રાસ રાજ્ય તથા પ્રજા વતી આપનું સ્વાગત કરવું છે' એમ વિનંતી કરી. ત્યાં ગયા હતા. રાજભવનના વિશાળ ઉદ્યાનમાં તેર સો હરણિયાં અને ઘણાં સસલાં મુક્ત હરેફરે છે. રાજ્યપ્રતિબંધને લીધે કોઈ તેનો શિકાર કરી શકે નહિ. ત્યાં ગવર્નરને પણ આ જ વાત કરી હતી. જીવદયાના ભાવ—અંદર રાગની મંદતા હોય તો—શુભ રાગ છે, પુણ્યભાવ છે. શુભ રાગ ધર્મ નથી. હું પરને બચાવી-જિવાડી શકું છું એવી માન્યતા સાથે છે તેથી તે શુભરાગ પાપાનુબંધી પુણ્ય—મિથ્યા ભ્રાન્તિ સહિતનું પુણ્ય છે. શુભ ને અશુભ રાગ રહિત વીતરાગ ભાવ તે સાચો ધર્મ છે. જેમણે વીતરાગની આ વાત ન સાંભળી હોય તેમને આકરી પડે. ધર્મી જીવ તો એમ માને છે કે—હું પરનો કર્તા તો નથી જ; પણ પુણ્ય-પાપના ભાવનોય પરમાર્થે કર્તા નથી; કેમ કે મારું મૂળ સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનઘન છે, જાણનાર-દેખનાર છે, પ્રજ્ઞાબ્રહ્મ ને આનંદબ્રહ્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ અંદર શુદ્ધ સ્વરૂપે બિરાજે છે—એમ ગુરુ બતાવે છે. અને જો જીવ શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો મિથ્યાત્વરૂપ ભ્રાન્તિનો નાશ થઈ જાય છે. ભ્રાન્તિ નાશ થવાનો બીજો એકેય ઉપાય નથી. બ્રહ્મચર્ય પાળું અને વ્રતાદિ બહુ કરું તો ભ્રાન્તિ ટળે-એમ છે નહિ. માત્ર રામબાણ જેવાં ગુરુવચનોએ બતાવેલા નિજ શુદ્ધ-સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો તેનાથી મોહનો નાશ થાય અને નિજ શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.

આત્મા શુદ્ધ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. સૂર્યનો પ્રકાશ જડ છે. આત્મામાં તો ચૈતન્યનૂરનાં પૂર ભર્યાં છે. અહા! એણે જોવાનું છે અંદર આત્મામાં. આત્માના અંદર દર્શન કરતાં, આત્માની સમીપ જતાં, ભ્રાન્તિનો નાશ થઈને પર્યાયમાં શુદ્ધાત્મપ્રકાશ પ્રગટ થાય છે. રાગનો અંધકાર હતો તેની જગ્યાએ શુદ્ધાત્મ-તત્ત્વની દૃષ્ટિ થઈ એટલે શુદ્ધાત્મતત્ત્વ જેવું છે તેવો પ્રકાશ પર્યાયમાં આવ્યો. એમ થતાં એની દશામાં આનંદ ને શાંન્તિ આવે છે.

પ્રશ્ન:—પણ આનું કોઈ બીજું સાધન હશે કે નહિ?

ઉત્તર:—શુદ્ધાત્મતત્ત્વની દૃષ્ટિ કરવી તે એક જ સાધન છે; બીજાં બધાં સાધન થોથાં છે.

—o—

## વચનામૃત—૧૨૫

**આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્‌ગલનો કે વાણીનો દેશ તેનો નથી. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને. ૧૨૫.**

'આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્‌ગલનો કે વાણીનો દેશ તેનો નથી.'

શું કહે છે? ભગવાન આત્મા તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદમાં વસનારો છે, શરીર કે વાણીમાં વસનારો નથી. શરીર ને વાણી તો પુદ્‌ગલ, માટી, ધૂળ છે, એમાં આત્મા નથી. જેમ શરીર આત્માનું ક્ષેત્ર નથી તેમ વાણી પણ આત્માનું ક્ષેત્ર નથી, તે પણ જડ ને ધૂળ છે. ભાષાવર્ગણા પુદ્‌ગલની દશા છે. તેમાંથી આ અવાજ ઊઠે છે. વાણી કાને સંભળાય છે ને? આમાં (ટેઇપ-રેકર્ડમાં) ઊતરે છે ને? તે જડ છે કે આત્મા?

વાત બહુ ઝીણી છે ભાઈ! ભગવાન આત્માનો દેશ-ક્ષેત્ર-ધામ શુદ્ધ ચૈતન્યમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેમાં જ્ઞાનાદિ અનંત ગુણરત્નો ભર્યાં છે. ભાઈ! અંદરનાં એ ગુણરત્નોની તને ખબર નથી, એની તને કિંમત નથી, અને આ બહારની ધૂળની—શરીર, મકાન, બંગલા, મોટરગાડી, હીરા-માણેક વગેરે જડ પુદ્ગલની—તને કિંમત છે; પણ એ બધા ચોરાશીના અવતારમાં રખડવાના રસ્તા છે.

પુદ્ગલનો કે વાણીનો દેશ આત્માનો નથી. શું કહ્યું આ? શરીર ને વાણી આત્માનાં નથી અને આત્માને લઈને નથી. આ વાણી છૂટે છે તે આત્માને કારણે નહિ, પણ ભાષાવર્ગણાના જડ પુદ્ગલો છે તેના કારણે ભાષા નીકળે છે. અહા! કાંઈ ખબર ન મળે! આવો વિચાર પણ કે દી કર્યો છે?

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારની 'આત્મખ્યાતિ' ટીકા બનાવી છે. અહા! ટીકા તે ટીકા! તેમાં અમૃતના સાગર ઉછાળ્યા છે. અત્યારે ભરતક્ષેત્રમાં આના જેવી અધ્યાત્મરસમય ઊંચી બીજી કોઈ ટીકા ઉપલબ્ધ નથી. અન્યમતમાં તો નહિ, પરંતુ દિગંબર જૈનનાં પણ બીજાં શાસ્ત્રોની આવી ટીકા નથી. એવી અદ્ભુત ટીકા પૂરી થતાં અંતના શ્લોકમાં ટીકાકાર કહે છે: આ ટીકા મેં કરી નથી, વાણીના શબ્દોની રચના મારી નથી; શબ્દરચના જડ-પુદ્ગલથી થઈ છે.

પ્રશ્ન:—મોટા પુરુષ નિર્માનતા બતાવવા એમ જ કહે ને?

ઉત્તર:—નિર્માનતા બતાવવા માટે નહિ, પણ વસ્તુનો સ્વભાવ જેમ છે તેમ બતાવવા એમ કહ્યું છે. ખરેખર આત્મા વાણી કરી શકતો નથી. આત્મા ઘણી પ્રેરણા કરે તોપણ પક્ષઘાત થાય ત્યારે શરીર ચલાવી શકતો નથી. તે વખતે જડની પર્યાય જડના કારણે હાલતી નથી. શરીર, વાણી આદિ પરપદાર્થના દેશમાં આત્મા છે જ નહિ.

**'ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે.'**

ચૈતન્ય એટલે ભગવાન આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ જે આ નિજ ચૈતન્ય તેમાં જ ચૈતન્યપ્રભુ રહેલો છે.

એક ભાઈ કહેતા'તા—અમુક વકીલ એવા હોંશિયાર છે કે અસરકારક દલીલો કરીને ન્યાયાધીશને પણ ધોળા દિવસે તારા બતાવે છે. પરંતુ એ વાત અસત્ય છે. વાણીને કોણ બોલે? તને ખબર નથી બાપુ! વાણી તો જડ ભાષાનાં પુદ્ગલોની દશા છે. હોઠ હલે તે પણ જડની દશા જડને લઈને છે. ભાષાનાં પુદ્ગલોને કયાં ભાન છે કે એમનું વાચ્ય શું છે? ભાનસ્વરૂપ ચૈતન્યભગવાન તો ચૈતન્યસ્વભાવમાં છે; તે કાંઈ રાગમાં, ભાષામાં, શરીરમાં અને અન્ય પુદ્ગલમાં આવતો નથી. અહા! આવું બેસવું કઠણ છે ભાઈ! મસાણમાં હાડકાંનો ફોસ્ફરસ બળતાં ચમક દેખાય, તેમ આ રૂપાળું શરીર, મધુર વાણી, મન, ધન ને મકાન-બધું હાડકાંના ફોસ્ફરસની ચમક છે, ક્ષણિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેમાં અવિનાશી આત્મા નથી, આત્માએ તે કર્યું નથી. પ્રભુ! તે આત્માનાં નથી; આત્મા તેમાં આવ્યો નથી. આત્માએ તેની રચના પણ કરી નથી, તે તો જડ-ધૂળની રચના છે. ચૈતન્ય તો ચૈતન્યમાં જ રહેનારો છે.

**'ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે.'**

જે જાણનાર છે, જેમાં જણાય છે—એવું જે જ્ઞાન, તે જ્ઞાનસ્વરૂપ આત્મા છે; જે શરીર, રાગ, પુણ્ય ને પાપ થાય તે આત્મા નહિ. જેની સત્તામાં—હયાતીમાં આ શરીર, વાણી, મકાન વગેરે દેખાય છે, જણાય છે, તે જ્ઞાનસત્તા જ આત્મા છે. અરે! ક્યાં કોઈ દી વિચાર્યું છે કે આ જ્ઞાનસ્વરૂપ સત્તા શી ચીજ છે અંદર? ચૈતન્યસત્તાના હોવાપણામાં જ તો એ બધું જણાય છે. ચૈતન્ય ચૈતન્યપ્રકાશ વડે પરને પ્રકાશે છે, પણ પરને ગ્રહતો નથી, પર સાથે તન્મય થઈને પ્રકાશતો નથી. તે વખતે પણ ચૈતન્ય ચૈતન્યપણે જ રહે છે.

પ્રભુ! તું કોણ છો? તારું લક્ષણ શું છે? લક્ષણ એટલે સ્વરૂપ. જે જાણે છે તે જ્ઞાન, ને જ્ઞાન તે આત્મા. રાગ ને પુણ્યપાપના ભાવ તે કાંઈ જાણતા નથી; શરીર આંધળું છે; તેને ખબર છે કે 'હું શરીર છું'? તે તો માટી છે. જેની સત્તામાં એ બધું જણાય છે તે જાણનારું જ્ઞાન તે તારું સ્વરૂપ છે. બાકી જે આ શરીર આદિ જણાય તે, અને રાગાદિ વિભાવ તે, તારું સ્વરૂપ નથી. અહા! આવું સ્વરૂપ છે. પણ તે નક્કી કરવા જીવને નવરાશ ક્યાં છે?

**'તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને.'**

જ્ઞાનલક્ષણ દ્વારા અંતરમાં જઈને આત્માને ઓળખ, આત્માનું જ્ઞાન કર, તને આનંદ થશે; તારું દુઃખ ટળશે અને અતીન્દ્રિય સુખ થશે. જે જાણે છે, જેમાં જણાય છે એવું જે જ્ઞાન તે આત્મા;—એમ જ્ઞાન લક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને આત્માને શોધી લે.

પ્રશ્ન:—આવી વાતો! આ તે કઈ જાતનો ધર્મ?

ઉત્તર:—બાપુ! તને ધર્મની ખબર નથી. ધર્મ તો કોઈ અલૌકિક, અદ્‌ભુત ને અપૂર્વ છે. અનંત કાળ ગયો પણ 'ધર્મ શું છે?' તે જાણ્યું નથી અને એનો વિચાર પણ યથાર્થપણે કદી કર્યો નથી. શ્રીમદ્ કહે છે:

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;<br>બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

આત્મા સ્વયં શુદ્ધ ચૈતન્યજ્યોતિ ને જ્ઞાનાનંદનું ધામ છે; તેનો કોઈ કર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. જે 'છે' તેને કોણ કરે? અને 'ન હોય' તેને કોણ કરે? જે સ્વયં ચૈતન્યસ્વરૂપ સત્ છે તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખી લે. દયા, દાન ને વ્રતાદિના પરિણામથી તે નહિ ઓળખાય; કેમ કે તે તો વિકાર છે, તેનામાં આત્મા નથી.

અરે! માણસને આ વાત સમજવી આકરી પડે છે. ધંધા ને બાયડી-છોકરાંમાંથી નવરો થતો નથી. પાંચ-દશ લાખની પેદાશ થાય ત્યાં 'હું પહોળો ને શેરી સાંકડી' એમ અભિમાનમાં રખડી મરે છે; મરીને પશુ વગેરે હલકી યોનિઓમાં ચાલ્યો જશે, જ્યાં કોઈ એનું સગું નથી, જાણીતું ક્ષેત્ર નથી, એનો જાણેલો કોઈ ભાવ નથી. એવાં અજાણ્યાંમાં અવતરશે; કેમ કે જાણનાર એવા આત્માને જાણ્યો નથી ને! માટે કહે છે કે જ્ઞાનલક્ષણ દ્વારા અંદર લક્ષ્ય આત્મા શોધી લે. ચૈતન્યસ્વરૂપ નિજ આત્માને શોધી લે ત્યારે તને ધર્મ થશે અને જન્મમરણ મટશે.

મુંબઈમાં ઉપાધિનો પાર ન મળે. શ્રીમદે તેને 'મોહમયી નગરી' કહી છે ને! બહારની ચમક-દમકમાં જીવ મુંઝાઈ ગયો છે. અંદર ચૈતન્યરત્નના પ્રકાશની ચમક શું છે, તે જોવા કોઈ દી નવરો થયો નથી. સમજાણું કાંઈ? એને શોધી લે પ્રભુ! તું મોટો ચૈતન્યપ્રભુ છો. જ્ઞાનલક્ષણ દ્વારા તારું લક્ષ તેને ઓળખી શકશે—એવો તું અંદર મહાન દિવ્ય પદાર્થ છો. અહા! શબ્દો થોડા ને ભાવ ઘણા ઊંચા છે.

તા. ૧૯-૯-૮૦

વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે- લંબાવીને, અંતરમાં જા. 'અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે—'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (-ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

—પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૧ | ૨૭ | અનંદ | આનંદ |
| ૧૦૯ | પંક્તિ ૮ અને ૯ની વચ્ચે ('વચનામૃત-૪૧' ની ઉપર) | | પ્રવચન-૧૩ તા. ૧૮-૬-૭૮ |
| ૧૪૩ | ૫ | ભાવે | આવે |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ અમારાં પ્રકાશનો ❋

| ક્રમ | | નામ | પ્રત |
|---|---|---|---|
| ૧. | શ્રી | પ્રવચનસાર ગુજરાતી | ૧,૫૦૦ |
| ૨. | ,, | પ્રવચનસાર હિન્દી | ૨,૧૦૦ |
| | ,, | પ્રવચનસાર હિન્દી દ્વિતી. આવૃત્તિ | ૨,૧૦૦ |
| ૩. | ,, | પંચાસ્તિકાય ગુજરાતી | ૧,૦૦૦ |
| ૪. | ,, | પંચાસ્તિકાય હિન્દી | ૨,૫૦૦ |
| ૫. | ,, | સમયસાર નાટક હિન્દી | ૩,૦૦૦ |
| ૬. | ,, | અષ્ટપાહુડ હિન્દી | ૨,૦૦૦ |
| ૭. | ,, | અનુભવ પ્રકાશ | ૨,૧૦૦ |
| ૮. | ,, | પરમાત્મ પ્રકાશ | ૧,૧૦૦ |
| | ,, | પરમાત્મ પ્રકાશ દ્વિતીય આવૃત્તિ | ૩,૦૦૦ |
| ૯. | ,, | સમયસાર કલશટીકા હિન્દી | ૨,૦૦૦ |
| ૧૦. | ,, | આત્મ-અવલોકન | ૨,૦૦૦ |
| ૧૧. | ,, | સમાધિતંત્ર ગુજરાતી | ૨,૦૦૦ |
| ૧૨. | ,, | બૃહદ્ દ્રવ્યસંગ્રહ હિન્દી | ૩,૦૦૦ |
| ૧૩. | ,, | જ્ઞાનામૃત ગુજરાતી પ્રથમ આવૃત્તિ | ૨,૦૦૦ |
| | ,, | જ્ઞાનામૃત ગુજરાતી દ્વિતીય આવૃત્તિ | ૫,૦૦૦ |
| ૧૪. | ,, | યોગસાર | ૨,૦૦૦ |
| ૧૫. | ,, | અધ્યાત્મ-સંદેશ | ૨,૦૦૦ |
| ૧૬. | ,, | પદ્મનંદિ પંચવિંશતિ | ૩,૦૦૦ |
| ૧૭. | ,, | સમયસાર ગુજરાતી | ૩,૧૦૦ |
| ૧૮. | ,, | સમયસાર હિન્દી | ૨,૫૦૦ |
| ૧૯. | ,, | અધ્યાત્મિક-પત્રો ( સ્વ. નિહાલચંદજી ) | ૩,૦૦૦ |
| ૨૦. | ,, | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ગુજરાતી | ૧૦,૦૦૦ |
| ૨૧. | ,, | પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગુજરાતી | ૨,૧૦૦ |
| ૨૨. | ,, | ક્રમબદ્ધપર્યાય ગુજરાતી | ૮,૦૦૦ |
| ૨૩. | ,, | અધ્યાત્મ પરાગ પ્રથમ આવૃત્તિ | ૨,૦૦૦ |
| ૨૪. | ,, | ,, ,, બીજી આવૃત્તિ | ૧,૦૦૦ |
| ૨૫. | ,, | ધન્ય અવતાર હિન્દી | ૮,૦૦૦ |
| ૨૬. | ,, | પરમાગમસાર ગુજરાતી | ૫,૦૦૦ |
| ૨૭. | ,, | વચનામૃત-પ્રવચન ગુજરાતી | ૩,૦૦૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com